જાગૃતિ
માસિક પત્રિકા

320

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૪ જાન્યુઆરી	છે
૨	૧૯૭૪ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૪ માર્ચ	છે
૪	૧૯૭૪ એપ્રિલ	છે
૫	૧૯૭૪ મે	છે
૬	૧૯૭૪ જુન	છે
૭	૧૯૭૪ જુલાઈ	છે
૮	૧૯૭૪ ઓગસ્ટ	છે
૯	૧૯૭૪ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૪ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૪ નવેમ્બર	નથી
૧૨	૧૯૭૪ ડીસેમ્બર	નથી

જાગૃતિ
માસિક પત્રિકા

320

ક્ર.	મહિનો	ઉપલબ્દ
૧	૧૯૭૪ જાન્યુઆરી	છે
૨	૧૯૭૪ ફેબ્રુઆરી	છે
૩	૧૯૭૪ માર્ચ	છે
૪	૧૯૭૪ એપ્રિલ	છે
૫	૧૯૭૪ મે	છે
૬	૧૯૭૪ જુન	છે
૭	૧૯૭૪ જુલાઈ	છે
૮	૧૯૭૪ ઓગસ્ટ	છે
૯	૧૯૭૪ સપ્ટેમ્બર	છે
૧૦	૧૯૭૪ ઓક્ટોબર	છે
૧૧	૧૯૭૪ નવેમ્બર	નથી
૧૨	૧૯૭૪ ડીસેમ્બર	નથી

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

ર્ષ : ૧૬ અંક–૧ જાન્યુઆરી ૧૯૭૪

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૬।, પરદેશમાં શિલિંગ ૧૨ અને છૂટક નકલ કિંમત ૬૦ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧। પરદેશમાં રૂ. ૧૨૫। નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઇ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ

પ્રિન્સિપાલ :

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી
સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઇ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસોવ

અનુક્રમણિકા

ૐ નમઃ શિવાય

તંત્રીસ્થાનેથી

આજકાલ આપણે જાણીએ છીએ તે મુજબ કાળઝાળ મોંઘવારીએ માઝ મુકી દીધી છે તેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતમાં પણ ઠેર ઠેર પ્રજા પોતાનો મિજાજ ગુમાવતી જતી હોય તેમ લાગે છે. ખરેખર ! જો ઉંડાણથી વિચારીએ તો પ્રજા જે રીતે મિજાજ ગુમાવે છે. તે રીત પરથી એમ કહી શકાય કે મોંઘવારી સામે વિરોધ વ્યકત કરવા જતાં દેશના જાન માલને જે કંઇ નુકશાન થઇ રહ્યું છે. તે પણ શું ભવિષ્યમાં મોંઘવારી વધુ વધારવામાં સહાયભૂત નહિ નીવડી શકે એટલે કે પ્રજાના હાથે પણ 'લેને ગઇ પૂત ઔર ખો આઇ ખસમ' જેવી પરિસ્થિતિનું નિર્માણ જાણ્યે અજાણ્યે થતું હોય તેમ નથી લાગતું ?

મને લાગે છે. ત્યાં સુધી લોકશાહી ઢબે સરકાર તેમજ પ્રજાએ આ બહુ વિચારવું જ રહ્યું. જો કદાચ સમયસર આનો વિચાર કરવામાં ન આવે તો લોકશાહીનાં માળખાંને આ પરિસ્થિતિ કેટલા અંશે હાનિકારક નિવડશે તેનો પણ એ વિચાર માનસપટ પર ઝબકી આવે છે.

ખરેખર દેશમાં જે કંઇ પરિસ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે. તેના મા સંગ્રહ ખોરી, કાળા બજાર, લાંચ રૂશવત, ગુંડાગીરી અને ભાંગફોડીયા માનસનો એ પ્રતાપ છે તેમ કહી શકાય. તો આ પરિસ્થિતિમાંથી ઉગરવા માટે સરકાર અને પ્રજા બંનેએ સક્રિયપણે એક બીજાના સહાયક બનવું જ રહ્યું.

તાજેતરમાં જ આપણા સમાજના એક ભાઈ અમેરિકા અભ્યાસ કરવા ગયેલ છે તે થોડા સમય માટે ભારત પાછા આવ્યા છે તેની સાથેની મુલાકાત સમ વાત ચીત પરથી જાણવા મળ્યું કે ત્યાંની જનતા સમગ્ર રીતે યંત્રવત જીવન જી

રહી છે. તેની સામે આપણા વિશાળ દેશની વિરાટ સંખ્યા ધરાવતી જનતા પોતાના મોટા ભાગના કિંમતી સમયનો બગાડ કરી રહી છે એટલે આપણે આપણી રોજિંદી પ્રવૃત્તિઓમાં ખુબ નિષ્ક્રીય છીએ. જ્યારે વિદેશમાં પ્રવૃત્તિ વગરનું તમને ભાગ્યેજ કોઇ માણસ મળી આવશે.

આ બાબત પરથી પણ આપણે એમ કહી શકીએ કે દેશમાં ગરીબી વધારવા માટે આપણો એટલે કે જનતાની નિષ્ક્રીયતાનો ફાળો પણ અમુક અંશે છેજ. દેશનો દરેક માનવી સવારથી સાંજ સુધી પ્રવૃત્તિમય જીવન જીવતો થઇ જાય અને પોતાની ફરજમાં આવતું કામ સંપૂર્ણ પણે અદા કરતો હોય તો કદાચ ગમે તેવા ગરીબીના રાક્ષસને પણ હટાવી શકાય તેમાં બે મત નથી.

આજે સમગ્ર દેશમાં ઠેર ઠેર યુનિયનો રચાયેલાં છે. એ બધાંજ યુનિયનો પોતાના નેજા નીચેના કર્મચારીગણ માટે ઉપકારક અવશ્ય નીવડે પણ સાથે સાથે દેશના હિતને નજર સમક્ષ રાખીને એક બીજાના પ્રશ્નોનું નિરાકરણ કરે એમાં જ દેશની સરકાર તેમજ જનતાનું હિત પણ સમાયેલું છે.

જો આ અંગે વિચારવામાં ન આવે અને દેશનો દરેક માનવી સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં પોતાના પેટ પૂરતું મેળવી શકે એટલું કામ પણ જો ન આપી શકે તો પછી ગમે તેવી સરકાર કે પ્રજા વચ્ચે મોંઘવારીના સંદર્ભમાં મોરચા મંડાય તો પણ મોંઘવારીના એ માતેલા રાક્ષસને હરગિઝ નહિ હટાવી શકાય.

અસ્તુ

★

(૧) કાગળ બજારની વણસતી જતી પરિસ્થિતિને ધ્યાનમાં લઇ આપણા મુખ પત્ર " જાગૃતિ " નું લવાજમ પણ જાન્યુઆરી–૧૯૭૪ થી ના છૂટકે વધારીને રૂા. ૧૦ (દસ) કરવું પડયું છે. તેની સૌ ગ્રાહક ભાઈ–બહેનોને નોંધ લેવા વિનંતી.

ડીસે. ૭૩ સુધીમાં જેનાં લવાજમો બાકી નીકળે છે. તે ગ્રાહકોને જાન્યુઆરી ૭૪ થી અંક મોકલવાનું બંધ કરવું પડયું છે. તો સૌ મિત્રો પોતાનાં બાકી નીકળતાં લવાજમો તાત્કાલિક મોકલી આપે એજ વિનંતી.

શામજીભાઈ શીવજીભાઈ
પટેલ
તખતગઢ
(હડમતીયાકંપા)

સનાતન

" धर्म एव दतो दन्तीं धर्मो रक्षति रक्षित: ॥ "

સનાતન ધર્મ એટલે આખા વિશ્વમાંના દરેક ધર્મનો સરવાળો, તેથી વિશ્વના દરેકે દરેક સનાતન ધર્મને માને છે અને પ્રાચીનકાળના ઋષિ-મુનીઓ માનતા આવ્યા છે. અરે ! માણસો તો શું પરંતુ જીવજંતુ, પ્રાણીમાત્રને સનાતન ગમે છે કારણ કે તે દરેકનું સ્વરૂપ છે તેથી,

સનાતન = (એટલે) સત + ચિત + આનંદ = સચ્ચિદાનંદ.

હવે જોઈએ જીવ માત્રને સત એટલે હોવાપણું ગમે છે. પોતાનું અસ્તિત્વ ગમે છે. કોઈને મરવું ગમતું નથી. ચિત એટલે ચૈતન્યપણું એટલે કોઈને જડ કહીએ તો ખોટું લાગે કારણ કે પોતે ચૈતન્ય છે તેથી. વળી આનંદ તો દરેકને કાયમ જોઈએ છે, કોઈને કયારેય દુઃખ જોઈતું નથી. બહારથી આવતાં જતાં કોઈ પૂછે કે કેમ છો ! તે વખતે આપણે ગમે તે ઉપાધીમાં હોઈએ છતાં જવાબમાં આનંદ આનંદ એમ નીકળી જાય છે કારણ કે આપણું મૂળ સ્વરૂપ આનંદ છે તેથી.

સનાતનને ઘણા મંદમતિ વાળા લોકો સંપ્રદાયમાં ઘટાવીને અંદરોઅંદર ઝગડયા કરે છે કારણ કે તેઓ સનાતનનો ખરો અર્થ સમજ્યા જ નથી. સનાતન એટલે આદિ અને અંત વિનાનો ને નિત્ય નવો તેને પ્રાચીન ઋષિમુનિઓએ અનુભવેલો શ્રુતિ, સ્મૃતિ અને પુરાણોની સાક્ષીવાળોને સાક્ષાત ભગવાને કહેલોને વળી અત્યારે પણ અધિકારીને તેનો સાક્ષાત અપરોક્ષ અનુભવાય તેવો " સનાતન સત્ય " છે

પરંતુ એને અધિકારીને અંતરધ્યાન થયા વગર સમજાય તેમ નથી કારણ કે તે મન, બુધ્ધિ, ઇન્દ્રિય આદિનો વિષય થાય તેમ નથી. પરંતુ ઇશ્વરકૃપા, શાસ્ત્ર કૃપા. આત્મ કૃપા અને સદ્‌ગુરૂ કૃપા થાય તો તે સંનાથી સમજાવી શકે છે. સનાતનને કોઈ આત્મા પરમાત્મા કે ૐ **सत्यम ज्ञान अनतम ब्रह्म** કહે છે.

एकम् सत विप्रा बहुधा वदन्ति ॥

એક જ સતને બ્રાહ્મણો ઘણી રીતે વર્ણવે છે.

જેમ પ્રાણવાયુ, ચંદ્ર, સૂર્ય, આકાશ વગેરે બધાંના એક જ છે છતાં ઝઘડતા નથી તેમ પરમાત્મા સનાતન પણ બધાંનો એક છે. તો તેના માટે ઝઘડા નકામા છે તે અંતર આત્મા છે, બહિર આત્મા છે પરંતુ તે શું નથી તે જ સમજાતું નથી.

एकोहम बहुस्याम् ॥

તે એક જ જગતમાં બહુરૂપે થયા છે તેને ઇન્દ્રીઓ દારા પ્રયત્નો જેમ

જોવા મથશું પરંતુ તે કોઇનો વિષય થાય તેમ નથી કારણ કે તે સ્વયંપ્રકાશ છે તેથી શાસ્રો પણ ત્યાં **नेति नेति** કહી અટકી ગયાં છે, પરંતુ તે સ્વયં સંવેધ્ય છે તેથી સનાતન ધર્મના અભ્યાસ દ્વારા પામી શકાય છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ આદી દેવો પણ તેનું વર્ણન કરી શકે તેમ નથી. આવા વ્યાપક સનાતનને ક્ષુદ્ર માનવી જો વાણીથી વર્ણવે તો તેને અલ્પ બનાવીને તેનો ઘાત કર્યો ગણાય પરંતુ આ અલૌકીક સ્વરૂપનું જ્ઞાન શિષ્ય પરંપરા ચાલ્યું આવે તેટલા માટે તેને લૌકીકમાં વૈખરી વાણી દ્વારા સનાતન એવી સંજ્ઞાથી ઓળખાવે છે.

મને તો મંદમતિ વાળા અંધશ્રધ્ધાળુ લોકો પ્રત્યે ભગવાનની ઉપાસના માટે બંધાઇ ગયેલી ગ્રંથો વિષે હસવું આવે છે કેમ કે સૂર્ય, ચંદ્ર, તારા, આકાશ, વાયુ, તેજ વગેરે દરેકનાં એકજ છે પ્રાણીમાત્ર પ્રાણવાયુનો ઉપયોગ એકજ સહીયારી થાળીમાંથી કરીએ છીએ છતાં કોઇ ઝઘડતું નથી જયારે ઇશ્વર પણ એકજ છે, છતાં તેમાં ભેદબુદ્ધિ ઉત્પન્ન કરી મનફાવે તેવી ધર્મગ્રંથો બાંધીને શાસ્ત્રોના પ્રમાણ વગર પૂરેપુરૂ સમજવાનો પ્રયત્ન કર્યા વગર અમારી ભાવના સારી છે એમ માની ઝઘડયા કરે છે ને સત્ય સમજતા નથી. કોઇ માણસ ગમે તેટલી ભાવના કરે કે અંગારા શીતળ હોય છે. પરંતુ ભૂલેચૂકે પણ જો અડકી જવાય તો દઝાડયા વગર રહે નહિ. તેમ સત્ય સમજવા માટે ગમે તે ધર્મગ્રંથો બાંધીને ભાવના કરે તો કોટી જન્મે પણ મોક્ષ થાય નહિ.

સનાતન એ કંઇ બીજાની જેમ ધર્મ કે સંપ્રદાય નથી. મંડળ, સંપ્રદાય હોય તો તેના નિયમ, ધર્મ વગેરે હોય. જો પિતા હોય તો પિતા તરીકેનો ધર્મ તેને હોય, પુત્ર હોય તો પુત્ર તરીકેનો ધર્મ હોય.

'જો ગુરૂ હોય તો ગુરૂનો ધર્મ હોય, આંખને જોવું તે આંખનો ધર્મ છે. તેમ દરેક ઇન્દ્રિઓના ધર્મો સમજી લેવા મરચાંનો ગુણ તિખાશ છે. ગોળનો ગુણ ગળપણ છે. ને ચિંતન એ મનનો વિષય છે. પરંતુ સનાતન કોઇનો વિષય-વિષયી, ધર્મ કે ધર્મી, ગુણ કે ગુણી નથી પરંતુ નામ અને નામી એકજ છે. અહીંતો પ્રમાતા, પ્રમાણ ને પ્રમેય ત્રણેય સનાતન સ્વરૂપેજ છે. સનાતન ધર્મ દ્વારા પ્રમાણથી પ્રમાતા એટલે જીવ-લક્ષ્યાર્થે સનાતન સ્વરૂપેજ, પ્રમેય-સનાતન સ્વરૂપ ને અનુભવે છે, સંસારી માણસો ને આ વાત બહુ અઘરી લાગશે પરંતુ જો વાસ્તવિકતા સમજાઇ જાય તો ઇન્દ્રિઓ અને વિષયના સંયોગથી થતા ક્ષણિક સુખાભાસથી છેતરાતાં બચી જાયને પોતાના સ્વરૂપના ગુમાવી બેઠેલા સ્વાભાવિક સુખના હકદાર બને. દુઃખ કોઇ દિવસ આવે નહિ અને સુખ સનાતન જ રહે તે માટે સનાતન ધર્મ કે ઊંઘનું દ્રષ્ટાંત આપીને શીખવે છે કે સનાતન સુખ માટે પોતાના સિવાય કોઇ સાધનની જરૂર નથી.

સનાતન ધર્મ બહુજ વિશાળ છે. બધા ધર્મોનો સમાવેશ તેની અંતરગત જ થઈ જાય છે. પંથ, વાડા, સંપ્રદાયો વગેરે તેના અંશ માત્ર છે. તેના અંશ માત્રના જ્ઞાનથી કેવા ગર્વ અનુભવે છે. પરંતુ જો ખરેખરું સનાતન ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજાય તો જોવું જ શું ?

. જેવી રીતે આંધળાઓ હાથીનું એક એક અંગ પકડી, અનુભવીને પોતાની મતિમાં આવ્યા પ્રમાણે મંતવ્યો રજુ કરીને અંદરોઅંદર ઝગડતા હતા પરંતુ તેઓ એકે ખોટા ન હતા દરેક સાચા હતા. કોઈ જૂઠું પણ બોલતા ન હતા છતાં દરેકના અભિપ્રાય જુદા જુદા હતા. કારણકે તેઓ હાથીના એકેક અંગ માટે સાચા હતા. પરંતુ આખા હાથીનું કોઈને જ્ઞાન ન હતું. તેવી રીતે દરેક ધર્મ સાચા છે. તેના એકેક અંગ માટે જ, તો દરેક ધર્મનો સરવાળો કરીએ તો ખરો જવાબ સનાતન ધર્મ થાય માટે ડાળી પાંખડાં પકડયા કરતાં સનાતન સુખ માટે સનાતન ધર્મની જ ઉપાસના યોગ્ય છે. માટે જ સનાતન ધર્મ દ્વારા આદ્ય ગુરૂ શંકરાચાર્યે દિગ્વિજય કરીને જગદ્‌ગુરૂનું બિરુદ મેળવ્યું છે. અને આજે પણ ડોંગરેજી મહારાજની કથામાં કુંભના મેળામાં છડે ચોક તેની જ ઉપાસના થઇ રહી છે ને જન સમુદાયનો સંભુમેળો જામે છે.

ગીતાના ૧૧ મા અધ્યાયમાં શ્રી કૃષ્ણે અર્જુનને પોતાના વિરાટ વિશ્વરૂપની અંદર બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ આદી દેવો સહિત આખું બ્રહ્માંડ તેમના વિરાટ શરીરના એક અંશમાં બતાવ્યું હતું તેથી ખાત્રી થશે કે તે બધા અવતારી, દેવ, દેવીઓના કારણ સ્વરૂપે ગીતામાં બતાવ્યા પ્રમાણે પોતાનું સનાતન બ્રહ્મ સ્વરૂપ જ ઉપાસ્ય દેવ છે. દરેક ધર્મની ઉત્પત્તિ, સંસ્કૃતિ, વિકૃતિ, આદી સાંભળી છે. પરંતુ સનાતન ધર્મ તો આદી અનાદી કાળથી નિત્ય નવો જ રહ્યો છે. તેથી પરદેશમાં બુદ્ધિ જીવી લોકો પણ કેટલાય સનાતન ધર્મના અનુયાયી બન્યા છે. ને ભારતમાં તેના અભ્યાસ માટે આવે છે. સ્વામી રામતીર્થ, વિવેકાનંદ વગેરેએ પરદેશમાં લેકચરો આપી બહોળો પ્રચાર કરી કેન્દ્ર સ્થાપ્યાં છે. અને અત્યારે પણ ત્યાં હરેરામ હરેકૃષ્ણની ધૂનો બોલાય છે જયારે આપણે અત્યારે આપણી પ્રાચિન સંસ્કૃતિને ભૂલીને સુખના માટે ઝાંઝવાનાં પાણીની જેમ પશ્ચિમની સંસ્કૃતિ પાછળ દોટ મૂકી છે. જયારે તેઓને વિષયોના સુખનો ઓડકાર આવ્યો છે છતાં સુખ સ્વપ્નેય નથી તેથી તેઓ વિષયોથી કંટાળીને સાચા સુખની શોધમાં ભટકે છે જો વિષયોનાં સુખ હોત તો ભર્તુહરી, ગોપીચંદ બુદ્ધ, મહાવીર આદી રાજપાટ છોડીને જંગલમાં ભટકત નહિ અને અત્યારે પણ આપણા ધર્મ રક્ષક સાધુ રત્ન જગતની જંજાળથી દૂર હિમાલયની કાતિલ ઠંડીમાં ચીંથરે વીંટયાં રત્નો નિસ્ કિંચન બનીને સનાતન ધર્મના સ્થંભો બની રક્ષણ કરી રહ્યા છે તેથી પ્રથમ લીટીના ઉપક્રમના ઉપસંહાર રૂપે ધર્મનો નાશ કરવાથી આપણો નાશ થાય છે ને ધર્મનું રક્ષણ કરવાથી તે આપણું રક્ષણ કરે છે. માટે સનાતનનું કર્તા, કરણ અને કાર્ય સનાતનનું સનાતન જ છે માટે તેને ૐ **तत् सत् इति निर्देश :** કરવામાં આવ્યો છે.

સીધા સાદા ઈન્સાનોનું....

શીવજી એચ. પટેલ

" સીધા સાદા ઈન્સાનોનું, આ દુનિયામાં કામ નથી.
કોઈ ન પૂછે ભાવ, જેને ખીસ્સે પૂરતું દામ નથી. "
" લાખ દિલમાં વિચારી લે, તું એ માનવ ઈન્સાન.
થવાનું હશે તેજ થશે. જે ચાહશે ભગવાન. "
" પડતાને સહુ જોઈ રહે કોઈ ન આપે મદદ.
ચમકે તો સમજે છે તારી કોઈ ન કરે કદર. "
સુખ વાસીઓને ઓ ગરીબો તમારી મુશીબત ન કહો.
" જખમ ભલે સહન કરતા રહો. પણ દર્દની હાલત ન કહો.
સુખવાસી જે હોય તેને શું કદર બીજાના દુઃખની.
કહીને પસ્તાવા કરતો. તમે ખૂદ પોતે મનની વાત ન કરો "
" ધૂપ પછી છાંય ને છાંય પછી ધૂપ છે.
હરેક નિરાશામાં અમર આશાનું રૂપ છે. "
" નજર કરશો નહિ કોઈ કદી પરાયા માલ પર.
ભગવાનની છે મરજી એ બૂરા કામ પર.
તરસ ખાસે કદી ના કોઈ નાલ પર.
જમાનો હુકરાવી દેશે તને તારા કાતીલ હાલપર "
" આ દુનિયામાં હોય છે. હસવાના એ દિન રોવાના એ દિન
કોઇ બે મીનીટમાં પૈસાદાર તો કોઈ બે મીનીટમાં નિરાધાર.
દરેકને અહિ મળી રહે છે. ખુશીની સાથે ગમ.
ફકત ફરક માત્ર એટલો કોઇને વધુ તો કોઈને કમ. "
" ખુદા મને તું જવાબ દે કેવી કરામત બનાવી રહયો. છે
તારા દિલના સમુદ્રમાં શું કમી છે? ઈન્સાનનાં આંસુ વહાવી રહ્યો છે.
કોઇ દિન હસાવે કોઈ દિન રડાવે રમત આ કેવી રમાડી રહયો છે.
જેને બનાવે તું તારા હાથે તેને તુજ આ દુનિયામાં મીટાવી રહયો છે. "

* દીકરો કે શયતાન ?

હેમલતા એમ. પટેલ
અમદાવાદ

સવારે અમદાવાદ સ્ટેશનેથી ઉપડતી પાટણ લોકલમાં અનાયાસે મને અત્યંત પ્રિય એવી બારી પાસેની જ એકક મળી જતાં ખુશ થતી પ્લેટફોર્મ પર હરતાં ફરતાં માણસોને નિહાળી રહી હતી, ત્યાં અચાનક મારી નજર દૂરથી આવતા એક યુવક પર પડી. તે એક વૃદ્ધ ડોશીને બાવડેથી પકડીને લગભગ ઘસડીને અમારા ડબ્બાના બારણા તરફ આવી રહ્યો હતો, જાણે ઘરમાંથી સાપને સાણસાથી પકડીને બહાર કાઢતો હોય તેવો ભાવ તેના મોં પર વરતાઇ રહ્યો હતો. ડોશી પણ અશક્ત હોવાથી બરાબર ચાલી શકતાં ન હતાં પરંતુ યુવકના હાથની પકડ અને ખેંચ ને લીધે પાછળ પાછળ પરાણે ઘસડાતાં હતાં અને કંઇક બોલ્યે જતાં હતાં.

ડબ્બાના બારણા પાસે આવી યુવકે કહ્યું, ' લે બા, જલ્દી ચઢી જા ગાડી ઉપડવાની તૈયારી છે, ત્યાં ડોશીએ કહ્યું, પણ બેટા, મારે નથી જવું, શા માટે તું મને જાકારો દે છો? '

' બા, તું સમજતી કેમ નથી ? અહીં સાંકડા ઘરમાં તને હું ક્યાં રાખું ? યુવકે ચિડાઇને કહ્યું.

' પણ બેટા, દેશમાં મારું કોણ રણીધણી ? તું જાણે છે કે હું આંખે બરાબર જોઇ શકતી નથી. પાણીનો લોટો પણ હાથે ભરવા જેટલી મારામાં શકિત નથી ' ડોશી દયામણે મુખે કાકલુદી કરવા લાગ્યાં.

' જા જા જુઠ્ઠી ! ખાવા ટંકે દોઢશેર જોઇએ છે અને કહે છે, મારામાં શકિત નથી ! ચાંપલાશ કર્યા વગર છાનીમાની દેશ ભેગી થઇ જા, હું અહીં તને એક દિવસ પણ રાખવાનો નથી. ઘરમાં આખો દિવસ ટક ટક કરીને વહુને પણ સુખે રહેવા દેતી નથી અને વળી ઉપરથી કહે છે, "હું દેશમાં જવાની નથી" લે આ પચાસ રૂપિયા ઘરમાં સીધું સામાન મંગાવીને ઘર ચલાવજે પૈસા ખૂટે ત્યારે કાગળ લખીને મંગાવજે પણ અહીં ટળતી નહિ પાછી ! દિકરાના રૂપમાં જાણે શયતાન બોલી રહ્યો હતો.

આ સાંભળીને ડોશીનાં રોમે રોમ સળગી ઊઠ્યાં ! મૂવા કાળમુખા ! રોયા ફાતડા ! હું એંશી વરસની ડોસી દોઢશેર ખાઉં છું ? અને કયે દિવસે તારી વહુ આગળ ટકટકારો કર્યો ? પીટયા હરામજાદા ? તારા કરતાં તો મારા પેટે પથરો પાકયો હોત તોય સારૂ. તને નવ નવ મહિના પેટમાં રાખ્યો, ઉછેરીને મોટો કર્યો, ભણાવ્યો ગણાવ્યો, તેનો તું મને આ બદલો આપે છે ? જાણે માતૃત્વનું ઘવાયેલું સ્વમાન રણે ચઢ્યું.

'નવ મહિના પેટમાં રાખ્યો એમાં તેં શી નવાઈ કરી? બધી દુનિયા રાખે છે, તેમ તેં પણ રાખ્યો. છતાં તેનો તારે બદલો જ જોઈતો હોય તો એ નવ મહિનાનાય પૈસા લઈ લેજે. જા!

ડોશી તો આ સાંભળીને કાનમાં આંગળીઓ નાખી ચીસપાડતાં પ્લેટ ફોર્મ પર જ ફસડાઈ પડયાં. સાંભળનારા સૌ આવાક્ થઈ ગયાં ત્યારે પેલો શયતાન દીકરો પૂંઠ પણ વાળ્યા વગર પોતાની ફિલસૂફી ઉપર મુશ્કરાતો સ્ટેશનના ઝાંપા તરફ ચાલી નીકળ્યો હતો.

*

અગર કહીં મૈં નેતા હોતા

રમેશકુમાર પી. લિંબાણી
સીકન્દ્રાબાદ

અગર કહીં મૈં નેતા હોતા;
તો ક્યા હોતા, તો ક્યા હોતા,
રોજ નઈ યોજના બનાતા;
રોજ નઈ વિજ્ઞાપન છપાતા;
રોજ નયે ઓર્ડર નિકાલ કર
ઠેકે અપને કો દિલવાતા,
સડક તોડ કર બાંધ બનાતા;
બાંધ તોડકર નદી બહાતા,
તબ ફિર ઉસકી જાંચ કરાતા,
જાંચ કરા કર મૈં ક્યા પાતા,
વહ મૈં તુમકો નહીં બતાતા,
લેકીન યહ તો તબ હી હોતા,
અગર કહીં મૈં નેતા હોતા
જય × હિન્દ

* આશીર્વાદ *

પરસોત્તમભાઈ પટેલ
જગદલપુર

★ માગવાથી નહિ, આશીર્વાદ તો વડીલોનું હૈયું પ્રસન્ન થઇને પીગળી જાય એ રીતે સેવા કરવાથી જ મળે છે.

કહો હૃદયના આશીર્વાદ તો આ રીતે જ મળે ને ?

★ વડીલોના પીગળેલા હૈયામાંથી જે શબ્દ નીકળે છે. તે કલ્યાણ કારી જ

કહો આવા આશીર્વાદ જ ફળે ને ?

* ભકિતનું પ્રેમબંધન *

ભકતોની ભગવદ્દમયતા ઊંચાઇની પરાકાષ્ટાએ પહોંચી જાય છે. ત્યારે પરમાત્માતત્વ એમની ઇચ્છાને આધીન બની જાય છે.

સાચા ભકતો ભગવાનને એવા પ્રેમબંધનથી બાંધી શકે છે કે ભગવાન ઇચ્છે તો પણ પ્રેમબંધનને તોડી શકતા નથી.

એટલે જ ભકત સુરદાસ કહી શકતા હતા કે, હાથ છોડાવીને તો નાસી જાઓ છો પરંતુ હૃદયમાંથી છટકી જઈ શકો તો જ બહાદુર માનું !

એટલે હૃદય પ્રદેશમાં પરમાત્મતત્વનું સતત સ્મરણ અને સાન્નિધ્ય માનવીને પરમાત્માને આત્માનુભવ કરાવીને જ જીવનસાર્થકયને ઓવારે પહોંચાડે છે.

* નવી વ્યાખ્યાઓ *

તુલસીદાસ એ. પટેલ
મોડાસા. (એસ. એસ. સી.

૧	બાલમંદિર	બાળકોનું નાસ્તાઘર
૨	ડૉકટર	દરદીના ખિસ્સાકાતરુ
૩	હોટલ	રોગ ખરીદવાની દુકાન
૪	મૂર્તિ	પૂજારીના જીવન દાતા
૫	મંદિર	જૂતા મફત મેળવવાનું સ્થળ
૬	તાળું	વગર પગારનો ચોકીદાર
૭	તાવ	ડૉકટરનો એજન્ટ
૮	જેલ	વગર ભાડાનું ઘર
૯	બાજરૂ	વગર ગુનાએ મળેલી જેલ
૧૦	પેટ્રોલ	મોટરને પીવાની ચા
૧૧	રીબીન	ચોટલાને કેદ કરનાર સિપાઇ
૧૨	અંબોડો	વાળની બિલ્ડિંગ
૧૩	જનોઈ	બ્રાહ્મણોને લાડુ મેળવવાનું લાયસન્સ

૧૪	નાક	બીડીનો ધૂમાડો કાઢનાર ધૂમાડીયું
૧૫	લગ્ન	જિંદગીની જેલ
૧૬	દાઢી	ચહેરા પરનું ઘાસ
૧૭	ગાળ	વ્યાજનો ધંધો એક આપી ચાર મેળવે.
૧૮	સ્ત્રી	પુરુષનો પગાર સાફ કરનાર સાવરણી
૧૯	છોકરી	માતાઓના માથાને ફોલી ખાનાર ભમરી

* કહેવતો *

ધનજીભાઈ કરમસીભાઈ પટેલ—ઇંદોર

૧ જો તમે તમારા ઘરમાં શાંતિ ઇચ્છતા હો તો તમારે ગ્રહિણી જે ઇચ્છે તે કરવું જોઇએ. 'ડેનિસ'

૨ લક્ષ્મી ઘણીવાર દરવાજો ખખડાવે છે. પણ મૂર્ખ તેને આવકાર નથી આપતો. 'ડેનિસ'

૩ કોઇ એટલો ધનિક તો ન જ હોઇ શકે કે જે પડોશી વિના કામ ચલાવી શકે. 'ડેનિસ'

૪ મુર્ખને રહસ્ય બતાવશો તો છાપરા પર ચઢીને તેની તે જાહેરાત કરશે. 'હિન્દુસ્તાની'

૫ નમ્ર અને કોમળ શબ્દો સખત દિલને જીતી લે છે. 'અંગ્રેજી'

૬ કોઈ માણસ પોતાની બેડીઓથી પ્રેમ નથી કરતો પછી ભલે ને તે સોનાની બનેલી હોય. 'અંગ્રેજી'

૭ લાંબી જીભ એટલે ટૂંકી જિંદગી 'અરબી'

૮ ધનવાન કંજૂસ, ગરીબથી પણ ગરીબ છે. "

૯ વાચાળતા ચાંદી છે. તો મૌન સોનું છે. વાચાળતા મનુષ્યોચિત છે તો મૌન દેવોચિત છે. 'જર્મન'

૧૦ પથ્થર ભલે પીગળે પણ મૂર્ખનું હૃદય નહિ પીગળે. 'તામિલ'

૧૧ ઉમદા અને સુંદર કોટ પહેરવા કરતાં ઉત્તમ ભોજન ખાવું સારૂં 'આર્મેનિયન'

૧૨ જીભ ફક્ત ત્રણ ઈંચ જ લાંબી છે છતાંયે છ ફૂટના માનવીને મારી નાખવા સમર્થ છે. 'જાપાન'

૧૩ પૂર્ણ રૂપથી ભલા માનવી બે છે. એક તો જે મરી ગયું છે તે, ને બીજો તે કે જે પેદા જ નથી થયો. 'ચીન'

૧૪ આપણે દુનિયાથી નફરત ભલે કરીએ પરંતુ તેના વગર આપણને ચાલતું નથી.

૧૫ સારી તબિયત હોય તો દવા ન લો નહિ તો સારા થવાને બદલે ક્યાંક મરવું ન પડે. 'ઇટાલિયન'

॥ શ્રી ગણેશાય નમઃ ॥

રચયિતા
ઇશ્વરલાલ પટેલ
C/o. પટેલ ડ્રેસ સ્ટોર્સ
બાલાઘાટ

દુઃખિત બહેનોનાં આંસુડાંથી વ્યથિત કલમે આલેખિત
" એક કવિતા "
બહેનો સ્વયંને ઓળખે અને સ્વયં જાગૃત થાય એ માટે

" એક આહવાન "

" જાગો—બહેનો

દોહરોઃ— બહેનોની મજબુરી પર; જે ક્રુરતા આજે હસી રહી,
એ ક્રુરતાને રોવરાવી દ્યો; એ જોવા માનવતા તડપી રહી;
કહેવી છે એક વાત મને; આજે જ્ઞાતિનીએ બહેનોને;
બંધ આંખથી જોઈ રહ્યા જે એની આંખ ઉઘાડોને,
...કહેવી છે એક વાત મને...

૧. જે જનનીએ જનમ દીધો છે; એનું દૂધ ન લજાવજો;
જે પિતાએ લાડ લડાવ્યા; એનું હૈયું હરખાવજો;
જે જ્ઞાતિમાં જનમ લીધો છે; એનું નામ દીપાવજો;
જે ધરતી પર પગ મૂકયો છે; એનો ભાર ઉતારજો;
સતીત્વને મર્યાદા; એ એ આભૂષણને સાચવજો;
સહનશીલતા ધરી હ્રદયમાં; મમતાનું બીજ વાવજો;
તન, મન, ધનથી થવા ન્યોછાવર; કરો આહ્‌વાન મહિલાઓને.........
...બંધ આંખથી જોઇ રહ્યા જે...

૨. રણભેરી વાગે છે બહેનો; સમયની સાથે કૂચ કરો;
અબળા નથી તમે સબળા છો; એ અવાજ બુલંદ કરો;
ત્રાસ ગુજારે તમ પર જેઓ; એને આજ સમજાવી દયો;
શહિનું એક પ્રતિક છો; એ આજે દેખાડી દયો;
તાલ મિલાઓ સમયની સાથે; ભૂલો જૂના જમાનાને.........
...બંધ આંખથી જોઇ રહ્યા જે...

૩. લલકારે જે સતીત્વને; એને સાવિત્રીનું રૂપ દેખાડો;
પડકારે જે મર્યાદાને; સીતાનું એને રૂપ દેખાડો;
લલચાવે જે લક્ષ્મીથી; એને અનસુયાનું રૂપ દેખાડો;
ધુતકારે જે અબળા કહીને; રણચંડીનું રૂપ દેખાડો;
ખપ્પર લઈને નિકળો હાથમાં; સળગાવો શૈતાનોને..........
...બંધ આંખથી જોઈ રહ્યા જે...

૪. જાગો બહેનો આજે એક ભાઈ; તમને જગાડે છે.
ગુંજી ઉઠે છે દશે દિશાઓ, એવો શંખ વગાડે છે.
ઉમીયા–માતના નેજા હેઠળ; એક થવા બોલાવે છે;
જય ઉમીયા માત......... જય ઉમીયા માત.........
હાથ લંબાવે યુવક સંઘ છે, એને રાખડી બાંધોને........
...બંધ આંખથી જોઇ રહ્યા જે...

અર્થ:- ★ ૧ ......બહેનો પર થતા અત્યાચાર જોઈને પણ આંખ બંધ રાખે છે.
★ ૨ ......એક ભાઇ—યુવક સંઘ

* ખુશ ખબર *

" અમદાવાદ માં ભાવનિર્ઝર " સંસ્થાની સ્થાપના

મહાન તત્વવેત્તા અને અર્વાચીન કર્મયોગી રૂષિ સમા પ્રાતઃ સ્મરણીય શાસ્ત્રીજી શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલેની પ્રેરણા અને દોરવણી નીચે " તત્વજ્ઞાન વિદ્યાપીઠ થાણા " માધવબાગ પાઠશાળા મુંબઈ જ્ઞાન વિસ્તારકસંઘ સંસ્કૃતિ વિસ્તારક સંઘ સદ્‌વિચાર દર્શન વગેરે અનેક સંસ્થાઓ અને તેની પેટા સંસ્થાઓ દ્વારા કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બંગાલ, રાજસ્થાન. હિમાચલ, ઉતરપ્રદેશ નેપાલ (વિદેશમાં) વગેરે ભારતભરમાં ભારતીય સંસ્કૃતિ અને વૈદીક તત્વજ્ઞાન દ્વારા માનવી જીવન ને તેજસ્વી બનાવતી શૈક્ષણિક સાંસ્કૃતિક, અને સ્વાધ્યાયની અનેક વિધ પ્રવૃતિઓ ચાલી રહી છે. આમાં ઉમેરો કરતી અનોખી સંસ્થા " ભાવનિર્ઝર " ગયા વર્ષથી અમદાવાદ માં જોધપુર ટેકરા ઉપર અણુ શક્તિ મથક સામે શરૂ થયેલ છે.

ભારતમાં ચારે તરફ માનવી ભોગના મૃગજળ પાછળ ઘસડાતો દુઃખી અને અશાંત નજરે પડે છે. વિજ્ઞાન કૂદકે ને ભૂસકે આગળ વધતું હોવા છતાં જીવનમાંથી ભાવ

કૃતજ્ઞતા અને વિવેક સુકાતાં જતાં હોવાથી માનવ જીવનો દુઃખથી અશાંત બન્યા છે આજનો યુવાન શ્રમથી દૂર ભાગતો અને નોકરી માટે ફાંફાં મારતો બેકારીની સંખ્યા વધારતો રહ્યો છે. અને તેને કારણે ભારતના નંદનવન સમાં ગોકુળીયાં ગામડાં વેરાન અને નિરક્ષરતા, આળસ, પ્રમાદ, અજ્ઞાન, વહેમ કાવાદાવાના અખાડા બનતા જાય છે. જગતના તાત ગણાતા ખેડૂતના દીકરા તેની ઉત્તમ ગણાતી ખેતીના બદલે ગુલામ મનોવૃતિ થી નોકરી માટે તલસતા નજરે પડેછે. આ સ્થિતિમાં ગામડાંનો ખેડૂત વિદ્યાર્થી કે જેના કુટુંબ પાસે પોતાની ખેતીની જમીન છે તેને આ "ભાવનિર્ઝર" સંસ્થાના તપોવનમાં છ વર્ષ રાખી અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, ગણિત, સામાન્ય વિજ્ઞાન, વગેરેનાં ગ્રેજ્યુએટ સમકક્ષાના ઉત્કૃષ્ઠ અભ્યાસ કરાવવાની સાથે સાથે ખેતીનું વૈજ્ઞાનિક પ્રદ્ધતિએ સાથેનું પૂરતુંજ્ઞાન આપી તેજસ્વી યુવાન બનાવી ચાલુ ચીલાની ડીગ્રી ન હોવાને કારણે નોકરી શોધતો નોકર ન બનતાં પાછો ગામડે મોકલવો જ્યાં તે સુંદર રીતે ખેતી કરતો ભણેલો ગણેલો યુવાન ગામ આગેવાન બને અને પોતાનો જીવન વિકાસ કરતો ભારતીય સંસ્કૃતિની સુવાસ ફેલાવતો યુવાન આદર્શ ખેડૂત યુવાન બને આ હેતુથી તપોવન પ્રદ્ધતિથી કૃષિ સંસ્કૃતિ અને ઋષીવિદ્યાનુ તેજસ્વીજ્ઞાન આપતી આ "ભાવનિર્ઝર" સંસ્થાનો આ અનોખો અને અજોડ પ્રયોગ છે. આ સંસ્થામાં ખેતીની જમીન ધરાવતા કુટુંબના સાત ધોરણ પાસ કરનાર ૧૨ થી ૧૩ વર્ષની આસપાસના વિદ્યાર્થીને દાખલ કરવામાં આવેછે તેની પાસેથી દાખલફી, શિક્ષણફી તેમજ રહેવાકે જમવા ના ફી તરીકે કંઈપણ ચાર્જ લેવામાં આવતો નથી પોતાની ખેતીનો વિકાસ તેજસ્વી જીવન અને સંસ્કારી પરીવાર ઇચ્છતા ભાઈ ઓએ આ સંસ્થાનો લાભ લેવો જરૂરી છે.

આ સંસ્થાનું સત્ર જૂન માસથી શરૂ થાય છે. એપ્રીલ માસમાં સંસ્થાનુ છાપેલુ ફોર્મ મંગાવી ભરવાનું હોય છે.

—: સંસ્થાનુ સરનામુ :—

"ભાવનિર્ઝર"

આંબાવાડી થી આગળ સુરેન્દ્ર મંગળદાસ રોડ,
જોધપુર ટેકરો, શેટેલાઇટ સ્ટેશન સામે,
અમદાવાદ ૧૫, ટેલીફોન નં. ૭૯૯૬૬,

વિનયનો મહત્તા *

રતિલાલ એસ. પટેલ
મહિયલ (તલોદ)

એક વેળા અમેરીકાના પ્રમુખ અબ્રાહમ લિંકન અને તેમનો એક મિત્ર સાથે ફરવા નીકળ્યા થોડે દૂર આગળ જતાં રસ્તામાં એક હબસી ગુલામ સામે મળ્યો હબસીએ પ્રમુખ લીંકનને જોઇ સામેથી સલામ કરતો આવી ઊભો રહ્યો સામેથી લીંકને પણ પોતાની હેટ ઉતારી વિનય દર્શાવી સલામ ઝીલી. આ પ્રકારની લીંકનની વર્તણુક જોઈ તેમના મિત્રે મોં મચકોડયુ લીંકનથી આ અજાણ ન રહ્યુ. તેમણે શાંતિથી મિત્રને પૂછ્યુ મિત્ર તુ મને કહે કે હુ અને હબસી એમાં થી વધારે કેળવાયેલા કોણ ? તેમના મિત્રે જવાબ આપ્યો આપ સાહેબ વધારે કેળવાયેલા છો. લીંકને કહ્યું તો પછી વધારે કેળવાયેલા માણસે વધારે વિનયથી વર્તવું જોઇએ. આ સાંભળી તેમનો મિત્ર ક્ષોભીલો પડી ગયો.

વિનયી માણસે તો તમામ માણસો સાથે વિનયથી વર્તુવું જોઇએ ભલે ને પછી તે માણસ ગરીબ હોય કે ધનિક હોય, નાનો હોય કે મોટો હોય ઉચ્ચ શિક્ષણ પામેલાઓએ તો અવશ્ય વિનયી બનવું જોઇએ.

વિદ્યા વિનયથી શોભે છે. એ કહેવત ખરેખર સત્ય છે. જે લોકો ધનિકો પ્રત્યે, નામાંકિત લોકો પ્રત્યે અને પોતાના ઉપરી અધિકારીઓ પ્રત્યે વિનય દર્શાવે છે. અને ગરીબ કે નાના ગણાતા લોકો પ્રત્યે તિરસ્કારની દ્રષ્ટિથી જુએ છે તે માણસ વિનયી ન કહેવાય, એવી જાતનો વિનય બતાવવો તેતો એક પ્રકારની ખુશામત કરવા સમાન છે. અને એટલા માટે જ વિનય વિનાના ધનવાનો અને સત્તાધીશો દુનિયામાં લોકપ્રિય થઇ શકતા નથી. જગતમાં જેમ જ્ઞાન વિનાના મનુષ્યની કંઈ કિંમત નથી તેમ વિનય વિનાના મનુષ્યની પણ કંઇ કિંમત નથી. એથી જ તો સંસ્કૃતના એક શ્લોકમાં વિનયની મહત્તા સમજાવતાં કહ્યું છે કે :

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भूमि भारभूता मनुष्यरुपेण मृगाश्चरन्ति ॥

* સમાજકે પ્રતિ, હમારા કર્તવ્ય *

કુમારી લીલાવતી ડી. પટેલ T.Y.B.A.
સહમંત્રી : પાટીદાર મહિલા સમાજ, જબલપુર (મ. પ્ર.)

પીછલે કુછ મહિનોસે હમારે સમાજ મેં અધિકતર નઇ ઘટનાએ આકાર લે રહી હૈ, જિસમે યુવક ક્રાંતિ મુખ્ય હૈ. આજ હમ દેખ રહે હૈ કિ હમારે સમાજમેં હર જગહ યુવાન ભાઇયોમેં કુછ જાગૃતિ ઓર સમાજકે લિએ કુછ કરનેકી તમન્ના દિખાઇ દેતી હૈ. ઇસ પ્રકાર યુવક ભાઇઓને જગહ જગહ પર યુવક સંગઠનોકી સ્થાપના કરકે ઔર યુવા ક્રાંતિકો વેગવાન બનાકર સમાજ સેવાકી ઓર એક પ્રશંશનીય કદમ બઢાયા હૈ, ઇસકે સાથ હી સાથ એક દૂસરી ભી આવકારદાયી પ્રવૃતિ હમારે સમાજમેં અભી અભી શુરુ હુઇ હૈ, વહ હૈ "મહિલા સંગઠનોકી સ્થાપના" વિશાલ ભારત દેશમેં ફૈલે હુએ હમારે સમાજમેં સબસે પ્રથમ જબલપુરમેં મહિલાઓકે સંગઠન મંડલકી સ્થાપનાકે સાથ હી એક વિશિષ્ટ પ્રવૃતિકા શુભારંભ હુઆ હૈ, જો હમારે લિએ ગૌરવકી બાત હૈ.

આજતક હમ લોગોમેં એસી માન્યતા થી કિ મહિલાઓંકા સ્થાન કેવલ ઘરકી ચાર દિવારોંકે અંદર હી હો સકતા હૈ, કિન્તુ ઇસ પ્રકાર સ્ત્રીકા કાર્યક્ષેત્ર કેવલ કુટુંબકી અંદર હી રહતા થા. સમય કે બદલનેકે સાથ સાથ ઈન પરિસ્થિતિયોંમેં ભી કાફી સુધાર હુવા હૈ. આજકલ હમ સર્વત્ર દેખ સકતે હૈ કિ કોઈ કાર્યક્ષેત્ર એસા નહીં દિખાઇ દેતા કિ જહાં સ્ત્રીયાં કામ ન કરતી હો. શૈક્ષણિક સંસ્થાનોમેં, સરકારી કાર્યાલયો મે, **Politics** મે ઓર દૂસરે અન્ય કઇ કાર્યક્ષેત્રોમેં આજ નારીકા સ્થાન અધિકતર નિશ્ચિત બન ચુકા હૈ. ઇસકે સાથ સાથ હમારે સમાજમે ભી યુવક ભાઇઓ કે સાથ બહેનોંકી શિક્ષા ભી ઇતની હી જરૂરી હૈ, ઇસ બાતકા અંશતઃ સ્વીકાર તો હમને કર હી લીયા હૈ. કચ્છમેં ઔર ભારત કે અન્ય શહરોમ સ્થિત હમારે લોગોમેસે હમ દ્રષ્ટિપાત કરકે દેખ સકતે હૈ કિ બહનેં ભી અબ કાફી જાગ્રુત હો ચુકી હૈ. તથા દેશકે સામાજિક વિષયોંમેં ભી પુરુષોકી સમકક્ષ હોને કો જા રહી હૈ. જબલપુર કે બાદ દેશકે અન્ય કઇ નગરોમે ભી મહિલા સમાજકી સ્થાપના હુઇ હૈ. ઔર હો રહી હૈ. ઇસસે યહ સ્પષ્ટ હો ચુકા હૈ. કિ ઇસ સમાજ કે કઇ જડ દૂષણ હૈ. જિસકો હટાનેકે લિએ યુવક શકિત કે સાથ સાથ મહિલા શકિતકી ભી આવશ્યકતા હૈ.

જહાંતક હમારી બહનોકો સબંધ હૈ. ઇસ સમાજ કે કઈ **burning problems** હૈ. કઇ પૂરાને ઔર જડ (યંત્રવત) નીતિ નિયમ હૈ. ઉસકો દૂર કરનેમે હમ ભી અપની ઓરસે સમાજકો પ્રત્યક્ષ યા પરોક્ષ ઢંગસે

મદદ કર સકતી હૈ. સબસે પહલે તો કિસી ભી શુભ કાર્યકી હમેં અપને કુટુમ્બસે શરૂઆત કરની હોગી. હમારે બુઝર્ગ લોગ કિ જો અગલી પીઢીકે હૈ. ઉનકે વિચારોમે પરિવર્તન કરાના કોઇ સરલ કામ નહી હૈ. ઉનકો ઉનકે ઢંગસે સમઝાનેકી આવશ્યકતા હૈ. મુઝે આશા હૈ. કિ અપને બુઝર્ગ, ભલે હી અપની પીઢીકે ન હો, તો ભી વે લોગ અપને **family** ઔર **Society** કે ભાવિ વિકાસ ઔર સમૃદ્ધિકે લિએ હમારી સાથ સહમત હોકર હી રહેંગે. ઈસ પ્રકાર કલ ઔર આજકી પીઢીકે બીચ, **Generation gap**, કિ જો સદિયોંસે ચલી આ રહી હૈ, ઉસકા સમન્વય કરનેમેં હમ સફલ હો સકેંગે.

મૈં, અપની સભી બહેનોંસે નમ્ર અપીલ કે સાથ વિનંતી કરતી હું કિ વે સબ સમાજકી પ્રગતિમેં યથાશકિત તન, મન, ઔર ધનસે હાથ બંટાયે ઔર પૂર્ણરૂપસે મદદ કરેં. લેકિન એક બાત હમેં હંમેશા યાદ રખની હૈ કિ સ્ત્રીઓ કે વિકાસ ઔર જાગૃતિકે પરિણામોસે સંતોષ ઔર ગર્વ લેનેકે આવેગમેં આકર હમ હમારે સમાજકી પવિત્ર મર્યાદાયે હૈ, માન, સન્માન ઔર આદરકી જો વિશિષ્ટ ભાવનાએ હૈ, ઉસકા કભી ભી ઉલ્લંઘન ન કરેં. ઇસ બાતકો ધ્યાનમે રખકે હમ સબ ફિરસે એક બાર, હમસે જૈસે ભી હો સકે, સમાજકી સેવા કરનેકા દ્રઢ શંકલ્પ કરે, યહી અભ્યર્થના.

ઔર અંતમે,

મૈં બહેનોકો એક ઔર બાત કહેનેકી અપની ઇચ્છા નહીં રોક સકતી ક્યોંકી હમારી અધિકતર જનસંખ્યા કચ્છસે બાહર ભારતવર્ષકે કોને કોનેમેં સ્થિર હૈ ઈસ સંદર્ભમે, હમ જહાં ભી સ્થિત હૈ, વહાંકે લોગોમે હમારી વિશિષ્ટ સંસ્કૃતિ ઔર હમારે સમાજકા એક વિશિષ્ટ પ્રભાવ ઉઠે તો, મેરે વિચારસે, ઇસમેં બહને બહુત કુછ કર સકતી હો 'આઝાદ કલમમેં' અભી શુરૂ હુએ 'મહિલા વિભાગમેં કિસી ભી સામાજિક યા અન્ય ઉપયોગી વિષયોમે અપને સ્વયં વિચાર પ્રકટ કરકે હમ એક દુસરેકી આધારશીલા બન સકતી હૈં.

અસ્તુ ॥



સમાચારદર્શન

* શ્રી પાટીદાર યુવક મંડળ *

— ગ્રેટ ઇસ્ટર્ન રોડ —

રાજનાંદગાંવ (મ. પ્ર.) [૪૬૧-૪૪૧]

શ્રી પાટીદાર યુવક મંડળ રાજનાંદ ગામની સામાન્ય સભા મે. અશોક સો મીલમાં બપોરના બે વાગે મળી હતી. જેમાં સંવત ૨૦૩૦ની સાલ માટે કારોબારી મંડળની ચૂંટણી કરવામાં આવી હતી.

— કારોબારી મંડળ —

પ્રમુખ :	શ્રી નથુભાઇ નારણભાઇ પટેલ	વિરાણી
ઉપપ્રમુખ :	શ્રી ચંદુલાલ ખીમજીભાઇ પટેલ	,,
મંત્રી :	શ્રી નાનજીભાઇ હંસરાજભાઇ પટેલ	નખત્રાણા
સહમંત્રી :	શ્રી સાંવગણભાઈ નારાયણભાઈ પટેલ	,,
ખજાનચી :	શ્રી વિશ્રામભાઇ કરમસીભાઇ પટેલ	વિથોણ
સભ્ય :	શ્રી જીવરાજભાઇ રામજીભાઇ પટેલ	નખત્રાણા
,, :	શ્રી વાલજી અબજી પટેલ	વિરાણી
,, :	શ્રી મગનલાલ અરજણ પટેલ	દેવીસર
,, :	શ્રી પ્રહલાદભાઇ શીવજી પટેલ	વિરાણી
,, :	શ્રી ભોગીલાલ શીવજી પટેલ	,,
,, :	શ્રી દાનાભાઇ ખેતાભાઇ પટેલ	વિથોણ
ઓડીટર :	શ્રી અરજણભાઈ દેવસીભાઇ પટેલ	દેવીસર
,, :	દેવસીભાઇ નારણ પટેલ	,,

એસ. વી. એસ. પટેલ છાત્રાલય કપડવંજ

ગંગારામ દે. પટેલ

જ્ઞાતિમાં દિન પ્રતિદિન કેળવણી પ્રાપ્તીની માંગ વધી છે, આ અંગે અદ્યતન સાધન સંપન્ન બાંધકામોની જરૂર છે. આ હેતુને અનુલક્ષીને અત્રેની સંસ્થાના

સચાલકો :—

શ્રી અરજણભાઈ હ. પટેલ, શ્રી પ્રેમજીભાઈ લ. પટેલ, શ્રી જેઠાભાઈ વી. પટેલ શ્રી માવજીભાઈ રા. પટેલ તેમજ અન્ય સભ્યો સાથે મળીને તા ૫-૧૨-૭૩ના રોજ રૂા ૫૧૦૦૦/-ની કિંમતની ૩ એકર ૭ ગુંઠા જમીન ખરીદી છે, તેના પર સને ૧૯૭૪ માં તમામ સગવડોવાળું બાંધકામ કરવા વિચાર્યું છે,

— દાન ભેટ —

અત્રેના શ્રી શંકર વિજય સો મીલના માલિક શ્રી માવજીભાઈ રાજાભાઈએ પોતાના પુત્ર ચિ. પુરસોત્તમભાઈના લગ્ન નિમિત્તે આ સંસ્થાને રૂા. ૨૫/- પચીસ ભેટ આપી છે. તે સાભાર સ્વીકારવામાં આવી છે છાત્રાલયના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને આર્થિક રીતે પોષાય તેવું સાત્વિક ભોજન અપાય છે,

— સરાસરી ભોજન બીલ —

જૂન રૂા. ૩૩-૨૦	સપ્ટેમ્બર રૂા. ૫૭-૮૩
જૂલાઈ રૂા. ૫૫-૨૧	ઓકટોમ્બર રૂા. ૨૯-૯૯
ઓગષ્ટ રૂા. ૪૪-૧૭	નવેમ્બર રૂા. ૫૫-૯૦

★

✻ અંગત અભીપ્રાય ✻

અમદાવાદમાં સમાજવાડી બનાવવાના જે પ્રશ્નનો ચાલુ છે તે આપણા સમાજના ગૌરવ રૂપે અને તે સમાજવાડી અમદાવાદ પુરતીજ નહીં પરંતુ અખીલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજનું નામ મુકી અને તે ધોરણે થાયએ વધુ સારૂ છે. કારણકે ભારતમાં એકજ એ શહેર એવું છે કે તે શહેરમાં થઈને ભારતમાં દરેક જગાએ આવી જઈ શકાય છે. જેટલું મહત્વ ભુજ વાડીનું છે. તેટલું જ અમદાવાદ વાડીનું પણ છે. અને ગુજરાત કચ્છ વગેરે એકજ સંસ્થા સંભાળે અને કારોબારી જુદી રહે એ વધુ અનુકૂળ રહેશે.

આપણા સમાજના આગેવાનો બધા બહુજ શકિતી શાળી અને વિચાર સીલ છે. તે વિચારીને અને સમગ્ર સમાજની વિચારસરણી ગોઠવી અને અમદાવાદની વાડીનાં બાંધકામ વિશે ખાસ વિચારે તે યોગ્ય છે આ વાતને અહીં પણ સારો એવો આવકાર મળ્યો છે, અને મલી રહેશે. એજ

જીવરાજભાઈ ધનજીભાઈ પટેલ
ખેડબ્રહ્મા (નેત્રા)

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
વડાલી વિભાગ

ગઈતારીખ ૧૦-૧૨-૭૩ના રોજે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (વડાલી વિભાગની) એક સભા ગામશ્રી પરોસડાકંપા તા. વિજયનગર જી. સાબરકાંઠા મુકામે અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાના કારોબારી સભ્યશ્રી કરશનભાઇ મુળજીભાઇ જીયાપુર વાળાના પ્રમુખ સ્થાને મળી હતી. તેમાં અતિથિ વિશેષ તરીકે કચ્છ કડવા પાટીદાર સમાજ નખત્રાણાના કારોબારી સભ્યશ્રી જીવરાજભાઇ ધનજીભાઈ ખેડબ્રહ્મા (નેત્રા) એ વાળાએ ખાસ હાજરી આપી હતી.

મીટીંગમાં શ્રી છગનભાઈ સીવજીભાઇ નારણપુરાકંપા વાળાએ જણાવ્યું હતું કે વડાલી વિભાગમાં સનાતન સમાજની પ્રવૃત્તિ બિલકુલ મંદ ગતીએ ચાલે છે. તેને પ્રોત્હસાન આપવા અને સમાજના ભાઈઓને આગળ આવવા અને ધર્મના ભેદભાવ ભૂલી જઇને એક સાથે મળીને કામ કરવા અપીલ કરી હતી.

શ્રી જીવરાજભાઈ ધનજીભાઈએ સમાજની કારોબારી ઉપર ખાસ ભાર મૂકતાં જણાવ્યું હતું. કે દર મહિનાની પુનમે ગમે તે એક કંપે કે ગામે કારોબારીની ખાસ મીંટીગ મળવી જોઇએ. અને ખાસ કરીને કેળવણી ઉપર ધ્યાન આપવામાટે હિમાયત કરી હતી અને કન્યા કેળવણી માટે પણ જેવીરીતે ધનસુરા કન્યા છાત્રાલય ચાલે છે તેવીરીતે વડલી અથવા ખેડબ્રહ્મા કન્યા છાત્રાલય ખાસ ચાલુ કરવા ઉપર ભાર મૂકયો હતો. અને ઇડરમાં એક સમાજવાડી ઉભી કરવા સમાજને અપીલ કરી હતી. કારણ કે આ વિભાગમાં કોલેજની સગવડ ઇડર સિવાય કયાંય નથી અને ઈડરમાં સમાજવાડી સ્થાપવા અને બનતી મદદ કરવા સમાજના આગેવાનોને અપીલ કરી હતી.

શ્રી કરશનભાઈ મુળજીભાઇ એ કચ્છમાં જે પ્રવૃત્તિઓ ચાલુ છે જેવી કે ભૂજ કોલેજ હોસ્ટેલ તેમજ ઇશ્વરનગર વાંઢાયમાં ઉમીયા માતાજીનાં મંદિરનું બાંધકામ વગેરેનો છો. ખ્યાલ આપ્યો હતો અને સમાજને ધર્મના ભેદ ભાવ ભૂલી જઈને એક સાથે દરેક કામમાં સાથ સહકાર આપવા ભલામણ કરી હતી.

આ મીટીંગમાં સર્વશ્રી પચાણભાઇ શીવજીભાઈ હેરોલકંપા પ્રમુખશ્રી છગનભાઈ પચાણભાઈ પરબડીકંપાકંપા તથા નારણભાઈ ચામુકંપા, વિઠ્ઠલભાઈ કુવાવડકંપા તથા અન્ય દરેક કંપાનાઓમાં પરસોડાકંપાના ભાઈઓની લાગણીને માન આપી મીટીંગ બોલાવ્યા બદ્દલ પરસોડાકંપાના પટેલ મોહનભાઇ ખેતાભાઈએ આભાર માન્યો હતો

* શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ *
નડીયાદ

શ્રીકચ્છ કડવા પાટીદાર યુવક મંડળ નડીયાદ ની બીજી સર્વ સાધારણ વાર્ષિક સભા તા. ૪-૧૧-૭૩ને રોજ સવારે ૯ વાગે શ્રી મહાલક્ષ્મી વિજય સો મીલમાં નડીયાદ સમાજના પ્રમુખ શ્રી લધ્ધાભાઇ લાલજીભાઇ ના પ્રમુખપણા હેઠળ ભરવામાં આવી. જેમાં યુવક મંડળનો વાર્ષિક આવક-જાવકનો હિસાબ રજુ કરવામાં આવ્યો તેમજ લવાજમ લેવામાં આવ્યું

ત્યાર બાદ નવા વર્ષ માટે ચૂંટણી કરવામાં આવી જેમાં નીચેના ભાઇઓને સર્વાનુમતે ચૂંટવામાં આવેલ છે.

(૧)	પ્રમુખ	શ્રી પટેલ	પુંજાભાઈ પચાણભાઇ	રસલીયા
(૨)	ઉપપ્રમુખ	,, ,,	મગનલાલ સવજીભાઈ	દેસાઇપુરા કંપા
(૩)	મંત્રી	,, ,,	જસવંતલાલ પ્રેમજીભાઇ	ગઢકંપા
(૪)	સહમંત્રી	,, ,,	અરજણભાઈ શીવગણભાઈ	ઘડુલી
(૫)	ખજાનચી	,, ,,	લધ્ધાભાઈ દામજીભાઈ	ઘડુલી
(૬)	સલાહકાર સભ્યો	પટેલ શ્રી	નથુભાઈ લાલજીભાઈ	ઉખેડા
(૭)	,, ,,	,, ,,	પરબતભાઈ રતનશીભાઈ	ટોડીયા
(૮)	,, ,,	,, ,,	જીવરાજભાઇ નાનજીભાઈ	સીયોત
(૯) +	૩૦ સભ્યો	,, ,,	શાંતિલાલ રતનશીભાઈ	દયાપર

આ પ્રસંગે યુવક મંડળ વતી સમાજના પ્રમુખ શ્રીલધ્ધાભાઈ લાલજીભાઈ તેમજ લધ્ધાભાઈ ગંગદાસ ઉપપ્રમુખને ફુલહાર અર્પણ કરવમાં આવ્યા હતા. તેમજ નવા ચૂંટાયેલ યુવક મંડળને પણ ફુલહાર વિધિ કરવામાં આવ્યો હતો.

ત્યાર બાદ સમાજના પ્રમુખ શ્રી લધ્ધાભાઈએ યુવક મંડળે વર્ષ દરમિયાન કરેલ સામજિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓની પ્રસંસા કરી હતી. તેમજ પ્રવૃત્તિને વેગ આપવા અનુરોધ કરતાં યુવક મિત્રોનો આભાર માન્યો હતો. તેમજ નવા ચૂંટાયેલ સભ્યોને અભિનંદન આપ્યા હતા.

નવા ચૂંટાયેલ સભ્યોએ મંડળની પ્રગતિમાટે સાથ સહકાર ની ભાવના વ્યક્ત કરી હતી.

અંતમાં આભાર વિધિ તેમજ અલ્પાહાર કર્યા બાદ સભાપૂરી થયેલ હતી.

લિ.

મંત્રી :— **શ્રી જસવંતલાલ પી. પટેલ**

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ—નડીયાદ.

પ્રગતિના પંથે "શ્રી જલગામ પાટીદાર યુવક મંડળ"

શ્રી જલગામ પાટીદાર યુવક મંડળની એક વાર્ષિક સભા મંગળવાર તા. ૨૫-૧૨-૭૩ના શ્રી મનમોહન સો મીલમાં શ્રીમાન કરમસીભાઈ ભાણજીભાઈના પ્રમુખપદે મળેલ હતી. જેમાં પ્રથમ મંત્રીશ્રી શંકરલાલ રાજારામ તરફથી મંડળના સક્રિય કાર્યનો વાર્ષિક અહેવાલ તેમજ આવક જાવકના હિસાબની રજુઆત ખજાનચી દ્વારા કરવામાં આવેલ.

ત્યારબાદ સાલ ૧૯૭૪ માટે મંડળની કાર્યવાહક સમિતિની અને હોદ્દેદારોની ચૂંટણી મતદાનથી કરવામાં આવેલ, જેમાં નીચે મુજબ જણાવેલ સભ્યો ચૂંટાયેલા જાહેર કરવામાં આવેલ.

૧	પ્રમુખ	શ્રી વિઠ્ઠલભાઈ મોહનલાલ પટેલ	(કોટડા)
૨	ઉપ-પ્રમુખ	,, કરમસીભાઈ ભાણજીભાઈ પટેલ	(,,)
૩	મંત્રી	,, શંકરલાલ રાજારામ T.Y.B.com.	નખત્રાણા
૪	સહમંત્રી	,, દામોદર માવજી S.S.C.	(,,)
૫	ખજાનચી	,, પરશોત્તમ માવજી પટેલ	(,,)
૬	સહ-ખજાનચી	,, વેણીલાલ જેઠાભાઇ પટેલ	(,,)
૭	લાયબ્રેરી સંચાલક	,, બાબુલાલ મોહનલાલ પટેલ	(કોટડા)
		,, જીવરામભાઇ ભાણજીભાઈ પટેલ	અંગીઆ
		,, અમૃતલાલ જેઠાલાલ પટેલ	કોટડા
૮	સલાહકાર સમિતિ	,, ભાણજીભાઈ મુળજીભાઈ પટેલ	(અંગીયા)
		,, પ્રેમજીભાઈ મોહનલાલ પટેલ	(કોટડા)
		,, જેઠાભાઈ ભાણજીભાઈ પટેલ	(,,)
		,, રાઘોભાઈ લાલજીભાઇ પટેલ	(,,)

ત્યારબાદ મંત્રી દ્વારા નવા ચૂંટાયેલા પ્રમુખશ્રીને સ્થાન ગ્રહણ કરવાનુ કહેવામાં આવેલ અને નવા પ્રમુખશ્રી એ ગ્રહણ કરેલ.

ત્યારબાદ પ્રમુખ, મંત્રી, સહમંત્રી, સલાહકાર તેમજ અન્ય સભ્યોએ પ્રાસંગિક પ્રવચન કરેલ ત્યારબાદ મંત્રી તરફથી સૌ સભ્યોનો તેમજ મંડળને પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે મદદરૂપ થનાર સમાજના આગેવાન વડીલોનો તેમણે આપેલ સેવા અને સહકાર બદલ આભાર માની, અલ્પાહાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.—

લિ. જલગામ પાટીદાર યુવક મંડળ વતી,
મંત્રી : **શંકરલાલ રાજારામ પટેલ**

બદામકંપા યુવક મંડળ, બદામકંપા

ઉપરોક્ત મંડળની મીટીંગ તા. ૨૬-૧૨-૭૩ના રોજ જવાહર લાયબ્રેરીમાં રાત્રે ૮-૩૦ કલાકે ગામના અગ્રગણ્ય ભાઈશ્રી ગંગારામ નાનજીભાઈના પ્રમુખપદે યોજવામાં આવી હતી. જેમાં નવા વર્ષ માટેની કારોબારીની રચના કરવામાં આવી હતી. તેમજ મંડળનું નવું બંધારણ ઘડવામાં આવ્યુ. સભાએ નીચે મુજબની કારોબારીની સર્વાનુમતે રચના કરી હતી.

પ્રમુખ : શ્રી નથ્થુભાઈ માવજીભાઈ પટેલ
ઉપપ્રમુખ : શ્રી કાન્તિભાઈ કેશરાભાઈ પટેલ
મંત્રી : શ્રી દામોદર વિઠ્ઠલદાસ પટેલ
સહમંત્રી : શ્રી ગોવિંદભાઈ માવજીભાઇ પટેલ
ખજાનચી : શ્રી ચંદુલાલ દેવસીભાઇ પટેલ
કારોબારી સભ્ય : (૧) શ્રી ધનજીભાઇ રામજીભાઇ પટેલ
(૨) ,, ભાઇલાલ મગનભાઈ પટેલ
(૩) ,, ઇશ્વરલાલ ગંગારામ પટેલ
(૪) ,, છગનલાલ કરસનભાઇ પટેલ
ઓડીટર્સ : (૧) શ્રી હંસરાજભાઇ વેલજીભાઈ પટેલ
(૨) ,, તુલસીદાસ રાજાભાઈ પટેલ
કો. ઓપ્ટ : (૧) શ્રી ગંગારામ કરમનભાઈ પટેલ
(૨) ,, નરસિંહભાઇ જેઠાભાઇ પટેલ
સલાહકારો (૧) ,, ગંગારામ નાનજીભાઇ પટેલ
(૨) ,, વિઠ્ઠલદાસ કરશનભાઇ પટેલ

કારોબારીની રચના બાદ કારોબારીના સભ્યોએ મંડળના સભ્યોનો આભાર માન્યો હતો અને નવા ચૂંટાયેલા પ્રમુખશ્રીએ તેમનું મંગલ પ્રવચન કર્યું હતું.

અંતમાં સૌ સભ્યોએ ગામ અને સમાજની ઉન્નતિ માટે એક બની કાર્ય કરવાનો સંકલ્પ કરી, અલ્પાહાર બાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું.

મંત્રી,
દામોદર વિઠ્ઠલદાસ પટેલ

કચ્છી ● પાટીદાર ● મંડળ
કડવા ● યુવક ● ભોવંડી

ઘણા સમયથી ભોવંડી પાટીદાર નવયુવકોમાં મંડળ સ્થાપવાની ઇચ્છા હતી જે અમોએ આજે હર્ષથી અમલમાં મૂકી છે અને "શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ"ની સ્થાપના તા. ૨૭-૧૦-૭૩ને શનિવારે સંવત ૨૦૩૦ના નવા વર્ષથી પ્રારંભ કર્યો છે.

અમોએ મંડળની સ્થાપના તથા પ્રવૃત્તિ નીચે મુજબ હાથ ધરેલી છે.

૧	પ્રમુખ	શ્રી જેઠાલાલ માધવજી પટેલ	નેત્રા
૨	ઉપ-પ્રમુખ	,, રામજીભાઇ વાલજીભાઇ પટેલ	કોટડા-જડોદર
૩	મંત્રી	,, નારણભાઇ કાનજીભાઇ પટેલ	,,
૪	ઉપ-મંત્રી	,, જીવરાજ કરમસી પટેલ	રસલીયા
૫	ખજાનચી	,, ખેતસી ખીમજી પટેલ	કોટડા-જડોદર
૬	ઉપ-ખજાનચી	,, રામજી માવજી પટેલ	,,
૭	ઓડીટર	,, રવજી નાનજી પટેલ	ટોડીયા

— કારોબારી કમીટી —

૮	શ્રી હીરાલાલ કાન્તિલાલ પટેલ	ટોડીયા
૯	,, ડૉ કરમસી મેઘજી પટેલ (B.O.S.)	કો.-જડોદર
૧૦	,, શાન્તિલાલ રતનશી પટેલ	કોટડા
૧૧	,, મણીલાલ વાલજી પટેલ	
૧૨	,, અબજી વિશ્રામ પટેલ	,,
૧૩	,, ડાહ્યાલાલ સામજી પટેલ	ટોડીયા
૧૪	,, હીરાલાલ લખુ પટેલ	કોટડા-જડોદર
૧૫	,, નારણ જસરાજ પટેલ	નખત્રાણા
૧૬	,, હરીલાલ ગોપાળ પટેલ	કોટડા-જડોદર

તદ ઉપરાંત ૪૦ સભ્યો પણ ઉપરોક્ત મંડળમાં જોડાયેલા છે. અમારા મંડળનું ધ્યેય આપણા સમાજને સામાજિક, નૈતિક, આર્થિક અને શૈક્ષણિક પ્રવૃતિઓને જેમ બને તેમ ઉપર લાવવાનો છે અને સમાજના ગરીબ ભાઇ-બહેનો ને શિક્ષણ તેમજ અન્ય ક્ષેત્રે મદદરૂપ થવાનો પણ છે.

-:- પ્રવૃત્તિઓ -:-

અમોએ ઉપરોક્ત મંડળની પહેલાં સાધારણ સભા તા. ૨૯-૧૦-૭૩ના રોજ ભરી હતી જેમાં ઉપર મુજબના હોદ્દેદારોની નિમણુક કરી હતી.

બીજી મીટીંગ હોદ્દેદારો અને કારોબારી કમીટીના મેમ્બરોની તા. ૩-૧૨-૭૩ ના રોજ બોલાવી હતી અને તેમાં દરેક હોદ્દેદારો તેમજ કમીટી મેમ્બરના સભ્યો પ સેથી ત્રણ ત્રણ ખુરશી અને પ્રમુખ, સેક્રેટરી તેમજ ડૉ. કરમસી પટેલ પાસેથી ૨ ક એક વધુ ખુરશી એમ કુલ ૫૧ ખુરશીઓ મંડળને ભેટ મળશે.

વાર્ષિક પરીક્ષામાં ધોરણ ૪ થી કોલેજ સુધીમાં જે વિદ્યાર્થી અથવા વિદ્યાર્થીની ભીંવડી સમાજમાં પ્રથમ નંબરે આવશે તેને કંઇક પણ ભેટ આપવાનુ વિચારવમાં આવ્યું છે.

પ્રમુખ	મંત્રી
જેઠાલાલ માધવજી પટેલ	નારણભાઈ કાનજીભાઈ પટેલ

✻ શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ ✻

★ અહમદનગર ★

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, અહમદનગરની જનરલ મીટીંગ તા. ૨૮-૧૧-'૭૩ના રાત્રે ૮-૩૦ વાગ્યે શ્રીમાન દેવજી હીરજી પટેલના નિવાસ સ્થાને શ્રી રતનશીભાઈ એતાભાઇ પટેલના પ્રમુખપદે યોજવામાં આવેલ હતી. જેમાં સંવત ૨૦૩૦ માટે નીચે મુજબ કાર્યવાહી મંડળના હોદ્દેદારો સર્વાનુમતે ચૂંટી કાઢવામાં આવેલ છે.

:— કાર્યવાહી મંડળ :—

૧	પ્રમુખ	શ્રી જીવરાજભાઈ રામજી	છાભૈયા	ટોડીયા
૨	ઉપપ્રમુખ	,, હરિભાઈ દેવજી	દિવાણી	દેશલપુર (ગુંતલી)
૩	મંત્રી	,, ડાહ્યાભાઈ અરજણભાઈ	પોકાર	ટોડીયા
૪	સહમંત્રી	,, પુરૂષોત્તમ એતાભાઈ	દિવાણી	દેશલપુર (ગુંતલી)
૫	ખજાનચી	,, નાનજીભાઈ ભીમજી	પોકાર	કાદીયા નાના
૬	ગ્રંથપાલ	,, નાંયાભાઇ રામજી	સેંગાણી	રામપર સરવા
૭	સહ ગ્રંથપાલ	,, દેવજીભાઈ જેઠાભાઈ	સેંગાણી	ઘડુલી
૮	સલાહકાર	,, રતનશીભાઈ એતાભાઈ	દિવાણી	દેશલપુર (ગુંતલી)
૯	,,	,, શામજીભાઇ જેઠાભાઈ	સેંગાણી	ઘડુલી
૧૦	,,	,, શિવજીભાઈ રતનશીભાઈ	સેંગાણી	રસ.લિયા

મંત્રી
D. A. Patel
અહમદનગર

શ્રી પાટીદાર યુવક મંડળ, લકડગંજ, નાગપુર–૮

શ્રી પાટીદાર યુવક મંડળ લકડગંજ નાગપુર–૮ ની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૩–૧૨–૭૩ ના રોજ યોજેલ ચૂંટણીમાં કારોબારી મંડળ તથા હોદ્દેદારોના નામ નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

(૧) શ્રી કરશન માવજી પટેલ...પ્રમુખ
(૨) „ જેઠાભાઈ શામજી પટેલ...ઉપપ્રમુખ
(૩) „ રતનસી દેવસીભાઈ પટેલ...મંત્રી
(૪) „ જીવરાજ સોમજી પટેલ...સહમંત્રી
(૫) „ પચાણ નારાયણ પટેલ...ખજાનચી
(૬) „ દયારામ શિવજીભાઈ પટેલ...સદસ્ય
(૭) „ અંબાલાલ શિવજી પટેલ .. „
(૮) „ વિશ્રામ ગોપાલભાઈ પટેલ... „
(૯) „ મગનલાલ પચાણ પટેલ... „
(૧૦) „ હરીલાલ પ્રેમજી પટેલ... „
(૧૧) „ હરીલાલ કરશન પટેલ... „
(૧૨) „ બાબુલાલ ખેતાભાઇ પટેલ... „


ઑડીટર : શ્રી માવજીભાઈ કરશન પટેલ

શ્રી પાટીદાર સમાજ, રાજનાંદગાંવ.

તા. ૨૩–૧૨–૭૩ ના રોજ શ્રી પાટીદાર સમાજ રાજનાંદગાંવની સામાન્ય સભા મેસર્સ ભારત ટીમ્બર કંપનીમાં બપોરના બે વાગે શ્રી કાનજી સીવદાસના પ્રમુખ સ્થાને મળી હતી. તેમાં સંવત ૨૦૩૦ માટેની કારોબારી મંડળની ચૂંટણી કરવામાં આવી હતી. તેમાં નીચે મુજબના સભ્યોની બહુમતે વરણી કરવામાં આવેલ છે.

સંવત ૨૦૩૦ માટેનું કારોબારી મંડળ :

પ્રમુખ	શ્રી નારાયણ શીવદાશ પટેલ	નખત્રાણા
ઉપપ્રમુખ	શ્રી કાનજી સીવદાસ પટેલ	„
મંત્રી	શ્રી રતનસી નારાયણ પટેલ	„
સહમંત્રી	શ્રી વિશ્રામ કરમસી પટેલ	વિથોણ
ખજાનચી	શ્રી ચંદુભાઈ ખીમજીભાઈ પટેલ	વિરાણી
સભ્ય	શ્રી નથુભાઇ નારાયણ પટેલ	„
„	નાનજી હંસરાજ પટેલ	નખત્રાણા
„	વાલજી અબજી પટેલ	વિરાણી
„	જેઠાભાઇ પ્રેમજી પટેલ	વિથોણ


LAXMI
LAXMI

JAGRUTI January '74 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★



★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–૨ ફેબ્રુઆરી ૧૯૭૪

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, અ સોવદ ચૌદશ

અનુક્રમણિકા

તંત્રી સ્થાનેથી.........

આપણે જાણીએ છીએ તેમ છેલ્લા એક દ માસથી વરસોથી શાંત ગણાતા ગુજરાતમાં કહેવાતાં રોટી રમખાણોના પરિણામે અશાંતિનું આવરણ આવી જતાં પ્રજાજીવન ડહોળાતુ અને રોળાતું જતું જણાય છે.

ચડતી અને પડતીનું ચક્ર જેમ જીવનમાં અવારનવાર ફરતું રહેતુ હોય છે તેમ તેજી અને મંદીના બદલે જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓના એક ધારા વધતા જતા ભાવોના કારણે અને જનતાના દૃષ્ટિ બિંદુ મુજબ વર્તમાન સરકારની એ બેસુમાર ભાવ વધારાને અટકાવવા માટે નિઃસહાય સ્થિતિના આધારે શાંત પ્રજાજીવનમાં આવી પડેલી વિષમ પરિસ્થિતિનો સામનો કરવાનો જુસ્સો આવી જતાં રોષની લાગણીઓ ઉભરાઈ જવા પામી છે તે આપણે જોઈ શક્યા હતા.

પરંતુ આ પરિસ્થિતિની વેદનાએ સમગ્ર ગુજરાતનાં નાનાં મોટાં કેટલાંય શહેરો તેમજ કેટલાંક ગામડાંઓને અણછાજતો સ્પર્શ કરી જતાં પ્રજાના હાથે જ " ભીંડ પાંચ શેરી પગ ઉપર પડ " જેવી સ્થિતિનું નિર્માણ સંજોગોવશાત ઉભું થઈ ગયુ હોય તેમ કદાચ કોઈપણ વિચારકને લાગ્યા વિના નહિં રહે એમ નથી લાગતુ ?

કેટલાક વિચારોના અંતે ઠેરઠેર થઈ ગયેલાં રમખાણો પરથી કોઈપણ એવી તારવણી પર આવી શકશે કે ભિન્ન ભિન્ન સ્થળો એ ભિન્ન ભિન્ન દરજ્જો ધરાવતી પ્રજાની ભિન્ન ભિન્ન પ્રકૃતિનું જ આ દુષ્કર પરિણામ હોવાનું જણાશે.

સામાન્ય રીતે વર્ષોથી પરિસ્થિતિના આધાર પર આપણે પ્રજાજીવનની ત્રણવર્ગમાં વહેંચણી કરેલી જ છે. એક ગરીબ, બીજો મધ્યમ અને ત્રીજો અમીરવર્ગ.

આમાં ગરીબ વર્ગની ગરીબીનું નિર્માણ કદાચ બે રીતે થયેલું હશે એક તો એજ કે પૂર્વ જન્મનાં પાપ પુણ્યના હિસાબો કોઈ બાકી રહી ગયા હોયએ રીતે આજન્મ ગરીબી, બીજુ પેઢી દરપેઢી વારસાગત સ્વભાવ અને વારસામાં મળેલી સાધન સંપત્તિના આધાર પરની ગરીબી દીર્ઘાયુષી બનતી જતી હોવાનુ લાગશે.

આ જે બીજા પ્રકારની ગરીબી છે તે માનવ સર્જિત છે એટલે કે માણસ જાતના સ્વભાવગત સંસ્કારોના પરિણામે આળસુપણું, એદીપણુ કે કામચોરીની ભાવનાથી પણ ગરીબીનું સર્જન થયેલું હોય છે. આ પ્રકારની ગરીબીને હટાવવા કે દૂર કરવા માટે સરકાર કે પ્રજાનો ઉપલો વર્ગ સુખી જનસમુદાય ગમે તેટલો ભોગ આપે તો પણ જેમ જેમ ગરીબી હટાવવાના ઉપાયો વધતા જશે તેમ તેમ ગરીબી વધતી જ જવાની છે. કારણકે પારકી આશાએ તાગડધિન્ના કરી જીવતો વર્ગ પોતાના વંશ વારસોમાં પણ કામચોરી કે ભિક્ષુકવૃત્તિનાં બીજ રોપીને એક વિશાળ ગરીબવૃંદને ખડો કરે છે.

આપણી ગુજરાતની ધરતી પર પણ આવો કમ્મર તૂટ ગરીબવર્ગ અન્ય વર્ગોના માટે ભારરૂપ છે. એ બાબત કહેવી પણ કદાચ અસ્થાને નથી. આ વર્ગની પાસે પોતાના કે પોતાના પરિવારના જીવનનિર્વાહ માટે દુકાનો, કારખાનાંઓ કે ખેત જમીનના રૂપમાં ગમે તેટલાં સાધનો તેઓના હાથમાં મૂકવામાં આવે તો પણએ સાધનોના યોગ્ય ઉપયોગના અભાવે દેશના ઉત્પાદન પર માઠી અસર ઉપજાવી શકશે એ કહેવું કદાચ વધારે પડતું નહીં ગણાય એટલે આવા પ્રકારની ગરીબી દૂર કરવા નિર્ધારિત લક્ષ્યાંકો પણ કારગત ન નીવડી શકે એમ પણ બને.

હવે જે પહેલા પ્રકારની ગરીબાં છે તે તો વિધિ નિર્મિત છે. આમ તો એ કિસ્મત આધિન ગરીબ વર્ગ પોતાનાથી બનતો પુરુષાર્થ તો કરે જ છે પણ "હરિએ નિર્મ્યું તેમજ હોય; કર્યાં કર્મ છોડાવે નહિ કોય" એ ઉકિત અનુસાર એ શાતં, શરદ જીવ ગરીબી કહી શકાય.

પ્રજાના બીજા એટલે કે મધ્યમવર્ગની વાત કરીએ તો એ લાચાર અવસ્થામાં જીવતો, દીનહીન માનવ સમુદાય છે કે જીવન જીવવા માટે ગરીબી અને અમીરી વચ્ચે અટવાતો અથડાતો કૂટાતો એવો વર્ગ છે કે જેના માથે કાળઝાળ મોંઘવારીનો લોખંડી પંજો હંમેશાં ઉગામેલો જ રહેલો છે કારણકે માંડ પેટીયું રળી સમાજ જીવનના વ્યવહારૂ રીવાજી ખર્ચાઓ કાઢવા માટે પણ મથતો આ વર્ગ નથી ગરીબી સામે જોઇ શકતો કે નથી અમીરી તરફ જઈ શકતો આમ ઘંટીનાં બે પડ વચ્ચેના દાણા જેવી વિષમ સ્થિતિ અનુભવતો વર્ગ એ એવો વર્ગ છે કે દેશકાળના ગમે તેવા સંજોગો બદલાતા રહે પણ એ રામ તો એના એજ રહે એવી સ્થિતિ પરંપરાગત અનુભવતો એ વર્ગ છે.

કાયમી અશાંતિ ભોગવતો આ વર્ગ કદાચ દેશની હાલની અશાંત પરિસ્થિતિમાં ઉમેરો કરવાની જિજ્ઞાસાવૃત્તિ પણ નહિ ધરાવતો હોય.

હવે સમાજનો સૌથી ઉપલો વર્ગ કે જે પુરૂપાર્થ અને પ્રારબ્ધના સામુહિક બળથી કહોકે પછી "*In this Sosialistic pattern of Society Poo becomes poorer and Rich becomes Richer*" અનુસાર દેશમાં પ્રવર્તમાન સમાજરચનાના આધારે ગરીબ વધુને વધુ ગરીબ બને છે જયારે પૈસાદાર વધુને વધુ પૈસાદાર બને છે એ ન્યાયે પણ એ ઉન્નત સ્થિતિ ભોગવતો વર્ગ છે. કે જેના હાથમાં દેશના અર્થતંત્રને તોડવા અને જોડવાના દોરીસંચારની તાકાત રહેલી છે.

ઉપરોક્ત ત્રણ વર્ગ સિવાય આઝાદી પછીનાં થોડાંક વર્ષો પછી છેલ્લા બે પાંચ વર્ષથી એક નવો વર્ગ જોરશોરથી દેખાદે છે જેને આપણે રાજકીય વર્ગ તરીકે ઓળખીયે છીએ. આ વર્ગ જાણે કે ચકભિલ્લુની રમતની યાદ આપતો હોય તેમ અવાર નવાર મેદાને પડી ખેલદીલી વગર હરીફવર્ગના દાવ તોડવા હંમેશાં મથતો જણાશે અને આ નાદુરસ્ત હરીફાઇના રેફરી તરીકેનું કદાચ સમાજનો ઉપલો વર્ગ એટલે કે અમીર વર્ગ જાણ્યે અજાણ્યે પણ સ્થાન ભોગવતો માલુમ પડશે; કારણેક સત્તા પર અને સરાથી પર એવા બંને હરીફોને સંગ્રહખોરી કાળા બજાર તેમજ અન્ય અનેક સમાજનાં દુશ્મન ગણાતાં દુષણોના ગ્રાઉન્ડ પર જ તાજેતરના દેશના અશાંત વાતાવરણમાં હરીફાઈ યોજાઇ જતી હોય તેમ નથી લાગતું ?

ઉપરોક્ત હરીફાઈથી બચવા. દેશની ગરીબીની કહેવાતી. ભઠ્ઠીની ભભૂકતી આગમાંથી દેશની મૂલ્યાવાન સાધન સંપત્તિને બચાવવા મધ્યમ વર્ગની સ્થિતિનું નવનિર્માણ કરવા યુવા જગતે, પોતાના શિક્ષણ ભોગે કમાતું જતું વહેલી તકે અટકાવવા કોઇપણ રાજકીય વર્ગનાં પાત્ર તરીકે કામ ન કરતાં દેશની અશાંત સ્થિતિમાંથી શાંત સ્થિતિનું નિર્માણ કરવા, ખરેખર ! તો માનવ સર્જિત મોંઘવારીનું સર્જન હાલની પરિસ્થિતિથી ખેવડાતું અટકાવવા માટે જ મેદાને પડે એજ ઇચ્છનીય છે.

અસ્તુ...

ધર્મ એક ઝેર કટોરો

અર્જુન રાજા પટેલ (ભીંવડી)

ભારત મુખ્યત્વે ધર્મપ્રધાન દેશ છે. અહીં નો મુખ્ય ધર્મ હિંદુધર્મના નામે ઓળખાય છે. જો કે આ ધર્મનો હિંદુ પર્યાય ખોટી રીતે યોજવામાં આવ્યો છે. સાચા અર્થમાં તો આજનો હિંદુ સંજ્ઞાથી ઓળખાતો ધર્મ મુખ્યત્વે વૈદિક ધર્મ જ છે. આ ધર્મ પ્રાચીન કાળથી વેદો દ્વારા વિસ્તાર પામેલો હોઇ વૈદિક ધર્મના નામથી ઓળખાતો હોઇ તેને હિન્દુ શબ્દ સાથે કશો જ સંબંધ નથી પરંતુ હિંદુ શબ્દ સાચા અર્થમાં તો ભૌગોલિક શબ્દ છે. આ શબ્દના અર્થ હિંદુકુશ પર્વતની તળેટીમાં વસનારાઓ એવો થઇ શકે પરંતુ ભારત પર વિદેશીઓનાં આક્રમણો અને વર્ચસ્વના કારણે જે ધાર્મિક શંકરણ આવ્યું તેના પરિણામે હિંદુનું ભૌગોલિક મહત્વ ભૂલાઇ ગયું. અને વૈદિક ધર્મજ હિંદુ ધર્મના નામે ઓળખાવા લાગ્યો.

ભારત વિશાળ દેશ છે. વૈદિક ધર્મનું મૂલ્ય ભૂલાઇ જતાં અને વિદેશી આક્રમણના કારણે ભારતના હિંદુ પર્યાયથી ઓળખાતા ધર્મના અનેકવિધ ફાંટા પડતાં આજે હિંદુ ધર્મની હાલત ન ધણિયાતા પ્રદેશ જેવી થઇ પડી છે. ભાર... નતાનો મોટો સમુહ અભણ અને અર્ધશિક્ષિત હોવાથી તેમજ ધર્મમાં મુસ્લિમ ધર્મ જેવી એક શુત્રતા અને એક વાક્યતા ન હોવાથી ધર્મના નામે સામાન્ય પણે ગમે તેવા ધતિંગ સહેલાઇથી ચાલી શકે છે.

આજે તો ભારતમાં ધર્મ સ્થાપીત હિતોનું પ્રતિક બન્યો છે ધર્મનું સુત્ર સંચાલન મુખ્યત્વે ધનિકવર્ગ અને પ્રત્યાઘાતી તત્વોના હસ્તક હોવાથી ધર્મ જે મુળભૂત રીતે તો ચારિત્ર્ય શીલતા, નીતિમત્તા સંસ્કાર સમૃદ્ધિનો પ્રેરણાસ્ત્રોત છે. તે આ ધનિક વર્ગની વાસના અને વિલાસ લાલસાના કારણે સામાન્ય જન માટે દંભ અને છેતરપિંડીના પર્યાય સમો બની સામાન્ય જન સમુહ માટે ઝેર રૂપ જ બન્યો છે.

સ્વ. સરદાર પાણિકરના કહેવા મુજબ ભારતમાં ઓછામાં ઓછા પાંચસો ભગવાન છે દરેક ગામડાં દીઠ એક સંત કે સન્યાસી (પવિત્ર માનવ) હોય છે. આ સંત મહંત બાવાઓ માંથી કેટલાક પોતાને ભગવાન તરીકે ઓળખાવે છે જયારે ખરા અર્થમાં તો આ બધા સન્યાસીઓની વૈરાગ્ય ભાવના કે ધર્મ ભાવના.–

સંત તુલસીદાસે કહ્યું છે. તેમ
નારી મૂઇ ઘર સંપતિ નાસી !
શિષ મૂંડાઇ ભયે સંન્યાસી !
જેવીજ છે. છતાં કેટલાક એવા સંતો પણ છે જે સાચે જ પૂજનીય પણ છે. આવા સંતો ગીતામાં કહેલા આદેશ

અ સાર જ્યારે જ્યારે ધર્મની હાની થાય ત્યારે ત્યારે અવતાર ધારણ કરતા નિજાનંદ સમા છે. જેમાં સંતજ્ઞાનેશ્વર, સંત તુકારામ. સંત રામદાસ સંત રામકૃષ્ણ પરમહંસ મહર્ષિ, દયાનંદ સરસ્વતી, સ્વામી વિવેકાનંદ, મહાપ્રભું ચૈતન્ય, મહાવીર સ્વામી, ભગવાન બુદ્ધ વગેરે ની ગણના થઇ શકે. આ વિભૂતિ ઓએ કયારેય ઐહિક, સામુદ્રિક કે વૈભવ વિલાસને ભકિત માટે આવશ્યક માન્યા નથી. ઊલટાના તેઓએ તો પોતાની સમૃદ્ધિ અને વિલાસનો ત્યાગ કરી જનસમુહના કલ્યાણ માટે ફકીરી સ્વીકારી છે.

આવા સંતોએ પોતે ભગવાન હોવાનો દાવો કર્યો નથી આજે પણ આપણે ગાંધીજી, સંત વિનોબા, આચાર્ય ભણશાળીજી જેવા ત્યાગીઓને જોઇએ છીએ કે જેઓએ જીવનમાં કયારેય વૈભવ વિલાસની અપેક્ષા રાખી નથી. ત્યારે આચાર્ય રજનીશ જેવી વ્યકિત ઓ પોતાની જાતને ભગવાન તરીકે ઓળખાવી જે રાજાશાહી ઠાઠ માઠ ને વૈભવ વિલાસ ને પોતાની જીવન સાધનામાં મહત્વ આપી રહેલ છે તે સાચે જ આશ્ચર્ય પમાડે તેવું છે

આથી મુખ્ય પ્રશ્ન જાગે છે તે એ છે કે કારણ વગર કાર્ય સંભવતુ નથી ભારત એક ગરીબ દેશ છે. પ્રધાનથી માંડી પ્રચારાધિકારીઓ અને પત્રકારો પણ જનતા ને કરકસર અને સાદાઇનો ઉપદેશ આપે છે જૂના રજવાડી વૈભવને પણ કવિએ જૂના ભભકા તરીકે જ ઓળખાવેલ છે તો પછી સ્વાભાવિક રીતે જ શંકા સળવળે છે કે આજના આ કહેવાતા સંતો અને ભગવાનો માટે આ રાજાશાહી ઠાઠ વૈભવ, વિલાસ કોઇ સમ્રાટને પણ ઇર્ષા ઉપજાવે તેવી ખેડાતી વિદેશયાત્રાઓ મોટરની મુસાફરી આલિશાન આશ્રમો અને શિબિરો વિશાળ મહાલયોનાં ભેટ શા માટે ? તેની જરૂર પણ શી ?

જેઓ પોતાને જ ભગવાન તરીકે ઓળખાવે છે. એમને નાણાંની શી જરૂર ? સંતો તો કહે છે કે વૈભવ એતો ઝેર છે. તો પછી ધર્મ શું ઝેરનો પ્યાલો છે. ?

卐 જય ઉમીયા ભવાની 卐



વિવિધ લગ્ન પ્રથા માટે દુઃખ સહન કરતી સ્ત્રીઓ

ભગવાનદાસ એલ. પટેલ
ટી. વાય., બી. એ.
હરિપુરાકંપા, બાવસર

દુનિયાની દરેક સ્ત્રી અખંડ સૌભાગ્ય મેળવે છે. વિશ્વમાં અનેક માનવ જાતિઓ વસે છે. દરેક જાતિઓમાં લગ્નપ્રથા જુદી જુદી હોય છે. ઘણા પ્રદેશોની એવી પ્રથા હોય છે કે જેથી સ્ત્રીઓને અખંડ સૌભાગ્યવતી બનવા માટે અપાર દુઃખ સહન કરવું પડે છે. અહીં વિશ્વની કેટલીક જાતિઓનું હું વર્ણન કરું છું.

આફ્રિકા:—પૂર્વ આફ્રિકામાં 'ઉડમ્પા' નામની જાતિ વસે છે. આ જાતિમાં એવો ક્રુર રીવાજ છે કે કન્યા ત્યારેજ સૌભાગ્ય મેળવે કે એનું માથું મૂડેલું હોય.

ઉત્તર આફ્રિકામાં સહરા પ્રદેશના કિનારા તરફનાં જંગલોમાં 'ડોમ્બ' નામની જાતિ વસે છે. આ જાતિમાં કન્યા જેમ બને તેમ જાડી હોય તો તે વધુ સૌન્દર્યવાન ગણાય છે. આથી તેમનાં મા-બાપો તેમને જાડી બનાવવા વધુ ખોરાક આપે છે અને ત્યારેજ તે અખંડ સૌભાગ્ય મેળવે છે.

આફ્રિકાની સારસજિંગિ કોમમાં હોઠ કોતરાવવાની પ્રથા આજે પણ ચાલુ છે અને હોઠ પૂરે પૂરા કોતરાયા પછી જ તે અખંડ સૌભાગ્ય મેળવે છે.

ઇન્ડોનેશિયા:—આ પ્રદેશના સૌલદ્વીપમાં 'દંગરા' જાતિ વસે છે. આ જાતિની યુવતી લગ્ન માટે ત્યારે જ લાયક ગણાય છે કે જ્યારે તેના આગલા બે દાંત તોડી પાડવામાં આવ્યા હોય.

કાઠિયાવાડ:—કાઠિયાવાડમાં 'મેમના' તેમજ 'કાવડિયા' ગણાતિ જાતિઓમાં સ્ત્રીઓના કાનમાં અસંખ્ય વાળીઓ લગાવી હોય ત્યારે જ તે સૌભાગ્યવતી ગણાય છે. આ માટે કાનને અનેક વખત કોતરવામાં આવે છે.

ચીન:—ચીનમાં કન્યાઓના નાના પગ બનાવવામાં તેમને નાનપણથી જ લોખંડના જોડા અગર બીજાં સાધનોથી પગને વધતા અટકાવી દેવામાં આવતા. આ રીતે ટૂંકા પગવાળી યુવતિ સૌંદર્યવતી ગણાતી. આજે ચીનમાંથી આ પ્રથા નાબુદ થઇ છે છતાં આજે પણ ટૂંકા પગ વાળી વયોવૃદ્ધ સ્ત્રીઓ જોવા મળે છે.

જીપ્સી:—જીપ્સી લોકોમાં લગ્નપ્રથા બહુજ ક્રૂર છે. આ જાતિમાં વર-કન્યાને પોતાનાજ કાંડાનું લોહી કાઢીને રોટલી સાથે ખવડાવવામાં આવે છે.

ન્યુઝીલેન્ડ:—આ પ્રદેશમાં 'માઓરી' નામની જાતિ વસે છે. માઓરી જાતિની સ્ત્રી ચપ્પુ વડે મુછો ત્રોફાવે તો જ તે લગ્નને લાયક ગણાય છે.

પોલેનેશિયા :— પોલેનેશિયામાં કન્યાના લગ્ન વખતે જાંઘમાંથી લોહી કાઢી લગ્ન વખતે લોહીમાં ભીંજવેલું કપડું પગ આગળ રાખવું પડે છે. આ ક્રુર રીવાજને લીધે સ્ત્રીઓને ઘણું કષ્ટ સહન કરવું પડે છે.

બ્રહ્મદેશ :— આ દેશના ઉત્તર ભાગમાં પકૌંગ નામના સ્થળની સ્ત્રીઓ લાંબી ગર્દન માટે પ્રખ્યાંત છે ત્યાં આ ક્રુર રીવાજ મુજબ કન્યાના ગળામાં નાનપણથી જ પેચદાર ગોળ કડાં નાખવામાં આવે છે. દિનપ્રતિદિન તેમાં કડાં વધારવામાં આવતાં ડોક લાંબી બને છે. આવી લાંબી ડોક ધરાવતી યુવતિ લગ્ન માટે ઉત્તમ ગણાય છે.

બોનિયો :— આ દેશમાં 'પુલનતા' જાતિની સ્ત્રીઓ લાંબા કાન માટે પ્રખ્યાત છે. તેઓ પોતાના કાન લાંબા બનાવવા માટે કન્યાને બાળપણથી જ કાનમાં વજન લટકાવાય છે. આમ આ પ્રદેશમાં સ્ત્રીઓને અપાર દુઃખ સહન કરવું પડે છે.

મલાયા:-આ પ્રદેશમાં મૂળજાતિમાં કન્યા દોડીને હાંફી જાય ત્યાં સુધી હસ્તમેળાપની વિધિ પૂર્ણ થતી નથી.

રાજસ્થાન:-રાજસ્થાનમાં વણઝારાની સ્ત્રીઓને સૌભાગ્ય મેળવવા માટે એના હાથ, પગ માથું અનેક ડીઝાઈનોથી ત્રોફાવવામાં આવે છે. આ માટે સોયથી છીદ્રો પાડીને તેમાં રંગ પૂરવામાં આવે છે. પછી લીંબુનો રસ લગાડવામાં આવે છે. આમ તેઓને પણ દુઃખ સહન કરવું પડે છે.

ગુજરાતમાં વણઝારા ગણાતી કોમમાં સ્ત્રીઓ સૌભાગ્ય પામે તે પહેલા હાથ ઉપર એક પછી એક કાંડાથી માંડીને કોણી સુધી હાથીદાંતની ચુડીઓ લગાવે છે. એ ખાસ સૌભાગ્યનું ચિન્હ ગણાય છે. આ પ્રકારની દુઃખમય ચુડીઓ કાયમ પહેરવી પડે છે.

સુદાન:- સુદાનમાં 'કાપાસોટા' નામની જંગલીજાતિ રહે છે, આ કોમમાં મહિલાઓ ને સૌભાગ્ય વતી થવા માટે હોઠ કોતરાવાની ક્રુર પ્રથા છે. બાળપણથી કન્યાના હોઠ કોતરાવી એમાં વાંસની સળી નાખ્યા બાદ ક્રમશ એમાં સળીનો વધારો કરવામાં આવે છે. આ રીતે હોઠની વચમાંથી લીંબુ પસાર થઇ શકે એવું મોટું છીદ્ર બને છે. આવી કન્યા લગ્ન માટે પ્રથમ પસંદગી પામે છે. આમ આ લોકોને નાનપણથી જ ખૂબ દુઃખ સહન કરવું પડે છે.

આમ આવા કુરિવાજોથી કન્યાઓને ખૂબજ દુઃખ સહન કરવું પડે છે. હજુ વિશ્વમાં એવી જાતિઓ વસે છે. કે જેમની લગ્નપ્રથાનું વર્ણન કરવામાં મને અહીં અચકાવું પડે છે.

આમ આવા કુરિવાજોથી આખું વિશ્વ ભરેલું છે.

ઉપરની આ જાતિઓની લગ્નપ્રથા જોતાં હિંદુ લગ્નપ્રથા બહુજ ઉત્તમ છે આજે પણ ઉત્તમ ગણાય છે. હિંદુ સ્ત્રી ૨૧ વર્ષની થતાં તરત જ લગ્ન ગ્રંથિથી જોડાઈ જાય છે. આમ હિંદુ સમાજની લગ્નપ્રથા ખરેખર ઉત્તમ ગણાય છે.

* ગોઝારો શુક્રવાર

રમેશકુમાર પી. લીંબાણી
સીકંદરાબાદ

શુક્રવારને આપણે "ગોઝારો" કહીએ છીએ કારણ કે શુક્રવારના રોજ ઘણી મહાન વ્યકિતઓ મૃત્યુ પામી છે, જેમાંના થોડા મહાત્માઓના નામ આ પ્રમાણે છે.

નામ	મરણ સ્થળ
ગૌત્તમ બુધ્ધ	કુશીનગર
સંત તુલસીદાસ	કાશી
સ્વામી રામદાસ	પરેલી
હઝરતમહંમદ પયગંબર સાહેબ	મદીના
ઇશુ ખ્રિસ્ત	જેરૂસાલેમ
રાજારામમોહનરાય	બ્રિસ્ટોલ (ઇંગ્લેન્ડ)
સ્વામીવિવેકાનંદ	બેલુરમઠ
ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ	ઝાંસી
લોર્ડ કર્ઝન	ઇંગ્લેન્ડ
જોસેફ સ્ટેલીન	મોસ્કો
દીન બંધુ (સી. એફ. એન્ડ્રુઝ)	કલકત્તા
સર ફિરોજશા મહેતા	મુંબઈ
કવિ દલપતરામ	અમદાવાદ
મોતીલાલ નેહરુ	અલ્લાહાબાદ
રમણ મહર્ષિ	અરૂણાચલમ
અમેરિકાના પ્રમુખ કેનેડી	ટેક્સાસ (અમેરિકા)
સરદાર વલ્લભભાઈ પટેલ	મુંબઈ
ઠક્કર બાપા	ભાવનગર
ગાંધીજી	દિલ્હી

* જાનને યોગ્ય બાતે *

લેખિકા : કુ. વનિતાબેન ડી. પટેલ સાગર (મ. પ્ર.)

૧ સમાચાર પત્ર કા આવિષ્કાર ૧૬૪૦ મેં સર્વપ્રથમ ચીનમેં હુઆ થા, જિસકા નામ ' પેકિંગ ગજટ ' થા.

૨ યુધ્ધો કે ઇતિહાસ મેં યે નયા રિકાર્ડ હૈ, કિ સબસે અધિક ઉંચાઇ પર ચીન ઔર ભારત મેં યુધ્ધ હુઆ થા. ઇસ યુધ્ધ સ્થલ કી ઉંચાઇ ૧૪૦૦૦ ફીટ હૈ,

૩ કનારી ટાપુ નામક સ્થાન પર રોને વાલા પેડ પાયા જાતા હૈ. જિસકા નામ " લારેલ " હૈ

૪ ફાઉન્ટેન પન કા આવિષ્કાર સર્વ પ્રથમ વાટરમેનને સન્ ૧૮૬૪ ઇ. મેં કિયા થા.

૫ ક્રિકેટ કા સબસે પહલા મેચ સન્ ૧૭૨૦ ઈ. મેં ઈંગ્લેંડ મે ખેલા ગયા.

૬ રવિવાર કી છુટ્ટી સન્ ૧૮૪૩ મેં આરમ્ભ હુઈ.

૭ કૈરનિયાં મે એક ઐસા વૃક્ષ હય, જિસકી જડેતને ઉગને કે પહેલે હી ૪૦ ફુટ નીચે ફૈલ જાતી હૈ.

૮ જાપાન મેં એક એસા વૃક્ષ હય જિસસે સુર્યાસ્ત કે બાદ ધુએ નિકલને લગતા હૈ,

૯ વ્હેલ માછલી કી જીભ મેં ૧૧ ટન તેલ નિકલતા હૈં.

૧૦ ન્યુયોર્ક કી એક બીમા કંપની કે પાસ એક ઐસી ઘડી હય જિસકા ડાયલ તીન મંઝીલ મકાન કે બરાબર હૈ.

૧૧ માસ્કો કી હીમ નામી નર્તકી લગાતાર ૨૭૫ ઘંટે ૧૫ મિનિટ તક નાચતી રહીં.

૧૨ અમેરિકા મે નમક કી એક ઝીલ હૈ, જિસમે ગિરને પર આદમી ડૂબતા નહીં હૈ.

૧૩ ડેનમાર્ક મેં કોઇ વ્યક્તિ અશિક્ષિત નહી હૈ.

૧૪ ઘાસ ૪ હજાર ૫ સૌં પ્રકાર કી હોતી હૈ.

૧૫ દરિયાઇ ઘોડે કો જબ ક્રોધ આતા હય, તો ઉસકે શરીરસે લાલ રંગકા, પસીના નિકલતા હૈ.

૧૬ ૧૮૩૦ ઇ. મેં ઇગ્લેંડ ને ભારત કો સર્વ પ્રથમ ડાક ભેજી થી.

૧૭ ભારત કી શ્રીમતિ લીલાવતી ને ' બીજગણિત ' કા આવિષ્કાર કિયા.

માબાપની જવાબદારી

પટેલ વેલજી એલ. મેપાણી
રાયપુર (મ.પ્ર.)

પોતાનાં બાળકો માટે કષ્ટ સહન કરનારાં માબાપોનુંય બાળકો મોટાં થયા પછી માનતાં નથી તેનું કારણ છોકરો હોય કે છોકરી તેને સાચા ધર્મનું શિક્ષણ આપીને ધર્મનિષ્ટ બનાવવા નો પ્રયત્ન આપણે કરતા નથી એજ હોવું જોઇએ માબાપ બાળકો પર પ્રેમ કરે છે. વાત્સલ્યને લીધે તેમને માટે ઘણું સહન કરે છે. અને તેમને સુખી કરવા પ્રયત્ન કરે છે. પ્રેમ અને સહવાસને લીધે જન્મથીજ બાળકોના મનમાં માબાપ વિષે ભાવ ઉત્પન્ન થાય છે. તે વખતે કોઇ કોઇ નો વિયોગ સહન કરી શકતું નથી! પરંતુ બાળકો જેમ જેમ સ્વાધીન થાય છે તેમ તેમ તેમના મનમાં જુદી જુદી સુખેચ્છાઓ જાગૃત થાય છે અને તે માબાપ તરફથી પૂરી થવી શકય નથી. એમ તેમને લાગે છે. ત્યારે એ બધી જયાંથી પુરી થાય એમ તેમને લાગે છે તે તરફ તેનની મનોવૃત્તિ વળે છે. અને માબાપ પ્રત્યેનો ભાવ ઓછો થવા માંડે છે માબાપે પણ બાળકોને કેવળ સુખ આપવા નો પ્રયત્ન કરેલો હોય છે. તેથી બાળકો કેવળ સુખ ભોગી બની ગયેલાં હોય છે.

માબાપને વિષે તેમને જે પ્રેમ હોય છે. તે પણ કેવળ પોતાના સુખને લીધેજ હોય છે, સુખ મળે ત્યાં મમતા બાંધવાની સહજ પ્રવૃત્તિ બાળકોમાં વધેલી હોય છે. તેમાં કર્તવ્યનો કે ધર્મનો અંશ ઘણે ભાગે નથી હોતો કર્તવ્ય ને માટે કષ્ટ પણ સહન કરવાં જોઈએ દુઃખ થાય તો પણ કર્તવ્ય છોડવું ન જોઇએ ધર્મની આગળ સુખની પરવા ન કરવી જોઇએ; અધર્મ કે અન્યાય સહન ન કરતાં એનો પ્રતિકાર માટે બધું સહેવાને તૈયાર રહેવું જોઈએ સારાંશ, આપણે ધર્મ માટે જ જીવવું જોઇએ અને ધર્મ માટે જ સમય આવ્યે મોતને પણ આનંદથી સ્વીકારવું જોઇએ. આવી કેળવણી માબાપે બાળકોને કદી આપેલી નથી હોતી બાળકોને સતત સુખ આપ્યા કરીને તેમણે તેમને કેવળ સુખનાં રસીયાં બનાવેલાં હોય છે. આવી રીતે સુખભોગી બનેલી પ્રજાને જોઇતાં સુખો માબાપ તરફથી મળવાનું અટકી જતાં, જયાંથી તે મળશે એમ તેને લાગે છે એ તરફ તે વળે અને માબાપ ને છોડી જાય તો તેમાં નવાઇ શી? નાનપણમાં માબાપ ને પૂરેપૂરા આધીન રહેલા છોકરાઓ યુવાનીમાં પત્નીને આધીન બનીને માબાપનો ભાવ પણ પૂછતા નથી, તેનું કારણ તેમની સુખલોલુપતા અને ધર્મ શિક્ષણનો અભાવ છે. સુખ કરતાં ધર્મ અને કર્તવ્ય પર પ્રેમ કરવાનું બાળકો ને શીખવવામાં આવેતો આવાં દુઃખદાયી પરિણામ આવવાનો સંભવ નહિ રહે એમ લાગે છે તેથી

પોતાના વાત્સલ્ય ને નિમિત્તે માબાપે પોતાના અને બાળકોના મોહમાં વધારો ન કરતાં બાળકો ને ધર્મની ગળથૂથી પિવરાવી હોય તો બાળકો મોટાં થયા પછી મોહમાં ન પડતાં ધર્મ માર્ગેજ આખું જીવન પસાર કરશે. વાત્સલ્ય દ્વારા માતાપિતા બાળકોને જો આવી જાતના સંસ્કારો આપતાં રહે તો તેમના વાત્સલ્યનું પરિણામ ધર્મને રૂપે બાળકોમાં પ્રગટ થયેલું જણાયા વગર રહેશે. નહીં.

કારણ તે નાનપણમાંજ શીખેલાં હોય છે કે, જીવન ધર્મ માટે છે, પોતે દુઃખ, કષ્ટ, મુશ્કેલીઓ વેઠીને પણ બીજાનાં દુઃખ કષ્ટ અને મુશ્કેલીઓ ઓછાં કરવામાં પ્રવૃત્ત રહેવું જોઇએ અને એમાંજ જીવનનું સાર્થકપણું છે,

---

જીવનની સફળતાનું પગથિયુ

વિઠ્ઠલભાઈ કે. પટેલ
સૈજપુર, અમદાવાદ,

માનવ એ અગણિત શકિતઓનો ભંડાર છે. દરેકે દરેક માનવમાં મહાનતાનાં બી સમાયેલાં છે. માનવ શુ નથી કરી શકતો ? માનવ માટે કોઇપણ કાર્ય અશકય નથી. પરંતુ તે માટે તેનામાં પડેલી અગણિત શુસુપ્ત શકિતઓને વિકસાવવાની જરૂર છે. પોતાના ધ્યેય પાછળ દૃઢ મનોબળ, દૃઢ કર્તવ્ય પરાયણતા અને પ્રબળ મહત્વાકાંક્ષા કેળવવાની જરૂર છે.

એ માટે એક પ્રસંગ વર્ણવું કરિયાણાની દુકાનમાં સામાન્ય હિસાબ કિતાબ રાખવાનું કામ કરતો એક ગરીબ માણસ એક દિવસ ભંગારમાં કાઢેલી કોઇકની ઘરવખરી દોઢ રૂપિયામાં ખરીદી લાવ્યો એ સામાનમાં એક પીપડું પણ હતું એ પીપડામાંથી એને કાયદાનાં બે પુસ્તકો મળી આવ્યાં એ માણસે શિક્ષણતો સામાન્ય જ મેળવ્યું હતું છતાં ખૂબજ ચિવટ પૂર્વક એ પુસ્તકો વાંચ્યાં. પછી એને એમાં એવોતો રસ જાગ્યો કે સમય જતાં એ એક સફળ વકીલ બની ગયો આ શાથી બન્યું ? એના દૃઢ મનોબળ, દૃઢ કર્તવ્ય પારાયણતા અને શુદ્ધ મનની પ્રબળ મહત્વાકાંક્ષાને લીધે. એ માણસ તે બીજો કોઇ નહિ પણ અમેરિકાનો " મહાત્મા લિંકન "

" સડેલા સમાચાર "

શ્રી મણીલાલ અબજીભાઈ પટેલ
તખતગઢ (હડમતિયાકંપા

' રેલ્વેને નડેલો અકસ્માત '
ત્રણ ઘવાયા

ખટપટનગર, તા. ૩૫

દુઃખપુરા નજીક રેલ્વેને એક અકસ્માત થવા પામ્યો છે. કહેવાય છે કે, એક પાડાગાડી રેલ્વે સાથે અથડાતાં ત્રણ મકોડા માર્યા ગયા છે. પાડાને પૂંછડે સખત ઇજા પહોંચી છે ? પાડાને તાત્કાલિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ અંગે બિનજવાબદાર પોલિસે વધુ તપાસ હાથ ધરી છે.

" ટ્રકની ઉઠાંતરી "

ચોરગઢ, તા ૪૨

અમારા એક અકકલ વગરના ખબરપત્રીના જણાવ્યા અનુસાર એક ગોળના રવાથી ભરેલો ટ્રક ઉભો રાખી, ડ્રાયવર હૉટલમાં ચા પીવા ગયેલો, એ દરમ્યાન તકને ઝડપી લઇ બે માથા ભારે મંકોડા કેટલાક ગોળના રવા ઉઠાવીને નાસી ગયા હતા. પોલિસે તપાસ કરતાં ડ્રાયવરને જવાબદાર ઠરાવવામાં આવ્યો છે. વધુ તપાસ ચાલુ છે.

" પરદેશ ગમન "

અભણપુરાના વતની ઢોર વાછરડાલાલ બળદશંકર ચરવાની ઉચ્ચ ડીગ્રી મેળવી આ અંગેના વધુ અભ્યાસ માટે અમદાવાદના રેલ્વે સ્ટેશનથી સાડા બે વાગ્યે વિમાન મારફતે ચીન જવા રવાના થશે.

" છુટા થયા છે. "

અમારા લૂંટણખોરી ખાતામાં કામ કરતા શ્રી ગૂંડાભાઇ ડોબાભાઈ વાયડા ગઇ હોઢમી તારીખથી અમને ગોટાળામાં નાખી છુટા થયા છે. તેમની સાથે અમારા નામથી કોઇએ કોઈપણ જાતની માથાકૂટ કરવી નહીં છતાં કોઇ કરશે તો માથાફોડ અંગે અમે જવાબદાર નથી.

માલિક :— લૂંટણખોરી ખાતું,
જડબાકલાસ, ગરબડનગર

* ભજન *

કુંવરજીભાઇ પ્રેમજીભાઇ પટેલ
મોડાસા

એરે મારગડા જોવા કબીર કહે, એરે મારગડા જોવારે
૧ ઇંટો પડાવી મંદીર બનાવ્યાં, અનેક શાંત પધરાવ્યારે.
આદ્ય શાંતનકી ખબર ન પડી ત્યારે, પુજાઓ કરીકરી મૂઆ; ...કબીર કહે
૨ મંદીર પડાવી મસ્જીદ બનાવી, અનેક પીર મેં તો જોયારે.
આદ્ય પીરનકી ખબર નપડી ત્યારે બાંગો પાડી પાડી મૂઆ....કબીર કહે
૩ કાન ફડાવી કુંડળ પહેર્યા અનેક જોગીમેં તો જોયારે,
આદ્ય જોગનકી ખબર નપડી ત્યારે ભભૂતી ચોળી ચોળી મૂઆ,...કબીર કહે
૪ હાઉ હાઉ કરીને ડાકલાં વાગે, ભેદ ન જાણે ભોળા ભૂવારે
કહત કબીર સાહેબ સૂનો મેરે સાધુ હાથીઓ જોઇ જોઇ મૂઆ,...કબીર કહે

● શું તમે જાણો છો ? ●

સંકલન :- રમિલાબેન રામજીભાઈ પટેલ
સાણંદ

(૧) ન્યુઝીલેન્ડના વેલિંગ્ટન નામના શહેરમાં વધુમાં વધુ પવન વાય છે.
(૨) દુનિયામાં કદી કોઇની સાથે યુદ્ધમાં ન ઉતરી હોય તેવી જાતિ એસ્કિમો છે.
(૩) હાથ મિલાવવાનો રિવાજ યહુદી લોકોએ શોધેલો.
(૪) દુનિયામાં ઠંડામાં ઠંડુ સ્થળ મધ્ય સાઇબીરીયામાં આવેલું છે.
(૫) શહેનશાહ નેપોલિયનનો જન્મ લગ્ન, લડાઇમાં વિજય તથા મૃત્યુ થયાં શુક્રવારે જ
(૬) મુંબઈ સમાચાર માત્ર ગુજરાતનું જ નહિં. પણ ભારતભરનું જૂનામાં જૂનું વર્તમાનપત્ર ગણાય છે.

* થોડું વિચારો *

(૧) ઇશ્વરે જગતમાં અમૂલ્યમાં અમૂલ્ય ધન આપ્યું હોય તો તે "માતૃ સ્નેહ" છે,
(૨) જીવનરૂપી બાગમાં "મૈત્રી" એ સૌથી સુંદર પુષ્પ છે.
(૩) મૃત્યુ એ માત્ર જીવનનો અંત જ નહિં "નવજીવન" ની શરૂઆત પણ છે.
(૪) "ગરીબાઈ" ગર્વ લેવા જેવી ચીજ ખરી, પણ અનુભવવા જેવી તો નથી જ.
(૫) "કરકસર" એ ગરીબ માણસની ટંકશાળ છે.
(૬) વિદ્યાજ્ઞાન વગરનો માણસ પશુ સમાન છે,
(૭) અતિ કલ્પનાથી જીવન નષ્ટ થાય છે.

માબાપ સંજીવની

પટેલ પુરસોત્તમભાઇ
જગદલપુર

૧ જેમનાં માબાપ જીવતાં હોય તેમણે સૌથી પહેલાં વંદન તેમને જ કરવાં.
૨ માબાપ જ પ્રત્યક્ષ પરમાત્મા છે
૩ પણ આજનો બહુ ભણેલો માનવ તો માબાપને પગે લાગતાં શરમાય છે.
૪ એ કરતાં તો, એને ભણાવ્યો જ ન હોય તો કેવું સારૂં.
૫ જેમનાં માબાપ જીવતાં ન હોય તેમણે તેમને મનથી વંદન કર્યા પછી જ બીજુ કામ આચરવું.
૬ પરમાત્માની અવગણના કરનારની પૂજા પ્રભુ સ્વીકારતા નથી
૭ જયાં આચાર વિચારની વિશુદ્ધિ છે ત્યાંજ ભકિતની પરિપુષ્ટિ છે

સુવાકયો

: સંકલન :

મોહનલાલ રામજીભાઇ પટેલ સાણંદ

૧ અમીર અને ગરીબનો ફર્ક કેટલો નાજુક છે ! એકજ દિવસની ભૂખ અને એકજ કલાકની તરસ બંનેને એકજ સ્થિતિમાં લાવી મૂકે છે.

૨ જેમ સારા રસોને ચાખવા છતાં કાગડાને ગંદકીથી જ તૃપ્તિ થાય છે, તેમ કેટલાક માણસોને માત્ર નિંદા કરવામાં જ આનંદ આવતો હોય છે.

૩ કોઇ પણ વ્યકિત એટલી ધનિક તો નથી જ, કે જે પાડોશી વિના કામ ચલાવી શકે.

૪ નામનું મહત્વ શું ? જેને આપણે 'ગુલાબ' કહીને સંબોધીએ છીએ, તે બીજા કોઇ નામે સુગંધ તો આપશે જ.

૫ નિંદ્રા એક એવો અથાગ સાગર છે. જેમાં આપણે આપણાં સર્વ દુઃખોને ડૂબાડી દઇએ છીએ.

વૈજ્ઞાનિક શોધ અને શોધક

કાન્તિલાલ પટેલ
ગોટાડીલાટ

	શોધ	શોધક
૧	ટેલીફોન	એલેકઝાન્ડર બેલ
૨	ગ્રામોફોન	એડીસન
૩	ડાયનેમો	ફેરેડે માઇકલ
૪	ગુરુત્વાકર્ષણ નિયમ	ન્યુટન
૫	રેડીયો	માર્કોની
૬	ટેલીવીઝન	બેર્ડ
૭	ઘડીયાળ	ક્રીસ્ટ એન્ડ હાઇગન્સ
૮	મોટરકાર	સંગફ્રીડ
૯	વિમાન	રાઇટ બ્રધર્સ
૧૦	રેડિયમ	મેડમ કયુરી
૧૧	વાયરલેસ	માર્કોની
૧૨	રામનકિરણ	રામન
૧૩	ઓકિસજન	પ્રિસ્ટરી
૧૪	દૂરબીન	ગેલેલીયો
૧૫	સબમરીન	નોર્વેલ્ડ
૧૬	ફાઉન્ટનપેન	વોટરમેન
૧૭	સિવવાનો સંચો	ઈલીયાસ
૧૮	ટેલીગ્રાફ	સેમ્યુઅલ ફ્રોક્ષ
૧૯	ચશ્માં	એલેકઝાન્ડર
૨૦	છત્રી	સેમ્યુઅલ ફ્રોક્ષ
૨૧	ફોસ્ફરસ	બ્રાન્ડ
૨૨	જર્મનસીલ્વર	ગ્રિટનર
૨૩	તરતા પદાર્થનો નિયમ	આર્કિમિડિસ
૨૪	રેડિયો એક્ટિવિટી	ફર્મી

* મંદિરમાં દર્શને જતાં *

રતનશીભાઇ ગોપાલભાઇ
વડનગર

આપણું શરીર એજ મંદિર છે. શરીરમાં રહેલો જીવ પરમાત્મા છે. આ જીવરૂપી પરમાત્માને ઓળખવાનો પ્રયત્ન કરો તોજ પરમાત્માનાં દર્શન થશે. પરમાત્માનાં દર્શન એ ભગવાનના ચોવીસ અવતારોનાં દર્શન છે. જે જીવે જગતને ઉગારવા પૃથ્વી પર ચોવીસ સ્વરૂપે અવતાર ધારણ કર્યા. આ જીવને આપણે પરમાત્મા તરીકે અપનાવ્યો છે. પરમાત્મા શબ્દમાં પ્રભુના ચોવીસ અવતારનો સરવાળો રહેલ છે. (૫ એટલે પાંચ) ૨ (બે) મા સાડાચાર) ૮ (આઠ) મા (સાડાચાર) પરમાત્માનાં દર્શન કરવા માનવી મંદિરે જાય છેઃ મંદિરે જાઓ ત્યારે મોં નીચું કરીને જજો નજર નીચે હશે તો આગળ ખાડા ટેકરાનો અનુભવ થશે, ગબડશો નહિ. નજર આડી અવળી ફેરવતા જશો તો આગળ શું છે એ ખબર નહિ પડે. ગબડી પડશો મંદિરમાં આડું અવળું જોસો તો તમારી નજર સ્ત્રી જાતિ ઉપર પડશે તમારી આંખો ઝેરી બનશે, આંખોમાં વિકાર જાગસે પરિણામે જીવનમાં રાહ પરથી ગબડી પડશો. રસ્તામાં ગબડતાં કદાચ તમે વ્યવસ્થિત ઊભા થઇ શકસો પણ જીવનમાં જો ગબડી પડાયું તો બેઠા થવા શકિતમાન નહિ રહો. મંદિરમાં દર્શનનો આનંદ એને જ મળે છે કે જે આંધળો થઈ મંદિરે જાય છે મંદિરમાં સ્ત્રી પુરૂષો લક્ષ્મી અને નારાયણ રૂપે જુઓ કેટલાક મદિરે ભગવાન પાસે કંઈક માગે છે પ્રભુ મારૂ આટલું. કામ કરજો ભગવાન કંઇ તમારો નોકર થોડોજ છે. ભગવાન પાસે માગવાની અપેક્ષા રાખવી એ મહાન ગુનો છે. ભાગવતમાં કહ્યું છે કે નિત્ય ભગવાન પાસે માગનારનો બીજો જન્મ શુદ્ર જાતિમાં ભિખારીનો થાય છે મંદિરમાં કોઈની જોડે બોલવું એ પણ પાપ છે ઘણાં તો આખા ગામની ચર્ચા સાંભળવા જ મંદિરમાં આવે છે. મંદિરમાં બીજાઓની વાતો કે નિંદા કરવી એના જેવું બીજુ કોઇ પાપ નથી. દર્શન કરી બહાર નીકળો ત્યારે તમારી નજર જેના ઉપર પડે તેને ઈશ્વર રૂપ માનો તોજ દર્શન સાર્થક થયાં કહેવાશે. દર્શન કરવાથી થોડી શાંતિ મળે છે. તેના કરતાં પ્રત્યેક માનવીમાં પરમાત્માના દર્શન કરવાથી વધારે શાંતિ મળે છે. કેટલાક મંદિરે એક જગ્યાએ બેસી માળા ફેરવે છે. મંદિરમાં માળા ફેરવવી એ ખોટું નથી પણ માળા ફેરવતાં ઉંઘવું એ મહાન પાપ છેઃ ઉપનિષદમાં કહ્યું છે કે કોઇપણ દેવસ્થાને જતાં ત્યાં ઉંઘે એનો બીજો જન્મ

કૂતરાંનો થાય છે. દર્શન કરવાથી જ્ઞાન ભક્તિ અને વૈરાગ્ય પ્રાપ્ત થશે ભક્તિ જેના લીધે આપણામાં રહેલા વાસના અને વિકારનો નાશ થસે ભક્તિ તેના બે પુત્રો જ્ઞાન અને વૈરાગ્યને જન્મ આપશે. આ બન્ને ભાઇ તેના મહાન શત્રુ વાસના અને વિકારને મારશે. માટે પરમાત્માની અનન્ય ભક્તિ કરો એકચિત્તે ધ્યાન ધરો એકચિત્તે ધ્યાન ધરવું એટલે આંખો સામે જો શ્રીકૃષ્ણની મૂર્તિ હોય તો સાક્ષાત પ્રભુ વાંસળી વગાડે છે એવું સ્વરૂપ આંખો સામે ઉપસ્થિત કરો, રામની મૂર્તિ હોય તો વાસો ધનુષ્યબાણને લઇને મારી સામે ઊભા છે એવું સ્વરૂપ પેદા કરો આ વખતે તમારા દૂશ્મનો વાસના અને વિકાર તમારી ભક્તિમાં અવરોધ ઊભા કરશે પણ તેનો સામનો કરો સતત જપ જપ્યા કરો પા કલાક, અડધો કલાક, પોણો કલાક કે કલાક લગી તમારૂ મન એક ચિત્ત થશે આ વખતે તમારી પરમાત્માની ભક્તિ એટલી તીવ્ર થશે કે તમે જાણે પ્રભુનાં સાક્ષાત દર્શન કર્યાં. આને જ સાચી ભક્તિ અને પ્રભુ દર્શન કહેવાય પછી મન શુધ્ધ થશે, મન શુધ્ધ થશે તો તન શુદ્ધ થશે અને તન શુધ્ધ થશે તો નામ શુધ્ધ થશે, નામ શુધ્ધ થશે તો જગત તમારા તરફ આકર્ષાશે તમારૂ જીવતર સુધરશે મનુષ્ય તેના દીકરાનું નામ રામ, કૃષ્ણ કે ભગવાન રાખે છે. કોઇ રાવણનું નામ રાખતું નથી. તનને શુધ્ધ કરવા સ્નાન કરવાની જરૂરત છે, ધનને શુધ્ધ કરવા દાન કરવાની જરૂરત છે, તેમ મનને શુધ્ધ કરવા ભક્તિની જરૂર છે ભગવાનનાં દર્શન ભાવનાશીલ માનવીને જ થાય છે. ઘરમાં રહીને પરમાત્માનાં દર્શન થઇ શકશે નહિ. ઘરમાં પરમાત્માના સ્વરૂપમાં એક મગ્ન થશો ત્યારે શ્રીમતિની બુમ આવશે; બાબાને સંભાળજે હું જરા બહાર જાઉં છું. પરિણામે ઠાકોરજીમાં મન પરોવાશે નહિ. દર્શનના બે પ્રકાર છે. ૧. પરોક્ષ દર્શન ૨. અપરોક્ષ દર્શન પરોક્ષ દર્શનને માનનારો માનવી સિર્ફ મૂર્તિપૂજાને જ માનનારો છે. તે માને છે કે કેવળ મંદિરમાં બેસાડેલી મૂર્તિમાંજ ભગવાન છે ભગવાન બીજે ક્યાંય નથી તે કેવળ પૂજાને જ માને છે. જ્યારે અપરોક્ષ દર્શન કરવાવાળો માને છે કે અગર જંગલમાં ઊભેલા ઝાડની સેવા કરો તો તેમાં પણ પ્રભુ દર્શન આપશે. ઇશ્વરે જગતના દરેકે દરેક પદાર્થમાં વાસ કરેલો છે, કેવળ તેની સેવા કરી, ભક્તિ કરી ને પ્રભુ દર્શન કરી શકાય છે. પૂજા અને સેવામાં પૂજા ગૌણ છે સેવા ઉત્તમ છે.

(પૂ૦ ડોંગરેજી મહારાજના ભાગવત્ પ્રવચનમાંથી)

છે.... છે.... અને.....નથી.....નથી

ચંદુલાલ આર. પટેલ
તખતગઢ (હાલમાં વ્યારા)

ચારે બાજુ અમાસનો અંધકાર છે અસહ્ય મોંઘવારી છે. દશેય દિશાઓમાં અસંતોષનો દાવાનળ છે નિશાળ અને કોલેજોમાં વિદ્યાર્થીઓની અશિસ્ત છે. ચૂંટણીઓમાં કોલાહલ છે ટેલેન્ટ ઈવનીંગમાં છેડતીઓ છે. પરીક્ષાઓમાં ચોરીઓ છે. પેપર ફોડવામાં લાંચો છે માર્કસ મૂકવામાં બેટ સોગાદો છે નોકરી મેળવવામાં લાગવગો છે ચિઠ્ઠી ચપાટીઓ છે સોદાબાજીઓ છે. પ્રમોશન મેળવવામાં અધિકારીઓની ખુશામતો છે તેને ખુશ કરવા મોકલાતી કોલેજ ગર્લ્સ છે. વેપારમાં ચોરીઓ છે. ઓછા અને હલકા માલો છે. ખોટાં પત્રકો છે. બે નંબરી ચોપડાઓ છે. ધોળી વસ્તુનાંયે કાળાં નાણાં છે થોડા દૂધમાં ઝાઝું પાણી છે સિંગતેલમાં સિંગતેલ સિવાયનું બધુ જ છે. વેજીટેબલ ઘીમાંયે ભેળસેળ છે.

મંદિરમાંયે ધર્મ સિવાયની બધી વાતો છે. સિનેમામાં પ્રાર્થનાઓ છે ભગતોના ચેનચાળા છે. ભાવિક સ્ત્રી પુરૂષોના ઇશારા છે. ભગવાનના ખોટા શ્રૃંગારો છે ભક્તિના ખોટા દેખાવો છે. પૂર રાહતના પૈસામાંથી યે દારૂ ખરીદતા દારૂડીયાઓ છે પરસેવાની મજુરીના પૈસાનીયે કટકી કરી જતા ફીચરીયાઓ છે. બહેનને ચોરી બનાવત. અને બારીતે બહેન બનાવતા જીવતુ માંસ વેચતા દલાલો છે. જાજરૂઓને પણ તાળાં છે. સ્મશાન માંયે લાકડાના ભાવ અંગે મારામારીઓ છે......અરે, આટઆટલું હોવા છતાં આપણે કહીએ છીએ કે કાંઇ જ નથી ? ખરેખર આપણે ખોટા છીએ ??

નથી......નથી

રેશનીંગની દુકાને જાઓ, બોર્ડ લટકે છે અનાજ નથી ખાંડ નથી. તેલ વાળાને પૂછો તો કહેશે કે તેલ નથી દૂધની ડેરીએ જાઓ તોએ દૂધ નથી. બસમાં ચડવા જાઓ તો કંડક્ટર કહેશે કે જગ્યા નથી બસ ચાલુ હોય અને પંક્ચર પડે તો ડ્રાઇવર કહેશે કે ઉતરી જાઓ બીજાં ટાયર નથી. સ્કૂટર લઇને પેટ્રોલ પંપ પર જાઓ તો જવાબ મળશે પેટ્રોલ નથી.

શાળામાં બાળકને દાખલ કરવા જાઓ તો જવાબ મળશે કે જગ્યા નથી. નોકરી શોધવા કોઇ ઓફિસે જાઓ તો નોટિસ લટકે છે ખાલી જગા નથી સિનેમા જોવા જાઓ તો ટિકિટ નથી, રેલ્વેમાં સીટ રિઝર્વડ કરાવવા જાઓ તો રિઝર્વેશન નથી. ઘરમાં પંખો ચાલુ કરવા સ્વીચ દાબો તો પાવર નથી પાવર હાઉસમાં ફોન કરવા રીસીવર ઉપાડો તો ખબર પડે કે ફોન ચાલુ નથી. પોલિસને ફરિયાદ કરવા જાઓ જાણ થાય કે પોલિસ નથી ત્યારે પ્રધાનને ફરિયાદ કરવા જાઓ ત્યારે પટાવાળો જવાબ આપશે સાહેબ નથી.

મંદિરમાં દર્શન કરવા જાઓ ત્યારે દ્વાર બંધ થઇ જાય અને પૂજારી કહેશે અત્યારે દર્શન નથી આ બધાંથી કંટાળીને છેવટે સ્મશાનમાં મરવા જાઓ તો કહેશે કે થોભો જાઓ અત્યારે લાકડાં નથી...અરે આટઆટલું નથી છતાંય આપણે કહીએ છીએ કે દેશ પ્રગતિના પંથે જઇ રહ્યો છે ? ખરેખર આપણેય ખોટા નથી. ?

---

* અભિનવ લક્ષણ *

છગન ડી. પટેલ
(સેકન્ડ એમ. બી; બી. એસ)
ન્યુ સિવિલ હોસ્પીટલ અમદાવાદ

૧ જો કોઈ ગ્રેજયુએટ દરરોજ લાયબ્રેરીમાં છાપું વાંચવા જતો હોય તો સમજવું કે તે નોકરીની શોધમાં છે.

૨ છોકરી જો ચીલાચાલુ પહેરવેશ પહેરતી હોય તો અવશ્ય જાણવું કે તેનો અભ્યાસ એસ. એસ. સી. થી ઓછો જ છે.

૩ કોઇ ભાઈ સોગંદ ખાઇને જ વાતની શરૂઆત કરે તો સમજવું કે ભાઈશ્રીની વાત તદ્દન ગપ્પું જ છે.

૪ જો કોઈ પુરુષ સ્ત્રીજાત પર તિરસ્કાર કરે તો સમજી લેવું કે તે પ્રેમમાં નિષ્ફળ ગયા છે.

૫ પત્ની પીરસતી હોય છતાં પણ ભાઇશ્રીને ખાવાનું ભાવતુ ન હોય તો કલ્પી લેવું કે ભાઇને તેમની વહુ પ્રસંદ નથી.

" ભજન "

કરસન વી. પટેલ (જાળવાળા)
(ન્યુદીલ્હી)

ટેક:— હે...જીવલડા જીવવું થોડું. મરણ મોટેરો માર,
જમડા આવશે જીવ લેવા, ત્યારે છોડી જાવું ઘરબાર...જીવલડા...
૧ મારૂ મારૂ કરી મથ્યો, રઝળ્યો દિન અને રાત;
અંત કાળે તને એકલા જવું, કોઇના ચાલે સંગાથ...જીવલડા ..
૨ બચપણું તારૂ ખબર વિના ગયુ, જવાની તારી થઇ દીવાની;
ઘડપણમાં હવે શું શોધે છે; માળા ફેર હરિના નામની...જીવલડા...
૩ દેશ પરદેશથી ફરી ઘેર આવ્યો, શું લેઇ આવ્યો કમાઇ;
માતાએ તારાં ઓવારણાં લીધા; ત્રિયા તારી રિસાઇ...જીવલડા...
૪ જુઠા જગની જુદી માયા, જુઠો જગ સંસાર;
હૈયે રાખતું હેત હરિના, આવ્યાને સત્કાર...જીવલડા...
૫ પ્રભુની સાથે પ્રીત લગાડી, છોડી દે માયાઝાળ,
'કરસન' કહે તારે સામે આવી, ઊભો રહેશે કાળ...જીવલડા...

* મોંઘવારી *

પરસોત્તમ કે. ચોપડા
મુ. અદાપુરકંપા

મોંઘવારી મોંઘવારી આતે કેવી મોંઘવારી રે,
હવે લોકો ગયા છે હારી આતે કેવી મોંઘવારી રે,
સારા દાણા પેલા નાણાંવાળા ખાય છે,
પરદેશી ઘઉં બીજા લોકમાં અપાય છે;
જાર બાજરાને આવી છે બીમારી...આતે કેવી...

ચોખાને ખાંડ ગયાં કાળા બજારમાં,
ઉછાળો આવી ગયો તેલના વેપારમાં;
એને મેળવવા થાય હાડમારી...આતે કેવી...

ભેંસોનાં દુધ પેલા ડેરી વાળા લઇ ગયા,
ગોળીને રવૈયાઓ ગામડેથી વહી ગયા;
ભાવ ડાલડાના વધી ગયા ભારી...આતે કેવી...

ભેળસેળ વિના કોઇ ચીજના જણાય છે,
સત્યનો સુરજ હવે અસ્તાચળ થાય છે;
હાય ! માનવતા આજ પરવારી...આતે કેવી...

ઓછી આવક જેને લાંબો પરાવાર છે,
એવા બિચારાને દુઃખ પરાવાર છે;
બધે વધવા માંડી છે. બેકારી...આતે કેવી...

લાંચિયાની ચાંચમાં તો લાલચુ ફસાય છે,
કોણ શાહુકાર ? કોણ ચોર ? ના જણાય છે;
તક શોધે કમાવા વેપારી...આતે...કેવી...

ફિલ્મને ફેશન એ ફાલતાં દેખાય છે.
હિંદનું " ભગવાન ? " હવે ભાવી બદલાય છે;
કોણ જાણે ? કોને છે. આભારી...આતે કેવી...

" ફેશન કી કયા બાત કરું "

રચયિતા : **શામજીભાઇ લધાભાઈ પટેલ** બી. કોમ. વિગોડી

ફેશન કી કયા બાત કરું, જબ બાત ફેશન બન જાતી હૈં;
ફેશન કે ઇસ યુગ મહીં, ન યાદ પૂરાની આતી હૈ..........૧
કમ વસ્ત્ર પહનકર નારી, આનંદ અપના મનાતી હૈ:
પુરુષોંકો આકર્ષિત કરનેમેં, પ્રેમ અપના દિખલાતી હૈ..........૨
નગ્ન હોકર નૃત્ય કરનેમેં, ગર્વ કલાકા પાતી હૈ;
ભારતીય નારી કો, ઝાંસી, સીતા કી, યાદ અભી ન આતી હૈ..........૩
ગૈર સે ફેશન શુરૂ હોતી વહ, શિર પર પહુંચ જાતી હૈં;
ઉઠી હુઈ ચપ્પલ નારી કો, હેર-સલુન મેં પહુંચાતી હૈ..........૪
લડકોં કયા દેખતે રહે, જબ લડકીયાં નહીં શરમાતી હૈ;
સલૂન સે બીડ઼ા લે લેને કી, શર્મ ઉસે સમજાતી હૈં..........૫
'તેરો' સે 'એલઍટમ' હુઇ, ઔર 'એલિફન્ટ' સી હો જાતી હૈ;
બઢી ન એટમ માનવ જ્ઞાન કી, જો ફેશન મેં સંકુચાતી હૈ..........૬
લજ્જા શર્મ અબ રહી નહીં હૈ, હિપ્પી બનકર ઘૂમનેમેં;
આનંદ મિલતા હૈ નાચરંગ ઔર, શરાબ પીકર ઝુમનેમેં ૭
ફેશન કે જમાનેમેં, ફેશન કી હી બોલબાલા હૈ;
કૌન જાન શકતા હૈ કિ, કલ કયા હોનેવાલા હૈ..........૮
કુછ ભી કરો, કયા ભી કરો, પર એક દિન પ્રભુ દ્વાર જાના હૈ;
ઇશ્વર સબકે કર્તા હૈ, વહ 'શ્યામ' કહે ન ભૂલ જાના હૈ-........૯

※ " શ્રધ્ધા " ※

શામજીભાઇ એસ. પટેલ
(દરશડીવાળા)

આજે વિજ્ઞાન ઝડપથી આગળ વધી રહ્યું છે. તો બુદ્ધિ કામ કરશેજ જ્યાં બુદ્ધિનું કામ છે ત્યાં બુદ્ધિ ચાલવી જોઇએ પરતુ જ્યાં બુદ્ધિની મર્યાદા આવી જાએ છે. ત્યાં શ્રધ્ધાની જરૂર છે જ્યાં સુધી બુદ્ધિ ચાલતી હોય ત્યાં સુધી શ્રધ્ધાને વચ્ચે લાવવી એ ભૂલ છે.

આંખના ક્ષેત્રમાં કાનને પૂછવું તે ખોટું છે અને કાનના ક્ષેત્રમાં આંખને પૂછવું તે ખોટું છે. ધ્વનિ કેવો છે. તે તો કાનજ બતાવશે. તેવીજ રીતે 'બુદ્ધિ' અને 'શ્રધ્ધા'ના વિષય અલગ અલગ છે. બુદ્ધિના વિષયમાં શ્રધ્ધા માથું મારે છે. તો તે ખોટું છે. તેવીજ રીતે શ્રધ્ધાના વિષયમાં બુદ્ધિ પ્રવેશીજ ન શકે ત્યાં તેની મર્યાદા આવી જાય છે.

ચમત્કારોમાં પણ એવું જ છે. તેનું પરિક્ષણ અને નિરીક્ષણ કરતાં એમાં જે ગુણ વિકાસ જન્ય હોય છે, એજ સાચા હોય છે. બાકી બધા કાલ્પનિક હોય છે. ચાબુક મારવામાં આવી હતી ભેંસને પણ તેના સોળ ઊઠયા જ્ઞાન દેવની પીઠ પર આ બિના કરૂણામૂલક હતી કરૂણાના કારણે જ્ઞાન દેવના ચિત્રને ભેંસના ચિત્ત સાથે એટલી એકરૂપતા થઈ ગઇ કે એની એમના પર અસર થઇ. પરંતુ એક દીવાલ હતી. જ્ઞાનદેવ એની પર બેઠા અને દીવાલ ચાલવા લાગી આ કોઇના ગળે ઉતરે તેવું નથી દીવાલપર બેસીને ચાલવામાં શો ચમત્કાર ? આવો વાર્તાનું કયારેય આકર્ષણ થવું ન જોઇએ કોઇ વાઘ પર બેસીને આવે તેમાં થોડું આકર્ષણ થઇ શકે કારણકે વાઘને વશ કરવાથી એમ થઇ શકે છે.

આવા જે ચમત્કારો થાય છે. એના કરતાં ઘણા વધારે ચમત્કાર તો વિજ્ઞાને કર્યા છે. તટસ્થ દ્રષ્ટિથી જોવામાં આવે તો એ વિલક્ષણ ચમત્કાર છે કે કોઇ દિલ્હીમાં બોલે છે અને આપણે એને અહીં સાંભળીએ છીએ અને જોઇ પણ શકીશું. દુનિયામાં શકિતઓજ કામ કરે છે આપણે જાણીએ છીએ કે દુનિયામાં એક વ્યવસ્થા છે અને તે અનુસારજ બધુ થાય છે.

કેટલાક લોકો એવા પણ છે કે ભૂત, ભવિષ્ય અને વર્તમાન બતાવે છે. કેટલાક કુંડળી પર વિશ્વાસ રાખે છે. પરંતુ ઇશ્વર પર નથી રાખતા. આવા લોકોજ દુનિયામાં આસ્તિક કહેવાય છે હકીકતમાં તેઓ ઢોંગી, લોભી અને આસકત હોય છે.

એવા લોકો બીજાઓના ચિત્તપર અસર કરે છે. જેથી એવાઓથી આપણા ચિત્તને અળગું રાખવું એજ ઉચિત છે.

દૈવિ ચમત્કારોના પ્રભાવે સમાજમાં એક અંધશ્રધ્ધા ખીલતી રહી, અને એના કારણે ધર્મક્ષેત્રે કેટલાંક અનિષ્ટ તત્વો પણ વેધક વાણી અને ક્રાંતિકારી વિચારોના ઓઠા નીચે પોષાતાં રહ્યાં અને તેમાં મોટા મોટા ઉદ્યોગપતિઓ બુદ્ધિજીવીઓ અને અધિકારીઓ પણ તેવાઓની જાળમાં ફસાતાં બચી શકયા નથી.

એવા ચમત્કારી બાવાઓનો આ દાયકામાં રાફડો ફાટયો છે. સત્ય સાંઇબાબા, આચાર્ય રજનીશ ઉપરાંત છેલ્લે છેલ્લે કલકત્તાના દાદાજી એ તો ભલભલાને પ્રભાવિત કર્યા છે. અને છેલ્લે એવું પણ બન્યું છે કે પોતાની એક અનુયાયી મહિલાની તમામ મિલ્કત પોતાના નામે કરી લેવાના કપટ માટે ત્યાંની પોલીસે આ દાદાજીની ધરપકડ કરી આની સંપૂર્ણ વિગત ચીત્રલેખાના ૭-૧-૭૪ ના અંકમાં જોવા મળશે.

અસ્તુ

* સમાજના પ્રાણપ્રશ્નો *

રતિલાલ દેવસીભાઈ પટેલ
" વિલયો " અમદાવાદ

શિર્ષક વાંચતાં જ આપ વળતો સવાલ પણ કરશો કે સમાજ પાસે અનેક પ્રશ્નો હોય કેટલીક વાર એકનું નિરાકરણ કરવા જતાં બીજા અનેક સવાલો ઉદ્ભવતા હોય છે. સમજને તેનું સ્વસ્થ ચિત્ત મનન કરી નિવારણ લાવવું પડે છે, તે પણ સંપૂર્ણપણે તટસ્થપૂર્વક. એક વાત સ્પષ્ટ છે કે સમાજની કોઇ પણ પ્રવૃત્તિ એવી ન હોવી જોઇએ કે જેનાથી અપયશ મળે.

અંધારામાંથી અજવાળા સુધી લઇ જતા પ્રશ્નો હોય છે. જયારે બીજા એવા પણ પ્રશ્નો હોય છે કે જે આછેરા અજવાળામાંથી પ્રકાશિત તેજપૂંજ તરફ દોરી જતા હોય છે, સમાજ પાસે ઉજળાં પાસાંના પ્રાણપ્રશ્નો હોય છે. જેમાં પ્રગતિ કરવાની હજુ બાકી છે. જયારે નબળા પાસાંના પ્રશ્નોનો પણ ખડકલો થતો હોય છે. જેમાંથી સમાજને અધોગતિમાંથી ઉન્નતિ માટે પ્રગતિ કરવાની હોય છે.

તેમાંય આપણો સમાજ તો હજુ હમણાં જ પ્રગતિ તરફ પ્રયાણ કરી રહ્યો છે. એટલે સમાજ પાસે ઘણાય પ્રશ્નો હોય.

પ્રથમ તો ખૂબ જ પાયાનો તેમજ મહત્વનો પ્રશ્ન કેળવણીનો છે જેની ખાસ જરૂર છે આજના અણુયુગમાં વસતા માનવીને તેમાંય આજની અર્થવ્યવસ્થા તેમજ વ્યવહાર, એટલો બધો સુક્ષ્મ અને પાતળો છે. જેમાં લેશમાત્ર શિક્ષણ વિના ચાલે તેમ નથી મારૂ માનવું છે કે આપણા સમાજમાં છેલ્લાં પાંચેક વર્ષથી શિક્ષણનું પ્રમાણ સારૂં એવુ વધ્યું છે. પરંતુ આટલાથી સંતોષ માનવો હિતકારક નથી અહીં હું જરૂર કહીશ કે કંપાના વિદ્યાર્થીઓએ જેટલી પ્રગતિ કરી છે. એટલી પ્રગતિ શહેરના વિદ્યાર્થીઓએ બતાવવાનો રસ દાખવ્યો નથી.

સાથે સાથે એ પણ કહેવાનું ભૂલીશ નહીં કે આપણે કન્યા કેળવણી પ્રત્યે ઓરમાયું વર્તન બતાવ્યું છે એમાં શંકા અસ્થાને છે. જો કે કન્યા કેળવણી ક્ષેત્રે ઠીક ઠીક પ્રગતિ કરી છે. પરંતુ એ પ્રગતિ ખૂબ જ વામણી ગણી શકાય પ્રગતિ છતાંય સંતોષ કારક પરિણામની રાહ જોવી પડે આપણે પુત્રને વધુ ભણાવીએ છીએ જ્યારે પુત્રીને ઓછું. તે પણ ધ્યાન આપીને નહીં. પરંતુ આપણે કેટલી બધી ભૂલ કરી રહ્યા છીએ એ આપણા ધ્યાન બહાર નહીં હોય સમાજની પ્રગતિનો આધાર સ્થંભ તરીકે કન્યા કેળવણી કહીએ તો તેમાં જરાય ખોટું નથી માતા સંતાનોને સુસંસ્કાર સ્વચ્છ અને ઉચ્ચ આદર્શ ત્યારે જ આપી શકે જ્યારે માતાએ કેળવણી લીધી હોય. જીવન જીવવાની રીતમાં સુશિક્ષિત માતા ઘણો મોટો ફાળો આપી શકે છે. કન્યા કેળવણીની બાબતમાં આપણી ઉદાસીનતા સમાજની પ્રગતિની અવરોધક બની ન રહે તે જોવાની આપણી ફરજ છે.

અહીં એક સૂચન કરૂ તો અસ્થાને નહીં ગણાય. આપણો સમાજ વીતેલા દસ વર્ષમાં સારો એવો સમૃધ્ધ બન્યો છે. છતાંય આપણે ગરીબ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે શિક્ષણ સહાયનો પ્રબંધ કરી શકયા નથી. શરમજનક અને આશ્ચર્યની વાત તો એ છે કે આટલાં વરસોમાં આપણે કેળવણી ફંડની રચના પણ કરી શકયા નથી એ કેટલી બધી મોટી કમ નસીબી કહેવાય. ગરીબ તેજસ્વી વિદ્યાર્થી માત્ર આર્થિક સંકડામણના કારણે અભ્યાસ ન કરી શકે તે વાત શું સમાજ માટે લાંછનરૂપ નથી ?! તેઓને આપેલ શિક્ષણ સહાયથી છેવટે તો એજ વિદ્યાર્થી સમાજની પ્રગતિકુચમાં સાથ આપવાનો છે.

આપણે રચનાત્મક કાર્યો જરૂર કરવાં જોઇએ જેવાં કે છાત્રાલય પ્રવૃત્તિ, મંદિર વાડી વગેરે ઈચ્છનીય કલ્યાણકારી કાર્યો અવશ્ય કરવાં જોઇએ અને તે થવાં જોઇએ

સમાજનું કાર્યક્ષેત્ર ભલે એનું એજ રહે છતાં પણ કાળક્રમાનુસાર થતા ફેરફારના કારણે કાર્યપધ્ધતિમાં ફેરફાર કરવો અનિવાર્ય અને આવશ્યક હિતવર્ધક

બની રહે છે. જ્યારે જ્યારે આવકારદાયક ફેરફારની અવગણના કરવામાં આવે છે ત્યારે સંઘર્ષ સ્વીકારી લેવો પડે છે એમાં કોઇ છુટકો નથી.

આપણા સમાજમાં થતાં લગ્નો, લગ્નની રીતીઓ તેમજ પધ્ધતિમાં ફેરફાર કરવો બદલાતા જતા સંજોગામાં જરૂરી છે. સાદાઇથી થતાં લગ્નો જ્ઞાતિહિત માટે યોગ્ય અને સારા ગણાશે. ગરીબ વર્ગને આશીર્વાદરૂપ બની રહેશે.

મારૂ માનવું છે કે આપણે સમુહલગ્નની આવશ્યકતાને નકારી શકીએ નહીં સમુહ લગ્નથી થતા ફાયદા ધ્યાન પર લેવા જોઇએ. સમુહલગ્નથી અર્થ વ્યય, હેરાનગતિ તેમજ સમય બચશે. લોકો રાહતની લાગણી પણ અનુભવશે. આજ તો મોટા મોટા ધનવાનને ય ખોટા ખર્ચા કરવા પાલવે તેમ નથી ત્યાં સામાન્ય માનવીનું ગજુ શું ? સમુહલગ્નમાં પડતી મુશ્કેલીનું નિવારણ કરી આવકાર્ય બનાવવી જોઇએ.

બધાય કહે છે કે ટૂંકામાં પતે તો સારૂ પરંતુ કોઈ પહેલ કરતું નથી. સાદાઇને અપનાવતું નથી. મને લાગે છે કે સમાજની આગેવાન તેમજ ધનાઢ્ય વ્યકિતઓ જ જો પહેલ કરે તો બીજાઓ માટે દાખલો બની રહેશે. સાદાઇથી લગ્ન થાય તેમાં ખોટું ય શું છે ? થોડા સમય માટે હજારો રૂપિયાનો ધુમાડો કરવો એ શું વ્યાજબી છે ? કેટલે અંશે આવકારપાત્ર ગણાય ? તેના કરતાં વધેલી રકમ સમાજની કલ્યાણકારી પ્રવૃત્તિમાં દાન આપી હોય તો તેનાથી કેટલીય વ્યકિતઓનું જીવન સમૃધ્ધ બની જશે. શું આમાં સમાજની પ્રગતિ નથી !!

નાની વયે થતાં લગ્નો સમાજની પ્રગતિમાં અવરોધક પરિબળ બને છે. લગ્ન કરવાની વય આપણા સમાજમાં અન્ય પ્રગતિશીલ સમાજ કરતાં ઘણી ઓછી છે. પુત્રી માંડ પંદર વર્ષની થાય છે ને તેને પરણાવી દેવાય છે તેના કારણે પુત્રીને અભ્યાસની વધુ તક મળતી નથી. જ્યારે અન્ય પ્રગતિશીલ સમાજમાં પુત્રીને વીસ બાવીસ વર્ષે પરણાવાય છે જેથી પુત્રીને મહાવિદ્યાલય કક્ષાનું જ્ઞાન મળી શકે છે તેમાંય શ્વસુરગૃહે પણ અધુરો રહેલો અભ્યાસ પુનઃ જાળવી શકે છે

નાની ઉંમરે થતાં લગ્નનો પ્રશ્ન આપણને ગંભીર લાગે છે ત્યાં મોટી ઉંમરે થતાં લગ્નો એક ચિંતાનો વિષય બની ગયાં છે. હમણાં હમણાં તો વૃધ્ધલગ્નો પણ થવા માંડયા છે. જે સમાજની નિતિમતાનું કથળેલું ધોરણ બતાવે છે. એક વાત સ્પષ્ટ છે કે જે સંતાન મા-બાપ પાસે સુસંસ્કારની આશા રાખે તે જ

વડીલો અહિતકારક અક્ષમ્ય વર્તન કરે તો શું સમજવું ? સંતાનોના સંસ્કારની જાળવણી કોણ કરશે ? આવનારી પેઢી માટે શું મુકી જઈશું ! વૃદ્ધલગ્નો એ સામાજિક દૂષણ છે. જેને શકય તેટલી વહેલી તકે નિવારવાની જરૂર છે, અને ત્યાં સુધી ન જ થાય તેવા પ્રયાસો સમાજ થકી થવા જરૂરી છે.

આપણા સમાજમાં છુટાછેડાનું પ્રમાણ પાછલાં વર્ષોમાં સારૂ એવું વધ્યું છે. આ અનિષ્ટને અટકાવવું જોઇએ. છુટાછેડા કરવામાં પુત્રવધૂની કિંમત પૈસાથી અંકાય છે પુત્રનો કોઇ દોષ આંખ આગળ આવતો નથી. જે સમાજના નૈતિક આરોગ્ય પર પ્રહાર કરે છે. જે સમાજમાં વહુ દીકરીઓની કિંમત રૂપિયામાં થતી હોય તે સમાજની કિંમત પણ કેટલી ? એ પણ સમાજે જાણી લેવાની જરૂર છે. છુટાછેડા શા કારણથી લેવામાં આવે છે તેનો જવાબ માંગવો જોઈએ. પુનઃલગ્ન થાય ત્યારે બંને પક્ષ સમાજને પ્રથમ જાણ કરે તેવી વ્યવસ્થા થવી ઘટે. સમાજ મંજુરીના મહોર મારે તો જ તે પુનઃલગ્ન થઈ શકે તેવો પ્રબંધ થવો જોઇએ. આ સવાલ ખૂબ વિચારવા જેવો છે.

અહીં હું એક સુચન કરીશ કે યુવા પેઢી માટે લગ્ન પસંદગીથી થાય તે જરૂરી છે. પસંદગીથી સમજપૂર્વક થયેલ લગ્ન સફળ નિવડે છે. ભવો સંઘર્ષ નિવારી શકાય છે. પરંતુ જો યુવાપેઢી પસંદગીમાં થતી વિવિધતામાં રસ દાખવે તો સમાજમાટે ખતરો ઉભો કરે છે એમ કહીએ તો પણ કાંઇ ખોટું નથી.

વિશેષ તો હાલમાં કન્યા વિક્રયની અનિષ્ટ પ્રવૃત્તિ ગતિમાન બની છે. જેના નામથી સમાજને નાનપ અનુભવવી જોઇએ જયાં લોહીનાં વેચાણ થતાં હોય ત્યાં સમાજમાં કોઇ પણ કલ્યાણકારી કાર્યોનું કોઈ મૂલ્ય નથી એ વાત આપણે સામી ભીત પર લખી રાખવી જોઇએ. યુદ્ધના ધોરણે અગ્રિમતા આપીઆ અનિષ્ટને મદદરૂપ બનતો અંગને જાહેરમાં બહાર પાડવાં જોઇએ. પછી ભલે તે સમાજની આગેવાન વ્યકિત હોય તો પણ જરાય શેહશરમ રાખ્યા સિવાય પ્રકાશમાં લાવવી જોઇએ

વ્યકિત સમાજનું મહત્વનું અંગ જરૂર છે પરંતુ સમાજ સર્વોપરી છે એ પણ એટલી જ નિઃશંક વાત છે તો એ સર્વોપરિતા ખંડિત ન બને તે જોવાની સમાજની પ્રત્યેક વ્યકિતની ફરજ અને ધર્મ બની રહે છે.

આપણા સમાજમાં ધાર્મિક વિસંવાદિતા પ્રર્વતે છે તે સમાજની કેટલી બધી મોટી કમનસીબી અને કરૂણતા કહેવાય એ વિસવાદિતાને સમજણથી દૂર થવી ઘટે આ અંગે મારો મુકત વિચાર દર્શાવું તો એ છે કે આપણે હિન્દુ છીએ અને

હિન્દુ ધર્મ પાળવો જોઇએ. હિન્દુને છાજે તેવું વર્તન કરવું જોઈએ શા માટે અર્ધહિન્દુ અર્ધમુંસ્લીમ અવસ્થા ભોગવીએ છીએ તે મને સમજાતું નથી જો આનો નિવેડો નહીં આવે તો સમાજની નિતિમત્તાનું અધઃપતન આજ નહીં તો કાલ નિશ્ચિત છે, અવશ્ય છે એમાં કોઇ શંકા નથી. શા માટે ધાર્મિક વિસંવાદિતા પ્રર્વતે છે તેનું નિરાકરણ સાથે મળીને વિચારોની આપ લે કરી સર્વ સ્વીકૃત આવકારદાયક બાબતનો જરાય સંકોચ રાખ્યા વગર સ્વીકાર કરી સમાજની મથરાવટી પર લાગેલ કલંકની કાલીમા, એક સભ્ય તરીકેનું સભ્યપદ દિપાવી દૂર કરીએ તેમાં જ આપણી શોભા છે. સમાજની શોભા છે ગૌરવ છે.

સમાજમાં કલ્યાણકારી કાર્યો સુગમ રીતે થાય તે માટે પ્રથમ તો ઐકયતા સંગઠન, સહકાર અને એકતાની ભાવના વધે તે માટે પ્રયત્નો કરવા જોઇએ, તેના માટે ઉચ્ચ વિચારોની આવશ્યકતા રહે છે. એક વાત સ્પષ્ટ, સત્ય અને સ્વીકાર્ય છે કે કનિષ્ટ વિચાર ધરાવતો માનવી પોતે તો કદી પ્રગતિ કરી શકતો નથી, પરંતુ જે પ્રગતિ કરે છે તેના રાહની આડે આવી કોઈને કોઇ વિઘ્ન ઉભું કરી સંતોષ અનુભવે છે. તેથી આપણે માનસિક સંકુચિતતા, વેર ઝેર ભૂલી જઇ તેનો ત્યાગ કરી એક થઇ સમાજ સામે ઉભેલા પડકારને આવાહ્ડાન આપીએ. આવનારી આવતી કાલના તેજોમય કિરણોને આવકારવા કટિબધ્ધ થઈએ અને જીવનપંથમાં પ્રકાશના રંગો પૂરી દઇ આપણામાં રહેલા 'માનવ' ને સુસંસ્કૃત માનવ બનાવી જીવનની ધન્યતા અનુભવીએ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, ઈન્દોર

" શ્રી અજય કિશોર મંડળ "

નવા વર્ષની શરૂઆત તા. ૧-૧-૭૪ ના દિવસે " શ્રી અજય કિશોર મંડળ " દ્વારા રમત-ગમતની પ્રતિયોગીતા આયોજીત કરી કરવામાં આવી. જેમાં ધોરણ ૧ થી ૬ સુધીના ૭૯ બાળકોએ ભાગ લીધો તથા " મહિલાઓની ખુરશી રેશ " યોજવામાં આવી.

વિજેતા બાળકોને પારિતોષિક વિતરણનો એક કાર્યક્રમ તા. ૫-૧-૭૪ના દિવસે પાટીદાર ભવનમાં આયોજીત કરવામાં આવ્યો આ કાર્યક્રમનું પ્રમુખ પદ શ્રીમતિ જેઠીબેન ડાહ્યાભાઇએ શોભાવ્યું અને એમના વરદ હસ્તે વિજેતા બાળકોને ઇનામો વિતરીત કરવામાં આવ્યાં ત્યારબાદ કિશોર મંડળના પ્રમુખશ્રી અને મંત્રીશ્રી તરફથી પ્રાસંગિક પ્રવચન તથા બાળકો અને મહિલાઓ દ્વારા રમત ગમતનો પ્રોગ્રામ પ્રસ્તુત કરવામાં આવ્યો અને મંડળના મંત્રી દ્વારા મંડળ તરફથી સર્વેનો આભાર માન્યા બાદ કાર્યક્રમ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

શ્રી અજય કિશોર મંડળ,
મંત્રીશ્રી ધનજીભાઇ કરમસીભાઇ

શ્રી ટીંબાતલાવકંપા-રામપુરાકંપા સંયુકત યુવક મંડળ.

શ્રી ટીંબાતલાવકંપા યુવકમંડળના ઉપક્રમે ગઇ તા. ૨-૨-૭૪ ના રાત્રે ૯-૦૦ વાગે વાર્ષિક મીટીંગ યોજવામાં આવી હતી.

સદર મીટીંગમાં રામપુરાકંપાના યુવક મિત્રોનો પ્રસ્તાવ આવતાં તેમના મંડળને ટીંબાતલાવકંપાના યુવકમંડળ સાથે જોડી દેવામાં આવ્યું.

ત્યારબાદ નવા વર્ષની કાર્યવાહી માટે નવેસરથી નીચે મુજબ કારોબારી મંડળ નિયુકત કરવામાં આવ્યું હતું.

પ્રમુખ	શ્રી મગનભાઈ માધવજીભાઈ પટેલ	
ઉપ-પ્રમુખ	,, ભોગીલાલ લાલજીભાઇ પટેલ	રામપુરાકંપા
મંત્રી	,, નારણભાઈ મુળજીભાઇ પટેલ	
સહમંત્રી	,, રતિલાલ નારણભાઇ પટેલ	
ખજાનચી	,, હરિભાઇ મણીભાઇ પટેલ	

"દરસડી પાટીદાર સમાજ એકતાના પંથે"

અગાઉ આપણે જાણી ગયા છીએ તે મુજબ દરશડી ગામે શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનું ભવ્ય મંદિર હવે તૈયાર થવા આવ્યું છે અને તેનો પ્રતિષ્ઠા મહોત્સવ પણ આવતા જેઠ સુદ ૫ તા. ૨૬–૫–૭૪ના રોજ યોજવાનું નક્કી થઇ ચૂકયું છે આ માંગલિક પ્રસંગને દિપાવવા સ્થાનિક તેમજ બહાર ગામ મુંબઇ અને અરબસ્તાન વસતા ગ્રામવાસી ભાઇઓમાં ખૂબ ઉત્સાહ પ્રવર્તે છે.

તેને અનુલક્ષીને મુંબઈ ખાતે ૭–૧ ૭૪ ના રોજ સમાજની એક સભા યોજવામાં આવી હતી જેમાં સતપંથી ભાઇઓ પણ હાજર રહ્યા હતા. અને તેઓએ પણ આપ્રસંગને દિપાવવા પૂરતો સાથ સહકાર આપવાની ઇચ્છા બતાવી હતી. તેમાંના કેટલાકતોસનાતનમાં જોડાયા હતા તેઓને આવકારવામાં આવ્યા હતા અને બીજા કેટલાક જોડાવાની ઇચ્છા ધરાવનારાઓને નડતી કેટલીક મુશ્કેલીઓને લક્ષમાં લઇને પ્રાથમિક તબકકે અમુક નિયમોને હળવા કરી દેવાનુ જણાવવામાં આવ્યું હતું. અને જોડાણના દરવાજા ખુલ્લા કરી દેવામાં આવ્યા હતા.

સનાતન ભાઇઓ ઉપરાંત આ મંદિર અંગેના કામકાજ દરમિયાન સતપથી ભાઇઓ તરફથી પણ જે જે સાથ અને સહકાર મળ્યો છે તેની વિગતવાર પ્રસંશા કરવામાં આવી હતી અને આભાર વ્યકત કરવામાં આવ્યો હતો. અને અગાઉના ઘર્ષણ દરમિયાન કેટલી ગેરસમજુતિથી થયેલ મન દુઃખ બદલ ખેદ વ્યકત કરવામાં આવ્યો હતો. અને અરસ પરસ તેના ક્ષમા યાચવામાં આવી હતી.

અંતમાં મુશ્કેલી અનુભવતા ભાઇઓ માટે જે મર્યાદિત છુટછાટો આપવામાં આવી છે. તેને શ્રી કાનજીભાઇ ધનજીભાઇએ આવકારી હતી. અને ધર્મના ભેદભાવથી સમાજના જે બે વિભાગ પડી ગયા છે તેના માટે ઊંડું દુઃખ વ્યકત કર્યું હતું. અને હજી પણ સમયને પારખીને કોમને છાજે તેવા બાહ્ય આચરણો સુધારી ધર્મના ભેદભાવ રાખ્યા વગર વહીવટી બારામાં બંને સમાજને ફરી પાછી સાંકળી લેવાનો અને એકતા રૂપી સાચા ધર્મના માર્ગે વળવાનો તેમણે સૌને અનુરોધ કર્યો હતો. અને ઘર્ષણ દરમિયાન દરશડી સમાજે ગુમાવેલ ગૌરવ ફરી પાછું સ્થાપિત કરવા સૌ ભાઇઓને વિનંતી કરી હતી

શ્રી કાનજીભાઈની લાગણી ભરી આ ઘોષણાને સૌએ હર્ષભેર વધાવી લીધી હતી. અને આનંદ છવાયો હતો. શ્રી શામજીભાઇએ સૌનો આભાર માન્યો હતો.

લિ. શ્રી શામજીભાઇ એસ. પટેલ (વડોદરા)

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ વડોદરાનું સ્નેહસંમેલન

વડોદરા પાટીદાર સમાજ તરફથી તા. ૨૭–૧૦–૭૩ના રોજ એક સ્નેહ-સંમેલન સમાજના પ્રમુખ શ્રી પ્રેમજીભાઈ સીવદાસભાઇના પ્રમુખસ્થાને લક્ષ્મી સો મીલ, પ્રતાપનગર મધ્યે યોજવામાં આવેલ.

પ્રથમ સમાજના મંત્રી શ્રી રવજીભાઈ ડાહ્યાભાઇએ ઉપસ્થિત જ્ઞાતિજનોને સમાજ વતી નવા વર્ષની શુભેચ્છા વ્યક્ત કરી હતી ત્યારબાદ વડીલ શ્રી રામજીભાઈ ગભુભાઇના શુભ હસ્તે સન ૧૯૭૩ની વાર્ષિક પરીક્ષામાં સારા માર્કસ મેળવી ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થી ભાઈ–બહેનોને ઇનામો આપવામાં આવેલ જેનું ખર્ચ શ્રી પ્રેમજીભાઇ સીવદાસભાઇએ સ્વેચ્છાએ ઉપાડી લીધું હતું.

દર વર્ષે શ્રી સામજીભાઇ એતાભાઇ છાણીવાળા તરફથી અપાતી ટ્રોફી શ્રી નરેન્દ્રકુમાર રતનશીભાઇ ધોરણ–૧૧માં ૭૯.૧૪% માર્કસ મેળવી લઇ ગયા હતા.

ત્યારબાદ પ્રાસંગિક પ્રવચનો તથા આભારવિધી બાદ અલ્પાહાર કર્યા પછી સભા વિસર્જન કરવામાં આવેલ.

ઉપરોક્ત સમાજની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૩–૧૦–૭૩ના રોજ મળી હતી. જેમાં ગત વર્ષનો ઓડીટ થયેલ હિસાબ રજુ કરી સંજુરી મેળવવામાં આવી હતી ત્યાર બાદ સંવત ૨૦૩૦ના વર્ષ માટે નીચે મુજબની કારોબારી સમિતિની સર્વાનુંમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ	: શ્રી પ્રેમજીભાઇ શીવદાસભાઇ	નાના અંગિયા
ઉપ–પ્રમુખ	: શ્રી રતનશીભાઇ નારણભાઇ	સમાઘોઘા
મહામંત્રી	: શ્રી રવજીભાઈ ડાહ્યાભાઇ	નખત્રાણા
સહમંત્રી	: શ્રી ગોપાલભાઈ રામજીભાઇ	નેત્રા
ખજાનચી	: શ્રી કરશનભાઇ માવજીભાઇ	રસલિયા
કા. સભ્ય	: શ્રી સામજીભાઇ માવજીભાઇ	સાંયરા
,,	: શ્રી મનુભાઇ હરજીભાઈ	ઓાંભડી
,,	: શ્રી નાગજીભાઇ જેઠાભાઇ	નેત્રા
,,	: શ્રી સામજીભાઇ પચાણભાઇ	રસલીયા
,,	: શ્રી જેઠાલાલ ગંગારામભાઇ	સાંયરા
,,	: શ્રી અરજણભાઈ મેઘજીભાઇ	વિથોણ

,,	: શ્રી હરીભાઇ ધનજીભાઈ	વિરાણી મોટી
,,	: શ્રી દેવજીભાઇ ગોપાલભાઇ	વિથોણ
ઓડીટર	: શ્રી કરશનભાઇ માવજીભાઈ	ગઢશીશા

લી. રવજીભાઈ ડી. પટેલ
મંત્રી,
શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, વડોદરા

રામપુરા કંપા (હડમતિયા) યુવક મંડળની સ્થાપના

આજરોજ તા. ૨૬-૧-૭૪ ના દિવસે લક્ષ્મીનારાયણ મંદિરના પટાંગણમાં શ્રી કરશનભાઈ સામજીભાઈ મુખીના પ્રમુખ પણા નીચે ગ્રામ સભા મળી અને નવીન ૪૭ સભ્યોની યુવક મંડળની રચના કરી જેમાં ૧૩ જણની કારોબારીની રચના કરી નીચે મુજબ પ્રમુખ, સેક્રેટરી, સહ સેક્રેટરી, ની વરણી કરવામા આવી હતી.

(૧)	પ્રમુખ શ્રી	હરિભાઈ કરશનભાઈ	પટેલ
(૨)	ઉપપ્રમુખ	મનજીભાઈ દેવજીભાઈ	,,
(૩)	સેક્રેટરી	નરસિંહભાઈ માવજીભાઈ	,,
(૪)	સહ સેક્રેટરી	શાન્તિલાલ સવજીભાઈ	,,
(૫)	ખજાનચી	મણીલાલ દેવજીભાઈ	,,
(૬)	ઓડીટર	નારણભાઈ અખજીભાઈ	,,
(૭)	,,	છગનભાઇ સવજીભાઈ	,,
(૮)	સભ્ય	કરમશીભાઈ કાનજીભાઈ	,,
(૯)	,,	મોહનભાઈ ભાણજીભાઈ	,,
(૧૦)	,,	હીરાલાલ અરજણભાઈ	,,
(૧૧)	,,	મગનભાઈ જેઠાભાઇ	,,
(૧૨)	,,	વેલજીભાઈ ખીમજીભાઇ	,,
(૧૩)	,,	રતિલાલ હીરજીભાઈ	,,

★ સલાહકાર સમિતિ ★

સવજીભાઈ મુળજીભાઇ પટેલ
અરજણભાઇ સામજીભાઇ પટેલ
માવજીભાઈ સવજીભાઇ પટેલ
ધનજીભાઇ અખજીભાઇ પટેલ
ધનજીભાઇ સવજીભાઈ પટેલ
અરજણભાઇ ખીમજીભાઇ પટેલ

* આપણું યુવક સંગઠન *

શ્રી ઉમીયાય નમઃ

લેખક : ખીમજી લખમશી લીંબાણી
પ્રમુખ : શ્રી અ. ભા. ક. ક. પા. યુવક સંઘ, કલકત્તા.

આપણા અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘની સ્થાપનાને એક વર્ષ પુરૂં થયું, સંઘે બીજા વર્ષમાં પ્રવેશ કર્યો. આ પ્રસંગે સમાજના સૌ યુવક ભાઈ–બહેનોને હાર્દિક અભિનંદન.

સંઘની સ્થાપના શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ, કલકત્તાના પ્રયાસથી તા. ૨૪, ૨૫ અને ૨૬ ડીસેમ્બર '૭૨ના કલકત્તા મધ્યે પ્રતિનિધિઓની સભામાં કરવામાં આવેલ. યુવકસંઘ રચાયાના સમાચાર ભારતના ખૂણે ખૂણે વસતા આપણા યુવક ભાઇ–બહેનોમાં પહોંચતાં અનેરા ઉત્સાહનું વાતાવરણ સર્જાયેલ, જાણે ઘણા વર્ષની આકાંક્ષાઓ આજે સાકાર થઇ હોય. યુવકસંઘની રચનાએ સમયની માંગ હતી તે સૌ યુવકોની શુભ લાગણી અને ધગશથી પરિપૂર્ણ થયેલ.

આપણા સમાજમાં આ પ્રકારના અખિલ ભારતીય યુવક સંગઠનની રચનાએ પ્રથમ પ્રયાસ ગણાય આ તબક્કે આપણે પ્રાત: સ્મરણીય પૂ. શ્રી નારાયણજી બાપાનું સ્મરણ કરવું ઘટે, તેમની પ્રેરણા અને આદર્શથી જ સમાજના સર્વે વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી સંસ્થા " શ્રી કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિ સુધારક યુવક મંડળ " આજથી લગભગ પંચાવન વર્ષ પહેલાં મુંબઇમાં સ્થપાયેલ. આ રીતે યુવક મંડળો ની સ્થાપનાના શ્રી ગણેશ થયેલ.

યુવક સંઘની સ્થાપનાથી ઉત્સાહની ભરતી આવેલ અને સાથે અનેક પ્રકારના તર્ક વિતર્ક થવા લાગેલ જેવાં કે યુવકસંઘનું કાર્ય, ધ્યેય, પ્રતિનિધિત્વ અને સંચાલન વિગેરે બાબતો પ્રશ્નાર્થ રૂપે સામે આવેલ. આ બાબત પૂના મધ્યે તા. ૨૭, ૨૮ ફેબ્રુઆરી ૧ માર્ચ '૭૩ ની મળેલ સભામાં થયેલ કાર્યવાહી અને લેવાયેલ નિર્ણયથી તેના સ્વરૂપનો સાચો ખ્યાલ આવેલ. યુવકસંઘના કાર્યકર્તાઓ દ્વારા મુંબઇ, નાગપુર, જબલપુર, રાયપુર. જગદલપુર, રાજનંદગાંવ, હૈદ્રાબાદ, આસનસોલ રાંચી, બાલાસોર, સુરત, વડોદરા, આણંદ, નડિયાદ, અમદાવાદ સાબરકાંઠા–ગુજરાત અને કચ્છ વગેરે જગ્યાના પ્રવાસથી વધુ સ્પષ્ટીકરણ થયેલ જોવા મળે છે અને ઠેર ઠેર નવાં યુવક મંડળો અસ્તિત્વમાં આવેલ છે. આ રીતે યુવક શકિતમાં અનેક ઘણો વધારો થયેલ. છેલ્લે હડમતિયાકંપા ગુજરાતમાં તા. ૧૦, ૧૧ અને ૧૨ ઓકટોબર '૭૩ના મળેલ તદર્થ સમિતિની બીજી સભા કે જે મીની અધિવેશનના રૂપમાં થયેલ.

આ સભામાં બંધારણની રજૂઆત ઉપરાંત કચ્છ, સાબરકાંઠા કે ગુજરાતના અન્ય જિલ્લાઓ અને ભારતના અન્ય પ્રાંતોમાં વસવાટ કરી રહેલ આપણા સમાજના ભાઈ બહેનોમાં સામાજિક રીતરિવાજો એક કરવા, ધાર્મિક બાહ્ય આચરણો એક હોવાં અને અન્યાયી રીતે થતા છૂટાછેડા અટકાવવા અંગેના અતિ મહત્વના ઠરાવો દ્વારા સમાજમાં જાગૃતિ લાવવા તેમજ સંપૂર્ણ સમાજને એક સૂત્રે બાંધવાના યુવક સંઘના આ શુભ પ્રયાસને ઠેર ઠેર ઉમળકા ભર્યો આવકાર સાંપડેલ.

યુવક ભાઇ બહેનો ! યુવકસંઘની સ્થાપનાથી આપણા શિરે અનેક ઘણી જવાબદારી આવેલ છે, આપણું કાર્યક્ષેત્ર વિસ્તૃત થયું છે. ફકત મીટીંગો કરવી કે યુવક મંડળો સ્થાપવાથી જ સંઘનું કાર્ય પરિપૂર્ણ થયું નહિ ગણાય પરંતુ સંઘના ધ્યેય અને આદર્શને વળગી રહેવા તેમજ ઠરાવોનો અમલ કરવા કે કરાવવા અથાગ પરિશ્રમ કરવાની જરૂર રહેશે. સમાજમાં ઘરના નજીવા મતભેદ કે ગમા અણગમાને કારણે મનસ્વી પણે અને કહેવાતા આગેવાનોના સાચા ખોટા ટેકાથી જે છૂટાછેડા થાય છે તેને સદંતર અટકાવવા આપણે સૌએ કમર કસી હિંમત ભેર આગળ આવવાનું રહેશે. છૂટાછેડા મેળવવા કે આપવાએ એટલી હદે સહજ બની ગએલ છે કે કહેવાતા આગેવાનોને ખાનગીમાં મળવાથી એકજ રાતમાં નિકાલ કરાવી આપે છે વળી ઘણા કિસ્સામાં બંને પક્ષ અંદરો અંદર પતાવટ કરી લે છે, આ બાબત નીંદનીય ગણાય યુવકસંઘ પાસે આવાં ઘણાં પ્રકરણો આવેલ છે. સ્થાનિક યુવકમંડળો, સમાજ મારફત કે યુવકસંઘના સીધા માર્ગદર્શન હેઠળ સુમેળ સાધવાના પ્રયાસો થયા છે અને થતા રહેશે આ માટે સંઘના કાર્યકર્તાઓ નાગપુર રાયપુર, કોન્ડાગાંવ, જબલપુર, બાલાઘાટ, સમ્બલપુર વગેરે જગ્યાએ રૂબરૂ જઈ માહિતી મેળવેલ અને માર્ગદર્શન આપેલ.

યુવકમિત્રો, ફરીથી અભિનંદન સાથે નીચે જણાવેલ બાબતો પર આપ સૌનું લક્ષ દોરવાની રજા લઇ વિરમું છું (૧) છૂટાછેડા કે અન્ય સામાજિક રીતરિવાજોનું પોતે સંપૂર્ણ પાલન કરવું અને કરાવવું (૨ ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ લેવો તેમજ અન્યને રસ લેતા કરવા. સદાચારી જીવન જીવવું અને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરવું. અને કરાવવું. (૩) સમાજમાં કન્યા કેળવણીના પ્રચારમાટે સદૈવ પ્રયત્નશીલ રહેવું

અસ્તુ...



આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથેરાઈઝ્ડ ડિલર્સ ઈન:—

ફિલિપ્સ રેડીયો



કમાન્ડર

PHILIPS


પ્રો. વાડીલાલ જીવરામ (મીઠુ)ભાઈ સોની

ઠે. ચારરસ્તા, ધનસુરા.
જિ. સાબરકાંઠા

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર; એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઈલેક્ટ્રીક સામાનના વહેપારી.



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણ જાતના
સ્પેર પાર્ટસ માટે અમારો સંપર્ક સાધો.

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા

Book-Post

To,

60 National Saw Mill
393/3, Prince Anwar Shah
Road (Taliganj)
Calcutta-31

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–3 માર્ચ ૧૯૭૪

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦], પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧] પરદેશમાં રૂા. ૧૨૫] નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :	સ્વર્ગવાસ
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા	સંવત ૧૯૮૭, આસોવદચૌદશ

અનુક્રમણિકા

☆ ☆

તંત્રીશ્રી આલેખથી

ૐ નમઃ શીવાય

ગાયત્રી માતકી જય

આપણે જાણીએ છીએ તેમ ગુજરાત રાજ્યમાં છેલ્લા બે એક માસથી અશાંતિનું આવરણ આવી ગયું છે.

મુળભૂત રીતે જોઈએ તો જીવન જરૂરીયાતની ચીજ વસ્તુઓના વધતા જતા ભાવો સામેનો વિરોધ વ્યકત કરતા જતાં ગુજરાતના યુવાવર્ગના હસ્તે અશાંતિનો જન્મ થયો છે. પરંતુ ચમત્કાર વિના નમસ્કાર ન હોય એવાં જલદ પગલાં ભરવા જતાં વર્ષોથી શાંત પ્રદેશ ગણાતા ગુજરાતમાં અનેકોએ શહીદી વહોરવી પડી છે.

શરૂ શરૂમાં મોંઘવારી સામે વિરોધ વ્યકત કરવાનું આયોજન ઘડવા જતાં ચીમનભાઈની સરકારને ઉથલાવવાનો ફણગો વચ્ચેથી જ ફૂટી આવ્યો. ચીમનભાઈએ સત્તા છોડયા બાદ આજે ઠેર ઠેર થી વિધાનસભાના વિસર્જનનો નાદ સમગ્ર ગુજરાતમાં ગુંજતો થયો છે પરંતુ પ્રજાને માટે મુસીબતોનો સામનો કરવા જતાં હજુ પણ દિન પ્રતિ દિન વણસતી જતી પરિસ્થિતિના કારણે મોંઘવારીના રાક્ષસનું જડબું વધુને વધુ મજબુત બનતું જાય છે. આમ ભાંગ ફોડિયા પ્રવૃત્તિમાંથી ચોરી, લૂટફાટ જેવી અસામાજિક બદીઓનાં દર્શન નિયમિત બન્યાં છે, પરિણામે પ્રજાજીવન અંધાધૂંધી ભર્યું બન્યું છે.

એક બાજુ સોના સરખા વેપારીઓ જ્યાં માંડ પોતાનું પેટીયું રળી શકતા હોય તેઓની તેમજ મધ્યમવર્ગનાં પ્રજાજનોની કફોડી સ્થિતિના ઇતિહાસનું બયાન આલેખવું હોય તો પાને પાનાં ભરી શકાય એવા સંજોગો ઝડપથી પલટાતા આવ્યા છે.

એક બાજુ ગુજરાતભરમાં ઠેર ઠેર નવનિર્માણ સમિતિઓ રચાઇ છે તેઓ પોતાની કાર્યવાહી પ્રજાના ભલા માટે કરે તે પહેલાં શાંત ગુજરાતમાં અશાંત પરિસ્થિતિનું નવનિર્માણ થયું છે તેમાંથી આજ સુધી ઉગરવા માટેનાં એંધાણ જોઇ શકાતાં નથી.

બીજી બાજુ દુઃખદ હકીકત તો એ બને છે કે છેલ્લા બબ્બે માસથી શિક્ષણ કાર્ય સ્થગિત થઈ જતાં શૈક્ષણિક વર્ષ એળે જવા બેઠું છે. ઘડીભર માટે એમ માની લઇએ કે શિક્ષણ મેળવતાં દરેક બાળકનું વર્ષ નિષ્ફળ ન જ જાય એ રીતે કંઇક નવનિર્માણ કરવામાં આવે તો પણ શિક્ષણ મેળવી રહેલો હોંશિયાર વર્ગ જે છે તેની હોંશિયારીના ભોગે જ વર્ષ બદલાય તેમ પણ બને. છતાં પણ સમગ્ર શૈક્ષણિક વર્ષમાં દરેક વિદ્યાર્થીઓને જે જ્ઞાનપ્રદાન થવું જોઇએ તેનું શું ?

ખરેખર! જોઇએ તો ભ્રષ્ટાચારના દૈત્યે રાજકારણથી માંડીને સમાજના અદનામાં અદના માનવીના ઘરનાં બારણાં પણ ખખડાવવાનું બાકી રાખ્યું નથી કારણ કે આપણે જોઇયું તો પ્રજાજીવનમાં એક સર્વ વ્યાપી લક્ષણે પોતાનો પાયો ઘણો ઉડો નાખી દીધો છે અને તે એ રીતે કે,—

- આજે ગરીબ વ્યકિતઓ જોઇશુ તો જે મળતરની અપેક્ષાએ તેઓ કામ કરે છે તે મળતરના પ્રમાણમાં પૂરતુ કામ આપવાની તેઓની સ્પષ્ટ અનિચ્છા દેખાય છે.
- વેપારીઓ જે સંગ્રહખોરી કરી સમાજનો દ્રોહ કરે છે તેઓ જેટલો બને તેટલો અમાપ નફો મેળવવાની કોશિષમાં ઓત પ્રોત રહે છે. તેમ કરતા જતાં પ્રજાજીવન દુષ્કર બનતું જાય છે તે પણ આપણે જોઇ શકીએ છીએ.
- અમલદારવર્ગ કે જેઓમાં મોટા ભાગે એવી જ માન્યતા પ્રવર્તે છે કે તેઓ પ્રજા માટેનુ કાયદેસરનું કામ હોયતો પણ જાણે કે ખુલ્લા હાથે દયાદાન કરતા હોય તેમ લાંચ રૂશ્વત માટે માપ વિનાનાં કાળાં નાણાંને જન્મ આપે છે.
- એક સાંધે ત્યાં તેર તૂટે એવો ખેડુત વર્ગ પણ વખતોવખત ક્યારેક જ કુદરતની અમીદ્રષ્ટિ મેળવતો જ્યારે મોટે ભાગે કુદ્રષ્ટિનો જ ભોગ બનેલો વર્ગ પણ આ ભ્રષ્ટાચારના દૈત્યના પંજામાંથી છટકી શક્યો નથી જેમ કે સુધરેલાં બીયારણો, તૈયાર માલ વગેરેની ભેળસેળના ભ્રષ્ટ વિચારો અલ્પાંશે પણ હોય છે.

કારણ કે પ્રતિવર્ષ વરસાદની અનિયમિતતા, જમીનમાં ઘટતાં જતાં મૂળ તત્વો તેમાંથી ઉગરવા માટે મોંઘાંદાટ રાસાયણીક ખાતરો, દવાઓનો ઉપયોગ સિંચાઇનો અભાવ આ બધાંના વ્યવસ્થિત ઉપયોગ માટેનું અપૂરતું જ્ઞાન વગેરેના કારણે જીવનમાં અનેક યાતનાઓ વેઠી કાળી મજુરી કરે છે ત્યારે પોતાની આજુબાજુના અનેક વર્ગના લોકોની દ્રષ્ટિએ ભલે તે સારી સ્થિતિમા દેખાતો હોય પરંતુ હકીકત મોટાભાગના ખેડુત જીવનમાં કંઇક વિપરીત જ હોય છે જેનો ઉંડાણથી અભ્યાસ કરવામાં આવે તોજ કળી શકાય.

તો આજકાલ સમાજ જીવનના ઉપર ગણાવ્યા તે ચારે ચાર પાયાની સ્થિતિમાં નવેસરથી નવનિર્માણ કરવા માટે બુદ્ધિ પ્રતિભા ધરાવતી, ભેખધારી આજીવન સેવા પૂરી પાડી શકે તેવી વ્યકિતઓએજ પ્રજાજીવનનું નિર્વાણ થતુ અટકાવી નવનિર્માણ કરવા આગળ આવવાની જરૂર હોય તેમ નથી લાગતું?

"અસ્તુ"

—તંત્રી

"સનસેટ ડ્રાઈવ ઈન સિનેમા"

અરૂણ કરશનદાસ પટેલ
અમદાવાદ

એશિયા અને ભારતમાં પ્રેક્ષકની સંખ્યા બળની દ્રષ્ટિએ સૌથી મોટું અને ભારતનું સર્વ પ્રથમ ડ્રાઇવ-ઇન સિનેમા અમદાવાદના પરાં વિસ્તારની હરિયાળી ભૂમિ પર સાકાર થયું છે. આ થિએટર કચ્છ માટે ગૌરવ રૂપ છે. થિયેટરના સર્જક શ્રી માવજીભાઈ પટેલ કચ્છના એક ઉત્સાહી ઉદ્યોગપતિ છે.

આ ડ્રાઇવ-ઇન સીનેમાનું બાંધકામ ફેબ્રુઆરી ૧૯૭૨માં શરૂ થયું હતું અને લગભગ ૧૮ માસમાં તૈયાર થઇ ગયું આ થિયેટરનો વિસ્તાર ૭૦૦૦૦ ચોરસ વાર જમીનમાં છે.

આ સિનેમામાં ૭૯૦ કારો તદ્દ ઉપરાંત ૧૦૦૦ બેઠકોવાળું ઓડીટોરીયમ છે સૂર્યાસ્ત પછી દરરોજ બે શો બતાવાય છે પ્રોજેકટરથી સ્ક્રીન ૪૫૦ ફૂટ દૂર છે. છતાં પણ પિકચર સ્પષ્ટ પણે જોઇ શકાય છે. સ્ક્રીન ૧૪૩ × ૬૩ ફૂટનો છે જમીનથી ૯૦ ફૂટ ઉંચે છે. આ સ્ક્રીન આર. સી. સી.નો બનેલો છે. આ સ્ક્રીનને ટેકાવવા પાછળ ચાર માળના ફ્લેટસ છે. આ સ્ક્રીનને ઢળતો રાખવામાં આવેલો છે. એકી સમયે ચાર મોટરકાર ટિકિટ લઇ શકે તેવી વ્યવસ્થા છે. કારની ટિકિટ રૂા. ૧ છે. અને માણસ દીઠ રાા રૂા. છે. અંદર ગયા બાદ આપણે આપણી જાતે જ આપણું સ્થાન પસંદ કરવાનું હોય છે. સ્થાન પસંદ કર્યા બાદ બાજુમાં સ્પીકરનું સ્ટેન્ડ હોય છે. તે સ્પીકર આપણી કારમાં રાખવાનું હોય છે. સ્પીકરમાં વોલ્યુમ વધારવા તથા ઓછુ કરવાની પણ વ્યવસ્થા હોય છે.

આ થિયેટરમાં એક વિશાળ કેન્ટીન છે. સ્પીકર સ્ટેન્ડની બાજુમાં બટન દબાવવાથી વેઇટરની જરૂરી સેવા પણ મળી રહે છે. સિનેમામાં બાળકોને રમવા માટે સુંદર બાલવાડી છે. તેમાં હીંચકા, લપસણી વગેરેની પણ વ્યવસ્થા છે આ બાળકોની સંભાળ રાખવામાટે માણસોની વ્યાવસ્થા રાખવામાં આવી છે ચોમાસામાં પણ પીકચર જોઇ શકાય છે આ સ્ક્રીનને વોટરપ્રુફ ટ્રીટમેન્ટ આપવામાં આવી છે.

પ્રોજેકટર – આ સિનેમા માટે સ્પેશિયલ ટાઇપના પ્રોજેકટરો મૂકવામાં આવેલ છે જેનાથી ૭૦ એમ. એમ. ૩૫ એમ, એમ. સિનેમાસ્કોપના પીકચરો પ્રદર્શિત થઇ શકે છે પ્રેક્ષકો તથા કારો માટે શો પૂરો થતાં બહાર નીકળવા માટે જુદા જુદા એક્ઝીટ દરવાજા છે. શોનો બધો ટ્રાફીક ફકત ૧૦ થી ૧૫ મિનિટમાં કલીયર થઈ જાય છે. માવજીભાઈની ભવિષ્યમાં શોપીંગ સેન્ટર ડીપાર્ટમેન્ટલ સ્ટોર્સ, પેટ્રોલ પંપ તથા ગેસ્ટ હાઉસ વગેરે ના પણ સિનેમામાં સમાવેશ કરવાની યોજના છે.

* શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ *
અમદાવાદ

પરસ્પર ઓળખાણ– પરિચય થાય– વધે અને પરસ્પર સેવા, સહકાર અને સંપની ભાવના કેળવાય એ હેતુથી ઇ. સ. ૧૯૬૯ માં સ્થાપિત શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, અમદાવાદનો સન ૧૯૭૩–૭૪નો વાર્ષિકોત્સવ તા. ૧૩–૧–૭૪ના રોજ એમ. એમ. ખંભાતવાળા હોલ, અમદાવાદ ખાતે નક્કી કરવામાં આવેલ આ પ્રસંગે આ મંડળમાં અનુસ્નાતક કે તેની સમકક્ષ ઉપાધિ પ્રાપ્ત કરતા ભાઈઓ અને સ્નાતક થયેલ બહેનોને સન્માનવાનો સમારંભ તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સીપાલ શ્રી રતિલાલ એલ. પટેલ ના અતિથિવિશેષપદે યોજવામાં આવેલ પરંતુ અમદાવાદની તંગ પરિસ્થિતિને ધ્યાનમાં લઇ ન છૂટકે કાર્યક્રમ મુલત્વી રાખવો પડ્યો તેનું અમને ઘણુ દુઃખ છે.

પ્રતિવર્ષ કારોબારીની ચૂંટણી બાદ પ્રથમ સત્રમાં પ્રાંતિજ ગલતેશ્વર પિકનિકનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

મંત્રી
અમૃતલાલ આર. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ
અમદાવાદ

છાપાંના છબરડાં *

૧ હવે લગ્ન પ્રસંગમાં ફકત ૨૫ માણસો નેજ રમાડી (જમાડી) શકાશે.
૨ મહેરબાની કરી સમારંભમાં નાગાં (નાનાં) બાળકોને સાથે લાવવાં નહિ.
૩ અમદાવાદમાં ગાજર (હાજર) બજાર બંધ રહેશે.
૪ અમદાવાદમાં મરવા (ફરવા) માટેનુ ઉત્તમ સ્થળ કાંકરીયા છે.
૫ સફેદ કપડાં, ઉજળી ધોલાઈ, અધીક સફેદી, માટે ઓગસ (ઓનસ) સાબુ જાહેરાત.
૬ હમેશાં સામું (સાચું) બોલો.
૭ ઇજનેરી ચીજોની નિકાસ કરનારાને ઓલાદ (પોલાદ) મળશે.
૮ ગાંધીજીની ગાંડી (દાંડી) કૂચ ચિરસ્મરણીય રહેશે.
૯ નાક (શાક) કાપતાં આંગળી કાપી નાખી.
૧૦ ગામડાના એક યુવકનું પરાક્રમ લાકડીના એક જ ફટકે ભયંકર બાપ (સાપ) મારી નાખ્યો.

પટેલ વેલજી લધારામ મેપાણી
રાયપુર (મ. પ્ર.)

● ન • વી વ્યા • ખ્યા • ઓ ●

● સંપાદક **પ્રભુદાસ કે. પટેલ** મુ. માધવકંપા તા. બાયડ

૧ બાળક :- ભારતની મુખ્ય પેદાશ
૨ માંકડ :- જીવતું ઈન્જેક્શન
૩ મંદિર :- દેવોની જેલ
૪ અમદાવાદ ;- કાપડનું વિરાટ ખેતર
૫ ફાઉન્ટન પેન :- કાગળની સડક પર દોડતી મોટર
૬ ચાક :- માસ્તરની તલવાર
૭ સોય :- દરજીની તલવાર
૮ બુરખો :- ચાલતો તંબુ
૯ હીંચકો :- મોટી ઉંમરનાનું ઘોડિયું
૧૦ લાગવગ :- નોકરી મેળવવા માટેની મુખ્ય ડીગ્રી
૧૧ વ્યાયામ :- પૈસાની આશા વગર કરવામાં આવતી મહેનત.
૧૨ અમેરીકન ઘઉં :- ભારતનો મુખ્ય ખોરાક
૧૩ ભૂગોળ :- દુનિયાની ગોળ ગોળ વાતો કરવાનો વિષય
૧૪ ફાળો :- જુદા પ્રકારની ભીખ
૧૫ બ્લેડ :- રૂપીયા કમાવાનું કે જેલમાં જવાનું મુખ્ય સાધન
૧૬ લગ્ન પ્રત્રિકા:- ચાંલ્લાનું તોરંટ
૧૭ ચિંતા :- દુનિયામાં પ્રખ્યાત મફતની ચીજ
૧૮ સાકર :- મંદિરોમાં જોવા મળતી ફટકડી જેવી વસ્તુ
૧૯ ઇતિહાસ :- મરેલાંઓનો શોક કરનાર વિષય
૨૦ ડોસો - શીખામણનો ઢગલો
૨૧ વિદ્વાન - અક્કલનો જથ્થાબંધ વેપારી
૨૨ કોલેજયુગ - કળિયુગ પછીનો નવો જ યુગ
૨૩ કોલેજિયનો - નવા વિદ્વાનો કે નાથ વિનાના આખલાઓ
૨૪ પૈસા - છોકરી મેળવવા માટે અગત્યનો ગુણ
૨૫ મુત્સદ્દીગીરી - પોતાની મુર્ખાઈ બીજા પાસે આચરવાની કળા
૨૬ ફેશન - દુનિયા પર થતું નવું નાટક
૨૭ જગતશાંતિ- જૂના યુદ્ધ ખર્ચને પહોંચી વળી નવા યુદ્ધ ખર્ચ માટેનો ગાળો
૨૮ લગ્ન - બે માણસોને એક કરતું જૂનવાણી સૂત્ર

૨૯ મરકો – અશક્યને શક્ય બનાવવાનું સાધન
૩૦ જૂના ભાડુઆત – આંખની કણું
૩૧ પાઘડી – (નવોઅર્થ) મોટું માથું

નવી ઉપમા —

૩૨ સ્મશાન – દુનિયાનું છેલ્લું સ્ટેશન
૩૩ નવલકથા – લેખકની કમાઉ દીકરી
૩૪ જીભ – ઓલમેન્ડ રેડિયો
૩૫ રાત – ગપ્પાં મારવાનો મોકો
૩૬ મિત્ર – નાસ્તાનું સાધન
૩૭ ટ્રાંન્ઝિસ્ટર રેડિયો – આધુનિક બાબો
૩૮ જન્મ – વગર પાસપોર્ટે પૃથ્વી પર આવવાની છૂટ
૩૯ નસકોરાં– ઊંઘમાં મચ્છર સાથેની હરિફાઇ
૪૦ હોટલ – વગર પૈસે છાપુ વાંચવાનું સ્થળ
૪૧ પાણી – દૂધને બમણું કરવાની જાદુઇ દવા
૪૨ લોભ – છાની બિમારી

* ટીકાકાર કેવો હોવો જોઇએ ? *

પરસોત્તમભાઈ માવજીભાઇ પટેલ કપડવંજ

દુનિયામાં દરેકને ટીકા કરવાનો હક નથી એનું કારણ એ છે કે એક માણસ નિષ્ફળ જતાં બીજા માણસો તેના તેજો દ્વેષી ટીકાકાર થાય છે, ટોકાનો હેતુ રચનાત્મક હોવાથી ટીકાકારમાં કેટલીક લાયકાત હોવી જરૂરી હોય છે. જેમાં સહજ બુધ્ધિ કે, પ્રતિભા શ્રમથી મેળવેલી વિદ્યા અને સારૂ ખોટું સમજાવવાની પરખ હોય તે માણસ ટીકા કરવાને લાયક ગણાય કે ટીકાકાર ને જે વિષયનું જ્ઞાન ન હોય તે વિષય ઉપર તેને ટીકા ન કરવી જોઇએ ટીકાકાર જે વિષય ઉપર ટીકા કરવા ઇચ્છતો હોય તે વિષયનું તેને સંપૂર્ણ અનુભવ જ્ઞાન પણ મેળવવું જોઇએ ટીકાકારે અન્યાય કે અદેખાઇ થી નહિં પણ સદ્દભાવના અને ન્યાય વૃતિથી ટીકા કરવી જોઇએ સામા માણસને માઠું લાગશે એ ધારીને ટીકાકારે સંકોચ ન રાખવો જોઇએ પણ બરાબર ઇનસાફ ન થાય જો બરાબર ઇનસાફ ન થાય તો સારો માણસ વગર કારણે બદનામ થઇ અને ખરાબ માણસ કીર્તિના શિખરે જઇ બેસે આથી ટીકાકારે કોઇની ખોટી પ્રશંસા કર્યા વિના તટસ્થ દ્રષ્ટિ રાખી ને ન્યાય આપવો જોઇએ. ખરેખર ટીકાકાર સહૃદયી વિદ્વાન, અનુભવી, ન્યાયી નિષ્પક્ષ અને નીડર હોવો જોઇએ. તેણે સદ્દભાવનાથી પ્રેરાઇને વિવેક પૂર્વક અને નિર્ભયતા પૂર્વક સવિસ્તર ટીકા કરવી જોઇએ.

કઠોળની જાન *

લેખક :- પરબત રામજી ખેતાણી
અરલ નાની (કચ્છ)

રાગ :- ધોળ

જાન કઠોળની મળી, મેઘાડંબર ગાજે.
વટાણા ભાઈનો બેટડો, પરણે છે આજે;
ઢોલ નગારાં ભેરને, સૂર શરણાઈતીણાં;
સો સાંબેલાં શોભિતાં, બેટા બેટી વટાણાનાં;
સાજનનું શું પૂછવું, વટાણે કરી જોરો.
ભેગાં કર્યાં છે ભાવથી, જુણાં મોટાં કઠોળો.
સાધારણ ચપટા અડદ, મલકાતા ડોલે;
આગળ માર્ગ મૂકાવતા, પદ પોલીસ લીધા.
સાજને શ્રેષ્ટ મગભાઈ, સામાન્ય કામે લીધા;
નીલે રંગે શોભતા, મનમાં તે મલકાતા.
હારથાં થોડી તુવેર છે, સામાન્ય કંદજ વાળી;
પોતાના હકકો હલાવતી, ડહાપણથી ભરેલી.
મગ તુવેરતો છે ઘણા, હીર રોકતા તલ;
કાળા ધોળાને થયા, પાતળા પાણી પીને.
ડહાપણ થોડું ને પેટ જાડું, કરતી ડહાપણ દોઢાઈ;
કોઠારમાં ઉછળતી કોડ, સાજન થઈ સારી.
હારો હાર હજારો આ, માંહે માંહે લપાતા,
કોણ આવે શરીર ઓઢીને, એતો મગફળી માતા.
પિત્રાઈઓ છે ચણાના, જમીન માતાને નમેલા;
સર્વે મનમાં મલકાતા, ડહાપણથી ભરેલા.
વરનો તે ઘોડો આવીયો, વાજે વાજા દેશી;
તબલાં ભૂંગળને ઝાંઝરી ભેગું ભરડતી જાતી.
મગ કોડ અડદ, તુવેરને મગફળી;
ચણા એરંડા વાલને, એક તલે તેડી.
જુઓ જાન છે કઠોળની ખેતરમાં છે ઉતારા;
ધન્ય ધન્ય વટાણાને, જાન તમારા જેવી
કઠોળની જાન આ, જોડી એ પંગાં સારુ;
સાર છે બહુજ સમજે તો નહિં તો હસવું તો વારૂ.

જુદા જુદા દેશની વંદન કરવાની રીતો :

પટેલ કેશવલાલ લધ્ધાભાઇ તલોદ

૧ આફ્રીકાના ઝૂલુલોકો કમર નમાવી ને માન આપે છે.
૨ રેડ ઇન્ડીયનો માથામાંના પીછાં અદલાબદલી એંચે છે.
૩ એસ્કિમો એકબીજાના માથાના વાળ ખેંચે છે.
૪ આરબ લોકો પરસ્પર ગાલનો સ્પર્શ કરી હાથ વાળે છે
૫ મલાયાની જંગલી પ્રજા જોરથી બુમ પાડી ગુલાંટ ખાય છે.
૬ ચીની લોકો વડીલના ઝભ્ભાનો છેડો ઊંચે કરે છે.
૭ તિબેટના માણસો ડાબાપગનો અંગુઠો કપાળે અડાડે છે.
૮ ફીલીપાઇન્સના લોકો માથા પર હાથ મુકી સત્કાર કરે છે.
૯ પેપુઅન લોકો માથા પર એકબીજાને ઝાડની છાલ ઓઢે છે.
૧૦ ઓરિસ્સાના સંથાલ લોકો એકબીજાને નાક અડાડે છે.
૧૧ કોંગોના બુશમેનો મુકકા મારે છે.
૧૨ રશિયન લોકો જમણો હાથ ઉંચો કરી માન આપે છે.
૧૩ ફ્રાન્સમાં ચુંબન કરવાની રીત છે.
૧૪ ભારતમાં વંદન કરવાની રીત છે.

" હે માનવ ! "

રાગ:- શ્રી કૃષ્ણં શરણં મમ...એ ઢાળ

:- વાઘુભા જખુભા ટી. પી. ઓ. માંડવી (કચ્છ)

હે માનવ તું માનવ થઇને, દુઃખડાં સૌના ગણતો જા...
સુખીઆરાં સૌને જોવાને, આંખ કાન તું ધરતો જા...
સત્ય ન ભૂલે, સંપ ન ભૂલે ન ભૂલે તું વિશ્વાસ જરા.
પ્રેમ દયાનો સાગર થઇને ત્યાગ થોડું તું કરતો જા
દીન દુઃખીઆનાં આંસુ જોઇ, કદીક જરા તું રડતો જા
ભૂખ્યા, ભાંડરૂ છાના રડતાં, તેની પૂછા તું કરતો જા
ગરીબ બીચારો કોને કહેવો તેની શોધ તું કરતો જા
ગજા પ્રમાણે અંતરથી તું કંઇક તેને તો ધરતો જા
છુપી મદદ છે પ્રભુના નામે સાચો એજ સહારો છે.
છાનાં દાન દેનારાને તું છાતી ઉપર ધરતો જા.
ભારતી માનાં બાલુડાં કાજે ભારતી સંસ્કૃતિ ધરતો જા
મા બેટીની લાજની ખાતર વગર મોતે તું મરતો જા
"વાઘ" વિચારે માનવ ફરે છે, નથી ફરતો ઇશ્વર મારો
કર્મ સાચાં તેને જગમાં કરવા, તું ઇશ્વરથી ડરતો જા

સ્વરાજ્ય અને સ્વધર્મ માટે 'બલિદાન' (ઇતિહાસકથા)

રાયગઢ પર શિવાજીનું મૃત્યુ થયું ત્યારે તેનનો મોટો પુત્ર સંભાજી પન્હાળગઢ નજર કેદમાં હતો. સંભાજીનો રાજ ગાદીનો અધિકાર હોવા છતાં તેને અવગણીને પ્રધાન મંડળે શિવાજીના નાના પુત્ર રાજા રામને ગાદીપર બેસાડવાનો નિશ્ચય કર્યો આ સમાચાર મળતાં સંભાજી પન્હાળગઢ પરથી છટકીને રાયગઢ જવા નીકળ્યો. પોતાની વિરૂદ્ધ કાવતરૂં કરનાર મુત્સદીઓને કેદમાં નાખીને સંભાજીએ ઇ સ. ૧૬૮૧માં પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો આમ શિવાજી મહારાજના સમયમાં જે સંપ સહકાર અને એક નાનું વાતાવરણ હતું તે ડહોળાઈ ગયું.

સંભાજી અત્યંત બહાદુર અને સાહસિક હતો મોગલ, સિદ્દી અને પોર્ટુગિઝોએ ચારે બાજુથી તેને ઘેરી લીધો હતો તે સમયે મોગલ બાદશાહ ઔરંગઝેબનો પુત્ર અકબર પોતાના પિતાની વિરૂદ્ધ બંડ કરીને દક્ષિણમાં આવ્યો હતો. દિલ્હીની ગાદી મેળવવામાટે તેણે મરાઠાઓની મદદ માગી ઔરંગઝેબનો ભય વ્હોરીને પણ સંભાજીએ તેને આશ્રય આપ્યો જેથી ઔરંગઝેબ ગુસ્સે થયો.

સને ૧૬૮૨માં ઔરંગઝેબ જાતે એક મોટી સેના લઇને મરાઠાઓનું રાજ્ય જીતી લેવા દક્ષિણમાં આવ્યો હતો બીજી બાજુ સિદ્દી અને પોર્ટુગીઝ પણ મરાઠાના શત્રુ હતા ખૂબ ધૈર્ય રાખી સંભાજીએ આ સકટનો સામનો કરવા કમર કસી. પ્રથમ તેણે સિદ્દીને જીતવા જંજીરાના કિલ્લાને ઘેરો ઘાલ્યો તેમાં તેને સફળતાં મળી નહીં, કારણકે આજ સમયે ઔરંગઝેબ તેની પ્રચંડ સેના સાથે મરાઠાઓ પર ચડી આવ્યો હતો જંજીરાની ચડાઇ અધુરી રાખી સંભાજી મોગલો તરફ વળ્યો અને મોગલોએ જીતેલો પ્રદેશ પાછો મેળવ્યો.

ત્રીજી બાજુ ગોવાના પોર્ટુગિઝો ધર્મઘેલા બની, ગોવા તથા કોંકણના લોકોને હેરાન કરતા હતા, તેથી તેમનો પરાજય કરવાનો સંભાજીએ નિર્ણય લીધો.

સંભાજીએ તેમના એક પછી એક બધા કિલ્લાઓ જીતી લીધા છેવટે તેણે ગોવાને ઘેરો ઘાલ્યો એટલામાં ઔરંગઝેબનું સૈન્ય પોર્ટુગિઝોની વહારે આવ્યું. હાથ વેંતમાં દેખાતો વિજય છોડીને સંભાજી લાચારીથી મોગલો તરફ વળ્યો.

વારંવાર મોગલ સેના પર છાપા મારીને સંભાજીએ તેને થકવી નાખી ઔરંગઝેબનો પુત્ર શાહઆલમ ગભરાઇને નાસી ગયો. અને થોડા સમય પૂરતાં સંકટનાં વાદળ મરાઠાઓ પરથી દૂર થયાં મરાઠાઓ ગફલતમાં રહ્યા અને ઔરંગઝેબે પોતાની બધી શકિત એકત્રિત કરીને મરાઠા પર ફરી તૂટી પડયો.

સને ૧૬૮૬-૮૭માં તેણે બીજાપુર અને ગોવળકોંડાનાં રાજ્યો પણ જીત્યાં, તેના સરદાર મુકરલખને પન્હાળગઢને ઘેરો ઘાલ્યો ચારે બાજુ જાસુસો મોકલી સંભાજીની હીલચાલ પર તેણે બરાબર ધ્યાન રાખ્યું.

એક વખત કોંકણમાં સંગમેશ્વર ખાતે સંભાજી ગયો છે એવા સમાચાર તેને મલ્યા થોડાક ચુનંદા સૈનિકો લઇને ખૂબ ઝડપથી તેણે સંગમેશ્વર જઇ સંભાજી પર અચાનક હુમલો કર્યો. સંભાજી અને કવિકલશ શત્રુના હાથમાં સપડાઇ ગયા. આ વખતે ઔરંગઝેબની છાવણી પુના પાસે વડૂમાં હતી. પકડાએલાં સંભાજીને ઔરંગઝેબ સમક્ષ ઉભો કરવામાં આવ્યો ઔરંગઝેબે સંભાજીને કહ્યું જો તુ મુસલમાન થવાનું સ્વીકારે તો તને જીવતો રહેવા દઉં. ઔરંગઝેબના આ શબ્દો સાંભળી સંભાજીનો ગુસ્સો કાબુમાં રહ્યો નહી. તેણે એક શૂરવીરને છાજે એવો જવાબ આપ્યો. " મારો પ્રાણ જાય એની મને પરવા નથી મારો ધર્મ હું કદી છોડીશ નહીં " આ જવાબ સાંભળીને ઔરંગઝેબે સંભાજીનો વધ કરવાની આજ્ઞા આપી ઈ. સ. ૧૬૮૯માં સંભાજીનો અત્યંત ઘાતકી રીતે વધ કરવામાં આવ્યો.

આમ સ્વરાજ્ય અને સ્વધર્મ માટે સંભાજીએ પ્રાણનું પણ બલિદાન આપ્યું. પોતાનો ધર્મ છોડવાના બદલે સંભાજીએ હસતે મોંએ મૃત્યુ સ્વીકાર્યું. તેના અપૂર્વ ત્યાગ અને ઘાતકી રીતે કરવામાં આવેલા વધના સમાચાર સાંભળી મરાઠાઓને પાણી ચડયું આ વધનું વેરવા ળવા તેઓ ઉત્સુક બન્યા. તેમણે અંદરો અંદરની લડાઇઓ બંધ કરી દીધી. અને સ્વરાજ્યના રક્ષણમાટે ઔરંગઝેબ સામે લડવા તેઓ એકત્રિત થયા મરાઠાઓના સ્વાતંત્ર્ય સંગ્રામને સંભાજીના વધ પછી વેગ મળ્યો.

મરાઠાઓનો વૈરાગ્નિ હવે ભભૂકી ઊઠયો પોતાનું સ્વાતંત્ર્ય ટકાવી રાખવામાટે સતત છવ્વીસ વર્ષ સુધી મરાઠાઓએ ઔરંગઝેબ સામે ટકાવીર ઝીલીઔરંગઝેબના મત્યુ પછી મરાઠાઓએ છુટકારાનો દમ ખેંચ્યો તેમના સ્વાતંય યુદ્ધમાં તેઓ અંતે વિજયી થયા.

આ યુદ્ધ દરમિયાન સફળતા અને નિષ્ફળતાનાં ચક્રો વારંવાર ફરતાં રહ્યાં હતા. આ કાળ દરમિયાન મરાઠાઓએ શૌર્ય, સ્વામિ ભકિત સ્વાતંત્ર્ય નિષ્ઠા, અને ચીવટ જેવાં ગુણો દાખવ્યા હતા. આ સંગ્રામ દરમિયાન અનેક વીર રત્નોનાં બલિદાન અપાયાં આંખરે શિવાજી મહારાજે પ્રગટાવેલ સ્વાતંત્ર્યની જયોત જલતી રાખી.

સંકલન : શામજીભાઈ એસ. પટેલ વડાદરા.

શ્રી કચ્છ કડવા પાટીદાર કુળદેવી સંસ્થાન

વાંઢાય-ઇશ્વરનગર.

શ્રી પાટીદાર જ્ઞાતિનાં કુળદેવી શ્રી ઉમીયાજી (ઉમા નું મૂળ સ્થાન ઊંઝા (ગુજરાત) માં ભવ્ય મંદિર રૂપે પાટીદાર જ્ઞાતિના સપૂતે એ સમગ્ર જ્ઞાતિના સહકારથી ઊભું કરી તેઓ આજ પર્યંત તેની સેવા અર્ચના કરતા રહીને નિભાવી રહયા છે, અને દરેક વૈશાખી પૂર્ણિમાને દિવસે માતાજીનો ઉત્સવ ઉજવવા પાટીદાર જનેનો મનવ મહેરામણ ઉમટે છે.

પરંતુ કચ્છમાં આવીને વસેલા પાટીદાર ભાઇઓને ઊંઝા જવામાં અગવડ ઉભી થતી હોવાના કારણે વૈકુંઠ નિવાસી પૂજ્ય મહારાજશ્રી ઓધવરામજીએ પોતાના કાર્યકાળ દરમિયાન પોતાના તપશ્ચર્યા ક્ષેત્રે વાંઢાય (ઇશ્વરનગર) ખાતે પાટીદાર કુળદેવી શ્રી ઉમીયાજીની સ્થાપના કરી મંદિર તેમજ ઉત્સવ માટેના ઓરડાઓ બાંધ્યા અને તેનો વહીવટ પાટીદાર ભાઈઓને સોંપ્યો. આ સ્થાન આજ પર્યંત જ્ઞાતિની કુળ ભાવનાને જાળવી રહયું છે.

હાલમાં આ સ્થાનના મકાનો તેમજ મંદિરના જીર્ણોધ્ધારનાં આવશ્યકતા જણાઇ છે અને તે કાર્ય શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ, મુંબઇના અગ્રગણ્ય ભાઇઓએ, જ્ઞાતિના અન્ય ઘણા ભાઇઓના સહકારથી ઉપાડી લીધું છે અને તેને આગળ ધપાવી રહયા છે. પૂજ્ય શ્રી વાલદાસજી મહારાજની આ કાર્યમાં પ્રેરણા આશીર્વાદ પ્રાપ્ત થયા છે અને તેઓ વરસમાં બે મહિના વાંઢાય (ઇશ્વરનગર) રહેવાનું કબુલતાં કાર્ય કરોના ઉત્સાહમાં અનેરો વધારો થયો છે. ઘણી ઝડપથી નવું બાંધકામ તેમજ જૂનાનું સમારકામ થઇ રહ્યું છે. સ્થાનિક રીતે આ કાર્યની જવાબદારી શ્રી શીવગણ રાજાભાઈ પટેલ શ્રી કરસન મુળજી પટેલ અને શ્રી પ્રેમજી પુંજાભાઈ પટેલ સંભાળી રહ્યા છે અનેક જ્ઞાતિબંધુઓનો સહકાર સાંપડયો છે. આ કાર્ય માટે રૂ. ૧૦૦૧, રૂપીઆ એક હજાર એકના ફાળા સાથે આજીવન સભ્યો નોંધવામાં આવે છે. તેમાં આજ પર્યંત રૂા ૭૮૦૭૬ રૂપીઆ અઠોતેર હજાર છઉતેર એકઠા થયા છે જે આ સાથેના લીસ્ટ મુજબના આપણા દાતા જ્ઞાતિ બંધુઓ દ્વારા આપવામાં આવ્યા છે આ કાર્યમાં આપણી જ્ઞાતિના અગ્રણી શ્રી શંકર વિજય સો મીલ, મુંબઇવાળા શ્રી મનજી વાલજી પટેલે પૂ. મહારાજ શ્રી વાલદાસજી મહારાજ હસ્તક રૂપીઆ દસ હજાર આપવાનું વચન આપ્યું છે.

ઉપરોકત ફાળો મહદ્અંશે મુબઇમાં વસતા ભાઈઓ દ્વારા જ કરવામાં

આવ્યો છે અંદાજી ખર્ચ કરીબ સવાથી દોઢ લાખનું કરવાનું છે. મુંબઇ બહાર વસતા ભાઈઓ પણ આ કાર્યમાં યોગદાન આપવાનું જણાવી રહ્યા છે, તો તેઓના સગવડ ખાતર દેશ તથા પરદેશમાં ફાળો પહોંચાડવાનાં સ્થાન નીચે પ્રમાણે છે.

પરદેશ –	દેશમાં –
મણીભાઇ વાલજી પટેલ	**શીવગણ રાજાભાઈ પટેલ**
C/o. પટેલ એન્ડ કું.	દેશલપર (મંજલવાળી)
૧૩૪, રામભાઉ બોગલે માર્ગ	**ભૂજ**–કચ્છ
મુંબઈ ૪૦૦૦૩૩	

★

આશા છે કે જે જ્ઞાતિ બંધુઓ આ બાબતથી વાકેફ નથી તેઓને આથી જાણ થશે અને આપણા કુળદેવી પ્રત્યેની પોતાની ભાવના વ્યકત કરવાની તક સાંપડશે.

હર વરસે માતાજીનો ઉત્સવ રામનવમીના દિવસે ઉજવવામાં આવે છે તે મુજબ આ વરસે પણ ઉજવાશે ત્યારે સમાજના ઉત્સાહી ભાઇઓને આવવાનું આમંત્રણ તે વખતે થઈ રહેલા કાર્યનું તેઓ નીરીક્ષણ કરી શકશે અને ભાવી વિકાસ માટેના સલાહ સુચનો ઉપર વિચારવામાં આવશે.

દાતાઓના નામ નીચે મુજબ છે.

		દેશમાં	પરદેશમાં
૧૦૦૧	પટેલ શીવગણ રાજાભાઇ	દેશલપર	ઘાટકોપર
૧૦૦૧	,, શાન્તીલાલ શીવગણભાઈ	,,	,,
૧૦૦૧	,, કરસન મુળજી	મગવાણા	મુલુન્ડ
૧૦૦૧	,, મણીભાઈ વાલજી	નખત્રાણા	ઘાટકોપર
૧૦૦૧	,, સામજી વાલજી	,,	,,
૧૦૦૧	,, સોમજી વાલજી	,,	,,
૧૦૦૧	,, રમણલાલ વાલજી	,,	,,
૧૦૦૧	,, રતિલાલ મણીભાઈ	,,	,,
૧૦૦૧	,, મણીલાલ પૂંજાભાઇ	,,	,,
૧૦૦૧	,, સામજી જીવરાજ	કોટડા	થાણા
૧૦૦૧	,, મનજી જીવરાજ	,,	,,
૧૦૦૧	,, ગોપાળ જીવરાજ	,,	,,

૧૦૦૧	,, અબજી નાનજી	,,	ઘાટકોપર
૧૦૦૧	,, અરજણ નાનજી	,,	,,
૧૦૦૧	,, માતાજી મીણબાઇ કાનજી	,,	,,
૧૦૦૧	,, નારણભાઈ રામજી	ગઢસીસા	,,
૧૦૦૧	,, દેવશી મેઘજી	નવાવાસ	ઘાટકોપર
૧૦૦૧	,, કેસરાભાઇ કરસન	દેશલપર	,,
૧૦૦૧	ચૌધરી સામજી ખીમજી	દરસડી	,,
૧૦૦૧	પટેલ ભાણજી કરસન	વિરાણી	,,
૧૦૦૧	,, ભાણજી કરમશી "	કુરબોઇ	,,
૧૦૦૧	,, પૂંજાભાઈ વિશ્રામભાઈ	જીયાપર	,,
૧૦૦૧	,, ધનજી ભાણજી	,,	,,
૧૦૦૧	,, જેઠાભાઇ નથુભાઇ	વેરસલપર	મુલુન્ડ
૧૦૦૧	,, હિમતલાલ રતનશી	વિરાણી	ઘાટકોપર
૧૦૦૧	,, મેઘજી લાલજી	કોટડા	થાણા
૧૦૦૧	,, પ્રભુદાસ લાલજી	,,	,,
૧૦૦૧	,, શીવગણ વસ્તા	જીયાપર	ઘાટકોપર
૧૦૦૧	,, હીરબાઇ શીવગણ	,,	,,
૧૦૦૧	વેલાણી ડૉ. પ્રેમજીભાઇ આર.	નવાવાસ	,,
૧૦૦૧	પોકાર માવજીભાઈ પી.	નખત્રાણા	,,
૧૦૦૧	પટેલ કેશવજી શીવજી	ખીડાઇ કોટડા	,,
૧૦૦૧	,, કાનજી પ્રેમજી	કોટડા	ખંડવા
૧૦૦૧	,, વાલજી જસરાજ	નખત્રાણા	નાગપુર
૧૦૦૧	,, સામજી વિશ્રામ ઉકાણી	ગઢસીસા	ઘાટકોપર
૧૦૦૧	,, ખેતસી માવજી	ઉખેડા	,,
૧૦૦૧	,, પ્રેમજી માવજી	,,	,,
૧૦૦૧	,, રણમલ માવજી	,,	,,
૧૦૦૧	દિવાણી વાલજીભાઈ દેવશી	રોડિયા	,,
૧૦૦૧	,, ભાણજી દેવશી	,,	,,
૧૦૦૧	સેંઘાણી રામજી દાના	રસલિયા	રેરોડ
૧૦૦૧	પટેલ કરમશી કચરાભાઇ	ગઢસીસા	ઘાટકોપર
૧૦૦૧	,, મુળજી કરસન	ઝુંઝાય	,,
૧૦૦૧	,, વીરજી કરસન	,,	,,
૧૦૦૧	,, શીવદાસ લાલજી	દેશલપર	,,

૧૦૦૧	પટેલ	મુળજીભાઈ શીવદાસ	,,	,,
૧૦૦૧	,,	પરબતભાઇ પુંજાભાઈ	દૌલતપર	થાણા
૧૦૦૧	,,	માધવજી વાલજી	નેત્રા	ભીવંડી
૧૦૦૧	,,	કરસન માવજી	રોડિયા	,,
૧૦૦૧	,,	માનણુ ગોવિન્દ		
૧૦૦૧	,,	વાલજી જેઠા	કોટડા	
૧૦૦૧	,,	નારણભાઇ કાનજીભાઇ	,,	
૧૦૦૧	,,	શીવજી જીવરાજ	,,	
૧૦૦૧	,,	વિશ્રામભાઇ અખૈ	,,	,,
૧૦૦૧	,,	કરમશી શીવગણુ	રેસલિયા	,,
૧૦૦૧	,,	માતાજી પુરબાઇ વાલજી	માનકુવા	ઘાટકોપર
૧૦૦૧	,,	પરબતભાઇ હરજી	કોડાય	
૧૦૦૧	,,	શીવગણુ પ્રેમજી	દરસડી	
૧૦૦૧	,,	લખમશી લધાભાઇ	,,	
૧૦૦૧	,,	બેચરદાસ હરજી નાનજી	દેશલપર	,,
૧૦૦૧	,,	રતનશી મુળજી	ખોંભડી	,,
૧૦૦૧	,,	અરજણુ કરસન	લોડવા	,,
૧૦૦૧	,,	કરસન મેઘજી	ભેરૈયા	,,
૧૦૦૧	,,	મેઘજી રતનશી	મમાઇમોરા	,,
૧૦૦૧	,,	ગંગદાસ જીવરાજ	લક્ષ્મીપર	
૧૦૦૧	,,	શીવજી નાનજી	મમાઇમોરા	
૧૦૦૧	,,	સામજી દેવશી	કોડાય	અંધેરી
૧૦૦૧	,,	રામજી કાનજી	ઉગેડી	,,
૧૦૦૧	,,	હરિભાઇ રામજી	મથલ	,,
૧૦૦૧	,,	ગોપાળ અરજણુ	ઉગેડી	મલાડ
૧૦૦૧	,,	પ્રેમજીભાઈ દેવજી	દયાપર	,,
૧૦૦૧	,,	અરજણુભાઇ રામજી	વિરાણી	રેરોડ
૧૦૦૧	,,	પ્રેમજીભાઇ હીરજી	મમાઇમોરા	ઘાટકોપર
૧૦૦૧	,,	હંસરાજ દાના	નખત્રાણા	બલારશા
૧૦૦૧	,,	કાનજી રામજી	હરિપર	નાગપુર

૨૦૦૦ માતાજીના જુના ફંડના હિસાબના શીવદાસ લાલજી પટેલ પાસેથી વ્યાજ સાથે આવ્યા તે—

૧૦૦૧	સોમજી અરજણુ પટેલ	નખત્રાણા	નાગપુર

૭૮૦૭૬

તા. ૧૮-૨-૭૪

‘........એ ગાંધીને !’

રચયિતા : રતીલાલ દેવસંભાઈ પટેલ
“ વિલયી ” અમદાવાદ

અહિંસાના અમોઘ શસ્ત્ર સહાયથી સેંકડો વર્ષોની ગુલામીમાંથી આપણને સ્વરાજ્ય બક્ષ્યું. અખંડ ભારતને રામરાજ્યની ભૂમિ બનાવવાનાં સ્વપ્નાં સેવનાર એ ગાંધીને આજ છવ્વીસ વર્ષે વળી એક વાર મશાણમાંથી પાછો બોલાવી અનેક વાર પોકારી પોકારીને કહીશું ઓ ગાંધી ! અરે...ઓ ગાંધી !

ધધકતી આગમાં બાળો છે ભડકે અહિંસાને,
હતો ગર્વ તુજને ઓ અહિંસાના પૂજારી;
ખડકી જાણ્યા લાશના ઢગલા તારી નજરમાં,
છવ્વીસે દીધો તને ગોળીએ દાનવ બની;
સાંભળજે ગલીએ ગલી વિધવાનાં રૂદન વિકરાળ,
કદી ન કહીશ દુનીયાને, ફરીસ્તા અમે અહિંસાના
રહી ગયો ડંખ અમ આતમમાં હિંસા તણો,
માનવ હું માનવ થાઉં તોય ઘણો.
નથી ખપતી, નથી ખપતી એ ક્રૂર હિંસાને.
રહ્યાં વળગી બની મજબુર અધમ એ હિંસાને,
નો ‘ તો દેવો તોય દેવાયો ગોળીએ ફરી ફરી.
ન બન્યાં હોત પાયમાલ, કાશ ! એ અહિંસા થકી,

હિંસાની પ્રબળતા આગળ તારી એ અહિંસાનું શું ગજું ? અહિંસાને જ સર્વસ્વ માની હોત તો આજ છવ્વીસ વર્ષે તને ગોળીએ શું કામ દેત મરીને ય તું હજાર વાર “ ગાંધી ” બનીશ તોય પામર માનવી પાસે તો હિંસા જ મળવાની.

શા કાજે હિંસાનો તિરસ્કાર કરે છે. શું હિંસાએ તને મહામાનવ બનાવ્યો નથી ? ! એ હિંસાથી તો તું ‘ ગાંધી ’ બન્યો. તું જ જવાબ આપ શું માત્ર અહિંસાથી આટલો બધો પૂજાયો હોત ?!

સૃષ્ટિના ક્રમમાં તું કયાંય વિલાઇ જઈશ એવો મનમાં ડર કદી ન રાખીશ. જન્મજાત લોહી ભુખ્યો માનવ જયાં જયાં હિસાના તાંડવ ખેલશે ત્યાં ત્યાં તારી યાદ અમર બની રહેશે.

વિધવાનાં ઉખડી ગયેલ જીવનની અસહાયતા, ભુલકાંઓના જીરવી ન શકાય તેવાં આંક્રદોનો ‘તમાશો’ જોવા તો તું એકવાર અવનીપટ્ટ પર આવીને તો જો તારી એ અહિંસાના અમે શા હાલ કર્યા છે. અરે ! અહિંસાનાં મડદાંને ય લાત મારી હુકરાવી દીધું છે.

* વિજ્ઞાન મંડળ *

પટેલ કાન્તિલાલ વીરજીભાઇ
ગોટાડીલાટ

વિજ્ઞાન વિશ્વવ્યાપક છે. તેની સીમા ને કોઇ પિછાનતું નથી. વિજ્ઞાનથી માનવ વચ્ચે, રાજ્ય રાજ્ય અને દેશ દેશ વચ્ચે અંતર ઓછું થઇ રહ્યું છે. આજના માનવીએ ચંદ્ર અને મંગળ ઉપર જવાની હામ ભીડી છે. અને તે દિવસ બહુ દૂર નથી કે જ્યારે ધરતીના માનવીઓ તેના ઉપર બેસશે અને દુનિયા આગળ ત્યાંની નવી નવીઓજેને રજુ કરશે.

'Present age is called the age of science'

પણ આ બધું કોને આભારી છે ? શું તેમને તે માટેનું શિક્ષણ સીધે સીધું મળતું હશે ? ના એ શકય નથી. એ માટે એમને ઘણી બાબતોમાંથી પસાર થવુ પડે છે. જેમ ઇમારતનો પાયો મજબુત ન હોય તો તે ભવિષ્યમાં તૂટી પડવાની બીતિ રહે છે. તેમ જો માધ્યમિક શિક્ષણ રૂપી પાયો મજબુત ન હોય તો વિજ્ઞાનની પ્રગતિ રૂપી ઇમારત કડડભૂસ કરતી બેસી જશે.

પણ સાથે સાથે માધ્યમિક શિક્ષણના અભ્યાસક્રમમાં "વિજ્ઞાન" સિવાય રાખવાથી આપણો હેતુ સિદ્ધ થતો નથી. માટે તેમની વૈજ્ઞાનિક શક્તિઓનો વિકાસ થાય તે માટે પ્રત્યેક માધ્યમિક શાળામાં વિજ્ઞાન મંડળ હોવું અત્યંત આવશ્યક છે; શાળામાં એવા વિદ્યાર્થીઓ આવે છે કે જેમને કંઇક કરી બતાવવાની હોંશ હોય છે. ઘણામાં રચનાત્મક વૃત્તિ તથા સંશોધન વૃત્તિ રહેલી હોય છે, જે શાળામાં કે વિજ્ઞાન મંડળ દ્વારા પૂર્ણ વિકસિત થાય છે. મારી દ્રષ્ટિએ તો "વિજ્ઞાનમંડળ" એજ એવું મંડળ છે. કે વિદ્યાર્થીઓમાં રહેલી સુષુપ્ત વૈજ્ઞાનિક શકિતને ખેંચી લાવી વ્યકિતગત અને સામાજિક ક્ષેત્રે ઉપયોગી એવું માનવ સ્વરૂપ ધારણ કરી શકે.........

— ભાવિ યોજનાઓમાં વિચારવા જેવું —

છગન ડી. પટેલ (ન્યુ સીવીલ હોસ્પીટલ – અમદાવાદ)

—અમદાવાદના લોકો પ્રામાણિકતામાં પછાત છે.
—મુંબઇના માણસો પ્રેમ કરવામાં પછાત છે.
—અમૃતસરના લોકો બુધ્ધિમાં પછાત છે.
—મદ્રાસના લોકો રંગ પસંદ કરવામાં પછાત છે.
—ભોપાલના લોકો ધન કમાવામાં પછાત છે.
—દિલ્હીના લોકે ભજન કરવામાં પછાત છે.
—કાશીના લોકો સ્વચ્છતામાં પછાત છે.
—શ્રીનગરના લોકો પોશાકમાં પછાત છે.
—રંગૂનના લોકો રાજકારણમાં પછાત છે.
—જયપુરના લોકો વરસાદ મેળવવામાં પછાત છે.

નવાઈ ભર્યો નવડો અને ત્રણનો આંકડો

(જ્ઞાન અને ગમ્મત)

રવિંદ્ર આર. પટેલ
Pre. Uni Sc
બહાદુરટંપા પો. સિસોદરા
તા. મેઘરજ (સા કાં.)

એક વખત ગણિત રાજાના દરબાર માં આંકડાઓની મહાસભા ભરાઈ હતી દરેક જણ (આંકડાઓ) પોત પોતાની બડાઇઓ હાંકતા હતા. કોઇ કોઇનું સાંભળતું ન હતું ને આખી સભામાં બહુજ કોલાહલ વધી ગયો તેથી સભાના પ્રમુખશ્રીએ ટેબલ પર હથોડી ઠોકીને, 'સાયલંસ પ્લીઝ' ના બરાડા પાડી સભાંને શાંત થવા જણાવ્યું અને કહ્યું, 'તમને સૌને પોત પોતાની બહાદુરીનાં વખાણ કરવાની આજે તક મળશે, તેથી દરેક જણે અહીં આવી પોતાની હકીકક રજુ કરવાની રહેશે', દરેક આંકડા રાજી થઇ ગયા અને તેથી શાંતિપૂર્વક અદબ પલાંઠી વાળી બેસી ગયા.

દરેક જણ વારા ફરતી આવીને પોત પોતાની બહાદુરી જણાવવા લાગ્યા અને સભામાં તાલીઓ પડવા લાગી અને વાહ વાહ ના ઉચ્ચારો આવવા લાગ્યા પછી ત્રણના આંકડાનો વારો આવ્યો. પણ તે વક્તા આગળના બે જણાથી જુદો નીકળ્યો. તેણે ચાલુ કર્યું.

આજની સભાના પ્રમુખશ્રી તથા અન્ય સભાજનો, તમને એમ લાગતું હશે કે આ ત્રગડાભાઈ હમણાં આપ બડાઈના ગોળાઓ ગબડાવવા માંડશે! પણ મારે મારા વખાણ કરવા નથી. મારે આપ બડાઇ કરવી નથી માફ કરજો હું સમય વગર બોલવા માગતો નથી' સભામાં ગોટાળો થઇ ગયો ત્યાં પ્રમુખે 'સાયલંસ પ્લીઝ' ના અવાજ થી સભાને શાંત રાખી અને વધુ શાંત કરવા માટે ત્રગડો બેસી ગયો તેથી પ્રવચન આપવા આગળના નંબરના વક્તાઓને વિનંતી કરી.

એમ કરતાં કરતાં હવે આઠડાનો વારો આવ્યો તેણે પણ પ્રવચન પૂરું કર્યું ત્યાંતો આઠડાભાઇની પાછળ બેઠેલી બહુજ પ્રતિષ્ઠિત લાગતી એક મોટી શાહુકાર લાગતી હોય તેવી વ્યક્તિ એ ખુબજ ગર્વ અને દ્રઢતા સાથે ઉંચું જોયું તે હતા નવડાભાઈ. તે પ્રથમ વ્યક્તિઓમાં સૌથી મોટા હતા તેથી જરા વટનો કટકો હોય તેમ ઊભા થઈને સભામંચ તરફ ચાલતા હતા તેઓ માઇક પાસે આવ્યા અને કહેવા લાગ્યા.

"સભાજનો દરેકજણ પ્રથમ સંબોધન માં ગણો સમય વિતાવી દે છે કારણકે તેઓ પાસે પોતાનાં વખાણ કરવા જેવાં કાર્યો હોતા નથી પણ હું એવો નથી હુ અહીંથી જ મારૂ ભાષણ ચાલુ કરું છું" દરેક જણ વિસ્મયમાં ગરકાવ થઇ

ગયા કારણકે હમણાં જ તેઓને મસ્ત તાજગીભર્યું અને મનગમતું ભાષણ 'નવડા' તરફથી પીરસાવાનું હતું.

"ભાઇઓ જુવો, ધ્યાન દઇને સાંભળશો તો મઝા પડશે !

સાંભળો, ગ્રહો કેટલા છે ?

જ૦ મારા જેટલા [નવ] શનિ મંગળ, બુધ, ગુરૂ, શુક્ર, નેપ્ચુન, પ્લુટો યુરેનસ

રસ કેટલા છે ?

જ૦ મારા જેટલા, કયા કયા ?

શૃંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, શાન્ત, અદ્ભૂત.

વિક્રમાદિત્યના દરબારમાં વિદ્વાન રત્નો કેટલાં હતાં ?

જ૦ મારા જેટલાં, કયાં કયાં ?

કાલીદાસ, ધન્વન્તરી, ક્ષપણક, અમરસિંહ, વૈતાલ, શંકુ, વરાહમિહિર, બાણ અને ઘટખર્પર.

અકબર બાદશાહનાં બુદ્ધિમાન રત્નો કેટલાં હતાં ?

જ૦ મારા જેટલાં, કયાં કયાં ?

બીરબલ, તાનસેન, ટોડરમલ, માનસિંહ ભગવાનદાસ, અબુલફઝલ, અબુલફૈજી ખાન, ખાન અબ્દુલરહીમ.

મુસલમાનોનો પવિત્ર તહેવાર કયો ?

જ૦ 'નવમો' કયો? "રમજાન"

બાળકનો જન્મ કયા મહિને થાય છે ?

જ૦ નવમા મહિને

માનવદેહનાં દ્વાર કેટલાં ?

જ૦ મારા જેટલાં, કયાં ?

- બે નાકનાં, બે કાનનાં, બે આંખનાં એક મુખનું, બે ગુહ્યાંગના

ભકિતના પ્રકાર કેટલા ?

જ૦ મારા જેટલા, કયાં ?

શ્રવણ, કિર્તન, મનન, અર્ચન, પ્રાર્થના, દાસત્વ, આત્મનિવેદન, ચરણ, સેવન, ગુણગાન.

બ્રાહ્મણના ગુણો કેટલા ?

જ૦ મારા જેટલા, કયા ?

ક્ષમા, દાન, અસ્તેય, શૌચ, ઇન્દ્રિય નિગ્રહ, બુદ્ધિ, ધૃતિ, વિદ્યા, ક્રોધત્યાગ

નિધિઓ કેટલી ?

જ૦ મારા જેટલી, કઇ કઇ ?

કામધેનુ, અંજન, સિધ્ધપાદુકા અન્નપૂર્ણા, કલ્પતરૂ, ધુટિકા, જમણો શંખ, ચિતામણી, અક્ષયપાત્ર.

આ નવડાને આટલો બધો ગર્વ કરતો જોઈ હવે તગડાથી મૌન ના રહેવાયુ તે તેને અટકાવીને બોલી ઉઠયો.

નવડાભાઇ અભિમાન ન કરવું જોઇએ તે તો તમારૂ શું પણ લંકાપતિ રાવણ નું પણ નથી રહ્યું, નાનકડા તગડાને આમ ઉપદેશ આપતો જોઇ નવડાભાઇ થી પણ હવે ગુસ્સાને દબાવી ન રખાયો તેઓ બરાડા સાથે કહેવા લાગ્યા, બેસ ! બેસ ! છે તો મારા ત્રીજાભાગનો ને વળી ડાહ્યો થાય છે ? સભામાં કોલાહલ મચી ગયો, પ્રમુખશ્રીએ સૌને શાંત પાડવા માટે નવડાભાઇને બેસાડી દીધા અને તગડાને ફરીથી પ્રવચન આપવા જણાવ્યું. તગડો હજુ ગુસ્સામાં જ હતો તે કહેતો તો, નવડાભાઇ તમો સૌથી મોટા છો તેથી ફુલાઈ જઇ

તથા અમે નાના છીએ તેનો લાભ ઉઠાવીને ગર્વ ન કરવો જોઇએ. ખબર છે ? "ઝાઝી કીડીઓ સાપને તાણે".

"બેસ ! હવે ઉપદેશ આપ્યા વગર તારાં વખાણ પણ સાંભળી બતાવ ને ? નવડે બહુજ દાંત પીસીને કહ્યું.

પ્રમુખે કહયું, "સાચી વાત છે તગડા ભાઈ તમારી બહાદુરી બતાવોને ! ખબર પડે કે તમો કેવા બહાદુર છો", બીજા સભાજનોએ પણ આ પ્રમાણે થાય તે માટે હા માં હા મિલાવી.

તેથી તગડે પ્રવચન ચાલુ કર્યું સૌ શાંત ચિતે બેસી રહ્યા.

"ભાઇઓ તથા પ્રમુખશ્રી
હું ગર્વ નથી કરતો પણ આપની ઇચ્છા હોવાથી મારાં વખાણ મારે જાતે જ કરવાં પડે છે. કોઇ વાંધો નથી; કેટલાક ચમચાઓ બોલ્યા.

"સાંભળો" તગડે હવે ચાલુ કર્યું
"માન કેટલાં ને આપવું ?"
જ. ત્રણને વડીલ, ન્યાય, સંયમ. !"
"કોને હંમેશાં પાસે રાખવાં ?"
જ. ત્રણને નમ્રતા, ધૈર્ય પ્રેમ, !"
"કેટલા માટે લડી મરવું જોઇએ. ?"
જ. ત્રણ માટે ! આઝાદી, સત્ય, ન્યાય !"
"કેટલાથી ચેતતા રહેવું" "જ. ત્રણથી આળસ, ખુશામત, બકવાદ. !
"કેટલા માટે તૈયાર રહેવુ." જ. "ત્રણ માટે દુઃખ, મૃત્યું, વિપત્તિ.
કેટલા પર કાબુ રાખવો ? "જ. ત્રણ પર જીભ, ટેવ, ગુસ્સો.
"કેટલા માટે કજિયો ના કરવો ?" "જ. ત્રણ માટે જર, જમીન, જોરૂ"
"કેટલા માટે મરી ફીટવુ" "જ. ત્રણ માટે દેશ, ધર્મ, મિત્ર !"
"જગતની સૌથી મહાન સત્તાઓ કેટલી ?
જ. ત્રણ અમેરિકા, રશિયા, ચીન,

આમ તગડાભાઇનાં આવાં કાર્યો સાંભળી ખાખીસભાનાં દરેક સભ્યોના મુખમાંથી વાહ ! વાહના ઉચ્ચારો નીકળી પડયા. અને પ્રમુખે પણ તગડાને ખુશ થઇને ધન્યવાદ આપ્યા. અને પછી પ્રમુખશ્રીએ ગર્વ ન કરવો જોઇએ. વિષયપર લગભગ બે કલાક ભાષણ આપ્યું. તે સમય દરમિયાન નવડાભાઈ છાના માના આડાઅવળે પાછળ મોઢું છુપાવીને આ બધું સાંભળતા હતા. તે સાંભળી તેનું અભિમાન ઓસરી ગયું અને તેને ભાન આવ્યું કે મારા કરતાં તગડો ત્રીજા ભાગનો છે છતાં તે મને ભાગીને મારા ટૂકડા કરી શકે છે. અને તેની મહત્તા પણ નવડા કરતાં ઉતરતી સાબિત ન થઇ તેથી ત્યારથી નવડાભાઇએ કોઇ દિવસ તગડા સામું 'ચું કે ચાં' કર્યું નહીં પણ બંને મિત્ર બની ગયા. તેથી જ જે સંખ્યાને તમો નવથી નિઃશેષ ભાગો છો તેને ત્રણથી પણ નિઃશેષ ભાગી શકાય છે.

કથાનો બોધ

કહેવાય છે કે આ મહાસભામાં નવડાના વેશે આજના રાજકારણમાં પડેલા પ્રધાનોના એક ખાસ મિત્ર હતા અને તગડો એ ગરીબ પ્રજામાંનો એક હતો જેમ તે સભામાં નવડાનું અભિમાન ગળીજઇને તગડો, નવડો બંને હળીમળીને રહેવા લાગ્યા તેમ, જો આજે પણ રાજકારણીય પુરૂષો સમજી જાય તો પોતે નિષ્ફળ છે તેમ કબુલે અને હવેથી શુભ પ્રભાત ગણી સફળ રાજ્ય શાસન ચલાવે તો કોમી રમખાણો અટકીને નવડા અને તગડાની જોડીની જેમ ગરીબ પ્રજા અને રાજકારણીય પુરૂષો સમજી જાય તો કેવું સારૂં !

પણ આતો સ્વપ્નોની દુનિયામાં પરિકલ્પનાની વાતો કરતા હોઇએ તેવો ભાસ થાય છે ! ★

સમાચાર દર્શન

અમદાવાદ ખાતે બંધાનાર સમાજવાડી માટે અંગત અભિપ્રાય

અમદાવાદમાં આપણા સમાજ દ્વારા બંધાનાર સમાજવાડી સ્થાનિક ધોરણે બાંધવી કે રાષ્ટ્રીય ધોરણે તે અંગે અભિપ્રાયો મંગાવવામાં આવેલ છે, પરંતુ એ હકીકતતો નિર્વિવાદ જ છે કે આ સમાજની કોઇ પણ સમજદાર વ્યક્તિ કે મંડળ એવું તો નહીં જ ઇચ્છે કે અમદાવાદમાં જે સમાજવાડી બંધાય તે સ્થાનિક ધોરણે જ બાંધવામાં આવે. કચ્છમાંથી બહાર અન્ય રાજ્યોમાં જતી તેમજ આવતી વખતે, તેમજ ગુજરાતમાં સ્થિત આપણા ભાઇઓ માટે પણ અમદાવાદની વધી ગયેલી અગત્યતા જોતાં સમાજવાડી રાષ્ટ્રીય ધોરણે જ બંધાય તે જરૂરી જ નહીં, પણ ખૂબજ અગત્યનું બની રહે છે. હવે સવાલ એક રહે છે, આર્થિક બાબતોને સ્પર્શતો ! તે માટે ગુજરાત તેમજ બહાર અન્ય રાજ્યોમાં વસતા આપણા સર્વે ભાઈઓની તથા જે તે વિસ્તારના સ્થાનીય સમાજ કે અગ્રગણ્ય યુવકમંડળોની એ ફરજ બની રહે છે કે તેમણે શકય તેટલા પ્રયત્નો કરી મહત્તમ મદદ અમદાવાદની સુચિત સમાજવાડી માટે પૂરી પાડવી.

તેના સંચાલનના કે અન્ય કોઈ ગૌણ પ્રશ્નોને ઝાઝું મહત્વ આપ્યા સિવાય, આપણે સૌ, હૃદયપૂર્વક અને શુભ નિષ્ઠાથી સહિયારા પ્રયાસો કરીશું તો જ આપણે આપણા સમાજનું હાલમાં આરંભેલું એક ભવ્ય સ્વપ્ન સાકાર કરી શકવામાં ફળીભૂત થઈ શકીશું.

શામજીભાઈ આર. પટેલ સાણંદ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ વાર્ષિક મીટીંગ

ઉપરોકત મંડળની વાર્ષિક મીટીંગ તા. ૧૦–૨–૭૪ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવનના પ્રાંગણમાં યોજવામાં આવી હતી તે વખતે નીચે મુજબના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા.

ઠરાવ : ૧ ઈ. સ. ૧૯૭૩ની સાલનો વાર્ષિક અહેવાલ વાંચનમાં લઈ બહાલી આપવામાં આવી.

ઠરાવ ૨ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ઘનસુરાના બંધારણની કલમ ૬ (બ) માં સુધારો કરવામાં આવ્યો. સુધારો આ પ્રમાણે છે.

વાર્ષિક લવાજમ અત્યાર સુધી રૂા ૨/ હતું તેના બદલે હવે થી રૂા ૩/– લેવાનું નક્કી કરવામાં આવ્યું.

ઠરાવ : ૩ બંધારણની કલમ ૯ (બ) માં પણ સુધારો કરવામાં આવ્યો છે. જે આ પ્રમાણે છે.

અત્યાર સુધી કારોબારીના સભ્યો એક વર્ષ માટે ચૂંટવામાં આવતા હતા પરંતુ વિવિધ પ્રવૃત્તિઓને ધ્યાનમાં લઇ એક વર્ષ માટે ચૂંટાઇ આવેલા સભ્ય મંડળની કાર્યવાહીથી પરિચિત બને એટલામાં જ બંધારણની રૂએ હોદ્દો છોડવો પડતો હોય છે. પરંતુ કાર્યવાહીને વેગવાન બનાવવામાં વિક્ષેપ ઊભો ન થાય અને ચૂંટાયેલા સભ્યો વધુ કાર્યશીલ બને તે માટે સામાન્ય સભામાં કારોબારીના સભ્યોને હવેથી બે વર્ષ માટે ચૂંટવાનું નક્કી કરવામાં આવ્યું.

ઠરાવ : ૪ શિક્ષણ ફંડ મેળવવા બાબત.

ખાસ કરીને આર્થિક પછાતપણું અનુભવતાં ગરીબ કુટુંબો પોતાનાં બાળકોને ઉચ્ચ કેળવણી આપવા માટે અશક્તિમાન હોય છે. તેથી તેઓને શિક્ષણ માટે આર્થિક સહાય આપવા માટે શિક્ષણ ફંડ હોવું જરૂરી છે તેવા વિચારો આજની સામાન્ય સભામાં વ્યકત કરવામાં આવ્યા હતા તો આ બાબત નો યોગ્ય વિચાર કરવા વડીલ સમાજને ઘટતું કરવા વિનંતિ કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો.

ઠરાવ : ૫ ૧૯૭૪ ના વર્ષની કારોબારીની ચૂંટણી કરવા બાબત.

૧૯૭૪ની સાલથી અમલી બનતી નવી કારોબારી માટે આજની સભા

૧૯૭૩ની સાલની ચાલુ કારોબારીને હજુ બે વર્ષ સુધી ચાલુ રાખવા માટે સર્વાનુમતે ઠરાવ કરવામાં આવ્યો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ–૧૯૭૪ની કારોબારી મંડળના સભ્યોનાં નામ આ પ્રમાણે છે.

પ્રમુખ :	પટેલ સામજીભાઈ સવગણભાઈ	હરિપુરાકંપા (આકરૂન્દ)
ઉપપ્રમુખ :	,, પ્રેમજીભાઈ દેવસીભાઇ	નવાનગર
મંત્રી :	,, અરજણભાઈ વિસરામભાઇ	એદલપુરાકંપા
સહમંત્રી :	,, ગોવિંદભાઈ વેલજીભાઈ	ધનસુરા
ખજાનચી :	,, રતિલાલ વસરામભાઈ	મોતીવેણી
કા. બા. સભ્ય	,, બહેચરભાઇ મુળજીભાઈ	મોતેસરી
,,	,, ગંગારામ રતનશીભાઈ	રાજપુરકંપા
,,	,, તુલસીદાસ હિરજીભાઇ	વિષ્ણુપુરા
,,	,, ગોપાલભાઈ રતનશીભાઈ	મદાપુરકંપા
,,	,, લખુભાઈ નથુભાઈ	શાન્તિપુરાકંપા
,,	,, ચંદુભાઈ વેલજીભાઈ	હડમતિયાકંપા
કો. ઓ. સભ્ય	,, રતિલાલ લધાભાઈ પ્રિન્સિપાલ	તલોદ
,,	,, પ્રેમજીભાઈ અખેરામભાઈ	ધનસુરા
,,	" વાડીભાઈ કેસરાભાઈ	,,
,,	,, વિઠ્ઠલભાઈ કરશનભાઈ	બિલેશ્વરકંપા
,,	,, રણછોડભાઈ જેઠાભાઇ	બાવળીયાકંપા
ઓડીટર	,, કુંવરજીભાઈ પ્રેમજીભાઈ	મોડાસા
,,	,, મુળજીભાઈ કરશનભાઈ	તલોદ
સલાહકાર	,, નાનજીભાઈ કાનજીભાઈ	રાયણનોમાળ
,,	,, વિશ્રામભાઈ નથુભાઇ	અણીયોરકંપા
તંત્રી	,, કાન્તિલાલ ખીમજીભાઈ	ધનસુરા

શ્રી રામજીભાઈ નાનજીભાઈ પટેલ હાઈસ્કૂલ
તખતગઢ—સરતાનપુર (હડમતિયાકંપા)

" ચતુર્થ વાર્ષિકોત્સવ "

તખતગઢ-સરતાનપુર કેળવણીમંડળ સંચાલિત ઉપરોક્ત શાળાનો ચતુર્થ વાર્ષિકોત્સવ ગત તા. ૧-૨ માર્ચના રોજ શ્રી સવજીભાઈ નાનજીભાઈ ધોળુના પ્રમુખ સ્થાને ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે અતિથિવિશેષ તરીકેનું સ્થાન સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજે શોભાવ્યું હતું.

ઉજવણીના બન્ને દિવસોએ રાત્રે મનોરંજન કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. તા. ૧-૩-'૭૪ ને શુક્રવારના રોજ વર્ગવાર એકાંકી સ્પર્ધાઓ, ભાંગડાનૃત્ય અને બાલમંદિરનાં ભૂલકાંઓના અભિનય ગીતોનો કાર્યક્રમ નીચે મુજબ હતો.

૧. બાલમંદિર :— અભિનય ગીતો—
૨. ધોરણ ૫ 'મનમાં વસી ઈ મહારાણી' એકાંકી
૩. " ૬ 'મૂરતિયો' "
૪. " ૭ ઘરમાં ચાલે પોલમપોલ "
૫. " ૮ ખુરશી ગઈ ! "
૬. " ૯ ગોટાળો... "
૭. " ૧૦ તેં આ શું કર્યું ! "
૮. પ્રાથમિક વિભાગ-બહેનો :- 'આધુનિક મહાભારત' એકાંકી
૯. માધ્યમિક વિભાગ-બહેનો:- 'નવાજૂની થવાની જ' "
૧૦. શિક્ષકો તથા વિદ્યાર્થીઓ:— ભાંગડા નૃત્ય

તા. ૨ ૩ '૭૪ ને શનિવાર -:

૧ શિક્ષકો તથા વિદ્યાર્થીઓ :— " હસમો ગઠ "
[દ્વિઅંકી નાટક :—]

૨ કવ્વાલી :- વિદ્યાર્થીઓ

આ સમયે શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞ હોવાથી અન્ય ગામોમાંથી પધારેલ વડીલો તથા માતાઓએ કાર્યક્રમને દીપાવ્યો હતો.

સમારંભના પ્રમુખશ્રીએ રૂ. ૧૦૧/- આપી, બાળકોને પ્રોત્સાહન માટે ઇનામોની જાહેરાત કરી હતી.

આ સમયે સ્વામીશ્રી કૃષ્ણાનંદજી મહારાજ તરફથી અમારી શાળામાં દર વર્ષે એસ. એસ. સી. પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનારને અનુક્રમે રૂા. ૨૬/– રૂા. ૧૫/– અને રૂા. ૧૦/ ની જાહેરાત કરી હતી. તથા બાલમંદિરના બાળકોને પ્રસાદ માટે રૂા. ૫૧–૦૦ આપ્યા હતા.

આ ઉપરાંત „ શ્રી આર. એન પટેલ હાઇસ્કૂલ" સંસ્થાને રામભરોસે રૂા. ૧૦૧/– નું દાન પણ જાહેર થયું હતું.

આ અગાઉ અમારી સંસ્થાને નીચે પ્રમાણેનાં દાન મળેલ છે.

૧	શ્રી મુળચંદ મણીલાલ શાહ	ભીંત ઘડિયાળ
૨	શ્રી વસરામભાઈ વાલજીભાઇ	લાકડાનું મોટું કબાટ
૩	શ્રી બજરંગ બોરીંગ કું.	બેન્ડનો સામાન
૪	શ્રી લધાભાઇ પ્રેમજીભાઈ પટેલ	સ્ટીલનું કબાટ
૫	શ્રી હસુખભાઈ મીસ્ત્રી	ઝાલર
૬	શ્રી રતીલાલ જીવરાજભાઈ પટેલ	સ્ટીલનાં કબાટ–નંગ ૨

લિ.
આપનો વિશ્વાસુ
વિઠ્ઠલભાઇ કે. પટેલ

શ્રી પાટીદાર યુવક મંડલ, સાગર

શ્રી પાટીદાર યુવક મંડળ અને પાટીદાર મહિલા મંડળના પારસ્પરિક સંબંધ દ્વારા તેમજ બાંભડીના વસ્તા ભાઇઓ જે બહારથી પધારેલા અહીં સાગર સંભાગીય ક્ષેત્રમાં જનરલ મીટિંગમાં હાજરી આપી હતી. તેના ઉપલક્ષમાં તા. ૨૦–૧–૭૪ના દિવસે એક નાના સુના સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરી શ્રી પટેલ સ્ટ્રી બોર્ડમાં હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાં હાઇસ્કૂલ તેમજ યુનિવર્સીટીના વિદ્યાર્થી ભાઇબહેનો તથા મંડળના અન્ય સદસ્યોએ ભાગ લીધો હતો.

કાર્યક્રમ નીચે પ્રમાણે રાખવામાં આવેલ હતો.

૧ પ્રાર્થના, ગીતો અને દોહા.
૨ બહેનો દ્વારા રાસ ગરબા.
૩ હાથ ચાલાકી, હાસ્યવાર્તા તથા ચુટકુલા
૪ મહિલા મંડળ તરફથી એક નાટીકા સાસુ જો માતા બને અને યુવક મંડળ

તરફથી દોસ્ત નામક નાટિકા યોજવામાં આવેલ હતી.

ઉપરોક્ત દર્શાવેલ, તે પ્રમાણે મંડળનો પ્રયાસ અને ટૂંક સમયની તૈયારી તથા સમયનો અભાવ હોવા છતાં પણ કાર્યક્રમમાં સારી સફળતા મેળવી હતી વિશેષકરે બાલિકાઓનો કાર્યક્રમ આકર્ષક રહ્યો તદોપરાન્ત બહારથી પધારેલા વડીલશ્રી રતનશીભાઈ વાગડિયાએ યુવક મંડળ તરફથી હાસ્યપ્રદ (હાસ્યાત્મક કાર્યક્રમ) રસથી દર્શકોના મન જીતી લીધાં હતા.

જનરલ મીટિંગના પ્રમુખ શ્રી કાનજી ભીમજીએ યુવક મંડળ અને મહિલા મંડળના કાર્યક્રમની સરાહનીય પ્રસંશાથી આભાર પ્રકટ કર્યો હતો. ત્યારબાદ પોતાના અંગત વિચારો જણાવતાં કહ્યું કે આ ટૂંક સમયની તૈયારી અને અલગ અલગ જે આઈટમો મનોરંજન તરીકે પેશ કરવામાં આવી તેથી ખરેખર તમો પ્રસંશાને પાત્ર છો. તે સિવાય મહિલા મંડળના કાર્યક્રમની સરાહના કરતાં કહ્યું કે અમારા માટે આ પ્રથમ અવસર છે, આપણી જ્ઞાતિની અંદર અમોને બાલિકાઓનો સાંસ્કૃતિક પ્રોગ્રામ જોવા મળ્યો આવીજ રીતે બાલિકાઓ પોતાના પ્રોગ્રામ પેશ કરતી રહેશે તો એમાં કંઇ શક નથી કે બાલિકાઓ શિક્ષણ ક્ષેત્રે આગળ નહીં વધી શકે.

અંતમાં ડાયરેકટર પરબતભાઈ માવજીને ધન્યવાદ આપતાં વધુમાં કહ્યું કે યુવકોને આવા નાના કાર્યક્રમોનું આયોજન કરી યુવકોમાં વિકાસ અને એકતા કેળવવી જોઇએ. અંતે ડાયરેકટર દ્વારા સાંસ્કૃતિક પ્રોગ્રામમાં ભાગ લીધેલ ભાઇ બહેનોનો પરિચય આપી કાર્યક્રમની સમાપ્તિ કરવામાં આવી હતી.

તારીખ ૨૧-૧-૭૪ના દિવસે સાંજના ૮-૩૦ કલાકે કચ્છ કડવા પાટીદાર સમાજ, સાગર દ્વારા વિદાય સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં પાટીદાર યુવક મંડળનો અહેવાલ મંડળના મંત્રીશ્રી કરસનભાઇ નારણે રજુ કર્યો હતો ત્યારબાદ વડીલશ્રી રતનશીં ભાઈએ મંડળના ઉપપ્રમુખ શ્રી વીરજીભાઈ મુળજીનું સ્વાગત કર્યું હતું.

મંત્રી : **શ્રી કરસનભાઇ એન. પટેલ**

● તખતગઢ-સરતાનપુર મુકામે શ્રી પ્રેમજીભાઈ શીવજીભાઈ પટેલ ને ત્યાં તા. ૨૪-૨-'૭૪ થી તા.૨-૩-૭૪ સુધી તેમના માતૃશ્રી (સ્વ.) શ્રી ભચીબેન શીવજીભાઇ પટેલના આત્મકલ્યાણ અર્થે શ્રીમદ્ ભાગવત પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતુ વ્યાસપીઠ પરમ પૂજ્ય સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજે બીરાજમાન થઈ ભાગવત પ્રેમીરસિક જનોને રસપાન કરાવ્યું હતું.

જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સ્નેહીઓ તથા સબંધી ભાઈઓને જણાવવાનું કે અમારે નામે કપડવંજના રહીશ વેલજીભાઈ ઉર્ફે મગનલાલ કરમશીભાઇ નીચે પ્રમાણેના બાનાં બતાવી રોકડા પૈસા લઈ જાય છે.

★ હું માવજીભાઇનો નાનો ભાઇ છું મારૂં નામ કાન્તિલાલ રાજારામ છે.

★ મને ભાઇએ મોકલેલ છે ટ્રકનું ટાયર ફાટી ગયેલું હોઇ થોડી રકમ મારી પાસે છે બાકી ખુટતી રકમ આપો જે ઘેર જઈ હું મોકલી આપીશ.

★ ભાઇની તબીયત બહુ ખરાબ છે અને ધંધામાં સંપુર્ણ હું જ ધ્યાન આપુ છું.

★ ટ્રકની બેરીંગ લેવાની છે. મારી પાસે થોડા પૈસા હતા તે વપરાઇ ગયા ટ્રક રસ્તામાં પડી છે તો અમુક રકમ આપો પછી તમો કહેશો તે પ્રમાણે સદર રકમ પહોંચતી કરીશ.

આ પ્રમાણેના ખોટા બાના બતાવી છેતરવાના ધંધા કરે છે. તો તેમાં ફસાવું નહિ. જેની નોંધ લેવી.

લિ પટેલ માવજીભાઇ રાજારામ
" કેશવલાલ રાજારામ
" કાન્તિલાલ રાજારામ
શંકર વિજય સો મીલ
એસ. ટી. સ્ટેન્ડ સામે, કપડવંજ
(ગુજરાત રાજ્ય)

---

(૨) ભાગવત પારાયણના કૃષ્ણ ભગવાનના જન્મ પ્રસંગે રાત્રે શાળાના બાળકોએ રાસલીલા તથા યુવક મંડળે દાંડિયા રાસ યોજી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી. બાળકોને પ્રોત્સાહન રૂપે રોકડ ઇનામો શ્રી પ્રેમજીભાઇ સવજીભાઇ પટેલ તરફથી આપવામાં આવ્યાં હતાં.

* ઈનામ વિતરણ *

★ ગત તારીખ ૧૦–૨–૭૪ના રોજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળની વાર્ષિક મીટીંગમાં મંડળ તરફથી ગત માર્ચ ૧૯૭૩માં ગુજરાત એસ. એસ. સી. બોર્ડની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓમાંથી નાચે મુજબના ત્રણ વિદ્યાર્થીઓને ઈનામો આપવામાં આવ્યાં હતાં.

૧	પટેલ નરેન્દ્રકુમાર રતનશીભાઈ	૭૯.૧૮%	વડોદરા
૨	,, ડાહ્યાલાલ સામજીભાઇ ક. પા. વિ. ભવન–ધનસુરા	૭૩.૫૮%	હરિપુરાકંપા (આકરૂન્દ)
૩	પટેલ નરસિંહભાઇ ગોવિંદભાઇ ક પા. વિ. ભવન ધનસુરા	૭૧.૪૩%	અમદાવાદ

★ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા તરફથી આપણા મુખપત્ર જાગૃતિમાં પ્રશ્નોત્તરી વિભાગ ખોલવા વિચારણા ચાલે છે. તો આપ સૌનો સાથ સહકાર જરૂરી છે. આશા છે કે સહકાર સાંપડશે જ.

★ કોઇ કદાચ એમ વિચારે કે કેવા પ્રશ્નો પૂછી શકાય. તો તે અંગે આપણે નીચે મુજબ વિચારી શકીએ.

★ **સામાજિક પ્રશ્નો :–** સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે સામાજિક બદીઓ, બાળલગ્ન, વૃદ્ધ ઉંમરે થતાં લગ્ન, છૂટાછેડા વગેરે.

★ લગ્ન સમારંભોમાં થતાં ખર્ચમાં કરકસર અને સાદાઇ કેવીરીતે અપનાવી શકાય

★ સમાજ એટલે શું ? સમાજના આબાલવૃદ્ધ દરેક વ્યકિતઓની સમાજની નેતૃત્વ શકિત પાસે શું શું અપેક્ષાઓ હોઇ શકે. એ અપેક્ષાઓ સંતોષવા માટેના વ્યવહારૂ માર્ગનો નિર્દેશ.

★ **શૈક્ષણિક પ્રશ્નો :–** ગરીબ તેમજ તવંગર વાલીઓનાં બાળકોનું ભાવિ જીવન સુઘડ બને તે જોવાની સમાજની અપેક્ષા હોય તે સ્વાભાવિક છે તો આ અંગે સમાજના અગ્રણીઓ કેવા પ્રકારની સુવિધાઓ પૂરી પાડી શકે. અને આ સુવિધાઓ પાર પાડવામાં સમાજની દરેક વ્યકિતઓનો કેવા પ્રકારનો ફાળો જરૂરી છે.

★ **ધાર્મિક પ્રશ્નો :–** સાહસિકપણું, પ્રમાણિકતા, જાત મહેનત અને ખંત જેવા સદ્‌ગુણો ધરાવતો એ ત્રણ દસકાઓ પહેલાંનો અભણ સમાજ પોતાના ગુણોથી જ આગળ આવ્યો હોય છતાં પણ કેટલીક પ્રજાઓની શોષણખોરીનો તેમજ ધાર્મિક અંધશ્રદ્ધામાંથી તેમજ કેળવણીના અભાવે પણ સમાજનું અત્યાર સુધીમાં જે શોષણ થયું છે તેમાંથી મુકિત મેળવવા યુવાનપેઢીના મનમાં ઘૂંટાતા વિચારોને કઇરીતે હલ કરી શકાય.

★ બાહ્ય આચરણો સુધારીને ?
★ કન્યા કેળવણીનું પ્રમાણ વધારીને ?
★ યુવાપેઢી સુશિક્ષિત અને સુસંસ્કારી જ રહે તે વિશે સદા જાગૃત બનીને ?
વગેરે બાબતો અંગે આપણે શું વિચારી શકીએ ?

* યુવક મિત્રો *

આથી સમાજના સર્વે યુવક મિત્રોને જણાવવામાં આવે છે કે યુવા શકિતને સુસંગઠિત કરવા તેમજ ભાવિ સામાજિક પ્રગતિ માટે કટિબદ્ધ બનવા આપ સૌ સહકાર આપશો એવી અપેક્ષા.

નીચે દર્શાવ્યા મુજબના મુદ્દાઓ બાબતમાં આપ સૌને આપનો અભિપ્રાય નીચેના સરનામે મોકલી આપવા વિનંતી.

(૧) આપણા સમાજની વર્તમાન લગ્ન પદ્ધતિમાં ફેરફારને અવકાશ છે ખરો? હોય તો કઇ રીતે તે દર્શાવશો. યુવક મંડળો દ્વારા અથવા વ્યકિતગત રીતે પણ અભિપ્રાય મોકલી શકાશે.

(૨) જ્યાં જ્યાં યુવકમંડળો અસ્તિત્વમાં હોય ત્યાં ત્યાંથી યુવકમંડળના પ્રમુખશ્રી, મંત્રીશ્રી તેમજ કારોબારીના સૌ સભ્યો અને જ્યાં યુવક મંડળોનું અસ્તિત્વ ન હોય ત્યાં નાનાં મોટાં ગામ કે શહેરોમાં આગળ પડતા યુવક મિત્રોને પણ એક નમ્ર વિનંતી છે કે આપણા સમાજનાં શિક્ષિત ભાઇબહેનોનું લીસ્ટ નીચે દર્શાવ્યા મુજબ બનાવી વહેલી તકે મોકલાવી આપે.

અ. નં.	નામ	ગામ	કોલેજનો અભ્યાસ	શિક્ષણ મેળવ્યા પછીનીપ્રવૃતિ

ટે. નં **૧૨૧**

ઉપરોકત વિગત મોકલવાનું સરનામું

ગોવિંદભાઇ વી. પટેલ M.Sc.
C/o પટેલ વાડી તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા.

રામપુરાકંપા લક્ષ્મીનારાયણ મંદિરની પ્રતિષ્ઠા મહોત્સવ સંવત ૨૦૩૦ના ચૈત્ર વદ ૧૩ વાર શનિવાર તા. ૨૦–૪ ૭૪ ના રોજ નકકી કરવામાં આવ્યો છે.


પ્રતિષ્ઠા યજ્ઞ આરંભ ચૈત્ર વદી ૧૧ ગુરૂવાર તા ૧૮–૪–૭૪
જલયાત્રા ચૈત્ર વદી ૧૨ શુક્રવાર તા. ૧૯–૪–૭૪ સવારે ૧૦ વાગે
વરઘોડો સવારે ૧૨ વાગે
દેવ પ્રતિષ્ઠા નો સમય ચૈત્ર વદી ૧૩ શનિવાર તા. ૨૦–૪–૭૪ સવારે ૯ વાગે
પૂર્ણાહૂતિ સવારે ૧૧ વાગે

શ્રી જયઅંબે

ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઇપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."


સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં

—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ (જિ. સાબરકાંઠા.


IS:2347
ISI
આનન્દ!
ફુરસદ!!
વૈભવ!!!
રસોઈ ઘરનો રાજા
રાજેશ
પ્રેશર કૂકર
પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા, ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે એ સવિશેષ ખાતરીનું ચિહ્ન —
ISI ધરાવે છે.
નિર્માતા:
રાજેશ ઇન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.
Rajesh
સ્ટોકીસ્ટ *
શક્તિ
વિજય વાસણ
ભંડાર
તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે
પ્રોપ્રાયટર: પટેલ માવજીભાઈ ભીમજીભાઈ (કચ્છ) વીરાણીવાળા
સ્થળ: બુટાલવાડા, મોડાસા, જિ. સાબરકાંઠા.


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઇપણ જાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI March '74 Reg. No. G. 322

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા.

To,

Book - Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા. જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક—૪ એપ્રીલ ૧૯૭૪



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર
પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી
[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસોવદચૌદશ

અનુક્રમણિકા

ૐ નમઃ શીવાય

તંત્રીસ્થાનેથી

માનવજીવનમાં ત્રણ પ્રસંગો જન્મ, લગ્ન અને મૃત્યુ એ મુખ્ય હોય છે. જેમાંથી જન્મ ધારણ કરનાર પ્રત્યેક વ્યકિત પોતે પોતાના જીવનકાળ દરમ્યાન આ ત્રણ મહાન પ્રસંગોમાંથી એકનોજ આનંદ માણી શકે છે અને એ પ્રસંગથી આપણે સૌ સુવિદિત છીએ.

આ પ્રસંગ એટલે કે જીવનકાળના આગળ પાછળના બે પ્રસંગોની વચ્ચેનો જીવનના મધ્યકાળમાં ઉજવાય છે તે લગ્નનો પ્રસંગ.

સ્વાભાવિક છે કે જીવનમાં એકજ પ્રસંગ મજા માણવાનો હોય છે તો એ આનંદ જેટલો લૂંટવો હોય તેટલો લૂંટવાની આકાંક્ષા વ્યકિતને તેના વડીલ જનો, સ્નેહીજનો કે મિત્રવર્તુળને હોય.

પરંતુ આપણે જાણીએ છીએ તેમ જીવનનાં બદલાતાં જતાં વહેણ સાથે આપણો સમાજ તેમજ અન્ય સમાજો પણ આ પ્રસંગની રીતરસમમાં સમયાનુસાર મોંઘવારીના વિષચક્રને અનુસરીને જો પરિવર્તન નહીં લાવે તો કદાચ નદીનાં મીઠાં નીર જેમ ક્ષાર સાગરમાં ભળે છે તેમ જ માનવજીવન ની મીઠી વીરડીઓના જીવનસાગર લાવણ્યમય બનાવવા જતાં લવણમય ન બની જાય તેની તકેદારી રાખવાનો

સમય કોઇપણ સમાજ જીવનમાં પરિપક્વ થઇ ચૂક્યો છે એમ માનવું અસ્થાને નથી.

મોંઘવારીના વિષચક્રમાં અટવાતુ જતું માનવ જીવન કરોળિયાની જાળ વચ્ચે સપડાયેલા પામર જંતુની યાદ જાણ્યે અજાણ્યે આપી જાય તેવી પરિસ્થિતિ 'મધ્યમવર્ગી' મનોદશા અનુભવતા માનવી માટે નિર્માણ થતી જાય છે.

કેટલીક જગ્યાએ જીવનના મધ્યાહ્ન કાળે ઉજવાતા આ પ્રસંગની મોજ માણવા કેટલાંય કુટુંબોના દરદાગીના તેમજ જમીન જેવી સંપત્તિનો એટલે કે સ્થાવર જંગમ મિલ્કતોનો પણ ભોગ અપાયાનાં ઉદાહરણો અનેકે જોયાં હશે. આમ લગ્નનો આનંદ માણવા જતાં માનવજીવન ગીરો મૂકાતું જાય તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવા પાછળ માનવીની ઘેલછા જ કારણભૂત છે પ્રત્યેક જ્ઞાતિ સમાજોની જેમજ આપણો સમાજ પણ આવી દુઃસાહસ ભરી ઘેલછાનો ભોગ ન બને તે જોવાનું કર્તવ્ય સમાજની અગ્રસ્થાને આર્થિક અગ્રસ્થાને બિરાજતી વ્યકિતઓનું જ છે પરંતુ–

આપણે જાણીએ છીએ તેમ છેલ્લા પાંચ દશ વર્ષના સમાજજીવન પર ડોકિયુ કરીશું તો જણાશે કે જાણે આપણો સમાજ પણ સામાજિકતાથી પર જતો જાય છે જ્ઞાતિનાં બંધનોને એ જેમ જેમ શિથિલ બનાવે છે, તેમ તેમ એ પોતાના જીવનમાં વધુને વધુ શિથિલ બને છે તેમ નથી લાગતુ ? દેશની આઝાદી પછી સમાજની નીતિ રીતીઓની બાબતમાં સ્વૈર વિહારી બની પાંગળી આઝાદીનો ઉપભોગ કરવા જતાં બરબાદીને નોંતરવા જેવું નથી લાગતું ?

સામાજિક પ્રસંગોની ઉજવણી માટે વહેલી તકે સામાજિક રીવાજોમાં જાગૃત નહીં બનીએ તો લગ્નથી આનંદ ને બદલે આપત્તિને આમંત્રવા જેવું નથી લાગતું શું ?

—અસ્તુ

આપને ત્યાં ઉજવાતા લગ્ન પ્રસંગના જ ખર્ચના એક નાના સરખા ભાગ રૂપે આપણાં વિદ્યાર્થી ભવનો કે કન્યાછાત્રાલયો જેવી સામાજિક સંસ્થાઓમાં ઉદાર હૃદયે હાથ લંબાવી ફુલ નહીં તો ફુલની પાંખડીસમ લગ્નભેટ આપવાનું વિચારી યથાયોગ્ય વિદ્યાદાન કરવાનો સુવિચાર કેળવીશું ?

બહુમાળી મકાનો આશીર્વાદ કે શાપ ?

પટેલ દિલીપ ડી.
ફર્સ્ટ આર્કિટેકચર [1st. Arch]
અમદાવાદ

આજે લોકો પોતાનાં ગામો છોડી શહેરો તરફ પ્રયાણ કરી રહ્યાં છે. દિન-પ્રતિ દિન શહેરમાં વસ્તી વધતી જ રહે છે અને શહેર ગીચ બનતું જાય છે ગીચતાના વધારાની સાથે સાથે લોકોની મુશ્કેલીઓમાં પણ વધારો થતો જાય છે. પહેલો અને વિકટ પ્રશ્ન ઉપસ્થિત થાય છે રહેઠાણનો, શહેરમાં જમીન મર્યાદિત હોવાને કારણે શહેર ઉપર નથી લંબાવી શકાતું આના ઉકેલ રૂપે બહુમાળી મકાનો બંધાય છે. આ રીતે શહેર હવામાંજ વિકસિત થાય છે. આજના જમાનામાં તો જાણે બહુમાળી મકાનો બાંધવાની હરિફાઇ ચાલતી હોય એવું જ લાગે. જમીનની અછતને કારણે ઉભા થયેલા આ પ્રશ્નોનો આ ઉકેલ આજના માનવી માટે આશીર્વાદ કે શાપ ?

જેમ દરેક વસ્તુને ફાયદાની સાથે સાથે ગેરફાયદા પણ હોય છે તેમ બહુમાળી મકાનોના પણ ફાયદાઓ અને ગેરફાયદાઓ છે. આમ જોઇએ તો આવાં મકાનોનો એક જ મહત્વનો ફાયદો છે અને તે છે જમીનની બચત. હવે ગેરફાયદાઓ ગણવા જઇએ તો કેટલાય છે.

પહેલો ગેરલાભ અકસ્માતમાં થતી જાનહાની. ધરતીકંપ કે ધોધમાર વરસાદ વખતે આવાં મકાનો ખૂબજ જલ્દી જમીન દોસ્ત થઈ જાય છે. આવા અકસ્માતમાં પૈસા તેમજ માણસોની જાન પણ બરબાદ થઇ જાય છે. જો મકાનના બાંધકામમાં વપરાયેલો માલ સામાન ખરાબ હોય તો સામાન્ય રીતે પણ મકાનને જમીનદોસ્ત થતાં વાર નથી લાગતી.

બહુમાળી મકાનની નજીક ઊભો રહી ઉપર નજર કરતો માણસ ઘડીભર પોતાની જાતને સવાલ પૂછી બેસસે કે આની સરખામણીમાં મારું અસ્તિત્વ કેટલુ ? અલબત્ત ખૂબજ અલ્પ. જયારે ઉપરથી જોતા માણસને નીચે ઊભેલો માણસ જાણે 'કંઇજ નથી' એમ લાગશે. આ રીતે માણસ પોતાનું અસ્તિત્વ તો ભૂલી જ જાય છે

આપણે ઘણીવાર સાંભળીએ છીએ કે અમુક વિમાન અમુક મકાન સાથે અથડાઇને તૂટી પડયું. આ પણ એક ગેરફાયદો-જ છે. વિમાનચાલકની એક નાની સરખી ભૂલથી પણ વિમાન કોઇ ઉંચા મકાન સાથે અથડાઇને તૂટી પડે છે. આ રીતે ગંભીર અકસ્માત સર્જાય છે અને ખૂબજ મોટા પ્રમાણમાં જાનહાની થાય છે આ રીતે બહુમાળી

મકાનો વિમાનના રસ્તામાં અવરોધ ઊભા કરે છે.

બહુમાળી મકાનોને કારણે શહેરનું વાતાવરણ દૂષિત થાય છે. મકાનો ઊંચાં અને નજીક હોવાને કારણે હવા એક જગ્યાએથી બીજી જગ્યાએ સહેલાઈથી નથી જઈ શકતી આને કારણે વાતાવરણમાં અંગારવાયુની માત્રા વધે છે જેના પરિણામે લોકોના સ્વાસ્થ્ય ઉપર પણ માઠી અસર થાય છે.

ઉપર ચર્ચેલા મુદ્દાઓ ઉપરથી આપણે કહી શકીએ કે બહુમાળી મકાનો માનવ માટે આશિર્વાદ નહીં પણ શાપ રૂપ છે આજના ; આર્કિટેક્ટસ : તથા એન્જીનીયરોને આપણે એટલી જ પ્રાર્થના કરીએ કે તેઓ શાપરૂપી બહુમાળી મકાનોને છોડી મજબુત અને સુંદર નીચાં મકાનો બનાવે

★

છતાં કહે બેકારી છે. ❋

જયંતિલાલ બી. પટેલ
સુરત

જીવનની જરૂરિયાત આજે, દરેક જણે વધારી છે.
સારું ખાતા સારું પીતા છતાં કહે બેકારી છે,
દેખાદેખી ફેશનમાં આજે, ભાન ભુલ્યા સંસારી છે.
ટેરેલીનના સૂટ પહેરે, છતાં કહે બેકારી છે,
નાટક સિનેમા થીએટર પર જબરી મારામારી છે.
કાળા બજારની ટિકિટ લેતા, છતાં કહે બેકારી છે,
કામચોર બનીને ફરતા, આળસ અંગે ધારી છે.
બે પાંચ હારે રોજ જુગારે, છતાં કહે બેકારી છે,
જન્મમરણને લગ્ન પ્રસંગે, મિષ્ટાન્ન જમણની થાળી છે,
ખોટા ખર્ચ કરે ખંતથી, છતાં કહે બેકારી છે.
તીર્થયાત્રા કરવા જતા, દાનપૂણ્ય વ્રતધારી છે,
લાખો ખર્ચી કાઢે નામના છતાં કહે બેકારી છે.
બેકારીને બહાને આજે, ખાતી દુનિયા મારી છે,
'લાલા' બેંકમાં ખાતાં ખોલે, છતાં કહે બેકારી છે.

બટકિયો વરો !

અરજણ કે. પટેલ
દયાપુર (કચ્છ)

(સંસારની વાતોમાંથી)

'આવો આવો ગાજર ખાવા બહેન, ગાજર મીઠાં શેરડી જેવાં છે.

લખમણ ખેડુતની પત્ની નાથી, એની વાડીમાં બેઠી બેઠી ગાજર ખોદતી તી. અમને દેખીને તેણે ગાજર ખોદવા માટે હાથમાં રાખેલી લોઢાની કોશ એક બાજુ મૂકીને માટી ખખેરી સાફ કરીને કેટલાંક મીઠાં મીઠાં ગાજર અમને ખાવા આપ્યાં. નાથીનાં ચાર પાંચ છોકરાંઓ ગાજર બટકાવતાં આમ તેમ ખેતરમાં રખડતાં'તાં. થોડે દૂર જાંગી બોડી હતી તેના પર બે છોકરાં ફેર કુદડી રમતાં'તાં એક ધાવણું છોકરૂ ઝાડ નીચે બાંધેલી ખોઇમાં લટકતુ'તું નાથીનો વર કોસ હાંકતો'તો અને મોટી દીકરી ટપુડી અનાજના કયારામાં પાણી વાળતી'તી. આટલો બધો લખમણ અને નાથીનો પરિવાર હતો ને તેમાં દર સવા વરસે એક એકનો ઉમેરો થતો રહેતો હતો.

'નાથી આવું સખત મજુરીનું કામ પણ તારે કરવું પડે? મેં પૂછ્યું,

'ના કરે તો શું કરે, મહિનાદાર રાખી એ તો તે મહિનો માગે ને રોટલા, લુગડાંય માગે તે કયાંથી આપીએ?

'કેમ તમે તો ખેડુલોક, એટલે મૂઠી દાણામાંથી ગાડું એક દાણા નીપજાવવાની કળા તમને જ આવડે'.

'વાત ખરી, પણ બહેને વરસ ઉપરે વરસ કઠણ આવવા મંડયાં એટલે જમીનમાંથી રસાયણનો ભાગ સુકાતો જાય છે. ગઇ સાલ શિયાળામાં બે વીઘાં જેટલી જમીનમાં ઘઉં વાવ્યા'તા ચાર મહિના સુધી એને પાણી પીવા માટે કોસ ખેંચી ખેંચીને તૂટી ગયા પણ ઘઉંમાં કોણ જાણે શું દરદ આવ્યું તે બધો દાખડો માથે પડયો. ફકત ચાર પાંચ મણ ઘઉં થયા; તેમાંથી દરબારી ભાગ અને વસવાયાંની સુખડીના આપતાં ઘરમાં બે કે ત્રણ મણ ઘઉ માંડ બાકી રહયા. એ તો મારા ઘરમાં ચાર દિવસ નું દયણુ! ' બટકીયો વરો ' એટલે પુરૂ ન થાય બેન, પુરૂ જ ન થાય.

છેલ્લો શબ્દ ' બટકીયો વરો ' સાંભળીને હું મનમાં ગુંચવાઇ ગઈ, શું તે કોઇ દરબારી ટેકસ હશે કે ન્યાતનો કર હશે! નિર્ણય ન થયો એટલે કાંઈક અજાણ પણું દેખાડતાં મેં નાથીને પૂછ્યું; નાથી, આ 'બટકિયો વરો' તે શું વળી કાંઈ નવો કાયદો થયો છે.

'ના રેના આ જુઓ! (પોતાનાં ઘેરા એક છોકરાં તરફ હાથ લંબાવતી નાથી બોલી) આને...આને આખો દિ' ખાવા જોઇએ ઉગે ત્યાંથી તે આથમે ત્યાં સુધી રોટલાનાં બટકાંથી કામ!

આ 'બટકિયો વરો' તે આનું નામ ! વસ્તાર મોટો ને ખેતીમાં ઉપજ થોડી એટલે પૂરું ન થાય '

હવે હું સમજી કે બટકિયો વરો' એટલે એનાં બાળકોના પેટ પોષણનો ખર્ચ.

નાથી અને લખમણ અભણ હતાં. બંને ઢોરના કરતાંય વધારે સખત મજુરી પોતાના ખેતીના કામમાં કરે છે છતાં ઘરમાંથી અછત જતી નથી જે કંઇ મોસમે ઉપજ આવે તે થોડા દિવસમાં 'બટકિયો વરો' સ્વાહા કરી જાય, નાથી અને લખમણની દશા ઘાણીના બળદ જેવી હતી, છતાંએ ઘડાયલાં ધણી ધણીયાણી હિમ્મત હારતાં નહીં.

મેં ગમ્મતમાં કહ્યું. 'નાથી આટલાં બધાં છોકરાંથી તને કંટાળો નથી આવતો ?

'ઘણોંયે આવે છે પણ કેમ કરું ? કોઇવાર ખીજ ચડેને ત્યારે તો જેટલાં હાથમાં આવે તેટલાંને ઢાબરી નાખું !

'છોકરાં બધાંય હજુ કામ કીધા જેવડાં નથી થયાં નાનાં છે.'

'હા, પણ એતો સવાસુરીયાં એટલે એમ જ હોયને ?

'નાથી, તને સુવાવડમાં ઘી કેટલું ખાવા મળે !

'ઘી ! નાથી નવાઇ પામતી બોલી: 'ઘી અને દૂધ અમારા જેવાં અભાગીયાંને કયાંથી ખાવા મળે બેન ! મારે દસ સુવાવડો થઇ ગોળની કાંકરી પેટમાં ગઇ હોયતો માફ બાકી બીજું નામ નહીં છોકરૂ અવતરવાને અરધા કલાકની વાર હોય ત્યાં લગી ખેતરમાં કામ કરૂ ને જનમ દીધા પછી ત્રણ દિ ખાટલે પડી ચોથે દિ' તો છોકરાંને ગાભામાં વીંટાળીને ખેતરે પહોંચું છોકરાંનો બાપ બિચારો એકલો દેફાં ભાંગે કે પાણી એંચે ! મહેનત ઘણી રહી. મજુરી રાખીને કરાવીએ તો મૂલ કયાંથી દેવાં ?

નાથી પોતાના વિસ્તારને દેખીને કોઇ વાર હરખાતી તો કોઇવાર નિ:સાસો નાખતી. બારેમાસ કારમી મજુરી કરી કરીને એનાં બાળકોને રોટલાનાં બટકાં ખવાડી શકતી પણ વર્ષ આખરે લુગડાં પગરખાંની રકમ તૂટતી. ટાઢના વખતમાં જે તે ઓળખીતાં પાસે કરગરીને નાથી ફાટેલાં લુગડાં લાવતીને ટાઢે ધ્રુજતાં એનાં બચલાંને પહેરાવતી. નવાં લુગડાં લેવા માટે એની પાસે નાણું ન હતું ઘરમાં જયારે માંદગી આવતી ત્યારે એકી સાથરે બધાં પડતાં. એને માટે નહીં ઓસડવેસડ કે નહીં સાફ બિછાના.

આખરે કેટલાક દિવસ પછી લાંઘી લોટી ને એક પછી એક ઊઠવા માંડતાં ને ચટણી રોટલાના રોજીંદા ખોરાકને વળગી પડતાં.

પોતાની સંતતિ કપડાં વિના નાગી ઉગાડી ફરે, ભણાવવાનુ સાધન ન મળે માણસાઇના ગુણો શીખવવાની સગવડ ન હોવા છતાંએ વસ્તાર વધારતાં અચકાયુ નહીં એ કેટલુ વિચિત્ર કેવો અસાધ્ય રોગ. ખેડુતની આબાદીનો આધાર જેમ એની ખેતીપર છે. તેમ તેની નબળી સબળી ઓલાદ ઉપર પણ હોય છે. ભારતની વસ્તી ૫૨ થી ૫૪ કરોડ ઉપર ગઇ તેમાં બે કરોડ શુરવીરો પાકયા હશે કે બટકાં રોટલા માટે બાઝી મરનાર જીવ્યા હશે? તેની ગણત્રી બુધ્ધિમાન વાચકો ભલે કરે.

નાથીને જયારે કોઇ એમ કહેતું કે હવે બાહુ થયુ. ઝાઝાં જંજાળને શુ કરશો? ત્યારે તે બોલતી કે એમાં કાંઇ આપણુ હાલે. ભગવાન કરે એમ થાય. ભગવાનને નાહક આ રીતે લોકો હલકા પાડે છે. ને એનુ નામ આડું ધરીને સૌ કોઇ પોતાની જવાબદારીમાંથી છટકી જવાનો ઢોંગ કરે છે. ખરૂ જોતાં ઉપાધી વધારનાર પોતેજ હોય છે. પૂજય ગાંધીજીએ એક વખત મોટી માનવમેદની વચ્ચે કહેલું કે: 'હિન્દુસ્તાનને બ્રહ્મચર્યથી જ સ્વરાજ મળશે સંયમ વિના કશો અર્થ નહીં સરે. પરંતુ ગાંધીજી ! આ પ્રજાને 'બટકિયો વરો વધારવાની અને ભૂખમરો નોતરવાની અળખામણી આદત પડી ગઈ છે એનું શું થાય ? પેલી નાથી તે એક અજ્ઞાન ખેડૂત સ્ત્રી છે. જેની જરૂરીઆતો કશીય નથી ને મહેનત કરવાની તેનામાં હિંમત છે. તેને પોતાનો 'બટકિયો વરો' વધવામાં ભગવાનનો જ જુલમ દેખાય છે; પણ ભણી ગણી શીખેલા ઉજળાઓનું જ્ઞાન અને સામર્થ્ય નાથીના કરતાંય વધારે નિર્બળ હોય છે. એમનું જીવન 'થાકયા ના ગાઉ' ગણવા જેવું થઇ જાય છે. કરોડોમાંથી માત્ર એજ જીવતા દાખલા અત્રે આપવા ઉચિત જણાશે.

ભગવાનદાસ એટલે જીવતું મડદું ! એનામાં જુવાની ઉગી જણાતી નહીં 'બટકીયા વરા' થી દબાયેલો એનો બાપ પણ બીજો સુદામો હતો. પુરૂપ ર્થ કરવા જતો પણ પૈસા વિના પાછો આવતો મૂડીમાં બે ખોખરાં હાંલ્લાં વિના બીજુ કશું જ ન હતું, છતાં પેટે પાટા બાંધીને ય તેણે પોતાના ભગાને થોડો ભણાવ્યો અને થોડા વખતમાં પરણાવ્યો.

ભગાને ભણાવવા માટે એના બાપ પાસે પૈસા ન હતા માત્ર પોતાની સહી કરવા જેટલું શીખ્યો. શરીરે જેમ તે નબળો તેમ બુધ્ધિએ મંદ અને સ્વભાવે ચીડીયો ને ઝેરીલો હતો. શાક બકાલુ વેચી એ પૈસા રળવા ઉપરાંત મોટા ધંધા માટે મૂડી ન હતી. તેમ આવડત પણ ન હતી.

'ભૂખનો ખાટલોય વીઆય' એ કહેવત કમનસીબ દરિદ્ર લોકને માટે સાચી છે. ભગાનો વસ્તાર મંડયો વધવા. ખર્ચ જેગું કમાઈ શકતો નહીં. હંમેશ તેનું

શરીર શોષાઈ જતું દેખાતું. ઘરસંસાર માંડયા પછી ભગો એકેય વાર હસ્યો નથી. એ ખીજાતો બહુને ખીજનો ભોગ અને વહુ ! પાડોશીના દેખતાંતે પોતાની વહુને મારતો, દાંત કચકચાવી તેને ધૂતકારતો વહુ છાનીમાની ઢીકા-પાટુ ચાખીને બેસી રહેતી ભગાને આઠ છોકરાં ! એક બે સિવાય બધાં રોગી, કહે છે કે એની બા નું ધાવણ રોગાઇ ગયેલું છે. બે છોકરીઓ પરણવા લાયક થઇ ગઇ છે. પણ કયાંયથી માગું ન આવતું ને ન્યાતના રિવાજ મુજબ લગ્ન કરી દેવાના પૈસા પણ નથી ભગાની વહુ વાયુ રોગથી ફુલી ગઇ છે. કોઈ કહે છે કે : 'ભગંદરનો રોગ છે. દવા માટે પૈસા નથી ભગો પોતે વા સામે હીંચકા ખાય છે. કહે છે કે : તેને પણ કેન્સર થયું છે............

મણીલાલે મેટ્રીક સુધી અંગ્રેજી અભ્યાસ કર્યો છે સાહિત્યનો એ શોખીન અને સાક્ષારોનો સોબતી, જનેતાની ખોટ એને વહેલી પડી એના બાપે, પોતાની સેવા ચાકરી માટે 'નવી' કરી; મણીલાલને બાપનુ એ અસંયમી વર્તન ન ગમ્યું તે પોતાના બાપથી અળગો રહેતો બાપની ગાંઠે પૂંજી હતી. મણીલાલને તો નવી મા અને બાપ બન્ને દુશ્મન જેવાં લાગતાં.

મેટ્રીક પાસ કર્યા પછી એના બાપે એને પરણાવ્યો.

વહુનાં આશાભર્યાં પગલાં, જાણે આખા ઘરમાં કંકુનો ઢગલો કરતાં. પરંતુ ધનનો ઢગલો સાચવીને બેઠેલ નવી સાસુ અને સસરો કાંઇ એ 'આજકાલની' આવનારી વહુને જીવનના ઉલ્લાસ માણવા દે એવાં દિલથી વડેરાં ન હતાં. ઓરમાન દિકરાની વહુને નવી સાસુએ પેટ ભરી ગુલામડી બનાવવાનો પાસો નાખ્યો. વહુ અને મણિલાલ, બન્ને ખીજે ભરાયાં, આખરે વાત વંઠી ગઇ. બાપકમાઇમાંથી એક ફુટી બદામ પણ લીધા વિના પહેર્યે કપડે બાપનું ઘર છોડી, વહુને સાથે લઇ એ ચાલી નીકળ્યો. વહુએ પોતાના પિતાના ઘેરથી થોડા પૈસા ઉછીના લીધાને બંન્ને જણ એક મોટા શહેરમાં આવ્યાં. ઓરડી ભાડે લીધી. હવે ખાવાનાં વાસણથી માંડીને તે માથાના તેલ સુધીની બધી ચીજો વસાવવાની ફિકર મણિલાલને પડી સારા નસીબે તેને માસિક રૂા. ૧૦૦–૦૦ની નોકરી મળી ગઈ. એક બે પગારની કુરબાની કરી ઘર માટે સામાન ખરીદ્યો બાપે ફેંકેલી ચેલેંજ આ રીતે પોતે ઉપાડી લીધી તે માટે મણીલાલ ઘણીવાર મગરૂર થતો. મનમાં લાગતું કે બાપે તજી દીધો છતાં ન હાર્યો તો કોનાથી હારવાનો છે? પરંતુ એને હરાવનાર એક દુશ્મન ઊભો થયો તે 'બટકિયો વરો ! એક પછી એક એમ અગિયાર છોકરાંથી એનું ઘર ઉભરાયું, ગંગાવહુ આખો દિવસ ઘર અને છોકરાંની નોકરીમાંથી નવરી ન થતી કમાઈ લાવનારો મણીલાલ એકજ અને

ખાનારાં તેર જણ પેલી ખેડુત પત્ની નાથીનાં છોકરાં ધૂળ કચરામાં નાગાં ઉઘાડાં ફરતાં પણ એવુ કાંઇ મણીલાલ જેવા ભણેલ આદમીના ઘરમાં ચાલે ! માંદે સાજે બે દિવસ છોકરાં માટે વૈદ ડોકટરની દવાપણ લેવી પડે. ઘરમાં અને ઘરબહાર પહેરવાનાં જુદાં જુદાં કપડાંની જોડ પણ સરખે હિસ્સે સૌને માટે કરાવ્યા વિના ન ચાલે. વસ્તારની વય વધે એટલે ભણાવવાનાને બીજા સંસારિક પ્રસંગો પણ આવ્યા જ કરે ને !

મણીલાલનો શેઠ આખો દિવસ કામ કરાવી કરાવીને એનું તેલ કાઢી નાખતો થાકીને લોથ થયેલો મણીલાલ સાંજે ઘેર આવતો. થોડી વાર બેસીને ઘરને લગતી ચીજો લેવા જતો અને પોતાના પગાર ઉપરાંત દર મહિને વીસ રૂપિયા શેઠ પાસેથી કરજે લેવા પડતા તેથી શેઠ તેના વ્યાજમાં ડબ્બલ મજુરી કરાવે તોય મણીલાલ બોલી શકતો નહી પગાર પુરો થતો નથી એ સ્પષ્ટ વાત, ખુટતી રકમ કયાંથી પુરી કરવી તેની તેને સુઝ ન પડતી. શેઠનું દેવું વધી જતાં પગાર જ એ દેવામાં ડુલ થઈ તો ? મણીલાલના કાળજામાં ફીકરનો સડો પડયો પણ એની હાલત બિચારાં ગભરૂ બાલુડાં કયાંથી સમજે ? ગોળનાં માટલાંને મોઢે જેમ માખીઓ ના ઝુંપા વળે છે તેમ મણીલાલને એનાં છોકરાં ઘેરી લેતાં; માત્ર એટલું જ નહીં પણ પોતાને ગમતી ચીજો લાવી આપવાનો હઠ પણ પકડતાં.

એક વખત રવિવારે રજા હોવાથી મણીલાલ ઘરમાં બેઠો'તો. લાગ જોઇને એની દિકરી ચંપા બોલી, 'બાપુ મને બકલે કયારે લાવી આપશો ? મોહન કહે, હવે તો મારી ટોપી ફાટીને ચુંથો થઈ ગઇ છે. બજારમાં ચાલો તો હું હમણાં જ ટોપી લેવા ભેગો આવું આમ અનુક્રમે પાટી, પેન, ચોપડી, બકલ, ચંપલ, બંગડી વગેરે ચીજોના ઓર્ડર એનાં બાળકોએ આપ્યા. મણીલાલે એમણે જે તે જવાબો આપી શાંત કર્યાં અને નિઃસાસો નાખતો બોલ્યો. આ જીવન બોજારૂપ છે એમાં સુખ નથી. આર્થિક દુર્દશા ભોગવતો હું આ બધાને કયાંથી સુખી કરી શકું ? ખરેખર મારાં પાપ પ્રગટી ચૂકયાં છે.

એક વખતનો સાહિત્ય રસિક ભણેલો ગણેલો મણીલાલ સંસારના સરવરીએ ન્હાતો છતાં સુકો અને રસહીન કેમ થતો ગયો તેનું કારણ એ પોતે જ સમજી નિવારી ન શકતો હોય તો પેલી અજાણ ગામડીયણ ખેડૂત પત્ની નાથી કેવી રીતે સમજી શકે ? ઘરની અછત અજાણી ન હતી. નાથી જેવાં અભણ લોકો પોતાના ઘરની અછતનો એકરાર કરી નાખે તો ચાલે પણ મણીલાલ જેવા ભણેલ ગણેલથી કાંઇ ખુલ્લી રીતે અછત કબૂલ કરાય ?

મણીલાલની સૌથી મોટી દીકરી રાધા હવે ઉમ્મર લાયક થઈ. તેને પરણાવવા કયાંકથી પાંચસો રૂપિયા મણીલાલે વ્યાજે લીધાને રાધાને પારકી કીધી. પરંતુ એક વર્ષની અંદર મણીલાલના જમાઇએ બંડ કર્યુંને તે બીજી પરણ્યો, એટલું જ નહીં પણ મામુલી વાંકે રાધાને કાઢી મુકી.

'ભાંગ્યું ભાણું કંસારે જાય' એ કહેવત મુજબ તજાયલી રાધા એના દુઃખીયારા બાપને ઘેર આવીને બેઠી મિષ્ટાનો અને પહેરામણીઓનો ભોગ ધરાવવા માટે મણીલાલે રાધાના લગ્નમાં ખર્ચેલા રૂપિયા પાંચસો ઊંડા પાણીમાં ગયા.

'હિન્દુ લો' ના કાતિલ ભાલાની અણી ઉપર જુવાન બાળા રાધા લગભગ અધ્ધર લટકે છે એનો વર એને તેડવા આવતો નથી ને ખાધાખોરાકીના પૈસા પણ તે મોકલતો નથી.

જમાઇએ દીધેલો દગો મણીલાલને અસહ્ય લાગ્યો પહેલું જ સંતાન પરણાવ્યું કે તુરત અવનતીના શ્રી ગણેશ બેઠા. હવે પૈસાની જોગવાઇ વિના બીજી બે પુત્રીઓને શી રીતે પરણાવવી એનું પણ પ્રભાની જેમ થાયતો? હવે મણીલાલને દિવસે પણ આભના તારા દેખાવા લાગ્યા. અને એવા વિચારોમાં જ મણીલાલના મગજમાં તાવ રહ્યા કરતો. જુવાન દીકરી રાધાને કશા પણ ઉદ્દેશ વિના જીવન જીવતી દેખીને તેના અંતરની આપદા વધી પડતી; પરંતુ વાચક ! તમે અજબ ન થશો આપણા મણીલાલ ભાઇને ઘેર સવાસુરીયે હજી પણ એક એક બાળક અવતરે છે ! બિચારા મણીભાઇ—

"નજર"

રચનાર :- **કચરાલાલ કવિ**
ધનસુરા કુમારશાળા

નજર નાખી નજર કરજો, નજરના ભાવ જુદા છે.
તમે કલ્પી શકો નહિ એવા, એકદમ એના દાવ જુદા છે.
નજર ઉંચી કરો તો ખુદાની બંદગી કરતી દુવા બની જાશે,
નજર નીચી કરો તો નરમ થઇ શરમથી જમીન ઝૂકી જાશે,
નજર સામે કરો તો રોષ ભર્યો અંગાર દેખાશે.
નજર તીરછી કરો તો, ઘાયલ અદા આરપાર દેખાશે.
ભલા ! નજર તો એક છે, છતાં પલટતા રંગ બદલે છે,
નજર બુરી અને સારી, જીવનના રંગ બદલે છે.

ખુશ ખબર

" અમદાવાદમાં " ભાવનિર્ઝર " સંસ્થાની સ્થાપના "

મહાનતત્વવેત્તા અને અર્વાચીન કર્મયોગી ઋષિમાં પ્રાતઃ સ્મરણીય શાસ્ત્રીજી શ્રી પાંડુરંગ વૈજનાથ આઠવલેની પ્રેરણા અને દોરવણી નીચે " તત્વજ્ઞાન વિદ્યાપીઠ થાણા " માધવબાગ પાઠશાળા મુંબઈ "જ્ઞાન વિસ્તારક સંઘ " સંસ્કૃતિ વિસ્તારક સંઘ " સદ્‌વિચાર દર્શન" વગેરે અનેક સંસ્થાઓ અને તેની પેટા સંસ્થાઓ દ્વારા કચ્છ, સૌરાષ્ટ્ર ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, બંગાલ, રાજસ્થાન, હિમાચલ ઉત્તરપ્રદેશ, (નેપાલ, વિદેશમાં) વગેરે ભારતભરમાં ભારતીય સંસ્કૃતિ અને વૈદિક તત્વજ્ઞાન દ્વારા માનવ જીવનને તેજસ્વી બનાવતી શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સ્વાધ્યાયની અનેક વિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે. આમાં ઉમેરો કરતી અનોખી સંસ્થા" ભાવનિર્ઝર" ગયા વર્ષથી અમદાવાદમાં જોધપુર ટેકરા ઉપર અણુંશકિત મથક સામે શરૂ થયેલ છે.

ભારતમાં ચારે તરફ માનવી ભોગના મૃગજળ પાછળ ઘસડાતો દુઃખી અને અશાંત નજરે પડે છે. વિજ્ઞાન કૂદકેને ભૂસકે આગળ વધતું હોવા છતાં જીવનમાંથી ભાવ, કૃતજ્ઞતા અને વિવેક સુકાતાં જતાં હોવાથી માનવ જીવન દુઃખથી અશાંત બન્યાં છે. આજનો યુવાન શ્રમથી દૂર ભાગતો અને નોકરીમાટે ફાંફાં મારતો બેકારોની સંખ્યા વધારતો રહ્યો છે. તેને કારણે ભારતનાં નંદનવન સમાં ગોકુળીયાં ગામડાં વેરાન અને નિરક્ષરતા, આળસ, પ્રમાદ, અજ્ઞાન, વહેમ, કાવાદાવાના અખાડા બનતાં જાય છે. જગતના તાત ગણાતા ખેડૂતના દીકરા, તેની ઉત્તમ ગણાતી ખેતીના બદલે ગુલામ મનોવૃતિથી નોકરી માટે તલસતા નજરે પડે છે. આ સ્થિતિમાં ગામડાનો ખેડુત વિદ્યાર્થી કે જેના કુટુંબ પાસે પોતાની ખેતીની જમીન છે, તેને આ "ભાવનિર્ઝર "સંસ્થાના તપોવનમાં છ વર્ષ રાખી, અંગ્રેજી, હિન્દી સંસ્કૃત, ગુજરાતી ગણિત સામાન્યવિજ્ઞાન, વગેરેનો ગ્રેજ્યુએટ સમકક્ષાનો ઉત્કૃષ્ઠ અભ્યાસ કરાવવા, સાથે સાથે ખેતીનું વૈજ્ઞાનિક પદ્ધતિઓ સાથેનું પૂરતું જ્ઞાન આપી તેજસ્વી યુવાન બનાવી ચાલુ ચીલાની ડીગ્રી ન હોવાને કારણે નોકરી શોધતો નોકર ન બ[illegible] પાછો ગામડે મોકલવો જ્યાં તે સુંદર રીતે ખેતી કરતો ભણેલો ગણેલો યુવાન [illegible]ન આગેવાન બને અને પોતાનો જીવન વિકાસ કરતો ભારતીય સંસ્કૃતિની સુવાર[illegible]ાવતો યુવાન આદર્શ ખેડુત યુવાન બને એ હેતુથી તપોવન પદ્ધતિથી કૃષિ[illegible]ત. અને ઋષિવિદ્યાનું તેજસ્વી જ્ઞાન આપતી આ "ભાવનિર્ઝર "સંસ્થાનો આ[illegible]ા અને અજોડ પ્રયોગ છે.

આ સંસ્થામાં ખેતીની જમીન ધરાવતા કુટુંબના સાત ધોરણ પાસ કરનાર ૧૨ થી ૧૩ વર્ષની આસપાસના વિદ્યાર્થીને દાખલ કરવામાં આવે છે, તેની પાસેથી દાખલ ફી, શિક્ષણ ફી તેમજ રહેવા કે જમવાની ફી તરીકે કંઇપણ ચાર્જ લેવામાં આવતો નથી, પોતાની ખેતીનો વિકાસ, તેજસ્વી જીવન, અને સંસ્કારી પરીવાર ઇચ્છતા ભાઇઓએ આ સંસ્થાનો લાભ લેવો જરૂરી છે.

આ સંસ્થાનું સત્ર જૂન માસથી શરૂ થાય છે. એપ્રીલ માસમાં સંસ્થાનું છાપેલું ફોર્મ મંગાવી ભરવાનું હોય છે.

સંસ્થાનું સરનામું :—
ભાવનિર્ઝર
આંબાવાડીથી આગળ સુરેન્દ્ર મંગળદાસ રોડ
જોધપુર ટેકરો, સેટેલાઇટ સ્ટેશન સામે,
અમદાવાદ ૧૫, ટેલીફોન–૭૯૯૬૬,

મોંઘવારી ✻

રચિયતા :- **કનુભાઇ બી. કવિ**
રડોદરા પ્રા. શાળા તા. બાયડ

મોંઘવારી વધી છે. અપાર, માથે મુશીબતોનો ભાર
એનો કોઇના પામે પાર...મોંઘવારી
સંગ્રહખોરી વધી ગઇને, લૂંટનો ચાલે વેપાર
આ અવનિમાં કેમ જીવવું જનતા પાડે છે પોકાર...મોંઘવારી
ધનવાનોને ધનના ઢગલા મોટકાનો નહિ પાર
પાણી માફક પૈસા વેરે, મોજ માણે છે અપાર.. મોંઘવારી
દુનિયા આખી દેવામાં ડૂબી, કેમ સહે સહનાર
તેલ, ગોળના ભાવ વધ્યાને, કેમ જીવે જીવનાર...મોંઘવારી
શું લેવું ને શું ખાવુ મધ્યમ વર્ગ કરે છે વિચાર
ગરીબ જનતા રોટી માટે વળખાં મારે છે આવાર...મોંઘવારી
મોંધી વસ્તુ જો સોંઘી થાએ તો દુઃખ રહેના લગાર
"કનુ", કહે મારા દેશ બંધુઓનો સાદ સાંભળ જો કિરતાર...મોંઘવારી

* સંવત ૨૦૩૦ ચોમાસુસાર *

લેખક :— શ્રી સીવગણભાઈ લધાભાઈ કાનાણી
કલ્યાણપુર (મંજલવાળી) જિ. ભુજ કચ્છ

વિક્રમ સંવત ૨૦૩૦ને ઈ. સ. ૧૯૭૪ની સાલનું ચોમાસુ સાર ગુજરાત રાજ્ય માટે તૈયાર કરવામાં તેમજ વિનામૂલ્યે જનતા સમક્ષ જાગૃતિ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે માટે દરેક કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના ભાઇઓએ તે વાંચીને યોગ્ય રીતે વિચારવું.

(૧) વિક્રમ વીસે બે હજાર ત્રીસની સાલ સંવતમાં આછે,
કહો જગદંબા કહો માઅંબા, ચોમાસું કેવું થાશે.

(૨) કહે જગદંબા કહેમાઅંબા, સાંભળો ચોમાસાના લેખ,
પંડીત, મુલ્લાં ગણિતકારો, એને મારશો નહિ મીનમેખ.

(૩) હવા તુફાન લાગશે ભારી, આકાશે ઉડશે ધૂળ
પાછળ સારો વરસાદ થાશે; નદીએ આવશે પૂર.

(૪) વાવણી બગડી જાય, તેને ફરી ફરી વાવજો ભાઇ
એતો ડાહ્યા ખેડુતો સમજે પેદાશ લેશે સવાઇ

(૫) સોંઘારત આ વર્ષમાં, ચોપગાંનું બહુ માન
હરખે પરણાવજો બાળકો આપજો કન્યાદાન

(૬) ગાય ભેંસે દૂધ, ઘણાં રહ બકરાંની શું કરુ વાત.
માલધારી કમાઈ જાશે, એવું આપશે તાત.

(૭) ખાજો પીજોને વાપરજો, વેચજો વધારે માલ.
પેદાશ પોણી પુરી આવશે, આટલો રાખજો ખ્યાલ

(૮) સુખ દેખી ન ફુલવું દુ:ખમાં ડરશો નહિ ભાઇ
સીવગણ, કહે આપને, મહેનતની ખાવી કમાઇ.

(૯) જેઠ અષાડે વાયરા ભારી, પૃથ્થીએ રેત ઉડતી જાશે.
અષાડ અડધો વીતીજાતાં, વાવણી લાયક વર્ષા થાશે

(૧૦) અષાડ વદી શ્રાવણ સુદી વરસાદ ઓછો અદકો થાશે
પવન સાથે વરસાદ થાતાં, એ વાદળી વિખરાઈ જાશે.

(૧૧) શ્રાવણ અરધો પસાર થાતાં, મેઘરાજા ઘેલો થઇ જાશે.
તળાવ, ડેમો છલકી જાતાં, બંધ પાળા તૂટી જાશે.

(૧૨) અધિક ભાદરવે પહેલે પખવાડે, વર્ષા વરસે અનરાધાર.
ઘરને આંગણે તમો સૂતા નહિ અગાઉથી બાંધજો પાળ.

(૧૩) બીજે ભાદરવે મેઘ અનાજ, વરસે, તૈયાર રાખજો અન્ન રાખવા કોઠાર.
ચોખા રાખો ઘઉં બાજરી રાખો, ઘરમાં નહિં શોભે રતડને જાર.

(૧૪) આસો માસે કાપણી કરજો, ખળેથી ભરજો અન્તનાં ગાડાં,
હરખે તમારાં બાળુડાં પરણાવજો, આંગણે વગડાવજો વાજાં

(૧૫) ગુજરાત ડૂબી ગયા વરસે, કચ્છડાના પથ્થર રીઝે આ સાલ,
સૌરાષ્ટ્ર ઘેલું આવા વરસમાં, ગુજરાત થઇ જાય ન્યાલ.

(૧૬) મગ ચોખા ભાઇ એકજ ભાવે, મકાઇ મઠનું ઓછું દામ,
જુવાર. રતડ ભિખારીને ન આપજો, નહિં આપે માંગણ તેને માન.

(૧૭) બાજરી વેચજો, ઘઉં વેચજો, વેચજો કવીન્ટલ સાત સાત.
વહેપારી તમને પૈસા આપશે થાસે હજારમાં ઓછા પચાસ

(૧૮) તેલ ખરીદજો પાંચ જ ડબ્બા, મગફળી વેચજો કવીન્ટલ પુરા સાત
બંનેનો હિસાબ કરશો ત્યારે, વધશે રૂપિયા સાડા છસોમાં ઓછા પચાસ

(૧૯) ખાંડ ખરીદજો તમે ગોળ ખરીદજો, ખરીદજો કીલા ચાલીસ
સોની નોટ સાથે લઈ જાસો તેમાં વળતર રૂપિયા વીસ.

(૨૦) સીવગણ ભાઇએ બજાર બતાવ્યાં, કહ્યા ચોમાસુ પાકના ભાવ
ખેડુતો વહેપારી શોધી કાઢો, જીતીલ્યો છેલ્લો દાવ.

(૨૧) ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાનો, શા માટે કરોછો તકરાર
અન્ન ખરીદવા ધન સંઘરજો, ખેડૂતો વેચશે ખુલ્લાં બજાર

(૨૨) બાવીસ વાણી, સીવગણે, સંભળાવી, સુણો ગુજરાત રાજ્ય અધિકારી:
સીવગણ, ખેડૂત એવું ગાતો, જાણજો જગદંબાની બલિહારી.

નોંધ :— આ વર્ષમાં તીડ, માંકડ, ઉંદર, કાતરા, તેમજ હેમ, ઇત્યાદિ ઉપદ્રવો નડતર રૂપ ન થાય તો આ લેખ અવશ્ય સાચો પડે આવા રોગોમાં ી નહિ બચી શકો તો લેખક જુઠો પડે, તેમ છતાં જંતુનાશક દવા તૈયાર કરી સમયસર વાપરવાથી લાભ થાય છે તે આપ જાણો છો.

છપ્પો :— આવા અનોખા લેખો લખવામાં લેખક તદ્દન આઝાદ છે.
વધુ વરસાદ વધુ પેદાશ એ તમારા ભાગ્યની વાત છે.

આંતર જ્ઞાતીય લગ્ન અને મનુસ્મૃતિ

હાલમાં સવર્ણ લોકો પછાત જાતિના લોકો સાથે સંબંધોથી જોડાય તે માટે કેટલીક રાજ્ય સરકારોએ લાલચમાં નાણાં, ઈનામો અને સરકારી નોકરીઓ આપવાનું જાહેર કરેલ છે. જયારે આપણા રૂઢીચુસ્ત વડીલ વર્ગની એવી માન્યતા છે કે આંતરજ્ઞાતીય લગ્નથી ધર્મનો લોપ થાય છે. અને પ્રજા વર્ણસંકર જન્મે છે. જ્ઞાતિપ્રથાનો નાશ થશે. તેવો પણ તેમને ભય છે.

આપણો આધુનિક શિક્ષિત યુવાન વર્ગ એમ માને છે કે લગ્ન સંબંધમાં પ્રસંદગીનું પાત્ર ચલચિત્રોનાં નાયક અને નાયિકા જેવું સુદર હોવું જોઈએ તેમજ લગ્નસંબંધમાં આધુનિક શિક્ષણની સમાનતાજ મુખ્ય છે. બાકી બધી વાત ગૌણ છે. જેથી આજના યુગમાં આંતરજ્ઞાતીય લગ્ન એ એક સમસ્યા છે. અને આપણો હજારો વર્ષ પહેલાં લખાયેલાં ધર્મ શાસ્ત્રનો ગ્રંથ મનુસ્મૃતિ આ સમસ્યાનો સચોટ ઉત્તર આપે છે. એ જાણીને સૌને આશ્ચર્ય થશે.

મનુસ્મૃતિ માને છે કે જ્ઞાતિનાં બંધનો લગ્ન સંબંધ માટે બંધનકર્તા નથી; સુખી દાંપત્યજીવન માટે ગુણ કર્મ અને સ્વભાવની સમાનતા એજ મહત્વની વાત છે. એકજ જ્ઞાતિનાં વર કન્યા હોય પણ ગુણ, કર્મ અને સ્વભાવની સમાનતા ન હોય તો તેમનું દાંપત્યજીવન સુખી થઈ શકે નહી ઉપરાંત ભિન્ન ભિન્ન જ્ઞાતિઓનાં પતિપત્ની હોય પણ ગુણ કર્મ અને સ્વભાવની સમાનતા હોય તો તેમનું દાંપત્ય જીવન ચોકકસ સુખી થાયજ એવી ખાત્રી મનુસ્મૃતિ આપે છે. આધુનિક શિક્ષિત યુવાનવર્ગ લગ્ન સંબંધ માટે શિક્ષણની સમાનતા તેમજ સૌંદર્યને મુખ્ય ગણે છે. વરકન્યા બંને સુંદર હોય પણ ગુણ, કર્મ અને સ્વભાવ ભિન્ન હોય તો આવાં દંપતિ સુખી થઇ શકે નહિ એવી મનુસ્મૃતિની દ્રઢ માન્યતા છે.

દરેક મનુષ્યની પછી સ્ત્રી હોય કે પુરૂષ તેમની પણ અમુક સ્વભાવને અમુક હદ સુધી અનુકુળ થઇ જવાની શકિત હોય છે. આ શકિત અને મર્યાદાને ધ્યાનમાં લઇને મનુસ્મૃતિએ લગ્ન સબંધમાં થોડી છુટછાટ મુકેલી છે. આથી બ્રાહ્મણ સ્વભાવવાળો વર્ગ બ્રાહ્મણ અને ક્ષત્રિય કન્યા પરણી શકે છે. ક્ષત્રિય સ્વભાવવાળો વર્ગ ક્ષત્રિય ઉપરાંત વૈશ્ય કન્યા પરણી શકે છે વૈશ્ય સ્વભાવવાળો વર્ગ વૈશ્ય ઉપરાંત શુદ્ર કન્યા પરણી શકે છે.

આજે કેટલીક રાજ્ય સરકારો સવર્ણો ને હરીજનો સાથે લગ્ન સબંધો

બાંધવા માટે પૈસા અને નોકરીની લાલચ આપે છે. પણ આવી લાલચને વશ થઇને કરાયેલા લગ્ન સંબંધોના પરીણામે દંપતિ સુખી થઇ શકે નહીં લગ્ન સંબંધ માટે ધન મહત્વનું નથી પણ ગુણ, કર્મ અને સ્વભાવની સમાનતા જ મહત્વની છે. ચાતુર્વર્ણ ગુણ કર્મ અને સ્વભાવના આધારે નથી જેથી વ્યકિત જન્મે શુદ્ર હરિજન હોય પણ ગુણ કર્મ અને સ્વભાવે બ્રાહ્મણ એવા પુરૂષને પરણી શકે છે. આમાં મનુસ્મૃતિનો વિરોધ નથી.

આંતર જ્ઞાતીય લગ્નોથી જ્ઞાતિપ્રથાનો નાશ થશે એ માન્યતા પણ મિથ્યા છે. જ્ઞાતિપ્રથા હજારો વર્ષોથી અસ્તિત્વ માં છે અને જ્ઞાતિપ્રથાની કુટુંબ ભાવના યથાવત છે. કન્યા આંતરજ્ઞાતીય લગ્ન પછી પતિની જ્ઞાતિમાં દૂધમાં સાકર ભળે તેમ ભળી જાય છે. અને તેનાં સંતાનો પતિની જ્ઞાતિનાં જ ગણાય છે આંતર જ્ઞાતીય લગ્નપ્રથાથી વિભકત થયેલા અલગ અલગ જ્ઞાતિઓનો સમાજ એક બીજાની વધુ નજીક આવશે અને પોતાની જ્ઞાતિ શ્રેષ્ઠ અને અન્ય જ્ઞાતિઓ તુચ્છ એવો સંકુચિત ભાવનાનો અંત આવશે ભારતીય હિંદુસમાજ એકજ કુટુંબ છે એવી ભાવનાને વધુ વેગ મળશે !

(જય ઉમીયાં ભવાની)

આંખ, મન ને જીવન *

પરસોત્તમ પટેલ
જગદલપુર

★ જેની આંખ બગડે એનું બધું બગડે

★ પાપ પહેલું આંખમાં, પછી મનમાં, પછી વાણીમાં અને પછી વર્તનમાં આવે છે.

★ આંખ બગડે એટલે મન બગડે ને મન બગડે એટલે જીવન બગડે.

★ કહો ! આજે કોઇ માણસ પોતાના દિકરાનું નામ રાવણ કે હિરણ્યકશ્યપ રાખવા તૈયાર થશે ખરો ?

★ જેનો રાજા લોભી હોય તેના હાથે બહુ પાપ થાય ને તેથી તેની પ્રજા બહુ દુઃખી થાય.

★ આવો હિરણ્યકશ્યપ—લોભ આપણી આંખમાં ને જીવનમાં પ્રવેશે નહિ. તે માટે વિવેક પૂર્વક પ્રવેશ બંધનું પાટીયું મારી જીવનને સંતોષથી સભર બનાવીએ.

સમાજ માટે કલંકરૂપ કુરિવાજો

પટેલ અર્જુનભાઇ આર.
ભીવંડી

ગાંધીજીએ સાચું જ કહ્યું છે રીવાજના કૂવામાં તરવું સારૂ છે પણ ડૂબવું આત્મહત્યા છે. મધ્યમવર્ગની હાલત ધોબીના કૂતરા જેવી છે. છેલ્લા દાયકામાં મધ્યમવર્ગની હાલત ઉત્તરોતર મોંઘવારીથી વણસતી ગઇ છે પોતાની હાલત ન શહી શકે ન કોઇને કહી શકે. સમાજમાં કે કુટુંબમાં પોતાનો કહેવાતો મોભો જાળવવા અંગે મજુરી પણ ન કરે હલકી ગણાતી મજુરી કરેતો આબરૂ જાય પણ ટૂંકા પગારમાં આવક જાવકનાં પાસાં સરખાં ન મળે અચાનક માંદગી, સમાજમાં વ્યવહાર સાચવવા યુવાન પુત્ર પુત્રીઓના લગ્ન નાં ખર્ચ, શિક્ષણું ખર્ચ પુરાં પાડવા આ સઘળી જવાબદારીઓ વહન કરવા સામાન્ય મનુષ્યનું ભાવિ અત્યંત ધુંધળું છે. ખાદ્યચીજો, કપડાંલત્તાં વગેરે ખર્ચ માં કેટલો કાપ મૂકાય ? ગુમાવેલી વસ્તુ ની ગમગીનીમાં પોતાની પાસે હોય તે પણ માનવી ગુમાવી બેસે છે. આટલી બધી મુશ્કેલીઓ વેઠવા છતાં નાતવરા લગ્ન મરણના ખર્ચ કરવા માટે ગરીબ જનતા પણ તૈયાર થાય છે. આવી જાતની હીન મનોદશા સમાજ માટે ખરેખર કલંકરૂપ જ છે. લગ્ન કે વેવિશાળ જેવા પ્રસંગો સાદાઇથી પણ થઈ શકે છે. સાદાઇથી કરો કે ધામધૂમ થી કરો તો પણ બ્રાહ્મણ એકજ જાતના અને એટલા જ શ્લોક બોલવાના છે તો પછી રીવાજને નામે સમાજમાં દેખાવ કરવાની પાછળ કેટલું સહન કરવું પડે છે, સંસારના સુખ પર જે મીઠ સરખી પણ માંડતા નથી અને પોતાની ખોટી પ્રતિષ્ઠા ખાતર કાળાં ધોળાં કરે છે. આખી જિંદગી પૈસો પૈસો કરીને બચાવેલી રકમ જોત જોતામાં રીવાજો પાછળ ખર્ચી નાખતાં લોકો જરાપણ અચકાતા નથી.

બીજી બાજુ જોતાં રીવાજોને લીધે સહકારની ભાવના દ્રઢ બને છે. વ્યક્તિ ઓ એક બીજાની નિકટ આવે છે આમ આ રીતે રિવાજો સમાજને જીવંત રાખે છે પરંતુ રિવાજોમાં અનિષ્ટો રૂપી ઝેર ભળે ત્યારે વિષમતા ઊભી થાય છે. આપણે જોઇએ છીએ કે બે પેઢીએ જતાં ભાઇ બહેન એકબીજાને ઓળખતાં પણ નથી તે વખતે આવાં સંમેલનો એક લોહીના યાદ આવે છતાંય નવી પેઢી ને તો આવાં સંમેલનો માન્ય જ નથી નવી પેઢીમાં વ્યવહારિક તેમજ વિવેક બુદ્ધિ ઓછી હોય છે. આને સમતોલ કરવા વડીલો તેવાં સંમેલનોમાં જવા ધકેલે છે.

નસીબનું ચક્ર સીધું ચાલે છે. ત્યાં સુધી આ દુનિયા રંગ બેરંગી ચાલતી

દેખાય પણ ચક્ર જ્યારે અવળી ગતિમાં ફરવા માંડે ત્યારે એની એજ દુનિયા આપણને કડવી ઝેર જેવી લાગે છે. આપણે કુરૂઢિઓની પાછળ નાણાંનો દુર્વ્યય કરવાને બદલે સંતાનોની કેળવણી અને તંદુરસ્તી પાછળ ખર્ચીએ તો એમનું ભાવિ જીવન કેટલું ઉન્નત બને ?

અત્યાર સુધી વ્યક્તિને કે સમાજને ગુંગળાવનારા આપણા સામાજિક અનિષ્ટોને તો દેહાંતદંડની સજા જ થવી ઘટે. ધનિકો પણ એટલું જરૂર સમજે કે થાળીમાં આવેલું નહિ પણ પેટમાં પચેલું આપણું છે. તેમ તિજોરીમાં સંગ્રહેલું નહીં પણ સત્યકર્મમાં વાપરેલું ધનજ આપણું છે. દંભ ખાતર કે કુરૂઢિઓ પાછળ ધન ન ખર્ચતાં જેને કપડાં નથી મળતાં એક ટંક પણ પૂરતું અન્ત ખાવા મળતું નથી તેમને મદદ કરે તો સમાજમાં કોઇ ગરીબ–શ્રીમંત નો ભેદ ન રહે ક્યાંય ખાડો ન રહે, ક્યાંય ટેકરો ન થાય પણ જો એક જગાએ ટેકરો થશે તો બીજી જગ્યાએ ખાડો થવાનો જ. સમાજનું સઘળું સમાજમાં જ વેચાય તો ખાડો ટેકરો ન રહે સમાજના આંતર પરિવર્તન માટે સદ્વિચાર જરૂરી છે.

સ્મરણની બે વાતો *

- બે જણને નિત્ય પ્રણામ કરો— મા બાપ અને ગુરૂ.
- બે વાત ન ભૂલો— ઉપકાર અને ઉપદેશ.
- બે જણ માટે હંમેશાં લખો— આઝાદી અને ઇન્સાફ.
- બે વસ્તુ માટે પ્રાણ આપો— દેશ અને મિત્ર.
- બે વસ્તુથી દૂર રહો— અભિમાન અને બાહ્ય દેખાવ.
- બે વસ્તુથી બચો— આપણાં વખાણ અને બીજાની નિંદા.
- બે વસ્તુથી દૂર રહો— આળસ અને ગરજ.

* તાણ છે. *

પટેલ વેલજી એલ. મેપાણી
રાયપુર (મ. પ્ર)

ક્યાંક પાવર ની તો, ક્યાંક પાણીની તાણ છે.
બકાલું એ રૂપિયે કિલો, શું બાફીને શું ખાય,
કોલસાની તંગી, ને તેલની તો તાણ છે.
દુઝાણા ડેરીમાં ને, મલાઇ માલદાર ચાટે,
ગરીબના ઘરમાં, છાશનીય તાણ છે.
અછત મટતી નથી ને, છત થાતી નથી,
સરકારની પાસે, દાણાની જ તાણ છે.
નેતાને નામની લીડર ને લાંચની,
કોને પડી છે ગરીબની, સૌને સ્વાર્થની તાણ છે.
સીમેન્ટ મળતો નથી ને, ખાંડના તો ભાવ વધ્યા.
ગરીબોને રહેવા માટે, મકાનની તાણ છે.
આશિક ને ઇશ્ક ની, લયલાને મજનુની,
સૌને "મેપાણી," લવનીય તાણ છે.

સુવાક્ય

સંપાદક :–કમળાબેન કે. પટેલ
(તલોદ) ઉમેદપુરા.

ચારિત્ર્ય એ અત્તરના પુમડા જેવું છે. એ જેની પાસે હોય એને તો એની સુવાસ મળેજ છે. પણ તેના સમાગમમાં જે આવે છે તેને એ સુવાસ આપતું રહે છે. એના અંતરની સુવાસના દાનમાં જ એને આનંદ હોય છે.

સંકટ સમયે હિંમત, સહનશીલતા અને ધૈર્ય ધારણ કરવાં એ સંકટ પર વિજય મેળવવાની સુવર્ણ ચાવી છે.

બીજાનું સુખ જોઈ ગ્લાનિ અનુભવશો તો તમારી પોતાની સુખની મુડી પણ ગુમાવી બેસસો.

નોતરૂ ભલે મળે સામર્થ્ય હોય તો જ બીજાના સલાહકાર તરીકે વર્તજો નહિતર ઉલટાની ઉપાધી આવી પડશે.

ભારતના મુખ્ય રાજકીય પક્ષો અને ચૂંટણી પ્રતિકો

(અ) રાષ્ટ્રીય કક્ષાના પક્ષો

પક્ષનું નામ	ચૂંટણી પ્રતિક
૧ શાસક કોંગ્રેસ,	સવત્સી ગાય (ગાય અને વાછરડું)
૨ સંસ્થા કોંગ્રેસ.	રેંટિયો ચલાવતી સ્ત્રી.
૩ જનસંઘ	દીપક
૪ પ્રજાસમાજવાદી પક્ષ	ઝુંપડી
૫ સંયુકત સમાજવાદી પક્ષ.	વડનું વૃક્ષ.
૬ ભારતીય સામ્યવાદી પક્ષ (સી.પી.આઈ)	દાતરડુ અને ઘઉંનુ ડૂંડું
૭ માર્કસવાદી સામ્યવાદી પક્ષ (સી.પી.એમ.)	હથોડો દાતરડુ અને તારો.
૮ સ્વતંત્રપક્ષ	તારો
૯ રિપબ્લીકન પક્ષ	હાથી
૧૦ મુસ્લીમ લીગ (કેરાલા)	સીડી.
૧૧ ભારતીય ક્રાંતિદળ (બી.કે.ડી)	હળ ચલાવતો માણસ

(બ) પ્રાદેશિક કક્ષાના પક્ષો

પક્ષનું નામ	ચૂંટણી પ્રતિક
૧૨ લોકમોરચા પક્ષ (પાંડિચેરી)	હાથી
૧૩ ઓલ પાર્ટી હિલ લિડર્સ કોન્ફરન્સ (આસામ)	ફૂલ
૧૪ ઓલ પાર્ટી હિલ લીડર્સ કોન્ફરન્સ (મેઘાલય)	ફૂલ
૧૫ જનતા પક્ષ (બિહાર)	ઘોડો
૧૬ કેરલ કોંગ્રેસ.	ઘોડો
૧૭ વિશાળ હરિયાણા પક્ષ	ઊગતો સૂરજ
૧૮ દ્રાવિડ મુનેત્ર કઝગમ	ઊગતો સૂરજ
૧૯ નેશનલ કોન્ફરન્સ -(જમ્મુ-કાશ્મીર)-	હળ
૨૦ બંગલા કોંગ્રેસ (બંગાળ)	હળ
૨૧ ત્રિપુરા કોંગ્રેસ (ત્રિપુરા)	હળ
૨૨ જનતા પક્ષ (મ્હૈસુર)	ત્રાજવું
૨૩ જનતા કોંગ્રેસ (ઓરિસ્સા)	,,
૨૪ શિરોમણી અકાલી દળ (પંજાબ)	,,
૨૫ યુનાઇટેડ ફ્રન્ટ	મરઘો
૨૬ ફોરવર્ડ બ્લોક	સિંહ
૨૭ મહારાષ્ટ્રવાદી ગોમંતક પાર્ટી	સિંહ
૨૮ યુનાઇટેડ ગોવન્સ (સીકવેરા જૂથ) ગોવા	હાથનો પંજો
૨૯ શિવસેના (મહારાષ્ટ્ર)	ઢાલ ઉપર બે તલવારો

સમાચાર દર્શન

"જાગૃતિ" માસિકના નવા આજીવન સભ્યો

૧	પટેલ ખેતસીભાઇ ડાહ્યાભાઈ C/o અન્નપૂર્ણા સો મીલ	મહુધા
૨	પટેલ કરશનભાઇ વી. C/o. ભગવાન સો મીલ્સ પટેલ એન્ડ કું.	ન્યુ દિલ્હી–૫૫
૩	પટેલ ગોપાલભાઈ કેસરાભાઇ	રણજિતપુરાકંપા
૪	પટેલ ખીમજીભાઇ અરજણભાઇ	વિશ્નુપુરાકંપા (મોડાસા)
૫	પટેલ લાલજીભાઇ જેઠાભાઇ	રણજિતપુરાકંપા
૬	પટેલ કાન્તિલાલ દાનજીભાઇ	,,
૭	પટેલ મનજીભાઇ દેવજીભાઇ	,,
૮	પટેલ ચંદુભાઇ નાનજીભાઇ	,,
૯	પટેલ મણીલાલ લાલજીભાઈ	,,
૧૦	પટેલ પ્રેમજીભાઇ દેવજીભાઇ નથુભાઇ	,,
૧૧	પટેલ રવજીભાઇ અરજણભાઇ	હીરાપુરકંપા
૧૨	પટેલ રણછોડભાઇ જેઠાભાઈ	બાવજીયાકંપા
૧૩	પટેલ ગંગારામ વિરમભાઇ	મોતેસરી

— લગ્ન ભેટ —

ભેટ આપનાર	પ્રસંગ	રૂ. ન. પૈ.	સંસ્થા
★ શ્રી માવજીભાઇ રાજાભાઇ પટેલ C/o. શ્રી શંકર વિજય સો મીલ કપડવણજ	ચિ. પુરુષોત્તમભાઇના લગ્ન પ્રસંગે	૨૫–૦૦	શ્રી ક, પા. સ. સ. વિદ્યાર્થી ભવન શ્રીમતિ એમ. એસ. એલ. માવાણી કન્યા છાત્રાલય–ધનસુરા
★ પટેલ લાલજીભાઈ દેવસીભાઇ C/o. પટેલ સો મીલ ખંભાત	ચિ. દામોદર અને ચિ. શંકરભાઇના લગ્ન પ્રસંગે	૨૫–૦૦	,,
★ પટેલ ગંગારામ વિરમભાઈ મોતેસરી	ચિ. ઇશ્વરલાલના લગ્ન પ્રસંગે	૨૫–૦૦	,,



હીરો ખોવાઇ ગયો

કચ્છ કોટડા (જડોદર) ના રહેવાસી હાલ ધંધાર્થે ખંડવા (મ. પ્ર.) શ્રી જગદંબા સો મીલ પંધાના રોડના માલિક શ્રી કરમશી રતનશી રામાણીના એકના એક સુપુત્ર ચિ. તુલસીદાસનું બે દિવસની ટૂંકી બિમારીથી તા. ૩૧-૩-૭૪ના સવારના ૮ વાગે દુઃખદ અવસાન થયું છે.

પરમાત્મા સદ્ગતના આત્માને શાંતિ આપે તેમજ તેમના નિધનથી તેમનાં માતા પિતા, કુટુંબીજનો તથા મિત્રોને પડેલી ખોટ સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે.

આપ ઉંમર વર્ષ ૨૪ ના હતા. આપનો સ્વભાવ બહુજ મિલનસાર તેમજ પ્રેમાળ હતો. આપ આપની પાછળ અગિયાર માસના લાડકવાયા પુત્રને તેમજ તેની વિધવા માતાને તથા પોતાનાં માતા પિતાને તેમજ ત્રણ બહેનોને અસહ્ય હાલતમાં છોડી ગયા. પરમાત્મા આપના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

* ગ્રાહક મિત્રો જોગ અપીલ

ગત ડીસેમ્બર-૭૩માં સુચન કર્યા મુજબ તેમજ જાન્યુઆરી ૭૪ના જાગૃતિ અંકના પેજ-૨માં જણાવ્યા મુજબ ૧૯૭૩ના ડીસેમ્બર સુધીમાં અગાઉથી લવાજમ ન ભરનારને જાગૃતિ માસિકનો અંક મોકલવાનું બંધ કરવામાં આવ્યું છે. તેની સૌને નોંધ લેવા વિનંતી—

હવે લવાજમનો દર રૂા. ૧૦/- કરવામાં આવ્યો છે તો તે મુજબ અગાઉથી લવાજમ મોકલી ગ્રાહક બની શકાય છે.

હજુ પણ ૧૯૭૩ના ડીસેમ્બર સુધીનાં કેટલાક ગ્રાહક મિત્રોનાં લવાજમો બાકી નીકળે છે તો સત્વરે મોકલી આપવા વિનંતી.

૧૦૩|૧.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ, ધનસુરા.

નવાનગર, તા. ૧૭-૩-૭૪

ઉપરોકત મંડળની ગત તા. ૧૭-૩-૭૪ને રવિવારે રાત્રે હિંમતનગર તાલુકાના નવાનગર કંપા મુકામે એક મિટીંગ યોજવામાં આવી હતી.

સદર મીટીંગમાં કંપાના યુવકમંડળના ભાઈ઼ઓ તેમજ વડીલજનો તેમજ આબાલવૃદ્ધ ભાઈ બહેનોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી.

સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે આપણો સમાજ પણ સમયોચિત પરિવર્તન લાવવા પ્રયત્નશીલ બને એવા સામાન્ય સુરનો પ્રત્યેક વકતાઓના વકતવ્ય માં નિર્દેશ હતો.

દા. ત. કેળવણીક્ષેત્રે આગળ વધવા માટે સમાજનાં ઠેરઠેર છાત્ર છાત્રાઓ માટે છાત્રાલયો હોવાં જરૂરી છે. ખાસ કરીને કન્યા કેળવણી પ્રત્યે વધુભાર આપવો જરૂરી છે. એવાં મંતવ્યો પણ પ્રગટ થયાં હતાં.

આ રીતે શૈક્ષણિક ઉપરાંત, સામાજિક પ્રગતિ માટે લગ્ન પ્રસંગો માટેના કડક સામાજિક નિયમોનો અમલ, વ્યર્થ ખર્ચ પર કાપ મૂકવા જાનમાં લઇ જવાતી સંખ્યાપર અંકુશ રાખવા બાળલગ્ન તેમજ વૃધ્ધલગ્નનોનું પ્રમાણ ઘટાડવા વગેરે બાબતો પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.

આ બધાંની સાથે આપણો સમાજ વિવિધ સંપ્રદાયો જેવા કે લક્ષ્મી નારાયણ, સ્વામીનારાયણ, આર્યસમાજ, કબીરપંથ, સતપંથ, તેમજ અન્ય નાના મોટા સંપ્રદાયોમાં વહેંચાયેલો હોઇ આ બાબત સામાજિક એકતા માટે અંતરાયરૂપ નીવડે છે. છતાં પણ વિવિધ સંપ્રદાયોમાં વહેંચાયેલો સમાજ સામાજિક રીતે એક વાકયતા લાવવા કટિબધ્ધ બને તો સામાજિક પ્રગતિ સાધવાનું અનુકૂળ બને.

જન્મથી જ પ્રત્યેક માનવી એ પ્રભુનાં પ્યારાં બાળકો છે જ તો તે સૌનું શારીરિક માનસિક, સાંસ્કારિક આર્થિક તેમજ ધાર્મિક આરોગ્ય સુવ્યવસ્થિત રીતે કોઇપણ એક સમાજ જો જાળવી શકે તો ગમે તેવા સંજોગોમા અન્ય સમાજોની હરોળમાં નિર્ધારિત પ્રગતિ સાધી શકે.

- ઉપરોકત પ્રસંગે મીટીંગમાં હાજર રહી નીચે મુજબના વકતાઓએ ઉપર મુજબનાં સમાજજીવનમાં જરૂરી એવાં વકતવ્યો રજુ કર્યાં હતાં.

વક્તાઓમાં તલોદ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ શ્રી રતિલાલ એલ પટેલ, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ, ધનસુરા. (ગુજરાત) ના મંત્રી મુરબ્બી શ્રી નાનજીકાકા, શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવનના ગૃહપતિ શ્રી વાડીભાઈ કે પટેલ, શ્રી પ્રેમજીભાઇ એ. પટેલ નેશનલ ટાયર્સ, ધનસુરા શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળ, ધનસુરા ના મંત્રીશ્રી અરજણભાઇ વી પટેલ શ્રી કાન્તિભાઇ કે. પટેલ તંત્રી, જાગૃતિ માસિક, સહમંત્રી શ્રી ક. ક પા. સ સ. યુવક મંડળ, ધનસુરા શ્રી ગોવિંદભાઈ વી. પટેલ ગણેશ ઇલેકટ્રીક સ્ટોર, ધનસુરા. મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રેમજીભાઇ દેવસીભાઇ પટેલ નવાનગર. શ્રી હરિલાલ પી. પટેલ નવાનગર (B. D. S III,) શ્રી ડાહ્યાભાઇ કરસનભાઇ પટેલ નવાનગર શ્રી માવજીભાઈ વિશ્રામભાઇ પટેલ નવાનગર તેમજ શ્રી ક. ક. પા. સનાતન સમાજ યુવક મંડળના પ્રમુખ શ્રી સામજીભાઇ એસ. પટેલ (વડાગામ) વગેરે એ માર્મિક પ્રવચનો કરી સમાજની પ્રગતિ માટે પ્રોત્સાહક વક્તવ્યો પૂરાં પાડયાં હતાં. ★

ગુજરાતમાં મોંઘવારી વિરુદ્ધ આંદોલન ચાલ્યું. આ મોંઘવારીથી બચવા આપણે લગ્નસરામાં ભોજન નિયંત્રણ અપનાવીએ તો—

આજે સમગ્ર ગુજરાતભરમાં મોંઘવારી તેમજ ભ્રષ્ટાચાર વિરુદ્ધ રોટી રમખાણો ફાટી નીકળ્યાં હતાં. કેન્દ્ર સરકારે ગુજરાત વિધાન સભાનું વિસર્જન મોડું મોડું પણ કર્યું વિદ્યાર્થીઓએ આંદોલન દિલ્હી સુધી વિસ્તારેલું હતું

આવા સમયે લગ્નસરા પુરજોશમાં આવવાની તૈયારી છે. તો તે માટે આંદોલનને લક્ષમાં રાખીને લગ્ન સમયે જમણવાર બાબત પ્રશ્નો ઘણી વિચારણા માંગી લે છે.

મોંઘવારી વિરુદ્ધ આંદોલન તેમજ ગુજરાત સરકારના ભોજન નિયંત્રણના કાયદાને ધ્યાનમાં લઇને આપણને લગ્નમાં ભોજન પિરસવાનું આ તબકકે યોગ્ય લેખાશે નહીં જેથી લગ્ન સમયે થતો મોટો જમણવાર આવા સમયે રદ કરવો જોઇએ. જાનૈયા તેમજ મોસાળ પક્ષને આપવામાં આવતું જમણ બંધ થવું જરૂરી છે આ માટે થોડીક મુશ્કેલી પણ ઊભી થશે, છતાં તે આપણા લાભમાં જ રહેશે આવું તો જ બની શકે જો જાન વધારે પડતો સમય રોકાય નહીં તો—

જાન આવતાંની સાથે રીતરિવાજો પતાવી વરઘોડા મારફત લગ્નવિધિ શરૂ કરવી જોઇએ. અને એ પુરી થાય એટલે જાનને વિદાય આપવી જોઇએ. પરદેશમાં તેમજ બીજી ઘણી જ્ઞાતિઓમાં બને છે તેમ વરઘોડો લગ્નસ્થળે આવે અને તરતજ લગ્ન વિધિ શરૂ થાય અને પુરી થયા બાદ તરતજ જાનને વિદાય આપવામાં આવે છે.

જેથી જમણનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ઘણે દૂરથી આવતી જાન માટે સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા વિચારણાથી જે ઉકેલ આવે તે માન્ય રાખવો જરૂરી છે.

આવું તોજ સંભવી શકે, જો દરેક આ બાબતમાં સક્રિય રહે અને જે કંઇ મડાગાંઠ ઊભી થાય એનો નિકાલ લાવવાની તત્પરતા દર્શાવે તો સમગ્ર જ્ઞાતિજનો આ બાબતને પોતાની બાબત સમજી અમલમાં મૂકે તો એ આંદોલનના તબક્કે સર્વના હિતમાં જ હશે.

આ બાબતમાં સમાજના આગેવાનો મીટીંગમાં જમણવાર બાબત ચર્ચા કરી યોગ્ય ઠરાવ દ્વારા તેને અમલમાં મુકવા અને પાલન કરાવવા આ બાબત ઘટતું કરે તો તે જ્ઞાતિ હિતમાં રહેશે જ્ઞાતિના ભાઇઓ અને બહેનો પણ જમણવાર પર નિયંત્રણો લાદી લગનસરા સાદાઇથી ઉજવે તો આવા સમયે એ પગલું યોગ્ય ગણાશે.

જો કે આ કાર્ય આપણા માટે કઠીન છે. છતાં તેને અમલી બનાવવામાં આવે તો તે ઉચિત જ ગણાશે

આશા છે કે સૌ જ્ઞાતિ ભાઇઓ અને બહેનો આ બાબતની ગંભીર વિચારણા કરી. પોતાની જ સમજી અમલમાં મૂકે.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ સુરત

તાજેતરના લોક આંદોલનમાં શહીદ થયેલાઓના માનમાં બે મિનિટ મૌન પાળી સુરત યુવક મંડળે આપેલી શ્રદ્ધાંજલિ.

તા ૨૯-૩-૭૪ના રોજ મળેલ જનરલ મીટીંગમાં નીચેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

શરૂઆતમાં તાજેતરના લોક આંદોલનમાં શહીદ થયેલાઓના માનમાં બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પવામાં આવી હતી. એક ઓડીટરની ખાલી પડેલી જગ્યા માટે સર્વાનુમતે પટેલ ડાહ્યાભાઇ નારણભાઈની ઓડીટર તરીકે વરણી કરવામાં આવી હતી.

ગાંધીધામથી નેત્રા (માતાજીના) બસ સર્વીસ શરૂ કરવા માટેનો ઠરાવ પસાર કરી તેની નકલ ગાંધીધામ અને ભૂજ એસ. ટી. ડેપોમાં મોકલવાનું નક્કી કરવામાં આવ્યું હતુ. તેમજ આ જ રીતે ગામે ગામેથી અરજી લખવાનું નક્કી કરવામાં આવ્યું હતું. ગાંધીધામથી નેત્રા બસ સર્વીસ શરૂ થવી જોઇએ તેની જોરદાર માગણી સભ્યો તરફથી કરવામાં આવી હતી. લાગતા વળગતા મંડળોને પણ આ અંગે જાગ્રત થઇ ગાંધીધામ નેત્રા બસ સર્વીસ શરૂ થાય તેવી હિલચાલ શરૂ કરવા વિનંતી કરવામાં આવે છે

આભાર વિધિ બાદ સભા બરખાસ્ત કરવામાં આવી હતી.

મંત્રી : **મેઘજીભાઈ વાલજીભાઈ પટેલ**

શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજ

શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજની મીટીંગ તા. ૧૩–૧–૭૪ને રવિવારના બપોરના ૩–૦૦ વાગે મદ્રાસ ખાતે શ્રી કાનજીભાઇ ભીમજીભાઇના પ્રમુખપદ હેઠળ ભરવામાં આવેલ જેમાં તામીલનાડુ, કેરાલા, આંધ્રસ્ટેટ અને મૈસુર સ્ટેટના પ્રતિનિધિઓએ હાજરી આપેલ.

મીટીંગની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવેલ. સર્વ પ્રથમ કોઇમ્બતુરમાં માવજીભાઇ લાલજીભાઇના દુઃખદ અવસાનનો શોક ઠરાવ રજુ કરવામાં આવેલ.

ગત બે વર્ષનો આવક જાવકનો હિસાબ તથા મીનીટ બુક મંત્રીશ્રી રવજીભાઇ વિશ્રામભાઇએ વાંચી સંભળાવેલ.

નીચે મુજબના ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

ઠરાવ ૧ કોલેજમાં અભ્યાસ કરવા માગતા ગરીબ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૪૦૦/– ની ચાર સ્કોલરશીપ આપવી.

ઠરાવ–૨ સમાજના સંમેલનમાં થતા ખર્ચને પહોંચી વળવા સમાજ તરફથી થતી મદદમાં વધારો કરવો.

ઠરાવ–૩ ચાલુ વર્ષે કચ્છમાં લગ્ન હોવાથી લગ્નમાં કરકસર અને સાદાઇથી ઉજવવા, અનાજ અને નાણાંના બગાડને બચાવવો.

ઠરાવ–૪ અમદાવાદની વાડી દક્ષિણ ભારતમાં વસતા ભાઇઓ માટે બીન જરૂરી જણાતાં, ત્યાં પૂરતી બનાવવી.

ઉપર મુજબના ઠરાવો તથા આવક જાવકના હિસાબને બહાલી આપ્યા બાદ નીચે મુજબના હોદ્દેદારોને આગામી બે વર્ષ માટે ચૂંટી કાઢવામાં આવેલ.

પ્રમુખ	: શ્રી કાનજી ભીમજી	બેંગલોર
ઉપપ્રમુખ	: શ્રી ભવાનજી લખુભાઈ	રાજપાલયમ
મહામંત્રી	: શ્રી રવજી વિશ્રામ	મદ્રાસ
સહમંત્રી	: શ્રી હંસરાજ ખેતા	,,
સહમંત્રી	: શ્રી હીરજી જીવરાજ	ત્રિવેન્દ્રમ
ખજાનચી	: શ્રી વિશ્રામ હરજી	મદ્રાસ

આ ઉપરાંત ૧૫ જણની કારોબારીની ચૂંટણી કરવામાં આવેલ.

મીટીંગમાં પ્રાસંગિક પ્રવચનો ઉપરાંત આજની વિકટ પરિસ્થિતિ તેમજ કચ્છમાં પડેલ દુષ્કાળમાં લગ્ન સાદાઇથી ઉજવવા માટે દરેક ભાઈ તરફથી હિમાયત કરવામાં આવેલ. આપણી જ્ઞાતિમાંથી કુરિવાજો દૂર કરવા માટે નારી શિક્ષણ ઉપર ભાર મૂકવામાં આવેલ.



જાહેર નોટીસ

આથી લાગતા વળગતા સ્નેહીઓ તથા સબંધી ભાઈઓને જણાવવાનું કે અમારે નામે કપડવંજના રહીશ વેલજીભાઈ ઉર્ફે મગનલાલ કરમસીભાઈ નીચે પ્રમાણેનાં બાનાં બતાવી પૈસા લઇ જાય છે.

★ હું માવજીભાઈનો નાનો ભાઇ છું મારૂ નામ કાન્તિલાલ રાજારામ છે.

★ મને ભાઈએ મોકલેલ છે ટ્રકનું ટાયર ગયેલું હોઇ થોડી રકમ મારી પાસે છે બાકી ખુટતી રકમ આપો જે ઘેર જઈ હું મોકલીઆપીશ.

★ ભાઈની તબીયત બહુ ખરાબ છે. અને ધંધામાં સંપુર્ણ હું જ ધ્યાન આપુ છું.

★ ટ્રકની બેરીંગ લેવાની છે. મારી પાસે થોડા પૈસા હતા તે વપરાઇ ગયા ટ્રક રસ્તામાં પડી છે તો અમુક રકમ આપો પછી તમો કહેશો તે પ્રમાણે સદર રકમ પહોંચતી કરીશ,

આ પ્રમાણેનાં ખોટાં બાનાં બતાવી છેતરવા ના ધંધા કરે છે તો તેમાં ફસાવુ નહિ. જેની નોંધ લેવી-

લિ. પટેલ માવજીભાઈ રાજારામ
,, કેશવલાલ રાજારામ
,, કાન્તિલાલ રાજારામ
શંકર વિજય સો મીલ
એસ. ટી. સ્ટેન્ડ સામે, કપડવંજ
(ગુજરાત રાજ્ય)

સુચના

ગયા અંકમાં માર્ચ–૭૪માં પાન નંબર ૨૭ ઉપર દર્શાવ્યા મુજબ શ્રી ક. ક. પા. સ. સ. યુવક મંડળે આપણા મુખપત્ર જાગૃતિમાં પ્રશ્નોત્તરી વિભાગ ખોલવાનું નક્કી કર્યું છે પરંતુ આજ દિવસ સુધીમાં માત્ર એકજ ભાઇ તરફથી પ્રશ્નો રજુ કરવામાં આવ્યા છે ને તેનો ખુલાસો હજુ વધુ પ્રશ્નો મેળવવાની રાહ જોઇને મે–૭૪ ના અંકમાં જરૂરી યોગ્ય જવાબો આપવામાં આવશે. રસ દર્શાવતા વાચક અને લેખક મિત્રો એ જાહેરાત મુજબ પ્રશ્નો પૂછવા હોય તો પૂછી શકે છે.

મંત્રી : શ્રી ક ક. પા. સ સ. યુવક મંડળ ધનસુરા (ગુજરાત)

શ્રી દક્ષિણ ભારતની વસ્તી ગણત્રીની બુકો છપાઇને આવી જતાં પ્રમુખે દરેકને વહેંચી આપેલ.

મીટીંગની વ્યવસ્થા તથા સેવાનું કાર્ય મદ્રાસ યુવક મંડળે પોતાના ઉપર લઇ કાર્યને સફળ બનાવેલ તે બદ્દલ પ્રમુખે યુવક મંડળનો આભાર માનેલ.

યુવાનોમાં આવેલ જાગૃતિ અને કાર્યની પ્રશંસા કરી રાતના ૧૦ વાગે મીટીંગ બરખાસ્ત કરેલ.

લિ.

શ્રી દક્ષિણ ભારત કડવા પાટીદાર સમાજ

મંત્રી : રવજીભાઇ વિશ્રામભાઇ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
વડાલી—ખેડબ્રહ્મા વિભાગ

સંવત ૨૦૩૦ના ચૈત્ર સુદ ૯ ને સોમવાર તા. ૧ ૪-૭૪ના રોજ વાર્ષિક સાધારણ સભા જુના મેઘકંપામાં મળેલ જેમાં વાઘેલા દેરોલ નિવાસી પટેલ કરશન ભાઇ મુળજીભાઇએ પ્રમુખ સ્થાન સંભાળેલ. મીટીંગમાં સમાજની ઉન્નતિ થાય તેવા પ્રયાસો કરવા ચર્ચા વિચારણા કરવામાં આવેલ જે સર્વાનુંમતે મંજુર નીચે મુજબ કારોબારી સભ્યોની વરણી કરવામાં આવેલ છે.

પ્રમુખ	પટેલ	છગનભાઈ શીવજીભાઇ	નારણપુરાકંપા
ઉ. પ્રમુખ	,,	નારાયણભાઇ દેવજીભાઈ	જુનાચામુંકંપા
મંત્રી	,,	રતિલાલભાઇ લક્ષ્મણભાઈ	,,
સભ્ય	,,	વિઠ્ઠલભાઈ રવજીભાઇ	કવાવકંપા
,,	,,	મોહનભાઇ ખેતાભાઇ	પરોસડાકંપા
,,	,,	માવજીભાઇ નથુંભાઈ	અંબાસાકંપા
,,	,,	ડાહ્યાભાઇ માવજીભાઈ	ભુતીયાકંપા
,,	,,	નારાયણભાઈ વાલજીભાઈ	નારણપુરા–લખેડાકંપા
,,	,,	દેવજીભાઇ પચાણભાઈ	(દેરોલકંપા) વાઘેલા
,,	,,	ડાહ્યાભાઇ ધનજીભાઇ	દામાવાસકંપા
,,	,,	શાન્તિલાલ વાલજીભાઇ	,,
,,	,,	કરશનભાઈ દેવજીભાઇ	નવા મેઘકંપા
,,	,,	મોહનભાઈ ગંગાદાસભાઈ	નવામેઘકંપા
,,	,,	છગનભાઇ પચાણભાઈ	પરબડીકંપા
,,	,,	સીવજીભાઈ ભાણજીભાઇ	વેકરાકંપા
,,	,,	રામજીભાઇ ખેતાભાઈ	કોઠણકંપા

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા જિ. સાબરકાંઠા

Book-Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક—૫ મે ૧૯૭૪

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ



અનુક્રમણિકા

॥ ૐ નમઃ શિવાય ॥

તંત્રીસ્થાનેથી

આપણે જાણીએ છીએ તે મુજબ આપણા પૂર્વજોએ વર્ષો સુધી અજ્ઞાનતાના અંધકારમાં ડૂબી જઇ, વિધર્મીઓની નાગચૂડમાં ફસાઇ જઇ સમગ્ર સમાજમાં નિરક્ષતાનું આવરણ ઢાંકી દઇને ગરીબીમાં ગોથાં ખાધાં છે. તે બાબત સૌને વિદિત હશેજ.

પરંતુ દેશકાળને અનુસરીને સમગ્ર કચ્છ પ્રદેશમાં વખતો વખત વરસાદની અનિશ્ચિતતાઓ ઊભી થતાં ખેતીવાડીમાં રાતદિવસના ૨૪ કલાકમાંથી સતત વીસ વીસ કલાક સુધી અથાગ પરિશ્રમ વેઠીને પણ પાપી પેટનો ખાડો પૂરવા રોજી રોટીની શોધમાં દેશવિદેશમાં છેલ્લાં સાઠેક વર્ષથી નીકળી જવાનું નસીબે હોઈ હાલમાં સમગ્ર ભારત વર્ષના પ્રત્યેક પ્રદેશોમાં નાનાં મોટાં શહેરો તેમજ ગામડાઓમાં આપણા સમાજનો કેટલોક વર્ગ નિવાસ કરી પોતાનું જીવન ગુજરાન ગૌરવયુકત બની ગર્વભેર કરે છે છે. બીજી રીતે જોઇએ તો સર્વશકિતમાન પ્રભુએ સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજને આ શકિત આપી હશે ખરી ? એક સમયનો સાવ નિરક્ષર સમાજ આ રીતે દેશવિદેશના પ્રવાસો ખેડી માદરે વતનથી હજારો માઇલ દૂર જઇ ત્યાંની સ્થાનિક પ્રાદેશિક પ્રજાઓ સાથે હળી મળી જઈ ભાષા, રહેણી કરણી, વિચારો વગેરેને પચાવી જઇ પોતાના રોજિંદા ધંધારોજગારમાં ઓતપ્રોત થઇ જાય એ કંઈ નાની સૂની વાત નથી.

ખરેખર ! આ બાબતને ઊંડાણથી વિચારીએ તો સમગ્ર સમાજે વિશાળ મહાસાગરને ડોળીને તેમાંથી નીકળતા ઝેરને અમૃતમય બનાવ્યું છે તો શું ભગવાન શંકરે એ શકિત આપી હશે ? કે પછી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજની કુળદેવી ઉમીયામાતા શકિતના અવતારે એવી જ શકિત માટે સમગ્ર સમાજને આશીર્વાદ આપ્યા હશે ?

કે પછી ચમત્કારિક ત્રિધર્મી પુરુષોના ચમત્કારમાં થોડો વખત ભલે અંજાઇ ગયા પણ પછી જમાનાની માંગ સાથે. શિક્ષણ મેળવ્યા બાદ સત્ય શું ની શોધ કરતાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણની કૃપા થઇ હશે ! ગમે તે કહો તો પણ આજે સમગ્ર સમાજ સુખી અને શાંતિમય રીતે જીવન જીવી શકાય તેટલી સંપત્તિ મેળવી આસાનીથી જીવી શકે છે એ વાત નિર્વિવાદ છે.

હાલના સંજોગો જોતાં સમગ્ર દેશભરની રાજકીય આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિ દિનપ્રતિદિન વણસતી જઇ રહી છે. રાજકીય દ્રષ્ટિએ જોઇએ તો

સમગ્ર દેશમાં પક્ષાપક્ષીનું જોર વ્યાપક બન્યું છે. અને એક મદોન્મત્ત રાજાશાહીના જમાનાની યાદ અપાવે તેમ ચોરી, લૂંટફાટ, અંધાધૂંધી, અરાજકતા અને ગૂંડાગીરી, ભ્રષ્ટાચાર વગેરેનો પ્રવાહ કોઇ મોટા પહાડમાંથી ધોધસ્વરૂપે નીકળતી સરિતાનાં ઘોડાપૂરની જેમ પ્રસરી રહ્યો છે. સમગ્ર દેશની જનતા એ ઘોડાપૂરના પ્રવાહમાં અટવાઇ ગઇ હોય તેમ કેમ નથી લાગતું ?

બીજી બાજુ સમગ્ર દેશની આર્થિક શકિતને ક્ષય રોગ લાગુ પડેલો જણાય છે. દેશમાં વિકાસનાં સાધનો ઊભાં કરવા અથવા ઊભાં થયેલાં સાધનોને પ્રોત્સાહિત કરવા માટે આર્થિક સમીક્ષા કરતાં દયામણી પરિસ્થિતિનાં દર્શન થશે.

આ બાજુ સામાજિક રીતે જોઇએ તો પણ જ્ઞાતવાદનાં બંધનોમાં શિથિલતા, સાંપ્રદાયિકતાના પ્રમાણમાં સહજ વૃધ્ધિ, અને ધાર્મિકતાનું જોર નરમ પડતું જણાય છે. કારણ કે સમગ્ર જનતાને આકર્ષી શકે અને આધ્યાત્મિકવાદ તરફ વાળી શકે એવા મહાત્મા કે મહામના પુરુષો કોઈ હશે તો એ મૌન સેવતા જણાય છે. અને નહિંતર પણ વધતી જતી વસતીને દ્રષ્ટિ સમક્ષ રાખીને વિચારીએ તો એવા મહાત્મા પુરૂષોની ટકાવારીનું પ્રમાણ ઘટેલું જણાશે.

આવા બારિક કે કાતિલ સમયમાંથી સમગ્ર દેશની જનતાની સાથે આપણો સમાજ પણ પસાર થઇ રહ્યો છે. છતાં પણ હજુ આપણે સમગ્ર સમાજની સંસ્કૃતિ કે સંસ્કારિતાની બાબતમાં સજાગ છીએ એ બાબતની યાદ છેલ્લાં બે પાંચ વર્ષમાં નવનિર્માણ પામતાં મંદિરો પરથી આવી જાય છે. ચાલુ વર્ષનીજ વાત કરીએ તો તાજેતરમાંજ ગુજરાતમાં રામપુરા (હડમતીયા) કંપામાં તેમજ કચ્છમાં રવાપર મુકામે ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઇ ગયો હજુ કચ્છ દરસડી મુકામે મે ના છેલ્લા અઠવાડિયામાં ભગવાનશ્રી લક્ષ્મીનારાયણનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે.

આ રીતે આપણે મંદિરોના નિર્માણ કાર્યનુ સુંદર કાર્ય કરીએ છીએ પરંતુ મંદિરોના નિર્માણ બાદ 'મન હોય તો માળવે જવાય' એ રીતેજ 'મંદિર હોય તો મંદિરે જવા'ની પ્રક્રિયા કુદરતમાં અપ્રતિમ શ્રધ્ધા સાથે જાળવી રખાય એ બાબત સમાજે, સજાગ બનવાની જરૂર છે.

અનેક વખત નિરક્ષર વડીલોના મુખે ભણેલા છોકરાઓ ભગવાનને માનતા નથી એ વાત સંભળાઈ હશે. પરંતુ મારી એ વડીલોને જ નમ્ર વિનંતી છે કે તેઓએ પોતેજ પોતાની ભાવિ પેઢીને ગળથૂથીમાંજ જેવા સંસ્કારો આપ્યા હોય તેવા જ સંસ્કારોની છાપ ઉપસેને ? આજકાલ જોઇશું તો શિક્ષિત વર્ગ ઉલ્ટાનો આધ્યાત્મિકતા તરફ વળતો જતો જણાય છે. જ્યારે યુવાન પણ નિરક્ષર વર્ગ, વડીલશાહીમાં કુદરતમાં તેમજ અલૌકિક શકિતમાંથી પોતાની શ્રધ્ધા ગુમાવતો જતો જણાશે. આવા સંજોગોમાં પણ આપણે હવેથી જો કે સજાગ છીએ જ છતાં વધુ સજાગ બની આપણા સમગ્ર સમાજનાં બાળકોને ગળથૂથીમાંથીજ કુદરત જેવી કંઈક શકિત છે. તેમાં શ્રધ્ધા રાખતાં બનાવવા. જીવન-વ્યવહાર માટે ઉચ્ચ સંસ્કારિતાનું પ્રદાન કરે તેવી કેળવણી પાયાથીજ આપવા વધુ સજાગ બનીએ તો દેશકાળના ગમે તેવા કપરા સંજોગોમાં પણ ભયંકર અંધાધૂધીના વાવંટોળમાં પણ સમગ્ર સમાજનુ વટવૃક્ષ અડીખમ ઊભું રહી શકશે અન્યથા નહીં......

* " ગાયત્રી અને યજ્ઞોપવિત " *

શ્રી પ્રેમજીભાઇ દે. પટેલ
નવાનગર

ઓમ ભૂર્ભુવ: સ્વ: ૐ તત્સવિતુ ર્વરેણ્યમ્ ।
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયોયોન : પ્રચોદયાત ॥

ૐ જે અમારી બુદ્ધિને પ્રેરે છે (સત્તા–સ્ફૂર્તિ આપે છે.) તે સૂર્યદેવના શ્રેષ્ઠ તેજનું અમે ધ્યાન ધરીએ છીએ.

મંત્ર એટલે શકિતની ખાણ. મંત્ર એટલે માનવ હૃદયમાં અનુભવનાં સ્પંદનો પેદા કરનારું જ્ઞાન. મંત્ર એટલે ભૌતિક જગતમાં સહાય કરનારું એક સમર્થ બળ. મંત્ર એટલે આધ્યાત્મિકતાનાં ઊંચા સોપાનો ભણી વ્યકિતના આત્માને લઇ જતી એક અપૂર્વ શકિત. મંત્ર એ મહાસિધ્ધિ છે, મહાશક્તિ છે.

ગાયત્રી દરેક દ્વિજનું એક જરૂરી ધર્મ–કાર્ય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય- જે લોકો જનોઈ ધારણ કરી શકે છે. તે દ્વિજ છે. એવા બધા લોકોને ગાયત્રી ને અધિકાર છે, જેનો બીજો જન્મ થયો છે તે દ્વિજ છે. એક જન્મ માતા પિતાથી થાય છે તેથી મનુષ્ય અને પશુ એક સરખાં છે પણ બીજો આધ્યાત્મિક જન્મ ગાયત્રી માતા અને યજ્ઞપિતાના સંયોગથી થાય છે. ગાયત્રી એટલે સદ્બુદ્ધિરૂપિણી માતાપિતા સમજી લીધેલ છે. જીવનની વસ્તુ સમજી ને પરમાર્થ અને આત્મકલ્યાણનો માર્ગ સ્વીકારી લીધેલ છે હકીકતે તેજ દ્વિજ છે. ગાયત્રી ઉપાસક એવા જ સ્તરના હોય છે. જેનો એવો દ્રષ્ટિકોણ હોય છે તે ગાયત્રી ઉપાસનામાં લાગ્યા રહે છે. આ રીતે આ ગાયત્રી અને દ્વિજત્વ એક સાથે રહે છે આ એકતાના અભાવને સંસ્કૃતમાં ' અનધિકાર ' કહેલ છે. જેમાં આ રીતની એકતા ન હોય તે અનધિકારી કહેવાય છે. ઉચ્ચ ભાવના અને ગાયત્રીની સાથે સંબંધ રાખવાથી ' અધિકાર ' પ્રાપ્ત થાય છે.

યજ્ઞોપવિતને ગાયત્રી મૂર્તિ એક પ્રતિમા કહેવી જોઈએ. ગાયત્રીને હરઘડી છાતીએ લગાવી રાખવી, હૃદય પર ધારણ કરી રાખવી એ યજ્ઞોપવિત નો ઉદ્દેશ કે જનોઈમાં ત્રણ તાર છે. ગાયત્રીમાં ત્રણ ચરણ છે જનોઇના એ ત્રણે તારમાં ત્રણ ત્ર તાર હોય છે તે બધા મળીને નવ તાર એ ગાયત્રીના ૧૧ શબ્દ છે જનોઈમાં વચ્ચેની ત્રણ ગાંઠ અને એક બ્રહ્મગાંઠ હોય છે. એ ગાયત્રીની ત્રણ વ્યાહૃતિ અને એક પ્રણવ છે. બીજા દેવતાઓની મૂર્તિઓ પથ્થર કે ધાતુની બનાવવામાં આવે છે

અને તેનું પૂજન ધ્યાન ઉપાસના મંદિરમાં જ થઇ શકે છે. પરંતુ ગાયત્રીદેવી તો મનુષ્યનો જીવન પ્રાણ જ છે. તેનું પૂજન કોઈ કોઈ સ્થળે એક જ વાર કરવાથી કામ ચાલી શકતું નથી. એ દેવી તો એવી છે જેને સુતાં, જાગતાં, ચાલતાં, ફરતાં, ખાતાં, પીતાં હરઘડી સાથે રાખવાની છે. એક ક્ષણ માટે પણ પોતાનાથી દૂર કરવાની નથી તેથી તેની મૂર્તિ ધાતુ કે પથ્થરની ન બનાવીને સુતરની બનાવવામાં આવેલી છે. યજ્ઞોપવિત (જનોઇ) ગાયત્રીની મૂર્તિમાન પ્રતિમા છે તેને પ્રાણપ્રિય સમજીને હરઘડી છાતીએ, ખભે, હૃદયે ધારણ કરી રાખવા માટે યજ્ઞોપવિત પહેરવામાં આવે છે. ગાયત્રી ઉપાસના માટે યજ્ઞોપવિત ધારણ કરવી એક જરૂરી ધર્મ કાર્ય છે.

પોતાની બુદ્ધિને સાત્વિક સન્માર્ગ ગામી બનાવવા માટે પ્રયત્નશીલ રહેવું એ ગાયત્રી મંત્રની શિક્ષા છે એ શિક્ષાઓને પોતાના વ્યવહારિક જીવનમાં સમાવેશ કરવા માટે પૂરી લગનથી કામ કરવુ એજ યજ્ઞોપવિતને ધારણ કરવાનું લક્ષ છે યજ્ઞોપવિતને 'સૂત્ર' પણ કહે છે. સૂત્ર દોરાને પણ કહે છે અને જેની અંદર ખૂબ રહસ્ય છૂપાયેલુ હોય એ શબ્દ રચનાને પણ સૂત્ર કહે છે અને યજ્ઞોપવિતમાં લીપી અને ભાષાનો પ્રયોગ થયેલ નથી તો પણ બ્રહ્મસૂત્ર ગ્રંથ છે. તેના એક દોરામાં જીવનને મહાન બનાવનારી શિક્ષાઓ ભરી પડી છે. એ શિક્ષાઓનું હરઘડી ધ્યાન રાખવા માટે યજ્ઞોપવિત પહેરવી પડે છે. અને તેને પહેરવા માટે આગ્રહ કરવામાં આવે છે,

ગાયત્રીને ગુરુમંત્ર કહેલ છે. પ્રાચીનકાળમાં બાળકો જ્યારે ગુરુકુળમાં વિદ્યા ભણવા જતાં હતાં ત્યારે તેને વેદારંભ સંસ્કાર વખતે ગુરુમંત્રના રૂપમાં ગાયત્રીની દીક્ષા (મંત્ર) આપવામાં આવતી હતી વેદની શિરૂઆત વેદ માતા ગાયત્રીથી જ થાય છે.

"ગાયત્રી મંત્ર શ્રાપિત છે. તેને વશિષ્ઠ અને વિશ્વામિત્રનો શ્રાપ લાગેલ છે જે આ શ્રાપનું નિવારણ કરી લે છે તેની સાધના સફળ થાય છે. એનો શાસ્ત્રોમાં ઉલ્લેખ છે. આ અલંકારિક વર્ણનમાં વિધિસર ગાયત્રી સાધના કરવા તેના શાસ્ત્રીય કાર્યને સમજવા અને અનુભવી માર્ગદર્શક ના સંરક્ષણમાં સાધનાક્રમને આગળ વધારવાનો આદેશ આપવામાં આવેલ છે"

વશિષ્ઠ વિશેષ રૂપથી શ્રેષ્ઠને કહેવાય છે પ્રાચીન કાળમાં જે વ્યકિત સવા કરોડ ગાયત્રી જાપ કરી લેતા હતા તેને વશિષ્ઠની પદવી આપવામાં આવતી હતી રઘુવંશીઓ કુલ ગુરુ હંમેશાં એવા જ વશિષ્ઠ પદવીધારી હતા રઘુ, અજ,

દિલીપ, દશરથ, રામ, લવકુશ, આ છ પેઢીઓના ગુરુ એક જ વશિષ્ઠ નહિ પણ જુદા જુદા ઋષિ હતા. પરંતુ એ બધાએ ઉપાસનાના આધારે 'વશિષ્ઠ' નું પદ મેળવેલ હતું.

વશિષ્ઠ શાપ મોચન નો અર્થ છે એ રીતે કોઇ અનુભવી ઉપાસક પાસેથી ગાયત્રી સાધનાનું શિક્ષણ લેવું જોઇએ તેને પોતાના માર્ગદર્શક બનાવવા જોઈએ વિશ્વામિત્રનો અર્થ સંસારની ભલાઇ કરનાર પરમાર્થી સચ્ચરિત્ર અને કર્તવ્ય પારાયણ છે. ગાયત્રીનો શિક્ષક ફક્ત વરિષ્ઠ ગુણવાળો જ નહી વિશ્વામિત્ર પણ હોવો જોઇએ તપસ્વી અને પરમાર્થી બંને ગુણ જેમાં હોય તેને વશિષ્ઠ અને વિશ્વામિત્રની શ્રેણીના કહી શકાય છે ગાયત્રી જેવી વિશ્વ જનની મહાશકિતને કોઈ પણ સત્તાશ્રાપ દેવામાં સમર્થ નથી ગુરુની મહત્તા બતાવવા માટેજ અલંકારીક રૂપમાં શ્રાપ લગાવવાની વાત કહેવામાં આવેલ છે.

યજ્ઞોપવિત ધારણકરવી ગુરુદીક્ષા લેવી વિધિસર મંત્ર ગ્રહણ કરવો આ ત્રણે વાતો ગાયત્રી ઉપાસનામાં સહાયક, લાભકારી, જરૂરી અને મંજિલ પાર કરવામાં સરળતા લાવનાર છે. છતાં પણ એ સિવાય સાધના થઇ ન શકે તેમ નથી.

ઇશ્વરની વાણી વેદ, ઋચા, ભગવતી મહાશકિત ગાયત્રીને સ્વીકારવાનો કોઈ જ પ્રતિબંધ નથી શૌસ્ત્રના વિધાન અનુસાર બ્રાહ્મણ બાળકને દસ વર્ષે ક્ષત્રિય બાળકને બાર વર્ષે અને વૈશ્યના બાળકને ચૌદ વર્ષની ઉંમરમાં યજ્ઞોપવિત આપી દેવી જોઇએ દ્વિજ બનવાની ઇચ્છા કરનાર ગમે તે ઊંમરે યજ્ઞોપવિત ધારણ કરી શકે છે. કોઇપણ જાતની ધામધૂમ વિના, કોઇપણ શુભ પ્રસંગોએ સાધારણ રીતથી યજ્ઞોપવિત આપી શકાય છે.

પુરૂષોની જેમ સ્ત્રીઓ પણ ગાયત્રી ઉપાસનાનો લાભ લઇ શકે છે. આધ્યાત્મિક તત્વતાઓનું કહેવું છેકે પુરુષો કરતાં સ્ત્રીઓને ગાયત્રી ઉપાસના નો વધુ લાભ મળે છે. કેમકે માતાઓને સ્વાભાવિક રીતે જ પુત્ર કરતાં કન્યા પર વધુ પ્રેમ હોય છે. તે પોતાની પુત્રીઓ માટે વધુ ઉદારતા બતાવે છે.

તો હું જરૂર ઇચ્છું કે આપણી જ્ઞાતિના યુવામિત્રો પણ યજ્ઞોપવિત માટે આગળ આવે અને યુવાવસ્થાને ધર્મનો દિવ્ય સંદેશ આપી પુલકિત બનાવે. દરેક યુવકમિત્ર કોલેજ પ્રવેશ કરતા પહેલાં તો યજ્ઞોપવિત અપનાવી લેવી જોઈએ અને લગ્નગ્રંથિથી જોડાયા બાદ તો અનિવાર્ય જ.

સહ વીર્ય કરવા વહે.

✻ ઘર અને બહાર ✻

એ. વી. પટેલ
ભારત સો મીલ
(કલકત્તા)

જીવનની પૂર્ણતા સ્ત્રી અને પુરૂષ ના એક સમાન વિચારો પર નિર્ભર છે. માનવજીવન એક ગાડી ની જેમ છે. જો તેનાં બન્ને પૈડાં સ્ત્રી અને પુરૂષ, સમાન રૂપથી સહયોગી હોય તો તે સુંદર ઢંગથી ચાલતી રહે છે, પણ જ્યારે એમાં અસમાનતા તથા ભેદનો ભાવ પ્રગટ થાય છે ત્યારે તે ચાલવાનું કઠિન થઇ જાય છે. એટલા માટે જીવનને સુખી અને સમ્પન્ન બનાવવા માટે માત્ર એક સાધન છે સ્ત્રી અને પુરૂષનો સુંદર અને સમાન સહયોગ.

ભારતીય જીવનમાં સ્ત્રી અને પુરૂષનો સબંધ પશ્ચિમની માફક નથી આ કંઇક વિચિત્ર પ્રકારનું છે. પુરૂષ સ્ત્રી ને ઘર અને ગૃહસ્થીનું બધુ દાયિત્વ દઈ દે છે, પણ અધિકાર પોતાના હાથમાં રાખે છે. જેથી નારી એની દાસી બની ને રહી જાય છે માટે આધુનિક ભારતીય નારી ના કાર્ય ક્ષેત્ર ને ઘર થી બહાર સામાજિક સેવા માં વિસ્તારીત કરવાનું સબળ સમર્થન કરવું જોઈએ.

નારી શાન્તિ, કરૂણા, સહાનુભૂતિ પ્રેમ અને ઉદારતા ની પ્રતિમૂર્તિ છે. તે પોતાના સહયોગ તથા સચ્ચાઇ થી દરેક નું મન જીતી ને તેમની ભલાઇ નું કાર્ય કરી શકે છે. આજ ભારતની અત્યધિક જનતામાં વધારે પડતો નારી સમાજ બહુ પાછળ છે. કારણ કે તેમનામાં શિક્ષણનો મોટો] અભાવ છે. તે અજ્ઞાન અને અસંસ્કાર માં બંધાયેલ છે શિક્ષિત અને સમજદાર સ્ત્રીઓ લોકોને સન્માર્ગ પર લાવી શકે છે. અને તે લોકોને અધિકાર તથા કર્તવ્ય નું જ્ઞાન કરાવી શકે છે તે પોતાનું મહત્વ અને પોતાની દુર્બળતા સમજી ને આગળ વધવા માટે સમર્થ થઈ શકે છે.

સામાજિક ક્ષેત્રમાં પણ નારી પોતાનું વધારે યોગદાન કરી શકે છે, જ્યારે પુરુષોને સમયનો અભાવ રહે છે આપણા સમાજમાં સ્ત્રીઓ શિક્ષણથી પ્રાયઃ વંચિત છે એટલા માટે તેમના જીવન ને નરકીય બનાવી દીધું છે નાનાં બાળકોના શિક્ષણ માટે પણ આવી કોઇ વ્યવસ્થા નથી જેથી બાળકો સ્નેહ, મમતા અને સહાનુભૂતિથી શિક્ષણ પ્રાપ્ત કરી શકે તેમને તો કઠોર હૃદયે શિક્ષક જ ભણાવે છે અથવા એવી બહેનો કે જેઓ મમતા અને સ્નેહથી પરિચિત નથી. આનું ફળ એવું આવે છે.

કે બાળકોનો માનસિક વિકાસ રૂંધાઇ જાય છે. પણ જો તેમના સ્થાન પર શિક્ષિત માતાઓ હોય તો બાળકોને મમતા પૂર્વક તેમનો વિકાસ કરવામાં સફળ થઈ શકશે એ વાતનો અસ્વીકાર નહીં કરી શકાય કે બાળક માતાની છાયામાં જેટલું પુષ્ટ અને ઉન્નત થઇ શકે છે તેટલું પિતાની સાથે રહીને નથી થઇ શકતું.

શિક્ષિત નારી ચિકિત્સા ના ક્ષેત્રમાં પણ પોતાનો અત્યધિક સહયોગ સમર્પણ કરી શકે છે. રોગીની સેવા જેટલી શાન્તિ અને મમતાની સાથે નારી કરી શકે છે તેટલી પુરુષ નથી કરી શકતો નારીમાં સહનશીલતા, ઉદારતા અને સહાનુભૂતિ શીલ મમતા છે, તેનાથી તે રોગીનું અડધું દુઃખ હરી લે છે. અને નર્સના રૂપમાં તે જેટલી સફળ થઇ શકે છે તેટલા પુરૂષ કયારેય પણ નથી થઇ શકતા.

કેટલાક વિશેષ કરી ને શિક્ષિત અને ધની પરિવારના પુરુષો પોતાની સ્ત્રી સામાજિક કાર્યોમાં વધુ પડતો ભાગ લે એમ ઇચ્છતા નથી, કારણ કે તેવાં કાર્યોમાં તે પોતાનું અપમાન સમજે છે. બીજી તરફ પોતાના અધિકાર પર સ્ત્રી પ્રભાવ સહન નથી કરી શકતા તે તો કઠોર શાસકની જેમ સ્ત્રી ને પોતાના હાથનું રમકડું બનાવી ને તેમને નચાવવા ચાહે છે.

પરન્તુ તેમણે સમજવું જોઈએ કે જયારે સ્ત્રી તેમના બાહ્ય જીવનમાં સહયોગ આપવા ઉપસ્થિત થશે ત્યારે તેમનું કામ હળવું થઈ જશે. અને તેમને પણ મુકત વાતારવણમાં શ્વાસ લેવાનું સુખ મળશે આજે પણ એવા કેટલાક શિક્ષિત પુરૂષો છે જે પોતાનાથી વધુ શિક્ષિત સ્ત્રીઓને જીવન સાથી (વિવાહ) બનાવવામાં ડરે છે, કારણ કે તે લોકોને પોતાનો અધિકાર ઝડપાઇ જવાનો ભય લાગે છે. પણ આવા લોકોએ સમજવું જોઇએ કે જયારે શ્રમિક વર્ગની સ્ત્રીઓ કામ કરી શકે છે તો પોતાના ઘરની શિક્ષિત સ્ત્રી વધુ સમજણથી કામ કરી શકશે, તો આ બાબત સ્પષ્ટ પણે સમજવી જોઈએ.

આપણા સમાજમાં કન્યા કેળવણીનો અભાવ હોવાથી બહેનો પોતાના અધિકારોની બાબતમાં કંઇ નથી સમજી શકતી તે માટે સમાજનો અમુક વર્ગ બરાબર તેમના ઉપર અત્યાચાર કરતો આવ્યો છે અગર બહેનોમાં શિક્ષણનો અભાવ દૂર થઈ જાય તો પોતાને થતા અન્યાયનો વિરોધ કરી શકશે અને આ દયનીય જીવનથી પોતાની રક્ષા કરવામાં સફળ થશે.

એટલા માટે આપણે સમજવું જોઇએ કે ઘરની બહાર પણ નારી પુરુષના માટે સહયોગી જ નહીં પ્રથપ્રદર્શિકા પણ છે હા, સ્ત્રીઓને માટે એટલું

અવશ્ય છે કે તેને પોતાનું ગૃહજીવન પક્ષીની માફક પ્રિય હોવું જોઈએ પક્ષી આઝાદ થઈને આસમાનમાં પાંખ ફેલાવીને ઉડે છે પરન્તુ સાંજના સમયે પાછાં પોતાના માળામાં આવી જાય છે તે પ્રમાણે દરેક સ્ત્રીઓએ પણ પોતાનું ગૃહજીવન સુવ્યવસ્થિત ચલાવવું જરૂરી છે, જેથી જીવન સુખમય થાય અને અનેક સમસ્યાઓ તેમજ મુશ્કેલીઓ આપો આપ દૂર થાય. ★

કલિયુગ નો મહિમા

પટેલ વેલજી લધારાંમ મેપાણી
રાયપુર (મ, પ્ર)

આ કલિયુગ ના કાળમાં, ફેશન નો મહિમા ભારી રે,
જુવો ભણેલા ભાનજ ભૂલ્યા, બ્યુટીફુલ થઈ નારી રે.
લાજમુકી છે લાખેણી, ને બન્ને પાલવ રાખે રે,
અંબોડા ને અળગો મેલી, યુગલ ચોટી રાખે રે,
મલ મલના એ ચણીયા પહેરે, ઉપર વાયલ સાડી રે,
જોતાં જાણે ઉભી નાયકા. કેમ કેવાય માડી રે,
સાસુ વહુમાં ફેર ન દિશે, દીકરી દાટજ વાળે રે
હોય અગર જો ગરીબ સ્વામી, જીવતર એનું બાળે રે,
અમર ચુડલો પડતો મેલ્યો. ઘડીયાળે મન મોહ્યું રે,
છતે ધણીએ અર્ધાં વિધવા, માન સતીનું ખોયું રે,
રૂફ પાવડર વીણુ ઘડી ન ચલે, મની બેગ પણ હાથે રે,
ધણી બિચારો કરે મજુરી, ફરતી બીજા સાથે રે,
કંકુ ખોયુ કલિયુગ માં, ને કાળી ટીલડી ચોડે રે.
સૌ ભાગ્ય વતીનું ચિહ્ન ચાંદલો, જોતાં મનડું મોહે રે
ગયો જમાનો સતી ધર્મનો, પતિ ધર્મ ને પાળો રે,
સતિ પરાયણ આજ પતિ છે, નજરેથી નીહાળો રે,
પિતા પુત્રીને નાચ નચાવે, માન પત્ર કંઈ લેવા રે,
હાય જમાનો કલિયુગ કેરો, માનવ દાનવ જેવા રે.
કહે છે. "વેલજી" કરજોડી ને સાંભળજો સંસારી રે,
કાળાં કામો જોઇ કલિયુગનાં, હું તો બેઠો હારી રે,

ઓછાં સંતાનો માટે બહુપતિત્વ પ્રથા

શામજીભાઇ આર. પટેલ
સાણંદ

વસતી વધારો એ આપણા દેશ સમક્ષનો સૌથી મહત્વનો સળગતો પ્રશ્ન છે અને તે માટે સરકારે કુટુંબ નિયોજન ના કાર્યક્રમો દ્વારા અનેક પગલાં ભર્યાં છે, તો બીજી બાજુ કેટલાક દેશો ઘટતી જતી વસતીની ચિંતામાં પડયા છે. આ રસપ્રદ સ્થિતિમાં આપણા દેશની ઉત્તરે આવેલા પડોશી પ્રદેશ લડાખમાં જે પ્રથા છે તે જાણવી રસપ્રદ થઇ પડશે.

લડાખમાં બહુપતિત્વની પ્રથા સામાજિક અને આર્થિક સમૃદ્ધિ વધારવામાં અને સંતતિ નિયમનમાં સહાયક નિવડી છે.

બહુપતિત્વની પ્રથામાં સ્ત્રી એકથી વધુ પતિ કરી શકે છે. તેઓ ભાઇઓ પણ હોઈ શકે છે. જો મોટા ભાઇના લગ્ન થાય તો તેની પત્ની નાનાભાઇઓ ની પણ કાયદેસરની પત્ની બને છે. આ પ્રથા ન હોત તો લડાખનું સામાજિક અને આર્થિક જીવન ખોરવાઈ ગયું હોત.

લડાખીઓની ખાસ જરૂરિયાતો સંતોષવા માટે જ આ પ્રથા દાખલ કરાઈ હોય એમ લાગે છે ત્યાં બહુ ફળદ્રુપ જમીન નથી. ખનીજનાં સાધનો ઓછાં પાતળાં છે અને આબોહવાના કારણોસર અને રીતભાત, આચાર વિચાર જુદા હોવાને કારણે તેમજ ભાષા અને ધર્મ ને કારણે તેમનું સ્થળાંતર પણ શકય નથી. આ બધાંને લક્ષમાં લઇને પણ વસતિ કાબુમાં રહે તે જરૂરી બન્યું છે. કુટુંબમાં પત્નીઓ ની સંખ્યા ઘટાડીને આ હેતુ સિદ્ધ કરાયો હોય એમ જણાય છે.

લડાખમાં મોટાં ખેતરો નથી અને કુટુંબ પાસે બે કે ત્રણ એકર જમીન હોય તો ભાગલા પડવાથી કુટુંબનાં રળવાનાં સાધનો પણ જોખમાયાં હોત આ પધ્ધતિથી ભાઇઓમાં દુશ્મનાવટ ની ભાવના જન્મી નથી કે એના કારણે કૌટુંબિક શાંતિ જોખમાઇ નથી અન્યત્ર અવિશ્વાસ અને ઇર્ષાએ આમાં ઘણો ફાળો આપ્યો છે. અરે ! પ્રેમ અને ઇર્ષાનો ઉગ્ર આવેગ પણ લડાખી ઓ અનુભવતા નથી.

★



દુનિયામાં કેટલા લોકો પુસ્તકો વાંચે છે.

પટેલ ભગવાનદાસ લાલજીભાઈ
ધોળકા

વિશ્વસંસ્થા યુનેસ્કોના આંકડાઓ પ્રમાણે વિશ્વમાં પ્રસિધ્ધ થતું પ્રત્યેક છઠ્ઠું પુસ્તક સોવિયેત છે. અનુવાદિત સાહિત્યની પ્રસિધ્ધિમાં સોવિયેત સંઘ મોખરે છે. તેમ છતાં એનો અર્થ એ નથી કે તે દેશમાં વધુ પડતાં પુસ્તકો પ્રસિધ્ધ થતાં રહ્યાં છે.

પુસ્તકો આટલા પ્રમાણુમાં વાંચતા સોવિયેત નાગરિકોની આ સિદ્ધિથી અચંબો અનુભવવાની કોઈ જરૂર નથી એક સામાન્ય નિયમ મુજબ જેમ સમાજનું આર્થિક અને સાત્વિક સ્તર ઉચ્ચતર થાય તેમ પ્રજાની વાંચનભૂખ ઊઘડે છે, સાહિત્યની માંગ પણ વધી છે તેમજ પુસ્તકોના વેચાણમાં અનેક ગણો વધારો થયો છે.

કવિતા સંગ્રહો, નવલકથાઓ અને અન્ય વિષયનાં પુસ્તકોની નકલો પ્રકાશિત થયાના દિવસે જ ચપોચપ વેચાઈ જાય છે. વિખ્યાત અમેરિકી સામયિક "લાઈફ" દ્વારા થોડા સમય પહેલાં પ્રગટ થયેલ અહેવાલ પ્રમાણે તો સોવિયેત સંઘ એક એવો દેશ છે, જ્યાં પ્રકાશન થવાની ક્ષણે પુસ્તકની ખરીદી માટે લોકોની "ક્યુ" લાગે છે. કવિતા સંગ્રહો ખરીદવા માટે જો કોઈ દેશમાં પ્રજા આટલી આતુરતા બતાવતી હોય તો સોવિયેત સંઘની પ્રજા જ.

આ પુસ્તકોની ૧૫ જેટલા સોવિયેત પ્રજાસત્તાક પ્રદેશો અને વિદેશોમાં ખૂબ માંગ છે. વહેંચણીની આ ભૂગોળ વધુને વધુ વિસ્તૃત થતી જાય છે. સોવિયેત સંઘો માંની ૬૫ ભાષાઓ માં અને વિદેશોની ૪૨ ભાષાઓમાં આ પુસ્તકો પ્રસિદ્ધ થાય છે. રશિયન ભાષાઓમાં પ્રગટ થતી આવૃત્તિઓ કિસાનો અને કામદારોમાં ખુબજ લોકપ્રિય છે.

સોવિયેત સંઘમાં સૌથી વધુ લોકપ્રિય એવા વિશ્વ સાહિત્યના ૨૦૦ ગ્રંથો છે તેની કરોડો નકલો પ્રસિદ્ધ થાય છે. શાળાઓ અને પુસ્તકાલયોની શ્રેણીમાં રશિયન, સોવિયેત અને વિદેશી ભાષાઓમાં પ્રકટ થયેલ પ્રસિદ્ધ ગ્રંથો અને અદ્યતન નવલકથાઓ પીરસવામાં આવે છે. પ્રત્યેક ગ્રંથની ત્રણ લાખ નકલો પ્રસિદ્ધ થાય છે.

★

વાંચીને મનન કરવા જેવું *

કાન્તિલાલ એમ. પટેલ
ઉમેદપુરાકંપા

- પાપનો બાપ લોભ છે.
- કોઈને છેતરશો નહીં, કોઈથી છેતરાશો નહીં.
- સદાને માટે સંતોષી છે તેજ શ્રીમંત છે.
- વેર વેરથી નહીં પ્રેમથી મટે છે.
- ધન મેળવવા માટે પાપ ન કરવું ખરાબ કૃત્યોથી મેળવેલું ધન વિનાશ નોંતરે છે.
- ખંતથી સાચી મહેનત કરનાર સુખી થાય છે.
- આળસ મનુષ્યનો મોટામાં મોટો દુશ્મન છે.
- કોઇનું ભલુ થાય તો કરવું; પરંતુ કોઇના બુરાની ઇચ્છા ન કરવી.
- જીવનની પળે પળનો સદુપયોગ કરી લેવો.
- સ્ત્રી સુશિક્ષિત અને સમજદાર હશે તોજ સમાજ સંસ્કારી બનશે.
- જેનો સ્વભાવ સુધરે તેનો સંસાર પણ સુધરે.
- જ્યાં કલહ છે. ત્યાં કલિયુગ છે.
- જ્યાં સ્નેહ છે ત્યાં સતયુગ છે.
- મનને બહુ ગમે તે કરશો નહીં.
- મન બહુ માગે તે આપશો નહીં.
- કપડાંનો ડાઘ જશે કાજળનો નહીં જાય.
- બુદ્ધિ બગડે એટલે જ અશુભ થાય.
- મરતાં પહેલાં વેરને વાસના તજી દેજો.
- જીભ વડે જીવન બગડે તેમ સુધરે પણ ખરૂ,
- ખરો હિન્દુ ધર્મ સનાતન ધર્મ.

* આપણી પૃથ્વી *

સંપાદક : શાંતિલાલ ગંગારામ
જબલપુર

આપણી પૃથ્વી જેના ઉપર

આપણે કેટલાંય વર્ષોથી વસવાટ કરીએ છીએ. તેના વિશે આપણામાંથી ઘણાજ ઓછા લોકો જાણુતા હોય છે. તેની ટૂંક નોંધ નીચે મુજબ છે.

પૃથ્વી, સૂર્ય મંડળની એક સભ્ય છે. સૂર્યથી તેનું અંતર ૧૪૯૬૪૧૮૨૭ કિ મી .છે. પૃથ્વી સૂર્યની ચારે બાજુ ચકકર લગાવે છે. સૂર્યનો એક ચકકર લગાવવામાં તેને ૩૬૫ દિવસ અને ૬ કલાક (લગભગ) લાગે છે તેને પોતાની ધરી ઉપર એક ચકકર

લગાવવામાં ૨૩ કલાક ૫૬ મિનિટ અને ૪ સેકન્ડ લાગે છે. તેનો એક ઉપગ્રહ **(Satelite)** ચંદ્ર છે ચદ્ર અને તેના વચ્ચેનું અંતર ૩૮૪૦૦૦ કિ. મી. છે. પૃથ્વી ઉપર તેની સપાટીથી ૧૧૦૦ કિ. મી સુધી વાયુ મંડળ ફેલાયેલું છે.

તેનો વિષુવવૃતીય વ્યાસ ૧૨૭૫૭ કિ.મી. તથા ધ્રુવીય ૧૨૭૧૪ કિ. મી. છે. તેની વિષુવવૃતીય પરિઘિ **(Circumference)** ૪૦૦૦૭ કિ.મી. તથા ધ્રુવીય પરિઘિ ૪૦૦૦૯ કિ.મી. છે. તેનું કુલ ક્ષેત્રફળ **(Area)** ૫૧ કરોડ વર્ગ કિ. મી. છે તેનું કુલ વજન **(Mass)** ૫૯૮×૧૦૧૯ મેટ્રિક ટન છે. તથા તેનું કુલ આયતન **(Volume)** ૧૧×૧૦" ઘન કિ. મી. છે પૃથ્વીનું સરેરાશ ઘનત્વ ૫.૫૨૧ ગ્રામ/ઘન સે. મી. છે.

પૃથ્વી ઉપર ૭૦.૮% ભાગમાં સમુદ્ર તથા ૨૯.૨% ભાગ જમીન છે પૃથ્વીનો સૌથી ઊંચો ભાગ ૮૮૪૦ મીટર (માઉન્ટ એવરેસ્ટ) તથા સૌથી ઊંડો સમુદ્ર ૧૧૦૩૫ મીટર પ્રશાન્ત મહાસાગર છે.

* વધઘટ *

જયંતિલાલ બી. પટેલ
સુરત

દવાઓ વધી છે. રોગ ઘટયા નથી
પોલીસ વધી છે. ગુંડા ઘટયા નથી
દોલત વધી છે. દલિત ઘટયાં નથી
ટ્રેઇનો વધી છે. પેસેન્જરો ઘટયા નથી
ધીરાણ વધ્યાં છે. કરજ ઘટયાં નથી
પંચાયત વધી છે. પ્રપંચ ઘટયા નથી
કાનુન વધ્યા છે. ગુના ઘટયા નથી
શેઠ વધ્યા છે. શઠ ઘટયા નથી
પગાર વધ્યા છે. મોંઘવારી ઘટી નથી
ઇન્ટરવ્યુ વધ્યા છે ઉમેદવારો ઘટયા નથી
ઉદ્યોગો વધ્યા છે. બેકારો ઘટયા નથી
મરણ વધ્યાં છે. જન્મ ઘટ્યા નથી
પ્રધાનો વધ્યા છે. પ્રજા દુઃખ ઘટયાં નથી



* અમર સંદેશ

વસંતકુમાર આર. પટેલ (ઇટારસી)

ચડયાં છે વાદળ આકાશમાં, જરૂર વૃષ્ટી થાશે.
ઓ રામ! તારી તપસ્યાથી તપી રહ્યો છે હિમાલય
એક 'દિ' તારા તપના પ્રભાવે થશે પૃથ્વી ઇશ્વરમય.
જાણવું હોય તો જાણી લેજો આવી રહ્યો છે સતયુગ,
વિશુધ્ધ પ્રેમને માણી લેજો, ફરી નહી આવે કળીયુગ.
સ્વર્ગ પૃથ્વી પર લાવવું હોય તો, લગાવો આધ્યાત્મિકાનો રગ
યુગ પરિવર્તન થઇ રહ્યું છે પૃથ્વી પર હવે ઓ માનવ તું જાગ.
સુર મેળવી સાજ સજાવી ગાઇ લે ફરી બહાર રંગ
ઓ માનવ ! ઊઠ, થા ઉતાવળો, બદલાઇ રહ્યો છે કાળ,
કલિ રૂપી અંધકારને ભેદી પાથરવા સતયુગની જાળ,
ઘોર નિદ્રામાંથી જાગવાને તમને હજુ છે કેટલી વાર !
ઊઠો જાગો ને આગળ વધો, પહોંચશો જરૂર સામે પાર.
સંદેશો આપું છું તમો સૌને કરી લો આજ સાજે સંકીર્તન.
ટૂંકા એવા ગાળા પછી તો થશે પૃથ્વી પર સતયુગ પરિવર્તન.

*અમારા*ચૂંટેલા*અમને*નડે*છે.*?*

મોહનલાલ નારણ પટેલ
જયગડ (ટીંબાકંપા)

ધર્યા શુદ્ધ ખાદીતણા શ્વેત અબર "ગરીબી હટાવો" ના નારા છે, હમ ગ
તમે શ્વેત બગલા કે હંસોનાં જૂથો ? અમે પારખ્યાંના તમારાં સ્વરૂપો.
તમે કાગ કાળા ને કાળાં છે અતર કૂએ નાંવ (અ) મારી નથી એને લંગર
સ્વપ્નેય અંતર અમારાં રડે છે. અમારા ચૂંટેલા જ અમને નડે છે.
લોક પ્રિય નેતા કોઇ ભાગ્યે જ જડે છે. જે ઊંચે ચડયા તે જ હેઠા પડે છે.
અનાજનો ભંડાર પણ પડેલો સડે છે. અમારા ચૂંટેલા જ અમને નડે છે.
પગનાં રજકણો આજ માથે ચડે છે. ઘડયું ભાગ્ય જેનું એ અમારૂ ઘડે છે.
નહોતુ કહેવું તે આજ કહેવું પડે છે. અમારા ચૂંટેલા જ અમને નડે છે.
અન્ન ઓષ્ઠને અડતું નથી સીમા પર ચડે છે. હડતાલના બેતાલમાં બજારમાં ભાવ ચડે છે
જનતા સામે જોયા વિના નેતા માંહોમાંહે લડે છે. શું કરીએ. ? અમારા ચૂટેલા અમને નડે છે
ભૂખે જનતા, આજે રીબાય છે ભારી અહીં જુલ્મી છે. રાજ્યના કારભારી
વફાદારી ના કયાંય જોતાં જડે છે. અમારા ચૂંટેલા અમને નડે છે,
ઉપરથી સાજી ને ભીતર સડે છે. ઈમારતની ઈંટો ધડોધડ પડે છે.
અહીં ભારતે આજ ધૂતડ રડે છે. અમારા ચૂંટેલા અમને નડે છે.
જુઓ આજ ગુજરાત ભડકે બળે છે. અને લોક રોટી વિના ટળવળે છે.
ભ્રષ્ટાચારમાં તો પ્રધાનો ચડે છે. અમારા ચૂંટેલા અમને નડે છે.
ન અનાજ–તેલની કોઇ આશા ફળે છે. રોટી માંગીએ ત્યારે ગોળી મળે છે ?
ગરીબી હટાઓનાં સૂત્રો ઉચ્ચારી પડાવી લીધા છે મતો અમારા
જનતા હવે પોક મૂકી રડે છે. અમારા ચૂંટેલા જ અમને નડે છે.
શરૂમાં જેઓ પર કળશ ઢળે છે, હવે તેજ કાસળ અમારૂ જ કાઢે
આવે ઇન્દીરા ત્યારે ઝૂકી પ્રડે છે. અમારા ચૂંટેલા જ અમને નડે છે !

સમાજ અને કન્યાવિક્રય *

હેમલતા એમ. પટેલ
અમદાવાદ

કન્યાઓના લગ્નનો પ્રશ્ન કેટલાય સમયથી 'જાગૃતિ'ના દરેક અંકમાં એક યા બીજી રીતે ચર્ચાતો હોય છે. આ અંગે મારો અભિપ્રાય નીચે મુજબ છે.

કન્યા વિક્રય એટલે કે એક સમાજમાંથી તેજ સમાજ તેમજ બીજા સમાજમાં પૈસા લઇને કન્યા આપવામાં આવેતે જેમ કે આપણા કડવા પાટીદાર સમાજમાંથી ઊંઝાના પાટીદારોને ત્યાં આરીતે છોકરીનાં લગ્ન કરાવી આપવામાં આવે તેને કન્યા વિક્રય કહેવાય.

મારા મત પ્રમાણે આપણા સમાજમાં જયારથી ગરીબી અને અમીરીના ભેદભાવ વધતા ગયા, તથા અભણતામાંથી ઉપર છલ્લું જ્ઞાન પ્રાપ્ત થયું, ત્યારથી કન્યા વિક્રયની શરૂઆત થઇ હોય તેમ જણાય છે.

આપણા સમાજમાં 'કન્યાવિક્રય'નો પ્રશ્નએ કારણોસર પણ ઊભો થયો છે કે સમાજનો સમૃદ્ધ ગણાતો વર્ગ ગર્વથી એમ માનતો થયો છે કે અમારા છોકરાઓ કે છોકરીઓનાં લગ્ન સમૃદ્ધ માતાપિતાનાં છોકરા છોકરીઓ સાથે જ કરવાં અને તે રીતે જ પોતાનાં બાળકો ઉપર દબાણ કરે છે. જયારે આજકાલનો અધૂરું જ્ઞાન પ્રાપ્ત કરેલો યુવાનવર્ગ એમનાં વડીલોનાં દબાણથી કાંઇ પણ વિચારી શકતો નથી, ત્યારે આપણા સમાજમાં સંસ્કારી ગણાતા માનવીઓના આવા વિચારો કેવળ વધુ સંપત્તિના જોરથી જ આગળ વધેલા લાગે છે બાકી લગ્નજીવનં કઇ વસ્તુ છે તે બાબતમાં વડીલો તેમજ નવયુવાનો કે યુવતીઓ તે વિષે પુરતું જ્ઞાન પ્રાપ્ત કરે તેવી મારી નમ્રં વિનંતિ છે. અને તોજ આપણો સમાજ આગળ આવી શકશે અને કંઇક કાર્ય કરી શકશે.

જયારે આપણા સમાજમાં મધ્યમ વર્ગ પછાત પડતો છે. સમાજમાં આ વર્ગને આગળ લાવવાની કોઇ જાહેર સંસ્થાઓ નથી તેથી મધ્યમવર્ગનાં છોકરાંઓ પોતાનાં આર્થિક પરિસ્થિતિને લીધે આગળ આવી શકતાં નથી અને જે જ્ઞાનની પ્રાપ્તિ કરવી જોઇએ તે તેમને મળી શકતું નથાં. બીજુ તેમનાં વડીલો સખત મજુરી કરી પોતાના કુટુંબનું માંડ પુરુ કરતાં હોય છે ત્યારે આવી સ્થિતિને કારણે પોતાનાં બાળકોની સંભાળ લઈ શકતાં નથાં આવાં બાળકો આપણીં સમાજમાં જ્ઞાન રહીત રહી જવા પામે છે.
આવાં બાળકોને આપણા સંસ્કારી સાધન સંપન્ન વર્ગે આગળ લાવવા વિચારવું જરૂરી છે. આવી સામાન્ય હાલતમાં મધ્યમવર્ગની છોકરીઓ ઉમર લાયક થઇ જાય છે, ત્યારે તે છોકરાઓ માટે આમ તેમ દોડા દોડી કરે છે. આવા

સંજોગોમાં આપણો સંસ્કારી વર્ગ તેમની સાથે સંબંધ બાંધવા તૈયાર થતો નથી પરીણામે આવાં માબાપો સમાજમાંથી પણ હાથ ધોઇ ઉભા થઇ જાય છે. પોતાની છોકરીઓને આપણા સમાજનો અમીર વર્ગ અપનાવતો ન હોવાથી તેમને ન છુટકે ઉંઝાના પાટીદારોને ત્યાં આપે છે. ત્યારે મારું માનવું એમ છે કે મધ્યમવર્ગ માટે આપણી સમાજે તથા ઉચ્ચ સંસ્કારી ગણાતા વર્ગે કોઈજ ઇલાજ કર્યો નથી તેથી મધ્યમવર્ગ લાચાર બની આ કાર્ય કરી રહ્યો હશે.

નવેમ્બરના અંકમાં શ્રી વિલશી ભાઇએ કન્યાના પ્રશ્ન અંગે જે કહ્યું છે તે કેટલાક અંશે સત્ય છે તેમ હું માનું છું પરંતુ મારા તથા આપના આ કથનનો અર્થ એમ છે કે સમાજ આનો ઇલાજ કેવીરીતે કરી શકે ? તે વાત પણ સાચી છે પરંતુ આમાં સાધન સંપન્ન સંસ્કારીવર્ગ સમાજને સાથ ન આપે તો સમાજ શું કરી શકવાનો છે ? અને ઉચ્ચ સંસ્કારીવર્ગ (પૈસા પાત્રવર્ગ) આનો ઉપાય શું કરી શકે તે જાણવા મારી નમ્ર વિનંતી છે.

એ
* ખેડૂતને *
ત
ને



રચયિતા :
રવિન્દ્ર આર. પટેલ
અદાપુરકંપા

ઓ ભૂમિ જાયા ખેડૂતરે ? કેટલી લગનથી કેટલી જતનથી ખૂંદી રહ્યો તું ધરતીઓ... ઓ૦
નવજોવાં તારે સુખ જગતનાં, પણ પડી નથી તુજને તારી;
જગત બંધું તુજ પૂઠ પડયું છતાં હિંમત તેં નવ હારી રે... ઓ૦
ઘામ ધખતા વૈશાખેને, વળી શ્રાવણની વર્ષામાં,
એક ખંતથી અખૂટ ધીરજથી, તુજ ને તુજભૂમિ પ્યારી રે... ઓ૦
જગત આખું સભર આશાએ, હાથ ધરે તુજ પાસે:
પણ ઇચ્છતો નવ કોઇ પાસ તું, ઇચ્છે માત્ર ઇશ પાસે રે... ઓ૦
અહો ભાગ્ય ! કેટલું છે અમૂલ્ય જે થકી તું ખેડૂત છે;
જગ આખાને આપી અન્ન તું, આશીષ લે છે બદલે રે... ઓ૦
પણ આ જગતમાં શું થયું ! આજે, આવી દશા તુજ ખોટી;
વિશ્વંભર તું છે આજ છતાં, તુજ લલાટે નવરોટી રે... ઓ૦
કહો ન્યાય કેવો ! આ જગનો, કયાં છે તુજ આઝાદી;
કહો ન્યાય કેવો ! આ જગતનો, કયાં છે તુજ આબાદી;
નથી આબાદી, નથી આઝાદી, છે તારી બરબાદી રે... ઓ૦
ઓ ભૂમિ જાયા ખેડૂત રે ? કેટલી લગનથી કેટલી જતનથી ખૂંદી રહ્યો તું ધરતી... ઓ૦

વિકાશનો વિનાશ *

ગોવિંદભાઈ સોમજીભાઇ પટેલ
વિજય સા મીલ જબલપુર

"હલ્લો વિકાશ"

"વેલકમ, વિજય વેલકમ," દવાખાનામાં પોતાની ખુરશી પર બેઠેલા વિકાશે ઊભા થઇને વિજયને આવકાર્યો

"કેમ વિકાશભાઇ, ફક્ત પુરૂષનું જ સ્વાગત કરતાં શીખ્યા છો ?" વિજયની પાછળ પ્રવેશીને એક સુંદર યુવતિએ પ્રશ્ન પૂછી નાખ્યો.

"ઓહ ! આવો ભાભી બેસો, તમે તો આવતાંની સાથેજ સ્ત્રી જાતિ અને પુરૂષજાતિનો ભેદ સમજાવવાનાં છો કે શું ?

તમે અમને આવકારના આપો, એસ્ત્રી જાતનું અપમાન જ કહેવાયને વિકાશભાઇ જાણે તમને કોઇ છોકરી સાથે કરેલા પ્રેમમાં નિષ્ફળતા મળી હોય તેમ સ્ત્રી જાતિનો તિરસ્કાર કરો છો."

"હશે ભાભી, એમ સમજો બસ." વિકાશે નમતું જોખ્યું એટલામાં નોકરે ચાપાણી લાવીને મહેમાનની સામે મૂકયાં

"વિકાસ હું તને કેટલી વાર કહી ચૂકયો છું કે નારી તને ના ઓળખી તો આ સ્વાતિ જોડે કેમ રકઝક કરે છે.

"પણ વિજય સાથે સાથે એ પણ ના ભૂલતો કે પુરૂષે તને ના પારખ્યો." વિકાશે વિરોધાભાસ વ્યકત કર્યો.

"તે ત્રીસમી સદીની માયાવી સ્ત્રીઓને નહીં જોઈ હોય, વિકાશ"

"ધોળે દિવસે તારા જોઉ છું પછી માયાવી સ્ત્રીની શું વાત ?"

"આપણને ઉતાવળ છે. ગપસપ પછી કરજો ચાલો વિકાશભાઇનું ઘર જોઈ આવીએ" ઘડિયાળ સામે જોતાં સ્વાતિ બોલી.

"ત્રણેકારમાં ગોઠવાઇ ગયાં વિકાશે કારને જેટલી બંને તેટલી ઝડપે દોડાવી એક પછી એક વળાંક લેતી તેની કાર "સ્મૃતિ ભૂવન" આગળ આવીને અટકી ગઇ પણ વિકાસની ગતિ ઘટવાને બદલે વધી હતી. બધાં બંગલામાં પ્રવેશતાં પોતાની યોગ્ય સીટમાં ગોઠવાઈ ગયાં. થોડો સમય શાંતિના વાતાવરણે સામ્રાજ્ય જમાવ્યું.

"ભાભી કયાં છે વિકાશ ?" વિજયે શાંતિનો ભંગ કરતાં કહ્યું. સ્વાતિ પણ પોતાના મુખાભિનયથી જાણે તેજ પ્રશ્ન પૂછી રહી હતી.

"પાડોશમાં ગઇ હશે. વિકાશ કંઇક છૂપાવતો હોય તેમ બોલી ગયો વળી પાછો વિચારમાં ડૂબી ગયો. અંદર ગયો બહાર આવ્યો પણ વિચાર રૂપી મધમાખીઓ જાણે તેને ચટકા મારતી હોય તેમ વેદના અનુભવી રહ્યો થોડીવાર રહીને એક બાઈ કોફીના ત્રણ પ્યાલા લઇને આવી ટેબલ પર મૂકીને પાછી ચાલી ગઈ વાતોનાં વડાં અને કોફીના ઘૂંટડા અલ્પાહાર તરીકે લેવાયા.

"હજુ ભાભી કેમના આવ્યાં અમને ભાભીનાં દર્શન કર્યા વગર

જવું પડશે ?"

વિકાશ મનમાં બબડતો જ હતો "ડાર્ઈનનાં દર્શન ના હોય" જાહેરમાં બોલી રહ્યો હતો "માનવીની આગળ માયાના એટલા પંડદા છે કે જેના લીધે તેની સામે ઊભેલા ઈશ્વરને તે નથી જોઇ શકતો"

મહેમાન કંઈ સમજ્યાં નહીં વિજયે સમજાવવા કહ્યું પણ વિકાશની અસ્વસ્થ સ્થિતિ જોઈ માંડી વાળ્યું. પોતાના વહાણમાં તિરાડ પડેલી જોઇ રહેલો વિકાશ વિચારના વંટોળમાં ડૂબી ગયો સ્વાતિ વિજયના મોં પર દયાના ભાવ સિવાય કંઇજ નહોતું ઘરની અસ્તવ્યસ્ત ચીજો જોઇને સ્વાતિએ અનુમાન કરી લીધું કે કોલેજના પહેલા નંબરના છોકરાનું જોડાણ તેના સમાજની છેલ્લા નંબરની છોકરી સાથે થયું હશે. તેનું જ આ પરીણામ હોય

"ભાભીતો ના આવ્યાં પણ વિકાશ બસ તો અમે જઇએ ટ્રેન ચૂકીશું ફરી કોઈ વાર આવીશું."

"વિકાશભાઇ જીવનની ફિલસુફી તો ઘણીએ બેડતા હતા જુઓ તમારો જ રેડીયો શું કહી રહ્યો છે. ? રેડીયા તરફ આંગળી ચીંધતાં સ્વાતિએ વિજય સાથે વિદાય લીધી.

દુનિયામેં હમ આયે હૈ તો જીનાહી પડેગા,

જીવન હૈ અગર ઝહર તો પીના હી પડેગા.

આ ગાયનના શબ્દો અને સૂરમાં વિકાશ ગોથાં ખાવા લાગ્યો. પોતાની પત્નીને તે બતાવી નથી શકતો ! કેઃફી લઇને આવેલી સ્મૃતિને બતાવતાં તે પોતાના મિત્રને કહી નથી શકતો કે દોસ્ત આ તારી ભાભી રહી. કેટલી દયાજનક કહેવાય તેની સ્થિતિ ? આંખ માં આવેલા પાણીને તેણે લૂછી લીધું પણ ચહેરા પરના ભાવ ઓછા લુછાવાના હતા.

કોણ હતું એ ? કયા ગામના હતા ? સ્મૃતિએ બહાર આવીને પૂછયું.

"એ" "વૈકૂંઠ માંથી આવેલાં દેવ દેવી હતાં વિકાશે મગજ પરનો કાબૂ ગુમાવ્યો, પછીથી બિચારી સ્મૃતિ કંઇ ના બોલી. વિકાશ પણ ખાધા વગર સૂઈ ગયો, રાત્રે પણ તેને ઊંઘ ન આવી. પોતાના જીવનરથને તે જોતો રહ્યો. એ અસમાન પૈડાં વાળા રથની તેને દયા આવી પણ તે રથ પોતાનોજ હતો. તેનાથી ડૂસકું ભરાઈ ગયુ પણ અબ પછતાએ હોત કયા જબ ચીડીયાં ચૂગ ગઈ ખેત !

સ્મૃતિ પાંચેક ધોરણ ભણેલી ગ્રામીણ યુવતી હતી. દશેક ઘરના ગામમાં જ તે ઉછરેલી. કૂવામાંના દેડકાની જેમ જ. બહારની દુનિયાના દર્શન તેના વિકાસ વખતે જોવા નહોતાં મળ્યાં. સમાજ માનવને ઘડે છે તેમ તેણી તે સમાજ અનુસાર ઘડાયેલી. પછાત સમાજનાં લક્ષણો માટે તેણી જવાબદાર

નહોતી. તેનો સહવાસ, તેનું નસીબ જવાબદાર હતું.

જ્યારે વિકાશ એક પ્રગતિશીલ ડોકટર હતો. ફકત લગ્નજીવન પછીથીજ તે દુઃખી હતો. દુઃખી નહીં ફકત જીવતો મૃતાત્મા હતો. તેનામાં ઉચ્ચ સોસાયટીનાં લક્ષણો હતાં ક્યાં રાજા ભોજ અને ક્યાં ગાંગો તેલી. આ હતા તેમના સંસાર રથના ચક્રો પણ વિકાશ વહેલો ચેતેલો ખરો ? તેણે સબંધ ફોક કરવા તેના બાપુજીને કહેલું પણ તેઓ વિફરેલા અને વિકાશને ભણાવ્યા બદલ પસ્તાવો વ્યકત કરેલો. વિકાશે વિચાર્યું મને ભણાવ્યો ના હોત તો હું આ સ્થાને પહોંચત નહીં અને સંબંધ તોડવાની વાત કરત નહીં તો બાપુજીનો એક મહાન ગૂનો તેજ હોઇ શકે કે મને ભણાવ્યો. બસ વિકાશના આ વિચારે સબંધ તોડવાની બાબતમાં મોં સીવી રાખ્યુ. તેણે સ્મૃતિને વધુ ભણાવવાનો પ્રસ્તાવ કર્યો પણ એક વિરૂધ સર્વાનુમતે ઉડી ગયો. તેણે ઘણા વિચારો અપનાવવા પ્રયત્ન કર્યો પણ તે શેખ-ચલ્લીજ સાબિત થયો. બિચારા વિકાશને ક્યાં ખબર હતી કે સમાજનાં બંધન વજ્રથી પણ કઠીન છે.

હાઇસ્કૂલમાં પ્રવેશતાંની સાથે જ લગ્નની દરખાસ્ત થઇ તેણે તે બેધડક નકારેલી. પછીથી દર વર્ષે લગ્નની સીઝનમાં તે દરખાસ્ત મુકાતી અને ઉડી જતી પણ મેડીકલમાં ઘૂસ્યા પછી તે કરવુ પડશે તેવુ તેને લાગેલું તેથી તેણે પહેલાંથી જ સ્મૃતિને પત્રો લખેલા પણ પહેલા પત્રના જવાબમાં તેના સસરા તરફથી થયેલા શબ્દપ્રપાત સિવાય કંઇ નહોતું. વિકાશ વિકાસ અને વિનાશ વચ્ચે ઝોલાં ખાતો રથ જોઇ રહયો પણ શું કરે ? ગૃહત્યાગ, આપઘાત વગેરે કરવા વિચાર કરેલો પણ પ્રેમાળ માતાનો પ્યાર તેને રોકતો હતો.

છેવટે મેડીકલમાં પ્રવેશતાંજ તેને લગ્ન કરવું પડયું લગ્ન તેના માટે દુઃખનું પ્રવેશદ્વાર બની ગયું વિજયના તે પહેલા વિજય સાથે સ્વાતિને મળવા જતો પણ આખી રાત ઊંઘ ગુમાવતો તે બીજાની ઇર્ષ્યા કરવા લાગ્યો પણ તેનાથી શું થવાનું હતું ? પોતાની સ્થિતિની વાત તે કોઇની આગળ ના કરતો તે પોતાનું નામ વાંઢાના લીસ્ટમાં જ નોંધાવતો આજે વિકાશ સ્મૃતિ સાથે ફરી નથી શકતો. વિકાશ રેડિયોનાં ગાયનને સમજે છે જયારે સ્મૃતિ તેનાથી વેગળી રહે છે. ફેશનનો લાડલો વિકાશ સ્મૃતિને ફેશન વિરૂધ્ધ થતી જોઇ દાઝ મરે છે કોઇ પાર્ટીમાં પણ તેને એકલા જવું પડે છે. પીકચર પણ એકલાને જ જોવું પડે છે. અરે રથ જાણે એકલાને જ ખેંચવો પડતો ન હોય. ?

આજે વિકાશ બીજાના માટે જીવે છે તે પોતાનું બલિદાન આપી ચૂકયો છે ફકત સ્નેહી અને કુટુંમ્બીજનો માટે જ પોતાની પત્નીની ઓળખાણ પણ તે નથી કરાવી શકતો કારણ કે જીવીત નથી મૃત છે. કોણ જાણે

વિકાશને તેની ભણતરની મહેનતનું ફળ ક્યારે મળશે ? ક્યારે આ સમાજના અવરોધકોને તેમના ગૂનાની સજા થશે ?

આપણા સમાજમાં હજુ આવા વિકાશ છે. જેઓ મૂંગે મોંએ પોતાના પર થતા સામાજિક પ્રહારો ઝીલ્યે જાય છે. સમાજનાં દુષણોને લીધે અને પોતાની લઘુમતિના કારણે તેમજ વડીલોની મર્યાદાને જોતાં તેઓ વાચા ગુમાવી બેઠા છે. મર્યાદાનો દુરૂપયોગ થતો જોઇ રહ્યા છે. સહી રહ્યા છે. વડીલોની સામે મૂર્તિબનીને ઊભા છે.

પણ આવા વિકાશના વડીલોને એટલું તો સમજવું જ જોઇએ કે તેઓ પોતાના વિકાશના પ્રશ્નો સમજે અને તો સમાજની બીક રાખ્યા વગર તેને અનુસરે નહી તો કોઇક દિવસ આવા વિકાશના પેટમાં રહેલો જઠરાગ્નિ તેમને ભરખી જશે. તેઓનાં દુ:ખોનો પોકાર તેમને હેરાન કરી જશે. તેવા કાર્યોની ક્ષમા ભગવાન પણ નહીં આપે આ માટે બાળ વેવિશાળ, બાળલગ્ન સ્ત્રી કેળવણીની ઉણપ, શિક્ષણ પાછળ થતા ખર્ચની ઉણપ વગેરેને દૂર કરીએ નહિ તો સમાજના કેટલાય વિકાશ વિનાશમાં પરિણમશે.

* ધર્મ કે અધર્મ *

રેવનદાસ એસ. પટેલ
મગોડીલાટ

ભારત વર્ષ પુરાણકાળથી ધર્મપ્રિય દેશ છે આર્યજાતિની રક્તવાહિનીઓમાં સનાતન ધર્મનું રક્તવહન થઇ રહ્યુ હતું અને તે તેની વંશપરંપરાગત ચાલ્યું આવે છે. ભારતીય જનતા જેટલી ધર્મરત, ધર્મપ્રિય અને ધર્મપ્રત્યે શ્રધ્ધા ધરાવનાર ભાગ્યેજ દુનિયાના બીજા કોઇપણ દેશની પ્રજા હશે.

હાલ જે કાંઇ ન્યૂનતા દેખાય છે તે ભારતના આપણી સમાજના અરે સમગ્ર આર્ય હિન્દુ જાતિના કટ્ટા શત્રુ ભારતીય સંસ્કૃતિના વૈરી અને સનાતન ધર્મના દુશ્મનો હિન્દમાં જ્યારથી આવ્યા ત્યારથી ભારતીય સનાતન ધર્મની અને હિન્દુ જાતિની દુર્દશાનાં પગરણ થયાં તેમાં વળી તેવાજ બલ્કે તેને પણ અભડાવે તેવા અંગ્રેજો આવતાં તેના કૃત્રિમ તેજમાં અને દંભમાં વિશેષ બગાડ પેઠો.

અત્યારે તો એ સ્થિતિ આવી પડી છે કે ખુદ હિન્દુ ધર્મ ધ્વજધારી સનાતન ધર્મના રક્ષક અને પોષક ગણાતા સંત મહાત્મા અને મહંતો જ અધર્મ પ્રત્યે

જઈ રહ્યા છે, તે અત્યંત શોચનીય છે. કર્મ, ઉપાસના અને જ્ઞાનના ઉપદેશ આપવાને બદલે એકડો પડયો મુકી શૂન્યનો જયાં ત્યાં આશ્રમોના અડ્ડા લગાવી આપી રહ્યા છે અને એવા ધર્મના ઓઠા તળે અનેક જાતના દુરાચાર અને અત્યાચાર ફેલાવી ધર્મનો ધ્વંશ કરી રહેલા જોઇએ છીએ અને મૂર્ખ લોભી જનતા પ્રત્યે દયા આવે છે કે જનતા આવા ધર્મના ઠેકેદારોનો અધર્મ ચાલવા કેમ દે છે અને આજકાલ લગભગ દરેક સ્થળે દંભ, વિશ્વાસઘાત, દુરાચાર, ભ્રષ્ટાચાર, અનાચાર પણ પુરજોશથી ચાલી રહેલાં છે ખાસ કરીને આશ્રમોમાં, તીર્થક્ષેત્રો, દેવમંદિરો વગેરે સ્થળોએ તેનું જોર વધારે જોવા મળે છે. ઘણાં ખરાં તીર્થસ્થાનો તો અનાચાર અને વ્યભિચારનાં ધામ બની રહ્યાં છે અને શિષ્યોની ... છત અને ગુરૂઓનો વધારો થઇ રહ્યો છે એવા ગુરૂઓ અને તેમના કાંધીઆઓ લોભી સ્ત્રીઓને ફસાવે છે. ધર્મના નામે અનેક જાતનાં પ્રલોભનો બતાવી સ્ત્રીઓની લક્ષ્મી તેમજ તેનું શિયળ લૂંટી લે છે.

ભારતીય મહિલાઓની ધાર્મિક સંસ્કૃતિતો એવી હતી કે પરપુરૂષની દ્રષ્ટિ માત્રથી દૂર રહેવા ઇચ્છતી હતી હાલ સ્ત્રી–પુરૂષના શંભુમેળામાં પરસ્પર શિયળ ધર્મ નષ્ટ થયો છે. એવા અનેક દાખલા મળી આવે છે કે મહાત્મા ભકતો આદી અનેક દંભી પૂજારી લોકો અનેક રીતો વડે સ્ત્રીઓને પતિત બનાવી રહેલા જણાશે આવા દુરાચારો ભગવાનનાં મંદિરોમાં આચરાતાં સંભળાય છે ત્યારે ખરેખર દુઃખ થાય છે. આથી વધારે અધર્મની પરાકાષ્ટા કઈ હોઈ શકે ? વળી થોડાં વર્ષોથી દેશ સેવાના તેમજ સમાજના ઓઠા તળે દુઃખી બહેનોને સુખી થવાની લાલચો આપીને પણ વ્યભિચારને પોષવામાં આવે છે.

આ જાતનું અનિષ્ટ કયાં જઇને અટકશે એ કહેવું મુશ્કેલ છે. રાષ્ટ્રના સામાજિક વર્તુલમાં તેમજ સમાજ જીવનમાં પણ સડો લાગી ગયો છે. તે જો વખત સર સુધારવામાં નહિ આવે તો રહ્યા સહ્યા ધર્મનો પણ વિનાશ થશે અને રાષ્ટ્રના પાયામાં પણ સુરંગ ચંપાશે આ અધર્મને ધર્મ કહેવો કે ધર્મને નામે અધર્મ કહેવો! પ્રભુ સૌ જનસમાજને સદબુધ્ધિ પ્રદાન કરે અને આ ઉપરથી સ્ત્રી સમાજ ચેતીને સાવધાન થઇને શિયળ અને ધર્મનું રક્ષણ કરીને ફેલાતો અધર્મ ... ટકાવે, પ્રભુ તેમ કરવા સહુને પ્રેરણા અને શકિત આપે.

—અસ્તુ.

* "મા નું મહત્વ" *

ભીમજીભાઈ રામજીભાઇ પટેલ   શ્રી ગુજરાત સે। મીલ મલકાપુર

ભારતમાં આર્ય સાંસ્કૃતિ ની અંદર "મા" નું સ્થાન ઘણું જ ઉંચુ બતાવ્યું છે. જેવી કે દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી તથા અહલ્યા જેવી મહાન સતી નારીઓ પણ ભારત દેશમાં જ થઈ ચૂકી છે અને જેમના તપોબળ થકી આપણો ધર્મ અને આર્ય સંસ્કૃતિ ટકી રહી છે તેવી માતાઓએ આપણા ઉપર કેટલો ઉપકાર કરેલ છે.

શાસ્ત્રોમાં પણ કહેલ છે કે **માતૃ દેવો ભવઃ** જનનીએ આપણા ઉપર જેટલું ઋણ ચડાવેલ છે તે ઋણનો પુરેપૂરો બદલો આપવો જોઇએ એ પુત્રની ફરજ છે. પુત્ર (ઈન્સાન) પોતાનું માથું માને સમર્પણ કરે તો પણ માનું ઋણ ચુકવી શકતો નથી. માના અગણિત ઉપકાર છે. સંત પુનિત મહાન પુરૂષોનું પણ કહેવું છે કે "ભૂલો ભલે બીજુ બધુ પણ માબાપને ભૂલશો નહીં" આ પંકિત પણ આપણને કેટલો ઉચ્ચ આદર્શ બતાવે છે.

માતાએ જન્મ આપ્યો તેમનો સ્નેહ અંતઃકરણનો પ્રેમ કંઇક ઓર જ હોય છે મા પ્રત્યે આપણને એવા સાત્વિક વિચારો હોવા જોઇએ કે આપણો જન્મ સફળ થાય અને આપણો ધર્મ સદાને માટે ટકી રહે.

માનું ઋણ, બદલો, પુત્રે ભુલવો ન જોઈએ. પોતાના આત્માથી મા પ્રત્યેનું ગૌરવ લેવું જોઈએ. માતા પિતા જેવું ધર્મયુકત શ્રેષ્ઠ તીર્થ પણ બીજુ કોઇ નથી. બધા તીર્થો આપણી પાસે ઘરમાંજ છે. કયાંય પણ તીર્થ કરવા બહાર જવાની જરૂર નથી, મા ના ઉપકારનો બદલો મા ના દિલના સંતોષથી પૂર્ણ કરવો જોઇએ. પુત્ર ભલે લાખ કમાતો હોય પણ મા બાપ તે પુત્ર પ્રત્યેના વલણથી નાખુશ રહેતાં હોય તો તે પુત્ર લાખ નહીં પણ રાખ રોળી રહ્યો છે. આવા પુત્રો નાસ્તિક વૃત્તિથી ધર્મને તેથી ઊલટી દિશામાં લઈ જાય છે મતલબ કે અધર્મ બનાવી દે છે. આવા કિસ્સાઓ તાજેતરમાં કળીયુગની અંદર ઘણાજ જોવા મળે છે. પુત્ર ભલે મા જનની પ્રત્યે નફરત દર્શાવતો હોય તો પણ માને તો તે તેટલો જ વહાલો છે. આવા છે માતા ના સાચા સદ્‌ગુણો. ધન્ય છે માતા જનની ને. માને કોટી નમન હો.

ભગવાનને એજ મનોમન પ્રાર્થના કરવી કે અમારી સાત્વિકતા, ચારિત્ર્ય બળ ખીલી ઉઠે અને જનની પ્રત્યે ભગવાન આપણને સદ્‌બુદ્ધિ અર્પે.

—જય હો જનનીનો—

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટિદાર વિદ્યાર્થી મંડળ તલોદ

અમારા ઉપરોક્ત મંડળની વાર્ષિક મિટિંગ તા. ૬-૪-૭૪ના રોજ પ્રિ. શ્રી આર. એલ. પટેલના પ્રમુખ સ્થાને મળી હતી. જેમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા.

(૧) વાર્ષિક હિસાબની તપાસણી તથા અહેવાલ વાંચન.
(૨) તલોદમાં હોસ્ટેલ બાબત ચર્ચા તથા પત્ર લખવા બાબત.
(૩) હાલના સંજોગોમાં માગી લેતા સામાજિક સુધારા અંગે ચર્ચા.

ઉપરના ઠરાવ નં. ૩ ની ચર્ચા કરતાં અમારૂં મંડળ સમાજમાં સમૂહલગ્નો માટે બાબતની ચર્ચા અંગે સમાજને પત્ર લખીને જણાવે છે. અંગે અનુરોધ કરે છે સમુહલગ્નો વિચારણા કરવા સમાજના કાર્યકરને વડીલોને વિનંતિ કરે છે.

અંતમાં મંત્રીશ્રીની આભાર વિધિ બાદ અલ્પાહાર લઇ સર્વ છૂટા પડયા.

મંત્રી : **તુલસીદાસ જી. પટેલ**
શ્રી ક. ક. પા. વિ. મંડળ, તલોદ

* લગ્ન ભેટ *

	પ્રસંગ	સંસ્થા	રકમ રૂા. પૈસા
૧ પટેલ મણીલાલ હંસરાજભાઇ પદમાંણી અમદાવાદ (કચ્છ) વિથોણ	સવિત્રીબહેનના લગ્ન પ્રસંગે	જાગૃતિ કાર્યાલયને	૧૫-૦૦
૨ પટેલ રામજીભાઇ ભીમજીભાઈ રૂડાણી અમદાવાદ (કચ્છ) અંગીયા	નવીનચંદ્રના લગ્ન પ્રસંગે	,,	૧૫-૦૦
૩ પટેલ ભીમજીભાઇ માવજીભાઇ ઠે. મોહનપુરા ફાર્મ, બનાસકાંઠા	મણીલાલના લગ્ન પ્રસંગે	ધનસુરા છાત્રાલયોને	૨૫-૨૫
૪ પટેલ કાનજીભાઇ પુંજાભાઇ ઠે. ચામુંડાફાર્મ-ઈકબાલગઢ	લીલાબેનના લગ્ન પ્રસંગે	,,	૧૧-૨૫

—રામપુરાકંપા પ્રતિષ્ઠા સમયે નોંધાયેલ—

— નવા આ જીવન સભ્યો — તા. ૨૦-૪-૭૪

૧	પ્રેમજીભાઈ લધાભાઈ	શંકરપુરા
૨	દેવજીભાઈ રામજીભાઈ	તખતગઢ
૩	હરિભાઈ લધાભાઈ	,,
૪	સામજીભાઈ શીવજીભાઈ	,,
૫	કરમસંભાઈ કાનજીભાઈ	રામપુરા–મોહનપુર
૬	અંબિકા વિજય સો મીલ	ઉમરેઠ
૭	માવજીભાઈ ધનજીભાઈ	શીવરાજપુરકંપા
૮	પ્રેમજીભાઈ રાજાભાઈ	ગાંધીપુરા
૯	નારણભાઈ પ્રેમજીભાઈ	નવાનગર
૧૦	ઇશ્વરભાઈ લધાભાઈ	વાત્રકગઢકંપા
૧૧	કાન્તિલાલ હરિભાઈ	ખેરોજકંપા
૧૨	અરજણભાઈ કરશનભાઈ	બાવસાર

૧	વિઠ્ઠલભાઈ કરશનભાઈ	તખતગઢ
૨	અરજણભાઈ હીરજીભાઈ	બાવસારટીંબા
૩	પ્રેમજીભાઈ લધાભાઈ	નવામુવાડા
૪	પ્રેમજીભાઈ દેવશીભાઈ	રામપુરા-કઠાણા
૫	પ્રેમજીભાઈ હંસરાજભાઈ	કેસરપુરા–કાણીયોલ
૬	ગંગારામ કાનજીભાઈ	,,
૭	પ્રેમજીભાઈ સવજીભાઈ	તખતગઢ
૮	હરિભાઈ કરસનભાઈ	રામપુરા-મોહનપુર
૯	જયંતિલાલ અરજણભાઈ	,,
૧૦	મણીલાલ દેવજીભાઈ	,,
૧૧	મનજી દેવજીભાઈ	,,
૧૨	વિઠ્ઠલદાસ ધનજીભાઈ	જશવંતપુરા
૧૩	પ્રહલાદભાઈ સવજીભાઈ	રામપુરાકંપા
૧૪	સવગણભાઈ નાનજીભાઈ	ચંદ્રપુરાકંપા
૧૫	શાંતિલાલ લાલજીભાઈ	ઇશનપુર
૧૬	નારણભાઈ અખઇભાઈ	નવાનગર
૧૭	મેઘજીભાઈ અરજણભાઈ	હડમતીયા
૧૮	ડાહ્યાલાલ અરજણભાઈ	,,
૧૯	કાન્તિલાલ અબજીભાઈ	નવાનગર
૨૦	રતિલાલ દેવસીભાઈ	,,
૨૧	વાલજીભાઈ રામજીભાઈ	હરિપુરા
૨૨	બાબુલાલ હીરાલાલ	,,
૨૩	હરિભાઈ વાલજીભાઈ	માતાસુળીયા
૨૪	ગોવિંદભાઈ સવગણભાઈ	,,
૨૫	મગનલાલ હીરજીભાઈ	થવાદલાટ
૨૬	કરશનભાઈ કાનજીભાઈ	બોરડીટીંબા
૨૭	ડાહ્યાભાઈ કરમસીભાઈ	રમોસકંપા
૨૮	છગનભાઈ રાંમજીભાઈ	,,

રામપુરા કંપા

તા. ૧૭-૧૮-૧૯-૨૦-૪-૭૪

ભગવાનશ્રી લક્ષ્મીનારાયણના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સમયે એકત્ર થયેલ સ્વંય સેવકોની ગામવાર યાદી

ગ્રૃપ—૧

રામેશ્વરકંપા	૨૫
મોડાસા	૧૨
વિશ્નુપુરા (જાલોદર)	૪
અણીયે ૨	૧૬
હરીપુરા (બાવસાર)	૭
કાશીપુરા	૧૫
જશવંતપુરા	૬
કૃષ્ણપુરાકંપા	૭
વિશ્નુપુરા (કપડવંજ)	૧૧
	૧૦૩

ગ્રૃપ—૨

વિલાસપુરા	૧૨
નીકોડાકંપા	૧૦
બાવસાર	૪
માધવ	૧૨
સુરજપુરા	૩
	૪૧

ગ્રૃપ—૩

હડમતીયા	૭૫
માઢવાકંપા	૬
	૮૧

ગ્રૃપ—૪

મોતેસરી	૧૦
બદામકંપા	૧૩
ટીંબાતલાવકંપા	૧૫
ગોરાટીંબા	૪
કાંકણોલ (હીંમતનગર)	૪
ખોરીયાટીંબા	૭
	૫૩

ગ્રૃપ—૫

હીરાખાડી–રાજપુરકંપા	૧૫
વજેપુરા ગ્રૃપ	૧૧
રૂપાલકંપા	૧૦
	૩૬

ગ્રૃપ—૬

ખોરડીટીંબા	૧૧
એદલપુરા	૫
છત્રીસા	૧૦
કુંપાકંપા	૭
ચંદ્રપુરા	૭
અહમદપુરા	૧૪
જાલોદર (ઇડર)	૨
નવાનગર	૬
	૬૨

ગ્રૃપ—૭

મગોડીલાટ	૩
રમોસકંપા	૬
શંકરપુરા	૧૫
હીરાપુરકંપા	૬
માતાસુળીયાકંપા	૧૧
	૪૨

ગ્રૃપ—૮

રણાસણ	૫
ખેરોજકંપા	૪
જેતપુર	૩
	૧૨

કુલ...૪૩૦

ગત તા. ૧૯–૪–૭૪ ના રોજ રામપુરા (હડમતિયા) કંપા મુકામે ભગવાન શ્રી લક્ષ્મી નારાયણના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પાટીદાર જ્ઞાતિના વહીવંચા શ્રી ખંડેરાવ રામસંગ બારોટે સાંપ્રદાયિક તેમજ કેળવણી વિષયક જ્ઞાતિ હિતને લગતી ઘણી બાબતોની છણાવટ કરી હતી.

પોતાના વક્તવ્ય દરમિયાન શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજને જોશીલી જબાનમાં જણાવતાં કહ્યું કે દરેક હિંદુ કહેવડાવનાર પાસે હિંદુત્વનું ખમીર, ગૌરવ અને અભિમાન હોવું જોઈએ.

કેટલાંક તત્વોએ ચમત્કારોના ઓઠાં હેઠળ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજને અંધશ્રધ્ધાળુ બનાવી દઈ વર્ષો સુધી નિરક્ષર રાખીને જ્ઞાતિનું ઘણું જ નુકશાન કર્યું છે. હજુ પણ ક્યાંક પાણી મંત્રીને તો ક્યાંક તલવારની અણી ફેરવી ચમત્કારો બતાવી પ્રજામાં અંધશ્રધ્ધાનું વાતાવરણ સમગ્ર સમાજોમાં જન્માવવામાં આવે છે તો પાટીદાર સમાજ આવી તેમજ બીજી અંધશ્રધ્ધાઓમાં ન દોરવાતાં હિંદુ હોઈ હિંદુઓનાજ દેવ દેવતાઓનું પૂજન કરી હિંદુત્વના ખમીરને જાળવી રાખીને જ સાચો હિંદુ સંસ્કૃતિનાં દર્શન કરાવે તો જ તે ખરો હિંદુ કહેવાય.

ઉપરાંત આપણી ભાવિ પેઢીને સુશિક્ષિત બનાવવા માટે છાત્રાલયોમાં અન્નદાન તેમજ વિદ્યાદાન આપવાની ઉદારતા સૌએ દાખવવી જોઈએ. કેળવણીથી જ સમાજ વધુ સુઘડ બનશે.

ત્યારબાદ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાત નસમાજના આગેવાન કાર્યકર તેમજ યુવક મંડળના સલાહકાર શ્રી વિશ્રામભાઈ નથુભાઈ પટેલે રામપુરાકંપામાં ભગવાન શ્રીલક્ષ્મીનારાયણ ની પ્રાણ પ્રતિષ્ઠાના મંગલ પ્રસંગે ઉપસ્થિત રહેલ સૌને સંબોધન કરતાં અનુરોધ કર્યો હતો કે આપણે પોતે હિંદુ હોવા છતાં વિધર્મીઓના દેવી દેવતાનાં પૂજન કરી ચમત્કારિક વ્યક્તિઓના ચમત્કારમાં અંજાઈ જઈને હિંદુ ધર્મ અને સંસ્કૃતિનો નાશ કરીએ છીએ.

ઘેટાંના ટોળાં વચ્ચે ઉછરતા સિંહબાળનું ઉદાહરણ આપતાં તેઓશ્રીએ જણાવ્યું કે આપણી સામાજિક દશા પણ આ પ્રકારની જ છે. આપણે મુળભૂત રીતે કોણ છીએ તેજ ભૂલી ગયા છીએ તો શિક્ષણ જગતમાં પ્રગતિ સાધતાં આપણે જે ભૂલી ગયા છીએ તે ભૂલાઈ ગયેલી અસલીયતને પાછી મેળવવી જોઈએ

હડમતિયા કંપા નિવાસી શ્રી વેલજીભાઈ પ્રેમજીભાઈ મુખીએ પરિચય વિધિ કરાવ્યા બાદ તા. ૧૯–૪–૭૪ની રાત્રે સ્વ. સ્વામીશ્રી માધવાતીર્થના શિષ્ય વલાદ

આશ્રમ વાળા સ્વામી શ્રી કૃષ્ણાનંદજી મહારાજ ની વાણીનો ઉપસ્થિત જનતાને અનેરો લ્હાવો મળ્યો હતો.

માનવ જીવનમાં પ્રભુ ભક્તિને મહત્વ આપતાં સ્વામીશ્રીએ જણાવ્યું કે ભગવાનની પ્રેરણાથી આજે આ કંપામાં મંદિરનું કાર્ય થયું એ ઘણી સારી વાત છે પ તેની સાથે જ નિયમિત પૂજા, આરાધના અને પ્રભુ દર્શન કરવાનો ભાવ દરેકે જાળવી રાખવો જોઇએ. ભગવાન એના ઘરમાં બિરાજે અને આપણે આપણા ઘરમાં બીરાજીએ તે ન ચાલે, મંદિરના પગથિએ પગ મૂકતાં જ બીજો કોઇ ભાવ ન લાવતાં ભગવદ્ આરાધનામાં જ ચિત્ત હોય તે જરૂરી છે. ભગવદ્ ઉપાસના કરતાં ઇષ્ટની એકાગ્રતા ગાઢ બનાવવી જરૂરી છે. માત્ર માળા ફેરવવાથી મન ન માને માળા ફેરવીએ પણ જપ ન થાય તો એ ખોટું જ છે. હાથમાં માળા, જીભ પર ઇષ્ટ મંત્ર અને પરમાત્મા સાથે એક ધ્યાન રાખીએ તોજ સાચી માળા થાય પણ આપણે તો હાથ અને જીભને કામ આપીએ પણ મનને કામ ન સોંપતાં ભટકતું જ રાખીએ તો એ રીતે કરેલી માળા કોઇ કામની નથી.

બાળપણથી જ શરીરમાં પૂર્ણ શક્તિ હોય ત્યારથીજ ભગવાનની આરાધના કરવામાં આવે તો સારી રીતે થઇ શકે. ઘડપણમાં ગોવિંદ ગાવાની વાત જ ખોટી.

પછીથી કપડવણજ નિવાસી દિનકર મહારાજે પણ અલૌકીક શક્તિમાં શ્રધ્ધા આરોપણ કરવા આસ્તિક બનવા માટેનું સરળ ભાષામાં ઉદ્બોધન કર્યું હતું. આપણે આપણી જાતને જ ભૂલી જઇએ છીએ. જીવનભર જેને આ મારૂ અને આ તારૂ છે એમ કહીએ છીએ તે મારા તારાના ભેદનો ઉલ્લેખ કરી આખરે એમાંનું આપણું કંઇજ નથી એ વાત નો તત્વજ્ઞાનની દ્રષ્ટિએ સુંદર દાખલો આપ્યો હતો.

પ્રભુ નથી એમ ન માનતાં પ્રભુ છે એ વાતની પ્રતિતિ કરવા આપણે સૌએ આપણી કાયામાં કોણ બોલે છે તેની શોધ કરવી જોઇએ.

માનવ શરીરપરથી જાત ઓળખાય પણ જીવને જાત ન હોય. આ માનવ શરીર કોના આધારે ક્રિયા કરે છે તે વિચારીને શોધી કાઢવું જોઇએ.

આ રીતે મહાત્મા પુરૂષોની વાણીનો મર્મસ્પર્શી ભાષામાં લાભ મળ્યો હતો. જેમાંથી ભારોભાર જીવનોપયોગી ઉપદેશ નીતરતો હતો.

મહાત્મા પુરૂષોની વાણીનો અલભ્ય લાભ મેળવ્યા બાદ તલોદ કચ્છી ભાઈ-બંડળના સભ્યોનાં ભજનો અને દાંડીયા રાસનો કાર્યક્રમ જામતી જતી રાત્રિએ વાતાવરણને ભર્યું ભર્યું બનાવી દેતો હતો.

આ રીતે બબ્બે ત્રણ ત્રણ દિવસ સુધી ગામેગામથી જ્ઞાતિગંગાના પ્રવાહને જીવનમાં કંઇક શ્રધ્ધા સાથે પોતાના કંપા ભણી વહેતો કરાવવા નિમિત્ત બનાવનાર કંપાનિવાસી ભાઇઓ તો ત્રણ ત્રણ દિવસ સુધી ભગવાન પોતાના ગામમાં પધારે છે તેનું સ્વાગત, સામૈયાં અને પૂજા અર્ચનાની તૈયારીઓમાં ગરકાવ બની ગયા હતા. ખરેખર ! નસીબદારને જ આવા કાર્યમાં નિમિત્ત બનવાનું સદ્ભાગ્ય સાંપડે અને એ સદ્ભાગ્યને હસતે મુખે વધાવી લેવાની ભાવનાના સ્પષ્ટ ભાવ કંપા નિવાસી દરેક ભાઇબહેનોના મુખપર છલકાતા હતા એ ખૂબ અવર્ણનીય આનંદની વાત હતી

આખર દિને તા ૨૦-૪-૭૪ની સવારે ભગવાનની ધામધૂમપૂર્વક પધરામણી થયા બાદ આનંદભેર સસ્મિત વદને સંધ્યાકાળ સુધીમાં વિરાટ સંખ્યામાં એકત્ર થયેલી માનવ મેદનીને વિદાય આપ્યા બાદ જનતા જનાર્દનની સેવા કરનાર સ્વયં-સેવક વૃંદના ૪૩૦ ભાઇઓની સમગ્ર કાર્યવાહીના સંચાલનમાં નેતૃત્વ પૂરું પાડનાર સર્વશ્રી સામજીભાઈ એસ. પટેલના ઉદ્બોધન પછી સૌ સ્વયંસેવક ભાઈઓએ કંપા નિવાસી ભાઇઓની ભાવવાહી લાગણીને છેવટ સુધી માન આપ્યા પછીજ પોતે કંઈક સુંદર કાયવહી બજાવવના સંતોષ સાથે વિદાય લીધી હતી

---

* શ્રી લક્ષ્મીનારાયણ ભગવાનનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ રામપુરા (હડમતિયા) કંપા

આપણે જાણીએ છીએ તે મુજબ ગત તા ૧૮, ૧૯ અને ૨૦ એપ્રીલ ૧૯૭૪ના દિવસો દરમિયાન રામપુરાકંપા મુકામે ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના મંદિરનું નિર્માણ થતાં ધામધૂમ પૂર્વક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવામાં આવ્યો.

આ મહોત્સવની ઉજવણી પ્રસંગે ૪૧ કંપાઓના ૪૩૦ જેટલા સ્વયંસેવકોએ અશરે દસેક હજારની જનમેદનીની સેવા કરવાનું કાર્ય ઝડપી લીધું હતું.

આ પ્રસંગે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરા (ગુજરાતના) અગ્રણીઓ મુરબ્બી પ્રમુખ શ્રી હીરજીભાઇ કરશનભાઈ પટેલ, મુરબ્બી શ્રી મણીભાઇ જેઠાભાઈ પટેલ, મુરબ્બી શ્રી વેલજીભાઈ ભાણજીભાઇ પટેલ, મુરબ્બી શ્રી વાલજીભાઈ

કાનજીભાઇ પટેલે નોંધપાત્ર હાજરી આપી હતી ઉપરાંત મંડળના સલાહકાર તેમજ સમાજના યુવાન અગ્રણી કાર્યકર શ્રી વિશ્રામભાઈ નથુભાઇ પટેલ પણ હાજર રહ્યા હતા.

આ મહોત્સવનું નેતૃત્વ શ્રી ક. ક પા સ. સમાજ યુવક મંડળ ધનસુરા (ગુજરાત) પ્રમુખ સર્વશ્રી સામજીભાઇ એસ. પટેલ (મુખી) હરિપુરાકંપા વાળાએ પૂરું પાડયું હતુ. મંડળના ઉપપ્રમુખ શ્રી પ્રેમજીભાઇ દે. પટેલ મંત્રી શ્રી અરજણભાઇ વી. પટેલ, સહમંત્રી શ્રી ગોવિંદભાઇ વી. પટેલ, શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન ના ગૃહપતિ શ્રી વાડીભાઇ દે પટેલ વગેરે એ સુંદર સંચાલન દ્વારા વિરાટ કાર્યવાહીનું બેનમૂન ઉદાહરણ પૂરું પાડયું હતું.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ, ધનસુરા (ગુજરાત) ના નેજા નીચે કાર્યબોજ વહન કરનાર સૌ સ્વય સેવક ભાઈઓની ઉત્સાહ અને હસતે મુખે સેવા કરવાની શક્તિનાં દર્શન કરવાનું સદ્‌ભાગ્ય સમાજનું છે જ એ ખૂબ આનંદની વાત છે. એક બાજુ લગ્નસરાની સીઝન પુરજોસમાં ચાલુ હોય પોત પોતાના વ્યવસાયમાં દિવસરાત ગળાડૂબ રહેવું જ પડતું હોય છતાં પણ એ બધાંનો ત્યાગ કરી જ્ઞાતિગંગાની સેવા કરનાર સૌ યુવાન સ્વયંસેવક ભાઇઓની તમન્ના અને ચહેરા પરનો જે તરવરાટ જોવા મળતો હતો તે બદલ તેઓ સૌ કોટિ કોટિ અભિનંદનના અધિકારી છે. આ તબક્કે આપણે આશા જરૂર સેવીએ કે ભવિષ્યમાં સમાજમાં ગમે ત્યારે પણ સમાજ સેવાનો લાભ લેવા સુંદર પવિત્ર પ્રસંગોમાં સૌ યુવાન ભાઇઓનો ચિરસ્મરણીય તરવરાટ અખૂટ અને અતૂટ રહે ખરેખર ! ૧૮ મી એપ્રીલે હડમતિયાકંપામાં સંજોગો વશાત લાગેલી આગને ઓલવવા માટેનું

સ્વયસેવકોના માથે જ વિધિએ નિર્માણ કર્યું હશે તેથી ખુલ્લા પગે એક હાકલે દોટ મૂકી એકાદ માઇલ દૂર દોડી જનાર યુવાન ભાઇઓ માત્ર વાસ્તવિક ભૂમિકા પર લાગેલી આગ ને જ બુઝાવવા નહીં પરંતુ સમાજના નવનિર્માણ માટે તેના ઉત્થાન માટે સામાજિક સડાઓ રૂપી આગળ વધતી અગન જવાળાઓ બુઝાવવાની શક્તિ પણ અચૂક પુરી પાડશે એમ એ દ્રશ્ય નજરે નિહાળનાર સૌ કોઇ બુઝદીલ ભાઈ બહેનોને લાગ્યા વિના પણ ન જ રહે. આપણે સૌ પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીએ કે શ્રી ક. ક. પા. સનાતન સમાજનાં આબાલવૃદ્ધ ભાઇબહેનોમાં સમાજ સેવાનું અખૂટ ઝરણું અહોનિશ વહ્યા કરે.

* લગ્ન ભેટ *

		રૂા. પૈસા.
પટેલ સવગણભાઇ મેઘજીભાઈ જનકપુર (મ. પ્ર.)	ચિ. રમેશકુમાર	૨૫ ૨૫
પટેલ દાનાભાઇ આવજીભાઇ નરોડા	ચિ. નર્મદાબેન	૨૫–૨૫

કન્યાછાત્રાલયને રૂા. ૨૫-૨૫ બંને તરફથી જુદા જુદા


★ લગ્ન પ્રસંગે ખર્ચવામા આવતા હજારો રૂપિયામાંથી આપણીજ સંસ્થાઓ કે જેમાં વિદ્યાર્થી ભાઈ–બહેનોના ભાવિજીવનનું ઘડતર થાય છે તે માટે આપને ત્યાં ઉજવાતા લગ્ન પ્રસંગમાંથી યથાશકિત ઉદાર હાથ લંબાવવા નમ્ર વિનંતી.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઈપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ (જિ. સાબરકાંઠા.

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથોરાઈઝડ ડિલર્સ ઈન:—

ફિલિપ્સ
રેડીયો



કમાન્ડ


PHILIPS

પ્રો. વાડીલાલ રામ
(મીઠુ)ભાઈ ાની
ઠે. ચારરસ્તા, પુરા,
જિ. સરકાંઠા

મળો યા લખો :—

શ્રી
ગજાનંદ રેડીયો સર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર; એમ્પ્લી વેચનાર
તેમજ સંતોષકારક રીતે કરનાર
તથા ઇલેકટ્રીક સામા વહેપારી.


LAXMI
LAXMI

JAGRUTI MAY '74 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા જિ. સાબરકાંઠા

ગ્રા. નં. ૮૯

Book-Post

To,
પટેલ ડાહ્યાભાઈ ...
મુ. પો. હિંમતનગર

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.



મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–૬ જુન ૧૯૭૪

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૦|, પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂ. ૧૦૧| પરદેશમાં રૂ. ૧૨૫| નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર-વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક.

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ

પ્રિન્સિપાલ :

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી.
સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ વી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

ૐ નમઃ શીવાય

તંત્રીસ્થાનેથી

સમયના બદલાતાં જતાં વહેણ સાથે સમગ્ર વિશ્વ આજે પરિવર્તનના આરે આવીને ઊભું છે તેમ કહીએ તો પણ ખોટું નથી.

ઘરના ખૂણાથી માંડીને વિશાળ વિશ્વનાં પ્રત્યેક માનવો વચ્ચેના પારસ્પરિક માનવીય સબંધોમાં પણ ઘણું પરિવર્તન જોવા મળશે. ઘરમાં, કુટુંબમાં, ગામમાં, સમાજમાં, રાજ્યમાં કે દેશ અને વિદેશમાં જ્યાંની વાત કરીએ ત્યાં સુધી વિસ્તૃત થતી જતી દુનિયામાંથી વિશ્વાસનું વાતાવરણ ઘટતું જણાશે કારણ કે માનવ જીવનમાં રોજિંદા વ્યવહારમાંથી દયા, પ્રમાણિકતા, સદ્‌ભાવનાના માનવસહજ સદ્‌ગુણોમાં ઓટ આવતી જાય છે અને પરિણામે માનવ માનવ વચ્ચેના વ્યવહારમાં ગૂંગળામણ દેખા દે છે.

આજે અદનામાં અદના માનવીથી માંડી નાના મોટા વેપારીઓ, કર્મચારી કે અમલદાર વર્ગ એમ તમામ પ્રકારનો માનવ સમુદાય પહોંચી શકે ત્યાં સુધી એકબીજાનું શોષણ કરવાની ઊષ્ટ્ર નીતિ અખત્યાર કરતો થઈ ગયો છે. કામના પ્રમાણમાં વળતર કે મહેનતના પ્રમાણમાં બદલો મેળવવાની તેની સંતોષવૃત્તિ નષ્ટ થઈ ચૂકી છે. જેથી આ અસંતુષ્ટ મનોવૃત્તિનું સમાધાન કયારે થશે તે કહી શકાય તેમ નથી. જનતા જનાર્દન અને એના ઉપર શાસન ચલાવનાર રાજકારણી પુરુષોની વાત કરીએ તો પણ "જનસેવા એ પ્રભુ સેવા" કે એ કહેવત પર લાલ લીટી મૂકી શકાય તેવું વાતાવરણ જ આપણે મોટે ભાગે જોઈ શકીશું, પરિણામે "વાડ જ ચીભડાંને ગળે" તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થયેલી લાગશે.

જગતના તાત ગણાતા ખેડૂત પર મિલકતની ટોચ મર્યાદા લગાડી દીધા પછી પણ ખેત પેદાશ મેળવવાના કામમાં આવે તેવાં તમામ પ્રકારનાં સાધનો, બીયારણો, રસાયણિક ખાતરો અને જંતુનાશક દવાઓ વગેરેમાં બેસુમાર ભાવ વધારો કરીને તે પણ સમયસર ખેડૂત ન મેળવી શકે તેવી દયાજનક સ્થિતિ નાબુદ કરવાના સક્રિય વિચારોને અમલી બનાવી ભવિષ્યમાં ખેત પેદાશની માત્રામાં વધારો કરી મોંઘવારી ઘટાડવાનો ખ્યાલ કરવાની તાતી જરૂર ઊભી થઈ થઈ છે. તો આ પ્રકારની જરૂરિયાત સંતોષવા માટે પ્રજાના ચૂંટેલા સેવકો વહેલી તકે વિચારે એ ખૂબજ જરૂરી છે. નહિતર ખેડૂત વર્ગની પાયમાલીના સર્જન સાથે સમગ્ર દેશનો માનવ સમુદાય પણ પાયમાલીની પગદંડી જ નહિ પણ ધોરી માર્ગ પરનો પ્રવાસી ન બની જાય એ દેશની જનતાના સાચા સેવકોએ અવશ્ય વિચારવું જ રહ્યું.

* શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ સંચાલિત *

શ્રીમતી મુળબાઈ સવદાસ લાલજી માવાણી કન્યાછાત્રાલય ધનસુરા.

નાનજીભાઈ કાનજીભાઈ મંત્રી પાટીદાર સમાજ ગુજરાત

ભારતભરમાં ઠેક ઠેકાણે વસતા આપણા સમાજની કન્યાઓને કેળવણી આપવાનો સમાજ માટે એક મોટો પ્રશ્ન હતો. આ બાબતમાં ગુજરાત સમાજે કોઇ પણ ભોગે કન્યા છાત્રાલય બાંધવું એવું નકી કર્યું. અને સમાજના શ્રીમંત સદગૃહસ્થો પાસે કન્યા છાત્રાલય માટેના દાનની ટહેલ નાંખી તેમાં રૂપિયા પચીસ હજારનું દાન આપનાર વ્યકિતનું નામ આ સસ્થા જોડે સાંકળી લેવાનું નકી કર્યું. ગુજરાત સમાજની આ ટહેલ મુંબઇ ઘાટકોપરમાં રહી બાંલ્ડીંગ કોન્ટ્રાકટરનું કામ કરતા શ્રીમાન સવદાસભાઇ લાલજી માવાણી કચ્છ દેશલપુર વાળાએ ઝીલી લીધી અને પોતાનાં પત્ની મુળબાઇ ના નામે રૂપિયા પચીસ હજારની માતબર રકમનું દાન આપવાની જાહેરાત કરી સવદાસભાઇની આ જાહેરાતથી ગુજરાત સમાજના કાર્યકરોના ઉત્સાહમાં ઓર વધારો થયો ખાસ કરી મુંબઇ તેમજ ભારતભરમાં વસતા આપણા સમાજના કેટલાક શ્રીમંતોએ હજારો રૂપિયાનું આ સંસ્થા માટે દાન આપ્યું છેલ્લા છ વરસથી આ કન્યા છાત્રાલયનો લાભ આપણા સમાજની ઘણી બહેનો લઇ રહી છે. છાત્રાલયમાં રહેનાર બહેનોનું સંપૂર્ણ રક્ષણ, અભ્યાસ અર્થે અને બીજી પ્રવૃત્તિઓ પ્રત્યે પૂરતી કાળજી રાખવાનું કામ કચ્છ લુડવા હાલ અમદાવાદ રહેતા એક આદર્શ વેલાણી કુટુંબમાં જન્મ લેનાર સાવિત્રી બહેન કોઇપણ પગાર કે બીજુ વળતર લીધા સિવાય ગૃહમાતા તરીકેની ફરજ બજાવી રહ્યાં છે. છાત્રાલયમાં રહેનાર બહેનોને ઓછું ખર્ચ કેમ આવે તેના માટે ૬૫ વરસની ઉંમરે પણ યુવાનીનો દાવો કરતા સમાજના પીઢ કાર્યકર શ્રીમાન વાલજીભાઈ કાનજીભાઇ ખેડુતોના ઘેર ઘેર ફરી અનાજ ઉઘરાવી છાત્રાલયમાં ઠાલવી રહ્યા છે. જેથી સંસ્થામાં રહેનાર બહેનોને ખર્ચ ઓછું આવે તે સ્વાભાવિક છે. બહેનોને અભ્યાસ કરવા માટે ધનસુરામાં અલગ ગર્લ્સ હાઇસ્કૂલની સગવડ છે. જેમાં એસ. એસ. સી. સુધીનો અભ્યાસ પ્રાપ્ત થઇ શકે છે. તો આથી સમાજના દરેક ભાઇઓ ને વિનંતી કરવામાં આવે છે કે કોઇપણ જાતની દ્વિધામાં રહ્યા સિવાય આપની કન્યાઓને અહીંના શ્રીમતી મુળબાઈ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલયમાં અભ્યાસ અર્થે મોકલી બાળાઓનું ભાવિ સુધારો.

આ છાત્રાલયમાં તા. ૨૫ જૂન ૧૯૭૪ સુધી એડમીશન મળશે.

સાબરકાંઠાનું ગૌરવ

શામજીભાઈ એમ. પટેલ
પીનાકીન સ્ટ્રીટ મદ્રાસ નં ૫

કચ્છની ધરતીની સુવાસ રૂપી જનતા દુનિયામાં ચોતરફ ફેલાયેલી છે. તેમાં ગૌરવ, સાહસ, સહનશીલતાનું સિંચન લઇ સંસ્કારોને આધારે દેશવિદેશમાં વસવાટ કરે છે જેમાંનો તાજો ગૌરવ ભર્યો પ્રસંગ રજુ કરતાં ઘણીજ ખુશી અનુભવું છું.

મુલાકાતી ભાઇશ્રી માણેકલાલભાઇ ઝવેરીના શબ્દોમાં કહીએ.

અમો મૂળ વતન સૌરાષ્ટ્ર બાજુના હાલે આફ્રીકામાં રહીએ છીએ, બે માસની ટૂંકી યાત્રામાં વતન આવેલ ટૂંકા રોકાણ દરમિયાન ભારતની યાત્રા કરવા સાથે લાવેલ મોટર કાર મારફતે ફર્યા બાદ મુંબઈ, મદ્રાસ કોલંબો થઇને સ્ટીમર મારફતે આફ્રીકા જવું તેવા પ્રોગ્રામ પ્રમાણે અમો મુંબઇથી રવાના થયા. પૂનામાં થોડા રોકાણ બાદ તા. ૨૨ના મદ્રાસ, તરફ રવાના થયા રસ્તામાં પૂનાથી અમારી કાર સાથે બીજી એક કાર પણ થઈ તે કારમાં બદમાશ લોકો બરાબર અમારો પીછો કરતા રહ્યા અને અમોને તે બાબતમાં સહેજે શંકા નઆવી રાત્રે હુબલીમાં જમ્યા બાદ રાત્રિના ૧૧ વાગે અમારૂ પ્રયાણ ચાલુ કર્યું અને એક દોઢના સુમારે હુબલીથી ૪૦-૪૫ માઈલના અંતરે હાવેરી નામના ગામ બહાર અમારી કારને પાછળથી બીજી કારે ટક્કર મારતાં અમારે ઊભા રહેવાની ફરજ પડીને તરતજ બીજી કારમાંથી ત્રણ વ્યકિતઓ બહાર આવી ખોટી ધમકી આપતાં પોતાની કારને થયેલ નુકશાનની નુકશાની માંગી અમોને હેરાન કરી લૂંટવાના ઈરાદે અમારા સાથે તોફાન કરવાનો પ્રયાસ કર્યો અમો તેમને ઘણી સમજાવટથી વાત કરતા હતા છતાં પણ તે એકના બે ન થયા અમો એકલા હતા, અજાણ સ્થળે સહાય માંગવી કયાં? અમો ગામથી ઘણા દૂર હતા સામે ત્રણ વ્યકિતઓ હતી બચાવ માટે હું એકલો હતો મારા ઉપર તેમણે પ્રહાર કરતાં મારાં પત્ની તથા દીકરીઓએ મદદ માટે અવાજ કર્યો આ ઘટના બની સામે જ નજીકમાં કોલેજહતી તેમાંથી એક ભાઈએ આવીને અમોને સહાય કરીને સામા વાળા ત્રણેને સમજાવવા ઘણા પ્રયાસો કર્યા છેવટે તે ભાઇને હાથમાં ઇજા થઈ અને તેમણે તેમની કારનો નંબર નોંધી લીધો અને પોલીસની સહાયમાટે જતાં પહેલાં તે ભાઇએ બુદ્ધિપૂર્વક આત્મ વિશ્વાસથી ઘણા સમજાવ્યા અને તેની અસર તે ત્રણે વ્યકિતઓ ઉપર થઈ અને ત્યાર પછી તેઓએ વલણ બદલ્યું જતાં જતાં એક કપડાંની સુટકેશ તથા

કોલ્ડવોટર એગ. લઈ ગાલ્યા ગયા આ રીતે અમોને ટાઈમ ઉપર કુદરતી મદદ ન મળી હોતતો અવશ્ય લૂંટાઇ ગયા હોત અમારી સાથે ઘણુ જ કિમતી ચીજો હતી. આ સમયે રાતના ૩-૩૦ થયા હતા પછી તે ભાઇની પૂછપરછ કરતાં અમોને ઘણોજ ખુશી થઈ કે આવા કપરા સંજોગોમાં અમને જે મદદ મળી તે પણ ગુજરાતી ભાઇ હતામૂળ વતન કચ્છના હાલમાં ગુજરાત સાબરકાંઠા જિલ્લાના હીમતનગર ગામના રહીશ છે આ ઘટના બની તેની બાજુમાં જ કોલેજનું બિલ્ડીંગ વર્ક ચાલે છે હુબલીના શ્રી દેવસંભાઇ રામજીભાઇ પટેલ નામના કોન્ટ્રાકટર સાથે કામગીરી બજાવી રહ્યા છે ભાઇનું નામ ચંદુલાલ રામજી ભાઇ પટેલ છે. ચંદુભાઇએ રાત્રે અમોને મોટર કાર રીપેર થતાં સુધી કોઇપણ જાતની ચિન્તા કર્યા વગર આરામ કરવા જણાવ્યું અને પોતાના માણસને કાર પાસે રાખીને મિકેનીકલને બોલાવી કાર તૈયાર થતાં સવારના પાંચનો સમય થયો ત્યારે ચંદુભાઇએ અમોને ઘણા માન ભેર સવારના ચા નાસ્તોકરાવી વિદાય આપી તેમનામાં વતનનું ગૌરવ અને આત્મવિશ્વાસ માન જનક હતાં અમારી આ નવી જીંદગીમાં ભાઇશ્રી ચંદુભાઇનો પુરો સાથ સહકાર છે તેમની મદદથી અમોને સર્વસ્વ મલ્યું નહીં તો લૂંટાયા બાદ પણ અમારી શી દશા થાત તે તો કુદરતને ખબર, અમો વિદાય લેતાં ચંદુભાઈને અમારી યાદમાં કદર પેટે જે આપતા હતા તેનો પણ તેમણે બીલકુલ સ્વીકાર ન કર્યો અમારા પત્નીએ પોતાનો ભાઇ સમજીને સમજાવ્યા પણ તેઓ ન માન્યા.

ચંદુભાઈના શબ્દોમાં કહું તો "મેં જે કાર્ય અથવા મદદ કરી છે તેમાં કોઈ ઉપકાર નથી મારી ફરજ હતી અને મેં બજાવી તેમાં કોઈપણ ચીજ યા મહેનતાણું કે આભારના શબ્દો વાપરી મને, મારા કુટુંબને તથા મારા હુબલીના ગુજરાતી સમાજને શરમિંદા ન બનાવશો મારા જીવનમાં ઘણા ઘણા પ્રસંગો જોયા સહન કર્યા તેમાં આવું એક શુભ કાર્ય થયુ તે જીવનની એક કડી સમાન છે. આપ સહુ ફેમીલીની સુખ શાન્તિથી યાત્રા પરિપૂર્ણ થાય તેવી પ્રભુ પાસે મારી તેમજ ગુજરાતી સમાજની પ્રાર્થના.

આ પ્રમાણે અમો ઘણાજ દુભાયેલા મનથીપણ હર્ષભેર જુદા પડયા આ યાદગાર ઘટના અમો જિંદગીભર નહીં ભૂલીએ આપ ગુજરાતી સમાજ તથા સાબરકાંઠાની વ્યક્તિ શ્રી ચંદુભાઇના સદાને માટે આભારી છીએ. ૠણી છીએ.

આપનો માણેકલાલ સી. ઝવેરી
(આફ્રીકા)

"મા" *

માની મમતાનો પાર નથી, માની મમતા માટે પૃથ્વીનો પટ ટૂંકો છે. માના હૃદયમાં સાતે સમુદ્ર સમાયા છે માના અંતરની ફૂલવાડીમાં એવાં પુષ્પોનો પમરાટ હોય છે કે જે પમરાટની જગત માં જોડ નથી.

ગરીબ કે અમીર જ્ઞાની કે અબુધ ત્યાગી કે રાગી, બધા માનવી માની મમતાના એ શિંગણુ છે. 'મા' શબ્દમાંજ કઇ એવી લાગણી ઉછાળા મારે છે કે મા શબ્દ હૈયામાંથી હોઠ પર આવતાં જાણે અવનવા આનંદનો અનુભવ થાય છે.

મા શબ્દમાં એવો જ પ્રભાવ અને શકિત છે. માના શબ્દમાં આકાશને થંભાવવાની તાકાત છે. એટલે ગમે તેવાં મોટા માણસ દુઃખ માં ફસાતાં, "ઓ મા" કહીને આક્રંદ કરે છે. અને માના શબ્દની મિઠાશથી આફતમાં ફસાયેલા માણસને નિરાંત મળે છે.

માનો મમતાળુ હાથ માથા પર ફરતાં જાણે સ્વર્ગનાંદ્વાર ખુલ્લાં થઇ ગયાં હોય, જાણે અવની ઉપર અમરાપુરી ઉતરી હોય જાણે સંસાર આખો શાંતિમાં વિરામ કરતો હોય એમ લાગ્યા વિના રહેતું નથી. પથારીએ પડેલો રોગી મા, મા એમ શા માટે પુકારતો હશે? કારણેકે 'મા' શબ્દ આધી, વ્યાધિ અને ઉપાધીમાં પણ ઔષધ સમાન છે

મા અને માની મમતા માટે શારદા પાસે પુરા શબ્દો નથી સરસ્વતી પોતાની વિણા કાળાન્તર સુધી બજાવે તો પણ માતાની મમતાનો પાર નથી.

અસ્તુ...

રતિલાલ ખીમજી પટેલ
કનૈયા સો મીલ (સાગર મ. પ્ર.)

* "શુ કરે ?"

રચનાર :: કચરાલાલ કવિ (ધનસુરા)

માઝા મૂકી છે મોંઘવારીએ, આંદોલનો પણ શું કરે ?
આંધી આવી ગુજરાતમાં, 'ગાંધી' બિચારા શું કરે ?
તોફાનોથી તોબા થઇ પોલીસ પણ એમાં શું કરે ?
લોકશાહીમાં લાચાર બની, જનતા બિચારી શું કરે ?
અશ્રુવાયુ, લાઠીમાર, ગોળીબાર, ત્યાં વિદ્યાર્થીઓ પણ શું કરે ?
"નવનિર્માણ" એલાન કરે, ત્યાં શિક્ષકો પણ શું કરે ?
ઉત્પાદન અટકી પડયું માલ ના મળે, વેપારી પણ શું કરે ?
અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ ને હીમમાં, ખેડૂતો પણ શું કરે ?
અંધાધૂંધીના આ પૂરમાં, સરકાર પણ હવે શું કરે ?
અરે! માનવ હણે માનવને, ત્યાં ભગવાન પણ શું કરે ?

✻ ચિંતન કણિકા ✻

(૧) દુનિયામાં યાત્રાનાં સ્થળો ત્રણ છે.
માતા પિતા અને ગુરૂ.

(૨) અગ્નિ વિના બાળનાર ત્રણ છે.
ક્રોધ, કશલે અને કપુત.

(૩) ધન સાથે ત્રણ વસ્તુ જાય છે.
બુદ્ધિ, માન અને સુંદરતા.

(૪) પૈસા કરતાં વધારે વહાલાં ત્રણ છે.
અકકલ, આબરૂ અને સંતાન.

(૫) સદ્‌ગુણી સ્ત્રીનાં લક્ષણ ત્રણ છે.
ઘરની સંભાળ, સ્વામી ભક્તિ અને સંતાન પ્રેમ.

(૬) પૂવ જન્મના પાપનાં ફળ ત્રણ છે.
બૂરી સ્ત્રી બુરાં સંતાન, નીચ સગાં.

(૭) જ્ઞાન પ્રાપ્ત કરવાનાં સાધન ત્રણ છે.
વાંચન, વાતચીત અને નિરીક્ષણ.

(૮) તજવા લાયક ત્રણ છે,
પરધન, પરસ્ત્રી, પરનિંદા.

(૯) વિશ્વાસઘાતી ત્રણ છે.
કંજુસ, લોભી અને કપુત.

(૧૦) આ ત્રણની શીખામણ લેવી નહીં
મુર્ખ, આળસુ અને ખુશામતીયા.

૧૧ નિંદવા લાયક ત્રણ છે.
કલંક, કામિની અને કપુત.

* ઉપેક્ષા *

અમૃત આર. પટેલ
ન્યુ સીવીલ હોસ્ટેલ
અમદાવાદ-૩૮૦૦૧૬

પુત્ર પ્રાપ્તિની આશા અસફળ રહે અને તરત જ માબાપ નિરાશ બની જાય. પેંડાને બદલે ગોળની પ્રસાદીથી સંતોષ માને અને આમ જન્મથી જ પુત્રી પુત્ર કરતાં ઉતરતી ગણાતી થઇ જાય.

છોકરી નાની હોય ત્યારથી માતા તરફથી થતી માર પીટ અને "રાંડ" 'ભમરાળી' 'અણખપતી' જેવા સામાન્ય શબ્દો સાંભળીને વિકાસ પામતી છોકરીના મન પર શી અસર થતી હશે એનો માતા કદી વિચાર કરે છે ખરી ?

છોકરી પાંચ છ વર્ષની થાય એટલે છોકરાની સાથે એને પણ ભણવા જવા દેવાય. ગામમાં ચાર પાંચ ધોરણ સુધીની શાળા હોય ત્યાં સુધી છોકરીને ભણાવવાની માતાઓ હોંશ બતાવે આ દરમિયાન છોકરી માતાને કામમાં સાથ અપાવે એવી થઇ ગઇ હોય એટલે સ્વાભાવિક પણે લોભ લાગે. ખેતરમાં કામ કરવા જઇએ ત્યારે પાછળ કામ કરનાર જોઇએ ને ? આમ માંડ માંડ કામ કરી શકતી છોકરી પર ઘરકામનો બોજ સોંપાઇ જાય અને આમ અહીંથી જ તેનું ભણતર બંધ થઇ જાય. આ યોગ્ય નથી. છોકરી ઘરકામ શીખે, કરે એ તો જરૂરી છે જ પણ એના માટે તેનો અભ્યાસ બંધ કરી દેવો એ યોગ્ય નથી. કયારેક તો એવું પણ બને છે કે ગામમાં ભણવાની પૂરી વ્યવસ્થા હોય તે છતાં છોકરીને અધ વચ્ચેથી જ માત્ર કામના લોભે ઉઠાડી લેવામાં આવે એ શું સારૂં કહેવાય !

અને આમ છોકરી ભણવાનું છોડીને કામ ધંધે જોડાય પણ આ વખતે માતાએ તેની સાથે બહેનપણી જેવો વર્તાવ રાખવો જરૂરી છે છોકરી ઉંમર લાયક થાય એટલે એને પણ સ્વમાન તો હોય જ ને ? એ સ્વમાનની ગણના કર્યા વિના કેટલાંક માતાઓ પોતાની છોકરીઓની ભૂલ થઇ હોય તો જાહેરમાં ધમકાવી નાખતી હોય છે. અરે ! કયારેક તો આછી પાતળી. માર પીટ કરવામાં પણ માતાઓ પાછી પાની કરતી નથી. આનો અર્થ એવો નથી કે માતાઓને પોતાની પુત્રીઓ પ્રત્યે લાગણી નથી હોતી પણ અજાણતાં જ માતાઓ પોતાની પુત્રીઓના વિકાસને રૂંધવામાં કેવો ફાળો આપે છે વારંવાર આવું થતાં છોકરીની માતા પ્રત્યેની ભાવનામાં ઉણપ આવે છે. મા બેટી વચ્ચે જે આત્મીયતા હોવી જોઇએ તે જળવાતી નથી.

એક વખત એક છોકરી ભેંસ દોહીને આવતી હશે અને ઉતાવળમાં યા ગમે તે કારણે તેના હાથમાંથી

દૂધની પવાલી છૂટી ગઈ અને બધું દૂધ ઢોળાઇ ગયું. માતાને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તેણે એવા જોરશોરથી છોકરીને ધમકાવવાનું શરૂ કર્યું કે છોકરી બિચારી રડમસ બની ઘરમાં સંતાઈ ગઇ પણ માતા પોતાનો કચવાટ પુરો ઠાલવી લે ત્યારે ને ! મેં જઇને છોકરીની માતાને કહ્યું, ધારો કે આ ભૂલ તમારાથી થઇ હોત તો ? અને છેવટે એમણે કબૂલ્યું કે વાત સાચી છે. થવાનું થઇ ગયા પછી એની પાછળ ખોટો બળાપો ઠાલવવાનો શો અર્થ ? એના કરતાં એને શાંતિથી સમજાવીએ, ફરી આવું ન થાય તેનું ધ્યાન રાખવાનુ કહીએ તો એને કેવો આનંદ થાય. એને ભૂલ કરી છે એવું લાગે નહિ અને તેથી મનોમન દુઃખી પણ ન થાય.

વળી છોકરી ઉંમરલાયક થાય એટલે માતા એને ઘરની ચાર દિવાલો વચ્ચે પૂરી રાખવામાં ગૌરવ લે બહાર ફરવા બીજા સાથે હળવા મળવા પર પ્રતિબંધ હોય એટલે છોકરીના સ્વમાન પર પ્રહાર જેવું થાય.

અને આમ અત્યારે પણ કન્યા-કેળવણીની ખાસ જરૂર છે તે છતાં કન્યાઓને અભ્યાસથી વિમુખ બનવું પડે. માત્ર કામના લોભને જવા દઇ જો કન્યાઓને કેળવણી આપવા પ્રત્યે આપણે સચેત બનીએ તો કેવું સારૂ.

અને પછી છોકરીના સગપણનો પ્રશ્ન કે જે અત્યારનાં મા-બાપો માટેનો સળગતો પ્રશ્ન કહી શકાય તે આવીને ઉભો રહે એ બાબતમાં પણ છોકરીઓને જાણે ઇચ્છા ભાવના જેવું કશું ન હોય તેવું વર્તન દર્શાવાય ઘણા કિસ્સાઓમા કન્યાને એમ પણ પૂછવામાં આવતું નથી કે તને આ સ્થળ પસંદ છે. માતાઓએ આવે સમયે પુત્રીને પોતાની સહેલી માની તેના વિચારો જાણવા જ જોઇએ. છોકરીઓને પૂછવાની પણ પરવા ન કરનારાં મા-બાપો અમારા છોકરાઓનો વિચાર નથી માટે અમારે કરવુ નથી એવું કહેવામાં જરાય અચકાતાં નથી આ બાબતમાં પણ છોકરીઓની ઉપેક્ષા.

અને અંતમાં એટલું કહીશ કે સંજોગોવશાત સદ્વર્તનનો વડીલવર્ગને પરિચય કરાવવો જ રહ્યો જો ઉચ્ચ શિક્ષણ પામેલ કન્યાઓનું વર્તન વડીલોને ઉછાંછળુ લાગતું હોય તો સ્વાભાવિક છે કે તેઓ પોતાની કન્યાને આગળ ભણાવતાં વિચાર કરે અને તેથીજ ઉચ્ચ શિક્ષણ પામતી આપણી બહેનોએ વડીલવર્ગ પ્રત્યે એવું વાતાવરણ પેદા કરવું જોઇએ કે જેથી આપણા સમાજની વધારેને વધારે બહેનો ઉચ્ચ શિક્ષણ મેળવવા સદ્ભાગી નીવડે.

★

રીતરિવાજો પાછળ વેડફાતી શ ને સંયમની પાળ બાંધો

ઠગારી આશા

આઝાદી મળી છે એટલે ભારતમાં આપોઆપ સ્વર્ગ ઉતરી પડશે એવી ઠગારી આશાએ છેવટે એક ભૂલ ભૂલામણી સર્જી દીધી છે આઝાદી આવી છે, લોકોની સરકાર રચાઇ છે એટલે હવે આપણે સામાજિક સુધારણાના ક્ષેત્રે કંઇ જ કરવાનું રહેતું નથી અને જે કંઈ કરવાનું હશે તે સરકાર કરશે એવી પાંગળી મનોદશા સર્વત્ર દષ્ટિગોચર થાય છે.

જમણવારના નિયંત્રણની અવગણના

અન્નની તંગીના સમયમાં સરકારે લગ્ન પ્રસંગે ૧૦૦ થી વધુ માણસોને જમવા જમાડવા ઉપર નિયંત્રણ મૂકયું છે. તેમ છતાં જાણી બુઝીને આ નિયંત્રણનો આજે છડેચોક ભંગ થઈ રહ્યો છે. કેટલી મોટી સંખ્યામાં લોકોને જમાડવામાં આવે છે એ આપણે સૌ જાણીએ છીએ. લગ્નની જાન પચાસ–પંચોતેર કે તેથી વધુ માણસોની જતી-આવતી આપણે જોતા હોઇએ છીએ. આવા પ્રસંગે કન્યાપક્ષવાળા ૧૦૦ માણસોના જમણવારમાં બંને પક્ષના માણસોનો કેવી જાદુઈ રીતે સમાવેશ કરી દેતા હશે !

વાડ ચીભડાં ગળે ત્યાં-

મોટી પ્રતિષ્ઠાનો દાવો કરતા ધનિકો, વકીલો, ડોકટરો, પ્રોફેસરો, સામાજિક આગેવાનો, અમલદારો અને રાજકીય મોવડીઓ એ સૌની ફરજ થઈ પડે છે કે તેમણે આવા કાયદાના પાલનમાં યોગ્ય વાતાવરણ સર્જવું જોઇએ. પણ વાડ ચીભડાં ગળે ત્યાં બીજાને શું કહી શકાય? આવા લોકોજ પોતાને ત્યાં પ્રસંગ આવતાં અતિશય ખર્ચાળ અને કાયદાની મર્યાદા વટાવતા મોટા ભોજન સમારંભો યોજતા હોય છે. એકે એમ કર્યું, બીજાએ કર્યું ત્રીજાએ કર્યું પછી એમજ ચાલે એવી પ્રણાલિકા ઊભી થઇ જાય છે.

જ્યાં લોકોનો ટેકો ન મળે ત્યાં પોલીસ કાયદાના પાલન માટે શું કરી શકે?

સુધારાની હવા જામતી નથી.

સુધારા માટે વ્યકિતમાં હિંમત પ્રેરવા માટે કાયદા અને સામાજિક સુધારણાનાં મંડળોનું પીઠબળ વિશેશ જરૂરનું છે. કેવળ કાયદો સફળ નહિ બની શકે.

ગમે તેમ હોય પણ એક વાતની પ્રતિતી થાય છે. આજે સામાજિક સુધારણા માટે કોઇ હવા જ જામતી નથી. આ છે સમાજની અવનતિની નિશાની સુધારો નહિ થાય તો સમાજ બરબાદ થશે.

લગ્નની જાનમાં ધાડાં :

આજે મોંઘવારી અને ખાદ્ય સામગ્રીની ભયંકર તંગી વર્તાઇ રહી છે વાહન-વ્યવહાર અતિશય મુશ્કેલ બન્યો છે. એવા સમયે ભઠ્ઠીની માફક ધીખી રહેલા ઊનાળામાં પણ લગ્નની મોટી જાનોનાં ધાડાં લઇ જવામાં વરપક્ષ કયા પ્રકારનું ગૌરવ માને છે એ સમજાતું નથી. આજે તો ગણત્રીના કલાકમાં લગ્નવિધિ પતાવીને, એક ટંક ભોજન લઇને જાનને વિદાય લેવાની હોય છે. ત્યારે વધુ માણસોને જાનમાં ઘસડીને લઈ જવાનો કોઇ અર્થ છે ખરો ? માત્ર પંદર-વીસ સગાં સંબંધીઓને જ જાનમાં લઈ જવાનું રાખીએ તો શું ખોટું ?

કન્યાના બચકાનું પ્રદર્શન

કન્યાને આપેલા સોના–ચાંદીના દાગીના અને કીંમતી વસ્ત્રોનું પ્રદર્શન ભરીને બહેનો મધમાખીની જેમ એકઠી થઇ જાય છે ત્યારે તો નરી બાલિશતા દેખાય છે. આવું પ્રદર્શનએ ધનનું અભિમાન સૂચવે છે-એમાં સંસ્કારની ઉણપ વર્તાય છે.

સામાન્ય જનતાનો ખ્યાલ કરો

વૈભવી લગ્નો અને તેના ઠાઠમાઠ આપણા દેશને પોષાય તેમ નથી. મોટી કમનસીબી તો એ છે કે સુખી માણસોએ સામાન્ય જનતાનો ખ્યાલ કરવાનુ છોડી દીધું છે. આવા લોકોએ લગ્નને "ધનનું પ્રદર્શન" બનાવી દીધું છે.

થોડાક સુખી માણસોને બાદ કરો તો સમાજનો ૮૫ ટકા વર્ગ ખર્ચાળ લગ્નના રિવાજોથી તંગ આવી–ગયો છે. હવે આવતા સમયને ઓળખવાની ખાસ જરૂર છે. આપણા યુવાનો ભણ્યા પછી નોકરીધંધો મેળવી શકતા નથી. આપણી સામાજિક સમૃદ્ધિને શું આ બેકારીનો પ્રશ્ન અસર નહિ કરે ? આર્થિક આંધી આવી રહી છે તેનાથી ચેતો.

દેશની સ્થિતિ, ભાવિ સંજોગો, નવી પેઢી સામેની વિકટ સમસ્યાઓ એમાંનું કંઇ પણ ધ્યાનમાં લીધા વગર આડંબર અને પ્રદર્શન લગ્નના ક્ષેત્રે મર્યાદા વટાવતાં રહ્યાં છે.

નવી પેઢી આવતા સમયને ઓળખે. રીતરિવાજો પાછળ વેડફાતી શક્તિને સંયમની પાળ બાંધીને રોકવાનું કાર્ય યુવાનો તમન્નાપૂર્વક કરશે એવી આશાની મીટ માંડીને સમાજનો સામાન્ય વર્ગ અધીરો બનીને રાહ જોઇ રહ્યો છે.

યુવાનો ઉંઘતા રહેશે તો આખરે તેમના પગ ઉપર જ ઘા પડવાનો છે એ રખે ભૂલે !

પ્રભાતકુમાર મં. દેસાઈ
તંત્રી—ધરતી

"ફાંટા ત્રિભેટા અને ચોક....!

શ્રી એચ. પી. પટેલ IV B. D S.
નવાનગર

'બીજો કોઇ રસ્તો જ હયાત નથી,' એ ઉપનિષદ્‌વાણી જે જગતમાં અસંખ્યવાર ગુંજતી આવી છે એ જગતના વિશાળ જંગલમાં રસ્તાઓની ભૂલભૂલામણી એવી છે કે કયાં જવું, કઇ બાજુ વળવું; એ પ્રશ્ન અહર્નિશ આપણી સમક્ષ આવ્યા જ કરે છે, કયો છે આપણા માટેનો એ એક જ માર્ગ ?

રમ્ય વાતાવરણમાં ત્રણ મિત્રો ટેક્ષીમા જઇ રહયા હતા. રસ્તો પણ પાકો સીધો અને ખાડાખૈયા વિનાનો હતો. ચારે કોર ખેતરો અને થોડાં ઝાડ સિવાય બીજુ કાંઈ જ દેખાતું નહોતું ટેક્ષી ઝપાટાબંધ આગળ ધપી રહી હતી.

ત્યાં એક આડો રસ્તો આવ્યો. એ માર્ગના એ ચોકની વચ્ચોવચ્ચ એક મોટા બોર્ડ ઉપર નોટીસ હતી; 'જમણી કે ડાબી બાજુ વળી જાઓ, આગળ રસ્તો બંધ છે."

ત્રણે મિત્રોને નવાઇ લાગી. રસ્તો એકદમ સીધો હોવાને કારણે માઇલ સુધી દેખાતું હતુ કે આગળ રસ્તો બંધ નહોતો. વળી એ નવો નકોર રસ્તો હતો એટલે રીપેરીંગ કામ ચાલતું હોય એ શકયતા પણ નહોતી.

એક મિત્રે કહ્યું; "આ નોટીસ જૂની અને ખોટી લાગે છે, જુઓ ને પૈડાંની નિશાનીઓ બતાવે છે કે રસ્તા ઉપર આગળ વાહનો તો ગયેલાં જ છે"

તે ત્રણેય સર્વાનુમતે નિર્ણય કરીને નોટીસની અવગણના કરીને એજ રસ્તે આગળ વધ્યા. એમણે જોયું કે આગળ રસ્તો ઘણો સારો હતો. ટેક્ષી ઝપાટા બંધ આગળ વધવા લાગી.

એક મિત્રે કહ્યું; "પેલી ખોટી નોટીસ ચાલુ રાખીને મુસાફરોને હેરાન કરવાનો જ ઇરાદો હશે ને એ લોકોનો ?

એ આગળ કશું એ દરમિયાન તો બીજા મિત્રે એક બગાવી ટેક્ષી ઉભી રાખી. આગળ નદી આવી હતી ને એના ઉપરનો પૂલ તૂટી ગયો હતો

ચારે બાજુ વેરાન હતુ બીજો કોઇ રસ્તો જ નહોતો. પાછા વળવું જ શકય હતું. એક બીજાનાં મોં સામે જોઇને, મનમાં જ સમજીને. કશું જ બોલ્યા વગર, એમણે ટેક્ષી પાછી વાળી. એમણે જયાં પહોંચવાનું હતું ત્યાં પહોંચવામાં મોડુ થશે એ ચિંતા ત્રણેના મનમાં હવે ઉગવા માંડી. કયારે પેલા ચાર રસ્તે પહોંચી જવાય એમ માનીને એમણે ઝડપ વધારી.

છેવટે પેલું મોટું પાટીયું દેખાયું ને મણે ઝડપ હજી વધારી. ચાર રસ્તા પાસે આવ્યા એટલે ગતિ સાવ ઓછી કરી. 'આગળ ન જશો' એનો નોટીસ લખી હતી એ પાટીયાનો પાછળનો ભાગ હવે તેમની સામે હતો. એના ઉપર લખ્યું હતું "તોય જઇ આવ્યા રસ્તો ખરેખર બંધ હતો ને ?"

એક જડ પાટીયાના આ શબ્દોએ જાણે કે આ ત્રણ બુદ્ધિજીવીઓને એક લપડાક લગાવી દીધી હોય એવો ઘાટ થયો; ડ્રાઇવીંગ કરતા મિત્રને ગુસ્સો ચઢયો ક્રોધના ક્ષણિક આવેશમાં આવી જઇને પાટીયાને સંબોધીને એણે કહ્યું; "પાજી, બધો વાંક તારો છે. બરાબર સ્પષ્ટ કેમ નહોતું કહ્યું કે આગળ પૂલ નથી. ઉપરથી અમારી મશ્કરી કરે છે ? હમણાં જ તારી વલે કરું" એમ કહી ને ગુસ્સામાં એણે ટેક્ષીને પાટીયાના નાના થાંભલા સાથે અથડાવી. એના મનમાં એમ હતુ કે આ તકલાદી થાંભલા તૂટી જતાં પાટીયું પછડાઇ જશે પણ થાંભલા વધારે પડતાં મજબૂત નીકળ્યા મોટરના હુડ અને મશીનને નુકશાન થયુ થાંભલા અડગ ઊભા રહ્યા.

ત્રણે મિત્રો આવડં એવી બધી જ ગાળો ઉચ્ચારતા પોતાના કિસ્મતને દોષ દેતા રહ્યા.

માનવીના જીવનમાં આજ ઘટના વારવાર આવ્યા જ કરે છે. જગતના આ વિશાળ જંગલમાં જીવનરથ લઇને કરનાર આપણી સામે હમેશાં ત્રિભેટા અને ચોક આવતા જ હોય છે સામાન્ય તથા આવા સમયે સ્પષ્ટ [illegible]માં આપણને માર્ગદર્શન આપવા અન્યની અનુભવવાણી કે આપણા અંતઃકરણનો અવાજ તૈયાર જ હોય છે એ આપણને પ્રત્યેક ક્ષણમાં માર્ગદર્શન આપે છે સામાન્ય રીતે આપણે પળેપળ એવી જગાએ આવીએ છીએ જયાંથી સતત બે રસ્તા ફૂટતા હોય છે. અનુભવ કે અંતઃકરણની વાણી ત્યારે આપણને કહે છે જ : આ રસ્તે આગળ ન જાઓ આ બાજુ વળો. "

પણ એ વાણીનો અનાદર કરતાં આપણે વિચારીએ છીએ : "હુ જે રસ્તે જઈ રહ્યો હતો એ ખોટો હોય તો ઉપર આગળ જનારાની નિશાનીઓ છે તેનુ શુ ?

"અસત્ય બોલીને પેલો આગળ આવ્યો અપ્રામણિકતા આચરીને પેલો સમૃદ્ધ થયો, દંભ અને ડોળ રાખીને પેલો કિર્તી પામ્યો અને ખુશામત દ્વારા પેલો પદ પામ્યો : એ બધાની સિદ્ધિઓ આગળ જવાની નિશાનીઓ છે, તો હું પણ એ જ રસ્તે આગળ જાઉં, તો ખોટું શું છે ? "

પોતાના મનને સમજાવનારા આવા ભ્રમણાત્મક વિચાર કરીને આપણે ઘણીવાર ખોટે રસ્તે આગળ વધવા માંડ એ છીએ શરૂ શરૂમાં આ રસ્તો સાવ સરળ લાગે છે આપણને તત્કાલ લાભ મળતો હોય એવું દેખાય છે પરિણામે આ સાચો રસ્તો છે એમ માનીને એ અનુચિત

પળ ઉપર આપણે ઝપાટાબંધ આગળ વધીએ છીએ. ને છેવટે થવાનું હોય છે એ થાય છે ખોટા માર્ગનો સાદો સારો ને સાચો છેડો હોતો નથી હોઇ શકે નહીં. ભાગેલા પૂલ, આંચકા અને અકસ્માત દ્વારા આપણને ખબર પડે છે કે રસ્તો આગળ ખરેખર બંધ છે પાછા વળ્યા વગર છૂટકો નથી પણ તકલીફ અહી જ આવે છે.

ખોટે રસ્તે જેટલા વધારે આગળ જઇએ છીએ. પાછા વળતાંનો રસ્તો એટલો જ લાંબો થતો જાય છે જ્યાથી આપણે ખોટે માર્ગે ફંટાયા હોઇએ ત્યાં પાછા આવીને ફરી એકવાર સાચા રસ્તે વળવું જ પડે છે.

પણ એ પહેલાંએ ચોક પર પેલી નોંધ આપણને શરમાવવા માટે ઉભીજ હોય છે : "કેમ રે ભાઈ, પાછા આવવુ પડયું ને ? આગળ રસ્તો ખરેખર બંધ છે ને ? અમે નહોતું કહ્યું ?"

આ અનુભવની વ્યંગવાણી હોઈ શકે છે અથવા તો એ અંત: કરણનો પ્રશ્વાતાપ પણ હોય એ સમજી લઇને સાચા માર્ગે વળીએ તો ઠીક પણ સ્વયંએ માર્ગદર્શક, એ અંતઃકરણ, મનનો વિશુદ્ધ ભાગ, આત્મા કે સાચો માર્ગ ચીંધનાર ઉપર જ ગુસ્સે થઇએ તો ?

જીવનરથને નુકશાન થાય આપણે ક્યાં જવાનુ છે, ત્યાં, ખોટે માર્ગે જઇને તો મોડું કર્યું જ, હવે પાછા વળતાં માર્ગદર્શક સાથે અથડામણ ઊભી કરી આપણો રથ ભાંગે એમાં આશ્ચર્ય શું ?

કેટલાક વળી આથી જુદો જ માર્ગ લે છે એ પેલા ભાંગેલા પૂલે જ બેસી રહે છે તે બૂમો પાડયા કરે છે માર્ગદર્શન માન્યું હોતતો કેટલું સારું થયું હોત ?"

પણ આવા ખોટા પ્રશ્ચાતાપનો અર્થ શો ? જ્યારે ખબર પડે કે ખોટે રસ્તે છીએ ત્યારે તરત જ પાછા વળીએ, ખોટો પ્રશ્ચાતાપ એ પણ ખોટો સસ્તો જ છે ને ! ત્યાંથી ય વળી પાછા તો વળવું જ પડશે !

એટલે સમય અને શકિતઓ બગડી એ વાતને વાગોળવામાં વધારે સમય અને શક્તિઓ બગાડયા કરતાં તરત જ પાછા વળીને, નિરાશાને ખંખેરીને, હકીકતનો સ્વીકાર કરીને પોતાના રસ્તે પાછા વળીને મંઝિલ તરફ ગતિ કરવી જોઇએ.

જગતના આ જંગલમાં ટૂંકા રસ્તા છે નહીં. જે દેખાય છે તે ઘણીવાર અતિ લાંબા રસ્તા સિદ્ધ થાય છે. ટૂંકું, રસ્તુ, સહેલું સાદું એ અતિ ભ્રમણા ભર્યા શબ્દો છે. એ વિશેષણો પલટાઇ જઇને લાંબુ, મોંઘું, મુશ્કેલ વગેરે રૂપ ધારણ કરી લે છે !

• એમ કહો શકાય કે માનવસંસ્કૃતિનો વિકાસ કાર્યક્ષમતા સરળતા અને ત્વરા માટેની ત્રિવિધ શોધમાંથી થયેલો, મને લાગે છે કે સંસ્કૃતિનું સત્યાનાશ આ ત્રિમૂર્તિએ જ કરાવ્યું છે ! કહેવાતી નવી સંસ્કૃતિની પગદંડી ઉપર આપણે

જેમ જેમ આગળ ધપતા જઈએ છીએ તેમ તેમ ખરેખર તો ડગલેને પગલે ખોટે રસ્તે ચાલવાની પ્રવિણતા જ પ્રાપ્ત કરતા હોઈએ છીએ. શ્રી ધૂમકેતુ એ તો આજના શિક્ષણને શઠતાની સામગ્રી કહી જ દીધું છે.

અભિનવ યુગ સારા ખોટાનો ભેદ ન ભૂલ્યો હોય તો પણ એ ખોટા માર્ગનો મણીગર બન્યો છે. એ વાતને નકારી શકાય તેમ નથી. જયાં પળેપળે ફાંટા ફંટાતા હોય, ચોક ચીરતા હોય ને ત્રિભેટા ત્રાસ કરતા હોય ત્યાં આ ઉચિત અનુચિતના ભેદ આપણે સમજવા જ પડશે.

જીવન અને જગત વિષેના પરમ સત્યની વ્યાખ્યા ભલે ગમે તે હોય એની તાત્વિક ચર્ચામાં પડયા વગર, સ્થળકાળમાં બંધાયેલા આપણું સહુ માટે સ્થળકાળસીમિત સત્ય મળે તો તે પણ તત્કાળ પૂરતું ગ્રહીને એના વધારે ઊંડા શોધન માટે સાધના આરંભવી જોઈએ

એમાં પણ ત્રિભેટા, ફાંટા, અને ચોક આવ્યા જ કરવાના પણ એથી અકળાઈને બેસી રહે નહીં જ ચાલે. જીવન વિશેના પરમ સત્યને આપણે શોધવું જ રહ્યું. એનો આરંભ કરવાનો આ જ સમો છે એનો ઉપયોગ કરી લઈએ. એ વિના બીજો કોઈ રસ્તો નથી.

કોઇ રસ્તો દેખાતો હોત તો એ ખોટો છે, તે ખોટે રસ્તે ગયા પછી વળી પાછું પેલુ પાછા વળવાનું...!

ગીતાની એક પંકિતને આ ઘડીએ ન ભૂલીએ તો...

'સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ'.

કેવું સ્નાન કરો છો ?

આકાશમાં નક્ષત્રો દેખાતાં હોય ત્યારે સ્નાન કરવું તે ઋષિસ્નાન, આકાશમાં સૂર્યોદય થાય તે પહેલાં સ્નાન કરવું તે મનુષ્યસ્નાન અને આકાશમાં સૂર્યોદય થયા પછી સ્નાન કરવું તે રાક્ષસ સ્નાન. તમે કેવું સ્નાન કરો છો ?

સૂર્યોદય પહેલાં જ સ્નાન કરવાનો આગ્રહ રાખે જો... કારણ એ જ પ્રકાશ અને પ્રાણ આપે છે.

હૃદય ખોળેલું રાખજો

હૃદયને સદાય સાત્વિકભાવમાં ખોળેલું જ રાખજો.
તો જ હૃદય પીગળેલું રહેશે
તો જ પાપ વિકારોનો નાશ થશે.
તે તો જ પરમાત્માને મળવાની આતુરતા જાગશે.

લગ્નના માંડવેથી

ગોવિંદ વી. પટેલ M. Sc.

ઉનાળો આવે છે અને લગ્નની મોસમ આવે છે. પ્રત્યેક વર્ષે આપણને લાગે છે આટલા લગ્નો કોઈ વર્ષે જોયાં નથી જન્મથી આજ સુધી કંઇ કેટલાય લગ્નો નિહાળ્યા કે માણ્યા હશે; પરંતુ કદીય વિચાર કર્યો છે કે આ વિધિઓની ધમાલ પાછળના ઉદ્દેશો શું હશે? ચાલો આપણે એકાદ લગ્નમાં પહોંચી જઇએ.

ગણેશ સ્થાપન આગળ બેસી દિપક સામે જોઇ કન્યા અન્ય કોઈ ચહેરાની રાહ જોઇ રહી છે. એના દિલનો આનંદ આજુબાજુ ટોળે વળેલી બહેનો માપી લઇને ગીતો દ્વારા વ્યકત કરે છે. એટલામાં જુઓ, સામે પેલો લગ્નમંડપ દેખાય પહેલાંના વખતમાં આવા મંડપો બે પ્રકારે યોજાતા (૧) સ્વયંવર મંડપ (૨) લગ્ન મંડપ–માંહ્યરુ

(૧) સ્વયંવર મંડપ :–

પુરાણ કાળમાં રાજા મહારાજાઓ પોતાની પુત્રીનાં લગ્ન બહાદુર અને શૂરા કુંવર સાથે કરવા તત્પર રહેતા આ માટે તેઓ એક મંડપ રચતા જેમાં દેશ વિદેશના રાજાઓ આવી આસનો પર બિરાજતા અને ત્યાર બાદ કાંતો કન્યા પોતાની પસંદગીના કુંવરને વરમાળા આરોપતી અને તેની સાથે લગ્ન કરતી અથવા તો કન્યાના પિતા અમુક બહાદુરીની કસોટી માટે શરત મુકતા અને એ શરત જીતનાર કુંવર એ કન્યાને પરણવા લાયક ગણવામાં આવતો જોકે આજે એ પદ્ધતિ રહી નથી.

લગ્નમંડપ માંહ્યરુ :—

પૂરાણા સમયથી લગ્નમાં લગ્નમંડપ કે માંહ્યરાંનું વિશિષ્ટ સ્થાન રહ્યું જ છે શાસ્ત્રોકત વિધિ દ્વારા કરાતા કન્યાદાન માટે રચાતા મંડપને લગ્નમંડપ કે માંહ્યરું કહે છે. બીજી રીતે અર્થ કરીએ તો વરનું સ્વાગત કરી માંહ્ય આણી લગ્ન મંડપમાં નિયત કરેલા સ્થળે બેસાડવામાં આવે છે તેને માંહ્યરું કહે છે. પહેલાં મંડપ, માંહ્યરું અને ચોરી અલગ અલગ રહેતાં આજે બંધુ એકમાંજ સમાયેલ રહે છે માંહ્યરાંનો ખરો અર્થ વરને ઘરમાં આણવો અને વરાર્ચન કરી વિધિ કરવો; વાગ્દાનથી બંધાયેલા કન્યાનાં માબાપ કન્યાને ઘરમાંથી લાવી પધારેલા સજ્જનને (વરને) અર્પણ કરે છે. આ માંહયરાંમાં બે વસ્તુ આપણું ખાસ ધ્યાન ખેંચે છે. (૧) બાજોઠ અને (૨) માંચી (પાટલી)

(૧) બાજોઠ :

જયારે ઘેર મહેમાન આવે ત્યારે

પહેલાંના વખતમાં મહેમાનને આસન તરીકે બાજોઠ અપાતો દરેક દેવોને તેની યોગ્યતાના ક્રમમાં આસન અપાય છે વળી આની પાછળ અતિથિદેવોભવની ભાવના સમાયેલ છે આવા બાજોઠ પર ચોપાટનાં સોગઠાં ગોઠવી નવદંપતિ સંસારની શરૂઆત કરે છે. સોને રૂપે મઢેલ બાજોઠ દેવોના આસનમાં વપરાય દેવ દેવીઓના સ્થાપન વખતે જુદાજુદા માપના બાજોઠ ગોઠવાય છે. જેમાં પ્રમુખ દેવનું આસન ઉંચું રહે છે આજ રીતે વરના વરિષ્ટ સ્થાનને માની વરનો બાજોઠ આપવામાં આવતો હશે શું ? આમ બાજઠએ વરિષ્ઠ સ્થાન દર્શાવનાર આસન છે.

(૨) માંચી અથવા પાટલી

આ કન્યાનું આસન બની રહે છે. જે વરના આસન કરતાં નીચું હોય છે હસ્તમેળાપ વખતે બંને આસન સામસામા ગોઠવવામાં આવે છે આને સાંગામાંચી પણ કહે છે આજ તો એ માંચી જોવા નથી મળતી પણ તેને સ્થાને પાટલી હોય છે પહેલાંના સમયમાં વહુ માંચી પર બેસી દળણાં દળતી અને સાસુનું સ્થાન આ માંચી પર રહેતું આ માંચી કન્યાને કન્યાદાનમાં અપાતી અને તે ગાડા પર સાંગની સાથે ગોઠવવામાં આવતી આથી તેને સાંગા માંચી પણ કહે છે.

આસન :-

યોગ્યતા મુજબ આસનની પ્રથા પ્રચલિત હતી. બાજુની પાટલી પર મજાનો સુંદર ચાકળો પાથરી વરકન્યાને બેસાડવાની પ્રથા ઘણી જૂની છે કરી આવરના આંણાં માટે કપડાંસીવવા બેઠેલ દરજી આવા ચાકળા નકામા કપડાંના કકડામાંથી બનાવે છે. આ ચાકળો ખરેખર કલાનો એક નમુનો હોય છે આજ રીતે ઘણી વખત કંસાર જમતાં કે વિવાહ સમયે વર કન્યાને એકજ ગોદડા પર બેસાડવનો પણ રીવાજ ચાલ્યો આવે છે આમાં સંસારની એકત્વ સિદ્ધિ દર્શાવનાર પ્રતિક ગોદડુ બને છે; જે સુભગ સંયોજનનો હેતુ સિદ્ધ કરે છે આસનમાં આત્મસિદ્ધિ, સર્વ પ્રકારના રોગ નાશ કરવાની શકિત તેમજ દરેક પ્રકારની તે સિદ્ધિ આપનાર છે અને આથી જ મહેમાનને આસન પાથરીને જ બેસાડવાની પ્રણાલીકા પડેલ છે.

વરનમણું -

સ્વાગત કરવાનું વિશિષ્ટ લક્ષણ છે કે કુંભ (ઘડો) ભરી કન્યાઓ ત્રણ કે પાંચ કે એવી સંખ્યામાં જ્યાં વરઘોડો જાંપે આવે ત્યારે જળથી વર તથા જાનનું સામૈયું થાય છે, અમૃત સમાન જળ લઇ આ મધુ છે, મધુ છે. કહી પાણીયી સ્વાગત કરે છે. એવું એતરેય આરણ્યકમાં જણાવેલ છે તે પરથી આર્યોની છેક પુરાણા કાળથી ચાલી આવતી સુંદર સ્વાગત પ્રણાલિકાનાં

દર્શન થાય છે. સ્વાગતની આ રીત પાણીની મહત્તાને પણ દર્શાવે છે કે વિશ્વનો જન્મ જળતત્વથી થયેલો છે. શરીર એ કુંભ છે તથા જળ એ અમૃત છે. જીવન છે, જે ઘડામાં પ્રાણતત્વ રહેલુ છે. તેને હિરણ્ય ગર્ભ કહે છે. મંત્ર મહાર્ણવ જણાવે છે કે દેહ અને આત્માનું અમૃત હોયતો તે જળ છે. જે ઘડી સુંદરીના શિર ઉપર શોભે છે.

ત્યાર બાદ વરતોરણે આવે છે આપણી સંસ્કૃતિમાં સ્વાગતની જેમ તોરણનું પણ મહત્વ રહેલું છે કોઈ વિશિષ્ટ વ્યક્તિના આગમન વખતે કે મંગળ કાર્ય ટાણે દરવાજા પર મકરના આકારના તોરણતો જરૂર હોય જ લગ્ન વખતે માલણ–આંબા કે આસોપાલવનું તોરણ હોયજ આની પાછળ પણ મંગળ ભાવના જ સમાયેલ છે પ્રાચીન કાળમાં હેમતોરણ મણીતોરણ વગેરે બંધાતાં, પરંતુ બદલાતા યુગ સાથે આજે કપડાંના કે કાચના અથવા અન્ય પ્રકારના તોરણો આવે પ્રસંગે જોવા મળે છે. આ તોરણો સાથે આંબા કે આસોપાલવના તોરણતો હોય જ

૧ આંબાનું તોરણ –

આંબો સૌને નવપલ્લવિત કરવાની ઉચ્ચ ભાવના વ્યક્ત કરે છે. આંબો એ ઉલ્લાસનું મંગળ પ્રતિક છે એમાં વસંતનો મધુર રણકાર પ્રતિધ્વનિત થતો હોય છે અને વસંતએ પ્રણય દિક્ષાનો સુયોગ્યકાલ જેને સહકાર પણ કહે છે એ સહકારનાં કોમળ પલ્લવો કોકિલા ખાય છે અને ઉન્માદયુક્ત બને છે. તેમાંથી ઉત્પન્ન થતું ફળ(કેરી) રસમય હોય છે જે ફળ માત્ર પવિત્ર પ્રેમજ પેદા કરી શકે તોરણ નીચે ઉભેલા વરરાજાને આવો મંગળધ્વની તોરણ આપે છે તોરણ વસંતના વિલાસમાં પવિત્ર પ્રેમયુક્ત બની મધુર સ્વાદવાળુ ફળ પેદા કરવાનો આપે છે. આંબાના પાનની કૃતિ મકર જેવી હોય છે

(૨) આસોપાલવ –

આસોપાલવ એટલે અશોકવૃક્ષ જેનો મહિમા ગાતાં સંસ્કૃત કવિઓ થાકયા નથી જેમાં, લીલા, લાલ, સફેદ અને સોનેરી ફૂલનો એવા ચાર પ્રકાર બતાવ્યા છે પરંતુ હાલ જેને આસોપાલવ કહીએ છીએ તેને ફૂલ હોતાં નથી અશોક એ મદનનું ત્રીજુ બાણ કહેવાય છે એનાં નવાં કિસલયો તલવારની જેમ ઝબકતાં હોય છે અશોક શોકને હરે છે નૈષધ લખે છે કે માનીને શરણે ગયેલા ચિંતાતુર પથિકોના કામનો નાશ તેનાં નવપલ્લવો કરતાં હોય છે અને આ આનંદ વ્યક્ત કરનારું પ્રબળબળ છે. તોરણે આવેલ વરનું પૂજન અર્ચન કરી સ્વાગત કરવાની વિધિ પાછળ કેવી મંગળભાવના છુપાએલી છે ?

ક્રમશઃ

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાત વિદ્યાર્થી ભવન, ધનસુરા. જિ. સાબરકાંઠા

ઉપર્યુક્ત સમાજ સંચલિત આ છાત્રાલયમાં વિદ્યાર્થી ભાઇઓને રાખવામાં આવે છે. ધો. ૫ થી ૧૧માં અભ્યાસ કરવા માગતા વિદ્યાર્થીઓને જ તેમાં દાખલ કરવામાં આવે છે.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા તેમજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા તરફથી વિદ્યાર્થીઓને અભ્યાસમાં પ્રોત્સાહન આપવા માટે ઇનામો આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ઉપરાંત ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીઓને ભોજનમાં રાહત આપવામાં આવે છે. આર્થિક રીતે નબળા હોય તેવાં નાબાપો આનો લાભ લઈ શકે છે. અને ભોજન ખર્ચ ભર્યા વિના પોતાનાં બાળકોને ભણાવી શકે છે.

વિદ્યાર્થીઓના આરોગ્યની સાચવણી થાય તેમજ શારીરિક શકિત સુદૃઢ બને તે રીતે સાત્વિક ભોજન આપવામાં આવે છે. આવી અસહ્ય મોંઘવારીમાં પણ ભોજનખર્ચ તદ્દન વ્યાજબી આવે છે. ભોજનમાં સવારમાં દૂધ અને નાસ્તો, બપોરે દાળ, ભાત, રોટલી અને શાક તેમજ સાંજે ભાખરી અગર પૂરી દૂધ અને શાક આપવામાં આવે છે. આ રીતે દિવસમાં એક વખત નાસ્તો અને બે વખત પૂર્ણ ભોજન આપવામાં આવે છે. મહિનામાં એક વખત ફિસ્ટ આપવામાં આવે છે.

વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સ્તર ઊંચુ આવે તે માટે અભ્યાસ પાછળ છાત્રાલયના ગૃહપતિ ખૂબ કાળજી લે છે, જેના પરિણામે વિદ્યાર્થીઓ સ્કૂલમાં પોતાના વર્ગમાં ઉંચા નંબરે પાસ થાય છે. છાત્રાલયના સમગ્ર વિદ્યાર્થીઓનું ૯૦% કરતાં ઓછું પરિણામ તો આવતું જ નથી. પાસ થનારમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગ અને દ્વિતીય વર્ગ મેળવે છે. ગત વર્ષે એસ. એસ. સી. પરીક્ષામાં આ છાત્રાલયમાંથી શ્રી ડાહ્યાલાલ શામજીભાઈ પટેલ (હરિપુરા, આકરુન્દ) સ્કૂલમાં પ્રથમ નંબરે આવ્યા હતા અને ઘણાં ઈનામો મેળવ્યાં હતાં. અને નરસિંહભાઇ ગોવિંદભાઈ ડોસાણી પણ બીજા નંબરે અને રસિકલાલ શામજીભાઈ પટેલ (રવિપુરા) પાંચમા નંબરે આવ્યા હતા. એસ એસ. સી. ના લગભગ બધા વિષયોમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ આ છાત્રાલય ના જ હતા.

વળી ૧૯૭૨–૭૩ના વર્ષમાં સાબરકાંઠા જિલ્લા માધ્યમિક આચાર્યસંઘ દ્વારા

યોજાતી સ્પર્ધાઓમાંથી વકતૃત્વ સ્પર્ધામાં આખા જિલ્લામાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી નરેન્દ્રકુમાર વી. પટેલ આ છાત્રાલયના જ હતા અને તેમણે જ વકતૃત્વસ્પર્ધાનો શીલ્ડ સ્કૂલને અપાવ્યો હતો. તેવી જ રીતે નિબંધ સ્પર્ધાની અંદર પણ આખા જિલ્લામાં પ્રથમ નંબરે આવી આ છાત્રાલયના વિદ્યાર્થી શ્રી ઇશ્વરલાલ ગંગારામ પટેલે નિબંધ સ્પર્ધાનો શીલ્ડ સ્કૂલને અપાવ્યો હતો. આ રીતે ચિત્રસ્પર્ધામાં તેમજ રમતગમત ક્ષેત્રે પણ છાત્રોએ ઘણી સારી પ્રગતિ સાધી છે.

વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં છાત્રાલય ખરેખર આશીર્વાદરૂપ બન્યું છે કડવા પાટીદાર સનાતન સમાજની મહેચ્છા હતી. તે દિનપ્રતિદિન સાકાર બનતી જાય છે તેનો સાચો યશ આ છાત્રાલય બાંધવાનો જેમને વિચાર આવ્યો તે પૂજ્યશ્રી ઓધવરામ મહારાજશ્રી તેમજ સમાજના અગ્રણી કાર્યકર વડીલશ્રીઓને ફાળે જાય છે. મોટી ઇમારતો ઊભી કરવા માટે નાણાં કોય ભંડોળ એકત્ર કરવા માટે પણ તેઓશ્રીએ ઓછી જહેમત ઊઠાવી નથી તેઓશ્રીની મહેનત અને તમન્નાના પરિણામે જ અનેક છાત્રો આજે પોતાની કારકિર્દી સફળ બનાવી શકયા છે. આજે તો તેમાંના ઘણા છાત્રો ગ્રેજ્યુએટ થઇ ગયા છે અને સારા નોકરી ધંધામાં લાગી ગયા છે અને જીવનને સુસંવાદી બનાવી સમાજને પ્રેરણારૂપ બન્યા છે.

સમજુ માબાપ આ વિદ્યાર્થી ભવનનો પોતાના સુપુત્રોને તેમાં દાખલ કરાવી લાભ લઈ શકે તો સમાજની ભાવિ પેઢીને સ્વસ્થ અને સુદૃઢ તેમજ સુસંસ્કારી બનાવી શકાશે.

* દિલની દિલાવરી *

નાનુભાઇ વરડાંગર

એક વાર હિંદી ભાષાના મહાકવિ નિરાલા ઘોડાગાડીમાં બહાર જઇ રહ્યા હતા. ત્યારે એક કૃશકાય ભિખારણે ગાડી થોભાવી. એ હાથ જોડી ભીખ માગી. નિરાલાએ આત્મિયતાથી પૂછ્યું, ' કેમ માજી ! ગાડી થોભાવી માગવું પડયું ? '

' બેટા ! આજે ! એક પણ પૈસો નથી મળ્યો ! ' ભિખારણે કરૂણ સ્વરે કહ્યું. નિરાલાજી વિચારમાં પડી ગયા. એમને ઘણું દુઃખ થયું. નિરાલા કવિ. કવિની મા સડકો પર ભીખ માગે ? ના, એવું નહીં જ બને !

એક રૂપિયો આપતાં કહ્યુ ; ' મા, કહે ! હવે કેટલાક દિવસ ભીખ નહીં માગે ? ! ' બે ત્રણ દિવસ સુધી, બેટા. ' પછી પાંચ રૂપિયા આપી કહ્યું ; ' હવે ? ' ' દસ પંદર દિવસ સુધી. ' વળી પાછા આઠેક રૂપિયા આપી કહ્યું ; હવે, માજી ? ' ' બે ચાર મહીના સુધી. છેવટે નિરાલાજીએ પોતાની પાસે હતા એટલા રૂપિયા કાઢી પૂછ્યું, ' હવે કહો જોઇએ મા. ' કયારેય નહીં, કદાપિ નહીં બેટા ! જિંદગી સુધી નહીં માગુ ભીખ ! ' કહેતાં વૃદ્ધ ભીખારણની આંખો આભારવશ છલકાઈ ગઇ !

સહેજ પણ સંકોચ વિના સર્પ જેમ કાંચળી ઉતારે તેમ કોઇપણ ખ્યાતિ કે જાહેરાતની ખેવના રાખ્યા વિના પુસ્તકના મળેલા પુરસ્કારના લગભગ આઠશો નવસો રૂપિયા મહાકવિ એમની ભિખારણ મા ને આપીને ચાલ્યા ગયા !

પૂછેલા પ્રશ્નોના જવાબો

જવાબ આપનાર
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ (ગુજરાત) ધનસુરા.

પ્રશ્નો પૂછનાર
મેઘજીભાઇ વાલજીભાઇ પટેલ
સુરત

પ્રશ્ન ૧ અખિલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજમાં નક્કી થયેલાં ધારા ધોરણોનું ઉલ્લંઘન શા માટે થાય છે ? તેની સામે યોગ્ય પગલાં કેમ લઇ શકાતાં નથી ?

જવાબ :– ભાઈ શ્રી આપના પ્રશ્નનું હાર્દ જોતાં તેમાંથી જાણ્યે અજાણ્યે પણ સમાજ પ્રત્યેની આપની હમદર્દી પ્રગટ થાય છે. સમાજના નિયમોનું થતું ઉલ્લંઘન આપ સહન કરી શકતા નથી એવી ભાવના પણ પ્રકટ થાય છે.

આપના પ્રશ્નના જવાબમાં સામો કદાચ પ્રશ્ન પૂછીએ તો તેમાં અવિવેક તો નહીં ગણોને ?

(૧) આપની દ્રષ્ટિએ સમાજનાં કયાં કયાં ધારાધોરણોનું ઉલ્લંઘન થઇ રહ્યું છે તેની સ્પષ્ટતા થવી જરૂરી છે.

(૨) અમારી દ્રષ્ટિએ અખિલ ભારતીય ધોરણે સમગ્ર સમાજનાં ધારા ધોરણોનું ઘડતર થયું હોય તેવું અમારી ધ્યાનમાં નથી- જો કે દેશ વિદેશમાં વેર વિખેર અવસ્થામાં પડેલ આપણા સમાજ માટે શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાંથી દરેક પ્રદેશવાર પ્રતિનિધિઓને એકત્ર કરીને દરેક પ્રદેશના સ્થળ કાળ અને દેશકાળને અનુસરીને સર્વાનુમતે દરેકની સુવિધા જળવાય તેમ સમગ્ર પ્રતિનિધિ એકમ રચીને પછી સમાજનાં ધારાધોરણો નું ઘડતર કરી વિશાળ જનસમાજનું અધિવેશન યોજીને તે ધારા ધોરણો પસાર કરીને સર્વાનુમતે ઠરાવ કર્યા બાદ તેનું કડક નિયમ પાલન થવું હવે દેશકાળના બદલાતા જતા સંજોગોમાં ખૂબ જરૂરી છે.

(૩) સમગ્ર પ્રાદેશિક ધોરણે સર્વાનુમતે પસાર કરેલ ધારાધોરણોનું પાલન કરવા માટે દરેક પ્રદેશનાં પ્રદેશવાર સમાજનાં-એકમોએ કટિબધ્ધ થવું જરૂરી છે.

પરંતુ અમોને એમ લાગે છે કે ભૂતકાળના જમાનાની યાદ તાજી કરીએ તો પેલાં સો બસો ઘરની વસતી વાળા ગામના બે ચાર

વડીલોની આગેવાની હેઠળ કડક સંચાલન થતું હતું.

છેલ્લા એકાદ બે દાયકાથી સમાજમાં ઘણું પરિવર્તન આવી ગયું છે.

• આઝાદી પછીના કાળમાં કોઈપણ સમાજ સ્વતંત્રતા કરતાં સ્વચ્છંદતામાં વધુ રાચતો થયો છે તેમ આપણા સમાજમાં પણ સ્વચ્છંદી વિચાર સરણીનું જોર વધતું જાય છે.

આજે ઘરમાં પિતાપુત્ર, મોટાભાઈ નાનાભાઈ માતા પુત્રીના વિચારો અને વાણી સ્વાતંત્ર્યનુ ઉદાહરણ લઈએ કે પછી ગામના જ યુવાન વર્ગ અને વડીલ વર્ગ વચ્ચેના વિચારો અને વર્તનમાં ડોકીયું કરીશું તો જણાશે કે વડીલ અને યુવાન પેઢી વચ્ચે સાંકળરૂપ બની શકે અને એક બીજાના વિચારોની આમન્યા અને પવિત્રતા જળવાય એવી ભાવના નષ્ટ પ્રાય થતી જાય છે તે ખોવાતી જતી ભાવનાનાં બીજની વહેલી તકે શોધ ખોળ કરીને જાગૃત કરી વિકસાવવાની જરૂર છે જો આમ નહીં થાય તો હવે પછીનાં આગામી નજીકનાં જ વરસોમાં સમાજમાંથી સંપ, અને એકતાની ભાવના બિલકુલ તૂટી જતાં સમગ્ર સમાજનું માળખું કદાચ તૂટતું જશે. આ અંગે વ્યવસ્થિત આયોજન કરવામાં આવે તો હવે સમય વહી રહ્યો છે ખરો; પણ વહી ગયો નથી જ, તો આ માળખું રચવા આપનાં સુચનો (નક્કર) મોકલશો તો આવકાર્ય ગણાશે જ.

પ્રશ્ન ૨ શું સમાજ શકિત શાળી હોવો જરૂરી છે. ?

જવાબ જો કે આપના ટૂંકા પણ ગર્ભિત પ્રશ્નમાં પ્રથમ નજરે બાલિશતા જ ગણી શકાય. કારણકે શકિતશાળી હોવો જોઈએ એમ તો સૌ કોઈ ઇચ્છેજ અને એવો કયો માઇનો **પૂત** છે કે જે પોતે પોતાનો જ સમાજ શકિત શાળી ન હોય એમ ઇચ્છતો હોય.

અમારી દ્રષ્ટિએ **અમે** એમ ઈચ્છીએ છીએ કે વર્ષોથી ગરીબીમાં અટવાતા, નિરક્ષર સમાજે પોતાની જાત મહેનત અને ખંતથી જ પોતાનામાં રહેલી સાહસિકવૃત્તિના જોરે જ અત્યાર સુધીમાં આગળ પ્રગતિ સાધવાનો નમ્ર પ્રયાસ જારી રાખ્યો છે.

પરંતુ નિરક્ષરતાના કારણે ખેતીવાડી તેમજ ટીમ્બર મર્ચન્ટના ધંધા માટે અત્યાર સુધી પોતાનામાં રહેલી શારીરિક શકિતનો મહત્તમ ઉપયોગ કરીને અને માનસિક શકિતનો સંજોગોવશાત અલ્પતમ ઉપયોગ જ આપણો સમાજ કરી શકયો છે તે નિર્વિવાદ હકીકત છે.

હવે જમાનાની માંગ સાથે શ્રમજીવી જીવનની સાથે સાથે જ શ્રમનું મહત્વ ઘટાડયા વિનાજ બુદ્ધિજીવી જીવન જીવવા પ્રતિ પગરણ માંડ્યે જ છૂટકો છે.

આ માટે આપણા સમાજનું શોષણ કરનાર સ્થાપિત હિતોના હાથમાંથી કે અમલદાર શાહીના પંજામાંથી થતી શોષણખોરી અટકાવવા માટે સમાજનાં સમૃદ્ધ ગણાતાં કુટુંબોથી માંડીને અદનામાં અદના માનવીનાં ગરીબ બાળકો પુત્રપુત્રીઓ માટે કેળવણી ક્ષેત્રે આગેકુચ કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવા સમાજે વિચારવું ખૂબ જરૂરી છે.

પૈસાદાર માતાપિતાનાં સંતાનો આર્થિક શક્તિના જોરે ભણાવી શકશે પણ તેમાંનાં કેટલાંક બાળકો વારસામાં મળેલી સમૃદ્ધિ આગળ કદાચ વિદ્યાનું સન્માન ન પણ જાળવી શકે, પણ ગરીબ માબાપનાં બાળકોમાં ઘણી જગ્યાએ કાદવમાં કમળ નીપજે તેવી શક્તિ ધરાવતાં હોવા છતાં આપણે લક્ષ્મીનો સદ્‌ઉપયોગ કરવા નહીં લલચાઇએ ત્યાં સુધી આપણા સમાજમાં જરૂરી એવું બુદ્ધિધન આપણે ઊભું નથી કરતા એ એક સમગ્ર સમાજ માટે, સમાજની પ્રગતિ માટે લાલબત્તી સમાન, આડખીલી સમાન બાબત છે.

તો સમગ્ર સમાજનો સુકાની એવો વડીલ વર્ગ દેશ વ્યાપી ધોરણે શિક્ષણ જગત પર અમીદ્રષ્ટિ કરવાનું વિચારે તો આપણા સમાજને બુદ્ધિજીવી તરીકેની શક્તિનું પ્રદાન કરી શકાય.

પ્રશ્ન ૩ વૃદ્ધાવસ્થામાં થતાં લગ્ન તેમજ છૂટાછેડા શું અમુક સંજોગોમાં જરૂરી નથી ?

જ. ૬ ઉપરોક્ત પ્રશ્ન વિષે વિચારતાં એમ લાગે છે કે વૃદ્ધાવસ્થામાં થતાં લગ્ન જરૂરી ત્યારે જ ગણાય—

જો આધેડ વયે વિધૂર અવસ્થા ભોગવવાનું બદનસીબ સાંપડયું હોય તો તે વખતે મૃત પત્નીથી થયેલાં સંતાનો તેમાંય પુત્રો ખૂબ નાની ઉંમરના હોય તો આવા સમયે જો યોગ્ય પાત્ર મળી આવે—મળનાર પાત્રના ઉંમરથી કજોડું ન થતું હોય અને પોતાનાં પુત્ર પુત્રીઓને પરણાવવાં, સુશિક્ષિત બનાવવાં વગેરેની સંપૂર્ણ જવાબદારી અદા કરવાની બાકી હોય તો આવા હેતુ સિધ્ધ કરવા માટે યોગ્ય પાત્ર મેળવવામાં આવે તો કોઇને કદાચ એ વૃધ્ધ ઉંમરે થતું લગ્ન ડંખે નહિ.

પરંતુ ઉપરોક્ત હેતુઓ કે ભાવિ જીવન ને સુઘડ બનાવવા માટેની ભાવનાથીં જે લગ્ન કરવામાં આવે તે વાતને બાજુપર રાખીને સમાજમાં વૃધ્ધ ઉંમરે થતાં હાસ્યાસ્પદ લગ્નોનાં અનેક ઉદાહરણો મળી આવે છે.

જેવાંકે :- (૧) મૂત્તીયાની ઉંમર ૫૫ થી ૬૦ ની આસપાસ હોય અને નવ આગંતુક નારીની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષ કે તેથી પણ નાની હોય

(૨) ગત પત્નીથી થયેલાં સંતાનો એટલે કે પુત્રપુત્રીઓનાં ઘરમાં પણ બાળકો રમતાં હોય ત્યારે પૌત્ર પૌત્રીઓનુ અસ્તિત્વ થયા પછી પણ દાદા તરીકેનું વ્યકિતત્વ ધરાવનાર કોઇપણ વ્યકિત પ્રેમથી કે દાદાગીરીથી પણ લગ્નજીવન માણવાના કોડ સેવતી હોયતો એ ખૂબ ખતરનાક બાબત છે, એનાથી ત્રણ પેઢીનું જીવન રગદોળાય છે. માત્ર ક્ષણિક ભોગ ભોગવવાના ઓઠા હેઠળ સમગ્ર કુટુંબના જીવનની મધૂરતા છીનવી-લેનાર પાત્રોને સમાજે કોઇપણ સંજોગોમાં સાંખી લેવાં જોઇએ નહિ પરંતુ મોટા ભાગે સમાજની ઢીલી નીતિના પરિણામનું જ એ કારણ હોય એમ કહીએ તો પણ ખોટું નથી.

તો વૃદ્ધ ઉંમરે લગ્ન કરતા પહેલાં જીવનને ફરીથી ક્ષારસાગરમાં ધસડી ન જતાં અધ્યાત્મવાદ તરફ વાળી પ્રભુ ભકિતમાં લીન થવાની જ જરૂરીયાત પર ભાર મૂકાવો જોઇએ.

માત્ર દલીલ ખાતર પૂતળાં જેવા સંજોગોની આડશ ધરીને બુદ્ધિનું દેવાળું નીકળતું હોય તેવાં વૃદ્ધ ઉંમરે શરૂ થતાં લગ્નજીવનો સામે સમાજે સંયમની પાળ બંધાવવી ઘટે

ભાઇશ્રીં આ માત્ર વૃદ્ધ ઉંમરે થતાં લગ્ન અમુક સંજોગોમાં જરૂરી નથી ! એનોજ આ જવાબ છે. પરંતુ વૃદ્ધ ઉંમરે છૂટાછેડા લેવા માટે કઇ જાતના સંજોગો આપશ્રીની દ્રષ્ટિએ હોવા જોઈએ તે વિશે આપ પોતે જ આગામી અંકમાં જ પ્રકાશ પાડો એમ ઇચ્છીએ છીએ.

પ્રશ્ન ૪ કન્યાના સગપણમાં પડતી મુશ્કેલી અંગે શું ઉપાય હોઈ શકે ?

જવાબ પૂછવામાં આવેલા આ ખૂબજ સારા પ્રશ્નનો જવાબ આપતાં આનંદ અનુભવીએ છીએ. આવા સમાજના પ્રાણપ્રશ્નોની ચર્ચા અને તેમાંથી મેળવેલ સારતત્વ સમાજને પ્રગતિની દિશામાં લઇ જશે જ તેમાં અતિશયોકિત નથી.

કચ્છ કડવા પાટીદાર જ્ઞાતિનાં અમુક વિભાગોમાં વસ્તીગણત્રી પત્રક જે રજૂ થયાં છે, તે પરથી સ્પષ્ટ થયું છે કે સમાજમાં છોકરાઓની સંખ્યા ૫૨% છે,

જ્યારે છોકરીઓની સંખ્યા ૪૮% છે. આમ હોવા છતાં છોકરીઓના સગપણ માટે તેનાં માબાપે પ્રવાસ યોજવા પડે છે. તેમ છતાં તેમાં ઘણી વાર નિષ્ફળતા મળે છે કેમ કે:–

છોકરાઓનાં સગપણ અભ્યાસ ચાલુ હોય ત્યારે કરવાનું ઇચ્છવામાં નથી આવતું છોકરાઓનાં માબાપ માને છે કે મોટી ઉંમરે અભ્યાસ પૂરો થતાં સગપણ કરીશું, જેમ જેમ સમાજમાં કેળવણીનું પ્રમાણ વધતું જાય છે તેમ તેમ છોકરાનાં લગ્ન મોડાં કરવાં, છોકરો કમાતો થાય પછી કરવાં, અગર યોગ્ય પસંદગી થઈ શકે માટે ઉતાવળ ન કરવી –વગેરે વિચારસરણી પ્રવર્તતી જાય છે.

જ્યારે છોકરીનાં માબાપ પ્રથનથી જ સગપણ માટે ચિંતાતુર હોય છે. નાની વયમાં જ સગર્પણ નહિ થાય તો પાછળથી સગપણ મેળવવામાં મુશ્કેલી પડશે તેવો ભય રહેલો હોય છે વળી છોકરીને વધુ ભણાવવા માટે હજુ જોઇએ તેટલું માનસ દૃઢ થયુ નથી. મોટે ભાગે છોકરીને ગુજરાતી ધો. ૭ સુધી શિક્ષણ આપનાર વર્ગ અત્યાર સુધી ઘણો મોટો રહ્યો છે, જેથી અભ્યાસ બંધ પડવાના કારણે લગ્ન કરીને છોકરીને ઠેકાણે પાડી દેવામાં તત્પર થાય છે આ કારણો જ આપણા આ પ્રશ્નના જવાબ માટે ઉપયોગી થશે.

છોકરીઓને વધુ શિક્ષણ આપવામાં આવે તો તે ખૂબજ ઉચિત છે એસ. એસ. સી. સુધી તો ઓછામાં ઓછું શિક્ષણ આપવું જ જોઇએ. શિક્ષણ લેવાની પ્રવૃત્તિમાં છોકરીઓ સમય વિતાવશે તેથી ડબ્બલ ફાયદો થશે. એક તો માનસિક વિકાસ થશે અને ભાવિ જીવન સફળ બનાવવા માટે પરિપકવતા પ્રાપ્ત થશે.

બીજું અભ્યાસ પૂરો થયા પછી જ દરેક માબાપ તેના સગપણ માટે વિચારશે આ રીતે પરિપકવ ઉમરે સુશિક્ષિત કન્યાનું સગપણ શોધવું અઘરું નહિ બને. 'જાગૃતિ' માસિક અને 'આઝાદ કલમ' પાક્ષિકપત્ર દ્વારા આ વિચારસરણીનો જોરદાર પ્રચાર કરવામાં આવે અને લોકોમાં જાગૃતિ લાવવામાં આવે તો લોકો આપોઆપ સમજશે કે કન્યાને શિક્ષણ આપવું અને મોટી ઉંમરે લગ્ન કરવાં આ સિવાય ઠેકાણે ઠેકાણે સ્થપાયેલાં યુવક મંડળોમા આ વિચારને વધુ વેગવાન બનાવી લોકોમાં પરિવર્તન લાવી શકાય. અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ પણ આ પ્રશ્ન અંગે ઠરાવ પસાર કરાવી શકે. ફકત ગરીબ માબાપ પોતાની કન્યાઓને

શિક્ષણ આપી શકે તે માટે તેમને આર્થિક સહાય જોઇએ તો તે ધનસુરા માં આવેલ કન્યા છાત્રાલયમાં તે જાતની રાહત આપવાની શરૂઆત થઈ ગઈ છે.

જયહિન્દ

પ્રશ્ન ૫ કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા શી યોજના હોઈ શકે ?

જવાબ કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા 'જન જાગૃતિ'ની પ્રથમ જરૂર છે. તે કામ યુવક મંડળો કરી શકે. યુવક મંડળના અગ્રણીઓ પોતાના વિભાગમાં લોકસંપર્ક સાધી સમજ પૂર્વક પ્રેમથી યોગ્ય દલીલો દ્વારા કન્યા કેળવણીની ઉપયોગિતા સમજાવે, ગરીબ માબાપની કન્યાઓ માટે એ વિભાગ જ આર્થિક સહાય કરે અને શિક્ષણાભિમુખ બનાવે ઉપરાંત કેળવણીમાં અગ્ર હોય તેવી બહેનોનું સન્માન કરવામાં આવે તો જરૂર કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે.

અભ્યાસ કરતી બાલિકાઓ ઉચ્ચ નંબર પ્રાપ્ત કરે તેમજ વિવિધ કૌશલ્યોમાં ઉચ્ચ ગુણવત્તા ધરાવે તો તેમને ઇનામો આપી તેમને સત્કારવામાં આવે તો જરૂર કન્યા કેળવણીનો વધુ પ્રચાર થાય.
આપણાં મુખપત્રો જેવાં કે 'જાગૃતિ' 'આઝાદ કલમ' વગેરેમાં તેજસ્વી બાલિકાઓની સિધ્ધિને બિરદાવવામાં આવે.

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા શું શું કરી શકાય તેની ચર્ચા માટે ખાસ શિબિર રાખવા ત્રણચાર દિવસ ફાળવવામાં આવે તો તેમાંથી ઘણા નવા વિચારોની આપ લે થાય અને છેવટે સર્વાનુમતે ઘણી સારી બાબતો મેળવી શકાય.

કન્યા કેળવણી માટે જ્યાં સારી શિક્ષણ સંસ્થાઓ પ્રવર્તમાન હોય ત્યાં દરેક સ્થળે કન્યા છાત્રાલયો બાંધવાં અને તેનું સંચાલન સુવ્યવસ્થિત પણે થાય તે માટે પૂર્ણ પ્રબંધ કરવાથી કન્યા કેળવણીની સુવિધાઓ સુલભ બને.

★

સમાચાર દર્શન

શ્રી મદનપુરા પાટીદાર યુવક મંડળ

ગત તા. ૧૩-૪-૭૪ના રોજ શ્રી પરબત હરજીની આગેવાની હે ઠ ઘાટકોપર માં સામાન્ય સભા મળી હતી. તેમાં શ્રી મદનપુરા પાટીદાર યુવક મંડળ" ની રચના સર્વાનુમતે કરવામાં આવી ચાલુ વર્ષ માટે આ મંડળનું સંચાલન કરવા નીચેની કાર્યવાહક સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

(૧)	વાલજીભાઇ જેઠાભાઇ પટેલ	પ્રમુખ
(૨)	પરસોત્તમ ભીમજીભાઇ પટેલ	ઉપ-પ્રમુખ
(૩)	તરૂણકુમાર પરબતભાઇ પટેલ	મંત્રી
(૪)	રવિલાલ જેઠાભાઇ પટેલ	સહમંત્રી
(૫)	પ્રભુદાસ નારણભાઇ પટેલ	સહમંત્રી
(૬)	પ્રવિણચંદ્ર લાલજીભાઈ પટેલ	ખજાનચી
(૭)	પ્રભુદાસ ધનજીભાઇ પટેલ	સભ્ય

સલાહકાર સમિતિ :—

(૧) રામજીભાઈ જેઠાભાઈ પટેલ
(૨) ધનજીભાઇ વાલજીભાઇ પટેલ
(૩) લધારામ હરજીભાઇ પટેલ
(૪) રવજીભાઇ લાલજીભાઇ પટેલ
(૫) ગોવિંદભાઈ મેઘજીભાઈ પટેલ
(૬) નારણભાઈ સામજીભાઈ પટેલ
(૭) ધનજીભાઇ લાલજીભાઇ પટેલ

ઉપરના મંડળનું આયોજન આ વિભાગમાં યુવાન વર્ગમાં સંગઠન સાધવા માટે કરવામાં આવ્યું. સામાન્ય સભામાં ગામની મુંબઈ વસતી ગૃહિણીઓએ ઘણાજ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો ત્યાર બાદ અલ્પાહાર લીધા પછી સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

લિ.

શ્રી મદનપુરા પાટીદાર યુવક મંડળ
વતી મંત્રી ; તરૂણકુમાર પરબત પટેલ

લગ્ન સમારંભ

★ શ્રીમતિ શાંતાબહેન મોતીલાલ પંચાલ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ, ધનસુરા (ગુજરાત)ના અગ્રગણ્ય યુવાન કાર્યકર શ્રી રતિલાલ લધાભાઇ પટેલ (કચ્છ) દેવીસર હાલ (ગુજરાત) ઓરડીટીંબાના વતનીનાં ચિ. સુપુત્રી કસ્તુરીબેનનાં શુભ લગ્ન ગત તા, ૧૨–૫–૭૪ના રોજ (કચ્છ) ટોડીયા હાલ જબલપુર (મ.પ્ર.)ના વતની શ્રી રામજીભાઇ ગોવિંદભાઇ પટેલ (આર. ડી. પટેલ એન્ડ કું.) ના સુપુત્ર ચિ. મનીષકુમાર સાથે ધામધૂમપૂર્વક ઉજવવામાં આવ્યાં હતાં.

સદર પ્રસંગે સાબરકાંઠા જિલ્લાના યુવાન રાજકારણી કાર્યકર શ્રી શાંતુભાઇ તાલુકા પંચાયતના પ્રમુખશ્રી નાનુભાઈ ઉપાધ્યાય, શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના પ્રમુખશ્રી હીરજીભાઈ કરશનભાઈ પટેલ, મંત્રીશ્રી નાનજીભાઇ કે પટેલ, તેમજ શ્રી કચ્છ કડવા પાટીદાર સતાનત સમાજ યુવક મંડળ, ધનસુરા (ગુજરાત)ના પ્રમુખશ્રી સામજીભાઈ એસ. પટેલ તેમજ મંડળના મંત્રીશ્રી અરજણભાઇ વી પટેલ તેમજ પ્રિન્સિપાલશ્રીના સહકાર્યકરો, તેમજ મિત્રવૃંદની હાજરીમાં આનંદ પૂર્વક આ માંગલિક પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો.

અ વ સા ન

સ્વ. પટેલ પ્રેમજી પુંજા દિવાણી ઉ. વ. ૭૬
કોટડા (જડોદર) કચ્છ

નું અવસાન સં ૨૦૩૦ના વૈશાખ વદ ૪ ને શુક્રવાર તા. ૧૦–૫–૭૪ ના સાંજે ૬–૩૦ કલાકે કોટડા (જડોદર) મધ્યે થયેલ છે.

સદ્‌ગતશ્રી કોટડાના જૂના આગેવાન વેપારી હતા: દયા અને નીતિનાં મૂલ્યો તેમજ સચ્ચાઈ ને તેઓશ્રીએ જીવનમાં અગ્રસ્થાન આપ્યું હતું.

સદ્‌ગત શ્રી તેમની પાછળ બહોળાં કુટુંબ ને વિલાપ કરતું મૂકી ગયા છે. તેમના જવાથી કુટુંબને ન પૂરાય તેવી ભારે ખોટ પડી છે.

પ્રભુ તેમના આત્માને શાન્તિ આપે એજ પ્રાર્થના

લિ. કુટુંબીજનો

જાગૃતિના ઉત્તર ભારત તેમજ દિલ્હીના ગ્રાહક બંધુઓને

ખુશખબર

★ ઉપરોક્ત વિભાગમાં વસતા જ્ઞાતિ બંધુઓને સહર્ષ જણાવવાનું કે આપના વિભાગનાં જાગૃતિનાં વાર્ષિક લવાજમો તેમજ આજીવન ફી કચ્છ કાદીયા નિવાસી તેમજ હાલમાં દિલ્હી વસતા ભાઇશ્રી કરશનભાઈ વી. પટેલ (જાળવાળા) ને ત્યાં નીચે દર્શાવેલા સરનામે મોકલી આપી જ્ઞાતિ માસિકને સહકાર આપી આભારી થશોજી.

"તંત્રી" જાગૃતિ

સરનામું :–

કરશનભાઇ વી. પટેલ
Bhagwan Saw Mills Patel & Co.
3067, Desh Bandhu Gupta Road
Pahar ganj NEW DELHI—55

❋ લગ્ન ભેટ ❋

મોકલનાર	ગામ	લગ્ન પ્રસંગ	રૂ. પૈ.	સંસ્થાને
૧ શ્રી સામજી મેઘજી પટેલ C/o. શ્રી ભારત સો મીલ	**દોડીયા** (કચ્છ) **અરવલ્લી** (રત્નાગીરી)	પુત્ર અને પુત્રી	૫૧–૦૦	છાત્રાલયો (ધનસુરા)
૨ શ્રી રામજી ગોવિંદ પટેલ C/o. આર. ડી. પટેલ	**દોડીયા** (કચ્છ) **જબલપુર** (મ.પ્ર.)	ચિ. મનીષકુમાર	૫૧–૦૦	,,
૩ શ્રી ડાહ્યાભાઈ ભીમજીભાઈ પટેલ C/o. શ્રી અન્નપૂર્ણા સો મીલ	**દોડીયા** (કચ્છ) **મહુધા** (ગુજરાત)	ચિ. મણીબેન	૧૧–૨૫	કન્યા છાત્રાલય
૪ પટેલ કરમશીભાઈ દાનાભાઈ	**ઉમરેઠ** (ગુજરાત)	ચિ. રવજીભાઈ	૧૧-૨૫	,,
૫ પ્રિન્સીપાલ રતિલાલ એલ. પટેલ	**બોરડીટીંબા** (ગુજ. **દેવીસર** (કચ્છ)	ચિ. કસ્તુરીબેન	૨૫–૦૦	બંને છાત્રાલયો
૬ ,,	,,	,,	૨૫–૦૦	જાગૃતિ કાર્યાલય

શ્રી ૧ા

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઇયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટયુબ,

હરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
● બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ ● .

હરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ.

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઈન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા

આનન્દ!
પુરસદ!!
વૈભવ!!!

રાજેશ

પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા, ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર.
તેથી, જ્યારે તમે પ્રેશર કુકરની શોધમાં હો ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે એ સવિશેષ ખાતરીનું ચિહ્ન— ISI ધરાવે છે.



નિર્માતા:
રાજેશ ઈન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.


સ્ટોકીસ્ટ *

શક્તિ વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે

પ્રોપ્રાયટરઃ **પટેલ માવજીભાઈ ભીમજીભાઈ** (કચ્છ) વીરાણીવાળ

સ્થળ : બુટાલવાડા, **મોડાસા**, જિ. સાબરકાંઠા.


LAXMI
LAXMI
Shree
LAXMI ENGINEERING WORKS
AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.
બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણજાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI JUNE '74 Reg. No. G. 322

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી. ન.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–૭ જુલાઈ ૧૯૭૪

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું. રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઇ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

અનુક્રમણિકા

॥ ॐ નમઃ શિવાય ॥

તંત્રીસ્થાનેથી

કોઈપણ સમાજને વધુ સુઘડ બનાવવા માટે તેનાં સભ્યોને સુશિક્ષિત બનાવવાં જરૂરી છે. પરંતુ માત્ર પુસ્તકીયું જ્ઞાન મેળવવાથી જ સુશિક્ષિતતા આવી જતી નથી તે પણ એક નિર્વિવાદ હકીકત છે એટલે સુસંસ્કાર સહિતનું શિક્ષણ જે સમાજમાં જેટલું વધારે તેટલી જ તે સમાજની સુઘડતા વધુ હોય.

આજે આપણે પ્રાથમિક કેળવણીથી માંડી મહાવિદ્યાલયો સુધી ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં જોઈશું તો ત્યાં જે અશાંતિનું વાતાવરણ રહે છે તે સામાન્ય રીતે જુદાં જુદાં સમાજ જીવનોમાંથી એટલે કે ભિન્ન ભિન્ન સંસ્કારીતા વાળા વાતાવરણમાંથી અભ્યાસાર્થે આવતાં બાળકોના જીવનના સંસ્કારોનું પ્રતિબિંબ છે એમ કહીશું તો પણ ખોટું નથી. બીજી રીતે કહીએ તો આપણી શિક્ષણ સંસ્થાઓમાં જુદી જુદી સંસ્કારીતાનો ખીચડીજ શાંતિમય વાતાવરણમાં ખલેલરૂપ હોય છે તેમ કહી શકાય, કેળવણીકારોએ આ અંગે વિચાર કરવો ઘટે. અસંસ્કારીતાને નાથવા માટેના ઉપાયો વિચારી સુસંસ્કારીતાનું વાતાવરણ ઉપસ્થિત કરવાના ભગીરથ પ્રયાસો કેળવણીના ક્ષેત્રોમાં ખૂબ જરુરી છે.

આપણા સમાજમાં પણ કેળવણીનું પ્રમાણ દિન–પ્રતિ–દિન વધતુ જાય છે. સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે કન્યા કેળવણી તરફ વળવાનો પણ આપણો ઝોક વધતો જાય છે, ત્યારે આપણે આપણી ભાવિ પેઢી અને સમાજજીવનને વધુ સુઘડ જોવાની ભાવનાની સાથે આપણી સ્વાર્થ દ્રષ્ટિની એક ઝલક પણ જોઈ શકીશું કારણ કે છોકરાઓને શિક્ષણ આપવામાં હવે આપણે જૂની ઘરેડમાંથી નીકળી અન્ય ધંધાકીય દ્રષ્ટિએ પણ શિક્ષણ જરુરી છે એમ માનીએ છીએ એટલું જ નહિ પણ લાકડાનો વેપારી હોય કે ખેડુત હોય તો પણ તેને હવે શિક્ષણની જરૂરીયાત અચૂક પડવાની

જ્યારે કન્યા કેળવણી આપવા પાછળ દીકરીનું ભાવિ જીવન વધુ સુખમય બને તેવું સુશિક્ષિત ઘર અને વર મળે તેવો દ્રષ્ટિકોણ આપણે સેવીએ છીએ અને તેમાં ખોટું પણ નથી.

બાળકોને ભણાવવાથી માતા-પિતાને રોટલા નહિ મળે એવા જૂનવાણી માનસનો જમાનો હવે વહી ગયો છે. ઉલ્ટાનું એવાં ઘણાંય ઉદાહરણો હશે કે અશિક્ષિત દિકરાઓનાં મા-બાપોને પણ પાછલી અવસ્થામાં રોટલાની રામાયણો અનુભવવી પડી હશે તો હવે આપણે જૂનવાણી માનસની જગ્યાએ કેળવણી પ્રત્યેનું માનસ વધુ તંદુરસ્ત બનાવતા જઈએ છીએ ત્યારે કેળવણીની સાથે સાથે સંસ્કારીતાની બાબતમાં પણ સમાજ જીવન વધુ સુદ્રઢ બને તે જોવાની ફરજ દરેક વડીલોએ બજાવવી રહી.

અત્યારના સંજોગોમાં આપણે આર્થિક દ્રષ્ટિએ જોઈએ તો સમાજનો અમુક વર્ગ જ સધ્ધર ગણી શકાય પણ સર્વ સામાન્ય છાપમાં આખા સમાજનો ઘણોખરો વર્ગ સધ્ધર હોય તેવું ઉછાંછળા પણું પણ દેખાય છે. આવું ઉછાંછળાપણું લગ્ન જેવા તેમજ અન્ય કેટલાક સામાજિક પ્રસંગોમાં દેખાતું જોવા મળશે. ઘણી વખત દેખાદેખીપણું એટલે કે અનુકરણ પણ મુખ્ય ભાગ ભજવે છે. પરંતુ આ રીતે આપણે આપણા પોકળ અર્થતંત્ર ઉપર વધુ ફટકો ન મારતાં શિક્ષણ તેમજ અન્ય સેવાનાં ક્ષેત્રોમાં નાણાંનો સદ્ઉપયોગ કરવાનું અનુકરણ કરવાની ખાસ જરૂર છે.

કેટલીક વખતે આપણાં જ બાળકોને શિક્ષણ આપવું હોય ત્યારે નાણાંની ખેંચ હોવાનો દેખાવ કરીશું પણ કોઈ અમલદારશાહીની નાગચૂડમાં કે ભભક ભર્યો દેખાવ કરવામાં ધૂમ ખર્ચ કરતી વખતે પાછું વાળીને જોતા નથી, પરિણામે વધુ દેવાંના બોજ તળે ઘસડાઈ જવાય છે તો આ બધામાંથી પાર ઉતરવા ગણત્રી પૂર્વકનો જીવન વ્યવહાર જાળવવા અને સમાજનું ભાવિજીવન સુશિક્ષિત અને સુઘડ બનેલું જોવાની ઉજવળ તક પ્રભુ આપે એજ અભિલાષા.

❋

વિષ અમીનાં વાવેતર

વાર્તાકાર :
રતીલાલ દેવસીભાઈ પટેલ
"વિલચી" અમદાવાદ

ઇન્જેક્શનની સીરીઝ 'બોઇલ' થતી હતી, 'સ્ટેરીલાઇઝડ' થતી હતી સામેના બોર્ડ પર અનેકવિધ ઈન્જેક્શન બહુ વ્યવસ્થિત ગોઠવાયેલા હતા. તેમાંય વળી એક વિભાગ અલાયદો હતો. જેના ડેસ્ક પર 'પોઇઝન' લખેલું હતું એવાં ઇન્જેક્શન અમુક માત્રામાં જ આપી શકાતાં હતાં. નહીં તો માનવ પ્રાણ પલ વિપલમાં હતો ન હતો થઇ જતો

સોફાને અઢેલીને આરતી થાક ઉતારતી હતી. આજ સવારથી જ કંઈક થાકેલી જણાતી હતી. 'ન્યુમેનોકટોમી' ની સર્જરી કરવામાં ધાર્યા કરતાં ખૂબ સમય લાગી ગયો હતો. તેમાંય વળી એ ઓપરેશન અસફળ નિવડયું જેને આરતીના માનસિક બોજને વધારી દીધો, આમેય માનસિક અશાંતિ તો એને ગળે વળગી જ હતી.

માથે હાથ ટેકવી ચિંતિત અને ટેબલ પર પડેલા સ્ટેથેસ્કોપને એકાગ્ર નજરે જોઇ જાણે પોતાની વિતેલી જિંદગીના ધબકારા માપી રહી ન હોય ! મરવાના વાંકે જીવતું, ડચકાં ખાતું અશાંત જીવન એની આંખ આગળ ભૂતાવળની પેઠે નાચતું હતું, ચકરાવા લેતું હતું. એક પછી એક વહી ગયેલા પ્રસંગો એની એ બે આંખની કીકી આગળથી પસાર થતા હતા.

આકાર સાથેનો પ્રણય સંગમ અને જીવનસાથી બનવાનું આપેલ વચન આજ સુધી પાળી શકી નહીં આરતી આલોકનાં લગ્ન થયાં તે પહેલાં આકાર આરતી સહાધ્યાયી હતાં. તેમાંય આકાર ની તેજસ્વીતા આરતીને આકર્ષી ગઇ. આરતીની પણ એટલી જ તેજસ્વીતાના કારણે આકાર આરતી નિકટ આવ્યાં. પ્રેમના કોલ અપાયા, પરસ્પર સ્વીકારાયા પણ ખરા, પરંતુ એ પ્રેમ લગ્નમાં પરિણમે એ પહેલાં જ મજબુર આરતી એ મૃત્યુશૈયા પર પડેલ બાપને આલોક સાથે પરણવાનું વચન આપ્યું. માતાની હુંફ તો સાવ નાનપણમાં જ ગુમાવી હતી બાપે મા બની આટલી મોટી કરી તો તેનો બોલ ઉથાપી કેમ શકાય ! અને આરતીએ આકાર સાથેના ચિરંતર પ્રેમનું ગળું દબાવી અજાણ્યા હમસફર સાથે મંગલ ફેરા ફરી આલોકનું પતિપણું સ્વીકાર્યું.

આલોકનો મળતાવડો સ્વભાવ, સ્વભાવમાં રહેલી ઉદારતા અને એના એક એક બોલમાં રહેલ પ્રેમના રણકારે આકાર સાથેના પ્રણયને ભુલાવી દીધો.

લગ્નને હજુ મહિનોય થયો ન હતો ને મધુરજનીની પ્રસન્નતા માણવા નૈનીતાલ ગયાં હતાં. પાછા ફરતાં બાળકને

બચાવવા જતાં કાર રસ્તા પરથી ઉતરી જઇ ખાંણમાં પટકાઇ પડી સદ્ભાગ્યે આરતી ફેંકાઈ જતાં બચી ગઇ પરંતુ આલોક કારમાં જ રહી જતાં ખૂબ જ ઘવાયેલી હાલતમાં હોસ્પીટલમાં લાવવામાં આવ્યો સમયસરની ટોચ કક્ષાની તબીબી સેવા મળવા છતાંય આલોકે એક પગ સદાય માટે ગુમાવ્યો.

બસ ત્યારથી જ આલોક આરતીના લગ્નજીવનમાં તિરાડ પડવાની શરૂ થઇ ગઇ. પહેલાં પહેલાં તો આરતીનો પતિ પ્રત્યેનો અસીમ પ્રેમ એટલો જ રહ્યો. આલોક તરફથી મળતો શારીરિક માનસિક આનંદ નભાવી લીધો એમાં ક્યાંય ઓટ આવવા ન દીધી અરે ઉલટાનું આલોકને એના અપંગપણાને જરાય સાલવા ન દીધું.

કહેવાય છે કે કાળની ગતિ ન્યારી છે. અકસ્માતમાં આલોકે માત્ર પગ ગુમાવ્યો ન હતો જીવનની વસંત ગુમાવી પાનખરને આમંત્રી હતી. પાનખરનું નંડાણ થઈ ચૂક્યું હતું.

શરૂશરૂમાં તો આરતીએ નભાવ્યું પરંતુ એનામાં ઉંડે ઉંડે ખડકાયેલો આકાર પ્રત્યેનો પ્રેમ એકદમ ઉછાળા મારતો હતો. આરતીને હમેંશાં લાગ્યા કરતું હતું કે એનો દેહ કઇંક ગુમાવી રહ્યો છે. હવે જે આલોક આપવા અસમર્થ હતો તે આકારે આપી જાણ્યું આકાર સાથેનો લગ્નપૂર્વેનો યુવાપ્રેમ ખોટ પૂરી શકે તેમ હતો. અત્યાર સુધી દેહમાં દફનાવી દીધેલ આકારના પ્રેમને વિશ્વાસઘાતીની બનીને ય જીવનદાન આપ્યું અને ફરી આકાર–આરતી પ્રેમી બન્યાં પરંતુ આકારને ખબર ન હતી કે આરતી કોઇકની વિવાહિતા પત્નિ બની ચૂકી છે આરતી પણ આકારને સત્યની પીછાન ન થાય તેની ખૂબ સંભાળ રાખતી. આમ એક વખતનો મૃત્યુને વરેલો પ્રેમ વળી પાછો ફાગણીયા ફાગ રમવા લાગ્યો.

કાળનાં વહેણ બદલાતાં ગયાં તેમ આરતીના વર્તનમાં ઘણો ફેર પડી ગયો સદાય આલોકની ઓથમાં રહેલી આરતી એ હુંફાળી ઓથ ગુમાવતી રહી, ધીરે ધીરે દૂર સરતી રહી આલોકના જીવન પ્રત્યેની દેખભાળ ઓછી થતી ગઈ અવારનવાર આલોકને માનભંગ કરતી હડધૂત કરતી આલોક પણ ચૂપચાપ સહન કરી લેતો. એ જાણતો હતો કે આરતી આલોકને નહીં પણ આલોકના અપંગ-પણાને ધિક્કારતી હતી. અપંગપણું જ જવાબદાર હતુ. પોતે પણ એમાં શું કરી શકે જ્યાં કુદરત જ રૂઠી હતી!

આલોક પાસે ધન–દોલત માન મોભો બધું ય હતું પણ એક વસ્તુની ખામી હતી. તે એનું અપંગપણું જે આરતીને હમેશાં ડંખ્યા કરતું હતું આરતી પાસે પણ ઉજળી પ્રતિભા હતી પરંતુ આલોકના અપંગપણા આગળ એ પ્રતિભા લોપાઇ

જતી હતી એમ હમેશાં આરતીને સતત લાગ્યા કરતું હતું.

આલોક અપંગ બન્યો ત્યારે સ્નેહીજનો એ આરતીને લગ્નવિચ્છેદની સલાહ આપી પરંતુ એ વખતે પ્રેમની ભરતી હતી પ્રેમનો જુવાળ શમ્યો ન હતો પરંતુ કાળના વહેણમાં આરતીને આલોકનું અપંગપણું પોતાની પ્રગતિને કંઇક અંશે કુંઠિત કરતું હોય તેમ લાગતુ હતું. અકળાયેલી સ્થિતી આરતીને મૂંઝવતી હતી શાંત પાણીમાં પથરો ફેંકા પાણીને ડખોળી દીધું હોય તેવી સ્થિતી વચ્ચે આરતીનું જીવન ઉભું હતું.

આલોક જ્યારથી અપંગ બન્યો ત્યારથી આજ સુધી આરતીની ખુશી માટે પોતાની હજાર ખુશી જતી કરતો પોતે ભલે છૂટથી ફરી ન શકતો છતાંય કુદરતે છીનવી લીધેલ પગનો ખ્યાલ કદી ન ભૂલતો.

તેમાંય આલોકને છેલ્લા કેટલાય દિવસથી આરતીનું વર્તન કંઇક જુદુ જુદું લાગતું હતું. પોતા પ્રત્યેના અત્યાર સુધી સાચવી સંભાળી રાખેલા પ્રેમને અવઠોરતી હતી. કેટલીયેવાર અકારણ પોતાને અપમાનિત કરતી હતી આરતીનો પોતા પ્રત્યેનો કંટાળો દેખાઈ આવતો હતો છતાંય એ માનભંગ ગળી જતો. એક અપંગ માનવી સાથેનું લગ્નજીવન મૃત્યુપર્યંત નભાવવું અકારૂં તો જરૂર લાગે એ વાત આલોક સારી રીતે જાણતો હતો.

હજુ હમણાં જ થોડાક દિવસ પહેલાં છેક મોડી રાતે પાછી ફરેલી આરતીને આલોકે સહજભાવે મોડું થવાનું કારણ પૂછતાં આરતી ગુસ્સે થઇ તોછડાઇથી જવાબ આપતાં બોલી, 'આલોક, મને પણ આગવું જીવન જીવવાનો અધિકાર છે. મિત્રવૃંદ સાથે અહીં તહીં ફરવું એ પણ તારાથી જોઇ શકાતું નથી. તારે આટલું કનિષ્ઠ મન ન રાખવું જોઈએ'.

આલોક સમજી ગયો કે આરતીએ અવળો અર્થ ઘટાવ્યો છે. ખુબ ગંભીર બની બોલ્યો, 'અરુ, તું કયા જાય છે, શું કરે છે? તેમાં દરમિયાનગીરી કરવાનો મારો કોઈ ઇરાદો નથી. તુ પહેલાં પણ સ્વતંત્ર હતી અને આજ પણ પરાધીન નથી એ કદી ન ભૂલીશ તું જાણે છે કે તારી સ્વતંત્રતા પર કાપ મૂકવાનો મારો કોઈ અધિકાર નથી તેમાંય એક અપંગ માનવીને એમ કરવાનો અધિકાર પણ શો! છતાં પણ એટલું ચોકકસ છે કે ઘરની ચાર દિવાલોની મર્યાદા છોડી બહાર નીકળેલી સ્ત્રી 'સ્ત્રી' ના નામનું કલંક બની રહે છે. એ વાત પણ એટલી જ નિ:શંક છે.

'અરુ, એક વાત પૂછું? ખોટું ન લગાડીશ. તને મારામાં

શો અભાવ દેખાયો ? મારા અપંગપણાનો ઇન્કાર કરતો નથી. પરંતુ તું તારૂ સ્વતંત્ર અલગ વ્યકિતત્વ નિ:શંક વિકસાવી શકે છે મેં કદીયે તારા વ્યકિતત્વમાં આછાપણું આવવા દીધું નથી.

એ પણ એટલું જ સાચું સત્ય હતું કે આલોક સાથેના લગ્નસબંધનું પૂર્ણવિરામ કયારનુંય આવી ગયું હોત પરંતુ બાહ્યજીવનની ઉજળી પ્રતિભા જ આરતીને અઘટિત પગલું ભરતા રોકતી હતી.

આમ તો કેટલાયે દિવસથી આલોકથી મુકત થવાનુ વિચારતી હતી. આજ તો ખૂબ અકળાઈ ગઇ હતી તેમાંય આલોકની માંદગી એના છુટકારાને સફળતા આપશે અને કોઇને વહેમ નહીં જાય એમ વિચારી આકારને સાંજે બોલાવ્યો હતો, કાયમ માટે મુકત થવા.

આલોક ટાઇફોઇડમાં પટકાયો હતો. જયારે જયારે અસ્વસ્થ રહેતો ત્યારે તેને અપંગપણું સાલતું હતું. એની પાસે બધું ય હતું પરંતુ અપંગ-પણા આગળ આ બધું તુચ્છ લાગતું હતું.

બારણે કોલબેલ રણકયો અણગમતા સુમધુર ભૂતકાળમાં ખોવાયેલી આરતીની વિચાર તદ્રા તૂટી ઇન્જેકશનની 'સીરીંજ' કયારનીય બોઇલ થઈ ચૂકી હતી સ્વીચ ઓફ કરી બારણું ખોલ્યું

'હેલો આરતી' આકારે આરતી સાથે હાથ મીલાવ્યો. 'ગુડ ઇવનીંગ ડીયર' એક પ્યાર ભર્યું સ્મિતનુ વેદના વચાતી આંખે આરતીએ વળતું ઇજન આપ્યું અને ફ્રીઝમાંથી થીજાવેલી કોફીના થોડાક ટૂકડા પ્લેટમાં મુકી આકારને આપતાં બોલી 'પ્લીઝ ટેઇકઇટ વીથ લવ

આકારે કોફીનો ટૂકડો મોંમાં મૂકતાં કહ્યું 'આજ મિ. શાહે મદદ કરી ન હેત તો કદાચ પેશન્ટ બચી શકયો ન હોત હૃદયના ધબકારા વધવાની સાથે સાથે કલોરોફોર્મ અસરકારક ન નીવડયું ' હજુ આગળ વાત વધારેએ પહેલાં જ આરતી બોલી 'આકાર, આજ તને શા માટે બોલાવ્યો છે તે તું જાણી લે સાથે સાથે આરતીની વિષાદભરી જિંદગી જોઇ લે ? આલોકનું મૃત્યુ મારા હાથથી ન થાય એમ હું ઇચ્છું છું. એમ કહી ઇન્જે-કશનો બલ્બ આકાર સામે ધરી બોલી ઇન્જેકશન તૈયાર છે. અને આરતીના પતિને આપવાનું છે અપંગ અલોકને ! તારી અરુનો પતિ !! '

'આરતીનો પતિ ? ' આકારની આંખો ઝીણી બની ગઇ ઘડીભર તે આરતી સામે જોઈ રહ્યો અને બોલ્યો, આરતી, તું એક વિવાહીતા ! આલોકની ધર્મ પત્નિ ?? '

'હા આકાર, આરતી આલોકની પત્નિ છે. જેટલુ સત્ય તેટલી જ હકીકત'. આરતીએ ખિન્ન સ્વરે બોલતાં કહ્યું, 'આર્બીટ્યુરેટ' એક વધુ માત્રામાં આલોકને આપી દે. ઘેનમાં જ એનું મૃત્યુ નિશ્ચિત છે.' આરતીએ બહુબ આકાર સામે ધર્યો. આકાર જોઇ રહ્યો

'આરતી, તુ ડોકટર છો અને હું પણ એક ડોકટર છું. એક ડોકટરને ધર્મની યાદ અપાવવાની જરૂર ન હોય. કાળ જ એનો ધર્મ, એની ફરજ નકકી કરે છે. આપણે ભલે દેવ ન રહ્યા પણ દાનવ ન બનીએ તોય ઘણું સારૂ. આલોક તો મરેલો છે છતાંય જીવી રહ્યો છે, જીવ્યા વગર એને છૂટકો જ નથી પણ તું જીવતાંય મરેલી છું. આજ તને ત્યાગનો ય બોજો લાગ્યો ? આરતી જીવી તો બધાય જાણે પણ ત્યાગની ભાવના વગરનું જીવતરેય શા કામનું ? અપંગ મજબુર આલોક ની લાચારીનો ફાયદો ન ઉઠાવીશ નહીં તો 'માનવ' માંથી કયાંય ફેંકાઈ જઇશ આતો માત્ર વિચાર કરવો એ પણ મહાપાપ છે!

એટલામાં આલોકે આરતીના નામની બૂમ મારી અને આરતીએ આલોકના રૂમનું બારણુ ખોલી આલોક તરફ સરી અને આકાર અપંગ બિમાર આલોકને ગમગીન બની જોઇ રહ્યો.

'અરુ, લે આ 'ડાયવોર્સ' પેપર !' સવારે મિ. દિક્ષિત આવેલ તે કહેતા હતા કે આરતી હવે મુકત છે, પેપર્સ પર ઇનીશીયલ કરાવી લેશો. જ્યાં દિલની જુદાઈ જ નિશ્ચિત છે ત્યાં શબ્દોની માયાજાળ શા કામની ?' એમ કહી વિષાદ યુકત ચહેરે આલોકે પેપર્સ ધર્યા અને આરતી સામે પ્રેમ નિતરતી આંખે વ્યથિત હૃદયે જોયું અને બોલ્યો, 'અરુ, આજ તને મુકત કરૂં છું. વિના સંકોચે મિત્ર માની મુકિત સ્વીકારી 'બીચકેન્ડી' નો રંગભવન તું ભોગવ. આમેય ધન, દોલતની તો તને પડી નથી પરંતુ એક પ્રેમસંદેશની રીતીએ રંગભવનનો ઉપભોગ કરજે. આલોકનાં ગૃહદ્વાર તારા માટે હંમેશાં ખુલ્લા છે અને રહેશે એ કદી ન ભૂલીશ.

એક અપંગ માનવીની અંતઃકરણની નિખાલસતાએ આરતીમાં રહેલી 'નારી' ને સાવ વામણી બનાવી દીધી, પંગુ બનાવી દીધી. નત્ મસ્તકે ગંભીર ચહેરે પાછી ફરી પાછી ફરતાં જોયું તો આકાર 'બાર્બીટ્યુરેટ' ને ઢોળી રહ્યો હતો, આકાર જતાં જતાં કહેતો ગયો 'આરતી' એ ન ભૂલીશ કે આલોકનું જીવન આરતીમાં રહેલું છે. પ્રેમનું પૂર્ણવિરામ ગણી મિત્ર માની સેવા હોય તો વિના સંકોચે જણાવજે આરતી કંઇ પણ આગળ બોલે એ પહેલાં આકાર પગથીયાં ઉતરી ગયો. આરતી દેવ કરતાં કયાંય વિશેષ મહાનતા વાળા આકારને પશ્ચાતાપભરી આંખે

જતો જોઇ રહી. એના જીવનનો એક ભાગ પૂરો થઈ ચૂક્યો હતો. એની એ એ આંખોમાં આંસુ છલકાઇ ઉઠયાં એના શ્વેત ગુલાબી સ્વચ્છ ગાલો પરથી એક આંસુ અવનીપટ પર પડયું અને તે ધરાએ વહાલથી ચૂમી લીધું અને આલોકના અજાણપણામાં 'આરતી' નું પુનરાગમન કાળ પણ ન ટાળી શકયો.

★

આવું સાધુપણું શા કામનું ?

એક દિવસ આપણા જાણીતા લોકસેવક પૂ. રવિશંકર મહારાજ અમદાવાદથી બોરીયાવી જવા નીકળ્યા. અમદાવાદ સ્ટેશને પ્લેટફોર્મ પર પહોંચ્યા, ત્યાં માઇક પર જાહેરાત થઈ કે, ગાડી એક નંબરના પ્લેટફોર્મને બદલે બે નંબર પર આવશે.

ગાડી આવવાની તૈયારી હતી. જાહેરાત સાંભળીને સૌ બીજા નંબરના પ્લેટફોર્મ પર જવા દોડવા લાગ્યા. એક બાઇ તે વખતે માથે મોટું પોટલું અને કેડે નાનું છોકરૂ લઇને બે નંબરના પ્લેટફોર્મ પર જવા હાંફળી ફાંફળી દોડી રહી હતી અને દૂર રહ્યો રહ્યો એક માણસ બૂમ પાડયા કરતો હતો કે, ' આ બાઇને કોઈ મદદ કરો ને ? '

રવિશંકરદાદાએ એ બાઇને જોઇ, એટલે તેમણે તરત જ બાઇના માથા પરનું પોટલું ઊંચકી લીધું અને બાઇને સામેના પ્લેટફોર્મ પર લઇ જઈ ગાડીમાં બેસાડી.

શ્રી રવિશંકરદાદાએ પેલા ભાઇને પૂછ્યું, ' તમે બૂમો પાડતા રહ્યા, પણ જાતે એ બહેનને મદદ કેમ ન કરી ? '

પેલા ભાઇ કહે, ' હું તો સાધુ છું, મારાથી સ્ત્રીને કેમ અડાય ? '

આ સાંભળી રવિશંકરદાદાને થઇ આવ્યું, ' અરે તારુ ભલું થાય ? આવે વખતે સાધુપણું જો આપણા પગ પકડી રાખે, તો એવું સાધુપણું શા કામનું ? '

—મુકુલભાઇ

બુદ્ધિશાળી કિસાન–પુત્ર *

અશોક જી. જોષી
મોડાસા

વર્ષાઋતુ ખેડૂતો માટે અગત્યની છે. વર્ષાઋતુને આવકારવા માણસો, ચાતક પક્ષીઓ વગેરે તૈયાર થઇને ફૂલહાર લઈને જ જાણે ઊભાં હોય છે. તેમાં વરસાદની રમઝટ અને તેના કારણે ખેડૂતોમાં જે આનંદ અને ઉમંગ આવે છે તેને સંબોધવા માટે શબ્દો પણ શોધ્યા મળતા નથી. તેવા સમયની એક વાત છે.

વરસાદ બહુ સારા પ્રમાણમાં પડતો હતો, મગનભાઇ પટેલના ખેતરમાં મકાઈનો પાક સારો હતો. મકાઇના છોડમાં માણસ ઊભો રહે તો પણ તે જોવા ન મળે તેટલી મકાઈના છોડની ઊંચાઇ હતી, અને ઊંચાઇના પ્રમાણમાં જ ડોડા બેઠા હતા, એક એક છોડને ઓછામાં ઓછા ત્રણથી ચાર, અરે ! કેટલાક છોડ ઉપરતો પાંચ પાંચ...અને તે બધા દૂધથી ભરેલા, તોડીને ખાવાનું મન થાય તેવા...ઉડીને આંખેના વળગે તેવા...નજરે પડતા હતા.

મગનભાઈની જોડે કાળુસિંહ રાઠોડનું ખેતર હતુ. તેમને ગામના બધા નાના મોટા માણસો 'દરબાર' જેવા હુલામણા શબ્દથી આવકારતા હતા. તેમને પાંચ, છ મિત્રો હતા, અને તે પણ તેમની નાતના રોજ સાંજે 'દરબાર'ના ઘેર ભેગા થાય અને ગામની નવાજૂનીની વાતો કરી દારૂની પ્યાલી લગાવીને છૂટા પડે.

દરબાર પોતાના ખેતરમાં કંઇ પણ વાવતા નહીં. તેમનો મિત્ર તેમના ખેતરમાં વ વેતર કરતો હતો. તેથી તેમના ખેતરમાં સારો પાક પાકયો ન હતો. મકાઇના છોડ પર ધ્યાન ન આપવાથી પરે કુશળતાપૂર્વક કામ ન કરવાથી છોડ નાના હતા અને ડોડા પણ ઓછા બેઠા હતા ભાગ્યે જ નજરે પડતા હતા.

એક દિવસ કાળુસિંહ ફરતા ફરતા તેમના ખેતર બાજુ ગયા, અને પોતાના ખેતર કરતાં મગનભાઇના ખેતરમાં સારો પાક જોઇને મનમાં બોલવા લાગ્યા આ વખતે ગુજરાતીની પેલી કહેવત "લોભે લક્ષણ જાય" તે યાદ આવે છે.

તેતો થોડો સમય આમતેમ કરી ઘેર ગયા સાંજ પડવા આવી હતી તેમના મિત્રો રોજના સમયે ત્યાં આવી પહોંચ્યા કાળુસિંહે મગનભાઈના ખેતરમાં સારો પાક હોવાની વાત કરી. એટલામાં તો તેમનામાં બેઠલો માધુસિંહ બોલી ઉઠયો, "આજે રાતે જ તેનો ફેંસલો, બધા સાથે નીકળીએ તેને કહીએ કે તું આ પાક આપીદે નહિંતો તને મારી નાખીને લઇ જઇશું ?" આમ વિચાર કરી બધા તૈયાર થવા લાગ્યા.

જયારે બીજી બાજુ મગનભાઇ પોતાના ખેતરમાં પાક સારો પાકી ગયો હતો. એટલે તેના રક્ષણ માટે ખેતરની વચ્ચે માળો બનાવીને રહેતા હતા થાળી વગાડીને પક્ષીઓ ઉડાડતા હતા અને ખેતરનું રક્ષણ કરતા હતા બે વખત ભોજન લેવા પણ તેઓ ઘેર જતા ન હતા...

કાળુસિંહના મિત્રોએ તો મોં પર કાળુ કપડું બાંધી, કમ્મર પર કપડાનો બંધ બાંધી, હાથમા કટારી, લાકડી કે ભાલો વગેરે લઇને કાળુસિંહની આગેવાની નીચે નીકળ્યા રસ્તામાં જતાં જતાં તેઓ ઘણા વિચારો કરતા હતા તેમના માટે આ કાર્ય નવું ન હતું. આના કરતાં પણ ઘણાં અઘરાં અને કઠિન સાહસો પણ તેઓ ખેડી ચૂકયા હતા, તેમ કરતાં રસ્તો કપાઇ ગયો અને સ્થળ ઉપર આવી ગયા. તેઓએ તો ખેતરમાં પ્રવેશ કર્યો, જેથી અવાજ થવા લાગ્યો.

મગનભાઈએ બૂમ પાડી, કોણ છે.?

કાળુસિંહે જવાબ આપ્યો, 'દરબાર અને તેના સાથીદારો.'

મગનભાઈ તો દરબારનું નામ સાંભળી ધ્રુજવા લાગ્યા શરીર કાંપવા લાગ્યું, મોંમાં થૂંક સૂકાવા લાગ્યું છતાં તેમણે તે બધાને પોતાના તરફ આવવા ધ્રુજતા સ્વરે કહ્યું.

મગનભાઇનો અવાજ સાંભળીને કાળુસિંહ અને તેમના સાથીદારો તે તરફ ગયા "તેમણે ખેતરમાંના બધા ડોડા આપી દેવા કહ્યું, અને જો આપવાની ના પાડી તો મારી નાખવાની ધમકી આપી."

મગનભાઇ તો પહેલેથી જ ડરતા હતા, પણ 'બળતામાં ઘી હોમવાની' જેમ ખૂનની ધમકીએ વધારે ડરાવ્યા છતાં ડરતાં ડરતાં કહ્યું, "તમે તમારે ઘેર જાઓ બે દિવસ પછી બધા ડોડા તમારા ઘેર પડયા હશે."

મગનભાઇની સુંદર વાણી સાંભળી અને સંતોષકારક જવાબ મેળવ્યા પછી બધા ઘર તરફ જવા લાગ્યા બધા આજે આનંદમાં હતા. તેઓ તો ઘેર જઈને આનંદમાં દારૂની પ્યાલીઓ ચડાવીને રાત પસાર કરવા લાગ્યા.

મગનભાઈ વિચાર કરવા લાગ્યા. છેવટે કંઈ ન સૂજ્યું એટલે સવારે ઘેર ગયા, અને રાતે બનેલી સંપૂર્ણ હકીકત પોતાની પત્ની તથા પુત્રને કહી. તેમની પત્ની તો વાત સાંભળીને પોક મૂકીને રડવા લાગી પણ, તેમનો બાર વર્ષનો પુત્ર ચાલાક હતો. તેણે કહ્યું. તમે અત્યારે આપણા અને તેના ખેતરનો બધો પાક ઘેર લાવી દો. પછી તેના ઘેર જઇને દારૂ પીવડાવી પાક ખેતરમાં પેસીને લઈ ગયા છીએ તેમ લખાવી લાવો" આમ પુત્રની સલાહ સાંભળી પટેલ પટલાણી આનંદમાં આવી ગયાં.

તેમણે તો ત્રણ મજુર કર્યા અને ઘરના ત્રણ એમ કુલ છ જણે ખેતરમાં જઇને ડોડા ઉતારવા લાગ્યા. આ બધા ડોડા મગનભાઈના નાના ભાઈ વાલાભાઇના મકાનમાં મેડાના પાછળના ભાગમાં ભરે દીધા સાથે કાળુસિંહ ના ખેતરના ડોડા પણ લીધા હતા.

બીજે દિવસે સાંજે મગનભાઇ કાળુસિંહને ત્યાં ગયા, કાળુસિંહ પોતાના મિત્રો સાથે ડાયરો જમાવીને બેઠા હતા. મગનભાઇને જોઇને બધા આનંદમાં આવી ગયા, એટલામાં દારૂ આવ્યો મગનભાઇએ વાત કરી કે મકાઇના ડોડાનાં ગાડાં ભરાય છે. થોડા સમય પછી તે બધાં અહીં આવી પહોંચશે આમ વાત સાંભળીને બધા આનંદમાં આવી ગયા ને દારૂ પીવા લાગ્યા. દારૂના ઘેનમાં બધા ડૂબી ગયા, આવો સુંદર સમય જોઇને મગનભાઇએ લખાવી લીધું કે, કાળુસિંહ અને તેમના સાથીદારોએ મગનભાઈના ખેતરમાં પેસીને ઊભો પાક લૂંટી લઇને પોતાના ઘેર લઇ ગયા છીએ " આમ બધું કામકાજ પતાવીને બીજે દિવસે સવારે મગનભાઇએ પોલીસ સ્ટેશને જઇને ફરીયાદ કરી અને કાળુસિંહને ગુનેગાર ઠરાવ્યા.

પોલીસતો ચીઠ્ઠીની ચાકર, ફોજદારનો હુકમ થતાં તેતો કાળુસિંહને ત્યાં જઇ ને ઊભી રહી.

કાળુસિંહ પોતાના ઘર બહારની પડાળીમાં બેઠા હતા ને હુક્કો ગગડાવતા હતા પોલીસને પોતાના ઘેર જોઇને તેમણે પૂછ્યું " કેમ મારે ઘેર આવ્યા ?" પોલીસે જણાવ્યું કે, " તમે મગનભાઈના ખેતરમાં પ્રવેશી તેમનો ઊભો પાક લૂંટયો છે એટલે તમે ગુનેગાર છો અમે તમને પકડવા આવ્યા છીએ "

કાળુસિંહતો પોલીસો ઉપર ગુસ્સે થયા પરંતુ આતો પોલીસ ઓર્ડર થયો એટલે તે કામ કરીને જ જંપવાના તેમણે તો કાળુંસિંહને હાથકડી લગાવી અને તેના બીજા સાથીદારોને પકડીને લઇ ગયા અને જેલમાં પૂર્યા.

આમ કાળુસિંહ અને તેના સાથીદારોને જેલ મળી જયારે મગનભાઇના નાના બુદ્ધિશાળી પુત્રના વિચારથી પોતાનો પાક ઉપરાંત કાળુસિંહનો પાક પણ પ્રાપ્ત થયો.

સમાપ્ત

એ દુષ્કાળને કહી દેજો

એ દુષ્કાળને કહી દેજો હવેથી આવે નહિ,
વગર આમંત્રણે મહેમાન બનીને આવે નહિ.
એના આગમનથી;

ખલખલ કરતી નદીઓ, ને કલરવ કરતાં પક્ષીઓ,
સલીલ લહેરાવતાં વૃક્ષો, ને હરતાં-ફરતાં માણસો.
માત્ર દુષ્કાળના ઓળામાં સપડાઇને,

નથી રહયું એ નિર્જળ પાણી, કે પક્ષીના મધુર અવાજો,
નથી રહયા એ ઠંડા પવનો, કે આનંદમાં ફરતાં માણસો.
એ દુષ્કાળને કહી દે જો....

આનંદથી જીવન જીવનારને, ખોરાક માટે રખડતા કરી દીધા
આનંદ, વૈભવ, મોજમજાને, દુઃખ ત્રાસમાં પલટાવી દીધા.

એ નિર્દોષ બાળકોને, રડતાં કરી દીધાં,
વાચા હીન પશુ પક્ષીને, તાકાત હીન કરી દીધાં.

વૃક્ષોને પાણી માટે, બેહાલ કરી દીધાં
માણસોને, ભૂખે રઝળતા કરી દીધા.

એ દુષ્કાળને કહી દેજો હવેથી આવે નહિ
વગર આમંત્રણે મહેમાન બનીને આવે નહિ.

કચ્છમાં વૈશાખ માસ મારી નજરે

પટેલ શામજીભાઇ આર.
T. Y. B. Com
શ્રી અંબિકા વિજય સો મીલ
સાણંદ

એપ્રિલ '૭૪ના અંતમાં શરૂ થયેલી રેલ્વે કામદારોની રાષ્ટ્રવ્યાપી હડતાલ પણ જેને કંઇ જ અસર ન કરી શકી. તેવા સં. ૨૦૩૦ના વૈશાખ માસમાં ઉજવાઇ ગયેલા, આપણા, કચ્છવાસીઓના લગ્નોત્સવને નિહાળવો, માણવો એ પણ ખરેખર દરેક વ્યકિત માટે એક લ્હાવો જ હતો. જેમ ચાતક પક્ષી શિયાળા તથા ઊનાળાના ૮ માસ પસાર કર્યા પછી જેટલી આતુરતાથી વર્ષાના આગમનની રાહ જુએ છે, કંઇક તેવીજ વ્યથા ૨૦૨૯ના, લગ્ન વિહોણા વર્ષને વિતાવ્યા બાદ જાણે આપણો સમાજ અનુભવી રહ્યો હતો. ગત વર્ષ કચ્છમાં કોઇ લગ્નો થયાં ન હતાં, તેવી જ રીતે આવતા વર્ષે પણ લગ્ન થનાર ન હોઇ, ચાલુ વર્ષ જાણે દરેક ગામે લગ્નોનો રાફડો ફાટી નીકળ્યો હતો, મારા માનવા મુજબ, છેલ્લાં કેટલાંક વર્ષોમાં, પ્રથમ વાર જ કચ્છની આપણી પવિત્ર ભૂમિએ આવો સુઅવસર તેના આંગણે ઉમંગભેર જોયો હશે.

આ વર્ષ જોકે ખૂબ જ ટૂંક સમય માટે, મને પણ ક[…]માં જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. […]માંનુ મારું રોકાણ ખૂબ જ ટૂંકું હ[…] છતાં, મારા મૂળ સ્વભાવ મુજબ […]આપણા સામાજિક જીવનની ભીતર[…]કિયું કરવાની મારી લાલચને ન […]કયો. મારી સમજ શકિત અનુ[…] આપણા સૌ વચ્ચે રહીને, મેં જાવ[…] તથા કંઇક અં[…] અનુભવેલી વાસ્તવિકતા સભર હકી[ક]ત નીચે મુજબ છે. અગાઉથી જ એક હકીકતની સ્પષ્ટતા કરી લઉં છું કે નીચે જણાવેલ વર્ણનમાં મેં કોઇ એક વ્યકિતગત બનાવને જ આધારભુત લઇને, પરિસ્થિતિનું વર્ણન કરવાનો જરા સરખો પણ પ્રયત્ન કર્યો નથી.

મને લાગે છે કે આપણે લગ્નપ્રસંગો એ થતા ધૂમખર્ચાઓ ઘટાડવા તથા જૂના રીતિરિવાજોને બદલે નવા રિવાજો અપનાવવા, જૂના વ્યવહારોમાં પ્રસંગોપાત ફેરફાર કરવા, વગેરે બાબતોમાં જેટલું ધ્યાન આપીને જે કંઇ થોડી સફળતા હાંસલ કરી છે, તેની સરખામણીમાં ઊંઝા ખાતે થતાં આપણી જ બહેનોનાં લગ્નોને અટકાવવા માટે આપણે કંઇજ [ક]રી શકયા નથી, એ વાસ્તવિકતાને સૌએ ગંભીરતાપૂર્વક નોંધવી જ રહી. આપણા મુખપત્ર 'જાગૃતિ'માં લગભગ દરેક અંકમાં 'કન્યા વિક્રય'નો પ્રશ્ન એકથી બીજી રીતે ચર્ચાતો આવ્યો છે, [આ]પણાં યુવક મંડળો કે સમાજ[…] [ધ]ાર્મિક

એઠકોમાં પણ આ સ અગ્રસ્થાને હોય છે જ ઊંઝા ખાતે થતાં કન્યાઓનાં કહેવાતાં વેચાણો ને, સામાન્ય રીતે કહેવાતા દલાલોને દોષિત ગણીએ છીએ એતો કેટલે શે દોષિત છે તે વાત બાજુ પર ોએ પણ આ પ્રશ્ને મેં મેળવેલી ત જો સત્ય હોય (જો કે સત્ય) તો તે આપણા સૌ માટે **શરમજનક** કહેવાય ઊંઝા ખાતે થઇ ગયેલાં લગ્નોવાળા વ્યક્તિગત કિસ્સાઓને ગહન રીતે તપાસરામાં આવે તો જણાશે કે જે જે મા બાપોએ ત્યાં પોતાની દીકરીઓ આપી છે, તેનું કારણ છે તેમની મજબુરી, અસહાયતા અને લાચારી—

આપણે સૌ જાણીએ છીએ, તેમ હાલમાં આપણા સમાજમાં, 'લગ્ન બજાર'માં દિકરાનાં મા બાપોનું વર્ચસ્વ વધુ પ્રમાણમાં છે તેમનામાં, ખાસ કરીને, પોતે પુત્રનાં મા બાપ હોવા બદલનો ગર્વ તથા ખુમારી જણાયા વગર નહીં રહે આશ્ચર્યજનક હકીકત તો એ છે, કે એજ પુત્રનાં મા બાપ પોતાની જ પુત્રી કે બહેનના સગપણ માટે જ્યારે દોડધામ કરે છે. ત્યારે તેઓ નથી શિક્ષણને જોતા કે નથી ઉંમરને ધ્યાનમાં લેતા પરંતુ પુત્રના સગપણ માટે જ્યારે માગણી થાય કે તરતજ "હજુ તો ભણે છે" હજુ તો નાનો છે." અને છોકરાનાં લગ્નને વળી ઉતાવળેય શું છે! વગેરે જણાવે છે આવી વિષમ પરિસ્થિતિમાંય, જો દિકરીનો બાપ. આર્થિક રીતે સાધારણ સ્થિતિનો હોય અને દુષ્કાળમાં અધિક માસની જેમ, જો કુટુંબમાં કહેવાતી 'છાપ'નું બિરુદ લાગેલુ હોય તો તે કુટુંબની બહેન દિકરીનું તો આવી જ બન્યું સમજો, આ રીતે સતત દોડધામ અને વ્યર્થ પ્રયત્નો પછી પણ સર્વત્રથી જાકારો પામીને, કોઇપણ પિતા અંતે કરે પણ શું ? આ પરિસ્થિતિમાં હું માનું છું કે તેને ઇચ્છા હોય, કે ન હોય, ઊંઝા તરફ જ આશાનું એકાદ કિરણ ઉગતું તેને દેખાવાનું ! મારા યુવાન મિત્રો; આવી અસંખ્ય બહેનો આજે ઉત્તર ગુજરાતમાં છે. કે જેને આપણા સમાજ માં સ્થાન ન મળવાથી અહીં આવવું પડયું છે આ હકીકત આપણા સૌ માટે કલંકરૂપ જ ગણી શકાય આ સ્થિતિને મૂળમાંથી જ નિવારવા માટે દરેકે જે કંઇ બની શકે તે કરી છૂટવું જોઇએ. કયારેક વ્યક્તિગત રીતે સહન કરવું પડે તો તેની પણ તૈયારી રાખવી જોઇએ ભારતને ખૂણે ખૂણે છુટીછવાયી પથરાયેલી આપણી યૌવન શક્તિનું મૂલ્ય અને મહત્તાને ઓછી નહીં આંકતાં, સૌએ પોતપોતાની નૈતિક જવાબદારી સમજીને, વ્યક્તિગત નેતાગીરી લઇને, સૌએ આ ભગીરથ, પડકાર સમા કાર્યને પહોંચી વળવા કંઇક કરવું જ પડશે મિત્રો આ પ્રશ્ન હોય કે અન્ય કોઇપણ સામાજિક મુશ્કેલી હોયતો તે માટે સમાજના યૌવન ધનનો ઉપયોગ થવો જ

જોઈએ, તેમ હું માનું છુ જો યૌવન તાકાત એક સ્થિર સરકારનું રાજીનામું લઈ શકતી હોય વિધાન સભાનું વિસર્જન કરાવી શકતી હોય, તો શું આપણા અંદરોઅંદરના સામાજિક પ્રશ્નોને હલ નહી કરાવી શકાય ? આ અંગે આપણે સૌએ શાંતચિત્તે, ગંભીરતાથી વધુ ઊંડાણ પૂર્વક વિચારવું જ રહ્યું.

કચ્છમાં ચાલુ રોકાણ દરમિયાન બીજી એક દુઃખદ હકીકત તરફ પણ મારું ધ્યાન ગયા વગર રહી શક્યું નથી તે છે. "નાની ઉંમરમાંજ લગ્ન પતાવી દેવાની આપણી મહેચ્છા. "

મોટા ભાગના કિસ્સાઓમાં માબાપો પોતાનાં સંતાનો ૧૫-૧૬ વર્ષની વયે પહોંચે કે તરતજ એકાદ વર્ષમાં તો યેનકેન પ્રકારે પરણાવી દઇ પોતાના માથેથી મોટો ભાર ઉતરી ગયાનો દાવો કરી સંતોષ અનુભવે છે. પરંતુ આ રીતે પુખ્ત ઉંમરે પહોંચ્યા સિવાય ૧૫ ૧૬ વર્ષની કુમળી વયે થતાં લગ્નો પરણનાર દંપતિ ઉપરાંત, કુટુંબ તથા સમાજના વિકાસને પણ રૂંધે છે તે સત્ય હકીકતને આપણા સમાજમાંના બહુ ઓછા લોકો સ્વીકારશે આ સ્થિતિને નિવારવા માટે દરેક યુવાન મિત્રે તથા જાગૃત અને શિક્ષિત ભાઈ-બહેને એક દ્રઢ સંકલ્પ કરી લેવાની મને જરૂર જણાય છે કે ઓછામાં ઓછું આપણા કુટુંબમાં તો નાની ઉંમરમાં લગ્ન નહીં જ થવા દઈએ. અને બીજે કયાંય આ રીતે નાની ઉંમરમાં થતા લગ્નોત્સવમાં હાજરી આપવાથી અલિપ્ત રહીશું આપણે આટલું કરીએ તોય ઘણું છે.

અંતમાં, એક પ્રસંશનીય હકીકતનો ઉલ્લેખ કર્યા વગર ચાલે તેમ નથી આ વર્ષે થયેલાં લગ્નોમાં કયાંક કયાંક આપણા સમાજે લગ્ન માટે નિયમ કરેલા બંધારણ મુજબ વર્તવાનો, તથા કેટલાક પ્રસંગોમાં આર્યસમાજ પદ્ધતિથી લગ્ન કરવાના જે સફળ પ્રયત્નો આપણા જ ભાઈઓ તરફથી કરવામાં આવ્યા છે તેઓ અભિનંદનના અધિકારી બને છે આ સ્થાનેથી હું તેઓને મારા હાર્દિક અભિનંદન પાઠવું છું.

'જાગૃતિ'ના યુવાન વાચક મિત્રો માંથી અસંખ્ય મિત્રો શિક્ષણ ક્ષેત્રમાં ખૂબજ આગળ વધેલા છે તેમાંથી જેમને પત્રમૈત્રીનો શોખ હોય તેવા મિત્રોને મારી મિત્રતા માટે આવકારું છું મને દુઃખ છે કે મારા અસંખ્ય દેશી તથા વિદેશી પત્રમિત્રોમાં આપણી જ્ઞાતિના બહુજ જૂજ મિત્રો છે.

જયહિંદ —

અજંપા જપ એટલે શું ?

સંપાદક : હરિલાલ ડી. પટેલ
"કશ્યપ"

હરેક ધર્મમાં તેની ઓળખ માટે ગમે તે એક સર્વ સામાન્ય, પોતાના ધર્મના ઇષ્ટદેવના નિત્ય સ્મરણ માટે કોઇક ઉકિત રચવામાં આવે છે તેને જપ કે મંત્ર કહે છે. જેમકે જય સ્વામીનારાયનુ 'મિચ્છામિ દુકકડ" ઇત્યાદિ.

પોતાના સદ્‌ગુરૂએ ઉપદેશેલા મંત્રનું સ્મરણ કરવું તે જપ કહેવાય છે. બાહ્ય પ્રવૃત્તિઓમાં રોકાયેલી કર્મેન્દ્રિયો અને અંતઃકરણની વૃત્તિઓમાં અટવાયેલી જ્ઞાનેન્દ્રિયોને આકર્ષીને અંતરમાં એકરૂપ કરવા માટે મંત્રજપનું સ્મરણ ઉપયોગી છે. ઉપવાસ, તપ કે વ્રત કરનારે જપનું અધ્યયન અવશ્ય કરવું જોઇએ. તેથી ચિત્તની એકાગ્રતા ટકાવી શકાય છે. દેવાદિ તથા ધર્માદિના ભેદથી જપના ઘણા પ્રકાર છે. પણ સર્વમાં શ્રેષ્ટ જપ અજંપા જપ છે. અથવા અજંપા સ્મરણ છે. અજંપા જપ એટલે વિના જપ્યે પ્રયત્ન કર્યા વગર સ્વાભાવિક રીતે જે જપનું સ્મરણ થયા કરે તેવી ઉકિત. શાસ્ત્રોમાં જપનું લક્ષણ નીચે પ્રમાણે કહ્યું છે.

गुरुणा चोपदिष्टोडपि वेदवाह्य विवर्जितः
विधिनोक्तेन मार्गेण मंत्राभ्यासो जपः स्मृतः ।।

વેદોકત મંત્રોનો ગુરૂદ્વારા ઉપદેશ પામીને તે મંત્રનો વિધિપૂર્વક અભ્યાસ કરવો તે જપ કહેવાય છે.

જે મંત્રનો જપ કરવો તે મંત્રનો અર્થ પણ જાણવો જોઇએ હિંદુધર્મમાં શાસ્ત્રો પ્રમાણે મુખ્ય અજંપા જંપ એ જ છે. 'ॐ' અને '**सोहं**' આ બંને મંત્ર જપ ને અજંપા જપ કેમ કહે છે. અને તેની ઉત્પતિ કેવી રીતે થઇ તે જોઇએ.

हकारेण बहिर्याति सकारेण विशेत्पुनः।
हंस हंसेति मंत्रोडय जीवो जपति सर्वदा ।।

અર્થ :- શરીરમાંનો વાયુ હકારથી બહાર આવે છે અને સકારથી પુનઃ શરીરમાં પ્રવેશ કરે છે. એવી ક્રિયા વડે 'હંસઃ' 'હંસઃ' એવી રીતનો ધ્વનિ ૫ મંત્ર દરેક જીવાત્મા સર્વદા જપે છે. હવે વધુ વિગતે જોઇએ તો અંતરનો પવન. નાક તથા મુખ વાટે બહાર નીકળતાં 'હ' ના જેવો ધ્વનિ થાય છે અને બહારનો વાયુ અંદર પ્રવેશે છે. એટલે કે શ્વાસોચ્છવાસ કરતી વખતે 'સઃ' નો સ્વાભાવિક ધ્વનિ થયા કરે છે. આવી રીતે બંને ધ્વનિને જોડતાં 'હંસઃ' જેવો ઉચ્ચાર થાય છે. તેથી

જ પ્રાણને હંસનું નામ આપવામાં આવ્યું છે. હંસઃ ને ઉલટાવવાથી તેનું વિપરીત્ત સ્વરૂપ 'સોહં' થઈ જાય છે.

एकविंशति साहस्त्रं षटशताधिकमीश्वरि ।
प्रत्यहं जपते प्राणी हंस इत्यक्षरद्वयम्

અર્થ: હે ઈશ્વર ! પ્રાણીમાત્ર આરોગ્યની સ્થિતિમાં રાત દિવસ 'હંસઃ' એવી રીતના બે અક્ષરને ૨૧૬૦૦ વખત જપે છે. આમ જે જપનું વિના પ્રયત્ને જ સ્મરણ થયા કરે તે જ ખરો અજંપા જપ છે.

હવે 'સોહં' માંના 'સ' પછીનો ઉચ્ચાર 'ઓ' અને 'હ' પછીનો અનુસ્વાર મળીને સંયુક્ત ઉચ્ચાર 'ઓં' (ઓમ) ૐ થાય છે. દેહમાં જ્યાં સુધી 'સોહં' નો જપ જપાયા કરે છે. એટલે પ્રાણની હયાતિ પણ રહે છે. આપ 'સોહં' માંથી ૐ ની ઉત્પત્તિ થઈ છે. ૐ એ આત્માનુ સંકેતરૂપ નામ છે. અને સોહં એ પ્રાણનું સંકેતરૂપ નામ છે. એ રીત શરીરમાં જ્યાં સુધી ૐ છે. ત્યાં સુધી સોહં એટલે હંસ છે.

આપને કદાચ શંકા થશે જપનું જીવનમાં શું મહત્વ છે? શ્રી મનુભગવાને જપને શ્રેષ્ઠ પ્રકારના યજ્ઞ તરીકે ઓળખાવતાં કહ્યું છે કે

ये पाकयज्ञा श्चत्वारो विधियज्ञ समन्विता : ।
सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोडशीम् ॥

અર્થ :- અગ્નિહોમ એટલે દૈવયજ્ઞ બલિદાન યજ્ઞ તથા નિત્યશ્રાદ્ધ એટલે પિતૃયજ્ઞ અને અતિથિ ભોજન એટલે મનુષ્ય યજ્ઞ એવા ચાર પ્રકારના પાકયજ્ઞો તથા શાસ્ત્રોકત વિધિના બીજા સર્વે યજ્ઞો જપ રૂપ યજ્ઞના ૧/૧૬ ભાગ બરાબર પણ નથી થતા આમ જપ મનની બાહ્ય પ્રવૃતિઓનો નાશ કરે છે.

ધર્મને અનુસરનારા અને મોક્ષની ઇચ્છાવાળા માણસો ગુરૂપાસેથી દીક્ષા લીધા પછી પોતાના અધિકાર પ્રમાણે મુખ્યત્વે નીચેના મંત્રોમાંથી કોઈ એક મંત્રનું નિત્ય સ્મરણ કરે છે— 'ૐ' 'સોહં' 'શિવોહં' 'રં' 'રામ' 'સચ્ચિદાનંદોહં' શુધ્ધોહં' નિર્વિકારોહં' 'અદ્વૈતોહં' 'અહં બ્રહ્માસ્મિ' 'ૐ નમઃશિવાય' 'ૐ નમો ભગવતે વાસુદેવાય' 'ૐ નમો નારાયણાય' 'શ્રી કૃષ્ણ શરણં મમ' અને 'ૐ નમો ગુરૂદેવાય ગોવિંદાય' ઈત્યાદિ સિવાય બીજા જુદા જુદા ધર્મો પ્રમાણે ઘણા જપ છે.

" ઉમડ—ઘુમડ "

—એચ. પી. પટેલ
નવાનગર

વરસાદ ! વરસાદ પણ કેવો શબ્દ છે, જે સાંભળીને કોઈની હૃદય વીણાના તાર ઝંકૃત થઇ ઊઠે છે. કોઇને સસુરાલ યાદ આવે છે, કોઇને સ્કૂલમાંથી છુટ્ટી લઇ ઘેર પત્તાં રમવાનું સૂઝે છે. મકાન માલિકો ગભરાઈ જાય છે. કે હવે આવ્યો સમય, ભાડુઆતો માથુ ખાઈ જશે આ રિપેર ન થયું–તે રિપેર ન થયું !

મારો અનુભવ તો વરસાદ વિષે કંઇક જુદો જ છે. મે અને જૂનમાં તો એટલી ગરમી પડે છે જાણે માથુ વરાળ બનીને ઉડી જાય છે. ભારતીય સભ્યતાની સુરક્ષા માટે દોઢ ગજનું ઓટિયું જરૂર લપેટી લઉ છું પણ આ દિલ તો એમ જ કહ્યા કરે છે. કે કોઈ 'ન્યુડિસ્ટ' કલબનો મેમ્બર થઈ જાઉં થોડીક પળો કદાચ આરામથી પસાર થાય, વીજળીનો પંખો, ઇલેકટ્રીક હીટર નું કામ આપે છે. જો પંખા–કુલી રાખીને દેશી પંખો, ખાવાનું રાખુતો પછી તે ઓરડામાં પત્નીને ન બેસાડી શકાય કોશિષ તો ઘણી કરું છું કે કોઈ અંધ પંખા–કુલી મળી જાય પણ કોઇ મળતુ નથી.

આવી અવસ્થા પછી વર્ષાનું આગમન થાય છે. શા માટે આનંદ ન થાય ? પહેલે દિવસે જયારે પાણી વરસે છે. હૃદય નાચવા લાગે છે. તબિયત મસ્ત બની જાય છે, મોટી મોટી ઉદાસી ધારણ કરનારના દિલમાં પણ તરંગો ઊઠે છે અને જીવન કાવ્યમય બની જાય છે. કલમ લઈને કવિતા લખવા બેસી જાઉં છું સમાચારપત્રોમાં પણ આપ જોઈ શકો કે ચોમાસામાં જેમ નદીઓમાં પૂર આવે છે તેમ કવિઓમાં પણ પૂર આવે છે. અહીં દેડકાની ટર...ટર ત્યાં કવિતાઓની ગૂંજ સંભળાય છે. મારા માથા પર પણ કવિ વાલ્મિકીનો આત્મા નાચવા લાગ્યો અને કલમે કાગળને સ્પર્શ કર્યો ન કર્યો એક કવિતા તૈયાર હતી, અષાઢમાં તેનો જન્મ થયો છે. જયારે ખૂબ પાણી વરસતું હા તો હવે મારી પ્રતિભાની ચકકીનો લોટ પણ ચાખો– મોન્સૂનની જૂનમાં આવી હવા.

ઘનઘોર ઘટાની છટા અહીં છે.
ન રાત્રે મૂન છે નૂનમાં પણ
કલશોર ગડગડાટ અને ઘનશ્યામ અહીં છે.
થઈ જાય મસ્તી તો માફ કરજો,
રિવોલ્યુશનમાં દિલની દુનિયા વસી છે.
વરસની વસંતની આ સીઝન છે.
ન પૂછજો મને આનુ શું રીઝન છે !

વરસાદનો આનંદ ધીમે ધીમે આવતો હતો દિલ ઉમંગમાં તો હતું

જ શ્રીમતિનો આગ્રહ હતો કે આજે કોઈ ખાસ વાનગીઓ બને. વાદળોના ગડગડાટ સાથે જીભ પણ ચારે પગે દોડતી હતી ભોજનની સામગ્રી જોઇને મોંમાં પાણી આવતું હતું. હજુ ભોજનની શરૂઆત નહોતી કરી ત્યાં તો એક પતંગિયુ મારા ચહેરાની આસપાસ ઘૂમવા માંડયું. મને થયું કે કદાચ તેને ગુલાબનો ભ્રમ થઇ ગયો હશે. કારણ કે આ દિવસોમાં હું તંદુરસ્ત થઇ ગયો હતો પછી જોયું તો બીજુ, પછી ત્રીજું આ તો પતંગિયાં નહિ પણ ચામાચિડિયાં હતાં. જોતજોતામાં મારી થાળી પ્રેમનું રંગસ્થળ બની ગઈ પ્રેમની શરાબમાં મસ્ત દિવાનાઓએ મારી થાળીમાં જ આત્મહત્યા કરવાનું નક્કી કર્યું કોઇ કઢીનાં ડૂબીને પ્રાણ સમર્પતાં હતાં કોઇ ચટણીમાં ચોંટી રહ્યાં હતાં કોઈ રાયતાંના દળમાં ઘૂસી ગયાં હતાં. કોઇએ કચોરી સાથે માથું ટકરાવ્યું વિપ્રલજ શૃંગારનું એવું નાટક થાળીમાં રમાઇ ગયું કે મેં વરસાદને સો સો વધામણીઓ આપી તે રાત્રે ખાવાનું મેંમાં તો, ન જ ગયું.

વરસાદના દસ પંદર દિવસ વીતી ગયા હશે. કયારેક કયારેક ધૂપ–છાયાની કોમેડી–ટ્રેજેડી ચાલતી હતી. એક રાત્રે આકાશ બિલકુલ સાફ હતું. ભૂરા આકાશમાં યતા એવા તો ચમકી રહ્યા હતા કે જાણે હિંદુસ્તાનના મેદાનમાં વિલાયતની પરીઓ ઊભી છે. બહારની છત પર હું સૂતો હતો ઠંડક પણ હતી અને ઊંઘ આવી ગઇ થોડીવારમાં લાગ્યું કે કાનની નજીક ગીત ગૂંજતું હતું મને એમકે સ્વપ્નમાં રડિયો સાંભળી રહ્યો છું સાથે જ કાનમાં કંઇક ખૂંચ્યું. મને લાગ્યું કે શ્રીમતિજી કંઇક મજાક કરતાં હશે. પણ ફરી એક વાર પગમાં પણ કંઇક વિચિત્ર ખંજવાળ પેદા થઇ અને સાથે કંઇક ઝણઝણાટી પણ. ઊંઘ ઊડી ગઇ હતી. હું હોશમાં આવતો હતો. મિસ્ટર મોસ્કિવટોએ તેની પૂરી સેના સાથે હૂમલો કરી દીધો હતો હેનિબલનો હૂમલો સિકંદરનો હૂમલો, હિંડનબર્ગનો હૂમલો આ બધું તો સાંભળ્યું હતું પરંતુ ફિલ્ડ માર્શલ મોસ્કિવટોનો હૂમલો ! ! વરસાદમાં બીજાં બધા યુદ્ધ બંધ રહે છે પણ આમનો ઓફેન્સિવ હૂમલો શરૂ થઈ જાય છે, બહારથી ઊઠીને અંદર ઓરડામાં ગયો પણ ત્યાં ગરમી તંગ કરતી હતી મચ્છરદાની લગાવી આ મચ્છરદાનીની અંદર પણ શ્રી મચ્છરરામ ઘૂસવાની કોશિષ કરતા હતા. એકાદ સફળ પણ થઇ જતા હતા અને ગરમીનું તો પૂછવું જ શું ?

વરસાદમાં બહાર ઊંઘવાની મજા મચ્છરોએ બગાડી નાખી હતી. કયારેક કયારેક મચ્છરદાની લગાવીને ઊંઘ તો તો જાણી બુઝીને વરસાદ આવતો જામતાં જામતાં તો મચ્છરદાની ભીંજાઇ

ને બેકાર બની જતી.

અમારો ઉપરનો ઓરડો પથ્થરોની છાપરાથી બાંધેલો છે. કઈ સાલમાં તે બંધાયેલો છે એ વિશે આજે પણ મતભેદ છે. કેટલાક લોકો કહે છે કે જ્યારે હુમાયું અને શેરશાહની લડાઈ થઈ તે વખતનો છે. તો બીજા લોકો કહે છે કે નહીં, એટલો બધો ભાગ્ય બાંધવા કહેવાય છે વોરન હેસ્ટિંગ્સ અને ચેતસિંહ વચ્ચે જ્યારે લડાઈ થઈ ત્યારે એ બંધાયેલો છે. આ શોધ ઇતિહાસના પ્રોફેસરો પર હું છોડી દઉં છું. હું તેજ ઓરડામાં સૂતો હતો, ઊંઘ ઉડી ગઈ અને પગ પર કંઈક વસ્તુ પડી. ટપ ત્યાંથી બિસ્તરો વાળી લીધો અને જમણી બાજુ ટપ પડી. તેમ ડાબી બાજુ ટપ. હું બિસ્તરો વાળતો રહ્યો. અંતે છેવટે, શું કરું, ટપટપ પછી બારણે શરૂઆત થઈ. મેં બિસ્તરો વાળવાનું ચાલુ રાખ્યું, અને હું પોતે પણ સંકોચાતો ગયો. કોઈ જિમ્નાસ્ટિકનો પ્રોફેસર મને જુએ તો જરૂર ઇનામ આપે. સંકોચાતો સંકોચાતો એક ખૂણામાં ગયો. થોડીવારમાં મારો આખો શરીર પણ થોડોક હાલ્યો. મેં નોકરને બૂમ પાડી તે ફાનસ લઈને આવ્યો અને કહે કે, છત ચૂએ છે. પ્રકાશમાં મેં જોયું તો ઓરડામાં ઓછામાં ઓછું એક ઇંચ ઊંડું પાણી હતું. વરસાદને કારણે આ મકાન તો આવી અને એક

પંક્તિ યાદ આવી.

"ટપકીને છતથી પાણી જ્યારે કે ભરાઈ જાય છે. શ્રાવણમાં મજા આવે છે અમારી ઝૂંપડીમાં, અમને 'વેનિસ'ની.

વગર પૈસે વેનિસની મજા આવી ગઈ. બીજે દિવસે સવારે શ્રીમતિનું મોં પડી ગયું હતું. અને આવીને ભાષણ ચાલુ કર્યું આજે ખાવાનું કેમ બનશે? મેં ખૂબ સહાનુભૂતિથી પૂછ્યું "કેમ, કોગળો આવી ગયો કોઈ?" વાત એમ હતી કે મારાં માસીજી બિમાર હતાં તે બોલી, "કેવો કાગળ? બધાં ઈંધણાં પલળી ગયાં છે, સળગતાં જ નથી એક લિટર કેરોસીન તો વાપરી નાખ્યું પણ હજીયે સત્યાગ્રહ કરીને બેઠાં છે. હવે સાંજે જમજો.'

જેમજેમ વરસાદની મોસમ જામતી ગઈ, મારી પરેશાની પણ વધતી જતી હતી. ઘરમાં આફત, બહાર પણ આફત આ છત્રી પણ કોઈ બેવકૂફ બેંજાની ઉપજ છે. ખોલીએ તો લાગે કે માથે તંબુ ઉપાડીને ચાલીએ છીએ. બંધ કરીએ તો બરાબર લાકડીનું કામ પણ ન આપે. હા, વોટરપ્રુફ ઘણું સરસ છે પણ તે પહેર્યા પછી રૂપિયાનો સાબુ જોઈએ, નીચેનાં કપડાંની ગંધ સાફ કરવા માટે

રસ્તામાં અળસિયાં અને દેડકાં, ઘરમાં ૮૦૭૫ પ્રકારનાં કીટ પતંગિયાં આ બધી વરસાદની ભેટ છે. હા વર્ષામાં ખસ દાદર પણ થઈ જાય છે આ ખૂબ મજાઈની વસ્તુ છે તેને ખંજવાળવામાં જે આનંદ આવે છે, જાણે પ્રભુ ઈસા મસીહે સ્વર્ગની બાદશાહી આપી દીધી છે!

('બનારસી'ની હિંદી વાર્તા પરથી)

જાહેર નોટીસ



આથી લાગતા વળગતા સ્નેહીઓ તથા સંબંધી ભાઈઓને જણાવવાનું કે અમારે નામે કપડવંજના રહીશ વેલજીભાઈ ઉર્ફે મગનલાલ કરમસીભાઇ નીચે પ્રમાણેના બાનાં બતાવી રોકડા પૈસા લઇ જાય છે.

★ હું માવજીભાઇનો નાનો ભાઈ છું મારૂ નામ કાન્તિલાલ રાજારામ છે.

★ મને ભાઇએ મોકલેલ છે ટ્રકનું ટાયર ફાટી ગયેલું હોઇ થોડી રકમ મારી પાસે છે બાકી ખુટતી રકમ આપો જે ઘેર જઇ હું મોકલી આપીશ.

★ ભાઇની તબીયત બહુ ખરાબ છે અને ધંધામાં સંપૂર્ણ હુંજ ધ્યાન આપુ છું.

★ ટ્રકની બેરીંગ લેવાની છે. મારી પાસે થોડા પૈસા હતા તે વપરાઇ ગયા, ટ્રક રસ્તામાં પડી છે તો અમુક રકમ આપો પછી તમો કહેશો તે પ્રમાણે સદર રકમ પહોંચતી કરીશ.

આ પ્રમાણેના ખોટા બાના બતાવી છેતરવાના ધંધા કરે છે. તો તેમાં ફસાવુ નહિ જેની નોંધ લેવી.

લિ. પટેલ માવજીભાઇ રાજારામ
,, કેશવલાલ રાજારામ
,, કાન્તિલાલ રાજારામ
શંકર વિજય સો મીલ
એસ. ટી. સ્ટેન્ડ સામે, કપડવંજ
(ગુજરાત રાજ્ય)

પૂછેલા પ્રશ્નોના જવાબો

જવાબ આપનાર — પ્રશ્નો પૂછનાર

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવક મંડળ ઘનસુરા (ગુજરાત) — **પટેલ મેઘજીભાઈ વાલજીભાઇ સુરત**

પ્રશ્ન ૬ લગ્ન સમારંભોમાં થતા ખાસ ભોજન ખર્ચને શી રીતે તીલાંજલિ આપી શકાય ?

જવાબ ભાઇશ્રી આપે જે પ્રશ્ન પૂછયો તે પ્રશ્ન કોઇપણ સમાજની આર્થિક બાબતને દ્રષ્ટિ સમક્ષ રાખીએ તો પણ તે ખૂબજ ગંભીર સમસ્યા બની જાય છે. આપણા સમાજમાં પણ આપે કાર્યાલય પર પૂછેલો આ પ્રશ્ન અનેક વ્યકિતઓએ પોતાના હૃદયને તો અચૂક પૂછયો જ હશે. તેમાંય લગ્ન જેવા માંગલિક પ્રસંગની ઉજવણી વખતે જેને ત્યાં લગ્ન હોય તેના માટે તો એ હૃદય સ્પર્શી પ્રશ્ન જ બની જાય છે. ઉપરાંત એવા પ્રસંગે એકત્ર થનાર અનેક સ્નેહીસબંધીજનોના માનસપટ પર પણ એ પ્રશ્ન અથડાયા વિના નથી રહી શકતો. તેના વિશે ઘરગથ્થુ વાતો અનેક વખત ચર્ચાઇ ગઇ હશે પરંતુ સમગ્ર સમાજની પ્રદેશવાર નેતૃત્વ શકિત આગળ આ પ્રશ્નની ગંભીરતાની નોંધ લીધા વગર ખરેખર આ પ્રશ્ન ખૂબ ગંભીર છે તેનો નિર્દેશ કયાંય પણ થયો હોય તેમ લાગતું નથી, પ્રશ્ન જેટલો ગંભીર છે તેમ તેનું નિરાકરણ પણ ગંભીર જ હોય તે સ્વાભાવિક છે પણ જરૂર છે માત્ર આ પ્રશ્નનું નિરાકરણ કરવા માટે સામાજિક સ્તર પર વિચાર વિનિમય અને તેના નકકર અમલની.

જો કે કાળબળે આપણે ચાર ટંકમાંથી એક બે ટંક જ ભોજન આપવા સુધી પ્રગતિ સાધી છે પરંતુ હવે એકાદ બે ટંકનું પણ જે ભોજનખર્ચ થાય છે તે પણ પારાવાર મોંઘવારીના સમયમાં ખૂબ મુશ્કેલીમાં મૂકી દે તેટલું જ થાય છે. તો અમારી દ્રષ્ટિએ ભોજન ખર્ચને તિલાંજલી આપતાં તો ઘણાં વર્ષો જશે પરંતુ કાપ મૂકવા પ્રયત્ન કરવાની જરૂર છે ભોજનખર્ચમાં કાપ મૂકવા માટે—

(૧) સમગ્ર સમાજની રીતે સમુહ લગ્નો યોજવામાં ભલે મોડું વહેલું થાય પરંતુ કચ્છમાં, ગુજરાતમાં કે અન્ય કોઇપણ પ્રાંતમાં વસતાં આપણાં જ્ઞાતિજનો પોતાના જિલ્લામાં, ગામમાં કે શહેરમાં યોજાતાં લગ્નો માટે વર્ષમાં એક અથવા બે જ દિવસ નકકી રાખીને સમુહમાં લગ્નોત્સવ ઉજવે, જો કે અમલમાં ખૂબ મુશ્કેલીઓ આવે જ.

(૨) જાનમાં લઇ જવામાં આવતી સંખ્યાબળ ઉપર ધરખમ કાપ મૂકવામાં આવે.

(૩) જાન આવતાંની સાથે જ અન્ય વિધિઓનું પૂર્વઆયોજન કરી તાત્કાલિક લગ્નમંડપ તરફ એક બાજુ લગ્નવિધિ શરૂ થાય અને બીજી બાજુ મોટા ભાગે ક્યાંક એ ટંક જેવું જ રોકાણ થઇ જાય છે. તેના બદલે એકજ ટંકની આ રીતે ગોઠવણ કરીતાત્કાલિક જાન વિદાય કરી શકાય.

(૪) ભોજનની પ્રથા કાઢી નાખીને માત્ર અલ્પાહાર આપવાનું જ ગોઠવવામાં આવે તોપણ ખર્ચમાં કાપની આવશ્યકતા છે. બિલકુલ તિલાંજલી આપતાં વરસો જાય અગર બિલકુલ તિલાંજલી ન પણ આપી શકાય.

પ્રશ્ન ૭ દરેક સ્થળે સ્થપાયેલાં યુવક મંડળોને ઠરાવ, મીટીંગ અને લેખો લખવાને બદલે કાર્યશીલ બનવાનો અને કંઇક કરી બતાવવાનો સમય શું હજુ નથી આવ્યો ?

જવાબ:– અમારા માનવા મુજબ ગત વર્ષે અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની સ્થાપના થઇ તે પહેલાં ઘણાં ઓછાં યુવક મંડળો અસ્તિત્વમાં હોવાં જોઇએ અને જ્યાં અસ્તિત્વમાં હશે ત્યાં ક્રિયાશીલપણા નું પ્રમાણ ઓછું હશે છતાંય ક્યાંક ક્રિયાશીલતા વધુ હશે તો પણ સમગ્ર સમાજને તેનો ખ્યાલ "જાગૃતિ" – આઝાદ કલમ જેવાં માધ્યમો દ્વારા આપવામાં ન આવતો હોય. જેથી ન આવી શકે એ બધું ગમે તે હોય છતાં છેલ્લા અઢારેક માસમાં ઘણી જગ્યાએ યુવક મંડળો અસ્તિત્વમાં આવ્યાં છે. જે હજુ બાલ્યાવસ્થા જ ભોગવે છે.

છતાં પણ આપણા શું કે અન્ય સમાજોના પણ સામાજિક સ્તર વિશે વિચારીએ તો વડીલપેઢી અને યુવાનપેઢી વચ્ચે હજુ સુધી જમીન આસમાન જેટલું અંતર રહ્યા કર્યું છે. એનું કારણ એ હોઈ શકે કે કાંતો વડીલો–પોતાની જ અનુગામી એવી યુવાનપેઢીમાં વિશ્વાસ મૂકી ન શકતા હોય અગર યુવાન પેઢી પોતે પણ શકિતશાળી છે, તેનામાં પણ કંઇક સામાજિક કાર્યો કરવાની તમન્ના છે એવી શકિત હોવાનો વિશ્વાસ વડીલ પેઢી પાસે ન પણ કરાવી શકી હોય તો એ પ્રમુખ કારણોથી જ યુવાપેઢી સામાજિક સેવા માટે આગળ ન આવી શકી હોય તેમ બને.

બીજી બાજુ છેલ્લા એકાદ બે દશકાની આપણી સામાજિક, આર્થિક પ્રગતિને ધ્યાનમાં લઇએ તો સૉમીલ, ખેતીવાડી તેમજ અન્ય નાના મોટા

ધંધાઓમાં આર્થિક પ્રગતિ સાધવા માટે રોકાયેલી યુવાપેઢી પોતાનું લક્ષ ધંધા સિવાય ન બદલી શકી હોય તેમ બન્યું છે એક સાથે બે ઘોડા પર સવાર ન થઇ શકાય' એ કહેવત ને પણ યુવાપેઢીએ શિરોમાન્ય ધણી હોય !

છતાંપણ ગુજરાતમાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ ગુજરાતની જો વાત કરીએ તો અહીંના અગ્રણી વડીલોએ આપણાં બાલક–બાલિકાઓ માટે જે છાત્રાલયોનું સંચાલન કર્યું છે તેમાં અહીંના શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ યુવકમંડળના કાર્યકરોમાં એટલે કે યુવાન પેઢીમાં વિશ્વાસ મૂકવાનું કુનેહ બુધ્ધિથી જે કામ કર્યું છે તેના ફલસ્વરૂપે યુવાનપેઢીએ પણ વડીલોના કાર્યમાં સહભાગી બનવા યથાશકિત પ્રયત્ન કર્યો છે.

ઉદા. તરીકે છાત્રાલયનાં બાલક–બાલિકાઓ માટે તેમજ સમાજ વાડી માટે કૂવા પર પાણીની ટાંકી બનાવવા માટે યથાશકિત ભંડોળ એકત્ર કર્યું છે. એટલું જ નહિ પણ છાત્રાલયમાં ભણતાં બાળકો માટે વર્ષે શકય એટલા ઘઉં તેમજ અન્ય અનાજ ઉઘરાવવાનું; છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં બાળકોનું શિક્ષણ સુધારવા સ્પર્ધાત્મક ધોરણે વધુ માકર્સ મેળવવા પ્રોત્સાહન મળે તે માટે આર્થિક–ઇનામી સ્પર્ધાઓ પણ યોજે છે. આ તેમજ આવી અનેક નાનીમોટી કાર્યવાહી કરવા માટે વખતોવખત વડીલપેઢી તેમજ યુવાપેઢી વચ્ચે વિચારોની આપલે કરીને પછી જ નકકર કાર્યવાહી પર જઇ શકાય છે. તે હકીકત છે.

આ બધા ઉપરાંત પણ અખિલ ભારતીય ધોરણે જે યુવકસંઘની સ્થાપના થઇ છે તેના આદેશથી પણ યુવાનપેઢી વધુ કાર્યશીલ બનતી જોવા માટે અમોને સંપૂર્ણ શ્રધ્ધા છે. પણ યુવાન પેઢીના એકલા હાથે તાળી ન જ પડી શકે તે પણ તેટલી જ સાચી હકીકત છે તે માટે અગ્રણી વડીલો તેમજ સમગ્ર સમાજનો અમૂલ્ય સાથ સહકાર પણ જરૂરી છે શું એકલા યુવકસંઘ પાસેજ આપણે આવી બધી અપેક્ષાઓ રાખી શકીયે કે ?

— યુવકસંઘ જ સમગ્ર સમાજમાં છૂટાછેડા બંધ કરાવે ?
— સંઘના સભ્યોજ સમુહલગ્નો ગોઠવે અગર સમાજના કોઇપણ ઠરાવોનું પાલન કરાવે ?
— યુવક સંઘના સભ્યો જ સમાજમાં દારૂ, જુગાર. વૃધ્ધ ઉંમરે થતાં લગ્નો

— ઊંડા તરફ ધસડાતી જતી બાળાઓ જેવા સામાજિક સડાઓ અટકાવવા પ્રયત્ન કરે ?

— કેળવણીનું પ્રમાણ વધારવા ઠેર ઠેર છાત્રાલયો બંધાવે અને સંચાલન પણ કરે ?

આ બધા પ્રશ્નોનું નિરાકરણ કરવાની જવાબદારીનો બોજ માત્ર યુવાપેઢી પર જ ન નાખી શકાય સમાજનું જ એ કામ છે તેમાં યુવાપેઢી સહભાગીજરૂર બની શકે કારણ કે તેમને પણ પોતાનાંય વાલીવારસોની જવાબદારી છે. ધંધાકીય બોજાઓને તેઓ પણ વરેલા છે એ ન ભૂલતાં સમગ્ર સમાજમાં ગામેગામ અને ઠામોઠામ યુવાનો અને વડીલો વચ્ચે પવિત્ર વાતાવરણની ઉપસ્થિતિમાં એકબીજા વચ્ચે કયાંય ઈર્ષા કે ઉદ્વેગ ઊભો થતો હોય તો તેને ટાળીને, એક બીજાના વિચારોની આપલે થાય તોજ સામાજિક રીતે ક્રિયાશીલ બનવા સતત ચિંતનશીલ બનવાથી જ કાર્યવાહીને વેગ મળી શકશે.

તો યુવા પેઢાએભાઈ શ્રી મેઘજીભાઈ એ પૂછેલા આ પ્રશ્નનો ગંભીરતાથી વિચાર કરી વડીલ અને યુવાપેઢીના સામુહિક પ્રયાસોથી ક્રીયાશીલ બનવા આગળ આવવાનો સમય અચૂક પાકી ગયો છે.

સમાચાર દર્શન

● ગત માર્ચ, એપ્રીલ ૧૯૭૪માં તલોદ કોલેજમાં અભ્યાસ કરી ઉત્તીર્ણ થનાર બે બહેનોનાં નામ નીચે મુજબ છે.

(૧) કસ્તુરીબેન રતિલાલ એલ. પટેલ આર્ટ્સ કોલેજ–તલોદ
બીજું વર્ષ વિનયન

(૨) વિમળાબેન કરશનભાઇ પટેલ બદામકંપા ”
પ્રથમ વર્ષ વિનયન

● ગત વર્ષે માર્ચ–એપ્રીલમાં યોજાયેલી એસ. એસ. સી. પરીક્ષામાં કુ. ચંદ્રીકાબેન રતિલાલ એલ. પટેલ ૮૦૦ માંથી ૪૨૯/– ગુણ મેળવી ઉત્તીર્ણ થયાં છે.

ઉપરોકત ત્રણે બહેનો તેઓની શૈક્ષણિક કારકીર્દિમાં વધુને વધુ ઉજ્જવળ બને તેવી અભિલાષા.

પ્રથમ વર્ષે....પ્રથમ બેચ...એસ. એસ. સી.નું ગૌરવવંતુ પરિણામ

શ્રી સંસ્કાર ભારતી ગ્રુપ કેળવણી મંડળ મોતેસરી સંચાલિત શ્રી સંસ્કાર ભારતી ગ્રુપ વિદ્યામંદિર, મોતેસરીમાં ચાલુ વર્ષે જ એસ. એસ. સી. ના વર્ગની શરૂઆત થઈ હતી. પ્રથમ વર્ષે જ એસ. એસ. સી. પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓનું પરિણામ ૬૨% આવ્યું છે તે આનંદની વાત છે.

વિદ્યાર્થીઓની મહેનત અને શિક્ષકબંધુઓની ખંતથી સુંદર પરીણામ મેળવવા બદલ તેઓ અભિનંદનને પાત્ર છે.

ચાલુ વર્ષે ધોરણ ૮ થી ૧૦માં કુલ ૧૦૫ વિદ્યાર્થી ભાઈ-બહેનો શિક્ષણ મેળવે છે. જેમાં ૨૫% જેટલી સંખ્યામાં બહેનો અભ્યાસ કરે છે. કન્યા કેળવણી પ્રત્યે જાગૃત વડીલો પણ આ માટે અભિનંદનનાં અધિકારી છે જ.

આશા રાખીએ કે આ શાળામાં પણ પ્રતિ વર્ષે શિક્ષણની ગુણવત્તાનું ધોરણ પ્રગતિમય બને જ.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ જોગ સુચન છે કે ગયા અંકમાં તેમજ ચાલુ અંકમાં યાત્રા પ્રવાસ માટેનાં હેન્ડબીલ જે મુકવામાં આવેલાં છે તેની યાત્રાની તારીખોમાં આ રીતે ફેરફાર કર્યો છે જે ધ્યાનમાં લેશો.

પહેલાં તા ૯-૮-૭૪ના રોજ પ્રવાસની શરૂઆત કરવાની હતી પરંતુ વર્ષાઋતુના સંજોગોને અનુસરીને હવે સં. ૨૦૩૦ અધિક ભાદરવા સુદ ૬ ને શુક્રવાર તા. ૨૩-૮-૭૪ના રોજ શરૂ થશે તેની નોંધ લેવા વિનંતી.

બલ્હારશા નિવાસી મુરબ્બીશ્રી હંસરાજભાઈ દાનાભાઈ પટેલ તાજેતરમાં જ ગુજરાત ખાતે આવી જતાં શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત), ધનસુરા સંચાલિત છાત્રાલયોની મુલાકાત વખતે વડીલ શ્રીએ અત્રે છાત્રાલયમાં રહી અભ્યાસ કરતી બાળાઓને પ્રોત્સાહન મળે તે માટે રૂ. ૧૨૫/- દાનમાં આપ્યા હતા.

કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા સમગ્ર સમાજના સૌ કોઈ ઉદાર દીલ દાનવીર વડીલો પણ આ રીતે પ્રોત્સાહનરૂપ બની રહે તેવી અપેક્ષા સેવવી અસ્થાને નથી.

સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજનું માળખું વ્યવસ્થિત રીતે રચવા માટેનાં સૂચનો :—

(૧) સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે આપણા સમાજે પણ પરિવર્તન લાવવા પ્રયત્નશીલ બનવું જોઇએ.

(૨) વિવિધ સંપ્રદાયોમાં વહેંચાયેલો સમાજ, સામાજિક રીતે સંગઠન સાધવા કટિબદ્ધ બને તો સમાજનું માળખું વ્યવસ્થિત રીતે રચી શકાય.

(૩) વડીલવર્ગ અને યુવાનપેઢી વચ્ચે વિચારોની એક વાકયતા જળવાઇ રહેવી જોઇએ.

(૪) સમાજમાં એકતાની ભાવના હોવી જોઇએ.

(૫) સમગ્ર સમાજના વ્યવસ્થિત આયોજન માટે આપણે યુવક મંડળોમાં ઝોન પ્રથાનું આયોજન કરેલ છે તેમ સમગ્ર સમાજનું આયોજન થવું જરૂરી છે

(૬) દરેક સમાજ ઉપર અખિલ ભારતીય ધોરણે રચાયેલ સમાજનું પ્રભુત્વ હોવું જોઇએ.

(૭) નેતૃત્વશકિત દ્વારા સક્રિય પણે સંચાલન થવું જરૂરી છે.

(૮) નેતૃત્વ શકિત પાસે સમાજે સમાજ સેવાની અપેક્ષા રાખવી જોઇએ.

મુરબ્બી શ્રી મેઘજીભાઈ આપનાં ઉપરોકત સૂચનો સમાજ માટે ખરેખર ઉપયોગી ગણી શકાય. વખતો વખત બદલાતા જતા સંજોગોમાં સામાજિક પ્રગતિ સાધવા માટે જૂની અને નવી પેઢી વચ્ચે કયાંય પણ સંઘર્ષ ન થાય એ રીતે શુભ વિચારોની આપલે દ્વારા સાર અસારની તારવણી કરવા સક્રિય કાર્યકરો એ સેવાકાર્યમાં ઝંપલાવવુ જોઇએ એ રીતની મનોવૃત્તિ કેળવનાર પચ્ચીસ, પચાસ કે સોથી વધુ કાર્યકરોની પણ જરૂર કદાચ ભાગ્યેજ રહે પણ એ રીતની તૈયારી સાથે સેવાભાવી સદ્ગ્રહસ્થો ધારે તો સમાજની કાયાપલટ કરી શકે.

ભાઈશ્રી સક્રિય રસ દાખવી આપ પ્રશ્નોતરી દ્વારા અને મૂલ્યવાન સુચનો દ્વારા આપના વિચારો રજુ કરો છો તે બદલ ખૂબખૂબ આભાર.

કાશીપુરાકંપાનું ગૌરવ

★ ગત માર્ચ–૭૪માં લેવાયેલ એસ. એસ. સી. પરીક્ષામાં કાશીપુરાકંપા નિવાસી પટેલ કાન્તિલાલ મનજીભાઈ મેઘજીભાઇ હિંમતનગર કેન્દ્રમાં ૭૦૯માંથી ૫૫૬ એટલે ૭૯.૫% ગુણ મેળવી ત્રીજા નંબરે પાસ થયા છે એટલું જ નહિ પણ રપે. ભૂગોળના વિષયમાં ૧૦૦માંથી ૯૩ ગુણ મેળવી ગુજરાત રાજયમાં તે વિષયમાં ત્રીજો નંબર મેળવી ઈનામ પ્રાપ્ત કર્યું છે.

અનાજ નોંધ

ઉઘરાવનાર :- યુવક મંડળના સભ્ય
ગોપાલભાઇ રતનશીભાઈ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ (ગુજરાત) ધનસુરા સંચાલિત છાત્રાલયો માટે આવેલ ભેટ અનાજ

કીલો			
૧૦૦	ઘઉં	મેઘજીભાઈ માવજીભાઈ	કેસરપુરાકંપા
૧૦૦	,,	દેવશીભાઈ વિશ્રામભાઈ	,,
૨૦	,,	નાનજીભાઈ વિશ્રામભાઈ	,,
૨૦	,,	મનજીભાઈ વિશ્રામભાઇ	,,
૨૦	,,	કરમસીભાઈ વિશ્રામભાઇ	,,
૩૦	,,	ભીમજીભાઇ રતનશીભાઇ	મહાપુરકંપા
૨૦	,,	પુંજાભાઇ અરજણભાઇ	,,
૨૦	,,	માવજીભાઇ અરજણભાઇ	,,
૨૦	,,	લધાભાઇ અરજણભાઈ	,,
૨૦	,,	લધાભાઈ હરીભાઇ	,,
૨૦	,,	પુંજાભાઈ કાનજીભાઇ	,,
૨૦	,,	ગોપાલભાઈ રતનશીભાઇ	,,
૨૦	મકાઇ	જેઠાભાઈ કરશનભાઈ	,,

* દાનવીરનો ખુબ ખુબ આભાર *

મુંબઇમાં રે રોડમાં બીઝનેસ ચલાવતા કચ્છ કડવા પાટીદાર જ્ઞાતીના શ્રીમાન મણિભાઈ વાલજીભાઈ પટેલ તરફથી એક ગરીબ અને તેજસ્વી વિદ્યાર્થીને અભ્યાસ ની સુવિધા મળે તે હેતુથી આખા વર્ષના ભોજન ખર્ચ પેટે રૂા. ૬૦૦/- છસો રૂપિયા શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ ધનસુરાને મળ્યા છે.

કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવન, ધનસુરામાં રહીને અભ્યાસ કરતા ગરીબ તેમજ તેજસ્વી કોઇપણ એક વિદ્યાર્થીને ભોજન ખર્ચના ૧૯૭૪-૭૫ વર્ષ માટે રૂા. ૬૦૦-૦૦ (રૂા. છસો પુરા) મુંબઈના કેળવણીપ્રેમી શ્રીમાન શેઠશ્રી મણિભાઇ વાલજીભાઈ પટેલ તરફથી કડવા પાટીદાર સનાતન સમાજ, ધનસુરાને ભેટ મળ્યા છે. દાનવીરશ્રીનો સમાજ વતીથી અત્યંત આભાર માનવામાં આવે છે.

શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ [ગુજરાત] વિદ્યાર્થીભવન, ધનસુરા,

★ **એસ. એસ. સી. પરીક્ષાનું ૧૦૦ ટકા પરિણામ**

★ શ્રી જે. એસ. મહેતા હાઇસ્કૂલ, ધનસુરામાંથી તેમજ શ્રી રા. સા. વિ. ગો. પટેલ ગર્લ્સ હાઇસ્કૂલ ધનસુરામાં અભ્યાસ કરી ૧૯૭૪ માર્ચની એસ. એસ. સી. પરીક્ષામાં મોડાસા સેન્ટરમાંથી બેસનાર કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી ભાઇ–બહેનો માંથી બંને શાળાઓમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારને રૂા. ૧૦૧નું એક એમ બે ઇનામો આપવા માટે રૂા. ૨૦૨– બસો બે ની રકમ આપનાર શ્રીમાન મણિભાઇ પુંજાભાઈ પટેલનો ખૂબ ખૂબ આભાર માનવામાં આવે છે.

★ શ્રી કડવા પાટીદાર સનાતન સમાજ વિદ્યાર્થી ભવનમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાંથી ૧૯૭૪ માર્ચની એસ. એસ. સી. પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓનું પરિણામ ૧૦૦ ટકા આવ્યું છે. બેઠેલા બધા જ વિદ્યાર્થીઓમાંથી પ્રથમ વર્ગ અને દ્વિતીય વર્ગમાં ઉત્તીર્ણ થયા છે. ત્રીજા વર્ગમાં આવનાર એક પણ વિદ્યાર્થી નથી એ અત્યંત ગૌરવ અપાવે તેવી બાબત છે. ગણિતશાસ્ત્ર અને અંગ્રેજી વિષયોનું પરિણામ પણ ૧૦૦ ટકા આવ્યું છે. પાસ થનાર દરેક વિદ્યાર્થી ભાઇઓને ખૂબ ખૂબ અભિનંદન પાસ થનાર વિદ્યાર્થીઓમાંથી પ્રથમ વર્ગમાં અગ્ર નંબરો પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓ આ પ્રમાણે છે. ગૃહપતિ શ્રી વી. કે. પટેલના પ્રયત્નોથી પ્રતિ વર્ષે પરિણામની માત્રા વધતી જ જાય છે એ હર્ષજનક છે.

(૧)	નરેન્દ્રકુમાર વાડીલાલ પટેલ	પ્રથમવર્ગ	ધનસુરા
(૨)	ઈશ્વરલાલ ગંગારામ પટેલ	,,	રાજપુર
(૩)	રસિકલાલ કરમસીભાઇ પટેલ	,,	વાત્રકગઢ

પ્રતિ વર્ષે છાત્રાલયની પ્રગતિ થતી રહે અને એક સંપૂર્ણ આદર્શ છાત્રાલય બની રહે તે માટે સંચાલકો તેમજ ગૃહપતિશ્રીના પ્રયત્નો ચાલુ છે આશા છે કે કડવા પાટીદાર સમાજને આ છાત્રાલય એક સારી પેઢી પૂરી પાડશે.

★ શ્રીમતિ મુળબાઇ સવદાસ લાલજી માવાણી કન્યા છાત્રાલયમાં રહી એસ. એસ. સી.માં અભ્યાસ કરતી બે બહેનો પાસ થઇ જતાં માર્ચ–'૭૪ એસ. એસ. સી.નું પરિણામ ૧૦૦% આવ્યું છે.

★ ગત તારીખ ૧ ૭–૭૪ના રોજ (કચ્છ) ઈશ્વરનગર (વાંઢાય) ખાતે શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજના આગેવાનોના પ્રયાસોના પરિપાક રૂપે બંધાયેલ સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિનાં કુળદેવી શ્રી ઉમીયા માતાજીના નવનિર્માણ પામેલા

મંદિરનું વાસ્તુપૂજન થયું હતું; મંદિરનું ઉદ્‌ઘાટન જ્ઞાતિગુરૂ સ્વ. ઓધવરામજી ના શિષ્ય પૂજ્ય ગુરૂવર્યશ્રી વાલદાસજી મહારાજના પવિત્ર હસ્તે થયું હતું. સમાજ ના અગ્રણી વડીલોની હાજરીમાં વાસ્તુપૂજન વખતના હોમહવનથી તેમજ ભાવિક ભક્તજનોના સત્સંગના પવિત્ર વાતાવરણમાં ભારે ધામધૂમ પૂર્વક ઉત્સવની ઉજવણી કરવામાં આવી હતી.

નિવેદન

આથી અમે સહર્ષ જણાવીએ છીએ જે પુર્વવત સુચના અનુસાર એસ. એસ. સી. કે તેથી ઉચ્ચ કક્ષામાં ઉત્તિર્ણ થનાર બ્હેનોને અમારા મંડળ તરફથી એક મેડલ અને સર્ટીફિકેટ આપવામાં આવે છે. તે મુજબ ૧૯૭૩માં જબલ પુરની બહેનોને અને કલકત્તાની ૨ બહેનોને તે મોકલાવવામાં આવેલ છે.

ચાલુ વરસે પણ ઉત્તિર્ણ થનાર બહેનોએ પોતાનાં નામ તા. ૩૧–૮ ૭૪ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

અને દરેકે દરેક યુવક મંડળો ને પણ પોતાના વિભાગમાં એસ. એસ. સી. કે તેથી ઉચ્ચ કક્ષામાં ઉત્તિર્ણ થનાર બહેનોનાં નામ અમારા મંડળને મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

શિક્ષણ પ્રચાર સમિતિ
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
C/o કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ મહર્ષિ દેવેન્દ્ર રોડ
કલકત્તા–૬


લી.
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
વેલજીભાઇ હરજીભાઈ
મંત્રી

નિવેદન

આથી સહર્ષ જણાવીએ છીએ જે પુર્વવત સુચના અનુસાર અમોએ ૧૯૭૩ માં ૬ વિદ્યાર્થી ભાઈ બહેનોને શિષ્યવૃત્તિ મોકલાવેલ છે. અને દર વરસે આર્થિક સંજોગોને લઇ ભણવામાં અસમર્થ વિદ્યાર્થી ભાઈ બહેનોને અમારા મંડળ દ્વારા શિષ્યવૃતિ આપવામાં આવે છે. તો ચાલુ વરસે શિષ્યવૃતિ મેળવવા ઇચ્છતાં ભાઈ બહેનોએ તા. ૩૧–૭–૭૪ સુધીમાં નીચેના સરનામે થી ફોર્મ મંગાવી લેવાં.

શ્રી શિષ્યવૃત્તિ સમિતિ,
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ.
C/o કેશવલાલ એન્ડ કું.
૬૫/૧ મહર્ષિ દેવેન્દ્ર રોડ
કલકત્તા–૬

લી.
શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ
વેલજીભાઈ હરજીભાઇ પટેલ
મંત્રી.


LAXMI
LAXMI

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

ગ્રા. નં.

To,

Book-Post

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–૮ ઑગસ્ટ ૧૯૭૪

*** માસિકના નિયમો ***

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઇ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

જાગૃતિ

તંત્રીસ્થાનેથી

શ્રી ગણેશાય નમઃ ॐ નમઃ શીવાય

છેલ્લા બે એક દાયકાથી આપણા સમાજે શિક્ષણક્ષેત્રે પ્રગતિ સાધવા માટેના નમ્ર પ્રયાસો આદર્યા છે એ હકીકતથી આપણે સૌ સુવિદિત છીએજ. પરંતુ આર્થિક દ્રષ્ટિએ અશક્ત એવાં આપણા સમાજનાં અનેક કુટુંબોનાં બાળકોને કેળવણી મેળવવા માટે સહાય કરવાની યોજનાનો કાર્યક્રમ આપણે હાથ ધરી શક્યા નથી એ આપણા સમાજની એક નબળાઇ તો છેજ પણ તેની સાથે જ આપણે કમનસીબીને પણ આમંત્રીએ છીએ જે એક અદ્દશ્ય બાબત છે.

આપણે લક્ષ્મીની છોળોમાં ભલે આળોટીએ પરંતુ આપણા જ સમાજનાં એવાં કેટલાંય આર્થિક અશક્ત કુટુંબોનાં...ભલે એ પાપી પેટનો ખાડો પૂરી શકતાં હોય પરંતુ 'કાદવમાંથી કમળ' જેવાં બાળકોને શિક્ષણ ન આપી શકતાં હોવાથી...આપણી ભાવિ પેઢીને ભયાનક અંધકારમાં ધકેલી રહ્યા છીએ એ બાબત આપણે ભૂલી જવાની જરૂર નથી.

સાથે સાથે કન્યા કેળવણીને ઉત્તેજન આપવા માટે શક્ય હોય તો મફત શિક્ષણની અને જો તે શક્ય ન હોય તો આ કાળઝાળ મોંઘવારીમાં ઓછામાં ઓછા ખર્ચે શિક્ષણ મેળવી શકે તેવી સુવિધા ઊભી કરવા સમાજે કટિબધ્ધ થવું જોઇએ.

ઘણી વખત આપણે તર્ક વિતર્કમાં અટવાઈ પડતાં ઘડીભર માટે આજની કેળવણી મેળવનાર છાત્ર છાત્રાઓની વાણી, વિચારો અને વર્તનમાં આછકલાપણાની ઝલક જોતાં એવી કેળવણી આપવાની શી જરૂર છે? એમ પણ વિચારીએ છીએ, પણ એ ગમે તે હોય તો પણ સમાજનાં જ બાળકોની નિરક્ષરતાને હવે સાંખી ન જ લેવાય, સાથે જ એક વસ્તુ એ પણ કેમ ન વિચારીએ કે આપણાં જ બાળકોના વિચારોમાં સંસ્કારીતાના ઘડતરની કાળજી બાલ્યાવસ્થાથી જ જે લેવાવી જોઇએ તે લેવામાં આપણે પોતે કેટલો ફાળો આપ્યો છે? હું માનું છું ત્યાં સુધી મોટા ભાગનાં મા-બાપોને પોતાનાં બાળકો કયા ધોરણમાં અભ્યાસ કરે છે તેનો પણ કદાચ ખ્યાલ નહીં હોય તો પછી એજ મા-બાપો પોતાની જ ભાવિ

પેઢીના ચારિત્ર્ય ઘડતર માટે જ્યારે પોતે કદી પણ ફાળો આપ્યો નથી ત્યારે પ્રાથમિક શાળાથી માંડીને મહાવિદ્યાલયોમાં અપાતા શિક્ષણ કાળ દરમિયાન પોતાનાં જ બાળકોનું સુંદર રીતે ચારિત્ર્ય ઘડતર નથી થતું એમ માનવામાં ભયંકર ભૂલ નથી કરતાં.

તો જાગ્યા ત્યાંથી સવાર ગણીને મા-બાપોએ પણ પાયાથીજ ચારિત્ર્ય ઘડતર વિશે સતત જાગૃત રહેવાની તાતી જરૂર હોય તેમ આપણને નથી લાગતું ?

આ સિવાય શૈક્ષણિક સંસ્થાઓમાં પણ બાળકોના ચારિત્ર્ય ઘડતર અંગે કંઈક વિશેષ પ્રદાન કરી શકાય તેવું શિક્ષણ આપવાની જોગવાઈનો કેળવણી ખાતા એ પણ વિચાર કરવો જરૂરી છે. જો આ રીતે વિચારી તેનો અમલ કરવામાં આવે તો કદાચ શૈક્ષણિક સંસ્થાઓમાં અવાર નવાર ઊભી થતી અશાંતિ અને અજંપા પર પણ અમુક અંશે કાપ આવવાની અપેક્ષા ન રાખી શકાય ?

પસીનો, પૈસા અને પરમાત્મા

પૈસો મેળવવા માટે પસીનો પાડવો જ પડે એમ આપણે માનીએ છીએ.

તો પછી પરમાત્મા મેળવવા માટે પસીનો પાડવો ન જોઈએ ?

પસીનો પાડયા વિના પૈસો નથી મળતો તો પરમાત્મા શી રીતે મળશે !

માટે જ પ્રભુની સેવામાં મન જોડાયેલું રાખો ને પ્રભુનાં બાળકોની સેવા માટે શરીર થકવી નાખો.

✻ " માતૃદેવો ભવ " શા માટે ? ✻

સામજીભાઈ એસ. પટેલ વડોદરા

માતૃ, પિતૃ, આચાર્ય અનેઅતિથિ આ ચાર દેવ સમાન ગણવામાં આવે છે. તેમાં માતૃનું નામ પ્રથમ આવેછે, તે શા માટે ? સ્ત્રીનું ઉત્તમ સ્વરૂપ માતા તરીકેનું છે. ઉંમર થતાં દરેક સ્ત્રી સંતાન માટે ઝંખે છે. જ્યારે સંતાનના આગમનનાં એંધાણ જણાય છે. ત્યારે સ્ત્રી પોતાનું જીવન સાદું અને સંયમી બનાવે છે અને બાળકના હિતની દ્રષ્ટિએ તે વિચારતી થાય છે. બાળકનું મધુર અને નિર્મળ મુખ જોતાં જ તેના હૃદય સ્તનમાંથી દૂધની અમીધારા ફૂટે છે. જેથી બાળક પોષાય છે, અને માતા પોતાના બધા જ સુખ વૈભવને ભુલી જાય છે. બચ, બચ, ધાવતા બાળક તરફ મીઠી નજરે જોતી માતા પ્રેમની સજીવ મૂર્તિ જેવી લાગે છે. બાળકનું સુખ ચિંતવતી જનેતા પોતાની ઊંઘ, ભૂખ, થાક, આરામ બધું જ ભુલી જાય છે તેને ઊંઘાડીને ઊંઘે છે. તે જાગે તે પહેલાં જાગે છે બાળકની બિમારી ઘણીવાર બાળક કરતાં તેની મા પર વધારે અસર કરે છે, ગરીબમા બાળકની ખાતર ઘેર ઘેર કામ કરે છે અપમાન સહન કરે છે પણ પોતાના બાળકને જરા પણ તકલીફ પડવા દેતી નથી.

માતાનો સંતાનો પ્રત્યેનો પ્રેમ સ્થિર, અવિચળ અને ભવ્ય ગગન જેવો હોય છે, જ્યારે બીજા પ્રેમ સંબંધો ઘડી બે ઘડી ભેગાં મળી વાદળની જેમ વીખેરાઈ જતાં હોયછે અન્ય સંબંધોમાં સ્વાર્થ, ઇર્ષા અને સંજોગો કારણભૂત બને છે, જ્યારે માતાનો પ્રેમ એવાં અનિષ્ટ તત્વોથી પર હોય છે. વિકટ સંજોગોમાં તો તે ઓર ખાલી નીકળે છે. દુઃખનાં આંસુ પણ બાળકને પરખવા દેતી નથી.

માતાનો પ્રેમ દરેક સંતાનો પર એક સરખો હોય છે, પણ તેની સાચી સહાનુભૂતિ તો ખોડ ખાંપણ વાળા, અશકત, મૂંર્ખ, સતાનો તરફ હોય છે. તેની ખોડખાંપણ દૂર થાય તે માટે મા જાત ઘસી નાખે છે. વ્રતો પાળે, માનતાઓ કરે, સંતો દેવોની પૂજા કરે, એની વધુ પડતી ફીકર-ચિંતાથી માતા ઘણીવાર ગાંડી પણ બની જાય છે. તેનું પાગલપણું તેના ખરા નિઃસ્વાર્થ પ્રેમની કરૂણ પરાકાષ્ટા છે.

પુત્ર ગમે તેટલું કષ્ટ આપે અપમાન કરી તરછોડે, છતાં પણ મા તેનું કલ્યાણ જ ઇચ્છતી હોય છે. તેના યશ, સુખ અને ગુણ જોઈને હરખાય છે. સંતાનના મરણ પછી પણ તેનુ

સુખ ઇચ્છતી અનેક કપરી તપશ્ચર્યા કરે છે, અને પ્રતિજ્ઞાઓ પાળે છે.

માતાના નિઃસ્વાર્થ, ઉદાત્ત, અને પાવનકારી પ્રેમે અનેક કવિઓને સુંદર કાવ્યોનું સર્જન કરવાની પ્રેરણા આપી છે. પ્રભુદર્શન માટે કવિએ ગ્રંથો વાંચ્યા, તીર્થોના ગંદા પાણીમાં સ્નાન કર્યું, મંદિરોના પથ્થર પૂતળાં પૂજ્યાં સંતોના ચરણ સેવ્યા, એકાંતમાં ચિંતન કર્યુ, આત્મ નિમજ્જન કરી સાધના કરી, પણ બધું નકામું ગયું. પ્રભુદર્શનની પવિત્ર ઝંખના તૃપ્ત ન થઈ. પાછા પોતાની મઢૂલીમાં આવી જોયું તો પત્નીની આંખોમાં વાત્સલ્ય છલકતું જોયું તે પોતાની નવી જન્મેલી બાળકી પર ઝૂકી, તેને પાલવથી ઢાંકી અમૃત જેવા દૂધનું પાન કરાવતી હતી. પુત્રી તરફ પ્રેમ ભાવે જોતી પત્નીની આંખમાં કવિને જગતનું તીર્થોત્તમ મળ્યું

જયાં નિઃસ્વાર્થ, નિખાલસ, અને ઊંડા જીગરનો પ્રેમ છે, ત્યાંજ પ્રભુનો વાસ છે, અને તેજ ઉત્તમ તીર્થ છે. માટે જ કવિ કહે છે કે

" मातृ देवो भव "

લગ્ન અને સમાજ *

રતિલાલ દેવસીભાઈ પટેલ
"વિલયી" અમદાવાદ

આપણા "જાગૃતિ"માં અવારનવાર લગ્નવિષયક લેખો આવે છે એટલે મારે સ્વાભાવિક પણે વધુ કાંઇ કહેવાનું ન હોય.

પ્રસ્તુત લેખમાં મેં માત્ર મારા મુકત વિચારો રજુ કર્યા છે. સંભવ છે એ વિચારો ક્ષતિયુકત હોઇ શકે જ્ઞાનપૂર્ણતાનો અભાવ પણ જણાય તો આપ 'આપની' રીતે વાંચી યોગ્ય લાગે તો આચરણમાં મૂકશો એવી નમ્રતા દાખવું તો અનુચિત નહીં ગણાય વિચારો કોઇપણ જાતના પૂર્વગ્રહ કે લઘુતાગ્રંથીથી પીડાયા સિવાય રજુ કર્યા છે, એમ કહું તો ખોટું નથી.

આપણા સમાજમાં થતા લગ્નોમાં લગ્નપદ્ધતિ–રીતિઓમાં આવશ્યક ફેરફાર લાવી લગ્નો કઈ રીતે સુગમ–સરળ થાય તેવી વ્યવસ્થા વિચારવી જરૂરી છે.

કાળક્રમે બદલાતા જતા જમાનાને અનુસરીને ફેરફારો જરૂરી છે. વિચારો આવકાર દાયક તેમજ દ્રઢ હોવા જોઇએ. નહીં તો આથમતી પેઢી સાથે વર્તમાન પેઢીને સંઘર્ષમાં ઉતરવું પડે છે. જે કંઇ ફેરફાર થાય તે બીજા માટે અનુકરણીય અને આદરપાત્ર બની રહે તેવો વિચાર હોવો જરૂરી છે. તેનાથી સમાજની પ્રતિષ્ઠાનું મૂલ્ય ઘટે નહીં તે પણ જોવું એટલું જ જરૂરી છે. પૂર્ણ ફેરફાર ક્રાંતિ નિમંત્રે છે તેવો ફેરફાર આપણી પ્રણાલીગત રૂઢી–રૂચિને માફક આવતો નથી પરંતુ કંઇક અંશે સુસંગત ફેરફાર સ્વીકારવો જોઇએ.

સમાજમાં સુધારાવધારા અંગેના

જે જે ઠરાવો થાય છે, તેના અમલ થાય છે કે નહીં તેના આઘાત–પ્રત્યાઘાતોની અસરોનું મૂલ્યાંકન કરવું જરૂરી છે. સમાજે માત્ર સંમેલનો ભરી, ઠરાવ ઘડી, પસાર કરી કાયદા ઉભા કરવાના હોતા નથી પરંતુ મંજૂર થયેલ ઠરાવોનું પાલન ચુસ્તપણે થાય છે કે કેમ? પાલન ન થતું હોય તો સમાજે ભંગ કરનારની સામે વળતાં પગલાં શા લેવા તેની સમીક્ષા કરવી જોઇએ. પાલન કરવામાં મુશ્કેલી નડતી હોયતો તેનું નિવારણ લાવવું જોઈએ.

આશ્ચર્યની વાતતો એ છે કે સમાજના આગેવાનો જ તેનો છડેચોક ભંગ કરતા હોય છે. અને એથીયે વધુ આશ્ચર્ય અને ખેદજનક વાત એ છે કે સમાજનું મૌન? સમાજના મૌનનું રહસ્ય શું હોઇ શકે તે સમજાતું નથી?

એક વાત સ્પષ્ટ અને સામી ભીંત પર લખી રાખવા જેવી છે કે સમાજ સર્વોપરી છે, વ્યકિત નહીં. વ્યકિત મહત્ત્વનું અંગ જરૂર છે. પરંતુ સમાજની સર્વોપરિતાનો સ્વીકાર કરવો ઘટે એ પ્રત્યેક વ્યકિતની ફરજ અને ધર્મ બની રહે છે. મને આશ્ચર્ય થાય છે કે સમાજ પોતાની અસ્મિતા તેમજ ગૌરવ જાળવવા શા માટે અનાદર–અવગણના કરનાર સામે ચૂપ બની તમાશો જોઇ રહે છે!

એક વાત ખૂબજ વિચારવા તેમજ સમજવા જેવી છે સમાજ જયારે જયારે જરૂર પડયે સુધારા વધારા કરે ત્યારે સમાજે હંમેશા સાવ નાનામાં નાના માનવીને આંખ સમક્ષ રાખવો જોઈએ. સામાન્ય માનવીનું હિત જોખમાશે તો તેમાં સમાજના ગૌરવનો લોપ થશે, એ વાત આપણે ભૂલવી ન જોઇએ આપણે સારી રીતે જાણીએ છીએ કે અમીરવર્ગ હમેશાં પોતાનુ ધાર્યું જ કરે છે. સમાજના નિતિ-નિયમોની ઠેકડી ઉડાવી પોતાના પ્રમાણે જ વર્તન કરશે, જાણે અજાણપણે થતા સમાજના નિતીનિયમોના ભંગમાં શું આપણી સમાજ પ્રત્યેની ઉપેક્ષા છતી થતી નથી? સમાજ પ્રત્યેની માનભરી નજરનો અભાવ તરી આવતો નથી?

આ વર્ષે થયેલ લગ્નોમાં માત્ર બે લગ્નો ચીંતા ઉપજાવે તેવાં ગણી શકાય જે શહેરમાં વરપક્ષનું ઘર હતું તે શહેરમાં છેક બહારગામથી આવીને પણ કન્યાપક્ષ વાળાને લગ્ન કરવું પડયું, આ વાત ભલે આપણે માત્ર સાંભળી લઇએ પરંતુ આના પ્રત્યાઘાત વિપરીત અસર જન્માવશે ભવિષ્યમાં સમાજપથને એક નવો વળાંક આપે તો તેમાં નવાઇ પામવા જેવું નથી! ગંભીરતાનો મર્મ સમજવામાં સમાજ ચૂકી જશે તો તેનુ પરિણામ બેશક નિરાશાજનક હશે એ પણ એટલુ જ નિશ્ચિત છે, નિઃશંક છે.

બીજાં એએક લગ્ન ખૂબજ સાદાઇથી થયાં. તેવાં લગ્ના ખરેખર પ્રસંશનીય અને આવકારદાયક ગણવાં જોઇએ. સમાજે તેની નોંધ લેવી ઘટે અને તે

દિશામાં સૂચક સન્માનિત પગલાં ભરવાં જોઇએ.

સાદાઇથી લગ્નો થાય તેમાં ખોટું ય શું છે? માત્ર થોડા સમય પૂરતા સમાજના નિતીનિયમોનું ઉલ્લંઘન કરીને ઠઠારો બતાવવો તે કેટલે અંશે વ્યાજબી ગણી શકાય? તેના કરતા સાદાઇથી લગ્ન કરી ખર્ચરૂપે બચેલી રકમમાંથી થોડીક રકમ દાનરૂપે સમાજના કલ્યાણકારી કાર્યોમાં મદદ કરવી એમાં જ ખરી માનવતા છે. મારૂં માનવું છે. કે સમાજે જ ફરજીયાતપણે લગ્નદીઠ યોગ્ય રકમ નકકી કરી દાનસ્વરૂપે સ્વીકારી તે રકમનો જ્ઞાતિ-ઉત્કર્ષના કાર્યોમાં ઉપયોગ કરવો આવી રકમનો ઉપયોગ કેળવણી-વૃધ્ધ તેમજ વિધવાને સહાય તેમજ અન્ય કલ્યાણકારી કાર્યોમાં ઉપયોગ કરીશું તો જ્ઞાતિની પ્રગતિ અવશ્ય થશે.

સાદાઇથી થતાં લગ્નો ગરીબવર્ગ માટે ખૂબજ આશીર્વાદરૂપ બની રહેશે. જયાં પાંચથી પતતું હોય ત્યાં આવા નિરર્થક ઠઠારાની જરૂર પણ શી??

મનમાં નકકી કરેલ જન સંખ્યાનો કાયદો સમાજ નિર્મિત છે છતાંય આજે કેટલાય પ્રસંગોમાં અમીરીદર્શન કરાવવા સોથી દોઢસો માણસો જાનમાં સામાન્ય થઇ ચૂકયાં છે, છતાય સમાજે હજુ સુધી કોઇ પગલાં ભર્યાં નથી. આશ્ચર્યની વાતતો એ છે કે ઠપકો આપતા દરખાસ્ત પ. રજુ થઇ નથી શું આમાં સમાજની પ્રતિષ્ઠા લોપાતી નથી? સમાજે પોતાની પ્રતિષ્ઠા–ગૌરવ અકબંધ જળવાઇ રહે તે સમજી લેવાની જરૂર છે.

સમુહલગ્ન કઇરીતે સુગમ–સરળ અને આવકારપાત્ર બને તે પણ જરૂરી છે અને તે વર્ષે વર્ષે હોવા જોઇએ એવો મારો ખ્યાલ છે. જો વર્ષે વર્ષે ન થાય તો નાની ઉંમરમાં થતાં લગ્નોનું દૂષણ ઉભું થશે આજ કોઇને ય ખોટા ખર્ચો કરવો પાલવે તેમ નથી અમીરવર્ગને પણ પાલવે તેમ નથી ત્યાં સામાન્ય માનવીનું ગજું કેટલું?

મારૂ માનવું છે કે હવે પછીના પ્રતિવર્ષે આપણને વધતી જતી મોંઘવારી તેમજ હાડમારીના કારણે કંટાળો ઉપજાવવાના પરિણામે સાદાઇથી લગ્નો કરવાની ફરજ પડે તો નવાઇ નહીં.

સમાજની આગેવાન વ્યકિતઓ સાદાઇથી લગ્નો કરે તોજ બીજા માટે અનુકરણીય બની રહે. કારણકે નાનો માનવી જો તેમ કરશે તો તેની ટીકા થશે જયારે આગેવાન, પ્રતિષ્ઠિત, પૈસા પાત્ર વ્યકિતઓ જો અનુમોદન આપશે તો યોગ્ય ગણાશે.

આપણા સમાજમાં નાની વયે લગ્ન થતા હોવાથી ઘણીવાર કૌટુંબિક સંઘર્ષતા સ્વીકારી લેવી પડે છે કારણ એટલુંજ લગ્ન સમયે લગ્ન થનાર વ્યકિતનું માનસ પરિપકવ હોતુ નથી સમજદારી પૂર્વક મોટીવયે થતાં લગ્નો ભાવિજીવનમાં આવનારા સંઘર્ષને વિચારવામાં મદદરૂપ

બને છે. એમ કહીએ તો ખોટું નથી ઘણીવાર લગ્નસમયે કૌટુંબિક "સગવડ"ને અગ્રતાક્રમ આપી લગ્ન થનાર વ્યક્તિનાં વયને "ગૌણ" ગણવામાં આવે છે. મારૂ માનવું છે કે સગવડ અવશ્ય જોવી જોઇએ પરંતુ સાથે સાથે વ્યક્તિની વયને પણ ભૂલવી ન જોઈએ સાદાઈથી લગ્નો થાય તેવી વ્યવસ્થા સમાજ ઊભી કરશે તો આપણા સર્વ માટે આશીર્વાદ સમાન બની રહેશે સમાજ આ પ્રવૃત્તિમાં અંગત રસ લઇ જ્ઞાતિહિતના કાર્યનુ એક નવું સોપાન પ્રસ્થાપિત કરશે એવી આશા સાથે અહીં વિરમસ્થાન ભોગવું તો વધુ યોગ્ય ગણાશે.

રતિલાલ દેવસીભાઈ પટેલ
" વિલયી "
અમદાવાદ

" આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે અછુત બનતા હિપ્પીઓ "

સામજીભાઇ આર. પટેલ T. Y. B. Com.
સાણંદ

છેલ્લાં કેટલાંક વર્ષોથી આપણા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિનું અનુકરણ કરવાનો નાદ જાગ્યો છે, અને તેની અસર આપણી રહેણી કરણી, પહેરવેશ અને ભાષા ઉપર પણ કંઇક અંશે થયેલી જોવા મળે છે. ભારતમાં આ રીતે પશ્ચિમી સંસ્કૃતિના પ્રવાહમાં હિપ્પીઓ પણ તણાઇ આવ્યા છે. આ હિપ્પા લોકો વિશે આપણે સાંભળીએ છીએ કે તેમને દુનિયાદારીનું કંઇ ભાન હોતું નથી. તેઓને કોઇ જાતની ચિંતા હોતી નથી, સદાય તેઓ ગાંજો, ચરસ વગેરેની અસર તળે જ રહે છે, હંમેશાં ભટકતા જ રહે છે. પરંતુ જેમ સિકકા ને બે બાજુ હોય છે તેમ તેમની પણ બીજી બાજુ વિશે બહુ ઓછા જાણતા હશે.

વિશ્વના કોઇપણ સમાજમાં વહેલામોડું ચીલાચાલુ અને વર્ષો જૂની ઘરેડ સામે બંડ થતું જ રહે છે અને એ પરિવર્તનના સતત વલણોમાંથી ક્રાંતિ રૂપી માખણ તૈયાર થાય છે પરંતુ એ પરિવર્તન જ જો સડો પેસી જાય તો ? આવા સંજોગોમાં એ ક્રાંતિકારી વિળમાંથીય પ્રગતિશીલ સમજુ અને વિચારક તત્વો અલગ ફંટાઇ જાય છે.

દુનિયામાં સર્વત્ર વ્યાપેલ ભ્રષ્ટાચાર અનીતિ, શોષણ અને અત્યાચારોથી કંટાળેલ યુવાપેઢીએ જ હિપ્પીવાદને જન્મ આપ્યો. તેઓએ સમાજની રૂઢીઓ અને પરંપરાને ફગાવી દીધી અને માદક પદાર્થોનું સેવન, મુકત જાતીય સહચાર, કઢંગા પહેરવેશ અને રખડુ જીવન એ હિપ્પીવાદની વિશિષ્ટતા

બની ગઈ પરંતુ હવે એ હિપ્પીઓના અસભ્ય વર્તન સામે ચારેક હજાર સુધારક હિપ્પીઓએ ઝુંબેશ શરૂ કરી છે. છેલ્લા ૪ વર્ષમાં તેઓ ૪૦ દેશોમાં ૧૩૫ કોલોનીઓ સ્થાપી ચૂકયા છે. તેઓએ પૂરો સમય કામ કરી શકે તેવા ૪૦૦૦ કાર્યકરો રાખ્યા છે તેઓ દર મહિને ૩ લાખ જેટલી પત્રિકાઓ વહેંચે છે. અને વિશ્વભરમાંથી દર મહિને તેમાં પંદરેક હજાર યુવકો તેઓના જૂથમાં જોડાય છે.

થોડા સમય પહેલાં આ નવી સુધારક ઝુંબેશનાં કેટલાંક અગ્રણી યુવક યુવતીઓ ભારતમાં આવેલ, ત્યારે તેમની લેવામાં આવેલી મુલાકાત પરથી કેટલાંક નવીન માહિતી જાણવા મળી.

તેઓ પોતાને "હરિ-જન" (પ્રભુનાં બાળકો) ગણાવે છે. તેઓ કહે છે કે "ગાંધીજી ભારતનાં અછૂતો ને હરિજન કહેતા હતા. આ હિસાબે અમે પણ આંતરરાષ્ટ્રીય અછૂતો છીએ"

હિપ્પીવાદને માર્ગે ગયેલા લોકો ને ચારેકોરથી હતાશા ઘેરી વળેલી હોય છે. આવા લોકોને તેઓ વ્યસનો છોડી દેવાનું કહેતા નથી પરંતુ તેમને શક્ય તેટલા પ્રમાણમાં, પ્રેમ, આહાર ઔષધો અને આશ્રય સ્થાન આપવાનો તેઓ પ્રયત્ન કરે છે. અને પરિણામે તેઓ પોતાની મેળેજ ગણત્રીના દિવસો માં વ્યસનમુક્ત બની જાય છે, સુધરી જાય છે. આ છે નવો હિપ્પીવાદ !!

" પ્રભુજીની પ્રાર્થના "

શિખરિણી

રવિન્દ્ર આર પટેલ લિમ્બાણી
અદાપુરકંપા તા. મેઘરજ F. Y. B. S. C.

અમારી એ કાયા, કળ નહિ છતાં રાત દિ' ચલે,
અહો ! કેવું થાતું, જગત કરતા ઈશ કરતો,
ઘણા લોકો થાકયા, પણ ન બને પ્રભુ તુજ સર્વે,
અને જો 'તે' જીતે, વિજય મળતાં ઇશ વિસરે,
વિસારી 'તે' કેશે જગત કરતા તું અહિ નથી,
બનાવ્યા તેં જેને પણ પરભુ તેથી તું બનશે,
તને જો ના માને, જગત જનનાં પાપ વધશે.
બધું જો આપીદે, જગત કરતા ઈશ ન રહે,
કહે તારા ગ્રહી કર, હૃદય ભૂખ્યો જન હુ રે,
દયાને પૂર્ણોથી, અમ જગતની ભૂખ હણને,
નમે વંદે તારો, અડગ રવિન્દ્ર એ જ ભણે,
કહેછે યાચીને, ભૂલ ચુક બધી માફ કરજે,

ચાડિયો

લેખક
હરીલાલ દેવસીભાઈ પટેલ
પરસોતમપુરા.

ખેતરને માળે ઊભો છે ચાડિયો
ઊંચાં મંડાણ કાંઇ બાંધ્યાં રે લોલ
મોસમના મોલ તો માથોડે પૂગ્યા.
મોતીના ભંડાર તને સોંપ્યા રે લોલ.
ઠંડા મીઠા વાયરા હલકે શરદના
પંખીડાંની ચાંચુ લલચે રે લોલ.
આભલેથી આજ પંખીડાં રે આવશે.
ડૂંડે તો દૂધ ભર્યું દાણે રે લોલ.
આશાની ઊર્મિ પ્રગટી નિસર્ગે
સુખનો સૂરજ આજ ઊગ્યો રે લોલ.
ઉડતાં પંખીડાંને દેખી તું મલકે
ગોફણીયાના ગોળા ભમકે રે લોલ.
ઊગતા પ્રભાતે અમે ભૂખ્યાં રે આવ્યાં
શાને તું અમને ડરાવે રે લોલ.
આભલેથી કાલ ગોળા રે આવશે
માળાનું તંખલું ન લાધે રે લોલ.
ખેતરમાં કાલે દાતરડાં પડતાં
કણ કણ ચૂંટી જાશે રે લોલ.
માળો કાઢીને ત્યાં મેર મંડાશે
તારો તં પાઠ પૂરો થાશે રે લોલ.
તારા અંગોમાં એણે આગ જલાવી
મીઠડા પોંક પેલાં ખાશે રે લોલ.

લાગવગ

પટેલ રણછોડભાઇ જેઠાભાઈ
માધવકંપા

એક જમાનો એવો હતો કે જયારે લાગવગને જીવનમાં ઉંચું સ્થાન ન હતું. પણ હાલના જીવનમાં લાગવગે બધાં ક્ષેત્રો સર કરી લીધાં છે. જયાં જુઓ ત્યાં લાગવગનું જ જાદૂ સિદ્ધિ અપાવે છે

જો તમારે નોકરી મેળવવી હોય તો તમારી આવડતનાં પ્રમાણપત્રો રજૂ કરવાથી કંઇ નહિ વળે મહિનાઓ સુધી તમે નોકરીની શોધ કરશો તો પણ નોકરીનો પત્તો નહિ લાગે પણ જે શેઠને ત્યાં નોકરી મેળવવાની હોય તેના ઉપર જો તમે કોઇની લાગવગ લગાડશો તો તમને એ નોકરી મળી જ સમજો.

જો તમે કોન્ટ્રાકટર હો અને તમારે જાત જાતના કોન્ટ્રાકટ મેળવવા હોય તો સંબંધિત વ્યકિતઓ સાથે જો તમે સીધો કે આડકતરો સંબંધ રાખશો તો લાગવગને બળે તમારો બેડો પાર થવાનો જ.

ધારો કે બે નવા ડોકટરોએ તેમનો ધંધો શરૂ કર્યો છે એક વધુ બુદ્ધિશાળી છે, પણ ઓછી લાગવગવાળો છે બીજો ઓછો બુદ્ધિશાળી છે, પણ વધારે લાગવગવાળો છે. એમાંના વધુ લાગવગ વાળા ડૉકટરને ત્યાં મોટી સંખ્યામાં દર્દીઓ આવવા લાગશે; જયારે પેલા બુદ્ધિશાળી ડૉકટરની બુદ્ધિ દર્દીઓની ગેરહાજરીમાં કટાઈ જશે.

વ્યાપારધંધામાં પણ લાગવગનો વિજય થાય છે. તમારી લાગવગ હશે તો તમને કોઇ મિલનો માલ વેચવાની એજન્સી મળી જશે. તે જ પ્રમાણે મિલો, મ્યુનિસિપાલિટીઓ, વગેરે લાગવગને બળે જ તમારી પાસેથી માલ ખરીદશે.

સરકારી ખાતાંઓમાં પણ કેટલીકવાર લાગવગથી અસાધ્ય કાર્યો સાધી શકાય છે. તમે અરજીઓ કરી કરીને થાકી જાઓ તો પણ સંતોષકારક જવાબ ન મળે. પણ જો તમારી લાગવગ હોયતો તમે તરત જ ફાવી શકો. સરકારી ખાતાંઓમાં હંમેશાં લાગવગનો લાભ મળે જ તેવું નથી કારણ કેટલાક અમલદારો એ બાબતમાં કડક હોય છે.

નોકરી મેળવવામાં, પગાર વધારવામાં હોસ્પિટલમાં દાખલ થવામાં, ટ્રેનની ટિકિટ મેળવવામાં પણ લાગવગની જરૂર પડે છે. તમારે સમાજ સેવા કરવી હોય તો પણ લાગવગ વિના તમને સેવાનુ ક્ષેત્ર મળે તેમ નથી. આમ જીવનની દરેક બાબતમાં લાગવગની જરૂર પડે છે આ સંસારનો રથ લાગવગનાં પૈડાં ઉપર જ ચાલે છે.

છતાં એટલું કહેવું જોઇએ કે જેમને બિલકુલ લાગવગ ન હોય તેવા બુદ્ધિશાળી મનુષ્યો પણ કેટલીક વાર આપ બળે

આગળ આવે છે. આમ લાગવગના અભેદ્ય કિલ્લાને બુદ્ધિનું તીવ્ર શસ્ત્ર કોઇ કોઇવાર ભેદી નાખે છે.

લાગવગથી નબળા લોકો ઉંચે આવે છે. સમાજનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં એવા લોકોનું વર્ચસ્વ જામવાથી સમાજની અને આખરે દેશની અધોગતિ થાય છે. તે સામે લાગવગ વિનાના બુદ્ધિશાળી મનુષ્યો નીચે દબાઇ રહે છે અને તેમની શકિત વેડફાઇ જાય છે આથી સમાજને તથા દેશને નુકસાન થાય છે.

જયાં સુધી મનુષ્ય મનુષ્ય, વચ્ચે સંબંધ રહશે ત્યાં સુધી લાગવગ રહેવાની જ પણ કેળવણીની મદદથી આપણે સમાજનું નૈતિક ધોરણ ઉંચું લાવવું જોઇએ. આથી લોકો સિધ્ધાંતોને વધારે મહત્વ આપતા થશે અને લાગવગનું જોર ઘટી જશે, પરિણામે મનુષ્યની આવડતની કિંમત થશે.

આજે લાગવગને ઉંચું પદ મળ્યું છે. ત્યાંથી તેને પદભ્રષ્ટ કરવી જ જોઇએ અને તેમાંજ સમાજ તથા દેશનો ઉધ્ધાર રહેલો છે.

★★★

જય જગત

* સુવિચાર *

★ જીવનયુધ્ધ જીતવું હોય અને માનવતાને વિકસાવવી હોયતો હૈયામાં 'અભય' જોઇએ ને પ્રયત્નમાં પુરૂષાર્થ જોઇએ.

★ મનમાં સંકલ્પ કરજો કે જિંદગીમાં ચોકકસ કંઇક બનવું જ છે. ચોમાસાનાં અળસિયાં જેમ ક્ષણજીવી નથી બનવું.

★ અણસમજુ જીવો ચામડીની સુંદરતા પર વારી જાય છે. જયારે જ્ઞાનીઓ દિલની સુંદરતા પર ઓવારી જાય છે.

★ તમારા જમણા હાથમાં કર્મ (પુરૂષાર્થ) ને રાખશો તો તમારા ડાબા હાથમાં રમવા માટે સફળતા દોડતી આવશે.

★ તમારે આગિયા નહિ, તારા બનવાનું છે ખરી પડતાં પહેલાં તેજ સિતારો મૂકીને જજો.

★ મન કેળવાયેલું હશે તો તમારી પાસે આવતી સુંદર વાતો હૈયાની દાબડીમાં સરસ રીતે સંઘરાઇ જશે.

★ જીવન ખેતરમાં વિચારરૂપી એક દાણો વાવશો તો વળતર રૂપે આચારના ઘણા દાણા તમને પાછા મળશે.

※ " આ કલિયુગની ફેશન " ※

પટેલ વેલજી લધારામ મેપાણી
રાયપુર (મ. પ્ર.)

આ કલિયુગના યુવાન આજે ઘેલા થઇને ફરતા રે,
શ્રીમતિને સાથે લઇને, નવલી ફેશન કરતા રે.

મરજાદાએ માત પિતાની, આજે કોઇના રાખે રે,
રાજ છકેલા શરમ છોડીને, સાન પાતાની દાખે રે.

પેન્ટ અને બુશકોટ જ પહેરે, ફેશન કરતા ભારી રે,
બૌબ્જુકટ બની બાવરાને, સંગે લેતા નારી રે

જુઓ કોલેજો આ કલિયુગની શિક્ષણ કેવુ મળતું રે,
યુવક યુવતી સાથે બેસી, ભણતર ભણતા ભળતું રે.

સિનેમાનો શોખજ વધ્યો, નિત્ય જોવા જાતા રે,
મંદિરનો તો મહિમા ખોયો, નટિયોનાં દર્શન થાતાં રે

બાપ કમાઇ હોય અગર જો, તો તો ડંકો વાગે રે,
ફેશનમાં એ ફના કરીને, અંતે ભીખ જ માગે રે.

હોટલમાં પણ સંગે નારીને, મોટરમાં પણ નારી રે,
સિનેમા પણ સાથે જોતાં, એવી એની યારી રે.

સ્નો લગાડે સુંદર બનવા, વેશ નારીનો કરતા રે,
ચિતર વાળા સ્વાંગ સજીને આવારા થઇ ફરતા રે.

જુઓ યુવાનો જરા વિચારી, દુઃખ તમોને પડશે રે,
ત્યાગોને આ ફેશન ખોટી, અંતે તમને નડશે રે.

ક્યાં ગયુ એ બળ ભારતનું, ક્યાં ગઇ એ મરજાદા રે,
બાપ કમાઇ ઉપર આજે, કરતા તાગડધીન્ના રે.

શરમાવો ભારતના ભાવિ, એક શરમકાં ત્યાગી રે,
"વેલજી" કહે છે, યુવાનોને, જુઓ જરાતો જાગી રે.

□

યુવાનો પશ્ચિમનું વગર વિચાર્યું અનુકરણ ક્યાં સુધી કરશો ?

મેઘજીભાઈ
વાલજીભાઇ પટેલ–સુરત

નવ યુવાન મિત્રો,

શાળાઓ, કોલેજો છૂટતી વખતે દરવાજા આગળ ઊભા રહીને નિરીક્ષણ કરવાનું તમને કદી મન થયું છે? જો કે તમે પણ નવજવાન મિત્રોમાંના જ એક છો. આજે જે વાત કરીએ છીએ તેમાંના તમે પણ એક હશો કદાચ...

આપણે પશ્ચિમના દેશોનું અનુકરણ કરવામાં મગરૂરી લઇએ છીએ, ભારતમાં મીની સ્કર્ટનો પોશાક અને યુવાનોની હિપ્પીકટ અને વાળનાં ઝુલ્ફાં રાખવાની ફેશન ચાલી છે. આપણે આંધળું અનુકરણ કરવાનું શીખ્યા છીએ. પશ્ચિમના દેશોમાં જે પોશાક અભદ્ર ગણાયો છે, નફરત પામ્યો છે તે આપણા દેશમાં ગામડે ગામડે પ્રસર્યો છે, પણ જો સ્વસ્થ ચિત્તે વિચારીએ તો યુવાનો યુવતીઓની આજની વેશભૂષા અને હિપ્પી વર્તન નૈતિક અધઃપતનના ચિન્હ સિવાય વધુ ભાગ્યેજ માલુમ પડશે.

વગર વિચાર્યે, ઉંધું ઘાલીને દેખાદેખીથી અપનાવેલ ફેશન પરસ્તીમાં અશ્લિલ ચલચિત્રોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. અભિનેતા-અભિનેત્રીઓના અર્ધનગ્ન પોષાક અને અભદ્ર સંવાદો ગીતો અને ચેનચાળાની 'પ્રિન્ટ' નવજવાનોના માનસપટ પર જલ્દીથી પડે છે.

એક દેશ માટે જે સર્વસામાન્ય બાબત હોય તે બીજા દેશ માટે અશ્લિલ પણ ગણાય. પશ્ચિમની ભદ્રતા પૂર્વની અશ્લિલતા ગણાય છે. ભારત સંસ્કૃતિને ચાહનારો દેશ છે. આપણી આગવી પ્રણાલિકાઓ પણ છે. સમાજજીવન કુટુંબપ્રથા સંસ્કારો, નીતિનાં મૂલ્યો વગેરે બધું જ પશ્ચિમથી જુદા પ્રકારનું છે અને એટલે જ મીની સ્કર્ટ અને હિપ્પીકટ વગેરેની વાનર નકલ ભારતમાં કેટલે અંશે બંધ બેસતી થઇ શકે?

શાળાઓ અને કોલેજોનું શિક્ષણ યુવાન પેઢીને સંસ્કારવા માટે હોય છે અને હોવુ જોઇએ. શિક્ષણ અને સંસ્કાર મેળવવા માટે શાળા કોલેજોમાં છોકરાઓને મા બાપ મોકલે છે, નહિ કે મીની સ્કર્ટ, લાંબા વાળની ફેશન કે બોલ ડાન્સનાં નૃત્ય શીખવા. શાળા કોલેજો એકાગ્રતાથી અભ્યાસ કરવાનાં સરસ્વતી મંદિરોને બદલે મુક્ત સહચાર સ્વચ્છંદતા અને ફેશનના અખાડા બને તેને બદલે બહેતર છે, કે શાળા કોલેજો બંધ થઇ જાય!

મુંબઇની કેટલીક સંસ્થાઓમાં મીની સ્કર્ટ અને લાંબા વાળને અભદ્ર પોષાક ગણીને તેવા વિદ્યાર્થીઓને પ્રવેશ નહિ

આપવાનો નિર્ણય થયો છે અને બંગલા દેશમાં લાંબા વાળ સામે નવું યુધ્ધ મંડાયું છે. અનિષ્ટ તત્વો જેવા લાંબા વાળ વાળા વિદ્યાર્થીઓ સામે અને મીની સ્કર્ટ માટે લશ્કર અને પોલીસ મેદાને પડયાં છે.

ગુજરાત, સૌરાષ્ટની કોલેજો, શાળાઓના સંચાલકો, ખુદ સરકાર, મુંબઇ અને બંગલા દેશના દાખલાને અનુસરે અને યૌવનની પાંખે ઉડનારાં પારેવડાંના અભદ્ર, પોશાક ઉપર કાયદાથી પ્રતિબંધ મૂકવા વિચારે એવી આશા રાખી શકાય ? પોશાક અને વાળ ભલે વ્યકિતની સ્વતંત્રતા ગણાતાં હોય પરંતુ સભ્ય પોષાક એ શિસ્ત અને સંયમનું પ્રથમ સોપાન છે.

નવજવાન ! અભ્યાસ પણ સાધન છે સરસ્વતીની ઉપાસના છે ચારિત્ર્ય અને શીલ વિના શિક્ષણ સાધના શક્ય નથી જે શિક્ષણ નીતિ, સદાચાર અને ચારિત્ર્ય ઘડતર નહિ કરી શકે તે શિક્ષણ વ્યર્થ છે.

ગુજરાત મિત્રમાંથી
સાભાર
૨૧-૭-૭૪

* મ હં ગા ઈ *

હંસરાજ આર. પટેલ
બિદર કર્નાટક

સિતમ ઢા રહા હૈ, ગજબ ઢા રહી હૈ, યે બઢતી હુઈ મહંગાઈ ।
મહંગાઇ મેં પકકી હો ગઇ ભૈય્યા મેરી સગાઇ ॥
જહાં ગેહું ચાવલ મહંગા વહાં પ્યાર હૈ સસ્તા ।
ઐસી જગહ પર જોડ દીયા હૈ મૈંને અપના રિસ્તા ॥
લેકિન ઝટ પટ કરલું શાદી ઈતની નહિં મેરી કમાઇ ।
મહંગાઈ મેં પકકી હો ગઇ ભૈય્યા મેરી સગાઈ ॥
ફેશન કા હૈ બોલ બાલા હર ઔરત હૈ ફેશન વાલી ।
લીપસ્ટીક ઔર પૌડર લગાતી હર ગોરી હો યા કાલી ॥
સીનેમા કી શૌકિન હૈ મેરી હોને વાલી બીબી ।
મહંગાઇ મેં પકકી હોગઇ ભૈય્યા મેરી સગાઈ ॥
મૈં સોચ રહા હું મન મેં, એક બાર ઉસે મિલ આઉં ।
શાદિ રજિસ્ટર કરાલે,યહ બાત ઉસે સમઝાગે ॥
હમ દોનો કા રાજ હો, ઘરમેં ભૈયા ન ભોજાઇ ।
મંગહાઇ મેં પકકી હો ગઇ ભૈય્યા મેરી સગાઇ ॥

* અનમોલ વચન *

પુરૂષોત્તમ કે ચાવડા અદાપુરકંપ

રાસ્તા ચલના સ્વચ્છ, ચાહે ફેર હો,
કામ કરના ઉત્તમ ચાહે દેર હો ।
સંમતિ લેના ભાઈ કી, ચાહે ભેર હો,
ભોજન કરના માં સે ચાહે જહર હો ।
પત્ની કરના પતિવ્રતા, ચાહે બેનૂર હો,
ન્યાય કરના સત્ય. ચાહે અમીર યા ફકીર હો ।
કુલવાન કી પહિચાન હોતી હૈ ઉસકી જ્ઞાનસે,
વિદ્વાનકી પહિચાન હોતી હૈ ઉસકી જબાનસે ।

" આ ભૂમિ ગાંધીજીની રહી છે કે ? "

રચયિતા – **ભવન એમ. પટેલ H.S.S.C. અમરાવતી**

છે આ ભૂમિ એ જ ગાંધીજીની,
કે જે મહાત્માજીએ અપાવી આઝાદી.
રે જયારે હતી આ યુગપુરુષની હસ્તી,
ત્યારે ન હતી આ ભૂમિ આટલી સ્વાર્થી.
ભલે હતી ત્યારે રે સ્ફોટક પરિસ્થિતિ,
છતાં ત્યારે હતી હમણાં કરતાં વધુ શાંતિ.
અને હતી ત્યારે હારમાળા સમર્થ પ્રધાનોની
રે આ તો બધા હાલહેવાલને વાત કાલની.
રે આજ દેખાદે બધેય અવ્યવસ્થાને અશાંતિ,
છોને થાય પાક કૃષિક્ષેત્રે અખૂટને માતબર.
તોય થાય આ અનાજની એકાધિકાર,
વડે થાય ખરીદી, ને બન્યું તે મોંઘુ.
ત્યારે આ ભૂમિ પર ઉપજાવી કૃત્રિમ તંગી,
અનાજની, આપ્યો ખાવા માઇલો.
રે આ એજ માઇલો અમેરિકાની મૈત્રી–ભેટ,
આજે મોજ–મજા કરે ને ફરે " ધોળા–હાથી " કે.
જેના માટે મોટર દોડે, હાજર અનેક પાયવંદક,
છે બધે ભ્રષ્ટાચારને પાપાચારનું રાજ.
શું આ છે એજ ભૂમિ ગાંધીજીની ?
શું આ ભૂમિ ગાંધીજીની રહી છે કે ?

બાપુ કી. બાત *

દેવસીભાઇ ધનજીભાઇ પટેલ
કલકત્તા (રાસબિહાર) (લીડર)

બાપુ બાપુ યાદ નહીં ક્યા
તુમકો ઉસ દિન વાલી બાત
હમેં સૂનાઓ એક કહાની
હઠ કરતે થે હમ જીસ રાત
તુમને કહના શુરૂ કિયા થા
એક નગર કા રાજકુમાર
તભી તુમ્હારી ઝૂંપડી મેં એક
સૉપ નિકલ આયા ખૂંખાર
હમ સબ સૌર મચાતે ભાગે
મારો મારો મારો સૉપ
લેકિન ઉસકી ચિન્તા ન કર
હઁસતે હઁસતે બોલે આપ
યહ ભી પ્યાર કરેગા મુજકો
અગર કરું મૈં ઇસસે પ્યાર
પ્યાર બદલ શકતા હૈ દિલકો
દિલ ન બદલ શકતી તલવાર
બાપુ તુમ સે બિના લડે જો
ચલા ગયા થા ઉસ દિન સૉપ
બિના લડે જયું ભારત સે
અંગ્રેજ ગયે હૈ અપને આપ
બિના લડાઈ ચલે ગયે.
બસ બાપુ પાકર તેરા પ્યાર
બન્દૂકોં સે લડને વાલે
ગયે પ્યાર કે આગે હાર



સમાચાર દર્શન

શ્રી પુરૂષોતમપુરા ગૃપ યુવકમંડળ
પુરૂષોતમપુરા.

સંવત ૨૦૩૦ના અષાઢ સુદ–૪ રવિવાર તા. ૨૩-૬–૭૪ના રોજ રાત્રે ૯ કલાકે પુરૂષોતમપુરા તથા રમણપુરા તથા દવેરીકંપા ઊર્ફે ગાયત્રીફાર્મના યુવકમિત્રોએ એક સંમેલન યોજીને શ્રી પુરૂષોતમપુરા ગૃપ યુ. મંની સ્થાપના કરી છે. આ મંડળમાં ઉપરોક્ત ત્રણેય પરાંઓના સભ્યો જોડાયા છે. આ મંડળની વહીવટી કામગીરી માટે નીચે પ્રમાણે કારોબારીની નિમણુંક કરી છે.

હોદ્દો	નામ		ગામ
પ્રમુખ	પટેલ જાદવજીભાઈ ગોવિંદભાઈ		પુરૂષોતમપુરા,
ઉપપ્રમુખ	,, વિશ્રામભાઈ દેવજીભાઈ		,,
મંત્રી	,, હરીલાલ દેવસીભાઈ		,,
સહમંત્રી	,, છગનભાઈ દેવજીભાઇ		રમણપુરા.
ઓડીટર	,, મણીલાલ અંબાલાલ	(અહમદપુરાવાળા)	દવેરીકંપા.

*** સલાહકારો ***

(૧) પટેલ અંબાલાલ ધનજીભાઈ — અહમદપુરા વાળા
(૨) પટેલ દેવજીભાઈ ગંગદાસ — પુરૂષોતમપુરા.

ઉપરોકત કારોબારીના નેતૃત્વ હેઠળ મંડળનું બંધારણ નકકી કરવામાં આવ્યું છે અને પ્રગતિકારક હેતુઓ તથા ઠરાવોની નોંધ કરવામાં આવી હતી. સભાના અંતમાં મંત્રીશ્રીએ આભારવિધિ કરતાં જણાવ્યું હતું કે આપણુ યુવક મંડળ શ્રી ક. ક. પા. સ. સમાજ ધનસુરાના એક એકમ તરીકે સમાજોપયોગી કાર્યો કરશે અને આગળ વધીને અખીલ ભારતીય ધોરણે યુવકસંઘને પણ તેના કાર્યમાં સાથ સહકાર આપશે.

લિ.
મંત્રી **હરીલાલ દેવસીભાઇ પટેલ**
શ્રી પુરૂષોતમપુરા કંપા ગૃપ યુવક મંડળ

શ્રી કચ્છ કડવા પાટિદાર વિદ્યાર્થી મંડળ

મુ. તલોદ, જિ. સાબરકાંઠા.

અમારા ઉપરોક્ત વિદ્યાર્થી મંડળની સામાન્ય મિટીંગ પ્રિન્સિપાલ શ્રી આર. એલ, પટેલના અધ્યક્ષપણા હેઠળ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડીમાં તા. ૨૪-૭-૭૪ના રોજ મળી હતી. તેમાં ગત વર્ષનો અહેવાલ મંત્રીશ્રીએ વાંચી સંભળાવ્યો હતો.

ગયા વર્ષની કારોબારીના હોદ્દેદારોનાં રાજીનામાં આવ્યાં. અને નવા વર્ષના કારોબારીના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી જે નીચે મુજબ છે.

સલાહકાર સમિતિ –

(૧) પ્રિ. શ્રી આર. એલ. પટેલ — તલોદ સાયન્સ કોલેજ
(૨) શ્રી પટેલ મુળજીભાઈ કે. — પ્રમુખશ્રી ક. ક પા. યુવક મંડળ તલોદ
(૩) શ્રી પટેલ પ્રહલાદભાઈ ડી. — સહકારી જીનના મેનેજર
(૪) શ્રી પટેલ મોહનભાઇ જી. — તલોદ
(૫) શ્રી પટેલ ગોવિંદભાઇ વી. (M. sc.) — બદામકંપા

કારોબારી સમિતિ —

પ્રમુખ	તુલસીદાસ જી. પટેલ	(T. y. B. Com)	રમોસકંપા
ઉપપ્રમુખ	નટુભાઈ જે. પટેલ	(S. y. B. A.)	થવાદલાદ
મંત્રી	ભાઈલાલ એમ. પટેલ	(S.y.B.Com.)	બીલેશ્વરકંપા
સહમંત્રી	પ્રમોદકુમાર ટી. પટેલ	(F. y. B. sc.)	વિષ્ણુપુરાલાટ
ખજાનચી	જયંતિલાલ આર. પટેલ	(S. y. B. Com)	જંત્રાલકંપા
સહખજાનચી	પરસોતમ એચ. પટેલ	(F. y. B. Sc.)	રામસિંહકંપા
ઓડીટર	હરિલાલ વી. પટેલ	(F. y. B. Com.)	ધનસુરા
સહઓડીટર	પરસોતમ આર. પટેલ	(Pre. Com.)	નવાનગર
પ્રવાસમંત્રી	ગોવિંદભાઇ ડી. પટેલ	(F. y. B. Sc.)	તલોદ
સહપ્રવાસમંત્રી	નરેન્દ્રકુમાર વી. પટેલ	Pre. Se.	ધનસુરા
સંસ્કાર મંત્રી	(૧) ઇશ્વર જી. પટેલ	(Pre Se.)	રાજપુરકંપા
	(૨) દિનેશકુમાર એમ. પટેલ	(Pre. Com.)	રામપુરાકંપા
સ્વાગત મંત્રી	(૧) કસ્તુરી આર. પટેલ	S. y. B. A.	તલોદ
	(૨) કુ. નિર્મળા કે. પટેલ	(F. y. B. A.)	બદામકંપા
	(૩) કુ. ચંપા આર. પટેલ	(Pre. Arts)	તલોદ

મંત્રી શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ. તલોદ
શ્રી ભાઈલાલ એમ. પટેલ (S. y. B. Com.)

* જાહેર સુચના *

કચ્છ વાંઢાય (દેશલપુર)માં શ્રી ઉમીયા માતાજીના સ્થાને શ્રીઈશ્વર રાંમજી મહારાજની તપોભૂમિમાં નવા મકાનમાં શ્રી ઓધવરામ સત્સંગ હોલનું ઉદ્ઘાટન અસાડ સુદ–૧૨ સં. ૨૦૩૦ના થયું. તથા પુનમના રોજ શ્રી ગુરૂ પૂર્ણિમા ઉત્સવ થયો.

સાધુ વાલદાસજી ગુરૂશ્રી ઓધવરામજીના હાથે ઉદ્ઘાટન થયું તે સ્થાને અન્નક્ષેત્ર ચાલુ કરવામાં આવ્યું છે.

હજી મકાનમાં સુધારા વધારાનું કામ ચાલુ છે.

શ્રી વાલદાસજી તા. ૨૫–૭–૭૪ના હરિદ્વાર ગયા છે. ફરી પાછા કચ્છ આવતા રહેશે.

શ્રી ઉમીયા માતાજીના સ્થાને અન્ન ક્ષેત્ર ચાલુ છે. તથા સત્સંગ ભજન દર રવિવારે બપોરે ૩ાા થી ૪ાા ચાલુ રહેશે દેસલપુર વાળા શ્રી દેવસીદાસ ભગત આવશે તથા બીજા સંતો, ભકતો પણ આવશે.

તે સ્થાને ગૌશાળા તથા બગીચો ફુલઝાડ વગેરે તૈયાર કરવામાં આવશે.

૧ દર વર્ષે પોષ સુદ ૧૨ (બારસ) પૂ. શ્રી ઓધવરામ મહારાજશ્રીની પુણ્યતિથી ઉજવાશે.

૨ ચૈત્ર સુદ ૮ તથા ૯ (રામનવમી) ઉત્સવ ઉજવાશે.

૩ અસાડ સુદ પુનમ (ગુરૂપૂર્ણિમા) એમ ત્રણ ઉત્સવો ઉજવાશે.

સંસ્થાને સહાય મોકલનારે નીચેના સરનામે મોકલવી.

વ્યવસ્થાપક :
શ્રી ઉમીયા માતા સંસ્થાન
ઈશ્વરનગર વાંઢાય પોસ્ટ દેશલપુર
ભૂજ–કચ્છ (મંજલવાલી)

લક્ષ્મણપુરાકંપા કન્યા છાત્રાલયમાં આવેલ અનાજની યાદી કીલે!

૧	કરસનભાઇ હંસરાજભાઇ પટેલ	૨૦
૨	રાંમજીભાઇ ધનજીભાઇ પટેલ	૨૦
૩	વાલજીભાઇ ભીમજીભાઈ પટેલ	૧૦
૪	સવગણભાઇ ભીમજીભાઈ પટેલ	૧૦
૫	દેવસીભાઇ કાનજીભાઇ પટેલ	૧૦
૬	અરજણભાઇ કાનજીભાઇ પટેલ	૧૦
૭	ભીમજીભાઇ કાનજીભાઇ પટેલ	૧૦
૮	રતીલાલ કાનજીભાઇ પટેલ	૧૦
૯	પ્રેમજીભાઈ હંસરાજભાઈ પટેલ	૧૦
		કી. ૧૧૦

બોરીયાટીંબા

૧	પટેલ મણીભાઇ રતનાભાઇ	૧૦૦
૨	પટેલ હરીભાઈ ,,	૨૦
૩	પટેલ અંબાલાલ ,,	૨૦
૪	પટેલ અરજણભાઇ વસરામભાઇ	૨૦
૫	પટેલ કાનજીભાઇ હંશરાજભાઇ	૧૫
૬	માવજીભાઈ સવગણભાઇ	૧૦
		૧૮૫

શ્રી કચ્છી કડવા પાટીદાર જ્ઞાતિ ટ્રસ્ટ ફંડ
મુંબઈ

— ખુલાસો —

આપણી જ્ઞાતિની મુંબઇ મધ્યેની પાટીદારવાડી બાબતમાં આપણી જ્ઞાતિના એક હિતેચ્છુભાઈ તરફથી ટ્રસ્ટીઓનું ધ્યાન ખેંચવામાં આવ્યું છે કે, મુંબઇમાં આપણી જ્ઞાતિની વાડીમાં બહારગામથી આવતા જ્ઞાતિ ભાઇઓને રહેવાની સગવડ મલતી નથી. તેવી અમદાવાદના કેટલાક ભાઇઓની ફરીયાદ છે તો તે બાબતમાં જણાવવાનું કે આ બીના સત્યથી વેગળી છે આવી કોઈ હકીકત ટ્રસ્ટીઓની જાણમાં નથી.

એજ લિ.

લખમસીભાઇ લધાભાઈ પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થીમંડળ, અમદાવાદ

અમદાવાદમાં ભણતા આપણા વિદ્યાર્થી ભાઇબહેનોની જનરલ મિટીંગ કેપીટલ પાર્ક ખાતે મળી આ મિટીંગમાં શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ અમદાવાદના ૧૯૭૪-૭૫ વર્ષના હોદ્દેદારો કારોબારીના સભ્યો અને સલાહકાર સભ્યોની નિમણુંક કરવામાં આવી.

૧. મંડળના હોદ્દેદારો —

પ્રમુખ	શ્રી અમૃતભાઈ આર. પટેલ	બદામકંપા
ઉપપ્રમુખ	શ્રી ભગવાનદાસ એમ. પટેલ	ઇસનપુરકંપા
મંત્રી	શ્રી કાન્તિલાલ આર. પટેલ	શંકરપુરાકંપા
સહમંત્રી	શ્રી કેશવલાલ કે. પટેલ	શરડીકંપા
પ્રવાસમંત્રી	૧ શ્રી ચંદુલાલ જે. પટેલ	પુરસોત્તમપુરાકંપા
	૨ શ્રી અમૃતલાલ આર. પટેલ	રાજપુરકંપા
ખજાનચી	૧ શ્રી ભાઇલાલભાઈ કે. પટેલ	દેલવાડાકંપા
	૨ શ્રી અરવિંદભાઈ વી. પટેલ	કુવાવડકંપા
ડીબેટીંગમંત્રી	૧ શ્રી હરીભાઇ એસ. પટેલ	હાથરવાકંપા
	૨ શ્રી વિઠ્ઠલભાઇ પી. પટેલ	નારણપુરાકંપા
બહેનોના પ્રતિ.	કુ. ચંદ્રાવતી કે. પટેલ	વજેપુરાકંપા

૨. કારોબારીના સભ્યો —

૧	શ્રી શાન્તિલાલ એલ. પટેલ	ઇસનપુરકંપા
૨	,, છગનલાલ ડી. પટેલ	નવામુવાડા
૩	,, ઇશ્વરભાઈ જે. પટેલ	પટેલ આચાર્ય ફાર્મ
૪	,, શાન્તિલાલ ડો. પટેલ	સીંગરવા-કઠવાડા
૫	,, પુરસોત્તમ કે. પટેલ	બદ્રાપુરકંપા

૩ સલાહકાર સમિતિ —

૧	એડવોકેટ શ્રી રતિલાલ કે. પટેલ	કેપીટલ પાર્ક, અમદાવાદ
૨	ડૉ. દલપતભાઈ ડી. પટેલ	નરોડા, અમદાવાદ
૩	શ્રી હરીભાઇ પી. પટેલ	નવાનગરકંપા
૪	શ્રી મણીલાલ કે. પટેલ	નારાયણનગરકંપા
૫	શ્રી વિઠ્ઠલભાઇ આર. પટેલ	કાનપુરકંપા

આ મિટીંગમાં વધુ સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ–બહેનોએ હાજરી આપી હતી. જેની સમક્ષ હોદ્દેદારોએ પોતાના વિચારો રજુ કર્યા હતા. ત્યારબાદ આભાર વિધિના અંતે આ મિટીંગ સમાપ્ત કરવામાં આવી.

ભગવાનદાસ એમ. પટેલ -(ઇસનપુરકંપા)
ઉપપ્રમુખ
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ અમદાવાદ

શ્રી કચ્છ કડવા પાટીદાર છાત્રાલય, વડાલી.
સને ૧૯૭૩–૭૪ના વર્ષનો અહેવાલ

છાત્રાલયમાં વર્ષ દરમિયાન ૫૪ છાત્રો હતા.

માર્ચ ૭૪માં લેવાયેલી એસ. એસ. સી. પરીક્ષામાં ૬ માંથી ૩ જણ પાસ થતાં પરિણામ ૫૦% આવ્યું છે.

ચાલુ સાલે છાત્રાલયમાં ૭૫ છાત્રો છે. આમ સંખ્યામાં સારો એવો વધારો થયો છે. છાત્રાલયમાં ધો. ૫ થી ૧૧ ના વિદ્યાર્થીઓ છે.

ગઈસાલ જિલ્લા રમતોત્સવ ૧૫૦૦ મીટર દોડમાં કાન્તિભાઈ શામજીભાઇ પટેલ પ્રથમ આવેલ અને જયંતિલાલ લધ્ધાભાઇ પટેલ ૪૦૦ મીટર દોડમાં ત્રીજા નંબરે આવ્યા હતા. ટપ્પાદોડમાં છાત્રાલયના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

રેડિયો નાટિકામાં છાત્રાલયના છાત્ર જયંતિભાઇ વિસરામભાઈ અને જયંતિભાઇ નાનજીભાઇએ ભાગ લીધેલો, આકાશવાણી અમદાવાદ નાટિકા રજૂ કરેલી.

૧૯૭૩–૭૪ના વર્ષ દરમિયાન છાત્રાલયનું માસિક ભોજન ખર્ચ દર માસે ૧૦ કીલો ઘઉં અને રૂ. ૩૮/–થી ૪૦/–ના ગાળામાં આખો માસ માટેનું આવેલું છે. નોકરિયાતોને પગાર, લાઇટચાર્જ સાથેનું કુલ્લે ખર્ચ સાથે મહ્યું છે.

છાત્રાલયમાં સમાજ તરફથી પાણીની ટાંકી બનાવી કૂવા ઉપર ઇલેકટ્રીક મોટર મૂકી છાત્રો માટે પાણીની સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આમ સમાજ તરફથી છાત્રાલય માટે દિનપ્રતિદિન પ્રગતિ થાય તેવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.

રણછોડભાઈ હેમાભાઈ પટેલ
ગૃહપતિ
શ્રી કચ્છ કડવા પાટીદાર છાત્રાલય
વડાલી, જિ. સાબરકાંઠા.

ધનસુરા (ગુજરાત) .... મુલાકાત નોંધ

શ્રી હંસરાજભાઇ
દાનાભાઇ પટેલ
બલ્લારશા

એકાદ માસ પહેલાં મને ગુજરાતના પ્રવાસે જવાનું સદ્‌ભાગ્ય સાંપડયું. સંજોગોવસાત અચાનક જ ગુજરાત સમાજના આગેવાન વડીલો પ્રમુખ શ્રી હીરજીભાઇ કરશનભાઇ શ્રી વાલજીભાઇ કાનજીભાઇ, શ્રી મણીભાઇ જેઠાભાઈ, શ્રી વેલજીભાઇ ભાણજીભાઇ શ્રી ડાહ્યાભાઇ હરીભાઇ, મંત્રીશ્રી નાનજીભાઇ કાનજીભાઇ તેમજ યુવક મંડળના પ્રમુખ શ્રી સામજીભાઇ સવગણભાઈ, મંત્રીશ્રી અરજણભાઇ વસરામભાઇ, ગૃહપતિશ્રી વાડીભાઇ કે. પટેલ, ગૃહમાતા સાવિત્રીબેન એસ. વેલાણી વગેરે સાથે મળવાની તક મળી, ગુજરાતમાં ધનસુરાનાં આપણાં છાત્રાલયોના સંચાલન બાબતમાં તેમજ સમાજ સેવા બાબતની સેવા ભાવનાનું સ્તર ખરેખર ઊંચું છે તેમ લાગ્યું.

નોંધપાત્ર હકીકત એ છે કે છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતી બહેનો અને વિદ્યાર્થી ભવનમાં રહીને અભ્યાસ કરતા આપણા વિદ્યાર્થીઓને ઓછા ખર્ચે અભ્યાસ કરી શકે તે માટે મુરબ્બી શ્રી વાલજીભાઇ કાનજીભાઇ તેમજ યુવક મંડળના સભ્યો ઘઉં વગેરે અનાજ ઉઘરાવીને વિદ્યાક્ષેત્રે જે સેવાકાર્ય કરે છે તે ખરેખર ખૂબ પ્રસંશનીય છે

ખરેખર ! જે વિસ્તારમાં આપણા સમાજની વધુ વસ્તી છે ત્યાં જેવા કે વડાલી અગર ખેડબ્રહ્મા. નખત્રાણા તેમજ અન્ય મોટાં મોટાં કેન્દ્રોમાં કન્યા છાત્રાલયોની સગવડ ઊભી કરી ગુજરાતનું અનુકરણ કરી આ રીતે સંચાલન કરવામાં આવે તો તે સમાજની ભાવિ ઝડપી પ્રગતિ માટે ઘણું સુંદર પરિણામ મેળવી શકાય.

હું માનું છું કે આપણાં ધર્મ સ્થળો માટે એકત્ર થતા ફંડ આવાં છાત્રાલયો માટે વપરાય તો પણ તે પ્રસંશનીય બાબત કહી શકાય.

ધનસુરા કન્યા છાત્રાલયમાં બહેનોની સંખ્યા વધતી જતી હોઇ હવે જગ્યા ની તંગી ઊભી થઇ છે તે બાબતમાં પણ ગુજરાત સમાજના આગેવાનો સચિંત તેમજ સજાગ છે. વિદ્યાર્થી ભવનનું દરેક ધોરણોનું પરિણામ ૧૦૦% સુધી આવી શકે તે માટે ગૃહપતિ શ્રી વાડીભાઈ ખૂબ જ જહેમત ઉઠાવે છે. કન્યા છાત્રાલયમાં ગૃહમાતા સાવિત્રીબેન પણ વધુ સુંદર પરિણામ આવે તે માટે પ્રયત્નશીલ છે.

ખોંભડી પાટીદાર સનાતન સમાજની સાગર (મ. પ્ર.) માં
* યોજાયેલ મીટીંગનો અહેવાલ *
તા. ૧૯-૧-૭૪ થી ૨૧-૧-૭૪ સુધીનો કાર્યક્રમ

સર્વ પ્રથમ :- પ્રાર્થના, ત્યારબાદ ગામના અગ્રણીય સ્વર્ગીય ભાઈઓને શ્રદ્ધાંજલી અર્પણ કરવામાં આવી.

ત્યારબાદ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ સાગર તરફથી શ્રી લાલજીભાઇ કાનજીભાઈના પ્રમુખપણા નીચે બહારથી પધારેલ મહેમાનોનું સ્વાગત તથા ઓળખાણ વિધિ કરવામાં આવી.

તા ૧૯-૧-૭૪ ના બપોરના ૨-૩૦ વાગ્યે થી શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ ની મીટીંગ શ્રી કાનજીભાઈ ભીમજીભાઈ ભગતના પ્રમુખ પદ હેઠળ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

(૧) સમાજના જૂના બંધારણમાં ફેરફાર કરી નવું બંધારણ ઘડવામાં આવ્યું અને સર્વ સંમતીથી પાસ કરવામાં આવ્યું.
(૨) સમાજના આવક જાવકના હિસાબોની રજૂઆત કરવામાં આવી.
(૩) કાર્યવાહક કમીટીની ૧૧ સભ્યોની નીમણુંક કરવામાં આવી જેમાંથી ૬ હોદ્દેદારો તથા ૫ સભ્યો રાખવામાં આવ્યા.
(૪) કાર્યવાહક કમીટી ઉપરાંત ૩ ટ્રસ્ટીઓની તથા ૨ ઓડીટરોની નીમણુંક કરવામાં આવી.
(૫) સમાજવાડી બનાવવા બાબત ચર્ચા વિચારણા કરવામાં આવી જે ગામના બંને પક્ષોની સંયુકત હોવી જોઇએ અને તેની શરૂઆતની કાર્યવાહી હાથ ધરવા માટે જણ ૫ ની સમિતિ રચવામાં આવી જેના અંદાજી ખર્ચ માટે રૂા. ૧.૫૦.૦૦૦ / દોઢ લાખનું ભંડોળ મેળવવા માટે વ્યવસ્થા કરવી.
(૬) અખીલ કચ્છ કડવા પાટીદાર સમાજના નિયમોનું મક્કમ રૂપે પાલન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.
(૭) ગામની સ્કૂલમાં અત્યારે વિદ્યાર્થીઓને બેસવા માટે રૂમોની કમી છે તેને જોતાં વધારાના હાલ ૪ રૂમોની ખાસ જરૂરત છે જેમાંથી બે રૂમ બનાવી આપવા શ્રી કાનજી રામજી ભગત તથા ગોવિંદ મનજી ચવાણ તથા આશાપુરી સો મીલ સાગર વાળા તરફથી બંધાવી આપવા ઉમેદવારી બતાવેલ છે, અને બાકીના બે રૂમ બાંધવા માટે પ્રયત્ન કરવા.

(૮) ગામમાં તાર ઓફિસની ખાસ જરૂરત જણાતાં તેને મેળવવા માટે ઉચિત પ્રયત્ન કરવા.

(૯) ગામની સહકારી મંડળી અત્યાર સુધી બંધ હતી તે ફરીથી ચાલુ કરવામાં આવી છે. મંડળી ભવિષ્યમાં પ્રગતિ સાધે એવો સાથ સહકાર આપવા સૌને અનુરોધ કરવામાં આવ્યો.

(૧૦) આપણા સમાજમાં અત્યાર સુધી ૧૬૧૦ સભ્યો છે અને આજે નવા ૨૦૧ સભ્યો પોતાની ઉમેદવારીથી દાખલ થયા છે જેની નામાવલી નીચે મુજબ છે.

(૧)	શ્રી	રામજી દાના	સેંગાણી	ની	કુટુંબ	સખ્યા		૨૬
(૨)	,,	દાનજી દાના	,,	,,	,,	,,		૩૫
(૩)	,,	નાઇઆ દાના	,,	,,	,,	,,		૧૮
(૪)	,,	લધા મનજી	,,	,,	,,	,,		૩૭
(૫)	,,	હરજી જેઠા	,,	,,	,,	,,		૬
(૬)	,,	કરમશી જેઠા	ચવાણ (મુખી)	,,	,,	,,		૨૪
(૭)	,,	વસ્તા સોમજી	,,	,,	,,	,,		૧૧
(૮)	,,	રામજી સોમજી	,,	,,	,,	,,		૭
(૯)	,,	વિશ્રામ ભીમજી	,,	,,	,,	,,		૧૨
(૧૦)	,,	રામજી પ્રેમજી	ગોરાણી	,,	,,	,,		૨૫
								૨૦૧

ઉપરોક્ત કાયક્રમ અંગે સમાજના મુખ્ય અગ્રેસર ભાઇ ઓએ પોતપોતાના વિચારો રજુ કર્યા હતા. અને સમાજ ભવિષ્યમાં સારી ઉન્નતિ કરે એવી ભાવનાઓ બતાવી હતી.

અને તા. ૨૧–૧–૭૪ના રાત્રે ૮–૩૦ વાગ્યે કચ્છ કડવા પાટીદાર સમાજ સાગર તરફથી વિદાય સમારોહ યોજવામાં આવેલ હતો.

લિ.
શ્રી ખોંભડી પાટીદાર સનાતન સમાજ
મંત્રી–
શ્રી નાનજી ગંગદાસ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ ઇડર (સાબરકાંઠા)

તા. ૭–૭–૭૪ ને રવિવાર ના રોજ બપોરના ૧૨ વાગે ઇડર મુકામે કચ્છ કડવા પાટીદાર સમાજ ઇડર, સાબરકાંઠાની જનરલ મીટીંગ સર પ્રતાપ હાઇસ્કૂલના સભાખંડમાં મળી હતી, તેમાં વડાલી સમાજવાડી તથા ખેડબ્રહ્મા, સમાજ વાડી ઓ તથા છાત્રાલયો શરૂ થઇ ગયાં હોવાથી ઇડરમાં સમાજવાડી અને છાત્રાલય ચાલુ કરવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો અને તે કામ હાથ ધરવા અને તાત્કાલિક જમીન રાખીને સમાજવાડી અને છાત્રાલય બનાવી ચાલુ કરવા અપીલ કરવામાં આવી અને તે માટે વડાલી તેમજ ખેડબ્રહ્મા તેમજ ઈડર અને તેની આજુબાજુ વસતા કંપાનાભાઈઓનો સાથ સહકાર આપવા આગળ આવવા અપીલ કરવામાં આવી અને જેમ બને તેમ જલદીથી ઇડરમાં સમાજવાડી કરવા અને તે માટે નાણાં ભંડોળ એકઠું કરવા. સમિતિઓ રચવામાં આવી ઉપરાંત ખેડબ્રહ્માથી નેત્રા બસ શરૂ કરાવવા માટે ડીવીઝન હિંમતનગરને લખવું અને બસ ખેડબ્રહ્માથી વડાલી ઇડર, હિંમતનગર વિજાપુર, મહેસાણા, રાધનપુર, ભચાઉ ભુજથી થઇને ભુજથી નેત્રા સુધી ચાલુ કરાવવા નિર્ણય લઇને લખવામાં આવ્યું કચ્છ કડવા પાટીદાર સમાજની કારોબારીની ચૂંટણી નીચે મુજબ કરવામાં આવી.

પ્રમુખ	પટેલ	વેલજીભાઈ મુળજીભાઈ	જામરેલા
ઉપપ્રમુખ	,,	જીવરાજભાઈ ધનજીભાઈ	ઇડર
મંત્રી	,,	કાનજીભાઈ રામજીભાઈ	પાનોલકંપા
સહમંત્રી	,,	કરશનભાઈ ગંગદાસભાઈ	ભુતીયાકંપા
કા. સ.	,,	ભાઈલાલભાઈ જેઠાભાઈ	પ્રતાપગઢકંપા
,,	,,	સોમજીભાઈ નથુભાઇ	સુર્યનગર
,,	,,	અખઇભાઈ દેવસીભાઇ	પંચવટી
,,	,,	મગનભાઈ રતનશીભાઈ	ચોટાસણ
,,	,,	જેઠાભાઈ હરજીભાઈ	તખતગઢ
,,	,,	રતનશીભાઈ ગોવિંદભાઈ	નવારામપુરા
સલાહકાર	,,	લાલજીભાઈ વિશ્રામભાઈ	હાથરવા
,,	,,	પરબતભાઈ ખેતાભાઈ	ઇડર

ઉપર મુજબની કારોબારીની રચના કર્યા પછી ૩–વાગે સભાપુરી થઇ હતી.

લિ.

મંત્રી કાનજીભાઈ રામજીભાઈ પટેલ

ઉપપ્રમુખ જીવરાજભાઈ ધનજીભાઇ પટેલ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, નડીયાદ

સામાન્ય સભારંભ

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ તરફથી નડીયાદના સમાજના સર્વ ભાઈઓની હાજરીમાં તા. ૨૩–૬–૭૪ને રવિવારના સવારના ૯ વાગે શ્રી મહાલક્ષ્મી વિજય સૉ મીલમાં પ્રમુખશ્રી લધ્ધાભાઇ ગંગદાસભાઈના પ્રમુખપણા હેઠળ સભારંભ યોજવામાં આવેલ હતો. જેમાં નીચે મુજબ કાર્યવાહી કરવામાં આવી હતી

આણંદથી પધારેલ શ્રી ખીમજીભાઇ વાલજીભાઇને અતિથિવિશેષ પદ આપવામાં આવ્યું હતું વિદ્યાક્ષેત્રે ગત વર્ષે સારા નંબરે પાસ થનારને ઇનામો આપવાનું નકકી કરેલું પરંતુ આ વર્ષે બધા પાસ થયા હોઇ દરેકને સરખાં ધોરણ પ્રમાણે ઈનામો આપવામાં આવ્યાં. જેમાં બાલમંદિરવાળાને એક સ્લેટ તથા એક પેન, તથા ધોરણ પહેલાને એક દેશીઆંક તથા સ્લેટ તથા એક પેન તથા ધોરણ બીજાથી ચોથા સુધી દરેકને એક કાચી નોટબુક તથા પેન્સીલ તેમજ રબ્બર તેમજ ધોરણ પાંચથી ઉપરના માટે એક પાકી નોટબુક તેમજ રબ્બર દરેકને સમાજના વડીલ શ્રી લાલજીભાઇ અમજીભાઇના હસ્તે ઈનામો આપવામાં આવ્યાં.

સભારંભના પ્રમુખશ્રી લધ્ધાભાઇએ અત્રે પધારી સાથ સહકાર આપવા બદલ તેમજ યુવક મંડળે ફૂલ નહીં તો ફૂલની પાંખડી આપવા બદલ આભાર માન્યો હતો.

સમાજના વડીલ શ્રી મુ. લાલજીભાઇએ યુવક મંડળ આગળ વધે એવી શુભેચ્છા વ્યકત કરી તેમજ દર સોમવારે યુવક મંડળ તરફથી ચાલતા ભજનમાં નાના મોટા દરેકને હાજર રહેવા જણાવ્યું આણંદથી પધારેલ મહેમાનશ્રી ખીમજીભાઇએ કાર્યક્રમ જોઈ ઘણોજ આનંદ વ્યકત કર્યો યુવક મંડળને અભિનંદન આપ્યા. યુવક મંડળના પ્રમુખશ્રી પુન્જાલાલે દરેક અત્યારથી જ અભ્યાસમાં કાળજી રાખી સારા નંબરે પાસ થઇ આગળ વધે તેમજ બાળકોને વધુને વધુ ભણાવે તેવી સમાજને ભલામણ કરી યુવક મંડળના ઉપપ્રમુખશ્રી મગનભાઇએ માતાઓની કેળવણી વિશે વાત કરી જે માતાઓ જેમ વધુ ભણેલી તેમજ સંસ્કારવાળી હશે. તેટલો આપણો સમાજ આગળ આવશે તેવું જણાવ્યું. યુવક મંડળના મંત્રીશ્રી જશવંતલાલે જણાવ્યુ કે વિદ્યાર્થી મિત્રોએ આગળ આવવા માટે પ્રથમ સારા મિત્રો રાખવા જોઇએ. સારાં પુસ્તકો વાંચવાં જોઇએ. તેમજ દરેક માતાપિતાએ પોતાના કામમાંથી નિવૃત થતાં ફુરસદના સમય દરમિયાન પોતાનાં બાળકો પ્રત્યે દરરોજ થોડું ધ્યાન આપવું જોઇએ. કારણકે આજનાં બાળકો એ આવતી કાલનાં નાગરિકો છે. એ આવતી કાલના

નાગરિકો જ આપણો સમાજ છે. યુવક મંડળના ખજાનચીશ્રી લખમાભાઈએ ઈનામોનો સદ્ઉપયોગ કરી વધારે મહેનત કરવા જણાવ્યું. યુવામંડળના સલાહકાર નથુભાઈએ વડીલો પ્રત્યે આદરભાવ રાખી વિનય અને વિવેક રાખવા જણાવ્યું યુવક મંડળના સભ્યશ્રી વિશ્રામભાઈએ વિદ્યાર્થીઓને વધારે મહેનત કરી સમાજમાં તેમજ સમાજની બહાર નામ રોશન કરવા જણાવ્યું સભ્યશ્રી અંબાલાલે બાળકોની સારી ટેવો માટે માબાપે ધ્યાન આપવા વિષે તેમજ કોઈપણ બાબતની શરમ વગર સમાજમાં ખુલ્લા મને ચર્ચા કરવા જણાવ્યું. તેમજ શ્રી બાબુભાઈએ તેમજ સભ્યશ્રી રતિલાલે પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં.

અંતે યુવકમંડળના પ્રમુખશ્રી પુંજાલાલે યુવક મિત્રોનો તેમજ સમાજના નાના મોટા બધાનો અત્રે પધારવા બદલ મંડળ વતી આભાર માન્યો હતો.

અંતે ચા પાણી બાદ સભારંભનું વિસર્જન કરવામાં આવ્યુ હતુ.

મંત્રી : **પટેલ જશવંતલાલ પ્રેમજીભાઈ**
શ્રી ક. ક. પા. યુ મંડળ, નડિયાદ

— મુલાકાત નોંધ —

ગત તા. ૮-૮-૭૪ ના રોજ કચ્છ રતાપર નિવાસી હાલ અમદાવાદમાં કોન્ટ્રાકટરના ધંધા સાથે સંકળાયેલા મુ. શ્રી ગોપાલજી સોમજી ભગત ધનસુરાની મુલાકાતે આવ્યા હતા. આ સમયે તેઓશ્રીએ આપણાં છાત્રાલયોની મુલાકાત લઈ શિક્ષણક્ષેત્રે દિન પ્રતિ દિન થઈ રહેલી પ્રગતિથી આનંદ વ્યક્ત કર્યો હતો

શ્રી ગોપાલજીભાઈની વાણીમાંથી તેઓશ્રીનું સમાજ, ધર્મ, ફરજ એ શું તેનો ખ્યાલ; તેમજ આધ્યાત્મિક જ્ઞાન સભર વિચારોથી ભરપુર એવી વાણીનો માજી ધારાસભ્ય શ્રી નારણભાઈ એસ. પટેલ સમાજના મંત્રી શ્રી નાનજીભાઈ કે. પટેલ, ગૃહપતિ શ્રી વાડીભાઈ કે. પટેલ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી પંડ્યા સાહેબ વગેરેએ લાભ લીધો હતો

તા. ૯ મીના રોજ હાઈસ્કૂલમાં શિક્ષકગણે પણ શ્રી ગોપાલજીભાઈના વિચારો અને વાણીનો લાભ લીધો હતો.

શ્રી ૧

આપની જરૂરીયાત મુજબ :

- ડનલોપ
- ફાયર સ્ટોન
- ગુડઈયર
- સીયેટ વગેરે
- કંપનીનાં બનાવેલ

ટાયર ટ્યુબ,

દરેક સાઈઝમાં જેમકે ટ્રક, ટ્રેકટર, મોટરકાર, મોટર સાયકલ તથા
બેલ ગાડાના કમ્પલીટ ટાયર સેટ

દરેક સાઇઝની

★ બેરીંગો ★ એકસલ ★ હબ ★ વીલપ્લેટ

તેમજ તેને લગતો તમામ સામાન વ્યાજબી ભાવે મેળવવા અમારી મુલાકાત લો અને સાયકલનાં ટાયર, ટયુબ કન્ટ્રોલ રેટથી મળશે.

ઓથોરાઇઝડ ડીલર્સ ઇન :—

ડનલોપ ઈન્ડિયા લિ. કલકત્તા, ગુડઈયર ઇન્ડિયા લિ. મુંબઈ.
ફાયર સ્ટોન ટાયર એન્ડ રબ્બર કું. ઇન્ડિયા પ્રા. લિ. મુંબઇ.
સીયેટ ટાયર્સ ઓફ ઇન્ડિયા લિ. મુંબઈ.
મદ્રાસ રબ્બર ફેકટરી લિ. મદ્રાસ.
ઈન ચેક ટાયર્સ લિ. કલકત્તા.
નેશનલ રબ્બર મેન્યુફેકચર્સ લિ. કલકત્તા.

નેશનલ ટાયર્સ

પ્રો. પ્રેમજીભાઈ એ. પટેલ
ઓથોરાઇઝડ ટાયર ડીલર્સ

ફોન. ૨૭ તલોદ રોડ, **ધનસુરા** જિ. સાબરકાંઠા



આનન્દ!
ફુરસદ!!
વૈભવ!!!

રાજેશ
પ્રેશર કૂકર

પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ
આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે
આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની
ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખજો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ
ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા,
ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર.
તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો
ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે
એ સવિશેષ ખાતરીનું ચિહ્ન—
ISI ધરાવે છે.

નિર્માતા:
રાજેશ ઇન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.

સ્ટોકીસ્ટ *

શક્તિ વિજય વાસણ ભંડાર

તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે

પ્રોપ્રાયટર: **પટેલ માવજીભાઈ ભીમજીભાઈ** (કચ્છ) વીરાણીવાળ


સ્થળ : બુટાલવાડા, **મોડસા**, જિ. સાબરકાંઠા.

શ્રી જયઅંબે



ખેડૂત ભાઈઓને ખુશ ખબર

સ્પન પાઈપ્સ



ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઈપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે પાઈપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા જોવાનો પણ આગ્રહ રાખો.


★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઈપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ (જિ. સાબરકાંઠા


LAXMI
LAXMI

JAGRUTI AUGUST '74 Reg. No. G. 322

ગ્રા. નં.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા (જિ. સાબરકાંઠા)

Book - Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

★

★

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા, સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક-૯ સપ્ટેમ્બર ૧૯૭૪

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરું સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઈચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનારે

પટેલ નારાયણભાઇ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ



અનુક્રમણિકા

॥ ૐ નમઃ શિવાય ॥

તંત્રીસ્થાનેથી

આપણે સૌ જાણીએ છીએ તે મુજબ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર, યુવક સંઘની તદર્થ સમિતિની તૃતીય સભા મધ્યપ્રદેશનાં નામાંકિત શહેરોમાંના એક એવા જબલપુર શહેરમાં આગામી તા. ૨૦-૨૧ અને ૨૨ મી સપ્ટેમ્બર ૧૯૭૪ના દિવસોમાં મળનાર છે.

સંઘની રચના બાદ અત્યાર સુધીમાં ઉપરોકત સમિતિની બે બેઠકો; એક મહારાષ્ટ્રમાં પૂના ખાતે અને બીજી ગુજરાતમાં હડમતિયાકંપા ખાતે મળી હતી.

આ રીતે આજ દિન સુધી સંઘશકિતની પૂર્વભુમિકા ઉપસ્થિત કરી શકવાનો એક માત્ર ખ્યાલ જ આપણા સમાજમાં ઉપસાવી શકયા છીએ. યુવાશકિતનાં સાચાં દર્શન કરવાની અને સમાજને ઉપયોગી થઇ પડવાની દ્રષ્ટિએ હજુ સુધી આપણે પાયાનું ખોદકામ શરૂ કરવાનું કામ જ કર્યું છે. એ પાયાને મજબુત બનાવવાનું અને વૈચારિક ભવ્ય ઈમારતો બાંધવાનુ ભગીરથ કામ હવેથી આદરવું પડશે અને આ કાર્યમાં સમગ્ર સમાજના સુજ્ઞ આગેવાન વડીલવર્ગના આશીર્વાદથી જ પ્રગતિનાં સોપાન ચડવાં રહ્યાં.

જમાનાની માંગ સાથે કદમ મિલાવવા સમાજની નિરર્થક પણ વપરાયેલી યુવાશકિતનો સમાજોત્થાનના માર્ગે અભિમુખ બનાવવાનો સમાજના સદ્‌નસીબે શુભ અવસર પ્રાપ્ય બન્યો છે ત્યારે આપણી સામાજિક બદબૂઓને દૂર કરવા માટે, સમાજમાં પ્રવર્તમાન સડાઓને નિર્મૂળ કરવા વડીલજન

સમાજની કાર્યવાહીના હિસ્સેદાર બનવા આપણે નિમ્નલિખિત બાબતો પ્રત્યે દ્રષ્ટિપાત કરવા વિચારીશું ?

કચ્છ તેમજ ગુજરાતમાં વસતાં આપણાં કેટલાંક ગરીબ કુટુંબોની બહેન દીકરીઓની કેટલાંક દલાલો મારફતે ઉત્તર ગુજરાત તરફ થતી સોદા બાજી વિશે કંઇક નક્કર કાર્યવાહી હાથ ધરવાની યોજનાના ઘડતર અંગે વિચારીએ.........તો.

કદાચ કેટલીક દલીલો આ અંગે સામે આવે ખરી ! જેમ કે :— ઉત્તર ગુજરાતમાં કડવા પાટીદાર કુટુંબોમાં આપણી બહેન દીકરીઓ અપાય તેમાં વાંધો શું ? તો તેની સામે કડવા પાટીદારમાં જ આ બહેનો અપાય છે કે પછી અન્ય સમાજોમાં તેનું વેચાણ થાય છે. તેનું વ્યવસ્થિત માર્ગદર્શન મેળવવાનું રહે.

જો આ રીતે અન્ય વિભાગોમાં વસઘાતી જતી દીકરીઓ ભવિષ્યમાં સુખનાં આંસુ સારે તો કદાચ સમાજ સંતોષ ભલે માને પણ જો દુઃખનાં આંસુ સારે તો તે ઉષ્ણ આંસુઓની આહમાં સમાજે મોડા કે વહેલા ભરખાવું પડશે. તેની નોંધ લેવી ઘટે.

તો આ રીતે ગરીબ કુટુંબોની સોળઆંની બહેન દીકરીઓ માટે તેમજ સધ્ધર ગણાતાં કુટુંબોની અપંગ બાળાઓને પણ આવા ધૂંધળા ભવિ જીવનમાંથી ઉગારવા માટે **સમગ્ર સમાજની બહેનોના જીવન ઘડતર માટે બાળપોથી થી માંડીને ઉચ્ચ શિક્ષણ ઉપરાંત વ્યવસાયી શિક્ષણ મેળવી રોજી રોટી મેળવવા પગભર બનાવી શકાય એવી શૈક્ષણિક સંસ્થાઓનું સ્વપ્ન સેવી શકીએ ખરા ?**

અનેક ગરીબ કુટુંબોની ગરીબી દૂર કરવાની યોજના અનેક વિધ તર્કવિતર્ક માગી લેશે પણ આપણી નિર્દોષ બાળાઓનાં ભાવિજીવનને સુઘડ બનાવવાનું સ્વપ્ન કેટલાક દાનવીર વડીલો પોતાના તરફથી દાનનો પ્રવાહ વહેતો કરી સમાજના ભાવિ જીવનને નંદનવન સમ અચૂક બનાવી શકે...પણ ધારે તો...જ....

ઉપરાંત સમાજમાં પ્રચલિત ધાર્મિક અંધશ્રદ્ધાથી દુષિત બનેલાં આચરણો સુધારવા આ ઉપરાંત છૂટાછેડા, વૃદ્ધ ઉંમરે થતાં લગ્ન (સંજોગો વિપરીત ન હોય તો પણ); કન્યા કેળવણી પ્રત્યે આંખ મીંચામણાં, લગ્ન પ્રસંગે કરવામાં આવતાં અવ્યવહારૂ ખર્ચ તેમજ આવી અનેક સામાજિક સમસ્યાઓના સુખદ ઉકેલ માટે સમાજની યુવ શક્તિ વડીલ જન સમાજને ઉપયોગી બને એવી પરમ કૃપાળું પરમાત્મા શક્તિ અર્પે એજ અભ્યર્થના.

અસ્તુ—

* દુનિયાનો ખજાનો—

ચંદુલાલ આર. પટેલ
હડમતિયા કંપા (હાલમાં વ્યારા)

- અમેરિકામાં બસમાં કન્ડકટર હોતા નથી. ડ્રાઇવરની બેઠક પાસે ટીકીટ ભાડું નાખવાની પેટી (ગલ્લો) હોય છે. દરેકને છૂટા પૈસા જ નાખવા પડે છે. બસને બે દરવાજા હોય છે. ગમે તે દરવાજેથી ઉતરી શકાય છે પણ આગળના દરવાજેથી જ બેસવું પડે છે. ઘણી બસોમાં હીટર કે એરકન્ડીશનની સગવડ હોય છે. સ્ટોપ અગાઉ મુસાફરે સિગ્નલ વાયર ખેંચવાથી બસ ઉભી રહે છે અને બારણાં આપો આપ ઊઘડી જાય છે.
- ઇ. સ. ૧૮૭૨માં રશિયાની શ્રીમતિ ફયોદોર વોસિલેન નામની ખેડૂત સ્ત્રી મરી ગઈ. તેને ૨૭ સુવાવડમાં ૬૯ બાળકો જન્મ્યાં હતાં. તેમાં ૧૬ જોડી હતી, ૭ ત્રેખડ હતી અને ચાર ચોકડી હતી. થોડાં જ બાળકો બચ્યાં. તેને અજાયબી તરીકે ઝાર એલેકઝાંડર બીજાના દરબારમાં રજૂ કરવામાં આવી હતી.
- ઇંગ્લેંડમાં મેરેસાવોધાન ૨૪ વર્ષની હતી ત્યારે તેની પર ગેરકાયદે બીજા લગ્ન કરવાનો કેસ થયો હતો. તેમાં તેણે કબૂલ કર્યું હતું કે પાંચ વર્ષમાં ઉપરા છાપરી ૬૧ લગ્ન કરેલ છે.
- લોરી એન્જેલીસ (અમેરિકા)ની બાવરલી જિના એવરીએ ૧૯૫૭માં ૪૮ વર્ષની વયે ૧૬ વખત છૂટાછેડા લીધા હતા.
- જ્યાં બહુ પત્ની પ્રથા છે ત્યાં એક પતિને સેંકડો પત્નીઓ હોય છે પણ જ્યાં એક સાથે એક જ પત્ની થઇ શકે તેવા ખ્રિસ્તી સમાજમાં પણ ગ્લીન વુલ્ફ નામનો એક માણસ ૧૬ પત્નીઓ ધરાવતો હતો.
- જેમ્સ વિલિયમ નામનો એક માણસ તેની પત્નીને ત્રણવાર છૂટાછેડા આપીને ચોથી વાર પણ તેને જ પરણ્યો હતો.
- દુનિયામાં વસ્તીની દૃષ્ટિએ સૌથી મોટો ખ્રિસ્તી ધર્મ છે. ૧૯૭૦ની ગણતરી પ્રમાણે દુનિયાની ત્રણ અબજ ૩૭ કરોડની વસ્તી માંથી ૯૩ કરોડ જેટલા માણસો ખ્રિસ્તી હતા. બીજા નંબરે ૫૦ કરોડ જેટલા મુસ્લિમો અને ત્રીજા નંબરે ૪૪ કરોડ જેટલા હિન્દુઓ હતા.
- પૃથ્વી પર દર સેકન્ડે ચાર બાળકો જન્મે છે અને બે માણસો મૃત્યુ પામે છે. આમ એકંદરે પૃથ્વી પર દર સેકન્ડે બે માણસનો વસ્તીમાં વધારો થતો જાય છે.

• ઇરાકમાં ઇન્તીસાર અલ અઝરા નામની સાત વર્ષની બાળા વિચિત્ર પ્રકારની બિમારી ભોગવે છે. એ દિવસે અંધ રહે છે જ્યારે રાતના અંધકારમાં સ્પષ્ટ વાંચી શકે છે. અલ અઝરાના ત્રણ મોટા ભાઇઓ આ બિમારીના શિકાર બનેલા છે તેના શિક્ષકો જણાવે છે કે આ બાલિકા બહુ હોંશિયાર છે. ડોકટરનું કહેવુ છે કે આ બિમારી સારી થાય એમ નથી. આથી આ બાળાને વિદેશ મોકલવા માટે શાળા મારફતે ફંડ ભેગું કરવામાં આવી રહ્યું છે.

"પ્રેમલગ્નની સફળતા"

દિલીપ દેવશીભાઈ પટેલ
S. Y. ARCH
અમદાવાદ

આનંદ, સ્થાપત્યનો અભ્યાસ કરનો સુધરેલા વિચારનો એક યુવાન, આનંદને નાનપણથી જ ચિત્રકલાનો શોખ હતો અને તેથી જ એણે સ્થાપત્યનો અભ્યાસ આરંભ્યો. આનંદને ખૂબ જ ઓછા મિત્રો, પરંતુ જેની સાથે મિત્રતા બાંધતો તેનું દિલ જીતી લેતો. આનંદ ને એક માત્ર સાચો કહી શકાય એવો મિત્ર પ્રભાત. પ્રભાત. એન્જીનીયરીંગમાં અભ્યાસ કરતો એક ખૂબ સુરત અને હોંશિયાર યુવાન બન્ને મિત્રો નાનપણથી જ પડોશમાં રહેતા હતા. બંન્નેના સ્વભાવ એકબીજાના પૂરક હતા.

આનંદ અને પ્રભાત પોતાનો સમય ચલચિત્રો જોવામાં અને રખડવામાં જ ગાળતા, આથી પાડોશીઓ બન્ને રખડું જ સમજતા પરંતુ બધાંના આશ્ચર્ય વચ્ચે બન્ને પહેલાં વર્ગમાં પાસ થતા જયાં આનંદ હોય ત્યાં પ્રભાત જરૂર જોવા મળતો. કોઇક એમની મૈત્રીના વખાણ કરતું તો કોઈક ઇર્ષ્યા. આનંદ અને પ્રભાતના સ્વભાવોનું એક પાસું એક-બીજાથી બિલકુલ વિરૂધ્ધ હતું. પ્રભાત પાકકો આસ્તિક હતો જયારે આનંદ ભગવાનમાં માનવા કયારેય તૈયાર ન થતો. એ હંમેશા કહેતો "પ્રભાત, "જો તુ ભગવાનના અસ્તિત્વ નો પાક્કો પૂરાવો લાવી આપે તો હું એ જ દિવસથી ભગવાનનો પરમ ભક્ત બની જાઉ" ત્યારે પ્રભાત કહેતો "જો આનંદ ભગવાનના અસ્તિત્વના કાંઈ પૂરાવા ના લવાય, એ તો બધે જ છે" પછી પ્રભાત કયારેય આનંદ પાસે ભગવાનનું નામ ન લેતો.

આનંદની પડોશમાં જ આનંદના મામા રહેતા હતા. સંધ્યા, આનંદના મામાની એકની એક પુત્રી હતી. સંધ્યા કોલેજના બીજા વર્ષમાં અભ્યાસ કરતી

હતી આનંદ ઘણીવાર સંધ્યાને ઘેર જતો અને પોતાના હસમુખા સ્વભાવથી સંધ્યાને ખુશ કરી દેતો, સંધ્યાના પિતા પણ ખુશ હતા કારણકે સંધ્યા એકની એક હોવાથી ઘરમાં એકલી થઇ જતી; પણ આનંદના આવવાથી આનંદમાં આવી જતી, ઘણીવાર આનંદ સાથે પ્રભાત પણ સંધ્યાને ઘેર જતો આનંદ સમજતો કે. પ્રભાત અને સંધ્યા વચ્ચે નિખાલસ મૈત્રી છે ત્રણે જણ ઘણીવાર ચલચિત્ર જોવા પણ જતાં.

એક દિવસ, આ રીતે જ, ચલચિત્ર જોઇને પાછા આવતી વખતે સંધ્યાએ ધડાકો કર્યો" આનંદ, હું પ્રભાતને ચાહું છું" પહેલાં તો આનંદે આ વાતને હસી કાઢી પણ જયારે પ્રભાતે ગંભીરતાથી કહ્યું. ત્યારે આનંદને આઘાત લાગ્યો આખો દિવસ આનંદ આજ બાબતનો વિચાર કરતો રહ્યો. થોડો વિચાર કરતાં આનંદને લાગ્યું" હવે આ દોસ્તીમાં પહેલાં જેટલી મધુરતા હું નહીં આણી શકું મારે પ્રભાતની મૈત્રી છોડી દેવી જોઇએ જે દોસ્તે બીજા દોસ્તને અંધારામાં રાખી એની જ બહેનને પ્રેમમાં ફસાવી એની સાથે દોસ્તી રાખવાથી શું ફાયદો ?" આનંદને બીજો પણ વિચાર આવ્યો. પ્રભાતને મારી મારીને સંધ્યાનું નામ લેતો ભૂલાવી દેવો જોઇએ. પણ આનંદને આ ઉચિત ન લાગ્યું.

આનંદે આને 'લવ-એટેક' જ માની લીધો પણ આનંદે જોયું કે જયારે પ્રભાત અને સંધ્યા એકબીજાને થોડા વખત માટે મળી ન શકતા ત્યારે બન્નેની આંખો એકબીજાને જોવા વિહવળ બની જતી. આનંદે સંધ્યાની આંખમાં પ્રભાત પ્રત્યે શુદ્ધ પ્યાર જોયો અને પ્રભાતની આંખમાં સંધ્યા પ્રત્યેનો સાચો અતૂટ પ્રેમ જોયો હવે આનંદ ઉપર ધર્મસંકટ આવી પડયું એક બાજુ એક દિલોજાન જીગરી દોસ્ત અને બીજી બાજુ મામા, જે આ આંતરજ્ઞાતીય લગ્નને કદી પણ મંજુરી ન આપત. આનંદને લાગતું, જો હું પ્રભાતને મદદ કરીશ તો મેં મામાને દગો કર્યો કહેવાશે' પણ આનંદના મનમાં પ્રભાત સંધ્યાની સુંદર જોડી વસી ગઇ હતી. એણે મનોમન કંઈક નિર્ણય લઇ લીધો આનંદ જો પ્રભાતને મદદ ન કરે તો સંધ્યા કદાચ કાંઇક કરી બેસે,

જયારે સંધ્યાના પિતાએ આ વાત જાણી ત્યારે તેઓ ખૂબજ ગુસ્સે થયા અને સંધ્યાને ઘરની બહાર જવાની મનાઈ ફરમાવવામાં આવી આ રીતે પ્રભાત અને સંધ્યાની વચ્ચે આનંદના મામા રાત્રિ બની ઉભા રહ્યા. પ્રભાત અને સંધ્યા એકબીજાને કોઇપણ રીતે મળી નહોતાં શકતાં છેવટે આનંદની મંજૂરી લઇ બન્ને આનંદને ઘેર જ મળતાં.

આવી રીતે ત્રણ વર્ષ નીકળી ગયાં હવે પ્રભાત એક સારો ઇલે. એન્જીનીયર હતો અભ્યાસ પૂરો થતાં જ એણે નોકરી શોધવા માંડી પણ આ બેકારીના જમાનામાં કેટકેટલા પ્રયત્નો છતાં પણ નોકરી ન મળી.

ત્યારે એક દિવસ પ્રભાતે આનંદને કહ્યું, "આનંદ, હવે હું લગ્ન કરવા માંગુ છું, પણ કરવા કેવીરીતે ? સંધ્યા ના ફાધર તો ચોખ્ખી નાજ પાડી દેશે મને આ માંથી ફક્ત એક જ રસ્તો દેખાય છે. અને તે છે સંધ્યાને લઇને ક્યાંક નાસી જવું" આનંદ થોડી પળો સુધી પ્રભાત સામે એકીટશે જોતો રહ્યો પછી બોલ્યો, " પ્રભાત કોઇને નસાડી જવું એ એક ગૂનો છે. અને તારા જેવા એક સંસ્કારી યુવાન માટે આ સારું ન કહેવાય ધાર કે તું સંધ્યાને લઇને ક્યાંક ભાગી ગયો પણ પછીશું ? તું સંધ્યાનું તો શું પણ તારું પેટ પણ ભરી નહીં શકે તારે માટે બધાં જ દ્વાર બંધ થઇ જશે. ત્યારે તું શું કરીશ ? તું ક્યાંયનો નહીં રહે પ્રભાત એટલા માટે જ કહું છું, એક્વાર શાંત ચિત્તે પૂરેપૂરો વિચાર કરી લે " એ દિવસે પ્રભાત કંઇપણ બોલ્યા વગર જતો રહ્યો

થોડા દિવસ પછી પ્રભાતે આનંદને કહ્યું " મેં નકકી કરી લીધું છે. મને કલકત્તામાં એક જગ્યાએ નોકરી મળે તેમ છે. હું મહીનામાં જ સંધ્યાને લઇને ચાલ્યો જવા માંગુ છું, આનંદ વાયદો કર કે એક પરમ મિત્ર થઈ તું મને આ કામમાં મદદ કરીશ "

"પ્રભાત, એકવાર ફરી વિચારી જો ક્યાંક એવું ન થાય કે જીંદગીમાં પાછળથી પસ્તાવાનો વારો આવે "

"આનંદ, મેં પૂરેપૂરો વિચાર કરી લીધો છે, બોલ તું મને મદદ કરીશ ? "

"પ્રભાત, તારા માટે શું હું આટલું પણ નહીં કરી શકું ! "

અઠવાડિયા પછી સ્ટેશન પર ટ્રેનમાં બેઠેલાં પ્રભાત અને સંધ્યાને આનંદ કહી રહ્યો હતો, "ત્યાં પહોંચીને તરતજ પત્ર લખજે આ મિત્રને ભુલી ન જતો અને સંધ્યા બહેન આ ભાઈને વરસમાં એક દિવસ તો યાદ કરી લેજે " અને ગાડીએ પ્લેટફોર્મ છોડયું.

પ્રભાત અને સંધ્યાના નિયમિત પત્રો આવતાં પ્રભાતને ત્યાં સારી નોકરી અને ઘર મળી ગયું હતું.

આનંદ વિચારતો " શું પ્રભાત સુખી હશે ! " સંધ્યા સુખી હશે ? ક્યાંક આ પ્રેમલગ્ન નિષ્ફળ તો નહીં ગયા હોયને ? આનંદ ઉનાળાની રજાઓમાં પ્રભાત અને સંધ્યાને મળવા કલકત્તા પહોંચી ગયો.

પરંતુ ત્યાં જઇને જ્યારે એણે પ્રભાત સંધ્યાનો સુખી સંસાર જોયો ત્યારે એને દુઃખ થયું.

વાંચકો ખૂબ ઊંડાણથી વિચાર કરો અને શોધો, આનંદને દુઃખ શાથી થયુ ?

દિલીપ દેવશીભાઇ પટેલ
S y. ARCH
અમદાવાદ

આપણા સમાજ સામેની બે સમસ્યા :

વેલજીભાઈ એ. પટેલ
C/o. હરિકૃપા એન્જીનીયરીંગ વર્કસ, મોડાસા.

આપણા સમાજ સામેની બે સમસ્યાઓ વિશે આપણા સમાજના આચાર-વિચારો રજૂ કરતાં જાગૃતિ તથા આઝાદ કલમ દ્વારા અવારનવાર રજૂઆતો થયા જ કરે છે, છતાં પણ આ બે વિષયની વસંત કેમ ખીલી નહીં હોય ? (૧) કન્યા વિક્રય (૨) છુટાછેડા

(૧) તાજેતરમાં મોડાસા તાલુકાના બોરડીચિયાણા ગામમાં ગુજરાતી પટેલને ત્યાં કચ્છ નખત્રાણા તાલુકાના વિથોણ ગામમાંથી જન્માષ્ટમીને દિવસે કન્યાને પરણાવવામાં આવી. આવી રીતે મહેસાણા તથા સાબરકાંઠા જિલ્લામાં આપવામાં આવેલી કન્યાઓનો આંકડો ૩૦૦ જેટલો થાય તો પણ નવાઇ નથી અને આ પ્રવાહ ચાલુ જ રહે તેમ જણાય છે. આપણે તેનાં કારણો શોધીને કંઇપણ ઉપાય નહીં કરીએ, તો ત્યાં સુધી બોલવાથી, વાંચવાથી કે લખવાથી આ બાબત સુધારા પર આવે એ નિરર્થક વાત છે. આપણે આવી રીતે અપાયેલ કન્યાઓ વિશે વિચારીએ તો તેમાં ૧/૪ ભાગ ગમે તે રીતે ભૂલનો ભોગ બનેલી હોય છે. ૧/૪ ભાગ ત્યકતા એટલે આપણા જ સમાજમાંથી છૂટાછેડા પામેલી જેમાંથી કોઇક તો એકાદ બે અથવા વધુ સંતાનોની માતા પણ બનેલી હોય છે. ૧/૪ ભાગ કુદરતી ખોડખાંપણ વાળી અને ૧/૪ ભાગ ગરીબ અથવા વિધવા અને લાચાર બનેલા કુટુંબની હોય છે જેના વિશે જાગૃતિ મે-'૭૪ના અંકમાં હેમલત્તા એમ. પટેલે પોતાનો અભિપ્રાય રજૂ કરી વિનંતી કરેલ છે. આપણે દરેકને વિચારવાની જરૂરત છે કે લાચારીમાં શું નથી બનતું ? આ અધોગતિમાં જતી કન્યાઓને બચાવવા માટે આપણે ઉપયોગી તોજ થઇ શકીએ કે આપણા સમાજ તરફથી કોઇ એવી સંસ્થા ઉભી કરવાની તીવ્ર જરૂરત છે, જેમાં ભરત ગુથણ, સીવણ તથા ઘરવપરાશમાં વપરાતી ચીજો વગેરેનું ઉત્પાદન થઇ શકે અને તેમાં લાચાર બનેલી બહેનોને જીવવા માટે આશાનું એક દ કિરણ દેખાય. એકબાજુ કન્યાઓ વિશે આપણે જોરદાર પ્રચાર કરીએ છીએકે આવું ન બનવું જોઇએ, તેમ આપણે દરેકે વિચારવું પણ જોઇએ કે જેને સમાજમાં કોઈ સ્થાન નથી, સહારો નથી, પોતાની પાસે મજૂરી સિવાય જ્ઞાન નથી. તો એવી બહેનોને જીવન ગુજારવું કઇ રીતે ?

જો કચ્છમાં નખત્રાણા અથવા ભૂજમાં અને ઉત્તર ગુજરાતમાં ધનસુરા અથવા બીજે જો બહેનો માટે આવી સંસ્થાઓ હોયતો હું એટલું તો ચોકક્સ કહી શકુ કે અત્યારે આપણી બહેન દિકરીઓની જે કફોડી હાલત છે. તેમાં મહદ અંશે સુધારો થાય. આપણી બહેન દિકરીઓમાં જ્ઞાતીઅભિમાન તો હશેજ છતાંપણ લાચારીને વશ થઈ રડતા હૃદયે આ પગલું ભરવાની ફરજ પડે છે. જયાં આવી બહેનોને સમાજ વિમુખ બનાવવામાં આવે ત્યારે એનો આપણા સમાજને આશીર્વાદ મળતો હશે કે શાપ ? આજે આપણા સમાજ પાસે શું નથી ? મારી માન્યતા મુજબ અભાવ છે. ફક્ત કાર્યદક્ષતાનો જેટલા આપણે બોલવામાં, પ્રચાર કરવામાં શૂરા છીએ તેટલાજ કાર્ય કરવામાં કાયર પણ છીએ. અને દોષિત ગણીએ છીએ માત્ર સમાજના કાર્યકર્તાઓ અને આગેવાનોને, પણ એકલા આગેવાનો કંઈ જ કરી શકવાના નથી આપણે દરેકે આપણા કુટુંબનું જ કાર્ય છે, એવી ભાવના નહીં કેળવીએ ત્યાં સુધી સમાજમાં સુધારણા વિશે વાત કરવામાં પણ પાપ છે. આજે સમાજ પ્રત્યે જેને ભાવના હોય, જેને સમાજ પ્રત્યે કંઇક કરવાની તમન્ના હોય એવા સેવા ભાવી વીરને આપણા આગેવાનો તથા પ્રતિષ્ઠીતો પ્રત્યે મને વિશ્વાસ છે કે આવા કાર્યમાં જરૂરી સાથ અને સહકાર આપશે જ. આવું કંઇક કરીશું તોજ સમાજબહાર ફેંકાતી કન્યાઓમાં મહદ અંશે ઘટાડો થાય તેવો મારો મત છે. આ બાબતમાં દરેક વડીલ તેમજ ભાઈ-બહેન વિચારે અને તેના વિચારો રજુ કરી અનુકૂળ સમયે અમલ કરે.

(૨) હવે વિચારીએ છૂટાછેડા વિશે તો તેનાં કારણોમાં જોઇએતો

(૧) પતિ-પત્નીના વિચારોની અસમાનતા

આપણને દરેકને વિચાર તો આવે જ કે અસમાનતા શા માટે ? અસમાનતા માટે મુખ્ય જવાબદાર બાળપણમાં થયેલાં સગપણો છે. સગપણ થયા પછી છોકરો અથવા છોકરી એમાંથી એક ઉચ્ચશિક્ષણ પામેલું હોય જ્યારે બીજાને પત્ર લખવાનું પણ પૂરતું જ્ઞાન ન હોય આવી અસમાનતા હોય અને સબંધ રાખવાની ઇચ્છા ન હોય તો તેને જેમ બને તેમ વહેલી તકે ખુલાસો મેળવી લેવો જરૂરીછે.

તેને બદલે આપણા સમાજમાં એકબાજુ લગ્નની તૈયારી થઈ ચૂકી હોય, સગાંસબધીને પત્રિકાઓ મોકલી આપી હોય, ઘર આંગણે મહેમાન અને મોસાળાંની પધરામણી થઇ હોય ત્યાં સામે પક્ષેથી ખબર આવે કે મુરતીઓ પરણવાની ચોકખી ના પાડે છે, માટે અમે લાચાર છીએ. આવી ફજેતી આપણા સમાજમાટે શોભાસ્પદ ખરી ? આવા સંજોગ અથવા નિભાવવા ન નિભાવવા વચ્ચેના દ્વિધાજીતે વશ થઇ લગ્નને પાર

ઉતરેલ હોય તો એકાદ વર્ષમાં પાછો છૂટાછેડાનો પ્રશ્ન ઉભો રહે છે, ત્યારે થોડા ગણો પણ આઘાતનો આંચકો તો આવે છે અરે ! તેથી વધુ આઘાતતો ત્યારે લાગે છે કે પતિપત્ની વચ્ચે વિચારોની અસમાનતા હોય છતાં પડલું પાનું નિભાવી લેવા એમાંથી એક પાત્ર સમજે છે અને પોતાનો સુખરૂપ સંસાર ચા તેવું ઇચ્છે છે. આવા સુખરૂપ ચાલતા સંસારમાં સગાંસબંધી કે સ્નેહીઓના વ્યવહારિક અથવા બીજી બાબતમાં થયેલા ઘર્ષણને આવરી લઈ વિઘ્ન સંતોષીઓ છૂટાછેડા કરાવી સંતોષ પ્રગટ કરે છે. આવી સફળતા મેળવતાં તો અમુ સમય પણ નિકળી જાય છે, તે દરમિયાન જેને છૂટા કરવામાં આવે છે. તે તો એકાદ બે સંતાનનાં માતાપિતા હોય છે. આવા સંજોગોમાં મુખ્ય પાત્ર સ્ત્રીનું જ હોય છે. અને સામે પક્ષે વ્યવહારિક બાબતમાં જીત ન મેળવી શકે તો તેના ચારિત્ર્ય ઉપર કાદવ ઉડાડવામાં જરાપણ કચાશ રાખતા નથી. વિવેક કે સભ્યતાનું નામનિશાન રાખ્યા વગર પોતપોતાની હોંશિયારી બતાવીને પણ છૂટાછેડા અપાવે છે. હવે આપણે તેના વિશે જરા, વિચારીએ કે જો ઘર ચાલે તેમ નજ હોય તો તેને ઘેર પારણું બંધાણું કેમ ? આવા સંજોગોમાં મુખ્યત્વે એવું બને છે કે સંતાન મેળવવામાં પુરૂષ પક્ષ જીત માને છે. જેને સાથે બેસીને છૂટાછેડા કરાવ્યા છે તે તેનાં લગ્ન કે પુનઃલગ્ન બીજી જોડે કરાવશે જ, ત્યારે જે આગળનું સંતાન છે તેને જનેતા મળશે ખરી ? કોઈ પુરૂષ પાસે માતૃત્વ હૃદય છે ખરું ? એવી અભાગણી ભાગ્યેજ હશે કે પોતાના હૃદયના ટૂકડાને દૂર કરતાં જેનું હૃદય નહિ ચિરાયું હોય ? અરે ! તેની આંખમાં ગંગા-જમના નહી વહેતી હોય ? એવી જનેતા કોણ હશ કે પોતાના પ્રાણપ્યારા સંતાનને છીનવી જનારને આશિર્વાદ આપે ? આવા પ્રસંગો કયાં અને કયારે ઉપસ્થિત થાય છે ? જે ઘર શંકા અને વ્હેમના વમળમાં અટવાયેલું હોય ત્યાં અથવા દિકરાનો વાંક દિવસભર અને વહુનો વાંક જીવનભર યાદ રાખતાં હોય ત્યાંજ ઉપરના સંજોગો ઉભા થાય છે. અને તેમાંજ વિઘ્ન સંતોષીઓ અગત્યનો ભાગ ભજવે છે. આવા ભાઇઓને મારી વિનંતી છે કે આપણાથી ભલાઈમાં ભાગ ન લેવાયતો કંઇ હરકત નહિ પણ બૂરાઈના ભાગીદાર ન બનીએ તોપણ આપણા સમાજને ખૂબ ઉપયોગી થઇ શકીશું મારા વિચારો આપની સમક્ષ રજૂ કરવામાં કોઇપણ જાતની ત્રુટી હોયતો ક્ષમા આપશો એવી આશા રાખુ છું.

યુવક સંઘને તમો કઈ રીતે મદદગાર થશો ?

કરશનભાઇ વી. પટેલ ઝાળવાળા (નવી દિલ્હી)

નવચેતન પાટીદાર યુવક મંડળના સક્રિય પ્રયાસ થી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘનો જન્મ થયો. આવા સંઘની ઘણા વરસો પહેલાં જરૂરત હતી. પણ જાગ્યા ત્યાંથી સવાર ધગી આપણે આ સંઘને અખિલ ભારતીય ધોરણે કેવી રીતે જ્ઞાતિની અંદર એક મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવા માટે આપણે તેનું વિકેન્દ્રીકરણ કરી શકીશું.

દરેક સમાજની અંદર સમયની સાથે સાથે પરિવર્તનની જરૂર હોય છે. શિક્ષિત સમાજની અંદર આધુનિક વિચારો જલદી અમલમાં આવેછે. જ્યારે અશિક્ષિત અને અવિકસિત સમાજ ને જ્ઞાતિને આગળ લાવવા ઘણો સંઘર્ષ અને સામનો કરવો પડે છે. તથા બલિદાન આપવાં પડે છે.

સમયની સાથે સાથે આપણા સમાજને બીજી સમાજની હરોળમાં લાવવા માટે ખાસ પરિવર્તન અને જાગૃતિની જરૂરત જણાઇ સમાજના રૂઢીચુસ્ત રીવાજોને તિલાંજલી આપવા માટે અને જ્ઞાતિને જાગૃત કરવા માટે આપણી પાસે વહીવટી તંત્ર ન હતું. તે ખામી આપણને કલકત્તાના નવચેતન પાટીદાર યુવક મંડળે પુરી પાડી છે અને અખિલ ભારતની અંદર સક્રીય મંડળોની મદદથી આપણે અખિલ ભારતીય ધોરણે એક વહીવટી કેન્દ્ર ઊભું કરી શક્યા છીએ, જેનું નામ અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘ રાખવામાં આવ્યું છે. અને આ સંઘને આપણે કઇ રીતે મજબુત બનાવી મદદ રૂપ બનીશું તે એક પ્રશ્ન છે.

સંઘનાં અહોભાગ્ય છે કે આપણુને ખીમજીભાઇ જેવા બાહોશ અને પ્રખર સુકાની પ્રમુખ મળ્યા છે. જેના માર્ગદર્શન હેઠળ આ સંઘ પોતાના ધારેલા ઉદ્દેશો પાર પાડે છે. ભારતની અંદર ઘણાં મંડળો અસ્તિત્વમાં છે. અને સમાજ માટે તે કઇ રીતે મદદરૂપ બનેછે. તેનું દ્રષ્ટાંત આપણુને નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તા એ પુરૂ પાડેયુ છે. તો આવા સક્રિય મંડળો ગામે ગામ અને શહેરોમાં ઊભાં કરવાની સખત જરૂર છે. અને આ મંડળોને ક્ષેત્રીય વ્યવસ્થા જાળવવાની જરૂરત છે અને સમાજ માટે તેઓ બનતું કરશે અને પોતાના ક્ષેત્રમાં સમાજના પ્રશ્નો જે આપણ ને સમાજને આગળ લાવવામાં અવરોધ ઊભા કરે છે તેવા પ્રશ્નો હવે મંડળો એ હાથમાં લઇ લેવા જોઇએ જેવી રીતે કન્યા વિક્રય છુટા છેડા, તથા લગ્ન પ્રસંગે થતો પૈસાનો ધુમાડો.

ખોટા રિવાજોને વળગી રહેવું, કન્યા કેળવણી પ્રત્યે અભાવ છાપ તથા સમાજ ને લગતા અન્ય પ્રશ્નો જે જ્ઞાતિને સમાજ ના ઉચ્ચ સ્તર પર લાવવા માટે અપણા માર્ગમાં કંટક રૂપ થાય છે.

યુવક મિત્રોને હું અરજ કરીશ કે હવે સમય આવી ગયો છે આવા રૂઢીચુસ્ત રિવાજો સામે આપણને સંઘર્ષ કરવો પડશે અને કુરિવાજોને નાબુદ કરવા પડશે પછી ભલે આપણે સમાજ ની અંદર અપવાદ રૂપ બની જઇએ પણ આવા રીવાજો ને ચલાવવા નહિ દઇ એ. અગર આવા કાર્યના અંદર મંડળોને નિષ્ફળતા નમળે અને ઉદ્દેશોમાં સફળ થવા માટે યુવકોએ જાગૃત થવું પડશે.

હવે ભૂતકાળ ભૂલી જવામાં હિત છે. આજે આપણો સમાજ સામાજિક ધાર્મિક અને રાજનૈતિક ક્ષેત્રમા આગળ આવતો જાય છે. ગુજરાત અને કચ્છ ક્ષેત્રની અંદર આપણા ભાઇઓએ સાર્વજનિક ક્ષેત્રમાં સારૂ એવું સ્થાન બનાવ્યું છે તો તે સ્થાન અને પ્રતિષ્ઠાને ધક્કા ન લાગે તે માટે ભવિષ્ય માં આ સ્થાન સાચવવાની પણ સખત જરૂરત છે. તો હું સમાજના અગ્રેસરોને કહીશ કે સંઘને પોતાના ઉદ્દેશો પાર પાડવા માટે તમારાથી બનતો ફાળો તમે પણ આપીને આપણી જ્ઞાતિની અંદર આ યુવક સંઘ ને એક વહીવટી કેન્દ્ર તરીકે કાર્ય કરવામાં મદદ કરશો.

સમાજના શિક્ષિત વર્ગની પાસે પણ મારી એક માંગણી છે ડૉકટરો વકીલો, પ્રોફેસરો, વ્યાપારી વર્ગ અને અન્ય જે સમાજ ના સુકાનીઓ છે તમો આપણી જ્ઞાતિને લક્ષમાં લઇ ને કેળવણી ક્ષેત્રમાં તમો ભાઇઓ તથા બહેનોને શિક્ષણમાં આગળ લાવવા માટે તમારાથી સાર્વજનિક ક્ષેત્રમાં જે સહકાર અને મદદ થાય તે કરવા તમો તમારીપ્ર તિષ્ઠા ને વળગી ન રહેતાં યોગ્ય અને અમૂલ્ય ફાળો આપશો.

એજ અભ્યર્થના.

બ્રહ્મ

જીવ અલ્પજ્ઞ છે, બ્રહ્મ સર્વજ્ઞ છે. માયા જીવને બાંધી શકે છે બ્રહ્મને નહિ
સત્ય અટલ છે, અવિનાશી છે. સત્યની ઉપર કદાચ આવરણ આવશે પણ,
એનો નાશ નહિ થાય.

ગીત

આ ફેશનનો જમાનો રે, ફેશનમાં શું જોયું
આ નાયલોનનો જમાનો રે, નાયલોનમાં શુ જોયું
કોઇ હોટલમાં કોઇ બોટલમાં
કોઇ ઘેલા ગાયન ગાવામાં.

આ પૈસાનો જમાનોરે, પૈસામાં શું જોયું....આ.
કોઈ હાટકમાં કોઇ નાટકમાં
કોઈ દરબારે કોઇ વેપારે

આ જુઠાનો જમાનોરે, જુઠામાં શુ જોયુ...આ.
કોઇ તાન મસ્ત કોઇ માન મસ્ત
કોઇ મસ્ત બન્યા રાગેરંગે

આ ડાલડાનો જમાનો ડાલડામાં શુંજોયુ...આ,
કોઇ કાયામાં કોઇ માયામાં
કોઈ ઘેલા શુરવીરની જાયામાં

આ વસ્તી નો વધારોરે વસ્તીમાં શું જોયું...આ

પટેલ પ્રવિણકુમાર છગનભાઈ
નવટાંકી કંપા

આધુનિક યુગ

આધુનિક યુગ કૂદકેને ભૂસકે આગળ વધતો જાયછે.

આધુનિક યુગમાં વિજ્ઞાન પણ ખૂબજ પ્રગતિના પંથે આગળ પ્રયાણ કરી રહ્યું છે. આપણા દેશમાં વિદ્યા છે પણ તેને વાપરવા માટે બળનુ કામ નથી પણ કળનુ કામ છે. જો કોઇ મનુષ્ય કહે હું વિદ્યા મેળવવા માટે અમેરિકા જવાનો છુ. જો તે અમેરિકા ન જાય અને આપણા દેશમાં જ વિદ્યા મેળવે તો પણ ઘણું છે. અમેરિકા તો વિદ્યા ઓછી મેળવે અને મોજ શોખ ઘણા કરે છે.

અત્યારે તો નવાં નવાં ચલચિત્રોથી જ ફેશન થાય છે અત્યારના યુવાન ફિલ્મો ની નકલ કરી ને સાંકડાં પેન્ટ, લાંબાં ખમીશ લાંબા વાળ જેવી ફેશનો કરે છે. આ કરવાથી શું ફાયદો ? ઉપરથી વૈજ્ઞાનિક રીતે તો નુકશાન છે, કેમકે પરસેવો કપડાંમાં ચોંટીં જતો નથી એનો અર્થ એમજને કે વિદ્યા વાપરતાં આવડી નથી. મનુષ્યને ચલચિત્રો ઉપરથી બોધપાઠ શીખવો જોઇએ અને તેમાંથી સારા પ્રસંગો આપણા જીવનમાં ઉતારવા જોઇએ ચલચિત્રો જોવાંથી શું ફાયદો? વધારે જોઈને પછી શું કરવું ?

અત્યારના જમાનામાં ફેશનનું વધારે માહાત્મ્ય છે.

બધું ફેશનથી જ ચાલે છે. ચાલે ફેશનથી. બોલે ફેસનથી, લખે પણ ફેશનથી લગ્ન કરવાનું પણ ફેશનથી આ જમાનો જ ફેશનનો છે. અને ફેસનં જો વધશે તો આપણા દેશનું શું થશે. આપણો દેશ ફેશનથી બરબાદ ન થાય તેવી હું ઇશ્વરને પ્રાર્થના કરૂ છું

(ફેશન ફેશન ફેશન)

આત્મહત્યા અને કારણો

કેશવલાલ વી. પટેલ
એમ.એ. એલ.બી. T,Y
સાગર યુનિવર્સીટી

અમુક ઘટનાઓ એવી હોય છે કે જે સંપુર્ણ રાષ્ટ્ર એવમ્ આંતરરાષ્ટ્રીય જગતને સ્પર્શ કરતી હોય છે. આ લેખની અંદર, આપણા દેશમાં થતી આત્મહત્યાઓ પાછળના કારણો બાબત વિચારણા કરીશું. આત્મહત્યા તરફ વ્યકિત શા માટે પ્રેરાય છે? આત્મહત્યા ના કેટલા પ્રકાર છે તે આપણે આગળ જોઈ શું.

અધિકતર આત્મહત્યાઓ આળસી ગૃહ કંકાશ, પ્રેમમાં અસફળતા, પરીક્ષા માં નિષ્ફળતા, લાંબી બિમારી તથા અન્ય નિરાશાઓથી થતી હોય છે. આ પ્રમાણે આ વ્યકિતગત સમસ્યા ન રહી અને એક રાષ્ટ્રીય સમસ્યાને જન્મ આપે છે. કિમતી મનુષ્ય જીવન આમ વેડફાઇ જાય તો મનુષ્ય જીવન નું મુલ્ય સમાપ્ત થઇ જાય છે હવે આપણે અમુક વર્ષમાં કુલ કેટલી આત્મહત્યાની ઘટનાઓ બની તેની જુદી જુદી પરિસ્થિતિના આંકડા તથા કારણો જોઇએ.

પાછલા વર્ષોમાં આત્મહત્યાની ઘટનાઓ આ પ્રમાણે છે.

		આત્મહત્યાઓ
સને ૧૯૭૦	અને પ્રયત્નો	૪૭૫૩૨
,, ૧૯૬૯	,,	૪૩૬૩૩
,, ૧૯૬૮	,,	૪૦૩૮૦
,, ૧૯૬૭	,,	૩૭૮૪૮

આ પ્રમાણે જોતાં ગત શતાબ્દિથી ૩૫% આત્મહત્યામાં વધારો થયો છે. જેમ વિશ્વમાં એક તરફ પ્રગતિ તથા શિક્ષણ ક્ષેત્રે સફળતા સાંપડે છે ત્યારે બીજી તરફ આત્મહત્યાના ક્ષેત્રે પણ પ્રગતિ કરે છે. પહેલાં પ્રતિ લાખ ૫.૩% આત્મહત્યાઓ ઘટતી હતી ત્યારે અત્યારે પ્રતિ એક લાખ વ્યકિત પાછળ ૭.૮% હવે આપણી રાજધાની દિલ્હીના આંકડા તપાસીએ ૧૯૭૧ નો રિપોર્ટ પ્રમાણે ૧૧૧ આત્મહત્યો ઘટી તેનું વિવરણ આ પ્રમાણે હતું.

શારીરિક કષ્ટને કારણે	આત્મહત્યાઓ		૨૫
ગૃહકંકાસ	,,	,,	૧૭
પ્રેમમાં અસફળતા	,,	,,	૫
રેલગાડી આગળ કુદીને		,,	૩૫
ફાંસી ગળે લગાવીને		,,	૧૬
ઝેરખાઇ અને પ્રયત્ન		,,	૧૩

વિશ્વમાં રોજ ૧૦૦૦ લગભગ આત્મહત્યાઓની ઘટનાઓ બન્યા કરે છે. વિશ્વ સ્વાસ્થય સંગઠન ના રિપોર્ટ પ્રમાણે સૌથી વધુ ઘટનાઓ હંગેરી, ત્યારબાર અનુક્રમે સ્કેંડવીયા, ઈટલી, જાપાન, માંબની. આમાં ભારતનુ સ્થાન ૨૨મું આવેલ છે. અમેરીકામાં પ્રતિ ૨૦ મિનિટે એક આત્મહત્યાનો કિસ્સો થાય છે. નવાઇની વાત એછેકે ભારતમાં સ્ત્રીઓ કરતાં પુરૂષો આત્મહત્યાના ક્ષેત્રે આગળ છે. તેમાં પણ ... પ્રદેશ અને ગુજરાત ને છોડી બીજા રાજ્યોમાં પુરૂષોએ વધારે આત્મહત્યાઓ કરીછે.

ભારતમાં ૧૯૭૧ માં પુરૂષે કરેલ આત્મહત્યા ૬૧ ટકા

ભારતમાં ૧૯૬૯ માં પુરૂષે કરેલ આત્મહત્યા ૫૯ ટકા

નાગાલેન્ડ માં પુરૂષે કરેલ આત્મહત્યઓ ૯૦ ટકા

ઉત્તર પ્રદેશ ૧૯૬૯ માં પુરૂષે કરેલ આત્મહત્યા ૬૪ ટકા

માણસોમાં આમ ધારણા છે કે આત્મહત્યાની ઘટનાઓ શહેરમાં વધારે ઘટે છે. અપેક્ષા કૃત ગ્રમિણ ક્ષેત્રે 'ગુજરાત' આત્મહત્યા થીનીચ કમિશન, ની ૧૯૬૪ ના રિપોર્ટ પ્રમાણે ૫૪.૬% આત્મહત્યાના બનાવ અવિકસિત ક્ષેત્રમાં ઘટયા તેમાં મુંબઇ અપવાદ રૂપ છે. ત્યાં પ્રતિએક લાખ વ્યક્તિ પાછળ ૫૦ ટકા વ્યક્તિઓએ આત્મહત્યા કરી

આત્મહત્યા સાથે વયનો સબંધ જોતાં ૧૫થી ૩૪ વરસની વયના વ્યક્તિઓ ૬૬ ૭ ટકા અને સને ૧૯૬૦-૬૪માં વિવાહિત

વ્યક્તિઓમાં ૩૩૮૭ સ્ત્રી અને પુરૂષોએ આત્મહત્યા કરી જયારે અવિવાહિત વ્યક્તિઓની સંખ્યા ૬૩૧ રહી તે સિવાય શિક્ષિત અને અશિક્ષિત તરફ જોતાં અશિક્ષિત આ ક્ષેત્રે આગળ સ્થાન રાખે છે. ૧૯૬૯માં તેમની સંખ્યા ૫૨.૫% રહી હતી. સન ૧૯૬૮, ૬૯, ૭૦ માં ૩૭ એવા મામલા હતા કે જેમાં બળાત્કારને કારણે સ્ત્રીઓએ આત્મહત્યા કરી.

વિશેષજ્ઞોની રાયથી વધારે પડતી ઘટનાઓ એપ્રીલ અને મે મહિનામા થાય છે. તેની પાછળ તેને કારણો પણ જણાવ્યાં છે કે આ બે માસમાં વ્યકિતમાં ઉદાસીનતા, સુસ્તા (આળસ) શિથિલતા વધારે રહે છે. જેને કારણે તે વધારે ઉત્તેજિત બની પોતાને નિયંત્રણ બહાર કરીદે છે. ભારતમાં આત્મહત્યામાં મોખરે સ્થાન મહારાષ્ટ્રનું આવે છે પરન્તુ ૧૯૬૯માં તેનું સ્થાને ઉત્તરપ્રદેશે સંભાળી લંધું હતું હતું ભારતમાં ક્રમ ઉત્તરપ્રદેશ ૫૬૯૯, પશ્ચિમ બંગાળ ૫૩૧૩ અને તામિલનાડુ ૪૯૬૭ મુજબ છે, આપણે ત્યાં આત્મહત્યાઓ કરવાના તરીકા પાણીમાં ડૂબી યા ઝેર પાન કરીને મૃત્યુને ભેટવાના છે. સને ૧૯૭૦માં ઝહેરથી ૧૦૭૦૪

આત્મહત્યાઓ પાણીમાં-ડૂબીને	૯૭૩૨
સને ૧૯૬૯ ઝેરથી	૯૦૮૭
પાણી	૯૦૩૨
ફાંસી	૭૫૨૯
કેરોસિન છાંટી	૫૭૩૨
રેલથી	૩૨૨૧
બન્દુકની ગોળીથી	૩૪૫

ભારતમાં સૌથી વધુ ઝેર પાન કરીને મરવાની સંખ્યા ૧૧૦ બેંગ્લોરમાં બની પાણીમાં ડૂબવાથી ૧૪૭૧, આંધ્ર અને બન્દુકની ગોળીથી ૨૧૯ ઉત્તરપ્રદેશ માં આત્મહત્યાઓ બની.

આત્મહત્યાનાં કારણો ઉપર પ્રમાણે જોયા છતાં પણ આપણે જાણવું જરૂરી છે કે કયા વર્ગમાં આત્મહત્યાઓ વધારે થાય છે. સામાન્ય તથા ગરીબ વ્યક્તિઓ માં જ આત્મહત્યાઓ થાય છે. એવુ નથી પરન્તુ પ્રસિદ્ધ તથા પ્રભાવશીલ વ્યક્તિઓએ પણ અલગ કારણથી આત્મહત્યાઓ કરી છે. તેને આપણે હવે જોઇશું

(૧) ભારતમાં કૃષિ અનુસંધાનમાં ડૉ. શાહએ સરકારી નીતિઓથી નિરાશ થઇ અને આત્મહત્યા કરી હતી.
(૨) પ્રસિદ્ધ અમેરિકન પરમાણુ વૈજ્ઞાનિક જેરોમીર હમુશ (૭૪) ૧૯૭૧માં ફાંસી લગાવી અને આત્મહત્યા કરી હતી
(૩) હોલીવુડમાં પ્રસિદ્ધ ફિલ્મી અભિનેત્રી મૈરીલીનમનરોએ ઉંઘવાના (Sleeping) ગોળીઓ ખાઇ અને આત્મહત્યા કરી

આ પ્રમાણે ટુંકમાં મુખ્ય કારણ આત્મહત્યા પાછળ કાર્ય કરે છે તે આ પ્રમાણે છે, બદલાની ભાવનાથી પ્રેરાઇને, માનસિક અસ્વસ્થતા જેમાં અશાન્ત વૈવાહિક ગૃહકંકાશ ખરાબ વ્યવહાર, પ્રેમમાં અસફળતા આવે છે. તે સિવાય બેકારી, ભૂખમરો ગરીબી તથા આર્થિક (નાણાંકીય) તંગી સ્વાસ્થ ખરાબી લાંબી, બિમારી, શારિરીક કષ્ટ વગેરે પ્રમુખ કારણો છે.

હવે આપણે મહિલાઓમાં આત્મહત્યા નાં મુખ્ય કારણો તપાસીએ આથી એવું જાણવા મળે છે કે અધિકત્તર મહિલા ઓ પોતાની સાસુના દુર્વ્યવહારથી કંટાળીને આત્મહત્યાઓ કરે છે. તેના આંકડા નીચે પ્રમાણે છે.

સન ૧૯૭૧ ૩૩૭૮

૧૯૬૯ ૩૨૫૯ ઘટનાઓ બની

આની પાછળ જે કારણો રહેલા છે. તે આ પ્રમાણે છે. તેમાં પ્રમુખ દહેજ કે જે સ્ત્રી પક્ષ તરફથી મળે છે તે ન મળતાં અને સ્ત્રીના રંગરૂપના કારણે અણબનાવ થવાથી આત્મહત્યાઓ થાય છે. આત્મહત્યા પાછળ પ્રત્યેક સાત ઘટના પાછળ એક ઘટના સાસુને કારણે તેના વ્યવહારથી થાય છે.

૧૯૭૦માં ૧૬% તથા ૧૯૬૯માં ૧૫% સાસુ જ આત્મહત્યાના કિસ્સા પાછળ સંકળાએલી હતી.

અસફળ પ્રેમમાં જે આત્મહત્યાઓ થાય છે. તેનો સંબંધ આપણે વય

સાથે તપાસવાથી જાણી શકીશુ કે કઈ વયની વ્યકિતઓ તેની પાછળ સંકળાએલી છે.

૧૫થી ૩૪ વરસની વયના ૬૬.૭% યુવક યુવતીઓમાં પ્રેરક તત્વ 'પ્રેમ' રહ્યો છે, એટલે જો તેમાં અસફળતા મળેતો બન્નેમાંથી કોઈપણ આત્મહત્યાનો સહારો લે છે તેમાં પણ પ્રમુખ કારણ આ પ્રમાણે છે. ૧. વિવાહમાં અસફળતા ૨. બન્નેમાંથી એક પક્ષ દ્વારા વિવાહ કરવાનો પાછળથી ઇન્કાર કરવો ૩. પ્રેમમાં ધોખો ખાવો ૪. યુવતી દ્વારા વિવાહ પહેલાં અન્યથી શારીરિક સંબંધ બાંધવો.

વિશ્વમાં ભારતજ એવો દેશ છે કે જ્યાં પરીક્ષામાં અસફળ થવાથી છાત્ર છાત્રાઓ આત્મહત્યાને રસ્તે દોરવાયછે. થોડાં વરસ પહેલાં મદ્રાસમાં ૬. યુવતી એ.એ પરીક્ષાની અસફળતાને કારણે આત્મહત્યા કરી હતી. પરીક્ષાની અસફળતા પાછળ ના આંકડા નીચે પ્રમાણે છે.

સને ૧૯૭૦ ......૧૬૫૭ વિદ્યાર્થીઓ
૧૯૬૯ ૧૫૯૨

ઘણી વખત એવું બનેછેકે અન્યાય નો વિરોધ ન કરી શકવાને કારણે આત્મહત્યાનો સહારો લેવાયછે. જેવી રીતે દિલ્હીની હોસ્પીતાલ માં છ નર્સોએ તથા કૃષિ અનુસંધાન ના એક વૈજ્ઞાનિકે આત્મહત્યાનો રસ્તો સ્વીકાર્યો હતો તે સિવાય સૌરાષ્ટ્ર વિસ્તારમાં ગ્રામીણથી શહેરી તથા પરણેલથી અપરણિત વ્યક્તિ ઓમાં આત્મહત્યાના બનાવો વધારે બનેછે. જ્યારે પશ્ચિમના દેશોમાં આનું પ્રમાણ વધારે છે. કારણકે ત્યાં પારિવારિક સુખ તથા વૈવાહિક સંબંધ સ્થિર નથી. આ આત્મહત્યા સંબંધ પ્રકરણ માં આપણી સમાજ માં કેટલી ઘટનાઓ બનેછે તેનો આંકડો મારી પાસે નથી પરન્તુ એટલુ તે માનવુજ પડશેકે આપણી સમાજ માં પણ આવા કિસ્સા ઓ તો થાયેજ છે. તેની પાછળ નાં પ્રમુખ કારણે ગૃહકંકાસ તથા સાસુ વહુ નો અણબનાવ છે.

આ પ્રકરણમાં આત્મહત્યા વિશે થોડું જ્ઞાન આપતા આંકડા તથા તેની પાછળ સંકળાયેલ કારણો દર્શાવેલછે. આકડા સંબંધી તથ્યો સમાચાર પત્રોથી સંકલિત કરવામાં આવ્યાંછે.

સમાજ અને તેનું માહાત્મ્ય

લેખક : ગોપાલજી સોમજી રવાપરવાળા
(મુંબઇ) હાલે અમદાવાદ

બંધુઓ, સમાજ અને સમાજનું મહાત્મ્ય એટલે શુ ? તે બાબત હું આપ સમાજના ભાઇ બહેનોને જાણ કરવાનું જરૂરી જણાતાં લખું છું

શાસ્ત્રોમાં કહ્યું છે કે :— અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થ ક્ષેત્રે વિનશ્યતિ ॥ તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્ર લેપો ભવિષ્યતિ ॥ આ શ્લોકનો અર્થ એવો છેકે બીજા ઠેકાણે પાપ કર્યાં હોય તેનોતીર્થ સ્થળોમાં જવાથી નાશ થાય છે, પણ તીર્થમાં જઇને પાપ કરે છે. તે પાપ વજ્ર લેપ થાય છે. આતો શાસ્ત્રકારોએ તીર્થનો મહીમા આપણને સમજાવેલ છે.

હવે તીર્થ એટલે શું ? તો પ્રથમ તીર્થતો પોતાનાં માતા પિતાને જ ગણાવેલ છે, તેમાં પણ માતા રૂપી જે તીર્થ છે, તે તો પિતા કરતાં અનેક ગણુ શ્રેષ્ઠ તીર્થ છે. જે પુત્રોએ પોતાનાં મા બાપની અનન્ય નિષ્ઠાથી સેવાઓ કરેલ છે તેવા સુપુત્રોનાં નામ ઇતિહાસ તેમજ શાસ્ત્રોમાં સુવર્ણાક્ષરે અંકિત થએલાં છે. જેવાં કે શ્રવણકુમાર, નામદેવ, માધવ વગેરે પિત્રુ ભક્તોએ પોતાનાં માબાપના સેવા કરી પોતાના મનુષ્ય જન્મને સાર્થક કરેલ છે.

બીજા નંબરે સત્પુરૂષોરૂપી ગુરૂઓને તીર્થરૂપ કહેલ છે. એવા સત્પુરૂષોનો મહીમા શાસ્ત્રોમાં અનેક રીતે વર્ણવામાં આવેલ છે. સત્પુરૂષો જ્યાં જ્યાં વિચરે છે, તેમજ જે જે વાવ, કૂવા, તળાવો, સરોવરો નદીઓ આદી જળાશયોમાં ન્હાય છે તેવાં જળાશયો તેમજ સ્થાનોપણ તીર્થરૂપ બને છે. તેમજ પત્થર, ધાતુ, કાષ્ટ આદી જડ વસ્તુઓમાંથી બનાવેલી ભગવાનની પ્રતિમાઓમાં વેદોકત મંત્રો વડે સાક્ષાત ભગવાનનુ આ વાહન કરી જડ વસ્તુને ચૈતન્યના ભાવથી પ્રતિમામાં જગતમાં પૂજનીય એવા પરમત્માનો આવિર્ભાવ કરે છે. એવા સત્પુરૂષોએ તેમજ સાક્ષાત પરમાત્માએ પણ વખત આવ્યે મનુષ્ય રૂપે મા–બાપથીજ અવતાર ધારણુ કર્યાનુ શાસ્ત્રોમાં પ્રમાણ છે. જેનું પ્રમાણ શ્રીમદ્દ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્વમુખે કહેલ છે, કે આ પૃથ્વી ઉપર જ્યારે જ્યારે ધર્મનો નાશ થાય છે. ત્યારે ત્યારે પોતાના સત્પુરૂષો એવા ભક્તજનોની રક્ષા કરવા તેમજ સતધર્મનું સ્થાપન કરવા યુગે યુગે હુ અવતાર ધારણ કરૂં છું, તો કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે એવા સત્પુરૂષો તેમજ ખુદ ભગવાન પણ મનુષ્ય રૂપે માતા પિતા થકીજ જન્મ ધારણુ કરે છે તો તેવાં માત પિતાનો જન્મ પણ સમાજના એક અંશમાંથી થાય છે. એટલે સમાજ એ તીર્થનું પણ તીર્થ ગણાય છે એ નિઃસંશય છે.

જગતમાં મહાનતીર્થ ગંગાજી કહેવાય છે તેથી સમાજને સાક્ષાત "ગંગાસ્વરૂપ" નામથી સંબોધાય છે. એવા ચૈતન્યમય સમાજ રૂપી શ્રેષ્ઠ તીર્થનો મહીમા જેવો છે તેવો જાણવામાં આપણે ઘણા જ પાછળ છીએ. એમ હું કહીશ તો તે અતિશયોક્ત ગણાશે નહિ.

પક્ષીરાજ ગણાતા એવા (ભગવાનના વાહન રૂપ) ગરૂડજીએ પોતાના પક્ષી સમાજનો મહીમા ઓછો સમજ્યા અને અભિમાનને વશ થયા તો ભગવાન ગરૂડજીથી નારાજ થયા, એટલે ગરૂડજીએ પોતાનું અભિમાન છોડી પોતાના પક્ષી સમાજને શરણે જઇ માફી માગી અને સમાજના કાર્યમાં સામેલ થયા ત્યારે ભગવાન ગરૂડજી ઉપર રાજી થયા. આતો દ્રષ્ટાંત છે. પણ તેનો સિદ્ધાંત એવો છે કે નાતે તરવું અને નાતે ડૂબવું એ લોક કહેવતને શાણાપુરૂષોએ સાહેદીના રૂપમાં કહેલ છે

આવા મહાન તીર્થનું પણ તીર્થ એવા આપણા આ સમાજનું દર્શન પણ દુર્લભ છે. એવું જાણતા હોવા છતાં પણ તેનો મહીમા તથા મર્યાદાનું આપણાથી ઘણાં વખત ઉલ્લંઘન થાય છે. તો તેનો અર્થ તીર્થમાં જઈને પાપ કર્યા બરોબર ગણાયછે.

આવા પવિત્ર સમાજમાંના નાના મોટા ભાઇઓ તેમજ બહેનો સમાજનાં સતકર્મો કરવા તેમજ કરાવવા કાર્યકર્તા તરીકે ગણાતા એવા ભાઈઓમાં પોતાના પવિત્ર વિશ્વાસરૂપી મતદાનનું દાન કરી સમાજના પવિત્રપણા રૂપી આગેવાન પાઘું આપે છે તેમજ પોતાના શુભ આશીર્વાદ આપી તાલીઓના ગડગડાટથી સન્માનનો સાદ આગેવાન ગણાતા ભાઇઓના કાનમાં પહોંચાડે છે. તો તે વખતે પોતાને મળેલ પવિત્ર સમાજના આગેવાનપણાનુ સ્થાન શોભાવવા માટે સમાજનાં મીટીંગમા ઊભા રહી સમાજનું દરેક રીતે હિત જાળવી સમાજની શિસ્ત અને નિયમોનું યથાવત પાલન શુદ્ધ ભાવે પોતે કરવાનું અને કરાવવાનું સમાજના નાના મોટા ભાઇ બહેનોને બાંહેધરી આપે છે. પણ પાછળથી તેવાજ આગેવાન ગણાતા ભાઇઓમાંથીજ કાર્યકર્તા ભાઇઓ પોતાના અહંપણાના કોઇ પણ અભિમાનથી સમાજમાં પોતાને સારા ગણાવવા તેમજ પોતાનુ ધાર્યું સિદ્ધ કરવા પક્ષાપક્ષી કરી સમાજની નૈતિક શિસ્તને પાંગળી બનાવવા જરાપણ પાછીપાની કરતા નથી એ એક ઘણીજ દુઃખદ બાબત છે.

આપણા સમાજમાંના ભાઇઓ કચ્છમાં તેમજ કચ્છ બહાર ભારતના નાના મોટા દરેક પ્રાન્તોમાં પોતાના કામ ધંધાને લીધે પોતાનો હાલનો કાયમી વસવસાટ પણ ત્યાંજ કરે છે, અને ત્યાં પોતાના સ્થાયી સમાજનું આયોજન કરે છે તેમજ સમાજના ભાઈઓ તેમજ બહેનોના રહેવા માટે તેમજ કેળવણી આપવા માટે સ્કૂલો તેમજ છાત્રાલયો બાંધે છે. અને તેવાં સમાજનાં સ્થાનોને શ્રી કચ્છ કડવા પાટીદાર

સમાજના નામથીજ વાડી તેમજ છાત્રાલયોને અંકીત કરી શોભાયમાન રાખેલ છે તે બહુજ આવકારને પાત્ર છે. શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ એ પવિત્ર શુભ નામથીજ સમાજનાં કાર્યો સિદ્ધિ પામતાં હોવાથી આપણે શ્રી અખીલ કચ્છ કડવા પાટીદાર ભાઈઓ તેમજ બહેનો પોતાને શ્રી કચ્છ કડવા પાટીદારના નામથીજ ઓળખાવે છે.

આપણે આપણી ભૂતકાળની સદીયોથી આપણા બધા ભાઇઓનો જન્મ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ રૂપી એકજ માતાના પવિત્ર પેટે થયો છે. માટે જ આપણે દરેક ઠેકાણે આપણી પવિત્ર માતા રૂપી સમાજનું નામ મોખરે રાખીએ છીએ. આપણે બધા શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજને માનીએ છીએ પણ સમાજનું વચન માનવામાં ઘણુંજ ગાફેલપણું રાખીએ છીએ એટલે આપણે સમાજને માનીએ છીએ છતાં પણ સમાજને માનતા નથી એજ આપણામાં ખામી જેવું જણાય છે. સમાજ એટલે સમાજના પવિત્ર અંગભુત એવા પંચકે જેમાં સદાય પરમાત્માનો વાસ છે. આપણા સમાજના ભાઇઓ ધર્મ ગમે તે માનતા હોય પણ સામાજિક રીત રીવાજોથી આપણે એકજ માતાનાં સંતાનો છીએ એમ માની સમાજના દરેક નિયમોનું યથાત્ત પાલન કરીશું તો આપણે એકજ છીએ તેવી ખાત્રી થશે.

આપણે એક જ છીએ એમ લખવાનું કારણ માત્ર એટલુ જ કે કેટલાક ભાઇઓનું એવું માનવું છે કે આપણી કચ્છી સમાજ જે જે નિયમો બાંધે છે. તે બધાજ નિયમો અમોને એટલે કચ્છથી બહાર વસતા ભાઇઓને બંધન રૂપ થાય એવું અમો માનતા નથી આવું કહી પોતાનું જુદાપણું બતાવતા હોય તેમ જણાય છે એ બરાબર ન કહેવાય ગુજરાત, મુંબઈ, નાગપુર, કલકત્તા મદ્રાસ વગેરે પ્રાન્તોમાં રહેતા આપણા ભાઇઓએ આપણા સમાજોનાં આયોજન કરેલા છે. તેવા સમાજોને શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના નામથીજ પહેલું સંબોધવામાં આવે છે. તો શ્રી કચ્છ કડવા પાટીદાર એ શબ્દ આખરે શ્રી અખીલ ભારત કચ્છ કડવા પાટીદાર સમાજમાં વિલીન થાય છે. એટલે એનો અર્થ એવો થાય છે કે આપણી કચ્છ બહારની તમામ સમાજો એમ માને છે કે આપણી સર્વોપરી સમાજ શ્રી અખીલ કચ્છ કડવા પાટીદાર સમાજ જ છે. (અને આપણે તેના પેટામાં છીએ) અને તેનુ હેડ ઓફીસનું સ્થાન કચ્છ જ છે. માટે શરૂઆતમાં જ શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજ આપણે લખીએ છીએ.

આપણા બહારના સમાજોના સૌ સૌના વહેવાર જુદા હોયએ સ્વાભાવિકજ છે પણ સમાજના નિયમો તો શ્રી અખીલ કચ્છ કડવા પાટીદાર સમાજને જ

અનુસરીને આપણે બધાએ વર્તવાનું છે. એમ માની નિયમોનું પાલન કરવામાં એકતા બતાવશું ત્યારે જ આપણે એકજ છીએ તેની ખામી થશે

કચ્છમાં આપણા સમાજની જનરલ મીટીંગો જયારે જયારે મળે છે ત્યારે ત્યારે આપણા સમાજના કચ્છમાં વસતા તેમજ કચ્છ બહાર વસતા ભાઇ બહેનોની સારી એવી સંખ્યામાં હાજરી હોઇ હાલના વર્તમાનકાળની પરિસ્થિતીને ધ્યાનમાં લઇને જ સમાજના ધારાધોરણોનું ફેરફાર સાથે ઘડતર કરવામાં આવે છે અને તે વખતે હાજર રહેલા બધાઓ એકી અવાજે બહુમતીથી ઠરાવો પાસ કરે છે. ત્યારે બહુમતીનો કોઇ વિરોધ કરતું નથી પણ પાછળથી સમાજમાં હાજર હોય તેના આગેવાન ભાઇઓમાંથી જ સમાજના નિયમોને વખત આવ્યે વજુદ વગરના ગણાવી છડેચોક નિયમોનું ઉલ્લંઘન કરે અને કરાવે છે. એ દુઃખની બીના છે.

સમાજ એક એવી માતા છે કે પોતાનાં દરેકે દરેક સંતાનોનું વધારે હીત કેમ જળવાય અને તેને આર્થિક મુશ્કેલીના ભીંસમાં દબાઇ ન જાય તેવી રીતનું ધારાધોરણનું ઘડતર કરી આગેવાનો તેમજ શ્રીમંત ભાઇઓના હાથમાં સોંપે છે અને સમાજના ગરીબ ગણાતા એવા ભાઇ બહેનોને કોઇપણ રીત રીવાજોથી આર્થિક મુશ્કેલીમાં ન ઉતરવું પડે તેનો ખ્યાલ પ્રથમ આગેવાનો કરે કે પોતે તે પ્રમાણે વરતે અને વર્તાવે એવું જ્ઞાતી માતા ખાસ સુચનો કરે છે. પણ કેટલાક સમાજમાંના શ્રીમંત ભાઇઓ પોતાના નાણાંના જોરે જેમ ગરીબ ભાઇઓને માટે સ્કૂલો અને છાત્રાલયો બંધાવી આપે છે. તેવી રીતે રીત રીવાજોમાં શિથીલ પણું વાપરી ગરીબ ભાઇ એનોને એવી મુશ્કેલીમાં ધકેલી આપે છે. કે મોટાની પાછળ નાના ને રીત રીવાજોમાં ચાલવા વગર છૂટકોજ નથી. એવું સમાજમાં દેખાદેખીનું દ્રશ્ય ખડું કરે છે અને તેનો સમાજના ગરીબ ભાઈ બહેનો ભોગ બને છે. એ ખાસ દીવા જેવી વાત છે. બહેનો તથા દીકરીઓને આપવામાં સમય શોભારૂપ બને છે તેવુ સમાજના ગરીબ ભાઇઓ બરાબર સમજે છે પણ નાણાંના અભાવે તેવા ગરીબ ભાઇઓ તેમ કરીન શકતા હોવા છતાં પણ દેખા દેખી અને શરમા શરમીથી મનમાં મૂંઝાઇને ન છૂટકે શ્રીમંતોની હરોળમાં હોમાઈ જવુ પડેછે પણ શ્રીમતો નો સમાજના ધારા ધોરણો ને ખબરદાર થઇને પાલન કરેતો ભાર નથી કે ગરીબ ભાઈ બહેનોને આવી કારમી મેંઘવારીના ભોગ બનવું પડે. આમાં મારે સમાજના શ્રીમંત ભાઇઓ ને કોઇ પણ રીતે વગોવવાનો આશય નથી પણ વિનંતી છે કે જેવી રીતે સમાજમાંના ગરીબભાઇઓ ઉપર કેળવણીની દ્રષ્ટિએ કૃપા કરો છો તેવી રીતે લગ્ન પ્રસંગના સમાજના ધારા ધોરણ પાળવામાં સમાજના ગરીબ ભાઇ બહેનો તરફ કૃપા દ્દષ્ટિ કરો તો ગરીબ ભાઇઓ ને જેમ સૂકાતા મોલને વરસાદના પાણીથી જીવન મળે તેવી રીતે આર્થીક રીતે ઘણીજ સહાયતા મળે અને મોંઘવારીના ભોગ બનતા અટકે એનુંજ નામ સમાજ અને તેનું માહાત્મ્ય

ૐ શાન્તી. શાન્તી શાન્તી.

સમાચાર દર્શન

શ્રી પાટીદાર મહિલા મંડળ, જબલપુર:

શ્રી પાટીદાર મહિલા મંડળ જબલપુરની સામાન્ય સભા શનિવાર તા. ૨૪-૮-૭૪ના દિવસે પાટીદાર સમાજ ભવનમાં યોજવામાં આવી હતી. સભાનું અધ્યક્ષપદ કુ. નિર્મલાબહેને સંભાળ્યું હતું. નવા વર્ષ માટે કારોબારી સમિતિની વરણી કરવામાં આવી હતી. કારોબારી સમિતિ માટે નીચેની બહેનો બહુમતીથી ચૂંટવામાં આવી છે.

પ્રમુખ	શ્રીમતિ	ગોદાવરીબહેન દીપકભાઇ
ઉપપ્રમુખ	,,	પાર્વતીબહેન ખીમજીભાઇ
,,	,,	માયાબહેન કરમસીભાઈ
મંત્રી	,,	ભાનુબહેન મોહનભાઇ
સહમંત્રી	કુમારી	દમયંતીબહેન હરીભાઇ
,,	શ્રીમતિ	મંગળાબહેન વીરેન્દ્રભાઇ
ખજાનચી	,,	શાન્તાબેન નાનજીભાઇ
સભ્ય	,,	તુલસીબહેન કેશવલાલભાઇ
,,	,,	લક્ષ્મીબહેન ડાહ્યાભાઇ
,,	,,	ચંપાબહેન કાન્તિભાઇ
,,	,,	રતનબહેન માવજીભાઇ
સલાહકાર	,,	શાંતાબહેન મગનભાઇ
,,	,,	જમનાબહેન જેઠાભાઇ

ચૂંટણી બાદ મંડળને સંબોધિત કરતાં કુ. નિર્મલા પટેલે કહેલ કે આજે આપણા મંડળે બીજા વર્ષમાં પ્રવેશ કર્યો છે પરન્તુ મંડળની અવસ્થા આજે બાળક જેવી છે એનો વિકાસ ધીરે ધીરે થવાનો છે જો સમાજની સર્વ બહેનો મંડળને વિકસાવવા માટે પોતાનો પૂર્ણ સહયોગ આપે તો મંડળ જલ્દીથી પ્રગતિ કરશે એમાં કોઇ સંશય નથી. સામાજિક કુરીતિયોને દૂર કરવામાં બહેનોનો સહયોગ પણ આવશ્યક છે કારણ કે સમાજમાં બહેનો પણ આવે છે કેવળ પુરુષો નહીં. બહેનો પોતાના અધિકારોની સાથે સાથે કર્તવ્યોને પણ સમજે. અંતમાં આપ સર્વે બહેનો પાસે આશા રાખું છુ કે પ્રત્યેક બહેન આપણા મંડળને મજબૂત બનાવવા પૂર્ણ સહયોગ આપે.

નિર્મલા આર. પટેલ.

મારી લાણા તથા શેરપુર કંપાઓની યાદગાર મુલાકાત

શામજીભાઈ આર પટેલ
T. Y. B. Com.
સાણંદ

કલકત્તા ખાતે નવચેતન યુવક મંડળની સ્થાપના થયા પછી સાચા અર્થમાં આપણા સમાજની યુવા શકિતનો સુવ્યવસ્થિત ઢબે વિકાસ થવા લાગ્યો છે, તે આપણે ઠેર ઠેર થતી યુવક મંડળોની સ્થાપના ઉપરથી સ્પષ્ટ પણે જોઇ શકીએ છીએ આ સમાજમાં કેળવણી ક્ષેત્રે તેમજ ખાસ કરીને સામાજિક ક્ષેત્રે "જાગૃતિ" એ કંઇ નાનોસૂનો ફાળો આપ્યો નથી, તેની નોંધ સૌ કોઇએ લેવી ઘટે અથવા પ્રયત્નો છતાં અંશત પ્રમાણમાં પણ ઠેર ઠેર છૂટાછવાયા વિખરાયેલા પડેલા આ સમાજના નાનામાં નાના એકમોમાં પણ સામાજિક ક્ષેત્રે જે અભૂતપૂર્વ જાગૃતિ આવી છે. તેનાં સાક્ષાત દર્શન મારી ધોળકાથી માત્ર એકાદ માઇલના જ અંતરે આવેલા આપણા ભાઈઓના જ બે કંપાઓ લાણા તથા શેરપુરાની ટૂંકી મુલાકાત દરમિયાન થયાં

આજ દિન પર્યંત સારી એવી માન્યતા હતી કે ધોળકાની પાસે આવેલાં આ બે ગામે ભલે આર્થિક રીતે સુખી અને સમૃધ્ધ હશે પણ સામાજિક રીતે ખાસ પ્રગતિ નહીં સાધી શક્યાં હોય પરિણામે વારંવાર ધોળકા જવાનું થવા છતાં આ ગામોમાં જવાનું ટાળતો હતો પરંતુ ઓગષ્ટની ૧૮ મીએ રવિવારે એક અગત્યના કૌટુમ્બિક પ્રસંગે જવાનું થવાથી આ બંને ગામોની મુલાકાત લેવાનો અવસર અનાયાસે જ મળી ગયો મેં અગાઉ કહ્યું તેમ આ ગામો પ્રત્યેની મારી એક પ્રકારની માન્યતાને લીધે અગાઉથી માત્ર ૩ થી ૪ કલાક જેટલાજ સમયનું રોકાણ નિયત કર્યું હતું પરંતુ ખરેખર ત્યાં પહોંચ્યા પછી ત્યાંના આપણા ભાઈઓને યુવાનોને વડીલોને મળ્યા પછી તેજ ક્ષણે મારો તેમના પ્રત્યેનો પૂર્વગ્રહવાળો અભિગમ જ બદલાઇ ગયો. તેમના પ્રત્યેની મારી ઘર કરી ચૂકેલી માન્યતાને તત્કાળ દફનાવી દઇ તેઓને મનોમન વંદી રહ્યો

આતિથ્ય સત્કારની બાબતમાં તો ભારતની પ્રાચિન સંસ્કૃતિના પ્રતિક સમા ગામડાંમાં, અને વળી તેય આપણા જ ભાઇઓનાં તેમાં તો કંઇ કહેવાનું હોય જ નહીં, પરંતુ સામાજિક બાબતોમાં થોડો ઘણો મને રસ હોવાને લીધે આ પ્રસંગે આ પ્રશ્ન ઉપસ્થિત થયો. જુદા જુદા સામાજિક પ્રશ્નો અંગે વિગતવાર ચર્ચા થઈ

વિચારોની આપલે કરી. યુવાનોમાં સામાજિક બાબતે જાગૃતિ હોય, રસ હોય તે સમજી શકાય તેમ છે, પરંતુ ત્યાંના વડીલોમાં યુવાનોને પણ શરમાવે તેવી વૈચારિક શકિત અને રસ જોઇ હું મનોમન જ આશ્ચર્ય ચકિત થઇ ગયો. સાથો સાથ યેનકેન પ્રકારે પણ આ સમાજમાં જે જાગૃતિ આવી છે, તેના પ્રત્યે માન અને આદર ઉદ્‌ભવ્યાં. આજુબાજુ આપણા ભાઇઓની ખાસ વસતિ નહીં હોવા છતાં પણ આ બંને ગામોએ સામાજિક ક્ષેત્રે જે વિકાસ સાધ્યો છે, પ્રગતિ કરી છે, તે સન્માનનીય છે. વિતેલાં વર્ષો દરમિયાન આવાં જાગૃત ગામોની મુલાકાત ન લઇ શકવા બદ્દલ દુ:ખ અનુભવ્યું. આ બંને ગામોની માત્ર ૪ કલાકની ટુંકી મુલાકાતમાં પણ યાદગાર પ્રસંગ હતો શેરપુરાકંપાના જાગૃત અને આશાસ્પદ યુવાન ભાઇશ્રી ઝવેરભાઇ પટેલ સાથેની ટૂંકી મુલાકાત. યૌવનને છાજે તેવો તરવરાટ હોવા ઉપરાંત સામાજિક બાબતો પ્રત્યેની તેમની રૂચિ. વિચારો માન ઉપજાવે તેવા હતા. વાતચીત દરમિયાન તેમણે ત્યાંની વર્તમાન યુવક પ્રવૃત્તિ વિશે માહિતી આપી, તેમજ ત્યાં અગાઉ સ્થપાઇ ચૂકેલા યુવક મંડળને સક્રીય બનાવવાની જરૂરિયાત પ્રત્યે પણ ભાર મૂકયો તો, સાથોસાથ ત્યાંની યુવાશિકતને સંગઠિત બનાવવા યુવક મંડળને જાગૃત અને સક્રીય બનાવવા માટે સમર્થ નેતાગીરીની આવશ્યકતા જણાવી તે માટે મારો સાથ અને સહકાર માગ્યો. માત્ર એકાદ બે ફૂર્લાંગના અંતરે જ વસેલાં બંને ગામોનાં લગભગ ૫૦૦ ગ્રામ્યજનોના પ્રતિક સમા વણચૂંટાયેલા આ લોકપ્રિય યુવાન કાર્યકર શ્રી પટેલને હું મનોમન વંદી રહ્યો. મુલાકાત દરમિયાન તેમણે એક સુંદર સુચન કર્યું સાણંદ તેમજ ધોળકા ખાતે આપણી જ્ઞાતિના બહુંજ જ જૂજ કુટુંબો હોવાને લીધે અત્યાર સુધીમાં ત્યાં કડવા પાટીદાર સમાજ કે યુવક મંડળની સ્થાપના થઇ શકી ન હોવાથી આ બંને ગામોના સંયુક્ત યુવક મંડળને વ્યવસ્થિત બનાવવામાં આવે ત્યારે તેમાં સાણંદ અને ધોળકાનો પણ સમાવેશ કરવામાં આવે. તેમના આ સુચન પ્રત્યે વિચાર કરીને યોગ્ય કરવાની ખાત્રી આપી સમયના અભાવે વધુ ન રોકાઇ શકવા બદ્દલ દુ:ખ વ્યકત કરી, ફરી મુલાકાતનું વચન આપી, ધોળકા તરફ પ્રયાણ કર્યું.

અંતમાં, આ મુલાકાત દરમિયાન એક પ્રસંશનીય હીકકતની નોંધ લીધા વગર રહી શકાય તેમ નથી. આપણા સમાજમાં ઠેર ઠેર શિક્ષણના ફેલાવાની સાથે સાથે અહીં પણ બાળકોને શિક્ષણ આપવાની મહત્તા અને સુઝ લોકોને કેળવાતી હોય તેમ લાગે છે. ગામ લોકોનાં પ્રયત્નોથી ત્યાંથી પ્રાથમિક શાળા માટે ચાલુ વર્ષથી વધુ ૭મે ધોરણો શરૂ કરવાની મંજુરી મળી ગઇ છે. જે અભિનંદનીય છે. તેમજ "જાગૃતિ" અને "આઝાદ કલમ" જેવાં મુખપત્રો પણ સૌ કોઇ રસથી વાંચે છે. જે નોંધનીય છે.

શ્રી પ્રગતિ પાટીદાર યુવક મંડળ, બેંગ્લોર

ઉપરોકત મંડળની વાર્ષિક સામાન્ય સભા તા. ૨૮-૭-૭૪ના દિવસે ન્યુઅશોક સો મીલમાં યોજવામાં આવી હતી.

જેમાં નીચે જણાવેલ સભ્યોની કાર્યવાહક સમિતિમાં સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પ્રમુખ	સામજીભાઇ જીવરાજભાઈ પટેલ	
ઉપપ્રમુખ	મનજીભાઇ માવજીભાઇ પટેલ	
મંત્રી	અમૃતલાલ કાનજીભાઇ પટેલ	B. A. P. Com
સહમંત્રી	નાનજીભાઇ પ્રેમજીભાઇ પટેલ	T. y. B. Com
ખજાનચી	ગોપાલભાઇ રામજીભાઈ પટેલ	
સહખજાનચી	દામજીભાઇ ધનજીભાઈ પટેલ	

૧	વિઠ્ઠલદાસ ધનજીભાઇ પટેલ	સભ્ય
૨	રામજીભાઇ વાલજીભાઇ પટેલ	,,
૩	વિઠ્ઠલદાસ વેલજીભાઇ પટેલ	,,
૪	વિશ્રામભાઇ લાલજીભાઇ	,,
૫	નારાયણભાઈ નાનજીભાઇ	,,
૬	નાનજીભાઈ કરસનભાઇ પટેલ	,,
૭	ઇશ્વરલાલ દેવસીભાઇ પટેલ	,,
૮	પ્રેમજીભાઇ વેલજીભાઇ પટેલ	,,
૯	બાબુલાલ વાલજીભાઈ પટેલ	,,
૧૦	સીવગણભાઇ ડાહ્યાભાઇ પટેલ	,,
૧૧	પરબતભાઈ શીવજીભાઇ પટેલ	,,

પ્રગતિ પાટીદાર યુવક મંડળને યોગ્ય સલાહ સુચનો મળે તે માટે નીચે પ્રમાણે સલાહકાર સમિતિની રચના કરી છે.

૧	નારાયણભાઇ પ્રેમજીભાઇ પટેલ	B. Com
૨	પચાણભાઈ માવજીભાઇ પટેલ	
૩	કેશવલાલ કાનજીભાઈ પટેલ	
૪	દેવજીભાઇ ભાણજીભાઈ પટેલ	B. A.
૫	સીવગણભાઇ પ્રેમજીભાઇ પટેલ	

નાનજીભાઈ પી. પટેલ
સહમંત્રી
પ્રગતિ પાટીદાર યુવક મંડળ

અમૃતલાલ કે. પટેલ
મંત્રી
પ્રગતિ પાટીદાર યુવક મંડળ

શ્રી ગુજરાતી સમાજ હુબલીમાં સાબરકાંઠાના યુવક ભાઇશ્રી ચંદુલાલનું કરેલ ભાવ ભર્યું સ્વાગત

તા. ૨૩–૪–૭૪ની રાત્રે મૈસુર રાજ્યમાં હુબલી નજીક હાવેટી ગામ પાસે ગુંડાઓના પંજામાંથી ગુજરાતી ખાનદાન કુટુંબને કુશળતા પુર્વક જીવતદાન આપી સાબરકાંઠાની ભૂમીનું ગૌરવ આપનાર ગુજરાતી કચ્છી ભાઇ ચંદુલાલનું ગુજરાતી સમાજે બહુમાન તા. ૩–૮–૭૪ના રોજ શેઠશ્રી ઘેલાભાઈ દેવજીભાઈ શાહના નિવાસ સ્થાન 'હોલ'માં શ્રાવણ માસના શુભ દિનોમાં ભગવાનશ્રી રામચંદ્રના રામાયણ પારાયણના પુર્ણાહુતી પ્રસંગે સાંજના પાંચ વાગે જન સમુદાયની મેદની વચ્ચે બનેલ ઘટનાની વિગત તથા ભાઇશ્રીએ કરેલી સમય ઉપર મદદની રૂપરેખા જાહેર કર્યા બાદ વ્યાસપીઠ મહારાજશ્રીએ સમાજ વતીથી ભાઇશ્રીને આશીર્વાદ, અભિનંદન અને ફુલહાર અર્પી બહુમાન કર્યું છે, તે બહુમાન સમગ્ર જાતિભાઇઓનું તથા કચ્છની ભુમી સાબરકાંઠાની જનતાનું છે. સમાજના ભાઇ બહેનોના જય નાદના ઘોષથી અભિનંદન અર્પવામાં આવ્યા હતા. ધન્ય છે એ યુવકની વીરતાને.

પ્રસંગો ઉપસ્થિત
વી. આર. પટેલ
બેગ્લોર–૮

શ્રી રણજીતપુરા કેળવણી મંડળ સંચાલિત રણજીપુરા હાઇસ્કૂલ રણજીપુરા (ખરોડકંપા) માં માહે માર્ચ ૭૪ માં મેળવેલ એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ ૬૮, ૨ ટકા આવેછે. જેમાં ૫ બહેનોપણ પરીક્ષામાં પસાર થઇ છે.

ચાલુ વર્ષે ખેડાજિલ્લા રમતોત્સવમાં જિલ્લા ક્ષેત્રે બે રમતોમાં પ્રથમ સ્થાન તથા ત્રણ રમતોમાં દ્વિતીય સ્થાન મેળવેલ છે તથા રાજયકક્ષાની સ્પર્ધામાં પણ ભાગ લીધેલ છે.

શ્રી પી. એસ. બારીયા ૮૦૦ મીટર દોડમાં તથા શ્રી વસરામ એમ. પટેલ લંગડી કૂદણમાં જિલ્લા ક્ષેત્રે પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે. શાળામાં ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદની હિન્દી વિનીત સુધીનું કેન્દ્ર પણ ચાલે છે.

એસ. એસ. સી ની પરીક્ષામાં શિક્ષકોએ સુંદર કામગીરી કરીને ૫ વિષયોમાં ૧૦૦ ટકા પરિણામ તથા ૪ વિષયોમાં ૯૫ ટકા પરિણામ મેળવેલ છે.

* દુઃખદ અવસાન *

અત્રે મોડાસા વિભાગમાં મણીપુરાકંપા નિવાસી પટેલ કરશનભાઇ વાલજીભાઇના એકના એક સુપુત્ર ચિ. અંબાલાલનું ભર યુવાન વયે અકસ્માતથી તા. ૨૦-૬-૭૪ના રોજ આકસ્મિક અવસાન થયું છે. સદ્દગતના પિતાશ્રી તરફથી સ્મૃતિ અર્થે મોડાસા ખાતે આકાર લઇ રહેલ વિદ્યાર્થી ભવનમાં રૂા. ૨૦૦૦/- બે હજારનું તેમજ સદ્દગતના શ્વસુર માધવકંપા નિવાસી પટેલ નાનજીભાઇ પુંજાભાઇ તરફથી પણ રૂા. ૧૦૦૦/- એક હજારની રકમ ભેટ મળી છે.

સદ્દગતના અવસાનથી તેમનાં કુટુંબી જનોને ન પૂરાય તેવી પહેલી ખોટ સહન કરવાની પ્રભુ શકિત આપે, તેમજ સદ્દગતના આત્માને શાંતિ આપે એજ અભ્યર્થના.

*

વિશ્વાસપાત્ર વર્તુળો દ્વારા જાણવા મળ્યું છે. તે મુજબ તાજેતરમાં જ અમદાવાદ નજીકના ઓડ કંપામાં કંપા નિવાસી ભાઇઓ ભગવાનની પૂજા વિધિ કરવા અમુક ચોકકસ દિવસે બહાર ગામ ગયેલા. તેની પાછળ અસામાજિક તત્વોએ પૂરતો લાભ ટ્રક જેવાં સાધનો દ્વારા ત્રાટકી જઇ ઘર વખરીનાં તમામ સાધનો વગેરે ચોરી ગયા છે.

દુષ્કાળના કપરા સંજોગોમાં સંપુર્ણ સજાગ બનવાની સતત જાગૃતિ જાળવવાનો કઠિન સમય આવી ગયો છે.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘની તદર્થ સમિતિની તૃતિય સભા જબલપુર (મ. પ્ર.) મધ્યે તા. ૨૦-૨૧-૨૨ સપ્ટેમ્બર ૧૯૭૪ ના રોજ નીચે લખેલ વિષયો ઉપર ચર્ચા વિચારણા કરવા બોલાવવામાં આવેલ છે. તો આપશ્રી આ સભામાં અવશ્ય હાજરી આપવા કૃપા કરશો.

આપશ્રીને તા. ૧૯-૯ ૭૪ ના સાંજ સુધીમાં જબલપુર પહોંચી આવવા વિનંતી છે. આપશ્રી કઇ ટ્રેન અથવા બસથી જબલપુર આવશો. તેની જાણ શ્રી પાટીદાર યુવક મંડળ જબલપુર ને નીચે લખેલ સરનામા ઉપરે આગળથી આપવા કૃપા કરશો.

વિચારણીય વિષયો :

૧ ગત સભાની મીનીટ બુકનું વાંચન અને બહાલી

૨ સામાજિક રીતરિવાજો બાબત

૩ ધાર્મિક ચર્ચા


૪ પ્રમુખશ્રીની મંજુરીથી રજુ થનાર વિષયો ઉપર વિચારણા



આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથોરાઈઝ્ડ ડિલર્સ ઇન:—

ફિલિપ્સ રેડીયો



કમાન્ડર

PHILIPS

પ્રો. વાડીલાલ જીવરામ (મીઠુ)ભાઈ સોની

ઠે. ચારરસ્તા, ધનસુરા,
જિ. સાબરકાંઠા

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સાર્વિસ

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર; એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઇલેક્ટ્રીક સામાનના વહેપારી.



આનન્દ !
ફુરસદ !!
વૈભવ !!!
IS 2347
ISI
રસોઈ ઘરનો રાજા
રાજેશ
પ્રેશર કૂકર
પ્રથમ તો ગ્રાહકો તરફથી, પછી એના હરીફો તરફથી અને હવે ખુદ
આઈ.એસ.આઈ. તરફથી પ્રમાણપત્ર. આમ રાજેશે
આઈ.એસ.આઈ. ચિહ્ન ધરાવનારાં ગણ્યાં ગાંઠ્યા ઉત્પાદનોની
ઉચ્ચ હરોળમાં સ્થાન મેળવ્યું છે.
લક્ષમાં રાખશો કે આઈ.એસ.આઈ. ચિહ્ન એટલે સવિશેષ
ખાતરીનું ચિહ્ન! ઉત્પાદનની અત્યુત્તમ ગુણવત્તા,
ઉત્કૃષ્ટ કારીગરી અને ચીવટપૂર્વકની પરિપૂર્ણતાનું પ્રમાણપત્ર.
તેથી, જ્યારે તમે પ્રેશર કૂકરની શોધમાં હો
ત્યારે રાજેશની માગણી કરજો. કારણ કે
એ સવિશેષ ખાતરીનું ચિહ્ન—
ISI ધરાવે છે.
નિર્માતા:
રાજેશ ઈન્ડસ્ટ્રીઝ
મહારાષ્ટ્ર.
Rajesh
સ્ટોકીસ્ટ
શક્તિ
વિજય વાસણ
ભંડાર
તાંબા, પિત્તળ, સ્ટેનલેસ સ્ટીલ, એલ્યુમીનીયમના વાસણો તેમજ
પ્રાયમસ વગેરે હાજર સ્ટોકમાં મળશે
પ્રોપ્રાયટર: પટેલ માવજીભાઈ ભીમજીભાઈ (કચ્છ) વીરાણીવાળ
સ્થળ :
બુટાલવાડા, મોડાસા, જિ. સાબરકાંઠા.

શ્રી જયઅંબે

ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ



ખેતીવાડીની,
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઇપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.

★


"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં

—: અજોડ સ્થળ :—

શ્રી શક્તિ સ્પન પાઇપ કંું.

વડાગામ (જિ. સાબરકાંઠા)



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણજાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI SEPTEMBER '74 Reg. No. G. 322

શ્રી. ન.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા જિ. સાબરકાંઠા

Book - Post

To,

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન સમાજ
યુવક મંડળ તરફથી

સેવા. સંગઠન અને સહકારનો ઉચ્ચ આદર્શ રજુ કરતું
પ્રાણવાન માસિક

જાગૃતિ

તંત્રી :
કાન્તિભાઈ કે. પટેલ
બી. એ.

વર્ષ : ૧૬ અંક–૧૦ ઓકટોબર ૧૯૭૪

જાગૃતિ

* માસિકના નિયમો *

- દર અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થશે.
- વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૧૦), પરદેશમાં શિલિંગ ૨૦ અને છૂટક નકલ કિંમત ૭૫ પૈસા. આજીવન સભ્ય ફી દેશમાં રૂા. ૧૦૧) પરદેશમાં રૂા. ૧૨૫) નવા ગ્રાહકોનું લવાજમ તા. ૧લી જાન્યુઆરીથી અથવા તા. ૧લી જૂનથી ચાલુ રાખવામાં આવશે.
- પત્ર–વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર તેમજ પોતાનું પુરેપુરૂં સરનામું લખવું જરૂરી છે.
- કોઈ પણ લેખ વિશેની જવાબદારી લેખ મોકલનારના શિર પર રહેશે.
- લેખ હંમેશાં સારા અને સુવાચ્ય અક્ષરે કાગળની એક બાજુ લખી મોકલવા.
- લેખ પરત મેળવવા ઇચ્છતા લેખકોએ જવાબી ટીકીટ ખર્ચ આપવાનું રહેશે.
- કોઈપણ લેખક ભાઈ અગર બહેન પોતાનો લેખ છપાવવો જ જોઈએ એવો આગ્રહ રાખી શકશે નહિ.
- દરેક ગ્રાહક મિત્રો તેમનાં બાકી રહી ગયેલાં લવાજમો વહેલી તકે મોકલી આપે.
- "જાગૃતિ" આજીવન સભ્ય તેમજ જૂના કે નવા વાર્ષિક ગ્રાહકો જેમને માસિક નિયમિત ન મળતું હોય, સરનામું બરાબર ન હોય, અગર બીજું કંઈ પણ સૂચન હોય તો કાર્યાલય પર તુરત જ પત્ર લખી જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સંપાદક મંડળ :

શ્રી વિશ્રામભાઈ એન. પટેલ –પ્રકાશક

શ્રી. નાનજીભાઈ કે. પટેલ –આદ્યતંત્રી.

શ્રી. કાન્તિભાઈ કે. પટેલ –તંત્રી.
બી. એ.

શ્રી. વાડીભાઈ કે. પટેલ
એમ. એ., બી. એડ્.
સહતંત્રી : જાગૃતિ

પ્રિન્સિપાલ :

શ્રી. રતિભાઈ એલ. પટેલ
એમ. એસસી
સાયન્સ કોલેજ, તલોદ.

શ્રી શામજીભાઈ એસ. પટેલ
પ્રમુખ

ડૉ. ધનજીભાઈ કે. પટેલ
જી એફ. એ. એમ., એલ. એમ. પી.

ડૉ. હંસરાજ એમ. પટેલ
એમ. બી. બી. એસ.

શ્રી ગોવિન્દભાઈ વી. પટેલ
એમ. એસસી.

શ્રી અરજણભાઈ વી. પટેલ

શ્રી પ્રેમજીભાઈ એ. પટેલ

શ્રી. રતિલાલ એમ. પટેલ

શ્રી. વિઠ્ઠલભાઈ કે. પટેલ

શ્રી. ચંદુલાલ ડી. પટેલ



આદ્ય સુધારક અને પાટીદાર સમાજને જાગૃત કરનાર

પટેલ નારાયણભાઈ રામજીભાઈ લીંબાણી

[વીરાણી કચ્છ]

જન્મ :
સંવત ૧૯૩૯ વૈશાખ પૂર્ણિમા

સ્વર્ગવાસ :
સંવત ૧૯૯૭, આસો વદ ચૌદશ

★ અનુક્રમણિકા ★

ૐ નમઃ શીવાય

તંત્રીસ્થાનેથી

આપ સૌને વિદિત જ હશે કે તાજેતરમાં જ તા. ૨૦, ૨૧, અને ૨૨ મી સપ્ટેમ્બર ૧૯૭૪ ના દિવસોમાં શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવકસંઘની તદર્થ સમિતિની ત્રીજી મીટીંગ મધ્યપ્રદેશ જબલપુર મુકામે મળી હતી.

દેશભરમાં પથરાયેલી આપણી યુવાશકિતને એકત્ર કરી સક્રીય બનાવી સામાજિક પ્રગતિનાં સોપાન સર કરવાની કાર્યવાહી તેમજ સામાજિક સડાઓ સામે લાલ આંખ કરવાની જવાબદારીના કાર્ય-ભારનો નિર્દેશ કરવામાં આવે તો આપણે સમાજનાવડીલ અગ્રણીઓની કાર્યવાહીમાં પણ મદદરૂપ બની શકીએ અને બીજી રીતે જોઈએ તો ભવિષ્યની સામાજિક પ્રવૃત્તિઓ અંગેની નેતૃત્વ શકિત ખીલવવાની તાલીમ પણ પૂરી પાડી શકીએ.

યુવાશકિતને સુસંગઠિતકરવાથી સામાજિક પ્રગતિના માર્ગમાં આપણે આગેકૂચ કરીશું એવો વિશ્વાસ છેલ્લી બે ત્રણ મીટીંગોએ જન્માવ્યો છે. એવી મીટીંગોમાં ઉપસ્થિત રહેનાર સૌ કોઇ આબાલવૃદ્ધ ભાઈબહેન સાક્ષી પૂરી શકશે એવી મને પૂર્ણ શ્રદ્ધા છે.

‘ એક હાથે તાળી ન પડે ’ એ કહેવતાનુસાર સંઘે અત્યાર સુધી જહેમત ઉઠાવી સમાજમાં જે આકર્ષણ જમાવ્યું છે તે તૂટી ન જાય અને સમાજના વડીલજનોનો યુવાન પેઢી પ્રત્યેનો વિશ્વાસ ડગી ન જાય અને આપણે પ્રગતિની પગથાર પર વણથંભી આગેકૂચ કરી શકીએ તે માટે સમગ્ર દેશનાં આપણાં યુવક મંડળોએ સમાજના સડાઓ, રીવાજો કે સાંપ્રદાયિક સમસ્યાઓ સામે સક્રીયપણે ઝઝૂમતાં શીખવું પડશે. જો દરેક

યુવક મંડળો સક્રીય પણે રસવૃત્તિ ન બતાવે અને માત્ર સંઘના જ સભ્યો સમાજનું કોઈપણ કામ કરી લેશે એવી ભાવના રાખશે તો સંઘ ના ગણ્યાગાંઠયા ભાઈઓની જવાબદારી અનેક ગણી વધી જાય એટલું જ નહિ પણ જતે દિવસે તેઓ સૌને પણ પોતપોતાના વ્યવહારૂ જીવનમાંથી અને ધંધા રોજગારની બાબતમાંથી સન્યાસ લેવાની પરિસ્થિતિ ઉભી થઈ જાય આમ ન બને તે માટે સંઘના કાર્યકરો એ કોઈ આશ્રમનું સંચાલન કરનાર મઠાધિપતિઓ નથી એવો સતત ખ્યાલ રાખી પ્રત્યેક યુવક મંડળના ભાઇઓએ યુવાશકિતનો માત્ર પોતાનો જીવન વ્યવહાર ચલાવવા પૂરતો જ નહિ પણ સમાજ સેવાના ક્ષેત્રમાં ઉપયોગ કરે એવી અભિલાષા સેવવી કદાચ અસ્થાને નથી

તો....સૌ કોઈ યુવક ભાઈઓ મકકમ મનોબળ રાખી, દૃઢ નિર્ધાર દ્વારા પોતપોતાના વિભાગોની સામાજિક સમસ્યાઓ હલ કરવા સતત સાવધ બની સંઘે પ્રગટાવેલી દિવ્ય જયોતને સદાય જલતી રાખે એજ પ્રભુને અભ્યર્થના.

—અસ્તુ

* આજીવન નોંધ.........આભાર *

નાગપુર ખાતે આજીવન સભ્યો તેમજ વાર્ષિક ગ્રાહકો નોંધી "જાગૃતિ" માસિકને પ્રોત્સાહન આપનાર બગડગંજ વિસ્તારના યુવક મંડળના—

મંત્રી	: **શ્રી રતનશી દેવસી પટેલ**
સહમંત્રી	: **શ્રી જીવરાજ સોમજી પટેલ**
સભ્ય	: **શ્રી વિશ્રામ ગોપાલ પટેલ**
„	: **શ્રી નારાયણ માવજી પટેલ**
„	: **શ્રી ગોવિંદ ગોપાલ પટેલ**

વગેરેનો સંપાદક મંડળ વતી આભાર માનવામાં આવે છે.

ભવિષ્યમાં પણ મુખપત્રના વિકાસ માટે યુવક મિત્રો તેમજ ગ્રાહક બંધુઓ તરફથી જેવો સહકાર મળ્યો છે તેવો જ સહકાર મળતો રહેશે એજ અભિલાષા.—

ગૃહત્યાગ *

લેખક :
દેવસીભાઈ ધનજીભાઈ પટેલ (લીડર)
કલકત્તા, (રાસ બિહારી)

સૌરાષ્ટ્રમાં મોરબી પાસે ટંકારા નામનું એક નાનું ગામ છે. આ ટંકારામાં એક શૈવધર્મી કુટુંબ રહે, તેનું નામ કરસનજી ત્રિવેદી જાતે ઔદિચ્ય બ્રાહ્મણ ઘરના સુખી જમીનદારી પણ ખરી... ધીરધારનો ધંધો પણ કરે.

તેમના એક પુત્રનું નામ મૂળશંકર આ બાળક મૂળશંકરને તેમના માતાપિતા તરફથી બચ પણથી શૈવધર્મના સંસ્કારો અપાવા લાગ્યા, બાળપણમાં જ સંસ્કૃત શ્લોકો બોલે માબાપની સાથે શીવજીના મંદિરમાં દર્શન કરવા પણ જાય.

એક શીવરાત્રિના દિવસે શીવાલયમાં ભકતોની ભીડ જામેલી મૂળશંકરે પણ આ દિવસે ઉપવાસ કરેલો તે પણ તેના પિતા સાથે શીવાલયમાં જઇને બીજા ભકતોની સાથે જઇને બેઠો.

ધીરે ધીરે રાત પસાર થવા લાગી એક પછી એક શીવ ભકતો ઘેર જવા માંડયા થોડાક ભકતો ઉંઘાવા લાગ્ય પણ મૂળશંકરને ઉંઘ ન આવે આજે તેને શીવજીનાં દર્શન કરવાં હતાં અને તેથી એતો જાગતો જ રહ્યો.

મોડીરાત્રે શીવલીંગ પાસે પડેલા પ્રસાદ પર એક ઉંદર આંટા ફેરા મારવા માંડયો શીવજીના પ્રસાદને એઠો કરવા લાગયો. મૂળશંકર વિચારમાં પડી ગયો શું આ શીવ ભગવાન છે જેને રૂદ્રાવતાર કહેવાય છે. જે શ્રૃષ્ટિના સંહાર કર્તા કહેવાય છે તે શું આ શીવ છે કેજે ઉંદરને પણ દૂર કરી શકતા નથી.

આ બાળકના મનમાં તોફાન જાગ્યું તેનું બાળહૃદય આ પ્રશ્નોનો ઉકેલ શોધી ન શકયું છેવટે પિતાજીને જગાડીને પૂછ્યું કે બાપુ બાપુ શું આ સાચા શીવભગવાન છે મહાન શકિતશાળી હોવા છતાં નાનકડા ઉંદરને પણ કંઇ કરી શકતા નથી મારે તો સાચા શીવજીનાં દર્શન કરવાં છે. આવા શીવજી નાં નહિ.

પિતાએ તેના પ્રશ્નનું સમાધાન કરવાને બદલે ગુસ્સો કરીને કહ્યું કે આમાં તું શું સમજે આજ સાચા ભગવાન છે આ બાળકના મનનું સમાધાન ન થયું તુર્ત જ મંદિરમાંથી નીકળી ઘેર આવ્યો અને મા પાસે ખાવાનું માગ્યું કારણ કે આખા દિવસની ભૂખ કકડીને લાગી હતી.

આ પ્રસંગમાંથી મૂર્તિ પૂજાનો ભાવ તેના મનમાંથી દૂર થયો બીજા પણ બે પ્રસંગો બન્યા જેના પરિણામે સંસાર માંથી તેનુ મન ઉઠી ગયું અને મૃત્યુનુ રહસ્ય શું એ જાણવાની ઝંખના જાગી.

તેમના કાકા અને તેમની બહેનનું મૃત્યુ થયું લોકો રડારોળ કરતા હતા ત્યારે આ બાળક વિચારના ઉંડાણમાં

ઉતરી ગયો હતો.

સંસારમાંથી મન ઉઠવા લાગ્યું તે જોઇ તેનાં માતા પિતા તેનાં લગ્ન કરી દેવાની ઉતાવળમાં પડયાં આ વાતનો ખ્યાલ આવતાં મૂળશંકર ઘેરથી નાસી છૂટયા ગયા તે ગયા પછી ફરીને એ ટંકારામાં આવ્યા જ નહીં.

મૂળશંકર જ્ઞાન ભૂખને સંતોષવા અને મૃત્યુના રહસ્યને જાણવા ભારત ભરમાં ધૂમ્યા અનેક મઠો, મંદિરો, તીર્થો, જંગલો અને પહાડોમાં રાતને દિવસ જોયા સિવાય રખડયા; યોગ માર્ગના ઉંડાણુમાં પણ ઉતર્યા ઠેર ઠેર એને વિરોધાભાસ જ દેખાયો અને મનનું સમાધાન ન થયું.

આ મૂળશંકરે નર્મદાનાં કાંઠે બ્રહ્મચર્યાશ્રમની દિક્ષા લીધી તેનું નામ શુદ્ધ ચૈતન્ય રાખવામાં આવ્યું પછી તેમણે સન્યસ્તની દિક્ષા લીધી અને તેનું નામ દયાનંદ પાડવામાં આવ્યું.

(સમાપ્ત)

* રાગ *

શીવરાત્રિએ શીવ મંદિરે કરે ભકતો પ્રભુ ગુણગાનજી
મોડી રાત્રે ઉંઘી ગયા સૌ મૂકીને ધરનું ધ્યાન......૧

એક કુમાર તો ઉંઘ્યો નહીં આ શીવજી કેરા સ્થાનજી
એવામાં એક ઉંદર આવ્યો ને માંડયો ખાવા પકવાન......૨

શંકા પડી આ બાળના મનમાં ને જાગ્યું હૈયે તોફાનજી
હોય કદીના આ ત્રિપુરારી કર્યું જેણે ઝેરનું પાન......૩

બાપુજીને જગાડી પૂછયું આ કયાં છે ભગવાનજી
ઉંદરને તો દૂર કરે નહીં આ તે પ્રભુ કે પાષાણ......૪

પિતાએ તો દાટી દીધી તું મુરખ છો સંતાનજી
આ કુમાર થયો ઋષિ દયાનંદ ને જીવન એનું મહાન......૫

"કંટાળો"

દિલીપ પટેલ S.Y. ARCH
શાંતિ પટેલ B.E. III (E.C.)

"શીલા, જરા એક ગ્લાસ પાણી આપજે"

"કંટાળી ભાઈસાબ હું તો તમારાથી અને આ ઘરથી ! આખો દિવસ આ ઘરનું કામ અને વૈતરાં કરવાને પાછાં સવારથી સાંજ સુધી તમારાં પીપૂડાં કું કાય-આ આપ ! તે લાવ ! બસ જાણે બૈરાંનો અવતાર વૈતરું કરવા જ ન આપ્યો હોય. સવારથી ઊઠી ત્યારથી ઊભે પગે છું. બે ઘડીય જંપવા દો છો ? હમણાં પાછી દીનુડી ઉઠશે ને કામે ય શાંતિથી નહિ કરવા દે ! તમારે ઓફિસે જઈને ખુરશી પર બેસવાનું છે. પછી છે કાંઈ ચિંતા ? મહિનામાં બે-ત્રણ દિવસ ઘેર રહેવું પડે છે તો કેટલું આકરું પડે છે. વાસણ પછાડશે. કાંતો છોકરાંને મારશે, નહિ તો છેવટે હું તો છું જ ગુસ્સો ઓકવા" બોલી એ અંદર ગઈ.

"ભગવાને બૈરાંને જીભ નહિ પણ કરવત આપી છે એમ કહેવું પડશે, એક વેણથી પતે એમ હોય ત્યાં એકવીસ બોલે......"

"લો ! પાણી પીઓ" શીલાના અવાજે હું ચોંકી ગયો જાણે સાક્ષાત જગદંબા !

મેં કહ્યું, ગુસ્સામાં તું કેટલી સુંદર લાગે છે શીલા ! એમ આકળા થયે ચાલે ? હજુ તો કંઈક લીલી સુકી જોવાની બાકી છે"

"હું...! ડાહી સાસરે ન જાય ને ગાંડીને શિખામણ આપે" કહેતાં પ્યાલો લઈ એ ચાલતી થઈ.

પણ શીલા ક્યાં જાણે છે કે એની જેમ હું પણ આખો દિવસ ઓફિસમાં બેસીને કંટાળી જઉં છું. રોજ નવા-નવા ચહેરાઓને જવાબ આપતાં આપતાં નાકે દમ આવી જાય છે. આ રીતેજ ઓફિસેથી કંટાળીને એક દિવસે પાછા ફરતાં શીલાએ પૂછ્યું, "કેમ આટલું મોડું કર્યું ?" બસ, આટલી વાતથી હું એ દિવસે એની ઉપર ખૂબ ગુસ્સે થઈ ગયો અને ન બોલવાનું બોલી ગયો તે દિવસે ખરેખર કામથી કંટાળી ગયો હતો. ક્યારેક મન નવરું પડે ત્યારે અનેક વિચારોએ ચઢી જાય છે પોતે શું કરી રહ્યા છે ? શું કર્યું છે. ? અને શું કરવા ઇચ્છે છે ? આ બધું વિચારતાં મન ક્યાંક દોડી જાય છે. અને વિચારોનો અંત આવતો નથી ત્યારે "કંટાળો" આવ્યો એમ કહી મનના વિચારોને ટાળે છે. આમ નવરાં બેસી રહેતાં મન વિચારે ચઢે છે અને છેવટે "કંટાળો" !

જયારે માણસની ઇચ્છા વિરૂદ્ધ કંઈ થાય છે. ત્યારે એને કંટાળો આવે

છે. આવું આપણા જીવનમાં સામાન્ય રીતે જોવા મળે છે.

"દીકરા ! ભઈલા ! જરા વાંચવા બેસતો પરીક્ષા કેટલી નજીક છે." એવી માની ટકોરથી દીકરો છેડાય છે. અને "નથી વાંચવું જા કંટાળો આવે છે ! એમ કહી બહાર રમવા જતો રહે છે.

નાનું બાળક માંદું હોય અને દવા પીવાની વાત કરીએ તો "હવે મને સારૂ છે. મમ્મી ! હવે દવાની કોઇ જરૂર નથી" એમ કહી પોતાનો દવા પ્રત્યેનો અણગમો અથવા તો કંટાળો વ્યક્ત કરશે.

સીંગતેલ કે રેશનના અનાજ માટે લાઇનમાં અડધો કલાક ઊભા રહીશુ તો ન જાણે આભ તૂટી પડયું "બહુ લાંબી લાઇન છે. આજે તો અનાજ મળે એમ નથી લાગતુ" એમ કહી પાછાં ઘેર આવી જઇશું અને આડ કતરી રીતે કંટાળો દર્શાવીશું પણ સિનેમાની ટિકીટ લેવા ભલેને સવારના ૮ વાગ્યાથી ૧૧ વાગ્યા સુધી ઊભા રહીશું તોય કંટાળો નહિ આવે.

કંટાળો નાના બાળકોમાં પણ જોવા મળે છે. નાનું બાળક એક જ રમકડાંથી રમી રમીને પણ કંટાળી જાય છે. એને પણ કંઇક વિવિધતા જોઇએ છે,

માણસનું મન દરેક પ્રવૃત્તિમાં પોતાનું વૈવિધ્ય ઇચ્છે છે અને મનને એજ ગમે છે. માણસનું મન એકના એક કામથી કંટાળી જાય છે. એને પણ કંઇક 'ચેઇન્જ' જોઇએ છે પાસબુક લખનાર કોઇ નોકર છેવટે આ કામથી કંટાળશે અને તેને ફેકટરીમાં યંત્રો પર કામ કરતા કારીગરો પર દેખરેખ કરનારનું કામ ગમશે માણસને બીજાનું કામ ગમે તેટલું અઘરું હોય છતાં એ કામ ગમશે.

મનુષ્યનું મન નવરું પડે એટલે પેલી કહેવત મુજબ નખ્ખોદ વાળે છે. નવરો માણસ વિચારોના વમળમાં અટવાય છે અને છેવટે કંટાળી જાય છે. બી. એ. બી. એસ. સી. પાસ યુવાનો યુવતીઓ નોકરી ન મળતાં ઘેર બેસી ખોટા વિચારે ચઢે છે અને પોતાની જિંદગી એમને ભારરૂપ અને ઝેર જેવી લાગવા માંડે છે. કયારેક જીવનથી કંટાળીને આપઘાત કરવાનો પ્રયત્ન કરે છે. અથવા તો ચોરી લૂંટફાટ કરવા પ્રેરાય છે.

આળસુ માણસને કોઇપણ કામ સોંપાતાં કંટાળો વ્યક્ત કરશે એને આખો દિવસ બેસી રહેવું અને ઊંઘવું જ ગમે એવું મન કોઇ કામ કરવાની પ્રેરણા નથી આપતુ. સ્ત્રીઓમાં પણ કંટાળો જોવા મળે છે. શ્રીમંત સ્ત્રીઓને પોતાનાં જ બાળકો ઊછેરવાનો કંટાળો આવે છે એમને ખાટલેથી પાટલે બેસવું જ ગમે છે. આવી સ્ત્રીઓમાં કંટાળો વધારે પ્રમાણમાં જોવા મળે છે

વિદ્યાર્થીઓમાં પણ કંટાળો ખાસ જોવા મળે છે. "અરે યાર, આજે તો મહેતા સાહેબે સાચે જ "બોર" કરી નાખ્યા" અથવા "શાહ સાહેબ આખો દિવસ ખપાવ્યા કરે છે" આવું આવું તો કેટલુંય કોલેજના કંમ્પાઉન્ડમાં દાખલ થતાં સાંભળવા મળશે. પરંતુ વિદ્યાર્થીઓનો અમુક વર્ગ એવો પણ છે જેને કંટાળાથી કંટાળો આવી જાય છે. જેઓ 'સિન્સીયર' છે તેઓ પોતાનું ધ્યાન અભ્યાસમાં કેન્દ્રિત કરી કંટાળાથી દૂર રહે છે. જ્યારે કેટલાય વિદ્યાર્થીઓ તો ફક્ત ફેશન ખાતર "હું તો 'બોર' થઇ ગયો" એમ બોલે છે. ખરી રીતે આવા લોકો કંટાળાનો સાચો અર્થ જ જાણતા નથી હોતા.

આ રીતે કંટાળાને એક રોગ કહી શકાય. આ રોગ માણસ પોતેજ મટાડી શકે છે. જ્યારે મનુષ્યને કોઇ વ્યક્તિ કે વસ્તુથી સંતોષ નથી થતો ત્યારે તે કંટાળે છે. આ રીતે કંટાળો મનોરંજન ની એકદમ વિરુદ્ધ છે. કંટાળો માનવજીવન માં એક પ્રકારનો અંધકાર લાવી દે છે. જેમ કે જ્યાં સુધી વિજળીનો પ્રવાહ ચાલુ છે ત્યાં સુધી ઘર પ્રકાશમય છે. પણ જ્યારે પ્રવાહ અટકી જાય છે. ત્યારે બધે અંધકાર ફેલાઇ જાય છે. આ રીતે જ જ્યાં સુધી માણસ કંટાળાથી દૂર છે ત્યાં સુધી સુખી છે પણ જ્યારે એના જીવનમાં કંટાળો પ્રવેશ કરે છે. ત્યારેએ દુઃખી થઇ જાય છે, હેરાનપરેશાન થઇ જાય છે, એના જીવનમાં અંધકાર વ્યાપી જાય છે.

કોઇ માણસ કોઇ એક પ્યાલા સામે એકીટસે જોઇ રાખે છે. જ્યાં સુધીએ માણસ, પોતાના અને પ્યાલા વચ્ચે કોઇ સંબંધ જોઇ શકે છે ત્યાં સુધી એ આનંદ માણી શકે છે, પ્યાલાને જોવાનો પણ જ્યારે આ સંબંધ તૂટી જાય છે ત્યાર એને કંટાળો આવે છે.

કોઇ વ્યક્તિ ઠંડીમાં ફક્ત ટૂંકું ટુવાલ વીંટીને ઉભી છે. જો એ પોતાના પગને ઢાંકવા પ્રયત્ન કરે છે તો એની છાતીને ઠંડી લાગી જાય છે. અને જો એ છાતીને ઢાંકી દે છે તો એના પગ કંપે છે. આવે વખતે માણસ નિઃસહાય બની જાય છે.
બરાબર આવી જ હાલત એક કંટાળી ગયેલા માનવીની થાય છે. ન તો એ સુખેથી જીવી શકે છે ન તો મરી શકે.

ક્યારેક માણસ ખૂબજ પૈસા અને એશ આરામથી પણ કંટાળી જાય છે. એના પૈસા એને ખાવા દોડે છે.

કોઇ માણસને એકાંત પસંદ છે તો કોઇને એજ એકાંતમાં કંટાળો આવતો હોય છે. ઘોંઘાટ પણ ઘણાને કંટાળો પહોંચાડે છે.

ઘણા ઘરઘથ્થુ ઝગડા કંટાળાના પરિણામરૂપ જ છે. પતિ-પત્ની, સંયુક્ત

કુટુંબમાં રહી કંટાળી જાય છે અને ઝગડો કરી મા-બાપથી છૂટાં રહેવા જતાં રહે છે. કોઇને મુસાફરીમાં આનંદ મળતો હોય છે તો કોઇને કંટાળો.

આવું જ ઘણીવાર ચલચિત્ર જોતી વખતે બને છે. જ્યારે ચિત્ર મનમાં ધાર્યા કરતાં કંઇક જુદુજ નીકળે છે ત્યારે માણસ કંટાળી જાય છે ક્યારેક થિયેટર છોડી બહાર પણ નીકળી જાય છે.

આજના આધુનિક યુવાનો ઘરડાંની વાતો અને શિખામણો સાંભળીને કંટાળતા હોય છે યુવાનો પોતાનું ધાર્યું કરવામાં માને છે જ્યારે વૃધ્ધો ધાર્યું કરાવવામાં, આમ બને છે ત્યારે બંને વચ્ચે તિરાડ પડે છે.

આમ કંટાળો અથવા 'Boredem' એક દુર્બળતા છે, એક રોગ છે. જેને માણસ પોતેજ મટાડી શકે છે કંટાળાથી બચવા માટે માણસે પોતાના મનને પુરેપૂરો સંતોષ આપવો જોઇએ. કંટાળો મનોરંજનથી એકદમ વિરૂધ્ધ છે પરંતુ ક્યારેક મનોરંજનની ઝાંખી પણ કરાવે છે.

આપણે કોઈપણ માણસ પાસેથી ઇચ્છીએ એવાજ વર્તાવની આશા રાખતા હોઇએ છીએ અને જો એમ કરવામાં આપણે અસફળ રહીએ તો છેવટે "કંટાળો".

"ધુવારણ"

પટેલ ચંદુલાલ એમ.
તખતગઢ

ધુવારણ સબંધી રસપ્રદ વિગતો

૧ તમે જાણો છો કે જ્યારે ધુવારણ પાવર મથકનું કામ પુરૂ થયું ત્યારથી તેને ચાલુ રાખવા માટે રોજની ત્રણ વેગન ભરીને કોલસા જોઇએ છે?

૨ તમે જાણો છો કે ધુવારણ પાવર હાઉસ ખાતેની મશીનરીના કેટલાક ભાગ એટલા બધા ભારે હતા કે એવાં ભારે વજનો હાલના રસ્તા અને પુલો તેમજ રેલ્વે અને પુલો ઉપરથી અગાઉ ક્યારેય પસાર થયા ન હતા?

૩ તમે જાણો છો કે ધુવારણ પાવર હાઉસ ખાતે ઠંડુ કરવાના હેતુ માટે દરરોજ કન્ડેન્સરોમાંથી પસાર થતા પાણીનો જથ્થો એટલો બધો છે કે એટલા પાણીથી વડોદરા શહેરને ત્રણ માસ સુધી પાણી પૂરૂં પાડી શકાય?

૪ તમે જાણો છો કે ધુવારણ પાવર હાઉસનાં બોઇલરોની રચનામાં વપરાયેલી નળીઓને એક પછી એક લાઇનમાં ગોઠવવામાં આવે તો તે વડોદરાથી મુંબઇ સુધી પહોંચે ?

૫ તમે જાણો છો કે જો ધુવારણમાં બોઇલરોમાં એકલો ગેસજ બળતણ તરીકે વાપરવામાં આવે તો તેમાં એક દિવસમાં વપરાનાર ગેસ સરેરાશ ૨૫ લાખ કુટુંબોની રોજની જરૂરિયાતના ગેસ જેટલો થાય ?

૬ તમે જાણો છો કે દહન માટે ધુવારણ બોઇલરોની હવાની જરૂરીઆત દસ લાખ માણસની હવાની જરૂરીયાત જેટલી છે ?

૭ તમે જાણો છો કે ધુવારણ યોજનાની ટ્રાન્સમિશન લાઇનોમાં વપરાયેલાં દોરડાંની કુલ લંબાઇ પૃથ્વીને વિષુવવૃત્ત આગળથી વિંટાઇ વળે એટલી લાંબી થાય અને તેમ છતાં મુંબઇથી લંડન પહોંચે એટલી લંબાઈ વધે ?

૮ તમે જાણો છો કે સઘળાં કે. વી. ટ્રાન્સમિશનો ટાવરોને એક ઉપર એક એમ ગોઠવવામાં આવે તો તેની ઉંચાઇ હિમાલયની ઉંચાઇ કરતાં ચાર ગણી થાય ?

રસપ્રદ આંકડાઓ

૧ ધુવારણ પાવર સ્ટેશન માટે વિદેશથી આવેલ મશીનરીનું કુલ વજન
૨૦,૦૦૦ ટન.

૨ પાવર હાઉસ સિન્ડિંગ માટે સ્ટ્રકચરલ, સ્ટીલનું કુલ વજન.
૨.૫૦૦ ટન

૩ ૧૩૨ કે. વી. ટ્રાન્સમિશન લાઇન ટાવર, માટેના સ્ટીલનું કુલ વજન
૫,૦૦૦ ટન.

૪ વપરાયેલા કંડકટરની કુલ લંબાઇ.
૧,૫૬૦ માઇલ

૫ ભારેમાં ભારે દાગીનો (જનરેટર સ્ટાર્ટર-૪ આવા દાગીના)
૧૧૦ ટન દરેકનું વજન.

૬ મોટામાં મોટો દાગીનો (આવા ચાર દાગીના)
૧૨'×૧૫-૧।।×૧૧।। લગભગ

૭ વપરાયેલ કુલ સિમેન્ટ
૧૭૦૦૦ ટન (૩,૪૦૦૦૦ ગુણી)

૮ કુલ માટી કામ
૪૭,૫૦૦,૦૦૦ ઘનફુટ

૯ મેક્ઝીમમ લોડ પર કુલીંગ વોટરની જરૂરિયાત
૪૧૮,૦૦૦,૦૦૦ યુ. એલ, ગેલન

ભૂલ્યા છો શું ભાન

અર્જુન આર. પટેલ ભીવંડી

હે...ભારતના સંતાન ભુલ્યા ભૂલ્યા છો શું ભાન
લોકો તો લે છે મારો જાન......મારો હેલો......

હે...હેલો સાંભળો કહે છે માતા ગાય
હુંકમ કરોતો હવે ગૌવધ બંધ થાય......મારો હેલો......

હે...માતા કેરું માંસ આઝાદ હિન્દમાં વેચાય
અહિંસાના ઉપાસકથી હિસા ન સહેવાય......મારો હેલો......

હે...જીવતાં આપું દુધ મુવે ચામડાં વેચાય
હાડકાંની ખેરી અને છાણુતો વેચાય......મારો હેલો......

હે...મમ બાળકને ભૂખ્યાં રાખી તમ બાળક પોષાય
એવી હું ઉપકારી તોએ કતલ મારી થાય......મારો હેલો......

હે...મે જાણ્યું કે આઝાદ ભારત જલ્દી જો થઇ જાય.
તો તો મારૂ પૂજન થાશે ભૂખની પીડા જાએ .....મારો-હેલો......

હે...મુંગા મારા દિકરાતો દુખી બહુ થાય
પેટ સાટે વેઠ કરતા તોયે માર જ ખાય......મારો હેલો......

હે...બાપુ કેરો આત્મા તો આકુળ વ્યાકુળ થાય
અર્જુન કહે છે બાપુનાં આ વચનો વિસરાય મારો હેલો......

(જય ઉમીયા ભવાની)

ૐ નમ: શીવાય || શ્રી ગણેશાય નમ: ||

ૐ भूः भूवः स्वः तत्सवितुर्वरेण्यम्
भर्गोदेवस्य धीमहि धियेयोनः प्रचोदयात ।

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘ

✱ તદર્થ સમિતિ—તૃતીય સભા ✱

સ્થળ : જબલપુર (મ. પ્ર.) તા. ૨૦, ૨૧, ૨૨ સપ્ટે. ૧૯૭૪

આપણે સૌ જાણીએ છીએ તે મુજબ વર્ષો સુધી સ્થાપિત હીતોના અયોગ્ય માર્ગદર્શન હેઠળ નિરક્ષર રહી જવાના પરીણામે અજ્ઞાનતાના અંધકારમાં અટવાતા અને ગરીબીમાં ગોથાં ખાતા આપણા સમાજે કચ્છ પ્રદેશની ધરતીપર કારમા દુષ્કાળો સહન કરતાં કરતાં પાપી પેટનો ખાડો ન ભરી શકાય તેવી સ્થિતિ અનુભવતાં છેલ્લા લગભગ અર્ધાથી પોણા સૈકા દરમિયાનમાં માતૃભૂમિથી હજારો માઇલ દૂરના વિસ્તારમાં ભારતભરના દરેક પ્રાંતોમાં જઇને હાથ વેરણથી માંડીને સૉ મીલ ઓનર્સ તેમજ ટીમ્બર મર્ચન્ટના ક્ષેત્રમાં તેમજ નાના પાયાની ખેતીથી માંડી યંત્રોના આધારે તેમજ સુધારેલાં બીયારણો, રાસાયણિક ખાતરો, દવાઓ વગેરેના ઉપયોગના આધારે ખેતી ક્ષેત્રે પણ ઠીક ઠીક પ્રગતિ હાંસલ કરી છે.

આમ સમગ્ર દેશમાં વેરવિખેર હાલતમાં પડેલા આપણા સમાજનાં આબાલવૃદ્ધ ભાઈ-બહેનો અમુક વર્ષ પછી એકાદ બે પેઢી બાદ પોતાની માતૃભૂમિને ભૂલી ન જાય તે માટે તેમજ સામાજિક ઐકય સાધવા સંગઠન શકિત સાધી શકાય તે માટે દેશની આપણા સમાજની યુવાશકિતને ઢંઢોળવા માટે તેમાં નવજાગૃતિનો સંચાર કરવા માટે પવિત્ર ગંગામૈયાના ઊભય તીરે વસેલા વિશાળ વસ્તી ધરાવતા કલકત્તા શહેરમાંથી સમગ્ર કચ્છ કડવા પાટીદાર સમાજના તેજસ્વી કિરણ સમાન શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળના અગ્રણી યુવાનમિત્રોએ છેલ્લા કેટલાક સમયથી સેવેલાં સોણલાંને સાકાર કરવા માટે.........કહો કે...સૂતેલાંને જગાડવા માટે શુભ સમયે ડીસેમ્બર-૧૯૭૨ના છેલ્લા સપ્તાહમાં જે આહવાન આપ્યું તેના પરીણામ સ્વરૂપે સંઘની તદર્થ સમિનિની પ્રથમ સભા ફેબ્રુઆરી-૧૯૭૩ના છેલ્લા અઠવાડીયામાં

મહારાષ્ટ્રમાં પૂના ખાતે, ત્યારબાદ દ્વિતીય સભા ઓકટોબર–૧૯૭૩ના બીજા અઠવાડીયામાં ગુજરાતમાં હડમતીયાકંપા ખાતે સફળતા પૂર્વક યોજી શકયા હતા. આ રીતે સમગ્ર સમાજની યુવાશકિતને સુસંગઠિન કરવાનું શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ કલકત્તાનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. ત્યારે માત્ર એટલેથી જ ન અટકતાં એ સંગઠિત બનતી જતી યુવાશકિતને સ્વૈચ્છિક મુકત વિહાર ન કરવા દેતાં સમગ્ર સમાજને શિક્ષણ ક્ષેત્રે, સામાજિક રીતરિવાજોના પાલન માટે, સમાજના સડાઓને ડામવા માટે, ધાર્મિક અંધશ્રધ્ધાઓમાંથી ઉગારવા માટે અને સમાજનું ભાવિજીવન ઉજ્વળ બને તે માટે છેલ્લે સપ્ટેમ્બર-૧૯૭૪ના ત્રીજા અઠવાડીયાં મધ્યપ્રદેશના ભાવભીના આમંત્રણને માન આપી જબલપુર ખાતે એકત્ર થયા ત્યારે સમાજની યુવાશકિતએ જવાબદારી પૂર્વક પોતાની પવિત્ર ફરજ સમજીને પોતાનામાં રહેલાં શકિતને યથાશિકત સમાજ સેવા અર્થે ખર્ચવા શું કરવું જોઈએ તે માટે ચાલો આપણે તારીખ ૨૦-૨૧ અને ૨૨ મી સપ્ટેમ્બર-૧૯૭૪ના દિવાસોની યુવકસંઘની કાર્યવાહીમાં જરા ડોકીયું કરીએ.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના નેજા નીચે ભારતભરના દરેક પ્રાંતોમાંથી શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજનાં યુવક મંડળો જયાં જયાં અસ્તિત્વમાં છે ત્યાં ત્યાંથી મધ્યપ્રદેશના આમંત્રણને માન આપી જબલપુર મુકામે સંઘની તદર્થ સમિતિના સભ્યો, સલાહકાર વડીલો, આમંત્રિત મહેમાનો તેમજ મહિલા મંડળોનું પ્રતિનિધિત્વ ધરાવતી સુશિક્ષિત યુવાન બહેનોનું બાલાઘાટ નિવાસી શ્રી ઇશ્વરભાઇની આગવી શૈલીમાં આલેખાયેલા નિમ્ન લિખીત સ્વાગતગીતથી તા. ૨૦-૯-૭૪ ની સવારના સુરમ્ય વાતાવરણમાં ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું.

સ્વાગત ગીતના.............શબ્દો આ પ્રમાણે છે.

બહુ પ્રેમથી કરતાં સ્વાગત, ખુશીમાં સૌ ગુલતાન રે.
જબલપુરમાં ભલે પધાર્યા, થનગનતા યુવાન રે.........બહુ પ્રેમથી કરતાં
પૂર્વજોએ જે સ્વપ્નાં સેવ્યાં
એને પૂરાં કરશું.
વડીલોએ જે બાગ બનાવ્યો.
એમાં પુષ્પો ખિલવશું.
કહીશું એટલું કરી બતાવીશું, તોજ ખોલશું જબાન રે.
જબલપુરમાં ભલે પધાર્યા...........

૨ નીલ ગગનથી નારાયણ રામજી
જોઈ એકતા થાશે રાજી.
શક્તિ આપજો ઉમીયા માતા
શક્તિ આપજો ઉમીયા માતા, દેજો આજ વરદાન રે.
જબલપુરમાં ભલે પધાર્યા..........

આ રીતે સવારના આહ્‌લાદક વાતાવરણમાં સ્વાગતગીત અને પ્રાર્થના પછી યુવકસંઘની કાર્યવાહીની શુભ શરૂઆત કરવામાં આવી

શરૂઆતમાં જ ગઇ મીટીંગમાં થયેલી કાર્યવાહીની મિનિટ બુકનું સંઘના મહામંત્રી દ્વારા વાંચન કરવામાં આવ્યું. જેથી સંઘે ભૂતકાળમાં કરેલી કાર્યવાહીનું યથાર્થ ચિત્ર ઉપસ્થિત દરેક વ્યકિતઓના માનસપટ પર અંકિત થયું.

ત્યારબાદ આપણાં દરેક યુવકમંડળોએ પોતપોતાના વિસ્તારમાં અત્યાર સુધીમાં કઇ કઈ જાતની યુવા પ્રવૃત્તિઓ કરી તેના અહેવાલો વિભાગવાર પ્રતિનિધિઓ પાસેથી મેળવવામાં આવ્યા.

આમ અહેવાલો પરથી જાણવા મળ્યું તે મુજબ આપણા સમાજનો વડીલવર્ગ તેમજ યુવાશકિત સમાજના સર્વાંગી વિકાસ માટે શિક્ષણક્ષેત્રે પરદેશમાં કચ્છમાં તેમજ ગુજરાતમાં વિદ્યાર્થી ભાઇ-બ્હેનો માટે ચાલતાં છાત્રાલયોના સંચાલન અંગે સદાય સતત જાગૃત છે અને એ રીતે સતત શિક્ષણ મેળવવાની ભૂખને વળગી રહીશું તોજ શૈક્ષણિકક્ષેત્રે નિર્ધારિત આયોજનો દ્વારા ગમે તેવાં લક્ષ્યાંકો પારી પાડી શકીશું તેમાં શંકાને સ્થાન નહીં હોય. શૈક્ષણિક પ્રગતિ સાધતાં સાધતાં જ અન્ય સમાજમાં જે બહુજ અલ્પ પ્રમાણમાં હશે તેવા આપણા સામાજિક સડાઓને પણ નિવારી શકીશું. આ રીતની પ્રગતિ સાધવા માટે યુવકસંઘ સાથે સંલગ્ન રહીને યુવાશકિત પાસે તેનું વાણી, વર્તન, અને વિચારોના સરવાળા રૂપે ઉત્તમ પ્રકારનું ચારિત્ર્ય હોવું જોઇએ અને ઉત્તમ પ્રકારના ચારિત્ર્ય દ્વારાજ આપણે તેનો લાભ સમાજને મળે તે માટે શું કરવું જોઇએ તે અંગેના કેટલાક મુરબ્બીજનોના વિચારો આ પ્રમાણે છે.

શ્રી પચાણભાઈ શીવજીભાઇ નાગપુર :- સંઘની સ્થાપના બાદ આપણામાં જે જાગૃતિ આવી છે તે સતત જારી રાખવા શિક્ષિત યુવાનોએ પણ પોતાનો સમય અને શકિતનો સદ્‌ઉપયોગ કરવો જોઇએ. આપણે આર્થિક પ્રગતિ સાધી હશે પણ જોઇએ તેટલી સાંસ્કારિક પ્રગતિમાં કચાસ રાખી છે. આપણામાંની સુશુપ્ત માનવતા જાગૃત કરવા શુધ્ધ વહેવારો, આત્મબળ અને નીતિમત્તાનું ધોરણ ઉંચું રાખવું પડશે.

આપણું ચારિત્ય શુધ્ધ હશે તો જ બીજા પર પ્રભાવ પાડી શકાશે. સમાજની પ્રગતિને વેગવાન બનાવવા માટે પણ આ બધું જરૂરી છે.

વિશ્રામભાઇ નથુભાઇ પટેલ અણીયોરકંપા (ગુજરાત) :— વેરવિખેર પડેલા સમાજની યુવાશકિતને સાંધવા સંઘના જે પ્રયાસો ચાલુ છે તે આપણું સદ્‌ભાગ્ય છે. સમાજના ઐકય માટે અને સમાજ માટે કંઈક વિચારવાની તક મળે તે માટે આવાં સંમેલનો યોજાય તો જ બીજાના વિચારોનો લાભ મળે. સમાજને સુશિક્ષિત બનાવવા બાલમંદિરો એ પાયાની જરૂરીયાત છે. સ્થાનિક ક્ષેત્રોની કાર્યવાહીના અંગ તરીકે આ બાબત વણી લેવી જરૂરી છે. જ સમાજની પ્રગતિ માટે સંઘને ઉપયોગી થવાનું સ્વપ્ન સૌ કોઇ સેવીશું તો નિર્વિઘ્ને પ્રગતિ સાધીશું

બીજું આપણા સમાજના સાંપ્રદાયિક મુદ્દાને ધ્યાનમાં લઇએ તો સ્વ. નારાયણ રામજી લીંબાણી જેવા મહાપુરૂષોએ હિંદુ સંસ્કૃતિ અનુસાર સનાતન ધર્મના ચીંધેલા રાહ પર આપણે ચાલવું જોઈએ.

પરંતુ કેટલાંક તક સાધુ તત્વોએ ભૂતકાળમાં આપણા વડીલોને આડા પાટે ચઢાવી તેમની અજ્ઞાનતા અને ભોળપણનો લાભ લેવા અંધશ્રધ્ધાઓમાં રાચતા કર્યા છે. પરિણામે આપણાં આચાર વિચારો દુષિત બન્યા આજે પણ કચ્છ અને ગુજરાતમાં સમાજનું આ અનિષ્ટ પ્રવર્તે છે.

કોઇપણ ધર્મ કે સંપ્રદાય ખાનગીમાં પૂજા વિધિ કરવાનું નથી કહેતો તો આ સતપંથ સંપ્રદાયમાં મધરાતની પૂજાઓ શા માટે હોવી જોઇએ મૃત્યુ પછી મરનારની પાછળ ત્રીજા દિવસે જેને જારત (ઝીયારત) કહેવામાં આવે છે. તે હિંદુ સંસ્કૃતિ ને અનુરૂપ નથી, ઉપરાંત શબને દફનાવવાની ક્રિયાઓ પણ ગુજરાતમાં કેટલાક કંપાઓમાં ચાલુ છે.

તો આપણી સંસ્કૃતિને ન છાજે તેવા આચાર-વિચારો દૂર કરવા હું સંઘને પણ પ્રયત્નશીલ બનવા તેમજ મુરબ્બી શ્રી લાલજીભાઇ ને પણ વિનંતી કરૂ કે પરમ પૂજય પાંડુરંગ શાસ્ત્રીજીને ભાર પૂર્વક આ બાજુ લઈ આવવા અને અંધકાર ની ગર્તામાં ફેંકાઈ ગયેલા સમાજને ઉગારવા પ્રયત્ન કરે.

માવજીભાઇ પેથાભાઈ પોકાર મુંબઈ :— સનાતન ધર્મના પ્રચાર માટે અને ધાર્મિક અંધશ્રધ્ધા દૂર કરવા માટે આપણાં બાહ્ય આચરણો પર પ્રથમ ધ્યાન આપવું જરૂરી છે.

આદિઅનાદિ કાળથી ચાલતા આવતા સનાતન ધર્મની ઓળખ સ્વાધ્યાય કરીએ. તો જ થાય.

યુવાનમિત્રો ધાર્મિક ચર્ચા રસપૂર્વક અને મુક્ત પણે કરે એ રીતે એક બીજાના વિચારોની આપલે થાય પછી જ સારા વિચારોનું દોહન કરી વિચારો દૃઢ બનાવાય તો જ આચરણો સુધારી શકાય આ રીતે પોતેજ આચારોનું પાલન કરશે તોજ બીજાઓને પાલન કરાવી શકશે. તો આ રીતની તૈયારીથીજ આચરણ શુદ્ધિ માટે ખાસ આયોજન થવું જોઈએ અને તોજ આખા સમાજમાં આચાર વિચારોની સામ્યતા દ્વારા સંગઠન જાળવી શકાય.

માવજીભાઈ ધનજીભાઈ પટેલ મુંબઈ (ઘાટકોપર) :– યુવક સંઘની કાર્યવાહીથી સમાજનાં અનિષ્ટ તત્વો ઘણી જગ્યાએ વિચાર કરતાં થઈ ગયાં છે. આપણામાં રહેલી વિશિષ્ટ શકિતઓનો સામાજિક પ્રગતિમાં જ્યાં જ્યાં ઉણપ જણાય ત્યાં તે દૂર કરવા લાભ આપવો જોઇએ વડીલો પ્રત્યે આદર રાખી આચારવિચાર અને વાણીથી આપણા કૌટુંબિક વાતાવરણને સ્વર્ગમય બનાવવાનું ઉદાહરણ પૂરુ પાડીશું તો જ બીજાઓને કહી શકીશું.

પ્રિન્સિપાલ રતિલાલ એલ. પટેલ બોરડીટીંબા (ગુજરાત) :– ધારાસભાની યાદ અપાવે તેવી યોજાયેલી આપણી સભાનું શિસ્ત બધ્ધ વાતાવરણ સતત રસવૃત્તિ અને મહિલાઓ દ્વારા પણ વિચારોની હિંમતપૂર્વકની રજુઆતમાં આપણે આપણી યુવાશક્તિની સફળતા વાંચી શકીએ છીએ. સમાજનાં કોઇપણ અનિષ્ટો ષડયંત્રોને દબાવવાની અને ભ્રષ્ટાચાર દૂર કરવાની પ્રેરણા આપણને અહીંથીજ આવી પ્રવૃત્તિઓથીજ મળે છે અને મળશે. અહીંથીજ મળતા વિચારો પછી તે સામાજિક, ધાર્મિક કે શૈક્ષણિક હોય તેનો ફેલાવો આપણે જાણ્યે અજાણ્યે પણ કરવાના જ છીએ.

આમ પ્રથમ દિવસની કાર્યવાહીમાં આપણે સામાજિક પ્રગતિ માટે યુવક મિત્રોએ શું શું કર્યું છે. તે અને સમાજની સાંપ્રદાયિક તેમજ છૂટાછેડા જેવા સડાઓ અંગે વિચારોની ઠીક ઠીક રસપ્રદ રજુઆતો થઇ કે જેમાંથી યોગ્ય માર્ગ કાઢી સમાજની પ્રગતિ કઇ રીતે સાધી શકાય તેની પ્રેરણા મળી શકે.

તૃતીય સભા : બીજો દિવસ

બીજા દિવસની યુવકસંઘની કાર્યવાહીની શરૂઆત મુંબઈ નિવાસી શ્રી માવજીભાઈ પેથાભાઇ પોકારની મંગલ સ્તુતિથી કરવામાં આવી.

શરૂમાં અગાઉના દિવસે ટોડીયા રસલ્રીયાના છૂટાછેડાના પ્રકરણની ચર્ચાના અંતે નક્કી કર્યા મુજબનો ઠરાવ સંઘના મહામંત્રીએ રજૂ કર્યો જેને મધ્યપ્રદેશ મહારાષ્ટ્ર અને ગુજરાતના ભાઇ ઓએ સૌના વતી ટેકો આપતાં પસાર કરવામાં આવ્યો.

ત્યારબાદ કચ્છમાંથી ભૂજની હોસ્ટલના સંચાલન અંગે તેમજ સતત ચોથા વર્ષે પણ દુષ્કાળની પરિસ્થિતિ અંગે સંઘ પ્રયત્નશીલ બની ઘટતું કરે તે માટે નો પત્રદ્વારા પ્રસ્તાવ આવેલો તે વિશે વિભાગવાર નીચે મુજબના સલાહકાર મુરબ્બી ઓ તેમજ સંઘના સભ્યો દ્વારા વિચારો રજૂ કરવામાં આવ્યા.

પ્રસ્તુત પ્રસ્તાવ વિશે મુરબ્બી શ્રી લાલજીભાઈ ભાણજીભાઈ પટેલ પૂના

,,	માવજીભાઈ ધનજીભાઇ	,,	મુંબઇ (ઘાટકોપર)
,,	પચાણભાઈ શીવજીભાઈ	,,	નાગપુર
,,	નાનજીભાઈ કાનજીભાઈ	,,	રાયણનોમાળ (ગુજરાત)
,,	માવજીભાઈ પેથાભાઈ	પોકાર	મુંબઇ (ઘાટકોપર)
ભાઈશ્રી	મોહનભાઈ હરિભાઇ	પટેલ	જબલપુર
ડૉ. શ્રી	કાન્તિલાલ લાલજીભાઇ	,,	મુંબઇ (ઘાટકોપર)
ભાઈશ્રી	દેવજીભાઇ વાલજીભાઈ	,,	કલકત્તા (હાવરા)
,,	કરશનભાઇ પરબતભાઇ	,,	આસનસોલ (પ. બંગાળ)
પ્રિન્સિપાલ શ્રી	રતિલાલ લધાભાઇ	,,	બોરડીટીંબા (ગુજરાત)

વગેરે ભાઇઓ દ્વારા પોતપોતાના વિચારોથી યોગ્ય પ્રકાશ પાડવામાં આવ્યો જે આ પ્રમાણે છે.

ખાસ કરીને દરેક વકતાઓનો સામાન્ય સૂર એવો હતો કે આપણો સમાજ શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધે તેમાં આપણું યુવકસંઘ મદદરૂપ અવશ્ય બને. પરંતુ સંઘ હજુ બાલ્યાવસ્થામાં જ છે. તો શક્તિ મુજબ જ કાર્યબોજ ખેંચી શકાય. ભૂજની હોસ્ટેલનું સંચાલન ત્યાંના સ્થાનિક કાર્યકર ભાઇઓ સંભાળે અને સંઘ તેના ઉપર દેખરેખ રાખે. પરંતુ શિક્ષણની, સામાજિક સડાઓ કે દુષ્કાળ જેવી પરિસ્થિતિમાં કચ્છના આપણા સમાજના સ્થાનિક આગેવાન કાર્યકર ભાઇઓ સક્રીય

પણે રસ લઇ ઘટતું કરે તો તેમાં આપણે સહયોગ આપી શકીએ પરંતુ સ્થાનિક ભાઇઓ નિષ્ક્રીય બને અને આવાં બધાં જ કાર્યોનો બોજ બહારના ભાઇઓજ ઉપાડી લે તે પૂરતું નથી ચાલુ વર્ષે ગુજરાતની પરિસ્થિતિ પણ દુષ્કાળની બાબતમાં ખૂબ વિકટ છે.

છતાં પણ પરદેશમાંથી ઘણા ભાઇઓ કચ્છમાં પોતાનાં ગામોમાં તેમજ વિસ્તારમાં શકય એટલી મદદ કરે છે.

ખાસ કરીને સમાજિક દુષણો પણ કચ્છમાંથી જ વધુ પેદાં થાય છે તો ત્યાંના સ્થાનિક કાર્યકર ભાઇઓ વધુ સજાગ બની સક્રીય બને અને પોતાની ફરજ બજાવે તો સંઘ વતી આપણે સૌ અવશ્ય યથાશક્તિ મદદરૂપ બની શકીશું પણ બીજાના ખભે બંદૂક રાખીને કોઇ પણ સામાજિક કાર્યવાહી ન થઇ શકે. કચ્છ તેમજ ગુજરાતની દુષ્કાળની પરિસ્થિતિને અનુલક્ષીને આ અંગે આપણે સંઘ દ્વારા સરકારનું ધ્યાન દોરવાનો પ્રયત્ન પણ કરી શકીએ.

ઉપરાંત સામાજિક રીતરીવાજો અને છૂટાછેડા, દારૂ તેમજ જુગાર જેવા સટ્ટાઓની બાબતમાં ખૂબ ખૂબ ચર્ચાઓ કરવામાં આવી ખાસ કરીને છૂટાછેડાના દૂષણને ડામવા માટે શ્રી કરશનભાઇ માવજીભાઈ નાગપુર શ્રી નાનજીભાઇ દેવજીભાઇ પૂના, શ્રી દામજીભાઇ દેવસીભાઇ વેલાણી મુંબઈ શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઇ (વડીલ) કલકત્તા, શ્રી પન્નાલાલ કરશનભાઇ રાયપુર, શ્રી મોહનભાઈ હરિભાઇ જબલપુર, શ્રી કરશનભાઇ વિશ્રામભાઇ (જાલવાળા) ન્યુ. દિલ્હી, શ્રી રવજીભાઇ વિશ્રામભાઇ મદ્રાસ, શ્રી અંમૃતભાઇ કાંનજીભાઇ બેંગલોર, શ્રી સામજીભાઇ એસ. પટેલ ધનસુરા વિભાગ (ગુજરાત) શ્રી રતિલાલ કે. પટેલ ખેડબ્રહ્મા વિભાગ (ગુજરાત) હંસરાજભાઇ માધવજીભાઇ વડોદરા, શ્રીમતિ પુષ્પાબેન ડી. પટેલ મુંબઇ શ્રીમતિ પાર્વતીબેન આર. પટેલ રામેશ્વરકંપા (ગુજરાત) કુ. નિર્મળાબેન આર. પટેલ જબલપુર, શ્રી વિસનજીભાઇ રાંમજીભાઈ ઇંદોર વગેરે વિભાગવાર પ્રતિનિધિ તરીકે તેમજ રાંચી, સંબલપુર, બાલાસર, દ. ભારત હૈદ્રાબાદ વિભાગ વગેરે વિભાગવાર પ્રતિનિધિ ભાઇઓએ સંઘના આદેશને માન આપી સંઘની છત્રછાયા હેઠળ છૂટાછેડાની બદીને ડામવા માટે યુવાન મિત્રો અને મહિલા વિભાગમાંથી બહેનો જાગૃત બને તેવા પ્રયત્નો કરવા સક્રીય બનવાનું વિચારવામાં આવ્યું. અને શ્રીમતાઇના આડંબર હેઠળ માતાપિતાનાં કારણોથી પણ યુવકો છૂટાછેડા કરવા પ્રેરાય છે. તે સામે પોતપોતાના વિભાગમાં લાલબત્તી ધરવાનું નૈતિકબળ ઉભું કરવાની સૌની જવાબદારી પણ સમજવાની જરૂર અંગે પ્રકાશ પાડવામાં આવ્યો.

ઉપરાંત પ્રતિ વર્ષે લગ્ન પ્રથાનો અમલ કરવાનું વિચારવામાં આવ્યું. એટલું જ નહિ પણ સંજોગોવશાત આ રીવાજને આપણે જડ ન બનાવતાં યોગ્ય કિસ્સાઓમાં સમાજની મંજુરીથી ગમે તે વર્ષે છૂટછાટ આપવાની પ્રવાહીતા પણ રીવાજમાં હોવી જોઇએ. તેમજ ખર્ચમાં કાપ મૂકવા માટે અને સંજોગોને આધીન ગોકુળીયાં લગનની છૂટ આપવાના વિચારોની રજુઆત પણ કરવામાં આવી. આ રીતે સામાજિક રીવાજો અને બદીઓની બાબતમાં સજાગ રહેવાના વિચારોનું ઘણું ઘણું પ્રદાન કરવામાં આવ્યું.

ત્યારબાદ સાગર નિવાસી યુવાન ભાઈશ્રી દેવજીભાઈ રાંમજીભાઇના અકાળ અવસાન બદલ એક મિનિટ મૌન પાળવાનો આદેશ સંઘના ઉપપ્રમુખ શ્રી કરશનભાઇ માવજીભાઇ દ્વારા મૂકવામાં આવતાં સ્વર્ગસ્થના આત્માની શાંતિ અર્થે મૌન પાળી પ્રભુ સ્મરણ કરવામાં આવ્યું.

બીજા દિવસે બપોર પછી શરૂઆતમાંજ યુવકસંઘના ખજાનચી શ્રી દેવજીભાઇ વાલજીભાઇ પટેલે સંઘના હિસાબની રજૂઆત કરી બેલેન્સ અંગેનો ખ્યાલ આપ્યો

ત્યારબાદ સંઘે સનાતન ધર્મનો પ્રચાર કરવો જોઇએ. એ મુદ્દા પર કેટલાક સલાહકાર મુરબ્બીઓ તેમજ યુવક મિત્રોએ ભારપૂર્વક ચર્ચામાં ભાગ લીધો હતો. ખાસ કરીને શ્રી દેવજીભાઈ વાલજીભાઇ પટેલ–કલકત્તા, શ્રી કરશનભાઇ માવજીભાઇ નાગપુર, શ્રી લાલજીભાઇ ભાણજીભાઇ પટેલ–પુના, શ્રી કરસનભાઇ પરબતભાઈ પટેલ આસનસોલ, શ્રી માવજીભાઇ પેથાભાઇ પોકાર–મુંબઇ, શ્રી વિશ્રામભાઇ નથ્થુભાઈ પટેલ–અણીઓરકંપા (ગુજરાત), શ્રી રામજીભાઈ શામજીભાઇ પટેલ–જબલપુર, શ્રી માવજીભાઈ ધનજીભાઇ પટેલ–મુંબઇ, મહામંત્રીશ્રી અખઇભાઈ વાલજીભાઇએ ભાણજીભાઇ રાંમજીભાઇ પારસીયા-અંગીયાવાળા તરફથી આવેલ પત્રનું કરેલું વાંચન શ્રી કરશનભાઇ કે. પટેલ લક્ષ્મીપુરાકંપા, સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ લખમશી-ભાઇ પટેલ–કલકત્તા, શ્રી પચાણભાઇ શીવજીભાઈ પટેલ–નાગપુર, પ્રિન્સિપાલ રતિલાલ એલ. પટેલ–બોરડીટીંબા (ગુજરાત) સાવિત્રીબેન વેલાણી–ધનસુરા, શ્રી વિસનજીભાઈ રાંમજીભાઈ–ઇંદોર, શ્રી જશરાજભાઇ જીવરાજભાઈ–રાયપુર, શ્રી સામજીભાઇ શીવજીભાઇ–હડમતિયાકંપા, શ્રી સામજીભાઈ એસ. પટેલ-હરિપુરાકંપા (ગુજરાત), વગેરે મુરબ્બીઓ તેમજ યુવક મિત્રોએ, હિન્દુત્વને છાજે તેવાં અને હિંદુ સંસ્કૃતિને લગતા આચાર વિચારોની આવશ્યકતા પર નીચે દર્શાવ્યા મુજબ સવિશેષ ભાર મૂકયો હતો.

શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના આચાર વિચારો સુધારવા માટે અમુક

સ્થાપિત હિતોની લોભામણી ચાલમાં એક વખત ઘૂસી ગયા પછી તેમાંનો ઘણો ખરો ભાગ સમજીને છુટો પડી હિંદુ સંસ્કૃતિ મુજબ આચાર વિચારો ધરાવતો થયો છે પણ હજુ કચ્છ તેમજ ગુજરાતમાં અમુક અંશે આપણે જૂની ઘરેડમાંથી મુકિત મેળવી શકયા નથી તે અંગે કેટલાક વિચારોનો વિનિમય કરવામાં આવ્યો.

કચ્છમાં કેટલાક ગામોમાં મોટા ભાગે અમુક સંખ્યામાં વૃધ્ધ વડીલજનોને બાદ કરતાં હિન્દુત્વનાં આચરણો પર ભાર મૂકાય છે.

આપણા આચાર વિચારોની શુધ્ધિમાં સુધારો લાવવા માટે પ. પૂ. શાસ્ત્રીજી ની શિબિરોનું આયોજન કરીને પણ સુંદર પરિણામ મેળવી શકાય તેવા વિચારો પણ રજૂ કરવામાં આવ્યા.

આપણો સમાજ વિવિધ સંપ્રદાયો સ્વામીનારાયણ, કબીરપંથ, આર્યસમાજ વગેરેમાં વહેંચાયેલો છે પણ આ બધા સંપ્રદાયો હિંદુ સંસ્કૃતિનાં આચરણો ધરાવે છે પણ હિંદુત્વથી પર આચરણો જે જે સંપ્રદાયોમાં હોય તેમાં સુધારો લાવવાની જરૂર છે. આ અંગે બુદ્ધિ પૂર્વક વિચારોને કસીને; વૈચારિક ઐકય ઇચ્છતા સૌ યુવક મિત્રો એકત્ર થઈ મુકત મને જે જે વિચારો રજુ કરે તેમાંથી સારાં નરસાં ની તારવણી કરી શકાય. જેના પરિણામે સનાતન સત્ય શું છે તેનો માર્ગ કાઢી શકાય.

વર્ષો પહેલાંના ભૂતકાળમાં મુસલમાનોના આગમન સમયે સ્વાર્થ અને દયા એમ બે પ્રકારે વૃત્તિ અને લાગણીને વશ થઈ આપણે સતપંથ સંપ્રદાય ને આમંત્રણ આપી આપણા દુર્ભાગ્યે આ ભૂમિ પર ન શોભે એવાં આચરણો દ્વારા ઉછીનો લીધો છે. તો તેવાં આચરણોનું શુધ્ધિકરણ થવું જોઇએ જોકે આ માટે યુવાનવર્ગ આપણી કમાણી નો ભાગ દશોંદ રૂપે ન જવા દેતાં આપણા સામાજિક વિકાસ માટે ખર્ચાવો જોઇએ તેમ માનતો થયો છે તે માટે ના પ્રયાસો ચાલુ છે આ રીતે અંધશ્રધ્ધા થી આપણી પરસેવાની સંપત્તિનો થતો દુરુપયોગ અટકાવવા અને કન્યા કેળવણી તેમજ અન્ય સન્માર્ગે તેનો ઉપયોગ કરવા યુવાશક્તિ જાગૃત બની વિચારશે તો તે આવકારદાયક પગલું ગણાશે.

આ રીતે ધર્મ જળવાય પણ દુષિત આચાર વિચારો ને દૂર કરવા સામાજિક એકતા સાધવા સમગ્ર સમાજની યુવાશક્તિએ સંઘના પાયાના સિધ્ધાંતો સાથે સંઘના આદેશ મુજબ કામ કરવું જરૂરી છે.

સમયનાં બદલાતાં જતાં વહેણ સાથે આપણે ક્રમે ક્રમે આપણા પોશાકમાં ફેરફાર કર્યા છે. બહેનોએ પણ દેશકાળને અનુસરીને દાગીનાઓમાં પણ જે સમયે જે વસ્તુ આપણ ને ગમતી ગઇ તેમાં ઉચિત ફેરફાર કર્યા છે. વળી આપણાં દેવ દેવીઓનાં નામ આપણે સ્વીકાર્યા છે તેથી આપણાં બાળકોનાં નામ પણ એ રીતે આપીએ છીએ. પણ હજુ સુધી પીરાણા સંપ્રદાય માં દેવ દેવીઓના નામ પરથી આ રીતે બાળકોનાં નામ આપણે અપનાવ્યાં નથી કારણ કે આપણે અંતરાત્મા થી તે સ્વીકારતા નથી તો જેના આપણે અંતરાત્માથી સ્વીકાર કરતા નથી તેવા ભૂલ ભૂલામણીમાં પડેલા પીરાણા સંપ્રદાયમાંથી બહાર આવવા જ્ઞાન અને શક્તિ નો સદ ઉપયોગ કરવા યુવાશક્તિ વિચારે તોજ તે યોગ્ય પગલું ગણાશે.

મુસલમાન ધર્મની જેમ દફનક્રિયાને બદલે બીજી પ્રજાઓ જો દફનક્રિયા કરતી હોય તો આજે શું પરિસ્થિતિ હોય તેનો પણ વિચાર કરવો જરૂરી છે અગ્નિ સંસ્કાર એ પંચમહાભૂતોને છૂટાં પાડવાનું કામ કરે છે હિંદુસંસ્કૃતિ માટે એજ શોભાસ્પદ છે પણ અંધશ્રધ્ધાથી જ દફનક્રિયાને આપણે વળગી રહીએ તો અન્ય હિંદુસમાજોની દૃષ્ટિએ આપણું એ લાંછન જ ગણાય અને એ લાંછન દૂર કરવું જ જોઇએ

તો આચાર વિચારો ની એકતા માટે સમગ્ર સમાજ ની યુવાશક્તિ ને એકત્રિત કરવા એક બીજાની મુશ્કેલીઓ સમજીને માર્ગ કાઢવો જોઇએ.

ૐ નમઃ શીવાય

ત્રીજો દિવસ

તૃતીય સભાના બીજા દિવસે સાંપ્રદાયિક બાબતો અંગે અનેક વિદ્વાન વકતાઓ એ આપણા સમાજનાં સાંપ્રદાયિક રીતે આચરવામાં આવતાં ભિન્નભિન્ન આચરણો પર ઠીક ઠીક પ્રકાશ પાડયો હતો.

આજે ત્રીજા દિવસે પણ ભિન્ન ભિન્ન સંપ્રદાયો અંગે નીચે મુજબ ભાઈબહેનો શ્રીમતિ પુષ્પાબેન ધનજીભાઇ પટેલ મુંબઇ સાવિત્રીબેન વેલાણી ધનસુરા, શ્રી નારણભાઈ વાલજીભાઈ પટેલ વલસાડ, શ્રી વિસનજીભાઇ રામજીભાઇ પટેલ ઇંદોર વગેરે એ પોતપોતાના વિચારો રજુ કર્યા હતા.

સતપંથ ધર્મનાં આચરણો–દેવ દેવીઓની પૂજા બાબતમાં, લહાણુ પ્રથા વગેરે અંગે વિચારો મુકતપણે રજુ થયા.

ગુણાતીત જ્યોતની વિદ્યાનગર ખાતે શરૂઆત થયેલી છે, જેમાં યુવાન બહેનોને સાધ્વી તરીકે અપનાવવામાં આવે છે. તે વિશે માન્યતા એવી હતી કે આ પંથ સ્વામીનારાયણ સંપ્રદાયનો જ એક ભાગ છે. પરંતુ સ્વામીનારાયણ સંપ્રદાય પાળતા સંઘના પ્રતિનિધિ ભાઈઓએ આ અંગે જે વિચારો રજુ કર્યા તે આ પ્રમાણે છે.

"સ્વામીનારાયણ સંપ્રદાય એ રસાસ્વાદ ઉપર રચાયેલો સપ્રદાય નથી, એ તો આત્માની ઉન્નતિ માટેનો જ સંપ્રદાય છે." વિદ્યાનગરમાં સ્વામીનારાયણ ધર્મના નામે જે કંઇ ચાલે છે તેને સ્વામીનારાયણ ધર્મ સાથે કંઇજ લેવા દેવા નથી. સ્વામીનારાયણ સંપ્રદાયના કડક નિયમો ન પળી શકનારનો વાડો વિદ્યાનગર ખાતે ઉભો કરવામાં આવ્યો હોય તેમ હોય તો તેમાં આપણી જ્ઞાતિનાં કોઇપણ ભાઇ-બહેનો સંડોવાય નહિ તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો.

બીજું અવાર નવાર ચર્ચાના ચોગાનમાં અટવાતા છૂટાછેડાના નિરાકરણના પ્રશ્નો આજે પણ ચર્ચાની એરણ પર મૂકવામાં આવ્યા હતા જેના મુખ્ય મુદ્દા આ પ્રમાણે છે.

—"છૂટાછેડા" ના વિષય પર નિબંધ હરિફાઇ યોજવી જોઇએ.

—ગેરવ્યાજબી કારણોસર છૂટાછેડા લેનાર યુવકો સાથે ફરીથી કુંવારી કન્યાનું સગપણ કે લગ્ન જ ન કરવા દેવું જોઇએ.

—બાળકોનો વિચાર કર્યા વગર સામ સામાં વડીલોને જોઇને જ સગપણ કરવામાં આવે છે તે વ્યાજબી નથી.

ઉપરોકત વિચારોની રજુઆત શ્રી વાડીભાઈ કે. પટેલ-ધનસુરા (ગુજરાત) શ્રી ગંગારામ એચ. પટેલ—ન્યુ દિલ્હી, શ્રી અખેરાજ પ્રેમજીભાઇ પટેલ-કલકત્તા શ્રી ભાણજીભાઇ હરજીભાઇ પટેલ-જબલપુર વગેરે ભાઇઓએ કરી હતી.

આમ ભારત ભરમાં વિશાળ વિસ્તારમાં પથરાયેલા સમાજના અનેક પ્રશ્નોના તલસ્પર્શી અને ત્વરિત ઉકેલ માટે સંઘના મહામંત્રી શ્રી અખઇભાઈ પી. પટેલે સંઘનો કાર્યબોઝ હળવો થાય તે રીતે રાજ્યવાર ઝોન પાડી સંઘને કેન્દ્રસ્થ સત્તા બનાવી સત્તાનું વિકેન્દ્રિકરણ કરવામાં આવે તો વહીવટી સરળતા ઊભી કરવાના મુદ્દાની રજુઆત કરી હતી.

આ સિવાય છેલ્લાં બે પાંચ વર્ષથી બીજું એક દુષણ આપણા સમાજમાં ઘર કરતુ જાય છે અને તે છે દલાલો ધ્વારા કચ્છમાંથી ઉત્તર ગુજરાત

તરફ આવતી ગરીબ કુટુંબોની દીકરીઓ. આ અંગે બીજો એક મત એવો પણ પ્રવર્તે છે કે સમાજમાં છાપ ના નામે ઓળખાતા કહેવાતા કલંક વાળી દીકરીઓને સમાજમાં કોઇ અપનાવવા તૈયાર નથી તેથી ના છૂટકે ગરીબ માબાપો તેમજ આવી દૂષણો તેમજ ખોડખાંપણ વાળી બહેન દીકરીઓ નાં મા બાપ ઉત્તર ગુજરાત તરફ કડવા પાટીદાર સમાજમાં જ તેઓની દીકરીઓ આપેછે છતાં કેટલીક શંકા કુશંકા ઓ એવી પણ થતી હોય છે કે પાટીદાર સિવાય અન્ય કોમોમાં પણ દલાલોની સ્વાર્થવૃત્તિના પરિણામે આવી બહેનોનાં વેચાણ થાયછે જો આ હકીકત સત્ય હોય તો સમાજ માટે એ કલંકરૂપ છે અને તે કલંકને મિટાવવા માટે સમાજે સક્રીય બનવા વિચારવું જોઈએ. એટલું જ નહિ પણ લોહીનો વેપાર કરનાર એ દલાલો ને ઉઘાડા પાડવા જોઇએ.

આ અંગેનાં મંતવ્યો એવા પ્રકારનાં પણ હતાં કે આર્થિક રીતે અગવડ અનુભવતાં કુટુંબોની જ દીકરીઓ આ રીતે સમાજ ના ગોળ બહાર જતી હોય તો લગ્ન વિષયક ખર્ચની જોગવાઇનો પ્રશ્ન પણ નડતર રૂપ નથી બનતો કારણ કે સમૂહ લગ્ન ની પ્રથાથીકે આર્યસમાજ પધ્ધત્તિથી ઓછામાં ઓછા અગર વિના ખર્ચે પણ લગ્ન કરાવી શકાય છે. ઉપરાંત આર્થિક દૃષ્ટિએ શક્તિશાળી ભાઇઓને ત્યાં લગ્ન પ્રસંગ હોય ત્યારે ગરીબ કુટુંબોમાં લગ્ન પ્રસંગ ઉજવવો હોય તો ઓછામાં ઓછા ખર્ચે પણ વિશાળ દિલવાળા પૈસા વાળા ભાઇઓ પણ આ પ્રશ્ન હલ કરી શકે છે. પરંતુ હકીકતમાં એક બાજુ છોકરાઓનાં શિક્ષણનું પ્રમાણ વધતું જાયછે. ત્યાં સુધી છોકરા પક્ષવાળા સગપણ કે લગ્નની ઉતાવળમાં પડતા નથી પણ કન્યા શિક્ષણનું પ્રમાણ ઓછું હોઇ અમુક ઉંમરની છોકરીઓનાં સગપણ વહેલી તકે કરી જલ્દીથી પરણાવી દેવાના પ્રયત્નો થાયછે. પરિણામે કેટલાક કિસ્સાઓમાં શિક્ષણના સ્તરનો પ્રશ્ન તો કેટલાકમાં આર્થિક સધ્ધરતાનો તેમજ અપંગ પણા તેમજ છાપ જેવાં દુષણોનાં કારણોથી પણ સમાજમાં જ્યારે કોઇ આવી બહેનોને અપનાવવા તૈયાર ન હોય ત્યારે અન્ય સમાજોમાં તેનો વિક્રય થતો સાંભળવા મળે છે.

આ પ્રશ્નોની ચર્ચામાં મુખ્યત્વે શ્રી માવજીભાઇ ધનજીભાઇ મુંબઇ, શ્રી દામજીભાઇ દેવસીભાઇ મુંબઇ, શ્રી દેવજીભાઇ વાલજીભાઇ કલકત્તા શ્રી પ્રેમજીભાઇ અખઇભાઇ ધનસુરા, પ્રિન્સીપાલ શ્રી રતિલાલ એસ. પટેલ ઓરડીટીંબા (ગુજરાત) શ્રી પચાણભાઇ શીવજીભાઈ નાગપુર શ્રી રતિલાલ કે. પટેલ લક્ષ્મીપુરાકંપા (ગુજરાત) શ્રી કરશનભાઈ વી. પટેલ ન્યુદિલ્હી શ્રી વિશ્રામભાઇ નથુભાઇ અણીયોરકંપા (ગુજરાત) વગેરે ભાઇઓએ ભાગ લીધો હતો.

ઉપરાંત મેરેજ બ્યુરોની પધ્ધત્તિથી સમિતિની રચના કરીને તે દ્વારા સમાજનાં અવિવાહીત છોકરા છોકરીઓ અંગે સંપૂર્ણ માહિતી મેળવવા ફોર્મ તૈયાર કરી તે એકત્ર કરી (ફોટાઓ સહિત) ત્યાર બાદ તેના ઉપરથી પસંદગી કરી સંબંધો જોડી શકવાનો પ્રસ્તાવ પણ મુરબ્બી શ્રી માવજીભાઇ પેથાભાઇ પોકાર દ્વારા મૂકવામાં આવ્યો હતો આ રીતે સતત બે અઢી દિવસ સામાજિક રીવાજો. દૂષણો તેમજ ઉપાયો વિશે સમાજની પ્રગતિ માટે શુભચિહ્નરૂપ ગણી શકાય તેવા અનેક વિષયોની અનેક વિદ્વાન વકતાઓએ બુધ્ધિગમ્ય રીતે એક બીજાના

વિચારોની આપલે કરી હતી. ત્યારબાદ છેલ્લે કચ્છની દુષ્કાળની પરિસ્થિતિના કારણે મોટું અધિવેશન યોજવાનું આજ સુધી શકય બન્યું નથી તેથી વચલો માર્ગ કાઢી યુવક સંઘનું બંધારણ પસાર કરવા માટે સમગ્ર દેશભરમાંથી આજ સુધી નોંધાયેલા સભ્યોમાંથી દર દસ સભ્ય દીઠ એક પ્રતિનિધિ પોતાના વિસ્તાર કે ગ્રુપ વતી બંધારણ પસાર કરાવવાની સંમતિ લઇને આવે તો પણ નિયમાનુસાર બંધારણ પસાર કરવાની જોગવાઈ થઇ શકે તેમ છે.

તો આ રીતે આગામી અધિવેશનના આયોજન માટેનું સ્થળ અને સમય હવે નકકી થયા મુજબ રહેશે. પરંતુ અત્રે એ યાદ આપવું જરૂરી છે કે આ રીતે બંધારણ પસાર કરવાના મુદ્દાની ચર્ચાની શરૂઆત કરતાં પહેલાં જ ગુજરાતમાં ખેડબ્રહ્માના એક ભાઇ તરફથી તેમજ દ. ભારતમાં મદ્રાસના ભાઈઓ તરફથી સંઘની આગામી તદર્થ સમિતિની મીટીંગ યોજવા માટેનાં આમંત્રણનો પ્રસ્તાવ આવેલો છે. તો આ આમંત્રણ તેમજ બંધારણ પસાર કરવાના મુદ્દાની અગત્યતાને ધ્યાનમાં લઇ ચોકકસ સ્થળ અને સમય હવે પછીથી નકકી કરવાનું વિચારણા હેઠળ છે.

આ રીતે બધીજ કાર્યવાહીના અંતે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળમાં "વડીલ" ના હુલામણા નામે ઓળખાતા ભાઇશ્રી વિશ્રામભાઇ હંસરાજભાઇએ ત્રણ દિવસમાં કરેલા નિરીક્ષણ પરથી યુવક સંઘના સભ્યો અને વિભાગોની લાક્ષણિક તસ્વીર આપતી તારવણી કરી હતી.

અંતમાં કલકત્તા યુવક મંડળના હાલના પ્રમુખશ્રી અખઇભાઈ વાલજીભાઇ અંગીયાવાળાએ જ્ઞાતિને અનુસરીને ભૂતકાળમાં બનાવેલું ગીત ગાઇ બતાવ્યું હતું. ગીતના શબ્દો આ પ્રમાણે છે.

વૈશાખ, જેઠના ધખતા તાપમાં, એતો ખેતર ખેડવા જાય.
માથાથી પગ સુધી પરસેવો નીતરે; કામ છોડયું ના પોશાય.
ભાઇ જુઓ કણબીની જાત છે કેવી રે મહેનતુ, માગે લો રોટલો ન ખાય.
કડકડતી ટાઢમાં ને મેઘ મુશળધારમાં, વીજ કરે ચમકાર.
મહેનતથી ડરતીના તાપથી પણ ભાગતી, મનમાં ન કલેશ લગાર......ભાઇ જુઓ
વહેલી પ્રભાતે ઉઠીને કણબી; કોશ હંકારવાને જાય.
ચડતા પહોરે રાબડીને ડુંગળી ખાઇને બહુ બહુ ધરાય......ભાઇ જુઓ
સ્વામીની સાથે ઉઠી સોહાગણ ઘંટી ફેરવતી થાય.
દળણું દળીને પછી છાશ વલોવતી, ભેંસોને ગાયો દોવાય......ભાઈ જુઓ
બહુરે મહેનતથી દાણા કાઢીને, ખળવાડથી લાવતી ઘેર.
કાળી મહેનતથી આલમને જીવાડતી; ધન્ય છે કણબીની જાત......ભાઈ જુઓ

ત્યારબાદ બાલાઘાટ નિવાસી શ્રી ઇશ્વરભાઇએ બહેનોને જાગૃત બનવાની અપીલ કરતું કરુણા સભર સ્વરચિત ગીત ગાયું હતું ગીતની પંકિતઓ નીચે મુજબ છે.

" જાગો બહેનો "

રચયિતા : ઇશ્વરલાલ પટેલ
બાલાઘાટ

દોહા – બહેનોની મજબૂરી પર; જે ક્રુરતા આજે હસી રહી,
એ ક્રુરતાને રોવરાવીદયો, એ જોવા માનવતા તડપી રહી;
કહેવી છે એક વાત મને આજે જ્ઞાતિની એ બહેનોને
પહેલાં પોતે જાગો અને પછી સુતેલાને જગાડોને
કહેવી છે એક વાત મને
૧ જે જનનીએ જનમ દીધો છે, એનું દૂધ ન લજાવજો
જે પિતાએ લાડ લડાવ્યાં, એનું હૈયું હરખાવજો
જે જ્ઞાતિમાં જનમ લીધો છે, એનું નામ દીપાવજો
જે ધરતી પર પગ મૂકયો છે; એનો ભાર ઉતારજો
સતીત્વને મર્યાદા, એ બે આભુષણને સાચવજો
સહનશિલતા ધરી હૃદયમાં; મમતાનું બીજ વાવજો
તન-મન ધનથી થવા ન્યોછાવર; કરો આહ્વાન મહિલાઓને.. પહેલાં પોતે...
૨ રણભેરી વાગે છે બહેનો; સમયની સાથે કૂચ કરો
અબળા નથી તમે સબળા છો; એ આવાજ બુલંદ કરો

ત્રાસ ગુજારે તમ પર જેઓ; એને આજ સમજાવી ધ્યો
શકિતનું એક પ્રતિક છો; એ આજે દેખાડી દયો
તાલ મિલાવો સમયની સાથે, ભૂલો જૂના જમાનાને...પહેલાં પોતે...

૩ લલકારે જે સતીત્વને એને સાવિત્રીનું રૂપ દેખાડો,
પડકારે જે મર્યાદાને, સીતાનું એને રૂપ દેખાડો,
લલચાવે જે લક્ષ્મીથી, એને અનસુયાનું રૂપ દેખાડો,
ધુતકારે જે અબળા કહીને, રણચંડીનું રૂપ દેખાડો
ખપ્પર લઇને નિકળો હાથમાં, સળગાવો શૈતાનોને...પહેલાં પોતે...

૪ જાગો બહેનો આજે એક ભાઈ તમને જગાડે છે,
ગૂંજી ઉઠે દસે દિશાઓ; એવો શંખ વગાડે છે.
ઉમીયા માતના નેજા હેઠળ, એક થવા બોલાવે છે,
જય ઉમીયા માત.............જય ઉમીયા માત.......
હાથ લંબાવે યુવકસંઘ છે, એને રાખડી બાંધોને...પહેલાં પોતે...

છેલ્લે જનગણમન... રાષ્ટ્રગીત ગાયા પછી સૌ વિખરાયા હતા.

સમુહ મિલન

બપોર બાદ જબલપુર નિવાસી આબાલવૃધ્ધ ભાઈબહેનો સહિત મિલન સમારંભ યોજવામાં આવ્યો હતો. સમારંભના પ્રમુખ સ્થાને પૂના નિવાસી લાલજીભાઇ ભાણજીભાઈ પટેલ તેમજ અતિથિ વિશેષ તરીકેમાં સ્થાન સર્વ શ્રી વીરજીભાઇ લાલજીભાઇ પટેલ–પ્રમુખ–જબલપુર સમાજ, યુવક સંઘના પ્રમુખશ્રી ખીમજીભાઈ લખમશીભાઈ પટેલ, મહામંત્રી શ્રી અખઇભાઇ પ્રેમજીભાઈ પટેલ તેમજ જબલપુર યુવક મંડળના પ્રમુખ શ્રી મોહનલાલ હરીભાઇએ શોભાવ્યાં હતાં.

સમારંભની શરૂઆતમાંજ સમારંભના પ્રમુખશ્રીના હસ્તે શ્રી નવચેતન પાટીદાર યુવક મંડળ ધ્વારા પહેલાં અપાયેલી જાહેરાત મુજબ એસ. એસ. સી. તેમજ એસ. એસ. સી. પછી અભ્યાસ કરતી જબલપુરની તેર બહેનોને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

ત્યાબાદ જબલપુર યુવક મંડળના પ્રમુખ તેમજ સમાજના સહમંત્રી શ્રી મોહનલાલ હરીભાઇ પટેલે સ્થાનિક સમાજની કારોબારી તેમજ અન્ય સદસ્યોનો પરિચય કરાવ્યો હતો.

પછી જબલપુર સમાજના પ્રમુખ મુરબ્બીશ્રી વીરજીભાઇ લાલજીભાઇએ પોતાના વિચારો રજુ કરતાં યુવક સંઘની કાર્ય પ્રણાલીને બિરદાવતાં ખુશ થઇ પોતે જબલપુર વતી ગૌરવ અનુભવ્યું હતું અને સંઘના કાર્યકરો સમાજના વડીલો નો સાથ લઇ જે કંઈ કાર્યવાહી કરશે તેમાં જરૂર કામીયાબ થશે એવી શ્રધ્ધા વ્યકત કરી હતી. પછીથી જબલપુર નિવાસી વાલજીભાઇ નાનજીભાઇએ સંઘની ત્રણ દિવસની કાર્યવાહીથી પ્રભાવિત થઇ નવચેતન યુવક મંડળના ઘડવૈયાઓને સંઘશકિત ઉભી કરવા બદલ ધન્યવાદ આપતાં જણાવ્યું કે સંઘે કરેલી કાર્યવાહી એ અભૂતપૂર્વ છે. સામાજિક રીતે અત્યાર સુધી આવી કાર્યવાહી કદી થઈ નથી.

ત્યારબાદ મધ્યપ્રદેશ યુવકમંડળ વતીથી જબલપુર નિવાસી ભાઇઓએ મીટીંગનું આયોજન કરી સંઘની સેવા કરી તે બદલ રાયપુર નિવાસી જશરાજભાઈ જે. પટેલ, ઇંદોર નિવાસી દેવસીભાઇ, દલ્લીરાજહરા નિવાસી શ્રી વાલજીભાઈ વગેરેએ જબલપુરના ભાઇઓનો આભાર માન્યો હતો.

નિર્મળાબેન આર. પટેલ (જબલપુર) : કોઇપણ સામાજિક પ્રગતિ સાધવા માટે સ્ત્રીઓનો સહયોગ હોવો જરૂરી છે. સ્ત્રીઓએ પોતાના કર્તવ્ય પ્રત્યે સજાગ બનવાની જરૂર છે. યુવક ભાઇઓએ આ રીતે અમારી શકિતને વેગ આપ્યો છે. એ અમારૂ સદ્નસીબ છે. યોગ્ય શિક્ષણના અભાવે સમાજની પ્રગતિ અવરોધાય છે. શિક્ષણનો અર્થ એવો નથી કે મોટાં મોટાં પુસ્તકો વાંચીને ડીગ્રીઓજ લેવી પણ શિક્ષણને જીવનમાં ઉતારવામાં આવે તોજ તેની સાર્થકતા કહેવાય.

સમાજના નીતિ નિયમોનું પાલન કરવા અને સામાજિક સુધારા કરવા માટે દરેક યુવક ભાઇઓ પોતાની સ્ત્રીઓને સામાજિક કાર્યમાં ભાગ લેતી કરી તેઓને અંધારામાં ન રાખે. વિશ્વાસ છે કે યુવકસંઘ આ રીતે સહયોગ આપીને પણ સામાજિક પ્રગતિનો વેગ જાળવી રાખશે.

ત્યારબાદ શ્રી વસંતભાઇ તેમજ શ્રી જયંતિલાલ વાલજીભાઇએ અનુક્રમે પોતાના વિચારો રજૂ કરતાં જણાવ્યું કે "તમે જે કરવા ધારો છો તેથી નહિ પણ તમો જે કરોછો તેનાથી પણ તમારી પાસે જે વધારે શકિત છે તેનો સર્જનાત્મક માર્ગે ઉપયોગ કરવો જોઇએ.

"વર્તમાન સમયનો અસંતોષ એ બે પેઢી (વડીલ તેમજ યુવાન) વચ્ચેના અંતર ના દોષનું જ કારણ છે. આ અંતર જેટલા અંશે ઘટાડી શકાય તેટલો અસંતોષ ઓછો થાય."

ત્યાર બાદ સાવિત્રીબેન વેલાણી તેમજ શ્રી નાનજીભાઇ કે. પટેલે ધનસુરા કન્યા છાત્રાલયની સંખ્યાની પ્રગતિનો ખ્યાલ આપ્યો હતો. ભણેલી બહેનો ગૃહસ્થ ધર્મમાં પગ મૂકે ત્યારે તેએ.ની જવાબદારી ઘણી બધી વધી જાય છે તેમ જણાવ્યું હતું. પછીથી મોહનભાઇ હરીભાઇ પટેલે સંઘના પ્રતિનિધિ ભાઈબહેનો તેમજ જબલપુરના યુવક મંડળના ભાઇઓનો પરિચય આપીને મધ્યપ્રદેશના ભાઈઓના સહયોગથી; યુવક સંઘે પ્રસંગોચિત ખર્ચ પેટે તૃતીય સભામાં મધ્યપ્રદેશ સિવાય બહારથી જે પ્રતિનિધી ભાઈબહેનોએ હાજરી આપેલી તેઓ પાસેથી ખર્ચની લીધેલી રકમ રૂા. ૨૮૦૧/– આપેલી તે સંઘના ભંડોળ તરીકે પાછી આપવાની જાહેરાત કરી હતી અને સંઘના પ્રમુખશ્રીએ તે બદલ સંઘ વતી આભાર વ્યકત કર્યો હતો અને જબલપુર મીટીંગનાં આયોજનમાં સાથ આપનાર સૌ ભાઇ બહેનોનો સહકાર હંમેશા મળતો રહેશે તેવી અભિલાષા દર્શાવી હતી.

શ્રી હંસરાજભાઈ દાનાભાઇ બલ્હારશા :– સંઘની કાર્યવાહીના આવા પ્રસંગો સમાજ માટે આનંદરૂપ છે. માતાઓ અને બહેનોના સહકારથી લીધેલાં પ્રતિજ્ઞાઓના પાલન વિશે આપણે હંમેશાં જાગૃત રહીએ તેમ ઇચ્છું છું. સમાજનાં દૂષણો દૂર થાય અને અજ્ઞાનરૂપી અંધકારનું વાદળ ખસેડી શકાય એ ભાવનાથી સૌ યુવક ભાઇઓ પધાર્યા છે તે બદલ તેઓને મારા ધન્યવાદ આપું છું.

ત્યારબાદ બાલાઘાટ નિવાસી શ્રી ઇશ્વરભાઇએ બહેનોને જાગૃત કરવા માટેનું ગીત ગાઇ શ્રોતાજનોને મંત્ર મુગ્ધ બનાવી દીધા હતા તેના પુરસ્કાર રૂપે ધનસુરા નિવાસી પટેલ પ્રેમજીભાઇ અખેરામભાઇએ, ઇશ્વર ભાઇને રૂા ૧૦૧/– ઈનામ આપ્યું હતું. જે ઇશ્વરભાઇએ તે રકમ સંઘના ભંડોળ માટે આપી હતી ભાવવાહી ગીત ગાવા બદલ શ્રીમતી પુષ્પાબેન ડી. પટેલે ઇશ્વરભાઇની શકિતઓને બિરદાવી હતી.

શ્રી પચાણભાઈ શીવજીભાઈ નાગપુર :– મીટીંગમાં હાજર રહેનાર સૌને સંઘ શકિતનો ખ્યાલ આવ્યો હશે. આ શકિતને મજબુત બનાવવા માટે કલકત્તામાં સંઘની રચના કરી પૂનાથી બંધારણ ઘડયું. હડમતિયા ખાતે બંધારણનું વાંચન થયુ પણ હવે તેને અમલી બનાવવા વહેલી તકે પસાર કરવું જોઇએ.

આપણા સમાજની યુવાશકિતને ભારતભરમાંથી એકત્ર કરી સન્માર્ગે વાળીને છૂટાછેડા તેમજ પારસ્પરિક મતભેદો જેવા ઘણા સડાઓ સંઘે દૂર કર્યા છે.

છૂટાછેડાનુ દૂષણ દૂર કરવા માતાઓનો ફાળો વિશેષ હોવો જરૂરી છે. કારણ કે આપણી દીકરી એ પારકા ઘરની વહુ બને છે તેમજ પારકા ઘરની દીકરી એ આપણા ઘરની વહુ બને છે પણ માતાઓએ વહુને દીકરી સમાન સમજવાની સમજણ લેવી ખાસ જરૂરી છે.

સામાજિક ધાર્મિક કે કૌટુંબિક ઝઘડા હંમેશાં જીભથી જ થાય છે. કુદરતે જીભમાં હાડકું મૂક્યું નથી પણ કોમળ બનાવી છે તો આવી કોમળ જીભથી કોમળ વાણીનો ઉપયોગ કરો તો જ કુદરતનો ન્યાય જળવાશે. પણ આપણે તો કુદરતના ન્યાય વિરુધ્ધ કોમળ જીભથી કઠોર વાણી બોલીને જ ઝગડા ઉભા કરીએ છીએ તો હંમેશાં ન્યાયી વાણીનોજ વિવેકથી ઉપયોગ કરતાં શીખવું જોઈએ.

કરશનભાઈ માવજીભાઈ નાગપુર :- જબલપુર નિવાસી ભાઈઓએ બે ત્રણ દિવસ દરમિયાન જે પ્રેમથી સરભરા કરી તેમાં ઉધ્ધવની ભક્તિ કરતાં પણ વિશેષ પ્રેમ તેમજ ભાગવતના ગોપી પ્રેમ જેવો પ્રેમ બતાવ્યો હતો અને સંઘની કાર્યવાહી માં આપેલ સહકાર બદલ આભાર માન્યો હતો,

લાલજીભાઇ ભાણજીભાઈ પટેલ પૂના :- આજના સમારંભ પ્રમુખ મુરબ્બી શ્રી લાલજીભાઈએ. અત્યાર સુધીની આપણી પ્રગતિ બદલ માતાઓનો આભાર માન્યો હતો. કારણકે એક માતા સો શિક્ષકોની ગરજ સારે છે. સામાજિક પેઢી સુંદર ત્યારેજ બને જ્યારે ૧ થી ૧૬ વર્ષની ઉંમરમાં માતાએ જ બાળકોમાં સારા સંસ્કારો સિંચ્યા હોય અને ૧૭ થી ૨૫ વર્ષની ઉમર સુધીમાં પિતાએ મિત્રતાના ભાવો કેળવ્યા હોય. આપણે આપણા વડીલોના પૂણ્યથી અને એમના સંસ્કારોથી જ આટલી પ્રગતિ સાધી શકીએ છીએ.

ત્યારબાદ વડીલશ્રીએ સ્વાધ્યાય પ્રવૃતિ પર ભાર મૂકયો હતો. બીજું ઘૂંઘટ પ્રથા એ સ્ત્રીઓના વિકાસ માટે અવરોધક કેમ બને છે તે સમજાવ્યું હતું. યુવક બંધુઓ મર્યાદા જાળવી યુવા પ્રવૃત્તિઓ જાળવી રાખી સામાજિક પ્રગતિ સાધે તેવી અભિલાષા વ્યકત કરી હતી.

અંતમાં જબલપુર યુવક મંડળના પ્રમુખશ્રી મોહનભાઈ હરિભાઇ પટેલે સૌનો આભાર માન્યો હતો.

આમ સતત બે અઢી કલાક સુધી સભાનું સંચાલન ભાઇશ્રી વીરેન્દ્રકુમાર માવજીભાઇ નાકરાણીએ સંભાળ્યું હતું અને ત્રણ દિવસની કાર્યવાહીએ ખરેખર આપણી સામાજિક પ્રગતિના ઇતિહાસનું એક સુવર્ણ પ્રકરણ પૂરૂં પાડયું છે તેની પ્રતીતિ ઉપસ્થિત સૌ ભાઈ બહેનોને થઈ હશેજ એમ માનવું અસ્થાને નથી.

આ રીતે અત્યાર સુધીની સંઘની કાર્યવાહીને કરશનભાઇ વી પટેલ (જાલવાળા) ના શબ્દોમાં દુહા સ્વરૂપે ટૂંકમાં નીચે મુજબ વણી લેતાં ગૌરવ અનુભવીશું.

પૂર્વે દીવો પ્રગટીયો, તેની મેશ પડી પૂના
પ્રગટાવનાર કલકત્તા વસે, એમાં પ્રાણ પુરે ગુજરાત...ભાઇ પ્રાણ પુરે...
નવચેતન તારી ચેતના જાણી, યુવકોએ કમ્મર બાંધી તાણી
નારાયણજીનાં સ્વપ્ન સાકાર કરવા, સનાતન ધર્મ ધરવા.

સમાચાર દર્શન

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ

અમદાવાદ

ગત તા. ૧૫-૯-૭૪ના રોજ અમદાવાદ એરોડ્રામ નજીક સાબરમતી તટે આવેલા મનોરમ્ય સ્થળે ભદ્રેશ્વર મુકામે ઉપરોકત વિદ્યાર્થી મંડળના મોટા ભાગના સભ્યોએ હાજરી આપી પિકનિકનો અનેરો આનંદ માણ્યો હતો. પિકનિક સ્થળે ભોજન સમારંભ ઉપરાંત રમતગમત, ગીતો અને રમૂજી ટૂચકાઓનો કાર્યક્રમ યોજી આખો દિવસ આનંદોલ્લાસથી પસાર કર્યો હતો, સાંજે ૫-૦૦ વાગે મિટિંગ યોજી સભ્યો પાસેથી મંડળની કામગીરી અંગે જરૂરી સલાહ સૂચનો લેવામાં આવ્યાં હતા. ત્યારબાદ સમય પૂરો થતાં સહુએ વિદાય લઇ પોતપોતાના નિવાસ સ્થાનો તરફ પ્રયાણ કર્યું હતું.

મંત્રી : **કાન્તિલાલ આર. પટેલ**
ફાયનલ- બી. એસ. સી.

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત.

જન્માષ્ટમી નિમિત્તે સુરત યુવકમંડળે યોજેલ ભકિત સંગીતનો કાર્યક્રમ.

તા. ૧૧-૮-૭૪ના રોજ અત્રે શ્રી રામવિજય ટીમ્બર માર્ટમાં ભજનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં કડવા પાટીદાર ભાઇઓએ મોટી સંખ્યામાં ભકિત રસનો લહાવો માણ્યો હતો. જય કનૈયા લાલકીના જયનાદો વચ્ચે ભગવાન શ્રી કૃષ્ણના જન્મ વખતે વાતાવરણ ભર્યું ભર્યું લાગતું હતું. ત્યારબાદ પણ રાત્રે ભજન ધૂન ચાલુ રહ્યાં હતાં. ભાઈશ્રી દેવજીભાઇ નાનજીભાઈ તથા સામજીભાઇ માવજીભાઈની ભજન મંડળીએ કાર્યક્રમને ભારે જહેમત ઉઠાવી સફળ બનાવ્યો હતો યુવક મંડળે સૌનો આભાર માન્યા બાદ સૌ વિખૂટા પડયા હતા,

શ્રી કચ્છ કડવા પાટીદાર યુવક મંડળ, સુરત વતી

એમ. વી. પટેલ
મંત્રી

ઈનામ વિતરણ સમારોહ—સાગર (મ. પ્ર.)

શ્રી પટેલ સો મીલના પ્રાંગણમાં તા. ૮–૯–૭૪ના રોજ શ્રી બુધુમલજીના પ્રમુખપદે એક સમારોહનું આયોજન કરવામાં આવ્યુ હતું જેમાં વાર્ષિક પરીક્ષામાં સફળ થયેલ વિદ્યાર્થીઓને ઇનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. સન્ ૧૯૭૪ ની વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૯૪% રહેલ છે.

આ સમારોહમાં "રાષ્ટ્રીયકરણ દેશના હિતમાં છે યા નહીં" તે વિષય પર એક વાદવિવાદ પ્રતિયોગિતા રાખવામાં આવી હતી જેમાં સફળ થયેલ વિદ્યાર્થીઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કર્યા હતા.

પ્રમુખ સ્થાનેથી શ્રીમાન બુધુમલજીએ વિદ્યાર્થીઓ પાસેથી અપેક્ષા કરતાં જણાવ્યું હતું કે હંમેશાં શિક્ષણ ક્ષેત્રે પ્રગતિ સાધતા રહી પોતાના કુળ તેમજ સમાજનું માન વધતું રહે તેવા પ્રયત્નો વિદ્યાર્થીઓએ કરવા જોઈએ. સમાજના મંત્રીશ્રી દેવજીભાઈએ વિદ્યાર્થીઓને સંબોધતાં જણાવ્યું કે સમાજના તેમજ દેશના પાયારૂપી આજનો વિદ્યાર્થી સહાયરૂપ અને તેવી મારી આપ સૌને ભલામણ છે. જેથી ખોટા વિચારોમાં ન અટવાતાં રમત ગમત તેમજ શિક્ષણ ક્ષેત્રમાં પ્રગતિ સાધતા રહો.

અંતમાં યુવક મંડળના પ્રમુખ શ્રી દેવસીભાઈએ સમાજના કાર્યકર્તા ભાઈઓ પ્રત્યે આભાર વ્યકત કર્યો અને ત્યારબાદ પ્રસાદનું વિતરણ કર્યા પછી રાષ્ટ્રગીત ગાઈ સમારંભ સમાપ્ત કરવામાં આવ્યો હતો.

લિ.
પાટીદાર યુવક મંડળ, સાગર
મંત્રી : **મણીલાલ ભાણજીભાઇ પટેલ**

અવસાન

નવાનગર નિવાસી પટેલ નારણભાઇ અખઇભાઇ છ.ભૈયા કચ્છ સાયરાવાળાનાં માતુશ્રી રતનબહેનનું ૭૫ વર્ષની વયે તા. ૨૫–૯–૭૪ના રોજ અવસાન થયું છે.

સ્વ. તેમની પાછળ વિશાળ કુટુંબ પરિવારને વિલાપ કરતું મૂકી ગયાં છે.

પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના

દુઃખદ અવસાન

કચ્છ વિજય સૉ મિલના પાર્ટનર તથા શ્રી પાટીદાર સમાજ સાગર (મ.પ્ર.)ના અગ્રણી શ્રી દેવજીભાઇ રામજીભાઇ રવાણી ગામ ખોંભડી (કચ્છ) નું ૩૮ વર્ષની ભર યુવાન વયે તા. ૨૦–૯–૭૪ના રોજ જીપથી ધંધાર્થે ડેપો પર લીલામના કામે જતાં ટ્રકની ટકકરથી એકસીડેન્ટ થતાં કરૂણ અવસાન થયું છે.

સ્વ. દેવજીભાઇએ સાગર સમાજના મંત્રી પદે સતત ૧૨ વર્ષ રહી સમાજની પ્રગતિ માટે તન, મન, અને ધનથી ખૂબ સેવા કરી તેમજ જ્ઞાતિ ભાઈઓને ધંધામાં આગળ લાવવા આર્થિક દ્રષ્ટિએ સાથ આપ્યો હતો તેમના ઉચ્ચ વિચારો અને પ્રબળ મનોબળથી તેમણે દરેક ક્ષેત્રમાં સફળતા મેળવી હતી. સ્વ. શ્રી પોતાની પાછળ ત્રણ પુત્રો અને ત્રણ પુત્રીઓ તેમજ વિશાળ પરિવાર અને સમસ્ત સમાજને શોક સાગરમાં ડૂબાડી ગયા છે.

આમ સાગર સમાજની પ્રગતિમાં મહત્વનો ફાળો આપનાર એક મહાન વ્યકિત ગુમાવતાં સમાજને જે ખોટ પડી છે તે પૂરી શકાય તેમ નથી. ઇશ્વર સદ્‌ગતના આત્માને શાન્તિ અર્પે એજ અભ્યર્થના.

લિ.

સમસ્ત પરિવાર તથા પાટીદાર સમાજ **સાગર** (મ.પ્ર.)

સત્કાર સમારંભ

આજ રોજ તા. ૨૯–૯–૭૪ના દિવસે વડીલશ્રી રવજીભાઇ ત્રણ માસનો અમેરિકાનો પ્રવાસ કરી આવ્યા તે બદલ તેમને સત્કારવા માટેનો સમારંભ કચ્છ કડવા પાટીદાર સમાજ તરફથી રાખવામાં આવ્યો હતો.

આ સભારંભનું પ્રમુખસ્થાન શ્રી રતિલાલ મેઘજીભાઇએ શોભાવ્યું હતું.

પટેલ છગનભાઇ શીવજીભાઇએ સ્વાગત કર્યા બાદ વડીલશ્રીએ તેમના અમેરિકાના અનુભવોનો ટૂંકમાં ખ્યાલ આપ્યો હતો.

અમેરિકામાં લોકો સમયને ખૂબજ મહત્વ આપે છે. સમય માટે તેઓ ખૂબજ ચોકકસ હોય છે. ત્યાંના ઓફીસર વર્ગથી માંડી પોલીસ વાળા સુધીના માણસો પણ માયાળુ અને વિવેકી હોય છે. તેના એક અનુભવનો દાખલો આપતાં જણાવ્યું કે તેઓ

અમેરિકામાં ફરતાં ફરતાં એક મોટા રોડ પર ભૂલથી જતા રહ્યા તે રોડ પર વાહન સિવાય કોઇ માણુસ જઇ શકે નહિ પોલીસની ગાડી ત્યાંથી પસાર થતી હતી ત્યારે વડીલશ્રી રવજીભાઇને ઇશારાથી પાછા ફરવા જણાવ્યું, પરંતુ અજાણ્યા જોઇ તરતજ પોલીસ ખાતાંની બીજી ગાડી આવી તેમાં બેસાડી પોલીસ સ્ટેશને લઇ ગયા. ત્યાં રતનલાલનું એડ્રેસ આપ્યું તરતજ ટેલીફોનથી ઘેર જાણુ કરી પરંતુ ઘેરથી જવાબ મળ્યો કે ગાડી નથી તો આપ અમારા માણસને મૂકી જાઓ, પછી તરતજ પોલીસના વાહનમાં તેમને ઘેર પહોંચતા કરી દીધા.

બાંજુ અમેરિકામાં ખેડૂતો હેલીકોપ્ટર રાખે છે અને નાનામાં નાનો ખેડૂત એક હજાર એકર જમીન ધરાવે છે. ત્યાં અનાજ મોટે ભાગે સરકાર જ ખરીદી લે છે. ખેડૂતોનું વર્ચસ્વ, માન અને પ્રતિષ્ઠા સારી હોય છે. તેઓનું સંગઠન મજબુત છે અમુક શહેરોમાં ભૂગર્ભ રેલ્વે તથા રોડ પણ બનાવેલા છે.

ત્યારબાદ ઉપર મુજબનો અનુભવવાણી પરથી નીચે મુજબનાં પ્રવચનો થયાં.

અમેરિકાની સરકાર અને લોકો ઘણાજ હોંશિયાર છે. કારણકે આપણો ભારત દેશ તેમજ અન્ય બીજા દેશોમાંથી જે હોંશિયાર વિદ્યાર્થી જેવા કે, એન્જીનીયરો ડોકટરો. વકીલો, ટેકનીશીયનો વગેરેને મોટી મોટી લાલચો થી તે દેશમાં ખેંચાઇ જાય છે. કારણ કે ત્યાં તેઓને પૂર્ણ સગવડો અપાય છે જેથી કોઇ પાછા આવવા ન વિચારે પરંતુ આપણા ભાઇઓ ત્યાંથી સારો અનુભવ મેળવી આપણા દેશમાં આવીને કોઇ ઉદ્યોગો સ્થાપે અને દેશ માટેની પ્રગતિમાં મદદ કરે તો તે ઇચ્છનીય છે.

ડૉ. એન. કે. પટેલ
જગમેરકંપા

અમેરિકાના ખેડૂતોના જેવું સંગઠન આપણા દેશમાં નથી આપણા દેશમાં ખેડૂતો અનાજ પકવે છે. છતાં અનાજનો ભાવ વેપારીઓ જ કરે છે. ખેડૂતો પાસેથી સસ્તા ભાવનું અનાજ ખરીદી મોંઘા ભાવે તે વેચે છે સંગઠન શકિતના અભાવેજ આમ બની શકે.

વડાલી ઓનરરી મેજીસ્ટ્રેટ
રઘુભાઈ મણીભાઇ

અમેરિકા એજ્યુકેશનની દૃષ્ટિએ પણ ખૂબજ આગળ પડતો દેશ છે આપણા દેશમાં પણ એજ્યુકેશનની ખૂબજ જરૂર છે. અને તેમાંય ખાસ કરીને બહેનોમાં એજ્યુકેશન

ખૂબજ ઓછું છે. આપણા દેશની સ્ત્રીઓ ગુલામ જેવી સ્થિતિમાં જીવે છે. એટલે હવે આપણામાં સ્ત્રીઓને પણ સમાન હકક આપવા જોઇએ. અને કેળવણી ક્ષેત્રે આગળ લાવવી જોઇએ.

પ્રમુખશ્રી – **રતિલાલ મેઘજીભાઈ**
લક્ષ્મણપુરાકંપા

મુરબ્બી શ્રી રવજીભાઇનો સત્કાર વિધિ પ્રમુખશ્રી તરફથી કરવામાં આવ્યો હતો. શ્રી છગનભાઇએ પ્રમુખશ્રીને ફુલહારથી સત્કાર્યા હતા.

ત્યારબાદ સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું

સુખદ: સમાધાન

ન્યુ દિલ્હી

ગત તારીખ ૧૪-૯-૭૪ના રોજ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના પ્રમુખ શ્રી ખીમજીભાઇ એલ પટેલ, મહામંત્રી શ્રી અખઇભાઇ પી. પટેલ. સભ્ય શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઈ પટેલ (વડીલ), શ્રી લખમશીભાઈ નાંયાભાઇ પટેલ તેમજ શ્રી જવાહરભાઇ કરશનભાઇ પટેલને જબલપુર તદર્થ સમિતિની તૃતીય સભામાં હાજરી આપવા જતાં ન્યુ દિલ્હીની મુલાકાત લેવાનો શુભ અવસર પ્રાપ્ત થયો.

આપણે જાણીએ છીએ તે મુજબ આપણું યુવક સંઘ યુવાશક્તિને સુસંગઠિત કરવા અને સામાજિક ઐકય સાધવા તેમજ રીતરીવાજોના પાલન માટે તથા રુડાઓને નિવારવાના હેતુઓ પાર પાડવા પોતાના યથાશક્તિ પ્રયત્નોથી ઘટતી કાર્યવાહી કરે છે.

વર્ષોથી વસવાટ કરતા નવી દિલ્હી ખાતેના આપણા સમાજના ભાઇઓમાં પણ કેટલાંક કારણોસર એકબીજા પ્રત્યે મન દુઃખ થતાં એક બીજાની દુભાયેલી લાગણીઓથી વ્યવહારિક સંબંધોમાં વિક્ષેપનું અંતર વધતું જતું હતું. સંજોગો વશાત યુવક સંઘના ભાઇઓને તા. ૧૫-૯-૭૪ ના રોજ પરસ્પરનાં મનદુઃખ દૂર કરવા માટે વ્યવહારૂ ઉકેલ શોધવાનો પ્રયત્ન કરવામાં સફળતા મળી છે અને બંને પક્ષો વચ્ચે સુખદ સમાધાન થઈ ગયું છે.

આશા રાખીએ કે હાલના તબકકે જે સુખદ સમાધાન થયું છે. તે ચિરકાળ ટકી રહે ને યુવકસંઘને પણ પરમકૃપાળુ પરમાત્મા જ્યાં જ્યાં સામાજિક એકતામાં

અવરોધ ઉભો થયેલો હોય તેનો ઉકેલ લાવી આપવાનો યશ મળતો રહે. એજ અભ્યર્થના.

નવા નોંધાયેલા આજીવન સભ્યોઃ–

(૧) પટેલ બ્રધર્સ C/o સવગણભાઈ રામજીભાઈ પટેલ ઉજ્જૈન
(૨) એચ. એચ. પટેલ નખત્રાણા
(૩) કાન્તિલાલ કરશનભાઈ પટેલ ખેડબ્રહ્મા
(૪) સ્વસ્તિક ટીમ્બર માર્ટ C/o શીવજીભાઇ વાલજીભાઇ પટેલ રાજનાંદગાંવ
(૫) મગનલાલ રામજીભાઇ પટેલ જબલપુર
(૬) બલ્હારશાહ ટીમ્બર ટ્રેડીંગ કું. નાગપુર
(૭) અંબીકા સો મીલ ,,
(૮) શ્રી વાલજી દેવજી પટેલ ,,
(૯) ગોપાલ ડાહ્યા એન્ડ સન્સ ,,
(૧૦) અન્નપૂર્ણા ટીમ્બર કંપની ,,
(૧૧) જેઠા અરજણ પટેલ એન્ડ કું ,,

શ્રી કચ્છી કડવા પાટીદાર સમાજ, નાગપુર.

ગત તારીખ ૨૪ અને ૨૫મી સપ્ટેમ્બરના રોજ નાગપુર ખાતે અનુક્રમે સ. પ. ટી. માર્કેટ અને બગડગંજ વિસ્તારમાં બને દિવસ રાત્રે જબલપુર યુવક સંઘની તર્દથ સમિતિની તૃતીય સભામાં થયેલ ચર્ચા વિચારણાઓની માહિતીની જાણકારી મેળવવા માટે બંને વિભાગના યુવકમિત્રો અને વડીલોની હ જરીમાં મીટીંગનું આયોજન કરવામાં આવ્યું. હતું.

પ્રથમ દિવસે બહારથી પધારેલા પ્રતિનિધિ ભાઈઓનો પરિચય વિધિ શ્રી કરશનભાઇ માવજીભાઈએ તેમજ બીજા દિવસે બગડગંજ, યુવક મંડળના મંત્રીશ્રી રતનશીભાઇ દેવસીભાઈએ કરાવ્યો હતો.

જબલપુરની મીટીંગની કાર્યવાહીને સ્પર્શતાં દરેક પાસાંઓનો ખ્યાલ શ્રી કરશનભાઇ એમ. પટેલ–નાગપુર, ગૃહમાતા સાવિત્રીબેન સી. વેલાણી કન્યા છાત્રાલય ધનસુરા, શ્રી અખઇભાઈ પ્રેમજીભાઈ મહામંત્રી (યુ. સંઘ) કલકત્તા, મુરબ્બી શ્રી પચાણભાઈ શીવજીભાઈ–નાગપુર, શ્રી દામજીભાઈ દેવસીભાઈ–મુંબઇ, શ્રી ગંગારામ હીરાલાલ ન્યુ દિલ્હી શ્રી નારણભાઇ લાલજીભાઈ મુંબઈ શ્રી શામજીભાઈ શીવજી

ભાઇ હડમતિયાકંપા, શ્રી કાન્તિલાલ કે. પટેલ ધનસુરા શ્રી વાડીભાઈ કે. પટેલ ધનસુરા, શ્રી જીવરાજભાઈ રામજીભાઈ–નાગપુર મુરબ્બી શ્રી હંસરાજભાઈ દાના ભાઈ–બલ્લારશા, શ્રી માવજીભાઈ પેથાભાઇ પોકાર મુંબઇ શ્રી ધનજીભાઈ પ્રેમજી ભાઈ–મુંબઈ, શ્રી કરશનભાઈ વી. પટેલ–ન્યુ દિલ્હી, શ્રીમતી પુષ્પાબેન ડી. પટેલ મુંબઇ, શ્રી વિશ્રામભાઈ હંસરાજભાઈ વડીલ–કલકત્તા પ્રમુખ શ્રી રામજીભાઈ નારણભાઈ–નાગપુર વગેરે વકતાઓએ આપ્યો હતો.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવક સંઘના નેજા નીચે દેશભરનાં યુવક મંડળો નવજાગૃત કરવા તેમજ સામાજિક સડાંઓ સામે લાલબત્તી ધરવા અને મહિલાઓને આગળ આવવા માટેનો ધોરીમાર્ગ આપણે ઊભો કરી શકયા છીએ તેમ કહેવામાં કદાચ અતિશયોકિત નથી.

સામાન્ય રીતે હાલના સંજોગોમાં કયાંક કયાંક દારૂ, જુગાર, છૂટાછેડા ઉત્તર ગુજરાત તરફ થતો આપણા સમાજની કન્યાઓનો વિક્રય અને સાંપ્રદાયિક અંધશ્રધ્ધાઓથી જુદા પડતા આચાર–વિચારો વગેરે સડાઓના પ્રશ્નો સામે સંઘે પોતાની શકિતનો સદ્ઉપયોગ કરી સામાજિક પ્રગતિ સાધવાનો માર્ગ મોકળો કરવાની વિશાળ જવાબદારી અદા કરવાની રહે છે. તેવું સ્પષ્ટ ચિત્ર પ્રસંગોચિત પ્રવચનોમાં ખડું થયું હતું.

આ બધા સડાઓ સામે ઝૂઝમવા અને સામાજિક રીવાજોમાં ઐકય લાવવા તેમજ શૈક્ષણિક ક્ષેત્રે પ્રગતિ સાધવા સંઘ પોતાનાથી બનતું બધુજ કરવા હંમેશાં આપણા વડીલજન સમાજનું પીઠબળ બની રહેશે. તો સમગ્ર દેશની આપણા સમાજની યુવાશકિતએ સંઘના આદેશને સક્રિય પણે ઝીલી લેવાની તૈયારી પણ બતાવવાની રહેશે તે પણ આપણા સમાજના સૌ કોઇ યુવાને ભૂલી જવાની જરૂર નથી.

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ તલોદ

અહેવાલ :—

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ તલોદની એક મીટીંગ તા. ૩–૯–૭૪ ના રોજ શ્રી ક. ક. પા. સમાજવાડીમાં મળી હતી જેમાં નીચેના ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા

૧ બુક બેંકનું ભંડોળ તાત્કાલિક એકઠું કરી જેમ બને તેમ જલ્દીથી 'બુકબેંક' ઊભી કરવી.

ટૂંક સમયમાંજ પીકનીક ગોઠવવી.

અમોએ 'બુક બેંકનુ' ભંડોળ એકઠું કરવાનો શુભારંભ સાયન્સ કોલેજ તલોદ ના પ્રિન્સિપાલ શ્રી આર. એલ. પટેલ સાહેબ પાસેથી કરેલ હતો તથા અમોને તલોદ સ્થાનિકમાંથી આશરે ૭૦૦ રૂા. ની સહાય મળી હતી તથા હિંમતનગર માંથી ૪૦૦ રૂા., વડાગામ માંથી ૧૭૫ રૂા. તથા દોલપુરકંપામાંથી ૧૬૫ રૂા. ની સહાય મળી છે. આમ અમોને આપણી જ્ઞાતિના વડીલ દાતાઓ તરફથી લગભગ ૨૦૦૦ રૂા. જેટલી સહાય મળી છે. અમો આ પૂજ્ય વડીલોના ખૂબજ ઋણી છીએ કે જેમણે આવી વિકટ પરિસ્થિતિમાં પણ આર્થિક સહાય કરી અમારી 'બુકબેંકની યોજનાને પ્રોત્સાહન આપ્યું છે. આ બુક બેંકને સધ્ધર બનાવવા અમારો લક્ષ્યાંક લગભગ ૬૦૦૦ રૂા. નો છે આ માટે અમો રજાઓ દરમિયાન અમારા લક્ષ્યાંકને પહોંચવા પ્રયત્ન કરીશું અને અમને આશા છે જ કે અમે જ્યાં જઇશું ત્યાં અમને દરેક જગ્યાએથી સહાય મળશેજ.

ત્યારબાદ આ મંડળની બીજી મીટીંગ તા. ૧૭-૯-૭૪ના રોજ શ્રી ક. ક. પા. સમાજવાડીમાં મળી હતી. આ મીટીંગમાં દરેક સભ્યો પાસેથી ચાલુ વર્ષ માટે અભ્યાસને લગતી ખૂટતી ચોપડીઓ મેળવવા માટે ચોપડીઓના લીસ્ટને આવરી લેતાં અરજી પત્રકો સ્વીકારવામાં આવ્યાં હતાં તથા તા. ૧૯-૯-૭૪ના રોજ ગલતેશ્વર (પ્રાંતિજ) ખાતે પીકનીક યોજવામાં આવી હતી. આ પીકનીકમાં મંડળના તમામ સભ્યો હાજર રહ્યા હતા.

આ મંડળે તા. ૨૭-૯-૭૪ના રોજ પટેલ લાલજીભાઇ એસ. ના પ્રમુખપદ હેઠળ 'બુકબેંક ના ઉદ્દઘાટન' નો સમારંભ યોજવામાં આવ્યો હતો આ પ્રસંગે અતિથિવિશેષ તરીકેનું સ્થાન મુળજીભાઈ કે. પટેલે શોભાવ્યું હતું. સમારંભની શરૂઆત બહેનોએ પ્રાર્થનાથી કરી હતી ત્યારબાદ મંત્રીશ્રી ભાઇલાલભાઇ એમ. પટેલે મંડળનો અહેવાલ વાંચી સંભળાવ્યો હતો. આ પ્રસંગે પ્રાસંગિક પ્રવચનો પ્રિ. આર. એલ. પટેલ, અતિથિવિશેષ તરીકે પધારેલ શ્રી મુળજીભાઇ કે. પટેલ, સમારંભના પ્રમુખ શ્રી લાલજીભાઇ એસ. પટેલ, મુરબ્બીશ્રી વાલજીભાઇ પટેલ, મંડળના પ્રમુખશ્રી તુલસી જી. પટેલ, સહમંત્રીશ્રી પ્રમોદકુમાર ટી. પટેલ, ઉપપ્રમુખ શ્રી નટવરલાલ જે. પટેલ, કસ્તુરીબેન આર. પટેલ, નરેન્દ્ર વી. પટેલ અને જયંતિલાલ આર. પટેલે કર્યાં હતાં.

મંડળના પ્રમુખશ્રી ટી. જી. પટેલે આ 'બુકબેંક' નું સંચાલન શ્રી ક. ક. પા. યુવક મંડળ તલોદને સ્વીકારવા દરખાસ્ત મૂકી હતી. જે દરખાસ્ત યુવક મંડળ વતી શ્રી મુળજીભાઈ કે. પટેલે સહર્ષ વધાવી લીધી હતી.

છેલ્લે મંડળના સહમંત્રી શ્રી પ્રમોદકુમાર ટી. પટેલે આભાર વિધિ કરી હતી અંતે અલ્પાહાર લઇ સૌ છૂટાં પડયા હતા.

લિ.
શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વતી
મંત્રી
શ્રી ભાઈલાલ એમ. પટેલ (S.Y.B.Com)

શ્રી કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ, વલ્લભવિદ્યાનગર

ઉપરોકત મંડળની સને ૧૯૭૪-૭૫ના વર્ષની પ્રથમ સામાન્ય સભા તા. ૧૮-૮-૭૪ને રવિવારના રોજ શ્રી બાબુભાઇ એચ. પટેલના પ્રમુખસ્થાને વિદ્યાનગર મુકામે ભરવામાં આવી હતી.

સભાની શરૂઆતમાં ભુતપૂર્વ સેક્રેટરી શ્રી મોહનભાઇ જી. પટેલે ગતસાલની કાર્યવાહીની નોંધનો આ સાલના નવા તથા જૂના સભ્યોને જાણ કરી હતી. ત્યારબાદ નીચે મુજબ કારોબારીના સભ્યો નિયુકત કરવામાં આવ્યા હતા.

કારોબારી સમિતિ –

પ્રમુખ :–	મોહનલાલ ગોવિંદભાઇ પટેલ	B. sc. (Agri)
ઉપપ્રમુખ –	શીવલાલ નાગજીભાઈ ”	II.D.H.M.S.
મંત્રી –	જયંતિલાલ હંસરાજભાઇ પટેલ	T. y. B. Com
સહમંત્રી –	અંબાલાલ પ્રેમજીભાઈ પટેલ	S. y. B. Sc.
ખજાનચી –	મનહરભાઇ મુળજીભાઇ પટેલ	II. D. E. (Mech.)
બુકમેંક મંત્રી –	અંબાલાલ દેવજીભાઇ પટેલ	S. y. B. Com
પ્રવાસમંત્રી –	લખમસીભાઇ કાનજીભાઇ ભગત	F. y. B. Sc. (Agri)
સલાહકાર –	બાબુભાઇ હંસરાજભાઇ પટેલ	
	જેઠાભાઇ સવગણભાઈ પટેલ	
	રણછોડભાઇ લીંબાભાઇ પટેલ	M. Sc. (Agri)

કારોબારીની રચના કર્યા બાદ પ્રમુખ સ્થાનેથી શ્રી બાબુભાઇ એચ. પટેલ, શ્રી જેઠાભાઇ એસ. પટેલ શ્રી લક્ષ્મી સો મીલ (સાણંદ) વાળા દેવસીભાઇ પટેલ, વગેરે એ પ્રાસંગિક પ્રવચનો કરી મંડળના ભાવિ કાર્યક્રમો વિશે ખ્યાલ આપી, મંડળની પ્રગતિ આગળ જારી રાખવા તથા સહકાર આપવા દરેક સભ્યોને વિનંતિ કરી હતી.

જે. એચ. પટેલ
સેક્રેટરી
કચ્છ કડવા પાટીદાર વિદ્યાર્થી મંડળ વલ્લભવિદ્યાનગર

કોટડા પાટીદાર યુવક મંડળની વણથંભી આગેકૂચ યુવક પંચાયતની વરણી.

કોટડા તા. ૧૫ અહિના વિશાળ વાંચનાલયમાં વિશિષ્ટ પ્રશ્નોની ચર્ચા કરવા માટે હંમેશ મુજબ પાટીદાર યુવક મંડળની મીટીંગનું અદમ્ય ઉત્સાહ વચ્ચે આયોજન કરવામાં આવ્યું હતું; યુવાન સંનિષ્ઠ કાર્યકર શ્રી મણીલાલ હીરજીભાઈ પટેલે આ મીટીંગનું પ્રમુખ સ્થાન શોભાવ્યું હતું. જેઓ અહીંના યુવક મંડળના સુત્રધાર છે.

દેવપર મુકામે મળેલી અખીલ કચ્છ કડવા પાટીદાર યુવક મંડળની મીટીંગમાં બહોળી સંખ્યામાં અહીના યુવકોએ હાજરી આપી યુવક જાગૃતિનું પ્રેરક દૃષ્ટાંત પૂરૂ પાડયું હતું. દેવપર મુકામે મુખ્ય પ્રશ્નો જેવા કે છૂટાછેડા, કન્યાવિક્રય, કેળવણી વગેરે બાબતોની ચર્ચાની અહીંના યુવકો સમક્ષ વિસ્તાર પૂર્વક છણાવટ કરવામાં આવી હતી. ઉપરોક્ત બાબતો અંગે સક્રિય રીતે લડી લેવાનો અહીંના યુવકોએ પોતાનો મકકમ નિર્ધાર જાહેર કર્યો છે. જબલપુર મીટીંગ બાબત વિચારણા કરવામાં આવી હતી.

અહીનું યુવક મંડળ ખૂબજ લાંબા સમયથી સક્રિય રીતે પોતાનું કાર્ય બજાવે છે. યુવક જાગૃતિના પ્રતિકની સાક્ષી આપતું વાંચનાલય ગામ મધ્યે આવેલું છે. જેનો યશ ઉત્સાહી, કર્તવ્યનિષ્ઠ સેવાભાવિ પ્રતિનિધિઓને ફાળે જાય છે. વાંચનાલયને વધુ સમૃધ્ધ બનાવવા માટે નવાં પુસ્તકો તથા ફરનીચર વસાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

યુવક પંચાયતના કાર્યોથી પ્રભાવિત થઈ વિશિષ્ટ પ્રશ્નોના નિરાકરણ અર્થે સર્વાનુમતે યુવક પંચાયતની વરણી કરવામાં આવી છે આનંદ, ઉલ્લાસના ઉદ્દગારો વચ્ચે યુવક પંચાયતના હોદ્દેદારોની વરણી કરી તાળીઓના નાદ સાથે વધાવી લેવામાં આવ્યા હતા યુવક પંચાયતને માર્ગદર્શન આપવા માટે સલાહકાર સમિતિની રચના કરવામાં આવી છે. હોદ્દેદારો અને સમિતિના સભ્યો નીચે મુજબ છે.

યુવક પંચાયત	**સલાહકાર સમિતિ**
સરપંચ : અરવિંદ કરસન પટેલ	(૧) મણીલાલ હીરજી પટેલ
ઉપસરપંચ : જીવરાજ દેવજી પટેલ	(૨) પરબત રામજી પટેલ
મંત્રી : રમેશચંદ્ર મુળજી પટેલ	(૩) પ્રેમજી નાનજી પટેલ
સહમંત્રી : ખીમજી મનજી પટેલ	(૪) રામજી મનજી પટેલ
સભ્ય : (૧) રૈયા મેઘજી પટેલ	(૫) મેઘજી પ્રેમજી પટેલ
(૨) નારાયણ મનજી પટેલ	(૬) દામજી માવજી પટેલ
(૩) માવજી પચાણ પટેલ	(૭) ઇશ્વરલાલ મુળજી પટેલ

(૪) માવજી દેવજી પટેલ
(૫) કાનજી મનજી પટેલ
૬) ઉમરશી વાલજી પટેલ
(૭) કરમશી માવજી પટેલ

અંતમાં પ્રમુખ સ્થાનેથી ઉદ્બોધન કરતાં મણીભાઇએ યુવકોને સક્રિય રીતે યુવક મંડળના તથા ગામના કાર્યમાં પોતાનો હિસ્સો આપવાનો અનુરોધ કર્યો હતો. યુવક મંડળ પ્રગતિનાં શિખરો સર કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરી સતત કાર્યશીલ રહેવાની સલાહ આપી હતી. દરેક યુવકોએ પોતાનાં કાર્યો પરત્વે સભાન રહેવાની અપીલ કરી હતી. આભાર વિધિ બાદ સભા પુરી થયેલી જાહેર કરવામાં આવી હતી.

D. M. Mavani
—B. Com.

શ્રી પાટીદાર યુવક મંડળ–મુંબઇ

શ્રી પાટીદાર યુવક મંડળ મુંબઇના ભાઈબહેનોની એક સામાન્ય વાર્ષિક સભા વાર્ષિક દિનની ઉજવણી પ્રસંગે ડૉ સમજીભાઇ ચોપડાના પ્રમુખપદે મળી હતી અને અતિથિવિશેષ તરીકે માવજીભાઈ પોકાર અને માવજીભાઇ ધનજીભાઇ હાજર હતા. મંત્રી શ્રી કાન્તિલાલ ચોપડાએ ગત વર્ષ દરમિયાન મંડળે કરેલ કાર્યવાહીનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. અને ચાલુ વરસે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમ માટે ઉપસ્થિત ભાઇબહેનો પાસે સૂચનો માગ્યાં હતાં તદુપરાંત ઉપર્યુક્ત મંડળે તેની ચાલુ વરસની નવી કારોબારીની ચૂંટણી યોજી હતી. આ ચૂંટણીમાં લગભગ ૧૪૫ ભાઇબહેનોએ ભાઇશ્રી તુલશીભાઇ, પ્રેમચંદ ડાયાણી, પુષ્પાબેન અને દામજીભાઇ વેલાણીની દેખરેખ નીચે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું.

નવી ચૂંટાયેલ કારોબારીમાં નીચે જણાવેલ ભાઈઓ ચૂંટાઈ આવ્યા હતા અને તેઓના હોદ્દાની વરણી ચૂંટાયેલ કારોબારીએ સર્વાનુમતે નીચે પ્રમાણે કરી હતી. (બહેનોની ત્રણ અનામત જગ્યા માટે કોઇની ઉમેદવારી ન હતી.)

(૧) ડૉ. સામજીભાઇ એલ. ચોપડા .... પ્રમુખ
(૨) ભાઇ શ્રી ભરતકુમાર જી. પોકાર .... ઉપપ્રમુખ
(૩) ડૉ. કાન્તિલાલ એલ. ચોપડા મંત્રીશ્રી.
(૪) ભાઇશ્રી લખમસી આર. પટેલ સહમંત્રી.
(૫) ,, અરુણકુમાર એચ. નાકરાણી સહમંત્રી
(૬) ,, ભગવાનજી એન. વેલાંણી પર્યટન અને સાંસ્કૃતિક મંત્રી
(૭) ,, ભરતકુમાર કે. પટેલ ,,
(૮) ,, રમેશકુમાર જી. રાજાણી ખજાનચી
(૯) ,, લાલજીભાઈ કે. ચોપડા સભ્ય.
(૧૦) ,, નવીનચંદ્ર પી. સાંખલા ,,
(૧૧) ,, દેવસીભાઇ એ. લીંબાણી ,,
(૧૨) ,, શાંતીલાલ એન. સેંઘાણી ,,
(૧૩) ,, પરેશકુમાર બી. પટેલ ,,
(૧૪) ,, પ્રભુદાસ ડી. વેલાણી ,,
(૧૫) ,, પરસોત્તમ કે પરવાડીયા ,,

આ ઉપરાંત સહાયક સભ્યોની નિમણૂંક ચૂંટાયેલ કારોબારીના સભ્યોએ બહુ મતીથી નીચે પ્રમાણે કરી હતી.


(૧) ભાઇશ્રી દામજીભાઇ ડી. વેલાંણી
(૨) ,, પ્રેમચંદ એસ. ડાયાણી
(૩) ,, મોહનલાલ એસ. પટેલ

પાટીદાર યુવક મંડળ દર વરસે મુંબઇમાં વસતા અને કોલેજમાં ભણતા પ્રત્યેક ભાઇબહેનોને જરૂરી એવાં કોલેજનાં પાઠયપુસ્તકો આપે છે. ગત વરસ દરમિયાન એક સામાન્ય પર્યટન એલિફંટાની ગુફાઓ તરફ યોજ્યું હતું. તેમાં લગભગ ૧૦૦ થી વધારે ભાઈબહેનોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત નાનાં મોટાં બાળકો માટે અને યુવાનભાઈબહેનો માટે અનેક નાનીમોટી હરિફાઇઓ યોજી હતી જેમાં લગભગ ૧૦૫ નાનામોટા ભાઈબહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આપના ઘરમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જવા માટે
હમેશાં ફિલિપ્સ રેડીયો ખરીદવાનોજ આગ્રહ રાખો.

ઓથોરાઇઝ્ડ ડિલર્સ ઇન:—

ફિલિપ્સ રેડીયો



કમાન્ડર

PHILIPS

પ્રો. વાડીલાલ જીવરામ (મીઠુ)ભાઈ સોની

ઠે. ચારરસ્તા, **ધનસુરા,**
જિ. સાબરકાંઠા

રેડીયો, ટ્રાન્ઝીસ્ટર; એમ્પ્લીફાયર વેચનાર
તેમજ સંતોષકારક રીતે રીપેર કરનાર
તથા ઇલેકટ્રીક સામાનના વહેપારી.

મળો યા લખો :—

શ્રી ગજાનંદ રેડીયો સર્વિસ

શ્રી જયઅંબે



ખેડૂત ભાઇઓને ખુશ ખબર



સ્પન પાઇપ્સ

ખેતીવાડીની
સમૃદ્ધિ માટે અખૂટ
પાણીની જરૂર છે. વર્તમાન
સંજોગો જોતાં હવે પાણીનો કરકસર
ભર્યો ઉપયોગ કરવો જરૂરી છે. આપને પાણીનો
જે જથ્થો મળે છે તેનો બગાડ થતો અટકાવવો હોય
અને પાણીનું પૂરેપૂરૂં વળતર લેવાની આપની અભિલાષા
હોય તો હંમેશાં અમારી—

શ્રી શક્તિ સ્પન પાઇપ કું.

ની

પાઇપો વાપરવાનો આગ્રહ રાખો

અમારે ત્યાં પૂરેપૂરી કાળજીથી જાત દેખરેખ નીચે
પાઇપો બનાવવામાં આવે છે. ભાવ સાથે માલની ગુણવત્તા
જોવાનો પણ આગ્રહ રાખો.


★

"ગ્રાહકનો સંતોષ એ જ અમારો નફો છે."

સારી પાઇપો મેળવવા માટે ગુજરાત ભરમાં
—: અજોડ સ્થળ :—

શ્રી શકિત સ્પન પાઇપ કું.

વડાગામ (જિ. સાબરકાંઠા



Shree

LAXMI ENGINEERING WORKS

AMBAWADI, SAIJPUR BOGHA,
NARODA ROAD-AHMEDABAD-2.

બેન્ડ સો એન્ડ ટ્રોલી મશીન તથા તેને લગતા કોઈપણજાતના
સ્પેર પાર્ટ્સ માટે અમારો સંપર્ક સાધો.

JAGRUTI OCTOBER '74 Reg. No. G.

રવાના :
જાગૃતિ કાર્યાલય
પટેલવાડી, તલોદ રોડ
ધનસુરા, જિ. સાબરકાંઠા

ગ્રા. નં. 3

પ્રકાશક :
શ્રી. વિશ્રામભાઈ એન. પટેલ
શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન
યુવક મંડળ (ગુજરાત)
"જાગૃતિ કાર્યાલય"
પટેલવાડી, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.

To,

Book-Post

મુદ્રક :
શ્રી કાન્તિભાઈ કે. પટેલ
અનુપમ પ્રિન્ટિંગ પ્રેસ
હાઈસ્કૂલ સામે, તલોદ રોડ,
ધનસુરા, જિ. સાબરકાંઠા.